ૐ
।।નમઃ સિદ્ધેભ્ય।।

# અધ્યાત્મ સુધા

## (ભાગ-૧૧)

## (‘બહેનશ્રીના વચનામૃત’ ઉપર પૂજ્ય ‘ભાઈશ્રી શશીભાઈ’ના પ્રવચનો)

**તા. ૨૯-૦૫-૧૯૮૮, વચનામૃત-૩૭૨**
**પ્રવચન નં. ૨૮૪**

**નોંધ :- પ્રવચન નં. ૨૮૩માં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.**

**જેમ પાતાળકૂવો ખોદતાં, પથ્થરનું છેલ્લું પડ તૂટીને તેમાં કાણું પડતાં, તેમાંથી પાણીની જે ઊંચી શેડ ઊડે, તે શેડને જોતાં પાતાળમાંના પાણીનું અંદરનું પુષ્કળ જોર ખ્યાલમાં આવે છે, તેમ સૂક્ષ્મ ઉપયોગ વડે ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયાં સુધી પહોંચી જતાં, સમ્યગ્દર્શન પ્રગટતાં, જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે, તે પર્યાયને વેદતાં ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય-સ્પષ્ટ ખ્યાલમાં આવે છે. ૩૭૨.**

‘બહેનશ્રીના વચનામૃત’ ૩૭૨, પાનું ૧૩૩ ચાલે છે. સમ્યગ્દર્શનના કાળમાં પોતાના નિજ સ્વરૂપનો શુદ્ધ ચૈતન્યતત્ત્વનો સ્વાનુભવ થાય છે. એ સબંધી સંક્ષેપમાં અહીંયાં કેટલીક વાત કરી છે. એટલું દૃષ્ટાંત આપ્યું છે પાતાળ-પાણીનું. પાતાળ-પાણીની પોતાની પાણીની ઊંચી શેડ ઊડે ત્યારે અંદરના પાણીનું સ્વરૂપ ખ્યાલમાં આવે. પાણીનું જોર

કેટલું છે? પાણીનો જથ્થો કેટલો છે? બાહ્ય અવસ્થાથી તેનું અંતરંગ ખ્યાલમાં આવે છે. એ દૃષ્ટાંત છે. તેમ અહીંયાં સિદ્ધાંત લેવો છે.

**'સૂક્ષ્મ ઉપયોગ વડે...'** આત્મસ્વભાવ અતિસૂક્ષ્મ છે. સૂક્ષ્મથી પણ અતિસૂક્ષ્મ છે. જે સ્વભાવ પાસે પર્યાયનો ઉત્પાદ-વ્યય સ્થૂળ છે. જે સ્વભાવ પાસે ગુણભેદ છે એ સ્થૂળ છે. અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પણ જેની પાસે સ્થૂળ છે. એમ એકલું સામાન્ય તત્ત્વ. ત્રિકાળ એકલું એકરૂપ રહેતું સામાન્ય ધ્રુવ તત્ત્વ, એને ગ્રહણ કરનારો સૂક્ષ્મ ઉપયોગ છે. જેમ ઝીણા હીરાને પકડવા માટે, ઝીણા મોતીને પકડવા માટે સૂક્ષ્મ Point ની સમાણી વાપરવામાં આવે છે. ચીપિયો એને કહે છે. ચીપિયાને સમાણી કહે છે. તો એની અણી ઝીણી હોય તો પકડાય. સામે સૂક્ષ્મ વસ્તુ છે.

એમ અહીંયાં સૂક્ષ્મ સ્વભાવ છે તો એને ગ્રહણ કરનાર ઉપયોગ પણ સૂક્ષ્મ છે. જેને આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ છે સ્વભાવે કરીને, સૂક્ષ્મત્વ એનો સ્વભાવ જ છે; કેમ સૂક્ષ્મ છે એ પ્રશ્ન અસ્થાને છે. સૂક્ષ્મપણું કેમ છે એ પ્રશ્ન અસ્થાને છે. સ્વભાવે કરીને સૂક્ષ્મ છે. જેમ સ્વભાવે કરીને આત્મામાં જ્ઞાન છે, એમ એનું સ્વરૂપ સ્વભાવે કરીને સૂક્ષ્મ છે. સૂક્ષ્મત્વ એનો સ્વભાવ જ છે. એવા સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરનારો જ્ઞાનનો ઉપયોગ, જેને અહીંયાં શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. શુદ્ધ સ્વરૂપને ગ્રહણ કરનારો રાગાદિ મળ રહિત ઉપયોગ તે શુદ્ધોપયોગ છે. અશુદ્ધતા રહિત ઉપયોગ તે શુદ્ધોપયોગ છે. તેવો સૂક્ષ્મ ઉપયોગ. તેના દ્વારા.

સ્થૂળ ઉપયોગ દ્વારા તો સ્વભાવનું, સૂક્ષ્મ સ્વભાવનું ગ્રહણ થતું નથી. એટલે સૂક્ષ્મ ઉપયોગ દ્વારા અથવા જેને સ્વાનુભવ થાય છે તેનો ઉપયોગ સૂક્ષ્મતા ધારણ કરે છે. અંતરમાં જનારો ઉપયોગ, અંતર્મુખ થનારો ઉપયોગ, જે જ્ઞાનમાં અતિસૂક્ષ્મ સ્વભાવ લક્ષગોચર થયો છે એને હવે સાક્ષાત્પણે ગ્રહણ કરનારો ઉપયોગ તેવું જ સૂક્ષ્મપણું ધારણ કરે છે. તેવા સૂક્ષ્મ ઉપયોગ દ્વારા. તેના વડે એટલે તેના દ્વારા.

મુમુક્ષુ :- પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા સૂક્ષ્મમાં સૂક્ષ્મ કરતા જઈએ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્થૂળ છે. પાંચ ઇન્દ્રિય અને મન જે આત્માથી બહાર છે અને બાહ્ય પદાર્થ પ્રત્યેનો ઉપયોગ-બાહ્ય ઉપયોગ-એને બાહ્યઉપયોગ કહે છે, એ હંમેશાં સ્થૂળ જ હોય છે. અથવા પરપદાર્થના સ્વભાવને ગ્રહણ કરનારો ઉપયોગ પણ સ્થૂળ ઉપયોગ છે. એટલે 'રાજમલજી'એ પહેલા કળશમાં એ વાત લીધી કે પાંચ અજીવ દ્રવ્યો અને અન્ય આત્મા-બીજા આત્માને જાણનાર, એમ છ દ્રવ્યને જાણનાર. પોતાને છોડીને. એમ છ દ્રવ્યને જાણનાર તે જાણનારને જ્ઞાન પણ નથી અને તે જાણનારને સુખ પણ નથી. જાણનારને જ્ઞાન નથી એમ કહ્યું. લોકો તો

એમ કહે છે કે જાણે તે જ્ઞાન. આગમમાં ભલે એ વાત હોય કે જાણે તે જ્ઞાન. અધ્યાત્મમાં એવું નથી. અધ્યાત્મમાં તો નિજને-સ્વને જાણે તે જ્ઞાન.

પરને જાણવા માટે આકુળિત થાય અથવા પરને જાણવા માટે પરનું અવલંબન લેવું પડે એને જ્ઞાન જ કહેતા નથી. જ્ઞાન હોય તો પણ એને જ્ઞાન કહેતા નથી. એ જ્ઞાન હોવા છતાં એને જ્ઞાન કહેતા નથી. કાંઈક રહસ્ય તો હશે ને એની પાછળ? કહેનારને ખબર છે કે આ જ્ઞાન છે અને જાણે છે. છતાં ના પાડવાનું કાંઈક કારણ હશે એની પાછળ. કે એનું કારણ આત્માનું હિત ક્યાં સધાય છે? કેવી રીતે સધાય છે? અને આત્માનું હિત કેવી રીતે સધાતું નથી. એવું રહસ્યમય કારણ છે.

નિશ્ચયમાં, આ નિશ્ચયનો વિષય છે, નિશ્ચયમાં આ નિશ્ચયની એક નિશ્ચય સ્વરૂપને અનુસંધાન કરવાની યોજના છે. માણસ એમ કહે છે ને કે કોઈ કાર્ય કરવું હોય તો એની યોજના બનાવો પહેલા. યોજના પ્રમાણે કાર્ય થશે. આ નિશ્ચયની યોજના છે. નિશ્ચયમાં નિશ્ચયની યોજના છે કે જ્ઞાન સ્વને વેદે અને જ્ઞાન સ્વનો અનુભવ કરે. જ્ઞાન પોતે જ્ઞાન, જ્ઞાતા, અને જ્ઞેયના અભેદભાવે રહે એ જ જ્ઞાન તે જ્ઞાન છે. એને જજ્ઞાન કહીએ. એ સ્વઘર છોડીને પરઘરે જાય એને જ્ઞાન કહેતા નથી.

પરનું પ્રતિબિંબ થવું તદ્દન બીજી વાત છે અને પરઘરે જ્ઞાનને જવું એ બીજી વાત છે. ઉપયોગ ફેરવવો એ બીજી વાત છે. કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય છે પણ ઉપયોગ ફરતો નથી. એ તો નિવરશેષ અંતર્મુખ રહે છે અને સંપૂર્ણ સ્વસંવેદનમાં રહે છે. પૂર્ણ સ્વસંવેદન છે. કેવળજ્ઞાનનું પૂર્ણ સ્વસંવેદનસ્વરૂપ છે એ તો.

એટલે કેવળના બે અર્થ કર્યા છે. આગમની અપેક્ષાએ કેવળજ્ઞાનનો અર્થ એમ કહે છે કે કેવળ એટલે સર્વ. સર્વ જાણે તેને કેવળજ્ઞાન કહીએ. કેવળ એટલે બધું. સર્વ. સર્વજ્ઞપણાને કેવળજ્ઞાન કહીએ. એ આગમભાષાથી એની વ્યાખ્યા છે. અધ્યાત્મભાષાથી એવી વ્યાખ્યા નથી કેવળજ્ઞાનની. કેવળ એટલે માત્ર જ્ઞાન. પોતાનું જ જ્ઞાન. બીજાનું જ્ઞાન નહિ. 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન, કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.' 'શ્રીમદ્જી'એ પરિભાષા કરી. 'આત્મસિદ્ધિ'માં આ પરિભાષા કરી છે. એમ અહીંયાં ઊંડાણમાં જાય છે, આ ઉપયોગ ઊંડાણમાં જાય છે.

મુમુક્ષુ :- ઉપયોગ તો સૂક્ષ્મ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નહિ, નહિ. ઉપયોગ છે એ ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ. આ સૂત્ર છે. ઉપયોગ સંબંધીની વ્યાખ્યાનું આ સૂત્ર છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ. જો મન વિના ઉપયોગ ન થાય તો તો સિદ્ધ ભગવાનને ઉપયોગ જ ન હોય કેવળજ્ઞાનનો.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. પણ સિદ્ધાંત તો બધે લાગુ પડે ને? સિદ્ધાંત તો એવો હોય કે જેની અંદર અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નામનો દોષ ન રહે. તો અહીંયાં અવ્યાપ્તિ નામનો દોષ આવશે. એટલે પહેલેથી એ વાત છે. હવે અહીંયાં પૂછીએ છીએ, અહીંયાં હવે...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ જ પ્રશ્ન વિચારીએ આપણે કે, આ આત્માના જે પ્રદેશો છે, દેહાકારે જે ચૈતન્યપિંડ આત્મા રહ્યો છે, એ આત્માના પ્રદેશોમાં જ્ઞાનશક્તિ રહેલી છે અને એ શક્તિનું પરિણમન ઉપયોગરૂપે થાય છે, વ્યક્ત રૂપે થાય છે, જ્ઞાનનો વ્યાપાર થાય છે. તો એ આત્માના પ્રદેશોમાં જે સીધું જ્ઞાન પ્રગટ થાય છે એમાં કોની જરૂર પડે? કેવી રીતે જરૂર પડે? જે આત્માનું આ ક્ષેત્ર છે-પ્રદેશ છે-ત્યાં જ્ઞાનસ્વભાવ-જ્ઞાનશક્તિ-રહેલી છે અને ત્યાં જ્ઞાનનું પ્રગટ થવું થાય છે. કોના આધારે થાય છે? એના પ્રદેશોમાં કોઈનો આધાર નથી. લંબાઈને એ પછી કોઈને કોઈ ઇન્દ્રિય દ્વારા બહાર બીજા અન્ય જ્ઞેય પ્રત્યે પ્રવૃત્તિ કરે છે. પણ એ તો પછીની વાત છે. સીધું એમ નથી થતું. એને જ્ઞાનસામાન્ય અને જ્ઞાનવિશેષ કહ્યું છે. જે વિશેષ જ્ઞેયાકારે જ્ઞાન થાય ઇન્દ્રિયો દ્વારા તે જ્ઞાનવિશેષ છે. અને જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે જે સીધું પ્રદેશોમાં પરિણમન ચાલે છે એની અંદર કોઈ ઇન્દ્રિયોની મદદ વગર, ... વગર, ઇન્દ્રિયોના કોઈ નિમિત્ત વગર સીધું જ પરિણમન ઊભું થાય છે. એટલા માટે માનના પરિણમનને ક્યાંય રોકી શકાતું નથી. કેમ કે એ સ્વભાવથી જ ઉત્પન્ન થનારી ચીજ છે. સ્વભાવથી એટલે કોઈની મદદ વિના, કોઈની અપેક્ષા વિના, નિમિત્ત વિના, કોઈના કાર્ય-કારણ વિના સીધું જ પોતાથી ઉત્પન્ન થતું એ પરિણમન છે પોતાના સ્વભાવ અને શક્તિમાંથી. એને કોઈની જરૂર નથી. એને બંધ નથી કરી શકાતું. કેમકે કોઈના કારણે થતું નથી. કારણ બંધ કરો તો કાર્ય બંધ થાય. કારણ ત્રિકાળ છે તો કાર્ય પણ એનું ત્રિકાળ જ છે. એ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- જેમ કીધું કે પાંચ ... મન વચ્ચે ... નાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે જાય છે એ બાજુ. ઉપયોગ પોતે જ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન બાજુ જાય છે. એ બાજુ જાય છે તો એ મલિનતા ધારણ કરે છે. અશુદ્ધતા ઊભી થાય છે. જો પોતાના અસંખ્ય પ્રદેશ પ્રત્યે જાય, અતીન્દ્રિય સ્વરૂપ છે એને પોતાના સ્વરૂપ પ્રત્યે જાય, અસંખ્ય પ્રદેશ પ્રત્યે જાય સ્વરૂપમાં જ સમાય. સ્વરૂપમાં સમાય જાય. શું કહેવું છે? જે ઉપયોગ જ્યાંથી ઊભો થયો ત્યાં

જ સમાઈ જાય. ત્યારે એ શુદ્ધ ઉપયોગરૂપે અતીન્દ્રિય ઉપયોગરૂપે, પ્રત્યક્ષ જ્ઞાનરૂપે એનું પરિણમન થાય છે. એ અંદર જાય છે એટલે એને એનું .... અને એમાં સ્વભાવનું તીવ્ર વેદન જોઈને એને ઊંડાણ કહેવામાં આવે છે.

ઊંડાણ એટલે ભાવનું ઊંડાણ અહીંયાં લેવું છે. કોઈ ક્ષેત્રમાં ઊંડું નથી. ફૂટ, બે ફૂટ પછી ચાર ફૂટ, માઈલ, બે માઈલ એવું કાંઈ નથી. ભાવનું ઊંડાણ છે. માણસ નથી કહેતા? કે આ અપીલ કરી છે. ફલાણા ફલાણાએ અપીલ કરી છે, એની વેદનામાંથી અપીલ કરી છે. વેદનામાંથી વાત આવી છે એમ નથી કહેતા? એ જે વેદનામાંથી વાત આવી છે એ ઉપરછલ્લી નથી પણ ઊંડાણથી આવેલી છે. એમ એનો ભાવ બતાવવા માટે ઊંડાણ શબ્દ વાપરવો પડે છે.

ક્યાં ક્યાં ઊંડાણ શબ્દ વપરાય છે એના દાખલા લઈએ. એક વેદના થાય છે શરીરની અને ઘણી તીવ્ર વેદના થાય, એટલી બધી તીવ્ર વેદના થાય કે ઉપયોગ જાણે ઊંડો ઊંડો ઊતરી જતો હોય એમ લાગે. પછી બેશુદ્ધ થાય છે માણસ. બહુ તીવ્ર વેદનાના વશથી પછી બેશુદ્ધ અવસ્થા થાય છે. અસાધ્ય. એ પહેલાં એને એવો અનુભવ થાય છે કે મારો ઉપયોગ વેદનામાં જાણે ઊંડો... ઊંડો... ઊંડો... ઊંડો... ઊંડો... ઊતરી ગયો છે. ઊતરતો જાય છે. ક્યાં જાય છે અંદરમાં કાંઈ સમજણ પડતી નથી પછી સુધસાન ગુમાવે છે. એ શરીર વેદન અને પરવેદનના દૃષ્ટાંતો છે.

હવે સિદ્ધાંત લેવો છે કે, આત્મપ્રદેશોમાં રહેલા આત્મસ્વભાવના સામર્થ્યને-અનંત સામર્થ્યને-આધાર ગણીને, આધાર પકડીને એનો આધાર પકડીને એની વેદનામાં, તીવ્રતામાં આવેલો ઉપયોગ એ એની વેદનામાં આવેલો ઉપયોગ છે. એ ઉપયોગ સ્વસંવેદન ધારણ કરે છે. એ ઉપયોગ છે એ સ્વસંવેદન ધારણ કરે છે. અથવા વેદનનું આવિર્ભૂતપણું, વેદનનું આવિર્ભૂતપણું તીવ્રપણે જેમાં થાય છે એને સ્વસંવેદન કહેવામાં આવે છે.

નિજમાં નિજનું વેદન. નિજમાં નિજનું વેદન તીવ્રપણે થાય ત્યારે એને સ્વસંવેદન કહેવામાં આવે છે. એના સ્વાનુભૂતિ કહેવામાં આવે છે. એને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. અને પ્રથમ (શુદ્ધ) ઉપયોગના કાળે શ્રદ્ધાનની મુખ્યતા ગણીને એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એનું જ નામ સમ્યગ્દર્શન છે, એનું જ નામ સમ્યક્જ્ઞાન છે. તો એ સૂક્ષ્મ છે. સૂક્ષ્મપણે અંતર્મુખ વળલો જ્ઞાનનો ઉપયોગ છે. સ્વસંવેદનના ઊંડાણમાં એ જાય છે. સ્વભાવના વેદનના ઊંડાણમાં જાય છે. ક્યાં સુધી જાય છે? કે ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચે છે.

વિશેષ વાત એ છે કે, સ્વભાવ છે એ અમર્યાદિત છે. જેને હદ નથી અને

સીમા નથી એવું સ્વભાવનું સ્વરૂપ છે. અને એ સ્વભાવનો પૂરેપૂરો પત્તો લેનાર આ ઉપયોગ છે. કેવો સ્વભાવ છે? કેટલો સ્વભાવ છે? કેટલો અમર્યાદિત અને અસીમ સ્વભાવ છે? એ અનંતતાનો એક ન્યાયે અંત લેનારો આ સ્વભાવ છે. તળિયા સુધી પહોંચી ગયો.

મુમુક્ષુ :- તો અહીંયાં તળિયા શબ્દ કેમ ન મૂક્યો?

પૂજ્ય ભાઈશ્રી :- તળિયું નથી તોપણ એમ કહ્યું કે પૂરેપૂરું જાણે છે. સ્વભાવ છે એટલો જાણી લે છે. જેટલો સ્વભાવ છે, જેવડો સ્વભાવ છે એને જાણી લે છે.

મુમુક્ષુ :- એક સમયની પર્યાય?

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધોપયોગની.

તળિયું પકડી લીધું એમ કહે છે. તળિયું એટલે હવે કાંઈ બાકી જાણવાનું ન રહ્યું. અધૂરું ન જાણ્યું. સ્વભાવને અધૂરો ન જાણ્યો એમ કહે છે. અધૂરો ન જાણ્યો અને પૂરો જાણ્યો તો કેટલો હતો સ્વભાવ? કેવડો હતો સ્વભાવ? કે અનંત બેહદ હતો. એક સમયના અલ્પજ્ઞત્વ-અલ્પજ્ઞપણું જેનું સ્વરૂપ છે એવો ઉપયોગ-એની શક્તિ પૂર્ણ સ્વભાવને ગ્રહણ કરવાની છે. પૂરેપૂરો સ્વભાવ પકડી લે છે.

‘**ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી જતાં,...**’ તળિયા સુધી પહોંચી જાય છે. જેવો કેવળજ્ઞાનમાં આત્મા જણાય છે, ઠીક બરાબર એવો જ શુદ્ધોપયોગમાં આત્મા અનુભવીને જણાય છે, અનુભવાયને જણાય છે. એમ ને એમ જણાય છે નહિ, એનો અનુભવ થાય છે અને જણાય છે. અનુભવપૂર્વક એ જ્ઞાનમાં આવી જાય છે. એટલે નીચે એમ લીધું, ‘**ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં-સ્પષ્ટ ખ્યાલમાં આવે છે.**’ અસ્પષ્ટ, ધુંધળું જ્ઞાનમાં આવે છે, અનુમાન થાય છે એવું જ્ઞાનમાં આવે છે એમ નહિ. સ્પષ્ટપણે આવો જ મારો આત્મા છે એમ જ્ઞાનમાં આવે છે. જ્ઞાનમાં આવતા જ એની પ્રતીતિ થાય છે કે એવો જ છે. જેવો જ્ઞાનમાં અનુભવાય છે એવો જ છે. એને પ્રતીતિભાવ કહે છે. અનુભવાય છે એ જ્ઞાનનો ભાવ છે. એમ શ્રદ્ધા અને જ્ઞાન, જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન એક સમયમાં પ્રગટ થાય છે.

એ તો ‘**ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી જતાં, સમ્યગ્દર્શન પ્રગટતાં,...**’ ત્યારે શ્રદ્ધા અપેક્ષાએ સમ્યગ્દર્શન પ્રગટ્યું એમ કહે છે. વાત તો ચાલી છે ઉપયોગથી, જ્ઞાનથી વાત ચાલી છે. પણ એ કાળે સમ્યગ્દર્શન પણ પ્રગટે છે અને તે કાળે અનંત સામર્થ્ય આશ્ચર્યકારી, અદ્ભુતથી અદ્ભુત એવું આત્મસ્વરૂપ, પરમાત્મા સ્વરૂપ, પરમેશ્વરપદ, પોતે જ નિજ સિદ્ધપદ પોતાનું એમાં ઉપયોગ થંભી જાય છે. જગતના

સર્વ વ્યાપાર છોડીને, સર્વ પરિણામ, એકલો ઉપયગ નહિ. શ્રદ્ધાનનો, આચરણનો અને અનંત ગુણોનું સમગ્ર પરિણમન, સર્વ ગુણોનું સમગ્ર પરિણમન એકવાર ક્ષણભર માટે આત્મામાં થંભી જાય છે, આત્મ સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે ત્યારે એને સમ્યગ્દર્શન થયું એમ કહે છે. ત્યારે એને સમ્યક્જ્ઞાન થયું એમ કહે છે. ત્યારે એને સ્વરૂપઆચરણરૂપ સ્થિરતારૂપ ચારિત્ર થયું, સમ્યક્ચારિત્ર થયું એમ પણ કહેવામાં આવે છે. બધા ગુણો ત્યાં સમ્યક્ પરિણમતા હોવાથી સર્વ ગુણાંશ, સર્વ ગુણોનો અંશ શુદ્ધ પ્રગટતો હોવાથી આનંદ નામનો ગુણ પણ પ્રગટ થાય છે. અને ત્યાં જેવો સિદ્ધપદમાં પરમાનંદ પ્રગટ છે એની જાતનો આંશિક નિજાનંદ પણ અહીંયાં પ્રગટ થાય છે. નિજાનંદ પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- આત્માને કોમા કહી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોમામાં બેશુદ્ધતા છે, જાગૃતિરહિતપણું છે. આમાં સ્વરૂપની અત્યંત જાગૃતિ છે. કોમા, કોમામાં ફેર છે. કોમાવાળાને બહારની ખબર રહેતી નથી એ અપેક્ષાએ બેય સરખા છે. આ કોમામાં આવે છે ને? બેશુદ્ધ થઈ જાય છે. ડાયાબિટીસ બહુ વધે ત્યારે કોમામાં આવી જાય છે. બેશુદ્ધ અવસ્થા થઈ જાય. એને કાંઈ ખબર પડે નહિ. કોઈ અડે, કાપે, ઈંજેક્શન, ઓપરેશન કાંઈ ખબર ન પડે. એમ એને બહારની ખબર ન પડે. ઈ દૃષ્ટિએ કોમા છે. બાકી અંદરની જાગૃતિ એટલી બધી છે કે અપૂર્વ જાગૃતિ છે. એવી જાગૃતિ ક્યારેય કોઈ દિવસ જીવને આવી નથી. એવી જાગૃતિ છે. પોતે પોતાના શુદ્ધાત્મ સ્વરૂપના, અસલ સ્વરૂપના, મૂળ સ્વરૂપના ભાનમાં-સ્વયંના ભાનમાં આવે છે. અને એવું ભાન થયા પહેલા પોતે બેભાન હતો. ત્યારે કોમામાં હતો ખરેખર તો. એવું ભાન થયા પહેલાં બેભાન અવસ્થામાં છે. પોતાનું ભાન નથી માટે બેભાન, એમ. પોતે શુદ્ધાત્મા સિદ્ધાત્મા હોવા છતાં પોતે એમ માને છે કે ના, ના. હું તો ફલાણો.. ફલાણો... ફલાણો... છું. આ એનું બેભાનપણું છે.

મુમુક્ષુ :- ... સન્મુખતા જે થાય છે એમાં જે સામે આધાર નથી તો કેવી રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વસન્મુખ થાય કેવી રીતે? એટલે તો પહેલાં ઓળખવાનું Stage લીધું છે. પહેલાં નિશ્ચય કરે, પહેલાં સ્વરૂપને ઓળખે, પોતાના અદ્‌ભુત સામર્થ્યની એને ઓળખાણ થાય તો એનું આકર્ષણ થાય. આકર્ષણ થાય તો એનો આધાર એને આવે. આકર્ષણ વગર બહારથી ખસે નહિ. જ્યાં પરના આકર્ષણથી વળગેલો છે અને ચોંટેલો છે એ આકર્ષણ ક્યારે છૂટે? કે એથી વિશેષ આકર્ષણ

એને અંતરંગમા મળે ત્યારે. નહિતર નહિ. ન મળે તો ન થાય. માણસ ક્યારે એક જગ્યાએથી બીજી જગ્યાએ (જાય)? દુકાને એક ઘરાકને છોડીને બીજા ઘરાકને ક્યારે પકડે છે? કે એક ઘરાક કરતાં બીજો ઘરાક વધારે આકર્ષિત હોય તો ને? વધારે નફો કરાવનાર હોય તો. દસ ઘરાક લાગેલા હોય તો કોની સામું જોશે? કોને પહેલા ધ્યાન દેશે? સીધી વાત છે ને?

એટલે અહીંયાં પણ પોતાના સુખનો જે લાભ છે, પોતાના આનંદનો જે લાભ છે એનું આકર્ષણ બહુ છે. અને બહારમાં જે જાય છે એ પણ સુખને કારણે ગયો છે. સુખના આકર્ષણથી ગયો છે. ઓળખાણ થતાં આ ફેર પડ્યો છે કે જ્યાં સુખનો નિશ્ચય કર્યો હતો ત્યાં સુખ નથી એમ નિશ્ચય થાય છે. અને અંદરમાં અનંત સુખસ્વભાવ છે એવો નિશ્ચય થાય છે. એમ આખો નિશ્ચય બદલાઈ જાય છે. એટલે ઉપયોગ બદલીને આવે છે અંદરમાં. ઉપયોગનો પલટો થવાનું કારણ આ છે સહજપણે. નહિતર સહેજે પલટો ન મારે. અને પરાણે કરી શકાય એવી ચીજ નથી આ. કોઈ કૃત્રિમતાથી પરાણે કરી શકાય એવું નથી. અને સહેજે ક્યારે થાય? કે એનાથી વિશિષ્ટ હોય, એનાથી મહાન હોય તો થાય, વધારે હોય તો થાય, નહિતર થાય નહિ. આ તો સીધું ગણિત છે. એટલે પહેલી વાત ઓળખાણની છે.

સ્વભાવ ઉપયોગનો વિષય થાય છે. પરપદાર્થ ઉપયોગનો વિષય થાય એટલે એમાં પરપદાર્થનું પ્રતિબિંબ પડે તો સમ્યક્જ્ઞાન એમાં ઉદાસ થાય છે. પરપદાર્થને નિર્મૂલ્ય જાણે છે. આ નકામી ચીજ છે. જ્યારે જ્ઞાનમાં કોઈ ચીજ નકામી જણાય એટલે ત્યાં ઉપયોગ સહેજે (ન જાય). જેમ કે આ તણખલા રસ્તામાં પડ્યા છે. કચરાનો ઢગલો જણાય. ઉપયોગ લાગે છે ત્યાં? નહિ લાગે. કેમ કે એને શું કામની ચીજ છે? તેનું શું મુલ્ય છે? કીંમત શું એની? એ નકામી વસ્તુ છે. જણાશે તો ઉપયોગ નહિ લાગે.

એમ સમ્યક્જ્ઞાનમાં પરપદાર્થ નિર્મૂલ્ય ભાસે છે. કીંમત વગરની, નકામી ચીજ ભાસે છે. જેમાં સુખ નથી, જેનું કોઈ પ્રયોજન નથી, જે કાંઈ કામની નથી. અને સ્વપદાર્થ પોતાનો આત્મા, અનંત મહિમાવંત, એટલું બધું એનું મૂલ્યાંકન થાય છે. સર્વોત્કૃષ્ટ પદસ્વરૂપ પોતે જ પોતાને ભાસે છે. અનંત સુખસ્વરૂપ છે એટલે. પોતે જ પોતાને અમૃતના સરોવરરૂપે જોવે છે. છલકતું સરોવર છે અમૃતનું. જ્ઞાન પણ અંદરમાં હીળોલા લે છે. એવા અમૃતસ્વરૂપને પોતે જોવે છે. એટલે ઉપયોગ ત્યાં જોરથી એ બાજુ જાય છે. સામાન્યપણે ઉપયોગ નથી પ્રવર્તતો પણ એમાં જોરથી પ્રવર્તે છે. અને એના વેદનમાં આવે છે. એની વેદનામાં આવે છે. એ ચૈતન્યની

વેદના છે. ઓલી શરીરની વેદના છે અને આ ચૈતન્યની વેદના છે. વેદના-વેદનામાં ફેર છે. શરીરની વેદના એ આત્માની વેદના નથી. એ વેદનમાં આત્માની સત્તા નથી. ચૈતન્યની વેદનામાં આત્માની સત્તા છે અને એમાં શરીરની વેદનાની સત્તા નથી. એનો અભાવ છે. આમ બે વસ્તુ તદ્દન જુદી છે.

મુમુક્ષુ :- અસંખ્યપ્રદેશથી જ્ઞાન થાય. સ્વતઃ જ્ઞાન થાય છે. જ્ઞાન થાય છે એમાં પણ ઉપયોગ સૂક્ષ્મ કરવા જઈએ તો એમાં પણ મન તો આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમજાય છે. એ તો સમજવા જતાં મન આવે છે. પણ ઉત્પન્ન થાય છે એમાં ક્યાં મન આવે છે? એને સમજવા જતાં મન આવે છે. ખ્યાલ કરો ફરીથી. બરાબર છે? કે એને સમજણમાં લેવા જતાં વચ્ચે મનનું નિમિત્ત પડે છે. પણ એ પોતે ઉત્પન્ન થાય છે એમાં ક્યાં મન આવે છે? એ તો એના પ્રદેશોમાં થયા જ કરે છે. સમયે... સમયે... સમયે... સમયે... થયા જ કરે છે. એક એક સમયમાં થાય છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, પ્રતિ સેકન્ડના અસંખ્ય ભાગમાં પ્રતિ સમય થયા જ કરે છે. એમાં ક્યાં મન આવે છે? મન લગાડવું પડે છે?

મુમુક્ષુ :- એના તળિયા સુધી પહોંચવામાં મન તો આવે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એને સમજવા માટે. આત્માનો વિચાર કરો તો મન આવે. આવી રીતે જ્ઞાનમાં પરિણમનને સમજવા માટે એનો વિચાર કરો તો મન આવે. પણ મૂળ વસ્તુ થતાં ક્યાં મન છે? મૂળ વસ્તુમાં ....

ઓળખાણનું Stage છે એ જરા વધારે સમજવાની જરૂર છે. જે સ્વરૂપનો નિશ્ચય થાય છે અથવા જે સ્વરૂપનું ભાવભાસન થાય છે એ સ્વરૂપ તો મનરહિત છે, અતીન્દ્રિય છે. ભાવભાસન કાળે ભલે મન હોય પણ જેનું ભાવભાસન થયું છે એ તો મનરહિત છે. એ મનરહિત છે એ સ્વસ્વરૂપ છે. એ સ્વપણે છે કે પરપણે છે? કે ભાવમાં એમ ભાસ્યું છે કે એ સ્વપણે છે. સ્વપણે એ ભાસ્યું ત્યારે એને એક પોતાની અનુભવેલી સંપત્તિનું બળ આવે છે. બહારમાં પાંચ-પચ્ચીસ લાખનો નફો થાય તો નફો આત્માને આવે છે? આ તો બેંકમાં Balance જમા થઈ, કાં તો તિજોરીમાં નોટો પડી, કે ગમે ત્યાં. કાં હજુ વેપાર થયો હોય અને હજી પૈસા આવવાના બાકી હોય કે જેની પાસેથી લેવાના બાકી હોય તો એને ત્યાં નફો પડ્યો હોય. ક્યાં હોય? ક્યાંક બીજે હોય છે. કો'ક ઘરે, કાં બેંકના ઘરે, કાં તિજોરીમાં. આત્મામાં તો કાંઈ આવતું નથી. અને કોઈ નોટોના બંડલ કાંઈ શરીરને વિંટાળીને ફરતા નથી. બરાબર? કે એની ગરમી લાગ્યા કરે.

મુમુક્ષુ :- હૂંફ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે આવે છે ઈ તપાસો. જો હૂંફ આવતી હોય તો એ કેવી રીતે આવે છે એ તપાસો. જે ચીજ મળતી નથી આત્માને છતાં જો આત્મા એનો આધાર લઈને એની હૂંફે એનો રસ પ્રગટ કરે છે. એટલો બધો રસ પ્રગટ કરે છે કે જાણે એને જગતમાં કોઈ સાડી બાર નથી. કરે છે કે નથી કરતો? એટલો રસ જો પરપદાર્થ, દૂરક્ષેત્રવર્તી પરપદાર્થ સંબંધિત થઈ શકતો હોય તો અનંત ગુણની સંપત્તિ, અનંત સુખની સંપત્તિ પોતાના જ સ્વરૂપે જો એને જણાય, નિજ સ્વરૂપે જણાય તો એની કેટલી હૂંફ ચડે!! એટલે નિર્જરા અધિકારમાં 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે કે વજ્રપાત થાય. કેટલો? વજ્રપાત થાય તોય સમ્યગ્દૃષ્ટિને હૂંફ છૂટતી નથી. મારું અનંત સુખ જેને કોઈ લઈ જઈ શકે નહિ, છિનવી શકે નહિ, લૂંટી શકે નહિ, ચોરી શકે નહિ, નાશ કરી શકે નહિ, ઓછું કરી શકે નહિ. અવ્યાબાધશુદ્ધ જે સ્વરૂપ છે. અવ્યાબાધ શુદ્ધ સ્વરૂપે સદાય ત્રિકાળ ધ્રુવ રહે. એની હૂંફ કેટલી ચડે? એટલે એને સમ્યગ્દર્શનની પર્યાયને અમેય કહી છે. અમેય. સ્વરૂપ અમેય છે. મટાડી ન શકાય તેને અમિટ અથવા અમેય કહે છે. એના આધારે પ્રગટ થતું જે જોર છે, દર્શન છે, જ્ઞાન છે એને પણ અમેય કહેવામાં આવે છે. અમિટ પર્યાય છે. એમાં પણ અનંતુ સામર્થ્ય છે. જગતમાં કોઈ દ્રવ્ય-ભાવમાં એવું સામર્થ્ય નથી. અન્ય દ્રવ્યમાં કે અન્ય ભાવમાં કે આ પર્યાયને હાનિ પહોંચાડી શકે. નાશ કરવાનો તો પ્રશ્ન નથી, એને હાનિ ન પહોંચાડી શકે. એ ભૂમિકામં રહેલો એનો રાગ એને હાનિ ન પહોંચાડી શકે.

'રામચંદ્રજી'એ છ મહિના 'લક્ષ્મણજી'નું મડદું ખભે ઉંચક્યું અને ચારિત્રમોહના પરિણામ થયા. એ ચારિત્રમોહના પરિણામે એમના સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને વીતરાગતાનો ચોથા ગુણસ્થાનનો નાશ ન કરી શક્યા. અહીંયાં 'બાહુબલીજી'એ અને 'ભરત ચક્રવર્તી'એ સામેસામું યુદ્ધ કર્યું. ચક્ર છોડ્યું ભરત ચક્રવર્તીએ. પણ એના સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો નાશ એ ક્રોધના પરિણામ ન કરી શક્યા. કોઈ દ્રવ્ય-ભાવમાં એવું સામર્થ્ય નથી. ઉત્પન્ન થયું છે પોતાના બળથી. એને કોઈ મટાડનાર નથી આ જગતમાં, નાશ કરનાર નથી. એટલું એનું સામર્થ્ય અનંતુ છે.

મુમુક્ષુ :- ચક્ર ચલાવ્યું એ વખતે સમ્યગ્દર્શન ચાલુ જ છે?

પૂજ્ય ભાઈશ્રી :- ચાલુ જ છે. સમ્યગ્દર્શન ચાલુ છે. સમ્યક્જ્ઞાન ચાલુ છે, સમ્યક્ચારિત્ર ચાલુ છે, સમ્યક્ સુખ ચાલુ છે, અનંતા ગુણોનું સર્વ ગુણાંશ તે સમકિતનું પરિણામ ચાલુ છે. અત્યારે માનવું મુશ્કેલ પડે. અત્યારે માનવું મુશ્કેલ પડે. મગજ

નાનું છે અને વાત મોટી છે. એટલે બુદ્ધિમાં નાની-ઓછી બુદ્ધિમાં બેસે નહિ. પણ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિઓ હતા. નહિતર તો ક્ષયોપશમ ઘટાવીને કાંઈકને કાંઈક અફવા ઊડાવે કે ક્ષયોપશમ સમ્યગ્દર્શન હોય. એટલે એ વખતે ઊડી ગયું હશે ભાઈ એ વખતે. અમારી ક્યાં ના છે સમ્યગ્દૃષ્ટિ નહોતા એ. પણ અત્યારે વમી ગયું હશે. એ પાગલ માણસોનું કામ છે. તું એને સમજી શકે એવું નથી. એવો વિષય છે. એના માન્ય કરવો કઠણ કરવો પડે. કેમ કે પોતાના માપે માપે છે. બાહ્ય દૃષ્ટિએ, બાહ્ય પરિણામથી માપ કાઢવા જાય તો જ્ઞાનીના સત્પુરુષના અંતર પરિણમના એના હૃદય હાથમાં આવે એવું નથી. એવો વિષય છે.

નારકીને જુઓ લ્યો! શ્રેણિક રાજા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ પહેલી નારકીમાં છે. એક માથામાં એવો હથોડો મારે કે માથાના ફૂર્ચે ફૂર્ચા થઈ જાય. આખું માથું તૂટીને ફૂર્ચા ફૂર્ચા થઈ જાય. આયુષ્ય છે એટલે મરે નહિ. ત્યાંથી ન મરે. પાછા એ બધા અવયવો ભેગા થઈ જાય. પારો જેમ દડીને એક થઈ જાય. એમ આ દડીને એક થઈ જાય. ઊડીને ક્યાંયના ક્યાંય પડે પણ પાછા એ દડીને એક થઈ જાય. જેમ ઢાળમાં પાણી દડે એવી રીતે. અને એવી વેદના થાય કે રાડ નાખે એ વખતે. બીજા મારે. એક નારકી બીજા નારકીને મારે. એટલો માર મારે. કેટલો માર મારે? કે જોવે તો જોનારનું મૃત્યુ થઈ જાય. અહીંયાં તો મનુષ્ય તો જોનાર જ મરી જાય. એવો દેખાવ જ ન જોઈ શકે. જોવે તો એના પ્રાણ છૂટી જાય. એવું અહીંયાં તો બંધન ઢીલું છે. ત્યાં બહુ આકરું બંધાયેલું છે. જલ્દી છૂટતું નથી એવી રીતે.

મહા મુનિનો ઉપસર્ગ થયો હતો. દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી ગુરુનો ઉપસર્ગ (કરેલો). અજૈન હતા. એ વખતે અજૈન હતા. પણ જૈન હોય કે અજૈન હોય. જૈન હોય તો વધારે પાપ લાગે અજૈન કરતા. તો નારકીનું બંધન થઈ ગયું. ત્રીજી નારકીનું. પણ આયુષ્ય ઉદયમાન નહોતું થયું એટલે આયુષ્ય સંક્ષેપ થઈ ગયું. ગતિ ન ફરી નિકાચિત હતી એટલે. આયુષ્ય પહેલી નારકીનું થઈ ગયું. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પવિત્ર પરિણામ પ્રગટ કર્યા તો પણ ગતિ ન ફરી. એ પરિસ્થિતિમાં વેદના અને એ રાડ પાડતા જોવે તો કોણ કબુલ કરે કે આને અત્યારે સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન છે અને સમ્યક્ચારિત્ર છે? આ તો રોવે છે, રાડો પાડે છે. રડે છે અને રાડો પાડે છે. એમ કહે. ત્યાં પણ (સમકિત).

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની રાડ સંભળાય તો મરી જાય. એવી ચીસ પાડે કે ચીસ સાંભળનારા અહીંયાં મરી જાય. વેદનાની ચીસ એવી હોય. તો અહીંયાં

સહન ન કરી શકે. એટલી વેદના (છે). તોપણ ત્યાં સમ્યગ્દર્શન છે, સમ્યક્જ્ઞાન છે, સમ્યક્ચારિત્ર છે. બધી પરિણતિ-અનંત ગુણની પરિણતિ એને છે. એ કાંઈ ચાલી જતી નથી. હવે એ કેવી રીતે છે, નક્કી કરીએ. બહુ Practically નક્કી થાય એવું છે. કે અહીંયાં ગમે તે પરિસ્થિતિમાં મનુષ્ય છે એવી પરિણતિ ચાલી જાય છે?

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- નહિ? તો પછી પહેલાં કેમ એમ લાગતું હતું કે બધું મનથી થાય છે? આ મન વગર પણ થાય છે કે નહિ? મનની જરૂર નથી પડતી. હું મનુષ્ય છું, એ ગમે એવી વેદના હોય, ગમે તે પ્રકારના સંયોગ-વિયોગ હોય, હું મનુષ્યું છું એ પરિણતિ ક્યાં ચાલી જાય છે? એ પરિણતિ જાતી નથી. જવાનો પ્રશ્ન નથી. ચાલુને ચાલુ, મન વગર ચાલુ રહે છે. વગર પ્રયત્ને જાણે ચાલુ રહે છે. પ્રયત્ન જાણે કે કરવો પડતો નથી. એવી એ પરિણતિ દઢ થઈ ગઈ છે. અહીંયાં પણ એવી શરીર સંબંધીની પરિણતિ દઢ થઈ છે, પરદ્રવ્ય સંબંધીની. તો સ્વદ્રવ્ય સંબંધીની દઢ થાય તો કેટલી વધુ સુદઢ થાય? એ ત્રિરાશી મૂકી શકાય એવો વિષય છે. એ વધારે દઢ થઈ શકે છે. એટલે કોઈપણ પ્રકારની ઉથલપાથલવાળા સંયોગમાં સંયોગને કારણે પરિણતિ પડી જાય, છૂટી જાય, એ વસ્તુસ્થિતિ નથી. પોતાના પુરષાર્થથી જાય, અપુરુષાર્થથી થાય, પુરુષાર્થથી થાય એ બીજો વિષય છે. પોતાનું કારણ છે. પરદ્રવ્યનું કોઈ કારણ-કાર્ય એમાં લાગુ પડતું નથી.

એટલે એમ કહે છે, ઉપયોગ સ્વભાવના '**ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી જતાં,...**' આખેઆખું ચૈતન્યતત્ત્વ ઉપયોગમાં આવી જતાં '**સમ્યગ્દર્શન પ્રગટતાં,...**' તે જ કાળમાં સમ્યગ્દર્શન શ્રદ્ધાગુણ ત્યારે ઉથલો મારે છે. અનાદિનો પૂર્ણ શ્રદ્ધાગુણ ઊંધો પડીને જે મિથ્યાદર્શન રૂપે પરિણમી રહ્યો છે, એ આખું પોપડું આખેઆખું અવળામાંથી સવળું થાય છે. સીધે સીધું આમ હતું એ આમ થઈ જાય છે. એ સમ્યગ્દર્શન ત્યાં થયું. એ પહેલા શ્રદ્ધાગુણનું કોઈ સવળું કાર્ય હોતું નથી.

'**સમ્યગ્દર્શન પ્રગટતાં, જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે,...**' અંશે શુદ્ધ થઈને જે પર્યાય જોરથી ઉત્પન્ન થઈ એટલે ફૂટી. જેમ ઓલી શેડ ફૂટી અંદરથી. એમ અનંત વીર્યનો અંશ પ્રગટ થયો એમાં પણ અનંતતાની ઝાંખી છે. અનંત વીર્યનો અંશ પ્રગટ થયો એમાં અનંતતાની ઝાંખી છે. '**જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે, તે પર્યાયને વેદતાં...**' તે પર્યાયનું વેદન છે. '**તે પર્યાયને વેદતાં ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં...**' આવે છે. ખાલી અંદરમાં પ્રતિબિંબ પડે છે એમ નહિ ધ્રુવ સામર્થ્યનું, પણ વેદન થઈને એમાં પ્રતિબિંબ આવે છે. વેદન સાથે સાથે આવે

છે. જ્યારે એ અનુભવમાં આવે છે ત્યારે પર્યાયને વેદતા વેદતા સદશ પર્યાયને વેદતા-વેદતા '**અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં-સ્પષ્ટ ખ્યાલમાં આવે છે.**'

મુમુક્ષુ :- પાંચમી લીટી જરા ફરી વખત. છેલ્લી પાંચ લીટી.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ઉપયોગને સૂક્ષ્મ ઉપયોગ વડે. આ સૂક્ષ્મ ઉપયોગનું કાર્ય છે. કોઈ સ્થૂળ ઉપયોગનું કાર્ય નથી. સૂક્ષ્મ એટલે સૂક્ષ્મ. સૂક્ષ્મ એટલે સૂક્ષ્મ-બારીક. બારીકથી પણ બારીક. ગમે એવું સૂક્ષ્મમાં સૂક્ષ્મ જ્ઞાન હોય એના કરતા પણ શુદ્ધોપયોગનો જે ઉપયોગ છે એ અતિસૂક્ષ્મ છે. જે ઉપયોગ અંતર્મુખ વળીને સડસડાટ અંદર તળિયે પહોંચી જાય છે એ ઘણો સૂક્ષ્મ ઉપયોગ છે. જેમ વીજળીનો ઝબકારો સડસાડટ ઊતરી જાય છે અંદરમાં. એક પર્વત ઉપર પડે તો ઠેઠ તળિયા સુધી ... કરી નાખે. એમ સૂક્ષ્મ ઉપયોગે કરીને અંતરના ઊંડાણમાં જાય છે. ઠેઠ તળિયું પકડી લે છે સ્વભાવનું. પૂરેપૂરો સ્વભાવ અનુભવગોચર થાય છે.

જેવો કેવળજ્ઞાનમાં સ્વભાવ આવે એવો મતિ-શ્રુતજ્ઞાનના શુદ્ધોપયોગમાં સ્વભાવ આવે છે. એવો જ બરાબર. એટલે એની નિઃશંકતા મા અન્યાન પ્રાક્ષી-બીજાને તુ પૂછમાં એમ કહે છે. તારે કોઈને પૂછવાની જરૂર રહેતી નથી. જ્યાં તારા પ્રદેશે-પ્રદેશે અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થયા અને વેદનથી પ્રગટ થયા, આખું ચૈતન્યબિંબ જેમ જિનબિંબ છે એમ આખુ ચૈતન્યનું બિંબ છે એ દેહથી છૂટું પડી ગયું. શરીરથી છૂટું પડી ચોસલું. એને કોઈ પૂછવાની જવાની જરૂર પડતી નથી. ક્યાંય પૂછવાનો પ્રશ્ન નથી એને. કે મને અનુભવ થયો કે ન થયો કોઈકને પૂછવા જાય? હાસ્યાસ્પદ વાત છે. કોઈને પૂછવા જાય તો એ હસવા જેવો વિષય છે. એમાં પૂછવાનો પ્રશ્ન રહેતો નથી.

'**જે આંશિક શુદ્ધ પર્યાય ફૂટે છે, તે પર્યાયને વેદતાં...**' કોઈ પ્રશ્ન કરે, આત્માનો આનંદ આવ્યો કે મનનો આનંદ આવ્યો એ શું ખબર પડે? ઘણી વાર મનમાં પણ એવા બધા તરંગ ઊઠે છે કે જાણે બહુ આનંદ આવ્યો.. બહુ આનંદ આવ્યો... આનંદવિભોર થઈ ગયા. એવો મનનો આનંદ રોમ રોમ ઉલ્લસી જાય એવો આનંદ આવે. આ ભક્તિ કરે છે એવી રીતે. એ આત્માનો આનંદ છે કે મનનો આનંદ છે શું ખબર પડે? અતીન્દ્રિય આનંદ છે કે ઇન્દ્રિય આનંદ છે એને કેમ જુદો પાડવો? ભાઈ! મનનો આનંદ હોય એમાં રાગ છૂટો નથી પડતો. એમાં રાગ સાથે ભળી જાય છે એકત્વબુદ્ધિએ. અને અહીંયાં તો રાગની એક વખત ઉત્પત્તિ જ બંધ થાય છે. પછી રાગ ઉત્પન્ન થાય તો છૂટો નજરમાં આવે છે. જ્ઞાનમાં રાગ નહિ અને રાગમાં જ્ઞાન નહિ. એવું પરિણમન સ્પષ્ટપણે જુદે જુદું (ભાસે છે). એક અંતર્મુખ

દિશામાં પરિણમે છે જ્ઞાનનું પરિણમન. રાગનું પરિણમન બહિર્મુખ દિશામાં પરિણમે છે. એક આમ અને એક આમ, એક આમ અને એક આમ, બે ધારા છૂટી પડી જાય છે. એ વાત માનસિક આનંદવાળાને બનતી નથી. એ પ્રકાર નથી ઉત્પન્ન થતો એને. એને તો ઊંડે ઊંડે શંકા રહે છે કે આ આનંદ આત્માનો હશે કે મનનો હશે? એ શંકા પડી એમ સમજવું કે 'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાન.' જ્યાં જ્ઞાન છે ત્યાં શંકા ઉત્પન્ન જ થતી નથી. જ્ઞાનમાં શંકા હોય નહિ અને શંકા હોય એ જ્ઞાન સાચું હોય નહિ. 'શ્રીમદ્જી' કહે છે કે, જે વિષયમાં શંકામાં જીવ ગળકા ખાતો હોય એ વિષયનું એ પ્રતિપાદન કેવી રીતે કરી શકે? એ પોતે જ શંકામાં ગળકા ખાતો હોય. એનું પ્રતિપાદન એ કરી શકે નહિ.

એવા આંશિક શુદ્ધપર્યાય અંદરથી જોરથી ફૂટે છે. પાતાળ પાળી નીકળે એવી રીતે અંદરથી સ્વભાવનો પર્યાય જોરથી આવે છે. એ પર્યાયને વેદતા અભેદ વેદનથી ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય. ચૈતન્યતત્ત્વનું અંદરનું અનંત ધ્રુવ સામર્થ્ય. સ્વભાવનું ધ્રુવ સામર્થ્ય છે, અનંત ધ્રુવ સામર્થ્ય છે એ સ્પષ્ટ જ્ઞાનમાં આવે છે અને સ્વસ્વરૂપે એ અનુભવાય છે. એમાં ભેદ રહેતો નથી. નહિતર વેદે છે પર્યાય, જાણે છે પર્યાય. વેદન સ્વભાવનું થતું નથી. સ્વભાવનું વેદન થતું નથી, પર્યાયનું જ વેદન થાય છે. છતાં એવું સ્વપણું એમાં અભેદભાવે આવે છે કે વેદનાર અને વેદાનાર વચ્ચે અંતર રહેતું નથી. એકાકાર થઈને વેદે છે. એટલે એનો ખ્યાલ સ્પષ્ટ છે. એનો કોઈ અસ્પષ્ટ ખ્યાલ હોતો નથી.

એ સ્વાનુભવનો વિષય સંક્ષેપમાં લીધો છે. એના ઘણાં પડખા છે. અને એ વિષય પણ આ ગ્રંથની અંદર અનેક જગ્યાએ આવ્યો છે. સ્વાનુભવનો અનેક જગ્યાએ એ વિષય સ્પષ્ટપણે જુદા જુદા પડખાથી આવ્યો છે. એના બોલ છે. ૨૦૦ નંબરનો બોલ એમાં છે. ૨૪૭ નંબરનો પણ એમાં છે. ૨૫૪, ૩૧૧ અને ૩૭૨ ચાલ્યો અત્યારે આપણે. ચાર બોલ પહેલા આવી ગયા. ૨૦૦, ૨૪૭, ૨૫૪, ૩૧૧. ૩૭૨ આપણે વાંચ્યો. હજી ૩૮૪, ૪૨૩ અને ૪૩૧ આ બધા બોલ સ્વાનુભવના વર્ણનના લીધેલા છે. અથવા પ્રવચન કરતા કરતા સ્વાનુભવ વિષેનું વર્ણન આટલા બોલમાં આવ્યું છે. ૨૦૦મો બોલ છે ને?

**'શુદ્ધનયની અનુભૂતિ અર્થાત્ શુદ્ધનયના વિષયભૂત અબદ્ધસ્પષ્ટ-આદિરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.'** આવો જ્યાં સ્વાનુભવનો શુદ્ધઉપયોગ પ્રગટ થયો તો આચાર્ય ભગવાન ૧૫મી ગાથામાં એમ કહે છે 'સમયસાર'ની, કે 'જિણ સાસણં સવ્વં'. એને સમસ્ત જિનશાસનનો અનુભવ થયો. પણ ચકલું

હોય અને શાસ્ત્ર વાંચતા ન આવડતું હોય, ભાષાજ્ઞાન ન હોય તો? તો કહે છે, એને સમસ્ત જિનશાસનનો અનુભવ થયો. એને તું વંદન કર અને એને નમસ્કાર કર. 'સમંતભદ્રાચાર્ય' ૨૮મી ગાથામાં કહે છે કે એ ચાંડાળ હોય. કેવો હોય? ચાંડાળ હોય તો પણ એ દેવ છે. ગણધરદેવ એને દેવ કહે છે. કેમ કે સંપૂર્ણ જિનશાસનનો એને અનુભવ છે.

એટલો મહિમા પ્રથમ જ આપવાનું કોઈ કારણ છે એને વિષે એ રહસ્ય સમજવા જેવું છે. હજી જઘન્ય દશા પ્રગટી, મોક્ષમાર્ગના ગુણસ્થાનોમાં હજી પહેલું પગથિયું, પહેલું ગુણસ્થાન છે. એકડિયો જેને કહેવાય. એકડો કર્યો. બાકીના ગુણસ્થાન બાકી છે. ચૌદમાંથી અગિયાર ગુણસ્થાન ઉપરના છે. એમાં આ બે એકડા અગિયારમાં હજી આ પહેલો એકડો છે. તો કહે છે, સમસ્ત જિનશાસન. એને સર્વ જિનશાસનનો અનુભવ કર્યો. સ્વાનુભવ છે એ બાર અંગનો સાર છે.

'ગુરુદેવ' એમ કહેતા કે આ જે શુદ્ધોપયોગ થઈને સ્વાનુભવ પ્રગટ થયો તે બાર અંગનો સાર છે. બારેય અંગનો સાર અહીંયાં આવી ગયો. જે પામ્યો એ બાર અંગનો સાર પામ્યો. એને શાસ્ત્ર ભણવાની કોઈ અટક નથી. રાજમલજીએ એ કહ્યું, ૧૩મા કળશમાં.

છેલ્લે છે '**જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ છે.**' આખા જિનશાસનનો એણે અનુભવ કર્યો. અથવા એક ન્યાયે પોતાના પરમેશ્વરપદને પોતે પરમેશ્વર સ્વરૂપે અનુભવગોચર કર્યો. પોતે પોતાને પરમેશ્વરપણે અનુભવાયો. પોતાના ઉપોગમાં પોતે પોતાને પરમેશ્વરપણે અનુભવાયો. માટે તે પરમેશ્વર થયો એમ કહેવામાં આવે છે. એટલે 'અમૃતચંદ્રાચાર્યે' ૧૪૩ ગાથામાં એને પરમાત્મા કહી દીધો. કેવો છે એ આત્મા? કે પક્ષાંતિક્રાંત થયો તે પરમાત્મા છે, તે જ્ઞાનઆત્મા છે, તે પ્રત્યગજ્યોતિ છે, તે પરમાત્મા છે, તે જ સમયસાર અને આત્મ ખ્યાતિ સ્વરૂપે છે. એમ કહી દીધું. એમ અલગ અલગ બોલની અંદર ઘણો મહિમા કરેલો છે. (અહીં સુધી રાખીએ)...

## તા. ૩૦-૦૫-૧૯૮૮, વચનામૃત-૩૭૩ પ્રવચન નં. ૨૮૫ (શરૂઆતમાં ૪ મિનિટ અવાજ અસ્પષ્ટ છે.)

**બધાં તાળાંની ચાવી એક જ્ઞાયકનો અભ્યાસ કરવો. આનાથી બધાં તાળાં ખૂલી જશે. જેને સંસાર કારાગૃહમાંથી છૂટવું હોય, મુક્તિપુરીમાં જવું હોય, તેણે મોહરાગદ્વેષરૂપ તાળાં ખોલવા માટે જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી. ૩૭૩.**

.... બહારના કાર્યો તો જીવ અનેક પ્રકારે કરે છે. વાંચન, વિચાર, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ વગેરે. અને એ પણ બાહ્ય દૃષ્ટિ કરે છે. એટલે એ સંબંધીનું કોઈ પારમાર્થિક ફળ જીવને મળતું નથી. અહીંયાં .. કેવી રીતે કરવો, એ ... છે.

'**બધા તાળાની ચાવી એક...**' બધા તાળા એટલે ... જેને અનેક પ્રકારે પ્રશ્ન થાય છે કે મારું દુઃખ ટાળવા મારે શું શું કરવું? મારે શું કરવું જોઈએ? એ તમામ પ્રકારના પ્રશ્નનો એક જ ઉત્તર છે. '**જ્ઞાયકનો અભ્યાસ કરવો.**' જ્ઞાયકનો અભ્યાસ કરવો એટલે શું? આ એક ... વિષય છે. ...

જ્ઞાયકનો અભ્યાસ કરવો એટલે હું જ્ઞાયક સ્વરૂપે છું, માત્ર જ્ઞાયકસ્વરૂપે છું. એવું જે પોતાનું સ્વરૂપ છે, એવું તો સ્વરૂપ જ છે, એનો .. પ્રયત્ન કરવો એને અભ્યાસ કહે છે. વારંવાર પ્રયત્નને અભ્યાસ કહે છે. અનેક બોલમાં અભ્યાસનો આવો અર્થ આ પ્રકારે થાય ... વારંવાર પ્રયત્ન કરવો. વારંવાર વિકલ્પ કરવો એમ નથી કહેતા. જ્ઞાયકનો વિકલ્પ કરવો એ એનો પ્રયત્ન છે એમ નથી. પ્રયત્ન તે પ્રયત્ન છે અને વિકલ્પ તે વિકલ્પ છે. બંને જુદી જુદી ચીજ છે. ... ચાલો આપણે વારંવાર જ્ઞાયકનો વિકલ્પ કરીએ, વિચાર કરીએ, હું જ્ઞાયક છું એવું રટણ કરીએ, એવું ચિંતવન કરીએ. ... રટણ, ચિંતવન, મનન, વિકલ્પ એ બધી બાહ્ય ક્રિયા છે. શાસ્ત્ર ખોલીને બેસવું એ બાહ્ય ક્રિયા છે, શરીરથી બેસવું એ બાહ્ય ક્રિયા છે એટલું જ નહિ આ બધા વિકલ્પો પણ બાહ્ય ક્રિયા છે. .. વિકલ્પ આવે, પણ એમ માનવું જોઈએ કે આ બાહ્ય ક્રિયા છે. નહિતર વિકલ્પ...

.... સ્પષ્ટ હોવું જોઈએ. સામાન્ય રીતે તો બાહ્ય પદાર્થોનો સંગ એટલે બાહ્ય પદાર્થોની રુચિ એ મોટો પ્રતિબંધ છે. અંદરમાં વિકલ્પની, રાગાંશની રુચિ, વિકલ્પાંશની રુચિ એ પણ એટલો જ મોટો પ્રતિબંધ છે જેટલો બાહ્ય પદાર્થોની સાથે રુચિવાળા ભાવનો પ્રતિબંધ છે. એ તો નીચે (૩૭૪માં) કહે છે. એવી '**શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે,...**' આત્માની રુચિ નથી પણ ભવની રુચિ છે. એનાથી ભવભ્રમણ મટતું નથી. થાય છે પણ મટતું નથી.

મુમુક્ષુ :- મનન, ચિંતન કરીએ.

પૂજ્ય ભાઈશ્રી :- અભ્યાસ એ અભ્યાસ છે. એટલે અભ્યાસ શબ્દ વાપર્યો છે.

હું જ્ઞાયક છું એમ અનુભવવાનો પ્રયત્ન. અભ્યાસ એટલે અનુભવવાના પ્રયત્નને અભ્યાસ કહે છે. અહીંયા પુરુષાર્થને અભ્યાસ કહે છે. વિકલ્પને નહિ. વિકલ્પ ભેદ અપેક્ષાએ ચારિત્રગુણની પર્યાય છે અને પુરુષાર્થ ભેદ અપેક્ષાએ વીર્યગુણની પર્યાય છે. બે ગુણ જુદા જુદા છે. એકમાં બીજાને સમજી લેવું જોઈએ નહિ.

મુમુક્ષુ :- અભ્યાસ કરવો એટલે શું?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન કરવો. અભ્યાસ કરવો એટલે પ્રયત્ન કરવો. અભ્યાસ કરવો એટલે શાસ્ત્ર વાંચવું એમ નહિ, શાસ્ત્ર સાંભળવું એમ નહિ પણ આત્મામાં જ્ઞાયકનો વિકલ્પ કરવો એમ પણ નહિ. સાંભળવા-વાંચવામાં પણ જ્ઞાયકનો વિકલ્પ તો આવે છે.

જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લઈને સ્વપણે જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવવો અથવા લક્ષમાં આવતા સ્વપણું થવું, સ્વપણું આવીને લક્ષ થવું, ગમે તે રીતે કહીએ, ત્યારે હું જ્ઞાયક છું એમ સ્વપણું, હુંપણું થાય ત્યારે હું જ્ઞાયક છું એવું એ હુંપણું સ્થાપવાનું બળ આવે, હુંપણું સ્થાપવા માટેનું જોર આવે એનું નામ પુરુષાર્થ છે. પુરુષાર્થનો વિષય થોડો સૂક્ષ્મ છે. પણ જ્યાં જ્યાં જોર ત્યાં ત્યાં પુરુષાર્થ. સવળું કે અવળું. એનું લક્ષણ શું? વીર્યગુણના પરિણામરૂપ પુરુષાર્થનું લક્ષણ શું? કે જોર તે એનું લક્ષણ છે. જ્યાં જ્યાં જોર ત્યાં ત્યાં પુરુષાર્થ.

મુમુક્ષુ :- હુંપણાનું જોર આવવું.

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર હુંપણાનું જોર રાગમાં આવ્યા વિના રહેશે નહિ. કાં તો જીવ રાગમાં હુંપણાનું જોર કરે અને કાં તો જીવ પોતાનું જ્ઞાયકસ્વરૂપ છે તેમાં હુંપણાનું જોર કરે. જોર કર્યા વગર પુરુષાર્થ વિનાનો તો રહેવાનો નથી.

મુમુક્ષુ :- અભ્યાસ એટલે સુલટો પુરુષાર્થ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં એક પ્રશ્ન એ થવા યોગ્ય છે કે પુરુષાર્થ કરવો પણ

અનુભવનો પુરુષાર્થ કેવી રીતે કરવો? અનુભવ ન કરતો હોય તો જુદી વાત છે. રાગનો, વિકલ્પનો સ્વપણે તો અનુભવ કરે જ છો. ક્યાં અનુભવ કરે છો એ જો. તું અનુભવ કરે છે એ કાંઈ શીખવાનો વિષય નથી. પણ એનો જે યોગ્ય સ્થાનમાં અનુભવ કરવો એટલું જ અહીંયાં કરવાનું છે. અયોગ્ય સ્થાનમાં અનુભવ કરે છે. એનું ફળ પણ વિપરિત છે. યોગ્ય સ્થાનમાં અનુભવ કરતા એનું ફળ મોક્ષમાર્ગ છે અને મોક્ષ છે.

મુમુક્ષુ :- અગ્નિથી દાઝી જવાય છે. વગર બુદ્ધિથી અભ્યાસ થયેલો છે. સુલટો અભ્યાસ કેમ આવતો નથી?

પૂજ્ય ભાઈશ્રી :- એવો ત્યાં દઢ સંસ્કાર થઈ ગયો છે. અનાત્મામાં આત્માનો, શરીરમાં આત્માનો, વિકલ્પમાં આત્માનો દઢ અભ્યાસ, દઢ સંસ્કાર થઈ ગયો છે. એવો આત્મામાં કરે. જેમ અગ્નિથી દાઝે છે, એમ રાગ અને વિકલ્પથી પણ દાઝવો જોઈએ.

મુમુક્ષુ :- ઓલું સહજ બુદ્ધિ વગર જ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો દાઝે છે છતાં એને દાઝવાનો અનુભવ નથી થતો.

મુમુક્ષુ :- ટેવાઈ ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવો ટેવાઈ ગયો છે વિપરિતતાથી! 'રાગ આગ દહે સદા.' જીવને બાળે છે. આગ જેવી એની ઉપમા આપી છે. કે આગ જ છે. રાગ તો આગ છે. જેમ અગ્નિ બાળે એમ એ આત્માના ગુણને બાળે છે. આત્માની શાંતિને બાળે છે આમ છે ખરેખર તો. 'ગુરુદેવ' કહે છે ને? પુણ્યનો ઉદય કોઈ ભોગવતા હોય અને એમાં રાચતા હોય તો એને કહે છે કે, ભાઈ! તારી આત્માની શાંતિને બાળીને આ પુણ્ય પેદા કર્યું છે તેં. ક્યારે પુણ્ય તને થયું? કે આત્માની શાંતિને બાળી ત્યારે. એ બાળે છે છતાં પોતે બળવાનો અનુભવ કરતો નથી.

મુમુક્ષુ :- એ આગમાં બળીને સુખનો અનુભવ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સુખનો અનુભવ કરે છે કે મને જ્યોતિનો પ્રવેશ થયો.

'દીપચંદજી'એ એમ લીધું છે કે રાગ થાય ત્યારે જીવ ખરેખર તો દુઃખ પામે છે. પણ અજ્ઞાનથી જીવ એવી કલ્પના કરે છે કે આમાં તો મારામાં જ્યોતિનો પ્રવેશ થાય છે. તું મરી જઈશ. જ્યોતિનો પ્રવેશ નથી થતો. એનાથી તું સળગી જઈશ. અને કોઈ એનાથી છોડાવવા ચાહે તો એની સાથે તકરાર કરે, અમારું પુણ્ય છોડાવો છો, અમારી પુણ્યની ક્રિયા છોડાવો છો, અમને શુભથી છોડાવો છો. કહેવાતા જૈનો.

એમ જ થાય છે. વાંચનની ક્રિયાથી છોડાવો છો, અમને શુભથી છોડાવો છો, અમને વિકલ્પથી છોડાવો છો. આત્માનો વિકલ્પ ન કરવો ત્યારે શેનો વિકલ્પ કરવો? દુકાનનો વિકલ્પ કરવો અમારે? ભાઈ! એ વાત નથી.

એ વિકલ્પ તને બાળે છે એમ તપાસ કરીને જાણ તો ખરો. એ તો સ્થુળ નાસ્તિનો વિષય છે. રાગ દુઃખદાયક છે એ પોતે નાસ્તિનો સ્થુળ વિષય છે. જો તારી મતિ એવા સ્થુળ નાસ્તિના વિષયમાં પણ યથાર્થપણે અવલોકન કરતી નથી તો તને સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવ કેવી રીતે ગ્રહણ થશે? સ્થુળ વિષય પણ જેમ છે તેમ ગ્રહણ થતો નથી તો સૂક્ષ્મ વિષય જેમ છે તેમ કેવી રીતે ગ્રહણ થશે? પ્રશ્ન જ નથી. આટલું તો જીવને જ્ઞાન ઉપર વિપરીતતાનું આવરણ છે કે સ્થુળ રાગને પણ દુઃખરૂપ હોવા છતાં, પ્રત્યક્ષ સાક્ષાત્ સ્વયં દુઃખરૂપ હોવા છતાં એને જરાય દુઃખરૂપ લાગતો નથી. તો સ્વભાવ સુખરૂપ લાગવાનો પ્રશ્ન પણ નથી. જ્યાં સુધી રાગ દુઃખરૂપ લાગે નહિ ત્યાં સુધી જ્ઞાનમાં સુખનું રૂપ દેખાય નહિ. જ્ઞાનમાં પણ સુખ ન દેખાય. જ્યાં સુખ ન દેખાય ત્યાં આકર્ષણ ન થાય. રાગમાં સુખ દેખાય તો રાગનું આકર્ષણ છે. ફરી ફરીને રાગ કરે.

મુમુક્ષુ :- નિંદ્રા લેવી પાપભાવ છે અને સુખ માનીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- આહાર લેવો, નિંદ્રા લેવી, આરામ કરવો, ફાવે તે બધું કરવું, ન ફાવે તેનો અણગમો કરવો, ફાવે તેનો ગમો કરવો એ બધો પાપભાવ છે.

મુમુક્ષુ :- નિદ્રા ન આવતી હોય તો બીજી ક્રિયા કરે, નિદ્રા લેવા માટે.

પૂજ્ય ભાઈશ્રી :- લેવા માટે .. આવી જાય.

મુમુક્ષુ :- ... પ્રયોજન ...

પૂજ્ય ભાઈશ્રી :- ... નથી. ખરી વાત છે. અંતર બહુ પડી ગયું છે. જીવને અંતર ઘણું પડી ગયું છે. અને અજ્ઞાનપણે કોટ્યાવધિ યોજન ઊંધો ચાલ્યો જ જાય છે. કેટલો? કરોડો જોજન ઊંધો ચાલ્યો જ જાય છે. એને ખબર નથી કે ક્યાં કેટલો જાઉં છું. આ પરિસ્થિતિ છે. જો એને પોતાની દયા આવે તો પાછો વળે. એ સિવાય પાછો વળવાનો પ્રશ્ન નથી. અનંત જન્મ-મરણ કરી ચૂકેલા એવા આ આત્માની કરુણા આવે તે દિવસે પાછો વળે.

એક સ્વજનનું મૃત્યુ થાય તો પોક મૂકીને રોવે છે. તારો આત્મા જ મરે છે તો એનું તને રડવુંય આવતું નથી. આ પરિસ્થિતિ છે. એકવાર તો પોકે પોકે રડ્યા પછી વારો આવશે. એકવાર તારા હિત-અહિતની સમસ્યામાં તને એટલું દુઃખ નહિ પહોંચે ત્યાં સુધી ત્યાંથી હળવો થવાનો સવાલ નથી. આ નથી લાગતું એનું કારણ

ભારે કર્મી છે. રાગમાં દુઃખ નથી લાગતું એનું કારણ જીવ ભારે કર્મી છે.

'શ્રીમદ્જી'એ તો ત્યાં સુધી કહી દીધું છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને મુક્ત થવાના માર્ગનો આવો ચોખ્ખો ઉપાય કહેનારા તને મળ્યા. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા અને પ્રત્યક્ષ સત્પુરુષ મળ્યા. છતાં પણ તને એ વિષયની અંદરમાં અંતર ભેદાય એવી અસર ન થતી હોય તો એમ સમજવું રહ્યું કે મહામોહનીય એવો જે દર્શનમોહ એની પ્રબળતા ઘણી છે. ભલે તું શુભરાગ ને શુભ ક્રિયા કરતો હો, પણ દર્શનમોહના પ્રાબલ્ય સહિત (કરે છે). કોઈ રીતે પત્તો ખાય એવું નથી.

અહીંયા ઘણો નજીક આવી ગયો છે. 'કામ એક આત્માર્થનું બીજો નહિ મન રોગ.' અને બીજા પરિણામમાં દાઝતો હોય. એ જ્ઞાયકનો અભ્યાસ કરે એટલી વાત અહીંયાં અપેક્ષિત છે અથવા અધ્યાહાર છે. ભૂમિકા વગરની સીધી વાત નથી. અને ભૂમિકા વગરની સીધી વાત પકડવા જાય તો વિકલ્પ થાય, બીજું કાંઈ થાય નહિ. હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું... કર્યા કરે. કાંઈ એમાં ભાવ ભાસ્યા વિના પોપટની બોલી જેવો વિષય થઈ જાય. જુદી જુદી યોગ્યતા ઉપર જુદી જુદી વાત છે.

અહીંયાં પણ એકદમ સુપાત્ર જીવ છે. બહુ નજીક આવી ગયો છે અને પુરુષાર્થની શ્રેણીએ ચડેલો છે. એને ક્યાં પુરુષાર્થ કરવો? પુરુષાર્થ કરવાનું સ્થાન અને ભાવ-ભૂમિકા કઈ છે એનો ચોખ્ખો નિર્દેષ કરે છે. નહિતર તો સમસ્યા એ જ થશે કે પુરુષાર્થ કરવો એટલે શું? વિકલ્પ કરવો અમારે? શું કરવું? પુરુષાર્થ એટલે શું કરવું? પુરુષાર્થ કરવો એટલે શું કરવું? આ જ પ્રશ્ન રહેશે. અનુભવવાનો પ્રયાસ થાય એને વારંવારનો અભ્યાસ અથવા પુરુષાર્થ કહેવામાં આવે છે.

હવે જ્ઞાયકને લક્ષમાં લઈને એ વાત સાથે સાથે છે. જો લક્ષમાં જ્ઞાયક ન હોય તો એ કોને અનુભવવાનો પુરુષાર્થ કરશે? જે વસ્તુ જ્ઞાનમાં ન હોય, અંધારામાં ક્યાં કૂદકા મારશે? જ્ઞાયકના ભાવભાસન વિના જ્ઞાયક સંબંધીનો પુરુષાર્થ નથી. અંધારામાં વિકલ્પ કૂદકા મારે છે. કઈ બાજુ પોતે પગલું ભરે છે એને કાંઈ એની ખબર નથી. એ પરિસ્થિતિ છે. એટલે જ્ઞાયકને લક્ષમાં લઈને હું માત્ર જ્ઞાયક જ છું એવું વેદનને પકડીને, જ્ઞાન વેદનને પકડીને જ્ઞાયકપણે રહેવાનો. જ્ઞાયક તો છે જ પણ જ્ઞાયકપણે ભાવમાં રહેવાનો વારંવાર પુરુષાર્થ કરે એ પુરુષાર્થ છે. એનાથી પુરુષાર્થની કોઈ પરિપક્વ દશાએ માત્ર જ્ઞાયકપણે થંભી જવું, રહી જવું એ સ્થિતિ ઉત્પન્ન થશે. અને એ સ્થિતિ આવતા કોઈ સમસ્યા રહેશે નહિ. મોક્ષ થશે કે નહિ થાય એ પણ સમસ્યા એને નથી. ભવિ-અભવિપણાની સમસ્યા એને નથી. મુક્ત થઈશ કે નહિ થાઉં એ સમસ્યા

એને પછી નથી.

**'જેને સંસારકારાગૃહમાંથી છૂટવું હોય,...'** પરિભ્રમણની ભયંકરતા જેને ભાસી હોય. એમ વાત છે. આમાં આવે છે. જેલમાં નાખે છે ને? એના વર્ણનો કોઈ વાર છાપામાં આવે છે. કેટલાક એવા કેદીઓ છે કે આજે ૨૫-૨૫, ૩૦-૩૦ વર્ષ સુધી એના ઉપર કેસ ચાલ્યો નથી અને એ કેદમાં જ છે. અંધારી કોટડીમાં રાખે. અડધી કલાક માટે બહાર એને પ્રકાશમાં આવવા દે. એમાં એને પાણી પીવું હોય, ખાવું હોય, જાડો-પેશાબ કરવો હોય એ બધું પતાવી દે. નહિતર પાછું ત્યાં ને ત્યાં ધકેલી દે છે. જે થાય એ બધું અંદર. ક્યાંય એને અંદર સૂઝે નહિ. એનો હાથ પણ ન દેખાય બીજું શું દેખાય. એટલું અંધારું હોય. એથી ભયંકર કેદખાનુ છે. સંસારનું પરિભ્રમણ છે એ એથી ભયંકર છે. અત્યારે ન દેખાતું હોય એ જુદી વાત છે. પરિસ્થિતિ એની સરવાળો એ જ છે. બીજો કોઈ સરવાળો એમાં નથી.

બહાર ચક્ષુ ઈન્દ્રિયથી પ્રકાશ ન દેખાય તો એને એમ લાગે કે અરે..રે..! અંધારું છે. આ ઈન્દ્રિય ચાલી જાય પછી કેટલું અંધારું? એ જાય એટલે સમજાય એવું છે. અનુભવથી સમજાય એવું છે. એવા કારાગૃહમાંથી જેને છૂટવું હોય. **'મુક્તિપુરીમાં જવું હોય, તેણે મોહરાગદ્વેષરૂપ તાળાં ખોલવા માટે...'** આ જેલના તાળા આ છે. મોહરાગદ્વેષ એ જેલના તાળા છે. એને ખોલવા માટે આ ચાવી આપે છે. તારા મોહરાગદ્વેષ આદિ વિભાવોને ખોલવાની આ ચાવી છે.

**'જ્ઞાયકનો અભ્યાસ કરવારૂપ એક જ ચાવી લગાડવી.'** આ એક ચાવી છે. Master key છે. બધા તાળા ખૂલી જશે. મફતમાં મળ્યું હોય તો કિંમત ન આવે. માર્ગ ગોતે છે એ માથુ ફોડીને મરી જાય તો શું ચાવી ક્યાં છે અને કેવી છે એની ખબર નથી પડતી. જીવ રખડે છે ને આથડે છે. અહીંયાં જાય અને ત્યાં જાય, જંગલમાં જાય, ગિરીમાં ને ગુફામાં ગમે ત્યાં જાય નહિ. આશ્રમોમાં જાય, નિવૃત્તિ લે બધું ઘણું કરે છે. જેનું નામ સાંભળ્યું હોય એની પાસે જાય. મુનિ હોય, દિગંબર હોય, ફલાણું હોય ને અહીંથી મળશે... અહીંથી મળશે... અહીંથી મળશે. અનુભવ સિવાય એની ચાવી ક્યાંય મળે એવું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એની કિંમત આવે તો એના જેટલી બીજાની કિંમત પછી આવે નહિ. આ એની કિંમત છે. એની કિંમત આવે તો એના જેટલી બીજાની કિંમત આવે નહિ.

મુમુક્ષુ :- ... અંદર આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બધાય પડ્યા રહે. એ તો બધાયને કુગતિમાં લઈ જનારા નિમિત્તો ભાસવા લાગે. શું લાગે? આ કુગતિમાં જનારા નિમિત્તો છે. મારા પરિણામ એના ઉપર જાય ત્યારે નિમિત્ત છે. નહિતર નિમિત્ત નથી. પોતાના પરિણામ જાય તો નિમિત્ત છે. એને ... જનારા નિમિત્ત ભાસે. આવું ઊલટું સુલટું છે. આમ જોવે તો સંસારમાં બધું મીઠુ મીઠુ લાગે. આ દિકરો, આ દીકરી, આ ફલાણું, આ ઢીકણું, આ, તે ભર્યું ભર્યું લાગે. જ્ઞાન દૃષ્ટિએ જોવે તો જુદું દેખાય. સંસાર દૃષ્ટિએ જોવે તો જુદું દેખાય એવું છે. જ્યાં મીઠાશ લાગે છે એ મીઠું ઝેર છે. એ વાત જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી ત્યાંથી પરિણામ ખસે પણ કેવી રીતે? કોઈ રીતે ખસે નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનદૃષ્ટિએ જોવું એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અહિત છે એને અહિતપણે જોવું. ત્યાં મીઠાશ લેતા મારા આત્માનું ખૂન થશે અને હું કારાગૃહમાં ધકેલાઈ જઈશ એ વાત એને ભાસવી જોઈએ. અહિત અહિતપણે ભાસે અને હિત હિતપણે ભાસે એનું નામ જ્ઞાન છે. પોતાનું અહિત ન ભાસે અને અહિતમાં હિત ભાસે ને હોંશ કરે. શું કરે છે? અહિતમાં હિત ભાસે અને એમાં હોશું કરે, એમાં રસ લે, એમાં ઉદ્યમ કરે. તો એમાં તો ભયંકર પરિભ્રમણ સિવાય એનું ફળ બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- એ તો છોડવું છે હવે.

પૂજ્ય ભાઈશ્રી :- આ એ જ વાત છે. એની જ વિધિ છે. છૂટવાની વિધિ છે. એકદમ આત્મ લક્ષે, સ્વરૂપ લક્ષે જ્ઞાયકપણે રહેવાનો અભ્યાસ કર. તારું જ્ઞાન માત્ર જ્ઞાન જ છે. સિવાય જ્ઞાન એમાં કાંઈ બીજું થાય એવું નથી. અનેક જ્ઞેયોના પ્રતિબિંબ થવા છતાં અવિકૃતપણે રહેવાનું જેનું સામર્થ્ય છે, ત્રિકાળ સામર્થ્ય છે, જે ક્યારે પણ વિકારી થતું નથી. રાગનો સંગ અનાદિ રહ્યો છતાં રાગરૂપ ન થયું. ...નો અનાદિ સંગ રહ્યો છતાં.. સાથે.. જોડે જોડે પરિણમન રહ્યું, છતાં જે મલિન ન થયું એવું જે તારું જ્ઞાનતત્ત્વ, એને માત્ર જ્ઞાનતત્ત્વ તરીકે, માત્ર જ્ઞાયક તરીકે જોવાનો પ્રયત્ન કર. એ પ્રયત્નસાધ્ય માર્ગ છે. પ્રયત્નથી સિદ્ધ થાય એવો, સધાય એવો એ માર્ગ છે.

અંતરંગમાં સૂક્ષ્મ અનુભવદૃષ્ટિથી માત્ર જ્ઞાનને, એકલા જ્ઞાનને જોતા એ સ્વપણે દેખાય છે. સ્વપણે જણાય છે ત્યારે એ નોખું પડે છે. જ્યાં સુધી એ સ્વપણે નથી જણાતું ત્યાં સુધી એ જુદું પડતું નથી. જુદું હોવા છતાં જુદું અનુભવાતું નથી. અને સ્વપણે એ જુદુ પડે છે ત્યારે એને એમ કહ્યું કે એ સ્વપણે જુદું સધાય

ગયું. એને સાધ્યું એમ કહે છે. આ એક જ ચાવી (છે). મુક્ત થવાની ઘણી રીત છે એવી ભ્રાંતિમાં... કોઈ આ માર્ગે જાય.. કોઈ આ માર્ગે જાય... કોઈ આ માર્ગથી પામે એવું કોઈનું કાંઈ છે નહિ. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' એમ આ એક જ ચાવી છે. સ્વપણે જ્ઞાયકનો અભ્યાસ કરવો, પર્યત્ન કરવો. બસ, આ એક જ ચાવી છે. બીજી કોઈ ચાવી નથી. ૩૭૩ (બોલ પૂરો) થયો.

**શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે, મોક્ષની રુચિ નથી. જે મંદ કષાયમાં સંતોષાય છે, તે અકષાયસ્વભાવ જ્ઞાયકને જાણતો નથી તેમ જ પામતો નથી. ગુરુદેવ પોકારી પોકારીને કહે છે કે જ્ઞાયકનો આશ્રય કરી શુદ્ધ પરિણતિ પ્રગટ કર; તે જ એક પદ છે, બાકી બધું અપદ છે. ૩૭૪.**

૩૭૪. '**શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે,...**' શુભ રાગ થાય એક વાત છે અને એ સારો લાગે તો એમ સમજવું કે એ શુભ રાગની રુચિ થઈ ગઈ છે. રુચિને કેમ પકડવી? શુભ રાગ તો થશે. છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભરાગ બુદ્ધિપૂર્વકનો થશે. પણ યથાર્થ ભૂમિકાથી માંડીને ઉપર ઉપરની સર્વ સાધકની ભૂમિકામાં શુભરાગ સારો લાગતો નથી. ઊલ્ટાનો એ ઝેર જેવું લાગે છે. આત્મા આનંદ અમૃતનું પદ છે. એ અમૃતની સરખામણીમાં એને ઝેર કહેવામાં આવે છે. જ્યારે કોઈ શુભરાગ થાય અને સારો લાગે તો સમજવું કે એની રુચિ થઈ છે. અને એ રુચિ એ ભવની રુચિ છે. જેલમાં જવાની રુચિ છે. જેલખાનામાં, કેદખાનામાં જવાની રુચિ છે. હજી એને કેદખાનામાંથી છૂટવું નથી એવી પરિસ્થિતિ છે.

'**શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે, મોક્ષની રુચિ નથી.**' એને બંધનની રુચિ છે ત્યાં સુધી બંધન થયા કરશે. જ્યાં સુધી શુભ રાગ રુચે છે ત્યાં સુધી મોક્ષમાર્ગમાં જવા બાજુની દિશા પણ મળતી નથી. દશા થવી તો બીજી વાત છે પણ દિશા પણ એને મળતી નથી. બહુ સરસ વાતો આવી છે. કેટલીક વાતો આવી છે કે એકદમ પાત્ર જીવ હોય તો ફટકે કામ થઈ જાય અથવા પોતે બદલી જાય એવો વિષય છે. એક ફટકે બદલી જાય. અરે..! શુભ રાગ થાય છે અને મને તો એમ લાગે છે કે મને બહુ સારા ભાવ થયા... મને બહુ સારા ભાવ થયા. આજે પૂજા કરી બહુ સારા ભાવ થયા, સ્વાધ્યાય કર્યો બહુ સારા ભાવ થયા, ભક્તિ કરી બહુ સારા ભાવ થયા. બીજા બીજા પણ અનેક પ્રકારના ઘણાં સારા ભાવ આવે છે.

એ શુભભાવની રુચિ એ ભવની રુચિ છે. તને ત્યાંથી પાછો વાળવા માટે વાત છે. મોક્ષમાં લઈ જવાની વાત છે.

તે '**મોક્ષની રુચિ નથી.**' જે ભવની રુચિ છે તે મોક્ષની રુચિ નથી. રાગની રુચિ છે તે વીતરાગતાની રુચિ નથી. વીતરાગતા મોક્ષમાર્ગ છે. 'દ્વેષ અરોચક ભાવ'. 'આનંદઘનજી'એ જે ગાયું છે એ શુભ રાગની રુચિને આત્માનો દ્વેષ કીધો છે. અને એને આત્માની અરુચિ કીધી છે. શુભ રાગની રુચિ તે અનાત્મ ભાવની રુચિ, તે આત્મ સ્વભાવની અરુચિ, તે આત્મ સ્વભાવ પ્રત્યેનો દ્વેષ. એમ ગણાવ્યું છે. કેટલીક વાતો બહુ ગંભીર લખી છે. તે '**મોક્ષની રુચિ નથી.**'

'**જે મંદ કષાયમાં સંતોષાય છે,...**' જોયું ! સંતોષ શબ્દ વાપર્યો છે. જે જીવ કષાયની મંદતામાં સંતોષાય છે કે મને બહુ સારા ભાવ થયા, પુણ્યના પરિણામ થયા. '**તે અકષાયસ્વભાવ જ્ઞાયકને જાણતો નથી...**' એને એ જાણતો નથી, ઓળખતો નથી, એની એને કિંમત આવી નથી. જેને મંદ કષાયની કિંમત આવી એને જ્ઞાયકસ્વભાવી આત્માની કિંમત આવી નથી. આ બહુ સીધી વાત છે. જે જીવ પુણ્યના હિમાયતી છે એને આત્મા શું ચીજ છે એની ખબર નથી. બે વચ્ચેની કિંમતમાં આંતર કેટલું છે. એક કાચનો કટકો છે અને એક સાચો હીરો છે. આટલો બધો ફેર છે.

મુમુક્ષુ :- મંદ કષાયના સંતોષની સામે ૨૦૬ ગાથા આવી, આમાં સદા સંતુષ્ટ બન.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં આત્મામાં સંતોષ પામ. આત્માની શાંતિથી સંતોષ પામ. આત્મા ઉપર દૃષ્ટિ કરીને, આત્માનો કબજો મેળવીને સંતોષ પામ કે હવે અહીંથી જુદા પડવાની વાત નથી. ખસવાની વાત નથી. મંદ કષાય પણ આખરમાં કષાય છે ને. નવ્વાણુ સો ડિગ્રીનો તાવ પણ આખરમાં રોગ છે. અને રોગ સારો છે એમ કોણ કહે? મૂરખ હોય એ કહે. આ તો ચોખ્ખી વાત છે. કાંઈ ગોળ ગોળ વાત કરે (છે એમ નથી). નહિતર તો જ્ઞાનીઓ ગૂઢ ભાષામાં વાત કરે છે.

'શ્રીમદ્જી'ના વચનો જુઓ. એવી ગૂઢ ભાષા છે કે 'ગુરુદેવ' ન હોત તો કોને ખબર એનો ઉકેલ હજી બહાર ન આવ્યો હોત. ઉકેલ બહાર ન આવ્યો હોત. આ તો બહુ સાદી, સરળ, સુગમ ભાષાની અંદર એકદમ પારમાર્થિક તત્ત્વ ખોલીને મૂક્યું છે. એક વિશિષ્ટતા છે. સહેલી વાત નથી. એટલું સામર્થ્ય છે. ... પરમાર્થને ખોલવાનું સામર્થ્ય છે. અને ઘણું સામર્થ્ય હોવા છતાં એનો જેને ગર્વ ગારવ નથી એ વિશિષ્ટતા છે.

શું કહે છે? કે '**જે મંદ કષાયમાં સંતોષાય છે, તે અકષાયસ્વભાવ જ્ઞાયકને જાણતો નથી તેમ જ પામતો નથી.**' એ જ્ઞાયકને જાણતો નથી. જે જાણે નહિ

એને પામે કેવી રીતે? પામવું એટલે અનુભવ કરવો. એને ખબર નથી. શુભ રાગમાં સંતોષાઈ ગયો. એ પણ શુભ રાગની રુચિનું પ્રકાશક છે. શબ્દો ફેરવ્યા છે. રુચિ અને સંતોષ બંને એક જ મિથ્યાત્વની પર્યાય છે. એક જ મિથ્યા શ્રદ્ધાની તીવ્ર રસવાળી પર્યાય છે. શુભ રાગમાં સંતોષ થાય ત્યારે મિથ્યાશ્રદ્ધાનું જોર વધ્યું એમ સમજવું. શુભ રાગમાં સંતોષ થાય, શુભ રાગ રુચે ત્યારે એને મિથ્યાશ્રદ્ધાનું જોર વધ્યું. એ જ્ઞાયકને જાણતો નથી, જ્ઞાયક એને રુચતો નથી, એ જ્ઞાયકને પામશે એટલે અનુભવ કરી શકશે નહિ.

હવે 'ગુરુદેવ'ને નામે ચડાવે છે. '**ગુરુદેવ પોકારી પોકારીને કહે છે કે...**' આ વાત 'ગુરુદેવ' પોકારી પોકારીને કહે છે. 'સમયસાર' આદિ પરમાગમમાં બહુ સ્પષ્ટ શબ્દો પડ્યા છે. પ્રતિક્રમણ આદિ શુભભાવ વિષકુંભ છે. એ ગાથા પડી છે. એમાં મૂળ ગાથામાં એ વિષય 'કુંદકુંદાચાર્યે' લીધો છે. નહિતર તો અત્યારે લોકો તોફાન કરે. અમે સવાર, બપોર, સાંજ પ્રતિક્રમણ કરીએ અને તમે એમ કહો છો કે ઝેર છે. મારામારી કરવા માંડે. શું તમારે બધાને ઊંધા રસ્તે લઈ જવા છે? એમ કહે. બબ્બે હજાર વર્ષ પહેલાના આચાર્યોએ ધડાકાબંધ લખ્યું છે. એટલે જ 'ગુરુદેવ' કહેતા કે જંગલમાં વસનારા મહામુનિઓએ માર્ગને ટકાવી રાખ્યો છે. જેમ આકાશને કોઈ થાંભલાથી પડતું બચાવે એમ ધર્મને થોભાવી રાખ્યો છે. આ આચાર્યો ધર્મના સ્તંભ છે. સમાજને શું લાગશે એની પરવા કર્યા વગર. જંગલમાં બેઠા બેઠા જે સત્ય છે, પરમસત્યને સ્પષ્ટ પોકાર્યું છે.

મુમુક્ષુ :- શુભભાવ કેવી રીતે છે? પ્રતિક્રમણ કરે એ શુભભાવ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ ઊઠે છે ને? પ્રતિક્રમણનો પાઠ બોલે ત્યારે શું કરે છે?

મુમુક્ષુ :- પ્રાયશ્ચિત કરવા માટે પાઠ બોલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાઠ બોલે છે ને. એ વિકલ્પ છે ને. એ શુભરાગ થાય છે. એવો જે પાઠ બોલવાનું વચન અથવા મનન છે એના નિમિત્તે જીવને શું થાય છે? શુભ રાગ થાય છે. શુભ રાગ થાય છે ત્યારે એ શુભરાગ શું છે? કે વિષકુંભ છે. વિષકુંભ. શું કીધું?

મુમુક્ષુ :- પાપનું પ્રાયશ્ચિત કરવાનો શુભ રાગ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પાપનું પ્રાયશ્ચિત કરવાનો શુભ રાગ છે એને આ ઉપમા આપી છે. વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક ચીજ છે. આવી વાત છે.

મુમુક્ષુ :- તો પ્રાયશ્ચિત કેવી રીતે કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રાયશ્ચિત શુદ્ધભાવ પ્રગટ કરીને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગી પરિણામ પ્રગટ કરીને પ્રાયશ્ચિત કરવું. શુભ રાગથી પ્રાયશ્ચિત કરીશ તો સાચું પ્રાયશ્ચિત નહિ થાય. પાછો એને એ અપરાધ કરવામાં લાગી જઈશ. તમે મારી માફી માગો. અને પાછા મને ગાળ દેવા માંડો અને પાછા મારી માફી માંગો, પાછા ગાળ દેવા માંડો, પાછા માફી માંગો, પાછા ગાળ દો. આ કાંઈ રીત છે? જીવની આ દશા છે. પ્રતિક્રમણ સવાર, બપોર ને સાંજ કરે અને પાછો એનો એ અપરાધ કરે અને પાછો સવાર, બપોર, સાંજ પ્રતિક્રમણ કરે અને પાછો એનો એ અપરાધ કરે. એ પ્રતિક્રમણ જ સાચું નથી.

મુમુક્ષુ :- ક્રિયાનું પ્રતિક્રમણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ક્રિયા છે પણ એનું ફળ શું? તો કહે છે, વિષકુંભ છે. એ ક્રિયામાં જે અટક્યો છે, એની જેને રુચિ છે એને ભવની રુચિ છે એમ કહે છે. એને મોક્ષની રુચિ નથી. વીતરાગતા પ્રગટ કરવી એમ કહે છે. 'સમયસાર' ઉપરના તો બધા પ્રવચનો પુસ્તકારૂઢ થઈને પ્રસિદ્ધ થઈ ગયા છે. ૧૧-૧૧ ભાગ એના પ્રસિદ્ધ થઈ ગયા છે. સીધું શાસ્ત્ર ન જેને સમજાય આચાર્યના શબ્દોમાં, એને તો અત્યારે બહુ સુગમતા થઈ ગઈ છે. અને એક એક શાસ્ત્ર જે પરમાગમ છે. એક વખત તો બરાબર આદિથી અંત સુધી એનું આત્મલક્ષે, સ્વરૂપલક્ષે સ્વાધ્યાય, અધ્યયન, મનન બરાબર થઈ જવું જોઈએ.

મુમુક્ષુ :- શુભ ભાવ અને શુભ રાગમાં કાંઈ ફેર?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ફેર નથી. રાગ છે એ જ ભાવ છે. કોઈવાર એને ભાવ કહે, કોઈવાર એને રાગ કહે. રાગ છે એ ભાવ રૂપે છે. રાગ પોતે જીવનો એક ભાવ છે. એટલે એને શુભ રાગ કહો કે શુભ ભાવ કહો. બેય એકાર્થ છે. પછી ભાવ શબ્દ છે એનો પ્રયોગ બહુ વ્યાપક રીતે છે કે જેટલા ભાવ છે એ બધા, આત્માના જેટલા પરિણામ છે એ બધાને ભાવ કહેવાય. તો કહે, જ્ઞાન તો કે ભાવ, ચારિત્ર તો કે ભાવ, સમ્યગ્દર્શન તો કે ભાવ, પુરુષાર્થ એ ભાવ, વીતરાગતા એ ભાવ, શુભ રાગ એ ભાવ. એક મલિન અને એક શુદ્ધ. એમ. એનો પ્રયોગ છે એ વ્યાપક છે. એટલે જ્યાં જ્યાં ભાવ કર્યો હોય ત્યાં શુભરાગ ન સમજવો. પણ શુભ રાગ પોતે શુભભાવસ્વરૂપે છે એમ સમજવું.

**'જે મંદ કષાયમાં સંતોષાય છે, તે અકષાયસ્વભાવ જ્ઞાયકને જાણતો નથી...'** અથવા જે જ્ઞાયક સ્વભાવને જાણે એ કદિ મંદ કષાયમાં સંતોષાય નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- અકષાય સ્વભાવ થયો. પછી તો એને કષાય ... થયો તો એ જ્ઞાયકને કેમ ન જાણે?

પૂજ્ય ભાઈશ્રી :- જે મંદ કષાય એટલે પુણ્ય ભાવ, શુભ રાગ છે એમાં જે સંતોષાય ગયો કે બહુ સારો ભાવ મેં કર્યો, આજ તો મેં ઘણો સારો ભાવ કર્યો. એમ શુભ ભાવની અંદર જેને સંતોષ થયો એને પોતાના સ્વભાવમાં જે અકષાયપણું છે જ્ઞાયકભાવમાં એને એણે જાણ્યો નથી, ઓળખ્યો નથી. જો એને જાણે તો એને મંદ કષાયની, કષાયભાવની આટલી કિંમત આવે નહિ. એમ કહેવું છે. બેયની કિંમત નહિ આવે. કાચના કટકાને હીરો માનીને તીજોરીમાં મૂકે અને સાચા હીરાને હીરો માનીને તીજોરીમાં મૂકે એમ બને નહિ. જેની પાસે ઢગલાબંધ સાચા હીરા છે એ કાચના કટકાને સંઘરે નહિ. ઉકરડે જઈને ફેંકી દે. કે આનુ મારે શું કામ છે? આ કટકા કાંઈ મને કામમાં આવે એવું નથી. ઊલટાનું આંગણામાં પડ્યા હશે તો પગમાં વાગશે. ઘરમાં પડ્યા હશે તો શું થાશે? પગમાં વાગશે. ઈ રાખે? એના ઢગલાને બહાર ફેંકી દે. હીરાનો ઢગલો હોય એને તિજોરીમાં મૂકે અને કાચના કટકાને બહાર ફેંકે. મંદ કષાય છે એ તો કાચના કટકા છે. એની શું કિંમત છે ?

મુમુક્ષુ :- મંદ કષાય અને અકષાય.

પૂજ્ય ભાઈશ્રી :- બેય વિરુદ્ધ છે. અકષાયમાં કષાયનો અભાવ છે.

મુમુક્ષુ :- અકષાયમાં સ્વભાવનો અંશ...

પૂજ્ય ભાઈશ્રી :- કષાયનો અભાવ છે.

મુમુક્ષુ :- કષાય ન રહ્યો ને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.

મુમુક્ષુ :- તો પછી જ્ઞાયકને કેમ ન જાણ્યો એણે?

પૂજ્ય ભાઈશ્રી :- એ મંદ કષાયમાં સંતોષાઈ ગયો એટલે.

શું વાક્ય છે આખું? પહેલેથી જોઈએ. **'જે (જીવ) મંદ કષાયમાં સંતોષાય છે,...'** તે પોતાના મૂળ અકષાયસ્વભાવી જ્ઞાયક સ્વરૂપને જાણતો નથી. એટલે જે જે જીવો સંસારની અંદર પુણ્યમાં અને શુભ ભાવમાં અને મંદ કષાયમાં સંતોષાઈ જાય છે મેં બહુ સારું કર્યું, મેં બહુ સારું કર્યું, આ દેરાસર બંધાવ્યું, આ કરોડોના દાન દીધા, આ પૂજા-ભક્તિઓ રચાવી, આ સ્વાધ્યાય કર્યો. બહુ શુભભાવ કર્યો, ઘણાં સારા ભાવ કર્યા. એ આત્માને ઓળખતો જ નથી એમ કહે છે. કેમ કે આત્મા તો કષાયના અભાવસ્વભાવે છે. ૯૯ ડિગ્રીનો તાવ, ૧૦૦ ડિગ્રીનો તાવ. ક્ષય હોય ને, ટીબી હોય એને જાય નહિ. અને તંદુરસ્તી માને તો મરી જાય. શું કરે એને? એને તાવ

ન ગણવો. ૯૯-૧૦૦ તાવ હોય તો એને તાવ ગણવો નહિ. એમ કહે તો? મરી જાય. જે રોગ છે ઈ રોગ છે.

મુમુક્ષુ :- તો આગળ કેવી રીતે ચાલવું?

પૂજ્ય ભાઈશ્રી :- વીતરાગતાથી આગળ જાવું. રાગનો અભાવ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરતાં જે વીતરાગતા પ્રગટ થાય એમાંથી આગળ જવાય છે મોક્ષમાર્ગમાં. મોક્ષ પ્રત્યે મોક્ષમાર્ગમાં આગળ વધવું હોય તો વીતરાગભાવે આગળ વધવું. રાગભાવે આગળ ન વધવું. રાગની રુચિ તો ભવની રુચિ છે. રાગનું ફળ ભવ છે અને વીતરાગતાનું ફળ ભવનો અભાવ એવો મોક્ષ છે. એમ છે. એ વિષય ચાલે છે.

ફરીને. '**શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે, મોક્ષની રુચિ નથી.**' રુચિ બે પરસ્પર વિરુદ્ધ વિષયની એક જીવને થાય નહિ, રહે નહિ, થઈ શકે નહિ, હોઈ શકે નહિ. આ સ્પષ્ટ વાત છે. એટલે એમ કહે છે કે જે મંદ કષાયમાં સંતોષાય છે, શુભરાગની રુચિથી જે મંદ કષાયમાં સંતોષાય જાય છે તે અકષાયસ્વભાવી જ્ઞાયકતત્ત્વ એવું જે પોતાનું સ્વરૂપ છે તેને જાણતો નથી અને એને એ પામતો નથી એટલે એનો અનુભવ એ કરી શકતો નથી. પામવો એટલે અનુભવ કરવો.

મુમુક્ષુ :- ક્રોધ કરતા હોય એને ક્ષમા કરીએ એટલે એ મંદ કષાય કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મંદ કષાય કહેવાય. દ્રવ્યલિંગી મુનિ ઉપસર્ગકર્તા પ્રત્યે. કેવો ઉપસર્ગ કરતો હોય? કે એની જીવતી ચામડી ઉતરડીને ખાર છાંટે તો આંખનો ખૂણો લાલ કરે નહિ એટલી ક્ષમા રાખે. એને ધર્મ થયો કે ન થયો? તો કહે છે, ન થયો. શું કહે છે? આટલો સસ્તો નથી ધર્મ. શુભ ભાવ છે એને. મિથ્યાત્વ દશામાં એને વીતરાગ ભાવ નહિ થતો હોવાથી એને એ શુભ ભાવ થાય છે. હું જૈન મુનિ. શું એણે આધાર લીધો? કે મેં દીક્ષા ધારણ કરી છે અને હું તો જૈન મુનિ છું. મારાથી ક્રોધાદિ ભાવ થાય નહિ. આવો એક વિકલ્પ, આવો એક શુભ રાગ એના આધારે એ સામાને ક્ષમા બક્ષે છે. શુભભાવથી ક્ષમાનું પ્રદાન કરે છે. તોપણ એને ત્યાં શુભ રાગથી સંતોષ થયો છે, એને ત્યાં ધર્મ થયો નથી. આમ છે.

મુમુક્ષુ :- તો એણે શું કરવું જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- એને વીતરાગભાવમાં આવવું જોઈએ. નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાયકભાવમાં રહેવું જોઈએ. જ્ઞાતા-દૃષ્ટા રહેવું જોઈએ. આ પ્રતિકૂળતા તે પ્રતિકૂળતા નથી. નંબર એક. આ પ્રતિકૂળતા તે ખરેખર પ્રતિકૂળતા નથી. હું જ્ઞાયક છું અને તે માત્ર મારા જ્ઞેયના સ્થાને છે. જ્ઞાનનું જ્ઞેયમાત્ર છે. તેથી તે પ્રતિકૂળતા નહિ હોવાથી

તેને રાખવી કે દૂર કરવી એ પણ વિકલ્પ મારા માટે અસ્થાને છે. રોગ થાય ત્યારે રોગને દૂર કરવાનો વિકલ્પ કરે એનો અર્થ શું થાય? કે એણે એ પ્રતિકૂળતાને પ્રતિકૂળતા માની છે. એને એ પ્રતિકૂળ રોગને દૂર કરવાનો ભાવ નહિ કરવો જોઈએ. એ રોગ જ નથી. મારો રોગ નથી. શરીર મારું નથી અને શરીરનો રોગ તે મારો રોગ નથી. આ સીધી વાત છે. પછી એ રહો તો પણ ભલે અને જાવ તોપણ ભલે. મારે લેવા-દેવા નથી.

મુમુક્ષુ :- પાડોશી ભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાડોશી ભાવ છે. ખરી વાત એ છે કે પોતે પહેલા દેણું કર્યું હતું એ ચૂકવવાનો વારો આવ્યો છે. હવે એમાં રોવે. દેણું કર્યું છે પોતે. લેણદાર આવે તો દેવું પડે માટે રોવે. આ કાંઈ રીત છે? વ્યાજબી વાત છે? શરાફ માણસ હોય, સજ્જન હોય એ હોંશથી એમ કહે, ભાઈ! લઈ જાને બાપુ, હું તો તારા ઘરે પહોંચાડત. તું ન લેવા આવ્યો હોત તો તારા ઘરે મારે આવવું પડત. તારો ઉપકાર છે કે મારો પરિશ્રમ તેં બચાવ્યો, તારા ઘરે આવવાનો. આમ પલાખા જુદા છે બધા. અવળી-સવળી વાત છે.

**'ગુરુદેવ પોકારી પોકારીને કહે છે કે જ્ઞાયકનો આશ્રય કરી શુદ્ધ પરિણતિ પ્રગટ કર;...'** શું કરવું? આ સ્પષ્ટ વાત છે. કે ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક સ્વભાવ વીતરાગી સ્વભાવનો પિંડ છે. જેમાં શુભરાગનું નામનિશાન નથી, ગંધેય નથી એવા જ્ઞાયક સ્વભાવનો આશ્રય કરવો એટલે હુંપણે તેમાં ઠરી જવું, ઉપશમભાવે, વીતરાગભાવે, જ્ઞાતાભાવે હુંપણે એમાં ઠરી જવું એનું નામ આશ્રય કર્યો કહેવાય. શુભ પરિણતિ પ્રગટ કર. એવો આશ્રય કરીને શુદ્ધ પરિણતિને પ્રગટ કર. શુદ્ધ પરિણતિ એટલે રાગ વિનાની, મંદ કષાય વિનાની. જ્ઞાતા-દૃષ્ટાપણાની વીતરાગી પરિણતિને તું પ્રગટ કર.

**'તે જ...'** એટલે આવી શુદ્ધ વીતરાગી પરિણતિ પ્રગટ કરવી **'તે જ એક પદ છે,...'** એ જ તારું ઠરવાનું ઠામ છે. પદ એટલે તારી અવસ્થા. જ્યાં સ્થાયીપણે રહેવું એ તારી અવસ્થા, આ તારું પદ છે. વીતરાગભાવ તે તારું પદ છે મંદ કષાયનો શુભ રાગ તે તારું પદ નથી. તારું પદ ઊંચું છે. નીચ પદમાં ઉચ્ચ પદ માનીને રાજી કાં થાછો? એમ કહે છે. શુભ રાગ કષાયભાવ, મંદ કષાયનો ભાવ, કષાય સહિતનો ભાવ, તીવ્ર-મંદ તો એનો ભેદ છે, એ તો મલિન ભાવ છે.

મુમુક્ષુ :- શુભ હો કે અશુભ હો.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો મલિન છે. અને મલિનતામાં તું રાજી કાં થા? મલિનતા

અને એમાં રાજી થવું! આ વાત કાંઈ મેળ ખાય એવી નથી.

**'શુદ્ધ પરિણતિ પ્રગટ કર; તે જ એક પદ છે,...'** તે જ તારું સાચું સ્થાન છે. પદ એટલે જેને યોગ્ય સ્થાને એને પદ કહે છે. આ ડિગ્રી નથી આપતા કે ભાઈ આની પદગ્રહણ વિધિ. ડિગ્રી આપે છે ત્યારે શું કહે છે એને? પદગ્રહણ વિધિ. આ તારું પદ છે આને ગ્રહણ કર. વીતરાગભાવની વિધિથી આ પદને ગ્રહણ કર. આ સાચું પદ છે. બાકી બધી ઉપાધિ છે. આ નિરામય પદ છે, નિરુપાધિકભાવ છે એને ગ્રહણ કર. **'બાકી બધું અપદ છે.'** અપદ છે. ક્યાંય ઠરીને ઠામ થવા જેવું નથી. અથવા બધે દુઃખી થવાની વાત છે. ક્યાંય સુખી થવાય એવું નથી.

એ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે એ મોક્ષમાર્ગને પ્રગટ થવા માટે એની યથાર્થ ભૂમિકામાં શુભરાગ આવતો હોવા છતાં એ શુભ રાગની રુચિ ન કરવી તે યથાર્થ ભૂમિકા છે. શુભ રાગ આવવો તે યથાર્થ ભૂમિકા નથી પણ વીતરાગતા પ્રગટ થયા પહેલા શુભ ભાવ આવે ત્યારે એની રુચિ ન થવી તે તેની યથાર્થ ભૂમિકા છે એમ અહીંયાં ધ્યાન ખેંચવા માગે છે.

મુમુક્ષુ :- અવિકલ્પ થતાં સ્થિર થઈ શકે ખરી?

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર થઈ શકે. અવિકલ્પતા કહો, નિર્વિકલ્પતા કહો. એ થઈ શકે એવી ચીજ છે. કેમકે આત્મા પોતે નિર્વિકલ્પસ્વરૂપ છે. વિકલ્પના અભાવસ્વરૂપે અવિકલ્પસ્વરૂપ છે. એવા સ્વરૂપમાં તદાકાર થઈને સ્થિર થઈ જવું, થંભી જવું તે અવિકલ્પ સ્થિતિ છે. અને તે અત્યારે પણ થઈ શકે એવું છે. ન થઈ શકે એવું નથી. એનું તો આ બધો ઉપાય છે. એની જ બધી આ પારાયણ છે, અવિકલ્પ થવાની, નિર્વિકલ્પ થવાની. આ બધા શાસ્ત્રો જ વીતરાગી શાસ્ત્રો છે. એનો જ ઉપાય છે આ બધો. અનેક રીતે એ વાતને આ શાસ્ત્રોની અંદર સ્પષ્ટ કરી છે.

હવે પછીના બોલમાં એનો ક્રમ લે છે. કેવી રીતે કરવું? નિર્વિકલ્પ થવા માટે શું શું કરવું? કેમ કરવું? એ હવે પછીના બોલમાં છે.

મુમુક્ષુ :- સાત-આઠ બોલ બધા ક્રમ જેવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હવે પછીનો બોલ છે એ ૩૭૫ છે. અહીં સુધી રાખીએ...

## તા. ૩૧-૫-૧૯૮૮, વચનામૃત-૩૭૫
## પ્રવચન નં. ૨૮૬

**આ ચૈતન્યતત્ત્વને ઓળખવું. ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો-એ જ કરવાનું છે. એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય. આત્મા ચૈતન્યતત્ત્વ છે, જ્ઞાયકસ્વરૂપ છે-એને ઓળખવો. જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું. પણ પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે, જ્ઞાયક છે. પરપદાર્થમાં-એનું જ્ઞાન જતું નથી, પરમાંથી કાંઈ આવતું નથી. આ સમજવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બાહ્ય નિમિત્તો હોય છે, પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર બધુ જે પ્રગટે છે, તે પોતામાંથી જ પ્રગટે છે. એ મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે. બીજું બહારનું તો અનંત કાળમાં ઘણું કર્યું છે. શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો, પણ ધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે. શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, એમાં ક્યાંય શાંતિ નથી. જોકે શુભભાવ આવ્યા વિના રહેતા નથી, તોપણ ત્યાં શાંતિ તો નથી જ. શાંતિ હોય, સુખ હોય-આનંદ હોય એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે. નિવૃત્તિમય ચૈતન્યપરિણતિમાં જ સુખ છે, બહારમાં ક્યાંય સુખ છે જ નહિ. માટે ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો તે જ ખરું શ્રેયરૂપ છે. તે એક જ મનુષ્યજીવનમાં કરવાયોગ્ય-હિતરૂપ-કલ્યાણરૂપ છે. ૩૭૫.**

અભ્યાસ કરવો એટલે પ્રયત્ન કરવો. કઈ રીતે? '**ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. એ જ કરવાનું છે.**' ભેદજ્ઞાનપૂર્વક ભેદજ્ઞાનના પ્રયત્નથી, ભેદજ્ઞાનના પ્રયત્ન દ્વારા ચૈતન્યતત્ત્વને, નિજ આત્મ સ્વરૂપને ઓળખવાનો પ્રયત્ન કરીને આત્મતત્ત્વને ઓળખવું. આમ આખી વાત છે. ઓળખવા માટે પણ ભેદજ્ઞાનની વિધિ છે. અનુભવવા માટે પણ ભેદજ્ઞાનની વિધિ છે. અનુભવ થાય અને પૂર્ણ થવું હોય તો એ માટે પણ ભેદજ્ઞાનની જ વિધિ છે. અને એ જ એકમાત્ર અંતરંગ સાધન છે. એ સિવાય બાકીના બધા બાહ્ય સાધનમાં જાય છે. ભેદજ્ઞાન એક જ અંતરંગ સાધન છે.

અનાદિથી જેને ઓળખાણ નથી એને ઓળખવા સિવાય બીજું તો કોઈ આગળનું કાર્ય કરવાની પરિસ્થિતિ નથી. એટલે એ પ્રશ્ન અહીંયાં ઉપસ્થિત થતો નથી. પ્રથમમાં પ્રથમ પોતાના ચૈતન્યતત્ત્વનો ચાલુ ઉદયના કાળમાં જાગૃત થઈને, સાવધાન રહીને, ભેદજ્ઞાનનો પુરુષાર્થ કરીને ઓળખવાનો પ્રયાસ કરવો-ઓળખવાનો પુરુષાર્થ કરવો. પ્રથમ પોતાનું સ્વરૂપ કેવું છે એની જિજ્ઞાસાપૂર્વક ભેદજ્ઞાન ચાલે છે. એકદમ અજાણ્યો જીવ હોય તોપણ એટલી વાત એને સમજવા મળે કે આત્મા પોતે ચૈતન્યસ્વરૂપી જ્ઞાનસ્વભાવી છે. આત્મા ચૈતન્યતત્ત્વ છે એટલે જ્ઞાનતત્ત્વ છે, જ્ઞાનતત્ત્વ છે એટલે ચૈતન્યતત્ત્વ છે. ચૈતન્યમાં જ્ઞાનથી પકડાય છે.

રાગાદિ અને દેહાદિ સ્વરૂપે આત્મા નથી. એ વાત એણે અસ્તિ-નાસ્તિથી બંને રીતે કહેવામાં અથવા બંને રીતે સમજવામાં આવે છે. ત્યારે એ પોતાના ચાલતા અનુભવને તપાસે કે દેહાદિ અને રાગાદિ સ્વરૂપે મને અનુભવ થાય છે. શ્રીગુરુ એની ના પાડે છે. જ્ઞાની એની ના પાડે છે. દેહસ્વરૂપે પોતાનો અનુભવ, ચાલતા રાગસ્વરૂપે સ્વયંનો પોતારૂપે અનુભવ, એ અનુભવ મૂળ સ્વરૂપે પોતે એવો નહિ હોવા છતાં થઈ રહ્યો છે. આ ગડબડવાળી વાત છે.

જ્ઞાનથી જાણી રહ્યો છું, જ્ઞાન દ્વારા જાણી રહ્યો છું અને રાગ દ્વારા પર અભિલાષ થઈ રહી છે. હું જ્ઞાનસ્વરૂપે છું એમ કેમ અનુભવમાં નથી આવતું અને રાગસ્વરૂપે અનુભવ થાય છે? આ એક તપાસનો વિષય થઈ જાય છે. કેમકે હું જ્ઞાનસ્વરૂપ છું એવું મને નિશ્ચયમાં આવ્યું નથી. અને હું રાગસ્વરૂપ છું એવો નિશ્ચય ચાલુ છે. અનાદિથી ઊંધો નિશ્ચય ચાલુ જ છે. એટલે એવો જે અનુભવ થઈ રહ્યો છે એ અનુભવ આત્માને ભયંકર પરિભ્રમણનું કારણ છે. રાગનો પોતારૂપે અનુભવ એ ભયંકર પરિભ્રમણનું કારણ છે.

એટલે જ્ઞાન જ્ઞાનપણે જુદું છે. જ્ઞાન જ્ઞાનપણે રહે છે અને તે જુદું જ રહે છે. તેનો અભ્યાસ કરવો. ભિન્ન જ્ઞાનનો અભ્યાસ કરવો. ભેદજ્ઞાનનો એટલે જુદા એવા જ્ઞાનનો અભ્યાસ કરવો. પ્રથમ તપાસે તો એને પ્રત્યક્ષપણે સમજાય એવું છે કે અનેક પ્રકારના સંયોગ-વિયોગ અને રાગાદિ થવા છતાં અને એના પ્રતિબિંબ જ્ઞાનમાં આવવા છતાં જ્ઞાન માત્ર જ્ઞાનરૂપે અવિકારીપણે સદાય એમ ને એમ રહે છે. જ્ઞાન એમને એમ રહે છે એટલે પોતે એમ ને એમ રહે છે ખરેખર તો. જ્ઞાન એટલે કોઈ બીજી ચીજ નથી.

કોઈ સંયોગ, વિયોગ, રાગાદિ ભાવ મારા જ્ઞાનતત્ત્વને કોઈ ફેરફાર કરવા કે વિકાર કરવા સમર્થ નથી. એમ જ હું સદાય રહું છું. જાણવામાત્રપણે સદાય રહું છું. આ

વાત તપાસે તો એને પ્રત્યક્ષપણે જોવામાં આવે છે, દેખવામાં આવે છે. તેથી તેની પ્રતીતિ થઈ શકે છે. સ્પષ્ટપણે એ દેખાતી વાત હોવાથી, પ્રત્યક્ષ દેખાતી વાત હોવાથી એની પ્રતીતિ થઈ શકે છે.

મુમુક્ષુ :- જ્યારે પ્રયત્ન કરીએ છીએ ત્યારે તે સાક્ષી ભાવ નબળા પડી જાય અને વિચાર ઊઠે છે અને વિચાર .. તો કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- શેનાથી જોવાનું?

મુમુક્ષુ :- જ્યારે જોવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે સાક્ષીભાવ તો રહેતો નથી અને વિચાર ચાલે છે. એટલે વિચાર ચાલે છે તો અંદર જોવાનું-તપાસવાનું કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- જોવે છે કોણ? તપાસે છે કોણ? વિચાર તપાસે છે કે જ્ઞાન તપાસે છે? વિચારમાં તો બે વાત ભેગી છે. જ્ઞાન અને રાગનું મિશ્રપણું એને વિચાર કહે છે. તો અત્યંત નિકટતા હોવાથી અને જુદા પાડવાનો કદી પોતાને અભ્યાસ નહિ હોવાથી, Practice નહિ હોવાથી, અભ્યાસ એટલે અહીંયાં Practice લેવી. એમ લાગે કે આ બે જુદા કેવી રીતે થઈ શકે? કઠણ લાગે થોડું. પણ છે બે એ વાત ન્યાયથી તો બરાબર પકડે છે. રાગ છે તે રાગ છે અને જ્ઞાન છે તે જ્ઞાન છે. જ્ઞાન પોતે રાગ નથી, રાગ પોતે જ્ઞાન નથી. આ વાત વિચારમાં તો આવે છે. હવે વિચારમાં આવે છે એ પક્કડમાં આવે એટલું બાકી છે. જે વાત વિચારથી સમજવામાં આવે છે એ જ વાતને અનુભવગોચર કરવી. એવું નથી કે એ અશક્ય છે અને એવું નથી કે એ પ્રયત્નસાધ્ય નથી. એવું પણ નથી. ફક્ત પોતાની એ બાજુની પ્રયત્ન કરવાની જે પદ્ધતિ છે એનો અભાવ છે. વારંવાર જે પ્રયત્ન કરવો જોઈએ એનો Practice નો અભાવ છે એટલી વાત છે.

એ તો અત્યારે કોઈ એમ કહે કે રોટલી વણી દ્યો. તો આવડે રોટલી વણતા? પચાસ વર્ષ થયા તોપણ ન આવે એમ કેમ? તમે પચાસ વર્ષના થયા અને રોટલી વણતા નથી આવડતી. એમ કેમ? કોઈ દિ' ન વણી હોય તો ક્યાંથી આવડે? કેમકે કોઈ દિ' એની Practice થઈ નથી. એ તો સીધી વાત છે કે જે વાત કઠણ લાગે છે એ તે પ્રકારની Practice નથી માટે કઠણ લાગે છે. કોઈપણ વાત. એકડો ઘૂંટ્યો તે દિ' શું હતું? પાટી જેવડો એકડો જાડો થયો ત્યારે આવડ્યો છે. એકડો કાંઈ બહુ મોટી વાત છે? એકડો લખતા શીખવું એ કાંઈ બહુ મોટી વાત છે? એ તો બહુ સાધારણ વાત ગણાય. છતાં સાધારણમાં સાધારણ વાત પ્રથમ કઠણ લાગે છે.

જ્ઞાનતત્ત્વ જુદું છે, રાગતત્ત્વ જુદું છે. એને જુદાને જુદા જોવાની કોશિશ કરવી

જોઈએ. એ કોશિશ ન કરે તો જુદું કેમ જણાય? જુદું છે એને જુદું જોવાની કોશિશ કરતા જુદું છે માટે જુદું જણાય છે. જુદું ન હોય અને જુદું જાણવું એ તકલીફવાળી વાત છે. પણ જુદું છે અને જુદું જાણવું છે. એમ.

જગતમાં અઘરું કામ હોય તોપણ લાભનું કારણ હોય તો કષ્ટ વેઠીને, મુશ્કેલી વેઠીને, પ્રયત્ન કરીને, સફળ ન થતા હોય તો વારંવાર પ્રયત્ન કરીને. આ છોકરાને ભણાવે છે. નાપાસ થાય છે. તો કહે, ફરીને વાંચ, ફરીને ભણ, ટ્યુશન રાખ, ગમે તેમ કર. પણ પાસ થવાનું જ છે આપણે. શું નિર્ણય કર્યો છે? કે આપણે પાસ થવાનું જ છે. નિર્ણય કરે છે. એમ કરવા ધારતો નથી તો થતું નથી. કરવા ધારે તો એ બધા કામ કરતા આ સહેલું છે. એકવાર કરવા ધારે કે આ મારે કરવું જ છે. મારા જીવનમાં મારે આજ કરવું છે અને પહેલું આ કરવું છે તો સહેલું થાય છે. એ કામ થવાની અંતરંગમાં સુગમતા ઊભી થાય છે. અથવા બીજા પ્રતિબંધક ભાવોનો સ્વયમેવ અભાવ થાય છે. એ ભાવો નિરસ્ત થઈ જાય છે. જો પોતે તૈયાર થાય તો. પોતે ન તૈયાર થાય તો કઠણ લાગે છે. એટલી જ વાત છે.

મુમુક્ષુ :- એકડો ઘૂંટવામાં જેટલી કાળજી રાખી એટલી આમાં રાખી નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- અહીં તો એમ દલીલ કરે કે પણ પચ્ચીસ વર્ષથી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીએ છીએ. કેટલા? પચ્ચીસ વર્ષ કાં એકડો નથી ઘૂંટ્યો? બરાબર છે? અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તો પચ્ચીસ વર્ષથી કરીએ છીએ. તો એકડો તો સહેલાઈથી આવડી ગયો અને આ હજી સમ્યગ્દર્શન આવતું નથી. જ્ઞાન પ્રગટ થતું નથી.

જગતમાં તો સાક્ષાત્કારના નામે અને અનુભવના નામે ગોળ ગોળ વાતો ચાલે છે. ગોળ ગોળ વાતો ચાલે છે. અહીંયાં તો નસીબજોગે સ્પષ્ટ વિધિનો વિષય ખુલ્લો છે. તારા ચાલતા જ્ઞાનને તપાસીને એમાંથી જ્ઞાનતત્ત્વ જુદું પાડ. જ્ઞ-તત્ત્વ જુદું પાડ, જ્ઞાનતત્ત્વ જુદું પાડ. જ્ઞાનને માત્ર જ્ઞાનપણે જો તો એ અનુભૂતિસ્વરૂપ છે. પોતે જ સ્વયં વેદકસ્વરૂપ છે, વેદનસ્વરૂપ છે, અનુભૂતિસ્વરૂપ છે. અનુભવ માટે કોઈ સમસ્યા નહિ રહે. આટલી બધી ચોખ્ખી વાત છે. રાગાદિ ભાવ નિકટ છે. તારો અભ્યાસ જુદો પાડવાનો નહિ હોવાથી જુદા નથી પડતા એવું લાગે છે. પણ ન પડી શકે એવું કાંઈ નથી. અનંતાએ પાડ્યા છે.

જગતમાં શું નક્કી કરે છે કે જો બીજા કાર્ય કરી શકે તો આપણે શું કરવા ન કરી શકીએ? બીજામાં બુદ્ધિ છે એવી આપણી બુદ્ધિ છે. એ રોટલા, દાળ, ભાત, શાક ખાય છે. આપણે ધાન ખાઈએ છીએ કાંઈ ધૂડ ખાતા નથી. એમ કહે. બીજા માણસ બુદ્ધિ ચલાવે છે તો ધાન ખાઈને ચલાવે છે. કાંઈ સોનુ થોડું ખાય

છે? ત્યાં તો બરાબર વિચાર કરે છે. જો બીજા કરી શકતા હોય તો હું કેમ ન કરી શકું? એવી પૂર્વતૈયારીનો ભાવ કરે છે. ઉમંગ લાવવા માટે. કાર્યનો ઉમંગ લાવવા માટે. જો બીજા કરી શકે છે તો હું શા માટે ન કરી શકું?

અહીંયાં એમ કહે છે કે અનંત આત્માઓએ કર્યું. તારા જેવા અનંતા આત્માઓએ કર્યું છે. અરે..! તિર્યંચ વર્તમાનમાં કરે છે. એનાથી તો વધારે બુદ્ધિ છે ને? એમાં તો કાંઈ સવાલ નથી. બુદ્ધિ છે, શક્તિ છે. જ્ઞાનનો ક્ષયોપશમ અને વીર્યનો ક્ષયોપશમ બંને સાધન છે. બંને છે. એનો સદુપયોગ અને દુરુપયોગ એટલો જ સવાલ છે. દુરુપયોગ થાય તો પરિભ્રમણ અને સદુપયોગ થાય તો મોક્ષ. પરિભ્રમણનો નાશ. નથી સાધન એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- બાકી તો કોશિશ કરવાની રહી ગઈ ને?

પૂજ્ય ભાઈશ્રી :- પોતે જ્ઞાનને માત્ર જ્ઞાનપણે જોવાનો, અવલોકન કરવાની કોશિશ કરતો નથી, તૈયાર થતો નથી. આ આટલું જ કર્તવ્ય છે. માત્ર જોવું એટલું જ કર્તવ્ય છે. જુદું પાડવું એ તો કહેવામાત્ર છે. જુદું જ છે. જુદું તો પડેલું જ છે. જે જુદું છે એને જુદું શું પાડવું? પણ ભેગું અનુભવ કરે છે જૂઠપણે તો સાવધાન થઈને એ ભ્રાંતિ અને એ કલ્પના છોડવાની છે.

જે રાગનું માત્ર જ્ઞાનમાં પ્રતિબિંબ પડે છે, આ વિચાર કહેવામાં આવે છે ને? જ્ઞાનમાં એનું પ્રતિબિંબ પડે છે. એને એમ થાય છે કે એ મારામાં થાય છે. આટલો ભ્રમ છે. જે પ્રતિબિંબ પડે છે એને એમ અનુભવ કરે છે કે એ મારામાં થાય છે. વસ્તુતાએ જણાય છે. થતું નથી પણ જણાય છે. જાણનાર જુદો છે, જણાનાર જુદું છે. આ ભેદજ્ઞાન છે.

'**ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો એ જ કરવાનું છે.**' જુદાને જુદાપણે અવલોકવું, નિહાળવું. નિજમાં નિજને નિહાળવું. બસ! આટલું કર્તવ્ય છે. નિજમાં નિજને નિહાળવા સિવાય બીજું કાંઈ કર્તવ્ય નથી. ભૂલ એ કરે છે કે નિજમાં પરને નિહાળે છે. કેટલો દષ્ટિભ્રમ છે? કે અરીસામાં મોરને જોતાં મોર જ ભાસે છે. અરીસાને ભૂલે છે. ત્યાં મોર છે નહિ. પણ અરીસામાં મોરના પ્રતિબિંબને મોરના પ્રયોજનથી જોવે છે કે મને મોર દેખાય છે. મોર હાલે છે, મોર ચાલે છે, મોર કળા કરે છે. એ મોર જ જોવાનો. એને અરીસારૂપે જોવે કે આ તો અરીસો જ છે. આમાં મોર નથી પણ આ તો અરીસો છે તો અરીસો દેખાય છે. મોરનું પ્રતિબિંબ છે એનું જ્ઞાન થાય છે અને અરીસો દેખાય છે. પણ જોવાનું પ્રયોજન બદલાય છે. એક જ જગ્યાએ જોવાના પ્રયોજનથી દષ્ટિ ફેરે જુદું જુદું દેખાય છે.

એમ કહે છે કે જોનાર જ્ઞાન પોતાને જોવે જ્ઞાનને. જોનાર કોણ છે? કે જ્ઞાન છે. કોને જોવે? કે પોતાને જોવે. જોનારને જ પોતે જોવે. તો નિજમાં નિજ જણાય છે. અને નિજમાં પરને જોવે. તો નિજને ભૂલે અને એકાંતે એને પર દેખાતું હોય એવો ભ્રમ થયા કરે. મને પર દેખાય છે.. મને પર દેખાય છે... મને આ બધું દેખાય છે... મને આ બધું દેખાય છે. પણ તારામાં કાંઈ છે નહિ. કાંઈ તારામાં છે નહિ. પ્રતિબિંબ પડે છે. એ તો ઠીક છે, સ્વચ્છતાને કારણે પડે છે. અને એ એની ભિન્નતાને સિદ્ધ કરે છે. પ્રતિબિંબ પડે છે એ એની ભિન્નતાને સિદ્ધ કરે છે કે મારું વ્યાપવું, જ્ઞાનનું વ્યાપવું, જ્ઞાનમાં છે અને જ્ઞાનનું વ્યાપવું જ્ઞેયમાં નથી. જે પ્રતિબિંબ પડે છે, જેનું પ્રતિબિંબ પડે છે એમાં જ્ઞાન વ્યાપતું નથી. એવું સ્પષ્ટપણે જોવામાં આવે છે.

જો અન્ય જ્ઞેયમાં જ્ઞાન વ્યાપતું નથી તો રાગાદિ કે ઇચ્છા વગેરેના પરિણામમાં પણ જ્ઞાન વ્યાપતું નથી. જેમ આ જ્ઞેયમાં જ્ઞાન વ્યાપતું નથી. લાકડાનો ટૂકડો છે. આમાં કાંઈ મારું જ્ઞાન વ્યાપતું નથી. તો વિચારમાં જે રાગ છે એમાં ખરેખર તો જ્ઞાન વ્યાપતું નથી. જ્ઞાનની વ્યાપ્તિ જ્ઞાનમાં જ છે. આથી બહાર જ્ઞાનની વ્યાપ્તિ નથી. પર જ્ઞેયના કાળમાં પણ એને ભિન્નતા આપોઆપ જણાય આવે એવી સ્વચ્છતા છે. સ્વચ્છતાને લઈને જ્ઞાનની ભિન્નતા જણાય આવે એવી એ સ્વચ્છતા છે. વ્યાપકતા થઈ શકતી નથી. ક્ષેત્રથી કે ભાવથી પણ જીવ વ્યાપી શકતો નથી. બસ! આટલી Practice કરે જોવાની તો એને જે જુદું પડતું, જુદું રહે છે, જુદું પડે છે, જુદું રહે છે. જુદું જ રહે છે. જુદું રહે છે એ જેને ખ્યાલમાં આવતું જાય છે ત્યાં તપાસતા તપાસતા એને વેદન પકડવામાં આવે છે કે આ તો કોઈ જાગતી જ્યોત અંદરમાં છે. એ પોતે જ પોતાના વેદન સ્વભાવે છે, વેદક સ્વરૂપે છે. અને એ વેદનમાં કોઈ અન્ય સાધનનો અંદર હસ્તક્ષેપ નથી, કોઈ અન્ય સાધનની અપેક્ષા નથી, અન્ય સાધન એમાં સહાયભૂત નથી. તેથી તે પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષપણે વેદનથી પોતે જુદો છે એવું ભેદજ્ઞાન થાય તો એ ભેદજ્ઞાનથી કાર્યસિદ્ધિ છે. સર્વ સિદ્ધિ છે. કાર્યસિદ્ધિ છે અથવા સર્વ સિદ્ધિ એનાથી છે.

મુમુક્ષુ :- ચાલતા જ્ઞાનમાં ચાલતા રાગનું વ્યાપવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલતા રાગની વ્યાપ્તિ નથી. બરાબર. હરગીઝ નથી. ચાલતા જ્ઞાનમાં જ્ઞાન જ છે. રાગ હરગીઝ નથી. ચાલતા રાગમાં રાગ જ છે. એકાંતે રાગ છે અને જ્ઞાનનો કોઈ અંશ એમાં ભળી શકતો નથી.

મુમુક્ષુ :- એક ક્ષેત્રમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે એક ક્ષેત્રમાં હોય તેથી શું? એક ક્ષેત્રમાં હોય તેથી કાંઈ ભુલાવામાં પડવા જેવું નથી. ભલે એક ક્ષેત્રમાં હોય. શરીરમાં રોગ થાય છે. શરીરના ક્ષેત્રમાં તંદુરસ્તીનો જે સ્વભાવ છે ત્યાં જ રોગ ઉત્પન્ન થાય છે. ક્યાં ઉત્પન્ન થાય છે? શરીરમાં તંદુરસ્તીનો સ્વભાવ છે. છે કે નહિ? આપોઆપ આ વાગે છે ને સંધાય જાય છે કે નહિ? ચીરો પડ્યો હોય તો સંધાય જાય છે, રુઝ આવે છે. આપો આપ આવે છે. હાડકું તૂટે છે એ આપોઆપ અંદર સંધાય છે. સંધાય છે કે નહિ? એનામાં એ જાતની શક્તિ છે. એક ક્ષેત્રે નિરોગતા અને એક ક્ષેત્રે રોગપણું. બે એક ક્ષેત્રે છે એટલે એમાં શું મુંઝવણ છે? એ તો રોગ ટાળી શકાય. શું જ્ઞાન થાય છે? કે રોગ ટાળી શકાય છે. બસ!

એમ એક ક્ષેત્રે રાગ છે તો એ ટાળી શકાય છે. એ કોઈ શાશ્વત તત્ત્વ નથી. ઊલટું તો એ કર્યું છે કે રાગની રુચિ કરીને રાગ અશાશ્વત હોવા છતાં શાશ્વત માનીને બાજી પડ્યો છે. એક ક્ષેત્રે છે એની એટલી તકલીફ નથી. પણ જે રુચિ કરીને એની સાથેનો જે સંગ છે, રુચિથી જે રાગનો સંગ છે આ એને બહુ મોટું નુકસાનનું કારણ છે. એ જ્ઞાનને કુસંગ છે, લ્યો! આ બહારના સત્સંગ અને કુસંગની વાત આવે છે કે નહિ? કે ભાઈ! કોનો સંગ કરવો એનો વિવેક કરવો. સત્સંગ કરવો, કુસંગ ન કરવો.

અહીંયાં એમ કહે છે કે તું જ્ઞાનસ્વરૂપે છો. રાગાદિ મલિન ભાવો સાથે કાં સંગ કરે છો? આમ લેવું છે. એનો સંગ કરવાથી તને નુકસાન છે. સુખ સ્વભાવી હોવા છતાં તારા સુખનો નાશ થશે, સુખનું ખૂન થઈ જશે. પોતે સુખસ્વભાવી હોવા છતાં કુસંગ કરતાં સુખનો નાશ થશે. ભલે સાથે હોય, જો સંગ ન કરે તો એ નહિ આવે. કોઈ જેમ જૂના મિત્રો હોય છે. પણ પોતે મોઢું ફેરવે તો? આવતો બંધ થઈ જશે. પછી નહિ આવે. ભાઈ! આપણો આદર નથી, સત્કાર નથી, આપણી સાથે કાંઈ પ્રેમ નથી, રાગ નથી, આપણી સાથે કોઈ લાગણી નથી. એ આવતો બંધ થઈ જશે.

એમ રાગને હુંપણે આધાર આપીને બેઠો છે. કાંઈ થોડો સંગ કરતો નથી પણ હુંપણાનો આધાર આપીને એકમેક થઈને સંગ કરે છે. ભલે એક ક્ષેત્રે હોય. એ તો આગમ અપેક્ષાએ એક ક્ષેત્ર છે. અધ્યાત્મમાં તો એક ક્ષેત્રે છે નહિ. ના પાડી છે. ૧૮૧-૮૨-૮૩ ગાથા. સંવર અધિકાર. અધ્યાત્મમાં ના પાડી છે. આગમથી એ જાણવાનો વિષય રહી જાય છે. અધ્યાત્મમાં એ ઉપાસનાનો વિષય રહી જાય છે. સિદ્ધાંત તો બેય સિદ્ધાંત છે. ચારે અનુયોગને પોતપોતાના સિદ્ધાંતો છે. એ ઉપરાંત ચારે અનુયોગને અનુયોગ અનુસાર પોતપોતાના સિદ્ધાંતો હોવા છતાં એ ઉપરાંત ચારે

અનુયોગમાં અધ્યાત્મના સિદ્ધાંતો છે. સિદ્ધાંતો એ સિદ્ધાંતો છે. સિદ્ધ થયેલો એ અંત છે. એમાં બીજું કાંઈ ચાલે એવું નથી. અને એ ચારે અનુયોગના સિદ્ધાંતોથી પર ચીજ છે. ચારેથી એ પર છે.

દ્રવ્યાનુયોગ ભલે એમ કહે કે બંનેનું ક્ષેત્ર એક છે. એ દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત છે. પણ અધ્યાત્મના સિદ્ધાંતમાં એથી આગળની વાત છે. છતાં કોઈ એકબીજાને ખોટા ઠરાવતા નથી. આ જૈનદર્શનની વિશેષતા છે કે છતાં કોઈ એકબીજાને ખોટા ઠરાવતા નથી. પણ વિષય વિરોધ છે, કથન વિરોધ છે. ભલે એ વાતનો ખ્યાલ છે તોપણ સ્યાત્ પદથી બંને સિદ્ધ થાય છે. કોઈ રીતે એમાં વિરોધ આવતો નથી.

મુમુક્ષુ :- અભિપ્રાયનો દોષ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાયનો દોષ નથી. એમાં સાધવું શું એ તો પ્રયોજન છે ને. દ્રવ્યાનુયોગથી વસ્તુનું બંધારણ જાણવામાં આવે એટલું જ માત્ર પ્રયોજન નથી. પણ દ્રવ્યાનુયોગ અનુસાર વસ્તુનું બંધારણ જાણ્યા પછી, દ્રવ્ય-ગુણ-પર્યાયથી વસ્તુનું બંધારણ-Constitution-જાણ્યા પછી હવે ઉપાસવું શું છે? હેય શું છે અને ઉપાદેય શું છે એનો વિવેક કરવાનો બાકી રહે છે. એ આગળનો વિષય છે.

મુમુક્ષુ :- રાગ છે એ આત્માનો રોગ છે. જેમ ઓલું શરીર તંદુરસ્ત છે એમાં રોગ છે. એમ આ આત્મા શુદ્ધ છે એ નિરોગ છે, એમાં રાગ છે એ રોગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાગ છે એ રોગ છે. ટળી શકે એવો છે, અનિષ્ટ છે, દુઃખદાયક છે, મેલો ભાવ છે. તેથી એવું એનું જ્ઞાન થતાં એની અરુચિ થાય. અને શુદ્ધ સ્વભાવની રુચિ થાય તો કાર્યની સિદ્ધિ છે. એને બરાબર જાણતા, એનું સ્વરૂપ બરાબર જાણતા એકની અરુચિ થશે, એકની રુચિ થશે. આ તો આસ્રવ અધિકારમાં વાત લીધી છે. અને કર્તાકર્મમાં લીધી છે. ક્યાં સુધી આસ્રવ જીવને? કે 'અશુચિપણું વિપરીતતા એ આસ્રવોના જાણીને, વળી જાણીને દુઃખકારણો..' ત્રણ Point લીધા છે. અશુચિ એટલે મેલાપણું, પોતાનાથી વિપરીતપણું એટલે વિરુદ્ધપણું. વિપરીતપણું એટલે પોતાનાથી વિરુદ્ધપણું અને દુઃખદાયકપણું. બસ. આ ત્રણ મુદ્દા એનાથી ખસવા માટે પુરતા છે.

એક જ રાગની પર્યાયમાં એનું આવું ત્રણ મુદ્દાવાળું સ્વરૂપ જણાય તો એનાથી એને અરુચિ થયા વગર રહે નહિ કે આ મારું કાર્ય નહિ અને મારે કરવા જેવું નહિ. શુદ્ધ પવિત્ર સ્વરૂપે હું છું. અને પવિત્રતા પૂર્ણ પવિત્રતા એ મારું સ્વરૂપ છે. આ મેલાપણું મારું સ્વરૂપ નથી. ત્યાંથી હટ્યા વગર રહે નહિ. એ હઠવું એનું નામ ભેદજ્ઞાન છે.

અહીંયાં તો એમ લેવું છે કે ઓળખવા માટે પણ ભેદજ્ઞાન કર. જ્ઞાનમાત્ર એવું

તારું સ્વરૂપ, એને ઓળખવા માટે પણ ભેદજ્ઞાનની Practice કર. એ રીતે એને ઓળખ. ઓળખવાની પણ આ જ પદ્ધતિ છે. ભેદજ્ઞાન કરતા કરતા ઓળખાય છે એમ કહેવું છે. બહુ સ્પષ્ટ વાત કરી છે. જેને આત્માની ઓળખાણ થાય છે અથવા જેવો આત્મા સ્વભાવે કરીને છે એવો સ્વભાવ ભાસે છે એ એને જ્ઞાનમાંથી ભાસે છે, જ્ઞાનલક્ષણથી ભાસે છે અને તે જુદું એવું એકલું જ્ઞાન, માત્ર જ્ઞાન ભિન્ન પાડેલું જ્ઞાન, ભિન્ન જોયેલું જ્ઞાન એમાં એ ભાસે છે. મિશ્રિત થઈ ગયો છે એમાં ભાસતો નથી.

.. સ્પષ્ટ કરે છે કે '**એ અભ્યાસ કરતા કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે...**' ગોખવાની વાત ક્યાં આવી? ભાસવાની વાત આવી. ઓળખવામાં તો ભાવભાસનની વાત છે. '**એ અભ્યાસ કરતા કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય.**' એ પ્રાપ્ત થાય એટલે અનુભવગોચર થાય. પામવું એમ કહો, પ્રાપ્ત થવું એમ કહો, અનુભવ થવો એમ કહો, બધું એકાર્થ છે.

મુમુક્ષુ :- પ્રયોગ, વિધિ બધું સાથે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એક જ પર્યાયના જુદા જુદા નામ છે. પ્રયોગ કહો કે વિધિ કહો, અનુભવ કહો કે પુરુષાર્થ કહો એ તો એક જ પર્યાયના જુદા જુદા ગુણ અપેક્ષાએ નામ છે. કોઈ જ્ઞાન અપેક્ષાએ નામ છે, કોઈ વીર્ય અપેક્ષાએ નામ છે. એમ.

મુમુક્ષુ :- એકત્વબુદ્ધિ તોડવાની...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ભક્તિ એટલે શું છે ? મૂલ્યાંકન છે. એ વીતરાગસ્વરૂપે છે એનું બહુમાન છે. અને નિજ વીતરાગસ્વરૂપને બતાવનારા રહ્યા એટલે એનું બહુમાન છે એમ વાત છે. એને કાર્ય તો પોતામાં કરવાનું છે. જુદા પડવાનું કાર્ય તો એને પોતામાં કરવાનું છે. ભેદજ્ઞાન કાંઈ શાસ્ત્રમાં નહિ થાય. એ ભેદજ્ઞાન કોઈ ગુરુમાં કે દેવના આત્મામાં પોતાનું ભેદજ્ઞાન નહિ થાય. ગુરુના આત્મામાં પોતાનું ભેદજ્ઞાન થશે? એ તો એમનું ભેદજ્ઞાન કરે છે. ભેદજ્ઞાન કરતાં કરતાં ચરમસીમાએ શુદ્ધ, પૂર્ણ શુદ્ધ થઈ ગયા એવા જે દેવ એને કાંઈ કરવાનું રહ્યું નથી. એ કૃત્યકૃત્ય થયા છે. અને જેવા શુદ્ધ થયા એવો હું છું એમ મારા શુદ્ધ સ્વરૂપનો સીધો નિર્દેષ કરે છે. બતાવે છે કે હું જેવો છું એવો તું છો. એ અર્થે એને ઉપકારી કહ્યા, એ અર્થે એમના પ્રત્યે બહુમાનનો ભાવ કહ્યો. પણ કાર્ય તો ભેદજ્ઞાનનું પોતે જ કરવાનું છે, પોતામાં જ કરવાનું છે. એ વાત રાખીને છે.

મુમુક્ષુ :- પોતે એમ કહે છે, .. ભગવાન. અરિહંત ભગવાન પણ આમ જ

કહે છે ને ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ એમ કહી રહ્યા છે. વગર બોલે પણ એમ જ દર્શાવી રહ્યા છે. જો હું ભિન્ન પડ્યો છું, તું પણ ભિન્ન પડી જા. જેવો હું ધ્યાનમાં ધ્યાનસ્થ છું, તેવું જ તારું સ્વરૂપ ધ્યાન કરવાની શક્તિરૂપ અંદર ચૈતન્ય ઢીમ જ છો. તું અંદરમાં મારા જેવો ઢીમ છો. મારામાં અને તારામાં કોઈ ફેર નથી. મેં બીજાની સામે જોવાનું બંધ કર્યું છે. તું પણ બીજાની સામે જોવાનું બંધ કર. પરાવલંબન કરવું એમાં દીનતા ઊભી થશે. પરાવલંબી થઈને બીજાની સામે જોતા દીનતા થશે. છોડ એ દીનતા. દીનપણું કરવા જેવું નથી.

**'એ અભ્યાસ કરતા કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે...'** ભિન્નતાનો વિકલ્પ કરે એમ ન લીધું. ભિન્નતા ભાસે. **'તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય.'** તો સાક્ષાત્ આત્મા અનુભવગોચર થાય. જ્યાં સુધી એને ભેદજ્ઞાનના અભ્યાસથી ભિન્નતા ન ભાસે ત્યાં સુધી અનુભવ થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. કેમકે જે ભિન્નપણે લક્ષમાં, જ્ઞાનમાં આવ્યો નથી, અનુભવમાં તો એકાગ્રતા છે. જે ચીજ ખ્યાલમાં આવી નથી, જ્ઞાનમાં આવી નથી તો ક્યાં એકાગ્ર થવું એ વાત ક્યાંથી ઊભી થઈ? ક્યાંથી આવી? એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- એકાગ્રતા એ જ અનુભવ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એકાગ્રતામાં અનુભવ છે. જ્યાં એકાગ્રતા છે, જે ચીજની એકાગ્રતા છે ત્યાં એ સિવાયના બીજી ચીજ ઉપરનું લક્ષ અને વિચાર નથી એનું નામ એકાગ્રતા છે. અને તે જ એક વિષયમાં એનો રસ છે અને બીજે ક્યાંય એનો રસ ત્યારે નથી. એટલે ત્યાં એને એ એક જ વસ્તુનો વ્યવસાય છે, બીજી કોઈ વસ્તુનો ત્યાં અનુભવ થતો નથી.

એ સૂત્ર છે 'એકાગ્ર ચિંતાનિરોધો ધ્યાનમ'. એકને મુખ્ય કરીને. અગ્ર એટલે મુખ્ય કરીને. બીજા કોઈપણ પદાર્થનો વિકલ્પ કે ચિંતાનો નાશ થયો, નિરોધ થયો, સ્વયં અભાવ થયો. એને નિરોધ કહે છે. સ્વયં અભાવ થવો. ત્યારે એને ધ્યાન નામનું પદ કહેવામાં આવે છે. જ્યારે આત્માનો અનુભવ થાય છે ત્યારે ધ્યાન થાય છે. જ્યારે આત્માનો અનુભવ થાય છે ત્યારે આત્માનું સ્વસંવેદનજ્ઞાન થાય છે. ધ્યાન અને જ્ઞાન સાથે થાય છે. અને પ્રથમ જ્યારે એમ થાય છે ત્યારે એને સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધાન પણ થાય છે. એમ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ પ્રગટ થાય છે, પ્રથમ ચોથા ગુણસ્થાને. ચારેય ગતિમાં થાય છે. તિર્યંચને પણ થાય, મનુષ્યને પણ થાય, દેવને થાય અને નારકીને પણ થાય. સાતમી નારકી

સુધી થાય.

પહેલા દીક્ષા લઈએ તો પછી એને સમ્યગ્દર્શન થાય કે સ્વાનુભવ થાય, દીક્ષા પર્યંતનો સંયમ હોય તો સ્વાનુભવ થાય ટૂંકામાં, એ વાત સમજણવાળી નથી. પોતે દીક્ષા લીધી હોય અને બીજાને પણ દીક્ષાધારી કરવા હોય. દીક્ષા ધારણ કરાવવી હોય. તો કહે પહેલા દીક્ષા ધારણ કરો પછી તમને અનુભવ થશે. વાત ખોટી છે. એવું નથી. સંયમ ઉપાસવા યોગ્ય છે. પણ જે-તે ગુણસ્થાને. પોતાની શક્તિનો ઉપયોગ પ્રથમમાં પ્રથમ પોતાના શ્રદ્ધા-જ્ઞાનને ઠીક કરવામાં લગાવે પછી આગળ ચાલે.

મુમુક્ષુ :- દીક્ષા ધારણ કરવાનો ભાવ પણ પર કર્તૃત્વ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કર્તાબુદ્ધિ. હઠથી કરે. મોટા ભાગે એવા મંદ કષાયી જીવો બહુ અલ્પ હોય છે એટલે હઠથી કરે છે.

મુમુક્ષુ :- એનું કર્તૃત્વ આવી જ ગયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવી જાય છે. પછી એને ક્રિયાનું કર્તૃત્વ થાય છે. આ ક્રિયા કરી, આ ક્રિયા ન કરી. એનું કર્તૃત્વ એને દઢ થઈ જાય છે. એટલે સમ્યગ્દર્શનથી એ દૂર થઈ જાય છે. ઊલટાનો સમ્યગ્દર્શનથી દૂર થઈ જાય છે. એ તો બધી જગ્યાએ એ વિચારવાનું છે. સંયમ છે એ આચરણનો વિષય છે એટલે ચરણાનુયોગનો વિષય છે. ચાહે ચરણાનુયોગનો વિષય હોય, ચાહે દ્રવ્યાનુયોગનો વિષય હોય, ચાહે કથાનુયોગનો વિષય હોય કે ચાહે કરણાનુયોગનો વિષય હોય, એને અધ્યાત્મ તો બધી જગ્યાએ સળંગ એકસરખું રાખવું જોઈએ. નહિતર ચારેય અનુયોગમાંથી ઊંધો પડે. ઊંધો ચાલ્યો જાય. વિપરીતતાને સાધે. જે ચાર અનુયોગ પરિભ્રમણના નાશનો હેતુ બનાવવો જોઈએ એ ચારેય અનુયોગ એને પરિભ્રમણ વૃદ્ધિનો હેતુ થાય. આમ છે.

એટલે જ્યાં સુધી રાગાથી પોતાના જ્ઞાનસ્વભાવની ભિન્નતા ન ભાસે. આ ભાસવું એનું નામ ઓળખાણ છે. ત્યાં સુધી એને ભેદજ્ઞાનનો અભ્યાસ કર્તવ્ય છે. ભેદજ્ઞાનનો અભ્યાસ ચાલુ રાખવો. ભેદજ્ઞાનનો પુરુષાર્થ ચાલુ રાખવો. '**આત્મા ચૈતન્યતત્ત્વ છે...**' પોતે આત્મા ચૈતન્યતત્ત્વ છે. '**જ્ઞાયકસ્વરૂપ છે એને ઓળખવો.**' એને ભાસે એટલે એને ઓળખવો. અને એને ઓળખ્યા વિના અનુભવની દિશામાં એક ડગલું પણ આગળ વધી શકાય એવું નથી. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- એવું ભેદજ્ઞાન ઓળખવા માટે છે. ઓળખ્યા વગર ભેદજ્ઞાન કેવી રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખવા માટે ભેદજ્ઞાન અને ઓળખીને ભેદજ્ઞાન. બેય ભેદજ્ઞાન જ કહેવાય છે. પણ જુદા જુદા Stageનું છે. બંનેનું Stage જુદું છે. ઓળખ્યા

પછી ભેદજ્ઞાન થશે. અનુભવ થયા પછી ભેદજ્ઞાન થશે. ક્યાં સુધી? કેવળજ્ઞાન પ્રગટ થશે ત્યાં સુધીની વાત છે. આમ તો સિદ્ધપદ લીધું છે. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचनः**' Stage જુદુ જુદું છે. અનુભવ પહેલા ખરેખર ભેદજ્ઞાન, જુદું પડીને ભેદજ્ઞાન નથી પણ જુદું પાડવા માટેનું ભેદજ્ઞાન છે. એટલે ભેદજ્ઞાનના પ્રયત્નને ત્યાં ભેદજ્ઞાન કહ્યું. અને અનુભવ થતાં જેમ એક મગની બે ફાડ જુદી પડે, એમ રાગ અને જ્ઞાન, દેહ અને આત્મા ફડાક દઈને જુદા પડે. એ જુદા જ રહે પછી ભેગા થાય નહિ. ક્યાંય એને ભેગાપણાનો સ્વપ્નમાં પણ અનુભવ ન થાય. જાગતા તો ન થાય પણ સ્વપ્નમાં પણ એને અનુભવ ન થાય. એટલે બે જુદા જુદા Stageનો વિષય છે. ઓળખવા માટે તો પ્રયત્નરૂપ છે. અને અનુભવ થયા પછી, ઓળખીને અનુભવ થતાં પછી અનુભવવા માટેનું ભેદજ્ઞાન છે. પહેલા ઓળખવા માટેનું છે, પછી અનુભવવા માટેનું છે અને પછી અનુભવીને છે. ત્રણેના Stage જુદા જુદા છે.

મુમુક્ષુ :- વિચારરૂપે જ છે કે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વિચારથી આગળ વાત છે થોડી. માત્ર જ્ઞાન અને રાગ જુદા છે એવો વિચાર વિકલ્પ તે ભેદજ્ઞાન નથી. પણ જુદાને જુદા ઓળખવાની જિજ્ઞાસાથી, જુદાને જુદા ઓળખવાની જિજ્ઞાસાથી જુદાનું અવલોકન કરવાનો પ્રયાસ છે. એ Stage છે પ્રથમ ભેદજ્ઞાનનું.

ફરીને. જ્ઞાન અને રાગ જુદા છે એમ સમજમાં તો આવે છે? એને તો ના પાડતો નથી પોતે. ના પાડે તો તો એનો પ્રયત્ન કરવાનો પ્રશ્ન રહેતો નથી. જ્યારે એને એ Theory સમજવામાં આવે છે કે વાત ઠીક છે. જ્ઞાનતત્ત્વ જ્ઞાનતત્ત્વ જ રહે, જાણવારૂપે રહે, એ રાગરૂપે ન થાય. રાગ આંધળો છે એ જાણવારૂપે ન થાય. Theory સમજવામાં આવે છે. તો એને એ વિચાર કરવાનો રહ્યો કે જે સમજવામાં આવે છે એ સમજણ અને એનો અનુભવ બે વચ્ચે ક્યાંક અંતર રહ્યું. જુદાને જુદું જોતો નથી. વિચાર કરું છું પણ જોતો નથી.

વિચાર કરવો એક વાત છે અને અવલોકન કરવું એ બીજી વાત છે. તો પહેલો જે ભેદજ્ઞાનનો પ્રકાર છે એમાં અવલોકનની પદ્ધતિ છે. અવલોકન કરવાનો પ્રયાસ કરે. જ્ઞાનને માત્ર જ્ઞાનરૂપે જુદું અવલોકન કરવાનો પ્રયાસ કરે. એવો જે વારંવારનો અભ્યાસ એનાથી એને પહેલા અનંતજ્ઞાન અને અનંતસુખની ખાણ એવું જે ચૈતન્યતત્ત્વ છે એનો પત્તો લાગે છે. એના નિજ સામર્થ્યનો પત્તો લાગે છે. સામર્થ્યની અનંતતાનો પત્તો લાગે છે. ફળસ્વરૂપે એને અનંત સામર્થ્યનો અનંત મહિમા અંદરથી ઊમટી પડે છે કે ઓહો..હો..હો..! મારામાં આ ખજાનો છે! અને આખું સિદ્ધપદ, સિદ્ધની મૂર્તિ

જ આખી અંદર બિરાજમાન છે!! તે પોતે હું મારા સ્વરૂપે છું. એવી પોતાની ઓળખાણ થાય છે. પોતાના સિદ્ધ સ્વરૂપની ઓળખાણ થાય છે. આ અવલોકન કરતાં કરતાં. અવલોકનના પ્રયત્નથી એને સિદ્ધપદનો પત્તો લાગે છે. પછી એ સહજ પ્રત્યક્ષ સ્વરૂપે હોવાને લીધે, એવું સિદ્ધપદ, નિજ સિદ્ધપદ સહજ પ્રત્યક્ષ હોવાને લીધે વર્તમાન પરોક્ષ જ્ઞાનની પર્યાય પરોક્ષપણે રહી શકતી નથી. જો મારું સ્વરૂપ પરિપૂર્ણ પ્રત્યક્ષ સિદ્ધ સ્વરૂપ (છે) તો અવસ્થામાં પરોક્ષપણું કેમ હોઈ શકે? કેમ રહી શકે? જેવો હું એવી જ મારી અવસ્થા. જ્યાં સુધી ન થાય ત્યાં સુધી એ અવસ્થા એમ થવાનો પ્રયત્ન કર્યા કરે. સહજપણે.

સિદ્ધપદને જાણ્યા જોયા પછી એવી જ સિદ્ધપદસ્વરૂપે અવસ્થા ન થાય ત્યાં સુધી તે અવસ્થા એ રૂપે થવાનો પ્રયત્ન કર્યા કરે એનું નામ ઉપાય છે, એનું નામ માર્ગ છે, એનુ નામ વિધિ છે, એનું નામ પુરુષાર્થ છે. બસ. ભૂખ લાગી હોય અને ઘરમાં મિષ્ટાનનો ભંડાર ભર્યો હોય. તો ખાવાનો પ્રયત્ન ન કરે તો શું કરે? એ ભંડારને ખોલવાનો પ્રયત્ન ન કરે તો શું કરે? બેઠો બેઠો વિચાર કર્યા કરે? ભંડાર ભર્યો છે પણ તાળુ ઊઘડતું નથી. ભંડાર ભર્યો છે પણ બારણું બંધ છે. સાકળ ચડાવેલી છે, તાળુ મારેલું છે. ભંડાર બંધ છે.. ભંડાર બંધ છે... એમ કરે? ભૂખ લાગી હોય તો બારણું તોડીને પણ લેવાનો પ્રયત્ન કર્યા વગર રહે નહિ. બરાબર છે? બસ! આવી સીધી સાદી વાત છે. આટલી સીધી સાદી વાત છે. એટલે ઓળખવાની વાત છે. એકવાર જો તને અવલોકનથી દેખાઈ જાય, ભાસી જાય તો તને અનુભવમાં એની પ્રાપ્તિ થાય. બહુ અલ્પ કાળ લીધો છે એનો.

ભાવભાસન અને અનુભવની વચ્ચે બહુ આંતરો લીધો નથી. કેટલાક ધર્માત્માઓએ કલાકમાં અનુભવ લીધો છે. કોઈને દિવસો લાગ્યા છે. બસ! આથી વધારે નથી. કેટલાક દિવસો લાગ્યા છે. કેટલાક વર્ષો લાગ્યા છે એ વાત એમાં નથી. કેમકે એ પછી એ રહી શકે નહિ. જે અંદરથી એનો મહિમા ઊપડે, પોતાને અભેદ સ્વરૂપે જોયા પછી જુદો કેટલી વાર રહે? પછી જોનાર જુદો રહી શકતો નથી.

મુમુક્ષુ :- વિચાર અને વિકલ્પની સાથે અવલોકનરૂપી જ્ઞાન ...

પૂજ્ય ભાઈશ્રી :- વિચારથી આગળનું Stage. એક ડગલું જ આગળ ભરવાનું છે. આ અવલોકનનું છે. એક ડગલું આગળ વધે તો ભાવ ભાસે. બીજા ડગલાની તૈયારી થઈ જાય. દિશા ફરે એની દશા ફરી જાય. એ અનુભવમાં આવી જાય.

મુમુક્ષુ :- ભાવભાસનમાં શું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- આખું સિદ્ધપદ દેખાય. પોતાનું જ આખું નિજ સિદ્ધપદ

દેખાય. અને નજરબંધી થઈ જાય. પછી તો નજરબંધી થાય કે ન થાય? નજરાય એનો અર્થ જ એ છે કે પછી એ નજરમાંથી ખસી શકે નહિ. અમથી એક ભૂત પ્રેતની એક ફડક બેસે તોપણ થડકારો જાતો નથી. સપનામાં ભાળે. કાંઈ હોય નહિ. બરાબર ઘર, ડેલી, બારણા, બારી બંધ કરીને આરામથી સુતો હોય. પણ સપનામાં ભાળે અને જાગે તોપણ થડકારો બંધ થાય નહિ. પરિણામ ઉપરની અસર કેટલું કામ કરે છે! કલ્પનાની આટલી અસર થાય તો વાસ્તવિક વસ્તુનું જે સ્વરૂપ છે. વાસ્તવિક્તાની અસર કેટલી થાય? કલ્પનાની અસર આટલી તો વાસ્તવિકતાની અસર કેટલી? ત્રિરાશી મૂકી દેવી.

એને તો એટલી બધી ... છે, વસ્તુના વિજ્ઞાનમાં, કે એ જીવને ત્યાં સંસ્કાર પડી ગયા. નજરાય છે ત્યાં એને સંસ્કાર પડ્યો. સંસ્કાર પડ્યો એ સંસ્કાર શાશ્વત સ્વરૂપનો સંસ્કાર શાશ્વત થઈ જાય છે. અશાશ્વત નથી રહેતો. વસ્તુ શાશ્વત, એનો સંસ્કાર શાશ્વત. એને કોઈ નાશ નથી કરી શકતું. એ બીજ અંદર સંસ્કારનું પડ્યું. એ બીજ ઊગ્યે છૂટકો, પાંગરે છૂટકો અને એનું કેવળજ્ઞાનાદિ મોક્ષફળ આવ્યે છૂટકો. આટલી બધી આ બીજમાં તાકાત છે. ભાવભાસનના-ઓળખાણના-બીજમાં આટલી તાકાત છે. સમ્યગ્દર્શન થઈ ગયેલો પડે. બીજી વાત લેવી હોય તો. અગિયારમેથી શ્રેણી માંડી હોય તો ઉપશમ શ્રેણીવાળો પડે. સંસ્કાર પડે એ અસંસ્કારી કોઈ દિ થાય નહિ. આ વસ્તુની સુંદરતા છે.

ફરીને. ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ પડીને મિથ્યાદૃષ્ટિ થાય. અગિયારમેથી ઉપશમશ્રેણીવાળો પડીને મિથ્યાદૃષ્ટિ સુધી જાય. સંસ્કારનો નાશ ન થઈ શકે. એ પહેલા એણે જે ભાવભાસનમાં સંસ્કાર લીધા છે એનો નાશ ન થાય. એટલી બધી એ મજબૂત ચીજ છે.

મુમુક્ષુ :- એ ફરી પાછો પકડી લે.

પૂજ્ય ભાઈશ્રી :- પકડી જ લે. એ તો 'શ્રીમદ્જી'એ લીધું છે કે કોઈ સમ્યગ્દૃષ્ટિ પડીને મિથ્યાદૃષ્ટિ થાય તો ફરીને એ સમ્યગ્દર્શનને ધારણ કરે છે એનું કારણ એણે ભાવભાસન-અસ્તિત્વ ગ્રહણ કર્યું છે તે છે.

મુમુક્ષુ :- એણે અનુભવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ્યું છે.

મુમુક્ષુ :- બસ, એટલે એ પ્રાપ્ત કરી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રાપ્ત કરી શકે. પણ એનો પ્રશ્ન કરે છે કે અનુભવ્યું છે તો છોડ્યું શું કરવા? અનુભવમાં અમૃતનો સ્વાદ હતો. વળી ઝેર ખાવા ક્યાં ગયો? રાગ તો ઝેર છે અને અનુભવ તો અમૃત છે. અહીંયાં તો વસ્તુનુ વિજ્ઞાન વિચારવું

છે. એટલી બળવાન ચીજ છે. સંસ્કાર કેટલી બળવાન ચીજ છે એ વાતનો નિર્દેષ કર્યો છે.

મુમુક્ષુ :- જીવને રાગ છૂટતો કેમ નથી? જીવને રાગમાંથી છૂટવું કેમ ગમતું નથી?

પૂજ્ય ભાઈશ્રી :- રુચે છે એટલે.

મુમુક્ષુ :- તો જ્ઞાનીઓને અરુચિ આવે ખરી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનીઓને અરુચિ છે. એ રાગથી છૂટા પડી ગયા છે. એને રાગ દેખાય છે પણ, મીંદડીએ બચ્ચુ પકડ્યું હોય અને ઉંદર પકડ્યો હોય એમાં ફેર ખરો કે નહિ? બેયને મોઢામાં પકડે. બીજું તો સાધન નથી એની પાસે. તાજું જન્મેલું એનું કુમળુ બચ્ચુ હોય એને પકડીને લઈ જાય. ઉપર મોઢવામાં લઈ જાય ને? કોઈ એને કાંઈ કરી ન લ્યે. એટલે એને સુરક્ષિત રાખવા માટે માળિયું હોય એમાં મૂકી દે. મોઢામાં પકડીને મૂકી આવે. અને એ માળિયામાં ઉંદર ભાળે અને પછી ઉંદરને પકડે. સરખી રીતે પકડે છે? પકડ પકડમાં ફેર છે. ફેર છે કે નહિ? ઊલટો-સુલટો ફેર છે. એમ જ્ઞાનીને રાગ અને અજ્ઞાનીની રાગની પક્કડમાં ફેર છે. અજ્ઞાનીને રાગ રુચે છે, જ્ઞાનીને રાગ અરુચે છે. અજ્ઞાની એને આત્મા જાણીને બાઝે છે. જ્ઞાની એને ઝેર જાણીને છૂટવા માટે મથે છે. પ્રયત્ન કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ગમે તે છોડવાને લાયક જ છે. જે વસ્તુ સારી નથી તે છોડવાને લાયક જ હોય ને. બીજું શું હોય? ઝેર છે એનું શું કરવાનું? આમ ઝેરની શીશી ઘરમાં રાખવી સારી કે નહિ સારી? ખાવી તો નહિ સારી. પણ ઘરમાં રાખવી તો સારી કે નહિ સારી? નહિ? એ ઘરમાં પણ ન રખાય એને.

મુમુક્ષુ :- રાગ તો ઝેર જ થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- ઝેર જ છે. થયું નહિ, છે જ. ઝેર જ છે. એમ છે ખરેખર તો. એને ઝેર જાણીને છૂટવાનો જીવે પ્રયત્ન કરવો જોઈએ. એમ છે. 'ગુરુદેવે' શું કહ્યું? પોકારી પોકારીને એ વાત કરી. રાગ છે એ ઝેર છે.. રાગ છે એ ઝેર છે. વિષકુંભ છે. ઝેરના ઝાડ છે. એમાંથી ઝેરના ફળ પાકશે. તું ભૂલમા, ભ્રમામા. ભ્રમણાએ પડીને કોઈ રાગને સારો માનીશ નહિ. પોકારી પોકારીને કહે છે.

મુમુક્ષુ :- સંસ્કારવાળો ... પડે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- સંસ્કારથી ન પડાય.

મુમુક્ષુ :- બહુ સુંદર વ્યવસ્થા છે.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલું પગથિયું. સમ્યગ્દર્શન પહેલાનું પગથિયું આ ઓળખાણ

છે. એની આ પરિસ્થિતિ છે. ઓળખાણ નથી કરવી? એટલુંય નથી કરવું? પછી તો Autamatic છે એમ કહે છે.

તને અમૃતનો કુંભ દેખાણો. એક બાજુ ઝેર દેખાણું. પછી તને કાંઈ શીખડાવવું નહિ પડે, સમજાવું નહિ પડે. Autamatic રાગની અગ્નિથી દાઝતો તું આઘો ભાગીશ અને સીધો સરોવર છે એમાં ડૂબકી મારીશ. એ તને કાંઈ કહેવું પડશે નહિ. તું ઓળખાણ તો કર એકવાર. બેય ભાવની ઓળખાણ તો કર. જેવું આત્માનું સ્વરૂપ ઓળખાશે એવું રાગનું સ્વરૂપ સાથે સાથે જ તને ઓળખાશે. જોકે એ પહેલા તને તે ઓળખાય જશે. કેમકે એ સ્થુળ છે. વિકલ્પમાં દુઃખ લાગે છે એ તો પહેલા પરિસ્થિતિ આવે છે. પછી ઓળખાય છે આત્મા.

મુમુક્ષુ :- અગિયારમેથી પડી જાય એ કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વિષય જ આખો ઘણો અંતરંગનો છે. એનું કાંઈ આપણે બહુ પ્રયોજન નથી. આ તો શાસ્ત્રમાં જે વાત છે ઈ વાત છે.

મુમુક્ષુ :- રાગને કારણે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. રાગને કારણે. પણ અબુદ્ધિપૂર્વકનો. બુદ્ધિપૂર્વકનો વિષય નથી. પણ પુરુષાર્થ નબળો છે એટલે આગળ વધતો નથી. આગળ ન વધે એ પાછો જાય. આમાં સીધો હિસાબ છે. મોક્ષમાર્ગમાં આગળ ન વધે ઈ પાછો જાય. કાં આગળ વધે, નહિતર પાછો જાય. ત્યાં ને ત્યાં રહે નહિ કોઈ. કેમકે ચાલતો જ છે. પરિણામ છે એ ચાલ છે જીવની. કાં આગળ વધે અને કાં પાછળ જાય. નબળો પુરુષાર્થ છે એ આગળ નથી વધી શકતો. પાછો જાય છે. એમ છે.

મુમુક્ષુ :- ક્ષાયિક ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ક્ષાયિક શ્રેણી હોય તો એટલો બધો જોરદાર પુરુષાર્થ છે કે આગળ વધીને પૂર્ણ દશાને પ્રાપ્ત કરે છે.

મુમુક્ષુ :- .. તો સમકિત તો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પડ્યા પછી છઠા ગુણસ્થાને આવે ત્યાં સુધી તો સાધુદશાએ છે. છઠેથી ચ્યુત થઈને આમ નીચે જાય તો સમ્યક્ રહે છે. સમ્યક્થી ચ્યુત થાય તો મિથ્યાત્વમાં પણ આવે છે. એ તો જેટલી એની કાર્ય કરવાની ત્યાં તૈયારી છે એટલું કામ થાય છે. કારણ આપે એટલું કાર્ય થાય. સીધી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને સંસ્કાર તો બેઠા છે ને. એનું કારણ સંસ્કાર બેઠા છે. સંસ્કાર જાતા નથી.

## તા. ૧-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૭૫
## પ્રવચન નં. ૨૮૭

૧૩૫ પાનું. મુમુક્ષુજીવને ... એ ભ્રમણા કેવી છે?

**'જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું.'** ચોવીસ કલાક મન-વચન-કાયાથી માંડીને અનેક પરદ્રવ્ય સંબંધીની પ્રવૃત્તિ ચાલે છે, ઉદય અનુસાર. એ પરિસ્થિતિમાં ... પ્રવર્તે છે કે પરદ્રવ્યોના કાર્યો હું કરું છું. મને ઇચ્છા થાય છે. કોઈપણ કાર્ય કરવાની પહેલા ઇચ્છા થાય છે અને ક્યારેક તે કાર્ય સંપન્ન થાય છે, ક્યારેક તે કાર્ય નથી થતું. પણ જે કાંઈ ચેષ્ટા કરે છે એમાં એને એવો ભ્રમ રહે છે કે પરદ્રવ્યના કાર્યને હું કરું છું.

જ્ઞાનસ્વભાવી આત્મા જ્ઞાન દ્વારા વ્યાપતો નહિ હોવા છતાં વ્યાપ્યવ્યાપક ભાવે તો સર્વ પરદ્રવ્યમાં તેનો અભાવ હોવા છતાં ભ્રમથી એને એમ લાગે છે કે હું પરદ્રવ્યના કાર્યો કરી શકું છું. પુદ્‌ગલવર્ગણા ભાષાવર્ગણા શબ્દવચનરૂપે પરિણમે એવી ઇચ્છા હોય. સાથે સાથે એને એમ લાગે કે હું બોલું છું. હું ઇચ્છા પ્રમાણે બોલું છું. 'ક' બોલવો હોય ત્યારે ક બોલું છું. 'ખ' બોલવો હોય ત્યારે 'ખ' બોલું છું. આમ એને ભ્રમ થાય છે કે પરદ્રવ્યના કાર્ય હું કરું છું. હું કરી શકું છું. પણ વસ્તુસ્થિતિ જોવામાં આવે તો પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી. જ્યાં ઉપસ્થિતિ નથી, ગેરહાજરી છે, જ્યાં ગયો નથી, જઈ શકતો નથી ત્યાંના કાર્ય કરવાનો પ્રશ્ન કેવી રીતે ઉપસ્થિત થાય? જ્યાં મોજૂદગી નથી, હયાતી નથી ત્યાં કાર્ય કેવી રીતે કરે? કોઈ કાર્ય કરી શકવાની પરિસ્થિતિ હોતી નથી. કરી શકતો જ નથી.

**'પણ પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી.'** કાંઈપણ કરી શકતો નથી. એમાં પણ કોઈ ટકાવારી પડે છે, અમુક અંશે કરી શકે, અમુક અંશે ન કરી શકે અથવા પુણ્યયોગ હોય ત્યારે કરી શકે, પુણ્યયોગ ન હોય ત્યારે ન કરી શકે. એવું કાંઈ લાગુ પડતું નથી. એ સિદ્ધાંત છે કે ચેતન અચેતનનું કોઈ કાર્ય કરે નહિ. ચેતન બીજા ચેતનનું પણ કોઈ કાર્ય કરે નહિ. બીજા ચેતન-અચેતન પદાર્થો આ આત્માનું કોઈ કાર્ય કરે નહિ.

'ગુરુદેવ' ત્યાં સુધી એ દૃષ્ટાંત લેતા કે બીજા પદાર્થ અનુસાર અહીંયાં જ્ઞાનમાં

પ્રતિબિંબ થઈને જણાયું કે આ કેસરી રંગ છે. તોપણ આને લઈને જ્ઞાન નથી. આ રંગને લઈને રંગ સંબંધીનું જ્ઞાન નથી. અહીંયાં પ્રતિબિંબ પડ્યું એ પણ આને લઈને પડ્યું નથી. એટલે જ્ઞાનમાં જે જ્ઞેયાકાર ઉઠ્યો એવો જે જ્ઞાનમાં ફેરફાર થયો એ પણ જ્ઞેયને કારણે નથી. એણે કાંઈ કર્યું નથી. શું કર્યું એણે? કે એણે કાંઈ કર્યું નથી.

મુમુક્ષુ :- તો કોણે કર્યું?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન પોતે જ પોતાની ક્રિયા કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું કાર્ય તો પોતાની હયાતીમાં થાય. પોતાનું કાર્ય છે આ તો. જ્ઞાન છે એ આત્માનું કાર્ય છે. આત્મા પોતે પોતાનું કાર્ય કરે. પણ આ પદાર્થ આત્માને જ્ઞાન કરાવે, આ પદાર્થ આત્માને જ્ઞાન કરાવે એમ નથી. જ્ઞાનશક્તિને લઈને જાણવારૂપ કાર્ય થાય છે. પણ બીજા પદાર્થને લઈને જાણવારૂપ કાર્ય થાય છે એ જીવનો ભ્રમ છે.

મુમુક્ષુ :- આત્માની હયાતીમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- હયાતીમાં બોલાય અને ટેપથી એથી વધારે બોલાય વગર હયાતીમાં. 'ગુરુદેવ'નો અવાજ છે.

મુમુક્ષુ :- એ તો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એ અવાજ કેવો આવે? કોઈપણ ફેરફાર કરવાનો તો અધિકાર કોઈ ચેતનદ્રવ્યનો છે જ નહિ. પણ બોલવા પૂરતો Point છે કે આત્મા હોય તો બોલાય કે ન હોય તો બોલાય? તો કહે ન હોય તોપણ બોલાય. હોય તોપણ બોલાય અને ન હોય તોપણ બોલાય. 'ગુરુદેવ'નો આત્મા સ્વર્ગમાં છે અને અહીંયાં એમનો અવાજ ટેપમાંથી ઉત્પન્ન થાય. કોઈને પૂછો, કોણ બોલ છે અત્યારે? આ પ્રવચન કોનું ચાલે છે? તો કહે 'ગુરુદેવ'નું ચાલે છે. બરાબર 'ગુરુદેવ'નો અવાજ છે, કાંઈ ફેર નથી એમાં. અસલ, જેવો અવાજ સાંભળ્યો એવો જ અસલ છે.

મુમુક્ષુ :- એ તો વિજ્ઞાનનું કારણ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- બધે વિજ્ઞાનનું જ કારણ છે. એમ જ કહેવું છે. અત્યારે હયાતીમાં પણ જે વચન ઉત્પન્ન થાય છે એમાં પણ ભાષાવર્ગણાના વિજ્ઞાનનું કારણ છે. અને ટેપમાંથી અવાજ ઉત્પન્ન થાય છે એ પણ એ જ વિજ્ઞાનનું કારણ છે. ભાષાવર્ગણાના વિજ્ઞાનનું કારણ છે. જો આત્માનું જ માત્ર કારણ હોત તો આત્માની અનુપસ્થિતિમાં એ ભાષા અને એ પ્રકાર ઉત્પન્ન ન થાત. માટે સિદ્ધ થાય છે કે

આત્માનું કારણ એમાં નથી. એમ સાબિત થાય છે. ભાષાવર્ગણા પરિણમે છે એ એનું પુદ્ગલનું વિજ્ઞાન છે. અને એ વિજ્ઞાનને જાણીને એ શોધ થઈ છે. એ વિજ્ઞાનને સમજીને એ શોધ થઈ છે.

મુમુક્ષુ :- કોણ બોલે છે એમાં તો?

પૂજ્ય ભાઈશ્રી :- ભાષાવર્ગણા. પુદ્ગલ પરમાણુ બોલે છે. અવાજ કરે છે એ પુદ્ગલ પરમાણુ કરે છે. આ આત્માનો એમાં જરા પણ અધિકાર નથી. આ લકવા થાય છે. બોલવાનું બંધ થઈ જાય છે. ભાષા બંધ થઈ જાય છે ને? બોલવું હોય તો ન બોલી શકે. આત્મા તો છે ત્યાં. આત્મા તો છે. શું કરવા બોલી શકતો નથી? કે અમસ્તો પણ એ બોલી શકતો નહોતો. એ આત્મા બોલી શકતો નહોતો. બોલે છે ત્યારે બોલી શકતો નહોતો અને ન બોલે ત્યારે પણ એ બોલી શકતો નથી. એ પરિસ્થિતિ તો એમ ને એમ જ છે. વચન પરિણમવાના હોય તો ભાષાવર્ગણા પરિણમે. ન પરિણમવાના હોય તો ન પરિણમે. સીધી વાત છે. માણસ નથી કહેતા? કે આમ નહોતું બોલવું તોપણ બોલાય ગયું. અને મારે ઘણું કહેવું હતું પણ હું બોલી શક્યો નહિ. ઈચ્છા અનુસાર પણ ભાષા પૂરેપૂરી થતી નથી. અથવા તો ઈચ્છાથી વધારે થાય છે અથવા ઓછી થાય છે. એમ હિનાધિકપણું પણ સ્પષ્ટ જોવામાં આવે છે. ... બહુ સારુ બોલી શકે એમ કહેવાય. ... તો બીજો જીવ બોલતા બોલતા ગંગેફેંગે થઈ જાય. ત્રણ વખત Repeat કરે ત્યારે એ બરાબર બોલ્યો એમ કહેવાય. તો બેય જીવ જ છે. જો બોલી શકતા હોય તો બેય સારું જ બોલી શકે. પણ એક સારુ ન બોલી શકે અને એક સારુ બોલી શકે એવો ભેદ કેમ છે? જીવ તો બેય છે. ત્યાં એને એવો યોગ છે, અહીંયા આને એવો યોગ છે. ભાષા સ્વતંત્ર પરિણમે છે પૂર્વ કર્મ અનુસાર, જીવની ઈચ્છા અનુસાર નહિ.

જેમ શરીર જીવની ઈચ્છા અનુસાર પરિણમે છે તો કોઈને વૃદ્ધ થાવું છે? જોત જોતામાં વૃદ્ધ થઈ જાય છે. કોઈને થાવું નથી. આપોઆપ જ પુદ્ગલ પરિણમે છે. જેમ તનના, એમ વચનના, એમ મનના. તન-મન ને-વચન ત્રણેના પુદ્ગલ જીવના અધિકારમાં પરિણમતા નથી.

મુમુક્ષુ :- ક્રમબદ્ધપર્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- એના ક્રમબદ્ધમાં એ પરિણમે છે. અને એ ક્રમબદ્ધપણે પરિણમે છે એનો અર્થ એ છે કે તું જ્ઞાતા-દૃષ્ટા રહે અને કર્તા-હર્તા થા નહિ. એમ એનું તાત્પર્ય છે.

જૈનદર્શનમાં તો વસ્તુના વિજ્ઞાન સાથે ઉપદેશબોધને સીધો સંબંધ છે. જો વસ્તુનું

વિજ્ઞાન આમ છે તો એમાંથી ઉપદેશ શું ફલિત થાય છે? વસ્તુનું સ્વરૂપ આમ જાણ્યું તો એમાંથી કોઈ ઉપદેશ ફલિત થાય છે? હા. સર્વ પદાર્થો ભિન્ન ભિન્ન છે એટલે આ જીવ કોઈનો કર્તાહર્તા નથી. કર્તાહર્તા થતો હોય તો એ એની મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાભ્રમણા હતી. એ એને ભયંકર પરિભ્રમણનું કારણ છે. એમ છે.

ઉપદેશ તો સર્વ ધર્મમતોમાં છે. પણ વસ્તુ વિજ્ઞાનના આધારે નથી. એનો પાયો વસ્તુનું વિજ્ઞાન નથી. અધ્ધર અધ્ધર ઉપદેશ ચાલે છે. એથી એ ઉપદેશમાં તેઓ સ્થિર રહી શકતા નથી. ઉપદેશ સારો લાગવો એક વાત છે અને ઉપદેશમાં સ્થિર રહેવું એ તદ્દન બીજી વાત છે. અહીંયાં સાદિઅનંત કાળ સ્વરૂપમાં સ્થિરતા રહેવાય છે. એક જ શરૂઆતથી માંડીને સ્થિરતા વૃદ્ધિગત થઈને પરિપૂર્ણ સ્થિરપણે રહેવાય છે સાદિઅનંત કાળ પર્યંત. કારણ? કે એનું કારણ વસ્તુનું સ્વરૂપ છે. બીજું કોઈ એનું કારણ નથી.

'ગીતા'માં એમ આવે છે કે ગાયના શિંગડા ઉપર ગોળાઈ હોય છે. ક્યાંય સપાટી નથી હોતી. એના ઉપર રાયનો દાણો સ્થિર રહે એટલી વાર પણ જો આત્મામાં મન સ્થિર થઈ જાય તો એનો મોક્ષ થઈ જાય. શું કહે? એવું આવે છે. પણ એવું બનતું નથી. બહુ કઠિન છે, બહુ દુષ્કર છે એમ કરીને એનો મહિમા કરે છે. ત્યાં સુધી બુદ્ધિ પહોંચે છે. કેમ નથી રહેતું? કે વસ્તુનું વિજ્ઞાન નથી ત્યાં. આત્મા આત્મામાં સ્થિર રહે એ આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવને જાણ્યો નથી, એ સ્વભાવને ઓળખ્યો નથી એટલે એમાં સ્થિર રહેવા માટે એની પાસે કોઈ આકર્ષણ નથી.

મુમુક્ષુ :- આપણે કેટલા સમય જો સ્થિર રહે તો ... એમ.

પૂજ્ય ભાઈશ્રી :- એક ન્યાયે મોક્ષ છે. અને અંતર્મુહૂર્ત રહે તો સદેહે મુક્તિ થઈ જાય એકવાર તો.

**'દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે,...'** પોતે માત્ર જાણનારો છે. **'જ્ઞાયક છે.'** કોઈ દ્રવ્યનો એ કોઈ કાર્યનો કર્તાહર્તા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. ..માં તો ... દૃષ્ટિથી જગત ચાલે છે અને એથી બધા પરિભ્રમણના ચક્કરમાંથી છૂટી શકતા નથી.

મુમુક્ષુ :- એ જ્ઞાન જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુનું સ્વરૂપ છે એ તો એને બરાબર સમજવું જોઈએ. એકલો ઉપદેશબોધ પકડે અને સિદ્ધાંતબોધ ન ગ્રહણ કરે તોપણ પત્તો લાગે નહિ. એકલો સિદ્ધાંતબોધ પકડે, દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવને જાણે

અને એમાંથી શું ફલિત થાય છે એના ઉપર આવી ન શકે તોપણ એને એક માહિતી અથવા શુષ્કજ્ઞાનીપણું થાય છે, શુષ્કતા આવે છે. એમાંથી બીજું કાંઈ થતું નથી.

અધ્યાત્મના પ્રકરણમાં તો એ વાત છે કે સિદ્ધાંત અને ઉપદેશના અનેક ન્યાયો સમજાય તોપણ, બે પડખેથી લઈએ, એક પડખે તો એકાંત થાય સ્વભાવિક છે. પણ બેય જે વિચારતા હોય એને કાંઈ ભૂલ થાય ખરી? હવે એ વિચારવાનું. અમે તો સવારે પૂજા કરીએ, સાંજે ભક્તિ કરીએ, બપોરે ભક્તિએ કરીએ. અને બાકીના દિવસના ભાગમાં તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંતોનો અભ્યાસ કરીએ. ઉપદેશ અને સિદ્ધાંત બંનેને અનુસરવાની પ્રવૃત્તિ કરીએ છીએ. 'ટોડરમલજી'એ એને કહ્યું, બેય નયની પ્રવૃત્તિ, બંને નયની પ્રવૃત્તિ.

મુમુક્ષુ :- જ્ઞાન અને ક્રિયાનય.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન અને ક્રિયાની બન્નેની. ઉભયાભાસીનું પ્રકરણ છે. તો તો પછી અમને વાંધો નથી ને? ઊભો રહે. હજી અહીંયાં પણ ભૂલ થવાનો સંભવ છે. એ બંનેમાં તારા પરિણામ ગયા. ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધના પરિણામ થયા તો એની ફળશ્રુતિ રૂપે સ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન થયો? એ બધા નય અને ન્યાય જાણ્યા પછી, સમજ્યા પછી ધ્રુવની પક્કડ આવી? તો તો એ બધું જાણ્યું એનું ફળ યથાર્થ છે. અને નહિતર એમાં ને એમાં સંતોષ પામીશ તું કે હું બંનેની ક્રિયાને કરું છું. ભ્રમણામાં રહીશ અને મૂળ સ્વરૂપનો પત્તો લાગશે નહિ. એનાથી દૂર થઈ જઈશ.

**'પોતે જાણનારો છે, જ્ઞાયક છે. પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી, પરમાંથી કાંઈ આવતું નથી.**' આ વ્યાપ્યવ્યાપક. ભાષા સાદી છે. વ્યાપ્ય-વ્યાપક સાહિત્યની પરિભાષાના શબ્દો છે. બહુ સાદી ભાષામાં એમ કહેવાય કે પરપદાર્થમાં પોતાનું જ્ઞાન જતું નથી, વ્યાપ્તું નથી ને જતું નથી. સ્વાધ્યાય ચાલે. બહારમાં મોટા અવાજ થાય અને અહીંયાં ખલેલ પડે. એને લઈને ખલેલ પડતી હશે કે નહિ પડે? અને જ્યારે ખલેલ પડી ત્યારે આપણું જ્ઞાન ત્યાં ગયું કે ન ગયું? ત્યાં જ્ઞાન ગયું નથી અને એ વાતને લઈને ખલેલ પડતી નથી. આમ છે. ત્યાં તો જ્ઞાન જતું નથી.

અહીંયાં રહ્યું રહ્યું બધું જણાય એ જ્ઞાનની શક્તિ છે. અને જે જ્ઞેયમાં એને રસ હોય એ જ્ઞેયમાં એકાકાર થઈને પરિણમે એ જ્ઞાનનો સ્વભાવ છે. એને ત્યાં રસ પડ્યો. ખલેલ પડી ગઈ. રસ પડ્યો તો ખલેલ પડી. રસ ન પડે તો એને કોઈ ઉખાડી શકતું નથી.

'સોગાનીજી'એ બહુ સરસ દૃષ્ટાંત આપ્યું છે કે આ માખી છે. માખી-મકોડો.

મકોડો. માખી ... હજી ... રસના ઈન્દ્રિયનો વિષય છે. ક્ષયોપશમ છે અને એનો પુરુષાર્થ ત્યાં વધારે લાગે છે. ફટકડી ઉપર બેસે. ફટકડી ઉપર બેસે ને સાકર ઉપર બેસે. અને પાંખ તૂટી જાય, કટકા થાય તોપણ ઊડે નહિ. એને ખલેલ પહોંચાડનાર છે તો કેમ નથી ઉખડતી? એને તો સમજણ પણ નથી એટલી. મન નથી. છતાં એને રસ છે એમાં. વળગી રહે છે બરાબર. પોતાને રસ હોય ત્યાં વળગી રહે. રસ ઊડી જાય તો... અહીંયાં સાંભળવા બેસે અને ઉપયોગ ક્યાંનો ક્યાંય કામ કરવા લાગે. દુકાને... જ્યાં રસ છે ત્યાં ઉપયોગ જાય. રોક્યો રોકી શકાતો નથી. આ તો સર્વસાધારણ જીવને અનુભવગોચર વાત છે.

મુમુક્ષુ :- રસ ક્યાં રાખવો?

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં સુખ હોય, જ્યાં આનંદ હોય, જ્યાં શાંતિ હોય. એવા શાંત નિરામય પદમાં રસ લેવો. આકુળતાની અગ્નિમાં શું પડ્યું છે? બીજે રસ લેવા જા તો આકુળતાની અગ્નિ ઉત્પન્ન થાય તો એમાં એવું શું તને સુખ પડે છે? એ તો અગ્નિ છે, એનાથી દઝાય એવું છે. એમાં તો કાંઈ ઠરીને ઠામ થઈ શકે એવું નથી.

મુમુક્ષુ :- અગ્નિ છે એમ જાણીએ છીએ તોપણ રસ ત્યાં ...

પૂજ્ય ભાઈશ્રી :- એણે નિર્ણય બદલવો જોઈએ. એમ જાણ્યું પણ નિર્ણય બદલ્યો કે ન બદલ્યો? આ તો મુદ્દો છે. ઓળખવાનો તો મુદ્દો છે. ઓળખવું એટલે નિર્ણય બદલવો, ભાવ ભાસવો એટલે નિર્ણય બદલવો, એટલે લક્ષ થવું એટલે અસ્તિત્વનું ગ્રહણ થવું. બધું એકાર્થ છે.

‘**પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી, પરમાંથી કાંઈ આવતું નથી.**’ ચિત્ર-વિચિત્ર પ્રતિબિંબ ઊઠે જ્ઞેય અનુસાર તોપણ એમાં જ્ઞેયમાંથી જ્ઞાનમાં કાંઈ આવતું નથી. સાકર જીભ ઉપર આવે ત્યારે પણ ગળપણ જ્ઞાનમાં આવતું નથી અને જ્ઞાન ગળ્યું થતું નથી. ઠંડી-ગરમી લાગે ત્યારે ઠંડી-ગરમીની ઉષ્ણ પર્યાય પરમાણુનો ગુણ છે. સ્પર્શ નામના ગુણની પર્યાય છે. એ કાંઈ જ્ઞાનમાં આવીને જ્ઞાન ઠંડું-ઊનું થતું નથી. આ સીદી સાદી વાત છે. જ્ઞાન તો સદાય જ્ઞાનરૂપે રહે છે અને સિવાય જ્ઞાન જ્ઞાનમાં કાંઈ બીજાનો પ્રવેશ થવાનો, સ્પર્શ થવાનો કોઈ અવકાશ નથી. અવકાશ જ નથી, જગ્યા નથી એમ લખ્યું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જૂઠું માન્યું, છેતરાણો અને દુઃખી થયો. કે સુખી થયો? જૂઠું માને. એક આનાવાળી નોટ આવે, ઉપર હજાર રૂપિયા લખેલા હોય. આમ

કાગળ લારીમાં વેચાય ને આ બાજુ. હજાર રૂપિયાની નોટ હોય. કેટલામાં? એક પૈસા, બે પૈસા, પાંચ પૈસા, પાંચ્યું આપો, દસ્યુ આપો. લઈ જાવ હજાર રૂપિયાની નોટ. પછી દેવું કરે? મારા ખિસ્સામાં તો હજારો રૂપિયા છે. દેવું કરે તો શું થાય? દુઃખી થાય. ચૂકવી શકે નહિ.

એમ માને કે મને આ મળ્યું. મને આબરૂ મળી, મને .. મળી, મને પૈસા મળ્યા, મને શરીર મળ્યું, તંદુરસ્તી મળી, ફલાણું મળ્યું, .. મળ્યું, કુટુંબ મળ્યું, પરિવાર મળ્યો. કાંઈ મળ્યું? મરી જાય ત્યારે પાછા બોલે, એનું ક્યાં કાંઈ હતું? લઈ ગયા કાંઈ સાથે? ઠીક! વાસ્તવિકતા નજર સામે દેખાય છે. પણ સંયોગમાં ભ્રમણા પામે છે. સંયોગ દૃષ્ટિએ ભ્રમણા થાય છે કે આ બધું જાણે મને મળ્યું છે. પણ તારા આત્મામાં કાંઈ આવ્યું નથી. કોરો ધાકોડ છે. એક રજકણ અડ્યું નથી, અડી શકે એવું છે નહિ.

ઘણાં પ્રશ્ન પૂછે છે કે તો પછી આ બધું પૂર્વ કર્મના નસીબે બધું મળ્યું હોય ત્યારે પછી એના કેવી રીતે પરિણામ થવા જોઈએ? જો મને મળ્યું છે, મારું છે, મારો અધિકાર છે, ચેકમાં મારી સહિ ચાલે છે, બેંક બેલેન્સ મારું છે. મારામાં કોઈનો અધિકાર નથી. દિકરાનો નહિ, બીજાનો નહિ, ત્રીજાનો નહિ. બધું ચોખ્ખું કરી નાખ્યું હોય. હવે મારામાં કોઈનો અધિકાર નથી. બધાયને વહેંચી દીધું. જેટલા ઘરના સભ્યો હોય એ બધાને વહેંચીને પછી પાછું રાખ્યું હોય. આટલું મારું. એટલું એનું ખરું કે નહિ? ઉછીની લાવેલી ચીજમાં એવી હોંશ નથી કરતો. આ પૂર્વકર્મથી ઉછીની આવેલી છે. ઉછીની લાવેલી ચીજ કાયમ રહે? કાયમ રહે નહિ કાંઈ. થોડો કાળ એનો સંયોગ હોય પાછી આપી દેવી પડે. એમ આમાં પણ એમ જ છે. .. ધણી થઈ જાય. દાનત હોય ખોરી. લાવ્યો ઉછીની, થઈ ગયો ધણી. હવે તો મારી જ છે ને. મારી પાસે છે, મારા કબજામાં છે. હવે નહિ આપું. એ એને આપવા, નહિ આપવાનો તારો અધિકાર નથી. નહિ આપ તો પણ એ વઈ જશે. કાં તપમ  વયો જઈશ અને કાં એ વઈ જશે. અને ઉછીની આવેલી ચીજ હોય એની હોંશુ શું કરવી? કેટલીક એની હોંશ કરે માણસ?

આ લગન ઉપર દાગીનો લઈ આવે છે. સગા-વહાલા, પાડોશી શ્રીમંત હોય. સામેથી આપે. સજ્જન માણસ હોય, આપો ભાઈ. તમારે પ્રસંગ છે. અમારે તો અમથુ પડ્યું છે. એનો કાંઈ રોજ ઉપયોગ થોડો થાય છે ભારે દાગીનાનો. રોજ રોજ પહેરીને નીકળે તો કાંઈક લાગે. .. તમારે ત્યાં પ્રસંગ છે. હોંશ કરે? એય..! મને મળી ગયું. એય..! મને મળી ગયું. એને એમ લાગે છે? પહેર્યો હોય, પોતાની શોભા દેખાડતો

હોય તોપણ અંદરમાં એને શ્રદ્ધા-જ્ઞાન કામ કરે છે કે આ ચીજ મારી નથી. આ પ્રસંગ પૂરો થયો એટલે સાચવીને પહોંચાડી દેવાની છે. કેવી રીતે? (સાચવીને). એ વખતે દાનત ખરાબ થાય અને આપવી ન ગમે તો? એની કિંમત કેટલી? એની કિંમત કેટલી?

બસ! એવી આ જિંદગી છે. દેહથી છૂટા પડવાનો વારો આવે તો કહે ન દઉં. સધનતામાંથી નિર્ધનતામાં આવે તો કહે ન દઉં. તંદુરસ્તીમાંથી રોગ આવે તો? કહે, ના એ કાંઈ ન દઉં. રોગ તો જલ્દી મટે તો સારું. પછી વિષમપણું જાય કઈ રીતે? એ બધું વિષમપણું છે. આત્માનો સ્વભાવ સમપણે માત્ર જાણવાનો છે. સ્વરૂપનો .. કોઈ પણ અવસ્થા હો માત્ર જાણવાનો આત્માનો સ્વભાવ છે.

'**આ સમજવા માટે...**' આ બધું સમજવા માટે. '**દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બાહ્ય નિમિત્તો હોય છે,...**' તે બધું સમજવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુના બહારના નિમિત્તો હોય છે. જે સમજ્યા છે, પામ્યા છે. પામ્યા છે એટલે સમજ્યા છે એનો જ અનુભવ કર્યો છે. ઊલટો અનુભવ કર્યો નથી. અને એ વાતને બહારમાં દર્શાવી રહ્યા છે. તેથી તે બાહ્ય નિમિત્તો હોય છે. જોયું! નિમિત્તોમાં બે વાત લીધી. એક બાહ્ય નિમિત્ત છે. આખરમાં એ બાહ્ય નિમિત્ત છે.

'**પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું જે પ્રગટે છે, તે પોતામાંથી જ પ્રગટે છે.**' જ્ઞાન-દર્શન-ચારિત્ર એ કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી પ્રગટતા નથી. એ તો બાહ્ય નિમિત્ત છે. જે કાંઈ દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે પ્રગટ થાય છે એ આત્માના ગુણ પોતે પ્રગટ થાય છે. ગુણ ગુણ સ્વરૂપે હતા. ગુણની શુદ્ધ અવસ્થા, નિર્દોષ અવસ્થા નહોતી એ પ્રગટ થાય છે. અને ક્યારે? કે મૂળ તત્ત્વને ઓળખે ત્યારે. ફરીને એ વાત ઉપર આવે છે. તેથી '**એ મૂળ તત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે.**' દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદ-શાંતિ આદિ પ્રગટ કરવા માટે, એ બધું પ્રગટ કરવા માટે મૂળ તત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે. આ પાયાની વાત છે. ઓળખવું એ પાયાની વાત છે.

આ ચર્ચા ચાલે છે ને? કેવળજ્ઞાન હોય તો કેવળજ્ઞાનમાં શ્રેણીનો પુરુષાર્થ છેલ્લી હદનો અનંતો પુરુષાર્થ છે. ચારિત્રમાં સ્થિર રહેવા માટે પણ ઘણો પુરુષાર્થ છે. સમ્યગ્દર્શન માટે પણ અપૂર્વ પુરુષાર્થ છે. ... ત્યાં પુરુષાર્થનું ઘણું જોર હોય ત્યારે એ બધી પર્યાયો ઉત્પન્ન થાય છે. પુરુષાર્થના જોર વિના એ કોઈ પર્યાયો ઉત્પન્ન થતી નથી. ઓળખવા માટે એ છે. પુરુષાર્થની .. નથી જતી. ઓલું થવા માટે જ્ઞાનનું સંશોધકપણું ... પોતાનું હિત કરવા માટે પોતે ... જતા નથી. પાત્રતામાં આવે...

કેટલી માર્ગની સુગમતા છે, સુંદરતા છે કે ઓળખાણ તો સહજમાત્રમાં થાય.

જરાક અંદર જોઈને તપાસ કરે કે આ કહે છે એમ છે કે બીજી રીતે વસ્તુનું સ્વરૂપ છે? તો એને પ્રતીતિ થતાં, વિશ્વાસ આવતા. પ્રતીતિ એટલે અહીંયાં ઓળખાણમાં વિશ્વાસ આવતા જરાપણ વાર નથી લાગતી. આટલું જ જોવે કે જ્ઞાન જ્ઞાનથી થાય છે અને જ્ઞાન જ્ઞેયથી જરા પણ થતું નથી. જરાક તપાસ તો ખરો કે તારામાં જ્ઞેયને લઈને કાંઈ નથી. પરપદાર્થને લઈને રાગ તો નથી પણ જ્ઞાન પણ પરપદાર્થને લઈને નથી. અંદરમાં જ્ઞાનશક્તિનો ભંડાર છે, જ્ઞાનનો પ્રવાહ ચાલ્યો જ આવે છે, ચાલ્યો જ આવે છે, અંદરથી ચાલ્યો જ આવે છે. જરાક અંદર ડોકિયું મારીને પાછો વળીને જો અને તપાસ તો કર, અવલોકન તો કર. વિશ્વાસ આવતા વાર નહિ લાગે. વિશ્વાસ આવ્યો એટલે તને સંસ્કાર આવતા વાર નહિ લાગે.

એવા હળુકર્મી જીવો હોય છે. જ્ઞાનીની દેશના ચાલતી હોય, તીર્થંકર ભગવાનના સમવસરણમાં બેઠા હોય. હોય મિથ્યાદષ્ટિ અજ્ઞાની આવ્યા હોય. અન્યમતમાંથી પણ આવ્યા હોય. જરાક આમ એને વિશ્વાસ આવે કે કહેનાર ગજબની વ્યક્તિ લાગે છે! એટલું તો એને ઓઘે ઓઘે પણ આવી જાય છે. કહેનાર કોઈ ગજબની વ્યક્તિ છે. વાણી કોઈ દિવ્ય વાણી જેવી વાણી લાગે છે. વાત કરે છે કે જ્ઞાન જ્ઞાનથી થાય છે તો જોઉં તો ખરો. અત્યાર સુધી તો એવો ભ્રમ હતો, એવો આભાસ હતો કે આને લઈને જ્ઞાન થાય છે... આને લઈને જ્ઞાન થાય છે... પાંચેય ઇન્દ્રિયના વિષયોને લઈને પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન થાય છે. નાકથી સુંઘાય છે. કાંઈ કાનથી સુંઘાતું નથી. માટે પરપદાર્થથી મારા જ્ઞાનનું કાર્ય થાય છે એ વાત તો એને એટલી બધી ઘર કરી ગયેલી છે. એમાંથી હળવો થઈને પાછો વળે તો સંસ્કારમાં આવતા એને વાર નથી લાગતી. એને ખબર પણ ન હોય કે મને સંસ્કાર પડી ગયા છે.

પુરુષાર્થ તો એવી ચીજ છે કે એમાં એને ખબર ન પડે એવું બને નહિ. જ્યાં અપૂર્વ પુરુષાર્થ થાય ત્યાં એને કાંઈ ખબર ન હોય એવું તો બને નહિ. અહીં તો સંસ્કારમાં તો એવું બને છે. કેટલાક જીવને તો પોતાને જ ખબર નથી હોતી. ફક્ત એણે એ વાત પ્રયોગથી, અવલોકનથી સંમત કરી હોય છે. સંમત કરી હોય પોતાની. ગુરુએ કહ્યું, શાસ્ત્રએ કહ્યું કે સર્વજ્ઞદેવે કહ્યું પણ સંમત કર્યું પોતે. પોતે પોતાથી સંમત કર્યું. અંતર શોધન કરીને, અવલોકન કરીને શોધન કર્યું (એને) સંસ્કારમાં આવતા વાર નથી લાગતી.

મુમુક્ષુ :- આ જ્ઞાનની પ્રક્રિયા છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનલક્ષણથી જ્ઞાનસ્વભાવ એનો બરાબર સ્વતંત્ર જ્ઞાનસ્વભાવ, કોઈના અવલંબન વિનાનો નિરાલંબી નિરપેક્ષ જ્ઞાનસ્વભાવ એટલું એણે

સંમત કરી લીધું. આ તિર્યંચ આદિને શું થાય છે? સમવસરણમાં બેઠા છે. કાંઈ લાંબી વિચાર શક્તિ છે નહિ. સંસ્કાર ...

'ગુરુદેવ'ને કોઈએ પ્રશ્ન પૂછ્યો હતો કે આપના વર્ષોના ઉપદેશથી સમ્યગ્દૃષ્ટિ કેટલા થયા? મહેનત લેખે ગઈ કે અલેખે ગઈ? જેનું જે થવાનું હોય તે થાય. અમે તો કોઈના કર્તા હર્તા છીએ નહિ. ભલે સમ્યગ્દૃષ્ટિ તો ઓછા થયેલા દેખાય છે. કોઈક જ થયેલા દેખાય છે. પણ સંસ્કાર લઈને ઘણાં જાશે. આ વાત આવી છે. 'ગુરુદેવ'ના શ્રીમુખેથી એ વાત આવી છે કે ઘણાં જીવો સંસ્કાર લઈને જશે. એમાં ફેર નથી કાંઈ. ઘણાં સંસ્કાર લઈને જશે.

મુમુક્ષુ :- જ્ઞાન જ્ઞાનથી થાય છે તો...

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાનનું સ્વરૂપ શું છે? જો અજ્ઞાનનું સ્વરૂપ જાણે તો અજ્ઞાન થાય નહિ. અજ્ઞાનને જ્ઞાન માન્યું છે. એને અજ્ઞાનની ખબર નથી અને એને જ્ઞાનની ખબર નથી. એમ છે.

મુમુક્ષુ :- આત્મામાં તો જ્ઞાન ભર્યું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મામાં અનંતુ જ્ઞાન ભર્યું છે. એમાંથી જ્ઞાનનો પ્રવાહ બહાર આવે છે. હવે જીવને જ્ઞાનમાં ને જ્ઞાનમાં ભ્રમણા થાય છે એનું નામ અજ્ઞાન છે. ચક્ષુ ઇન્દ્રિય છે. જોવાની શક્તિ છે. સામે કોઈ પદાર્થ હોય તેને જોઈ લે છે. હવે સામે દોરડી પડી છે અને એને ભ્રમ થયો કે સાપ પડ્યો લાગે છે. મેલું દોરડું હોય, કાળુ કાબરચીતરું થઈ ગયું હોય, એક બાજુ ગાંઠ વાળી હોય અને એક બાજુની છેડો ઘસાઈ ગયો હોય એટલે પુંછડી જેવું દેખાય. એક સેકન્ડ માટે એને એમ લાગે કે કાંઈક સર્પ લાગે છે. એ ક્યાંથી એને ભ્રમણા થઈ? કે જોવામાં વાસ્તવિકતા ન રહી અને કલ્પના થઈ એનું નામ ભ્રમણા. બસ! એ જ્ઞાનની વિકૃતિ છે. એ જ્ઞાનની વિકૃતિ છે. જ્ઞાનનો વિકાર છે. ભ્રમણા છે એ જ્ઞાનનો વિકાર છે.

મુમુક્ષુ :- એનું કોઈ કારણ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- અકારણપણે પોતે જ કરે છે. કોઈના કારણે કરે છે જો એમ હોય તો સુધરે પણ કોઈના કારણે. જો બગડે કોઈના કારણે તો સુધરે પણ કોઈના જ કારણે સુધરે. તો તો આ જીવ પાંગળો અને પરાધીન થઈ જાય. બીજો સુદારે તેદી સુધરે નહિતર બીજો એને બગાડે. આ .. છે. ભગવાન એમ કહે છે કે એ વસ્તુસ્થિતિ નથી. બગડ્યો તો તું તારે લીધે અને સુધર્યો તો તું તારે લીધે. એમ નક્કી કર. એટલે તો એમ કહ્યું કે દેવ-ગુરુ-શાસ્ત્ર તો બાહ્ય નિમિત્તો છે. ક્યારે? કે તું સમજણ કર ત્યારે. એમણે એમ કહ્યું કે જ્ઞાન જ્ઞાનથી થાય છે. પણ તેં તારી

અંદર વળીને સંમત કર્યું કે જ્ઞાન જ્ઞાનથી થાય છે ત્યારે એને નિમિત્ત કહ્યા. ત્યાં સુધી એ નિમિત્ત નહિ થાય. ત્યાં સુધી નિમિત્તપણું લાગુ પડતું નથી. ઉપદેશ અનુસાર પરિણમન કરે તો નિમિત્ત. ઉપાદાન પરિણમે તો એને નિમિત્તનો આરોપ આવે. નહિતર નિમિત્ત-નિમિત્ત છે નહિ.

'**એ મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે.**' પહેલામાં પહેલું એ જ એક કરવાનું છે કે મૂળતત્ત્વને ઓળખવું. '**બીજું બહારનું તો અનંત કાળમાં ઘણું કર્યું છે.**' આ સ્વરૂપની ઓળખાણ સિવાય. પૂજા, ભક્તિ, તપશ્ચર્યા, દયા, દાન, જાત્રા ઘણું કર્યું છે. થોડું નથી કર્યું પણ ઘણું કર્યું છે, અનંતુ કર્યું છે બહારનું. '**અનંત કાળમાં ઘણું કર્યું છે. શુભભાવની બધી ક્રિયાઓ કરી,...**' જેટલી શુભભાવ અનુસાર ક્રિયા છે એ બધી ક્રિયાઓ કરી છે. આ કર એકવાર તો કહે હા. એક વર્ષ સુધી, પાંચ વર્ષ સુધી શુભભાવની બધી ક્રિયાઓ કરી છે. ઉંધે માથે તપ તપ્યો છે. અનંત વાર દીક્ષા લીધી છે. અને એ શુભભાવમાં ધર્મ માન્યો હોય. '**શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો, પણ ધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે. શુભ તો વિભાવ છે,...**'

મુમુક્ષુ :- અધર્મ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મ નથી એનું નામ અધર્મ છે. કઠણ લાગે જરા. મમત્વ થયું હોય. શુભભાવની બહુ કિંમત આંકી દીધી હોય, એની મમતા થઈ ગઈ હોય તો એ કઠણ લાગે.

જેને શુભભાવથી ખસીને શુદ્ધભાવમાં આવવું છે એને મીઠું લાગશે કે અરે..! આવી મારા હિતની સુંદર વાત તમે કરો છો! બહુ સારુ કર્યું. તમારા જેવો મારા માટે કોઈ ઉપકારી નથી. એને મીઠું લાગશે. વીતરાગતાની વાત કાયરને પ્રતિકૂળ છે. જેને પુરુષાર્થ નથી કરવો, નથી થઈ શકતો એને પ્રતિકૂળ છે. બાકી તો અનંત શાંતરસ પ્રગટ કરવાના એ મૂળિયા છે. 'શ્રીમદ્જી'એ ગાયું છે ને. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' ભવરોગના ઔષધ છે. કાયર કહે નહિ, નહિ. આમ કરોમાં તમે, આમ બોલોમાં. કોઈ નહિ કરે, કોઈ આમ નહિ કરે, કોઈ તેમ નહિ કરે.

મુમુક્ષુ :- સત્સંગમાં 'ગુરુદેવ'ની વાણી...

પૂજ્ય ભાઈશ્રી :- બધા એ જ કરે છે. ઘણી વાર તો એક જ દલીલ બધાની આવે કે આમ કહેશો તો નહિ કરે. બીજા નહિ કરે. બીજાનું તારે શું કામ છે? તને આમ વીતરાગતા બાજુ જવા માટે સાધન છે કે નહિ? ... છે કે નહિ? આટલું

નક્કી કરવાનું છે. પોતાનું નક્કી નથી કરવું અને દુનિયામાં આમ થઈ જશે અને જગતમાં આમ થઈ જશે. શું થઈ ગયું છે તને? તું દુનિયાને જોવા જઈશ તો તું ડૂબી જઈશ. એક તો ડૂબતો છો. બચવાનો પ્રયત્ન કર. બચવાનો પ્રયત્ન કરવાને બદલે દુનિયાની સામે જોવા જઈશ તો તું પોતે ડૂબી જઈશ. એમ થાશે.

શુભ અને અશુભભાવ તો એના કાળે આવે છે. પણ અજ્ઞાન દશામાં આ જીવ એનો કર્તા થઈને ધણી થઈ જાય છે. મારી માલિકીની ચીજ છે. મેં શુભભાવ કર્યો. આટલો શુભભાવ મેં કર્યો અને આ ક્રિયા મેં કરી. ધણી થઈ જાય છે. એના કાળે એ થયા. તું જ્ઞાતાદૃષ્ટા છો એ જ્ઞાતાદૃષ્ટા રહે. કર્તા-હર્તા થા મા. નકામો તું દુઃખી થઈ જઈશ.

**'શુભભાવમાં ધર્મ માન્યો, પણ ધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે. શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે,...'** આ ૭૨મી ગાથા. વિભાવ એટલે વિપરીતતા છે. આકુળતા એટલે એમાં દુઃખ છે. એમાં ક્યાંય શાંતિ નથી અને એમાં પવિત્રતા પણ નથી. દુષણ છે, દોષ છે. કષાયની મલિનતા છે. '**શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, એમાં ક્યાંય શાંતિ નથી.**' એમાંથી આત્માની શાંતિ આવે એવું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેમ કે જ્ઞાન એટલું મેલું છે. કષાયરસથી રંજિત થયેલું જ્ઞાન છે. એટલે દુઃખ છે એમાં દુઃખ લાગતું નથી. ન લાગે તેથી નથી એમ કાંઈ નથી. ન લાગે એટલે નથી, એટલે નથી એમ છે નહિ. ટેવાઈ ગયો છે. વાંદરાની ખાડીમાં ઝૂંપડપટ્ટીમાં રહે છે. એ કહે, અમને વાસ આવતી નથી. મોટરમાં જાવ તો એક-બે સેકન્ડ માટે રૂમાલ આમ કરી નાખે. તીવ્ર વાસ આવે છે. દુર્ગંધ આવે છે ને? ત્યાં ચોવીસ કલાક રહે છે. એને પૂછો તો શું કહે? કાંઈ દુર્ગંધ આવતી નથી. અમથા તમે વેવલાવેડા કરો છો. શું દુર્ગંધ નથી ત્યાં? જીવ ટેવાઈ જાય છે. જે પરિસ્થિતિમાં લાંબો કાળ રહે છે તે પરિસ્થિતિમાં એ ટેવાઈ જાય છે. એટલે શુભમાં, વિભાવમાં અનેક પ્રકારના વિભાવભાવો થાય છે એ બધામાં દુઃખ હોવા છતાં દુઃખ લાગતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સમકિત છે તે શુદ્ધ છે. સમ્યક્જ્ઞાન છે તે શુદ્ધ છે. આત્મામાં સ્વરૂપસ્થિરતા થાય અને સ્વરૂપનો આનંદ અને શાંતિ પ્રગટે એ બધું શુદ્ધ છે. બાકી શુભભાવમાં તો ધર્મ માનવાથી પરિભ્રમણનું કારણ થાય છે. મિથ્યાત્વ અજ્ઞાનનું

પરિભ્રમણનું એ કારણ થાય છે. જીવની વિચિત્રતા એ છે કે નાની-મોટી પ્રતિકૂળતા દૂર કરવી છે.

મુમુક્ષુ :- શુભના આધારથી શુદ્ધમાં નહિ જવાય?

પૂજ્ય ભાઈશ્રી :- જો શુભના આધારથી જવાતું હોત તો કેદિનો પહોંચી ગયો હોત. કેમકે એણે કાંઈ કરવામાં બાકી નથી રાખી. બધી ક્રિયાઓ કરી છે. અનંત વાર દીક્ષા લીધી છે. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ નિરઅતિચાર પાળ્યા છે.

મુમુક્ષુ :- એમ કરતા કરતા પણ નહિ જવાય?

પૂજ્ય ભાઈશ્રી :- તો જીવ વયો ગયો હોત. જો કરતા કરતા જવાતું હોત તો વયો ગયો હોત. કેમકે અનંત વાર કર્યું છે. આ જીવે પોતે અનંત વાર કર્યું છે.

મુમુક્ષુ :- તો શુભ કરવું જ નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- કરવાનો, ધણી થવાનો તો પ્રશ્ન જ નથી. આવે છે એને તું જાણ. કરવાનો તો પ્રશ્ન નથી. આવે છે એને જાણ. શુભના કાળે શુભ આવશે, અશુભના કાળે અશુભ આવશે. પરિણામનો કર્તા-હર્તા થઈશ નહિ. તું જ્ઞાતા રહે. તારો સ્વભાવ જ્ઞાન-દર્શન છે અને તું જ્ઞાતા રહે. એટલી વાત છે. જ્ઞાતાપણું કરવું એ પ્રશ્ન નથી. જ્ઞાતાપણું સ્વભાવથી હોવાથી રહેવાનો પ્રશ્ન છે. એ નથી રહેતો એટલે એમ કહેવાય છે. નહિતર કહેવાનો પ્રશ્ન પણ રહેતો નથી. એટલી વાત છે. કરવા-ફરવાનો તો ક્યાંય પ્રશ્ન નથી.

જૈનદર્શનમાં પાયાની આ વાત છે કે એક સમયની પર્યાયને કરવું એ જ અજ્ઞાન અને મિથ્યાત્વ છે. કેમકે થઈ રહી છે. પ્રતિસમય જીવની અથવા પુદ્‌ગલની અવસ્થા થઈ રહી છે એને શું કરવું? ન થતી હોય એને શું કરવું? જે ન થતું હોય એને શું કરવું? આ કાંઈ ભોગાવાની રેતીમાંથી કાંઈ ચુરમાના લાડવા થાય? રંગ એકસરખો ઘઉંના રંગની રેતી હોય મજાની. ન થાય? લાડવા બનાવે ત્યારે ઘી નાખે ત્યારે કરકરો થઈ જાય ને? બરાબર આકાર થઈ જાય એનો. એમાંથી કાંઈ ગળપણ કે એમાં કાંઈ ચુરમાનો સ્વાદ આવે નહિ. એમાં શું કરવું? એને ચુરમુ બનાવાનો પ્રયત્ન કરે તો? કેદિ થાય એમાંથી? જે ન થઈ શકતું હોય એમાં કરવું શું? અને જે સ્વયં થતું હોય એમાં કરવું શું? પર્યાય તો સ્વયં થઈ રહી છે એને કરવું શું? ચાલતી ગાડીને એમ કહે કે હું ધક્કો મારીને ચલાવું છું. ગાડી એની Speedમાં ચાલે છે. આ કહે કે હું ધક્કો મારું છું એટલે ચાલે છે. સાચી વાત હશે? હાસ્યાસ્પદ વાત છે. પરિણામની ક્રિયા ચાલુ જ છે. એ બંધ રહી શકતી નથી, બંધ કરી શકાતી નથી. તેથી કરવા, નહિ કરવાનો પ્રશ્ન અસ્થાને છે. કરવા, નહિ કરવાનો પ્રશ્ન અસ્થાને

છે. એ પ્રશ્ન ઉઠાવવામાં આવે છે એ સ્થાનમાં નથી. હવે તું થા એને જાણ. બસ. જાણવાનો તારો સ્વભાવ છે. જે થાય એને જાણ્યા કર. બસ. કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- શુભને જાણીને શું કરવું? સ્થિર થઈ જવું?

પૂજ્ય ભાઈશ્રી :- શુભને જાણતા શુભમાં એકત્વ નહિ થાય. જાણનાર જુદો રહેશે. જો શુભને કરવું નથી તો જાણનાર જુદો રહેશે. બસ! જુદો રહે એ એનું ભેદજ્ઞાન છે. ભેદજ્ઞાનથી સ્વરૂપ સ્થિરતાનું સામર્થ્ય કેળવાય છે. સીધી વાત છે.

મુમુક્ષુ :- સંપ્રદાયમાં મોટા ભાગના જીવોનો એવો ખ્યાલ નથી બેઠો છે કે આ અનાદિ કાળથી છે. એવો વિચાર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો 'ગુરુદેવ'ની કૃપાથી આપણા સમાજમાં આ બધી વાતો બહુ સહજ છે.

મુમુક્ષુ :- એટલે પેલી વાત તો આવે જ નહિ કે અનાદિ કાળથી છે, આ ... મુનિ થઈ ગયો છે, આ બધાને શુભભાવ કરે છે. એવો કાંઈ વિચાર જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઘોર અંધારું છે. ખ્યાલમાં છે.

મુમુક્ષુ :- એકધારું શુભનું ચિંતન ચાલતુ હોય પછી એમાં કઈ રીતે કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- અંદર ઘૂસી ગયો. ક્રિયામાં સલવાઈ ગયો એવો. આ આવે છે ને નદિની અંદર ખડકાળ નદી હોય ને? ખડકવાળી, પથરાવાળી. રેતી ઓછી હોય. તો પાણીનું પૂર આવે ત્યારે ક્યાંક ક્યાંક બખોલ થઈ જાય. માટી છૂટી જાય અંદર બખોલ થઈ જાય. આ નાવા જાય એમાં માથુ સલવાય જાય કોઈવાર. અંદર ડૂબકી મારે. નાના છોકરાવ. ઊંધે માથે નીચે જાય. એમાં ખબર ન હોય કે આ ખડકની નીચે ચાલ્યો જાઉં છું. ઘૂસી તો જાય પણ નીકળતી વખતે એ જ રીતે નીકળવાનું કાંઈ બને નહિ. આઘોપાછો થઈ ગયો હોય એટલે સલવાય જાય. એમ સલવાય ગયો પછી શું કરે?

મુમુક્ષુ :- 'ગુરુદેવ' ક્યારેક બચાવે.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ' જેવા કોઈક બચાવે તો. બાકી સલવાઈ ગયેલા છે. આવી વાત છે. 'ગુરુદેવ' કહેતા કે અમે માથાબૂડ હતા. સંપ્રદાયમાં દીક્ષા લઈને અમે માથાબૂડ અંદર હતા. એવી ક્રિયા કરે. સ્થાનકવાસીમાં ન્હાવાનું નહિ. જૂં પડે, માથામાં જૂ પડે. એ જૂ મરી ન જાય. લોહી પીવા માટે એને બાંધે. લુગડામાં નાખી ... સરે. બે-પાંચ જૂ અંદર ભેગી થાય. મૂકી દે. બાંધી દે એને. બેઠી બેઠી લોહી પી નહિતર મરી જઈશ. તારો ખોરાક તો લોહી છે. એવી બધી ક્રિયાઓ કરી છે.

મુમુક્ષુ :- પર દયા થઈ ને?

પૂજ્ય ભાઈશ્રી :- પર દયામાં હોંશ લાવે. અને સ્વદયાની વાત તો એને કાંઈ રુચે નહિ. એની તો ખબર પણ હોય નહિ. એવી પરિસ્થિતિ છે.

'**જોકે શુભભાવ આવ્યા વિના રહેતા નથી,...**' કરવાનો પ્રશ્ન નથી. '**આવ્યા વિના રહેતા નથી, તોપણ ત્યાં શાંતિ તો નથી જ.**' આવે છે માટે શાંતિ છે? નક્કી કરને. કે શાંતિ નથી. અથવા એને એમાં અશાંતિ લાગતી નથી તો સંશોધન તો કરે. શુભભાવમાં અશાંતિ છે એમ કહ્યું. કહેનાર ઉપર વિશ્વાસ છે? હા, વિશ્વાસ છે. બરાબર? તો કહે મને લાગતી નથી. ઠીક વાત છે. લાગતી નથી માની વાત. બરાબર? તો હવે જે છે એમ લાગતું નથી તો કાંઈક ભૂલ થાય છે. ભૂલ થાય છે. તો ભૂલ તો શોધવાથી જડે. બીજો શું એનો ઉપાય છે? ભૂલનો શું ઉપાય છે? ભૂલ છે કે નહિ એ એને શોધવાથી જડે.

જ્ઞાનમાં અશાંતિ નથી અને રાગમાં શાંતિ નથી. મોક્ષ અધિકારની અંદર જ્યાં ભેદજ્ઞાનનું પ્રકરણ ચાલ્યું છે ત્યાં આ વાત લીધી છે કે રાગનું લક્ષણ આકુળતા છે. શું લીધું છે? જ્ઞાન અને રાગ ભિન્ન છે એમાં રાગનું લક્ષણ આકુળતા છે અને જ્ઞાનનું લક્ષણ નિરાકુળતા છે. પણ લાગતું નથી. કારણ કે આકુળતા અને નિરાકુળતા, શાંતિ અને અશાંતિ, સુખ અને દુઃખ તો લાગવાનો વિષય છે. વાત કરવાનો વિષય નથી. તો નથી લાગતું તો તપાસ કર કે કારણ શું છે? કાં તો તેં અશાંતિમાં દૃઢ શાંતિની કલ્પના કરી છે. નંબર એક. કેમકે તીવ્ર અશાંતિ થાય. એમાંથી કષાય મંદ થાય એટલે તને શાંતિ થવાની કલ્પના તું ઘણી કરી બેઠો છે. બીજું તે કદી જ્ઞાનને તપાસ્યું નથી કે એમાં શાંતિ-અશાંતિનું પ્રકરણ શું છે? જ્ઞાનનું સ્વરૂપ શું છે? સુખસ્વરૂપી નિરાકુળતા સ્વરૂપી જ્ઞાન છે એને એકલું એક બાજુ તારવીને, જુદું પાડીને જોવાનો પ્રયત્ન કર્યો નથી. બેને મીંઢવે. તો એક શાંત અને એક અશાંત. એક નિરાકુળ અને એક આકુળ એમ જણાયા વિના રહે નહિ. જણાય, જણાય ને જણાય જ. સંશોધનમાં ઊતરે. ભૂલ શોધવામાં ઊતરે તો પાત્રતા તો એ વખતે પ્રગટ થાય છે. એ ક્યાં લેવા જાવી પડે છે? એને તો કોઈ પૂર્વપર્યાયનો ક્રમનો નિયમ નથી. એટલી તો સગવડ છે. પોતે તૈયાર થાય એ વખતે પાત્રતા. શોધવા નીકળે તો એને ભૂલ જડે. ન શોધે તો અનંત કાળ ન જડે. શોધે તો ક્ષણમાત્રમાં એને પત્તો લાગે. નહિ લાગવાનો સવાલ નથી.

લાગતી નથી એમ કરીને બેસી રહેવાનું તો નથી. લાગતી નથી. તો એનું દુઃખ છે? કે આમ ને આમ ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવોમાં જો ભવ વ્યતીત થશે

તો પછી શું? આ તક ગઈ. પછી પતો નહિ લાગે. કેમકે મિથ્યાત્વમાં અશુભ તો વધી ગયું હોય છે. કાં કો'કને શુભ વધી ગયું હોય તો દેવલોકમાં વયો જાય. તો ત્યાં પણ પત્તો નહિ લાગે. ત્યાં આથી વધારે સલવાઈ જઈશ. તિર્યંચમાં જઈશ તો અહીં કરતા વધારે સલવાઈ જઈશ. અહીંયાં કાંઈક મધ્યસ્થતા છે. વિચાર કરે તો અહીંયાં થોડી મધ્ય સ્થિતિ છે. અને નાની-મોટી પ્રતિકૂળતા દૂર કરવા માટે આઠ કલાકની મજૂરી કરે કે ચોવીસ કલાક એનું ચિંતવન ને ચિંતા ચાલ્યા કરે અને ભવભ્રમણ જેવી મોટી મુશ્કેલી દૂર કરવા માટે બિલકુલ સમયનો ખર્ચ કરવો નથી કે એના પ્રમાણમાં એનો રસ લેવો નથી. સમય તો ઓછો લઈશ તો ચાલશે. માફ છે. ઓછો સમય માન્ય કરીએ છીએ પણ રસ તો પૂરો લ્યે. સમસ્યા મોટી છે તો. એ નથી જોતો. આમ છે.

એટલે શુભભાવમાં શાંતિ નથી તો શાંતિ ક્યાં છે? એ તો ચૈતન્યતત્ત્વમાં છે. અને એ ચૈતન્યતત્ત્વમાં હોવાથી ઓળખાણ કરીને ફરીને પાછી વાત લે છે. ઓળખાણનો જ આખો બોલ છે. એની ઓળખાણ કરીને ઠરવાનો પ્રયાસ કરવો. તો સહેજે પ્રયાસ થાય છે. અહીં સુધી રાખીએ...

## તા. ૩-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૭૫
## પ્રવચન નં. ૨૮૮

'બહેનશ્રીના વચનામૃત' ૩૭૫, પાનું ૧૩૫. '**શુભ તો વિભાવ છે,...**' ત્યાંથી લઈએ. આ બોલ છે ચૈતન્યને ઓળખવા વિષેનો. સ્વભાવ અને વિભાવ બંને ભાવો પ્રતિપક્ષ રૂપ છે. સ્વભાવને ઓળખતા વિભાવ યથાર્થ પ્રકારે ઓળખાય છે. ઓઘસંજ્ઞાએ તો રાગાદિ ભાવો વિભાવ છે એમ જાણે છે, જાણી શકાય છે. લોકમાં એ બીજી વાત છે. જે ઓળખે એ તો ત્યાંથી ખસ્યા વિના રહે નહિ. '**શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, એમાં ક્યાંય શાંતિ નથી.**' શુભ તો આકુળતારૂપ છે. કષાયભાવ હોવાથી તેમાં ક્યાંય શાંતિ નથી. કષાય પોતે શાંતિથી વિરુદ્ધ સ્વભાવવાળો ભાવ છે. એટલે તેમાં ક્યાંય શાંતિ નથી. અમુક પ્રકારના શુભભાવમાં શાંતિ છે એવું પણ નથી. કોઈપણ પ્રકારનો શુભભાવ હો. એમાં શાંતિ નથી.

'**જોકે શુભભાવ આવ્યા વિના રહેતા નથી,...**' જ્યાં સુધી વીતરાગતા તીવ્રપણે અથવા પૂર્ણપણે પ્રગટ ન થાય ત્યાં સુધી શુભભાવ અનિવાર્યપણે, નિવારી શકાય નહિ તે રીતે ઉત્પન્ન થયા વિના રહેતા નથી. શુભભાવ દુઃખરૂપ છે, અશાંતભાવ છે એમ જાણવા છતાં પણ તે શુભભાવ પોતાના પુરુષાર્થની અશક્તિને લીધે, નબળાઈને લીધે ઉત્પન્ન થયા વિના રહેતા નથી. '**તોપણ ત્યાં શાંતિ તો નથી જ.**' છતાં જે અશાંત છે એ તો અશાંત જ છે. એમાં કાંઈ શાંતિ નથી. ઓળખે તો એનો નિષેધ આવે, ન ઓળખે તો એનું અનુમોદન આવે. જાણ્યે-અજાણ્યે પણ. આમ પરિસ્થિતિ થાય છે. બીજી સ્થિતિ નથી. થતા એનો નકાર આવે, નિષેધ આવે તો તો યથાર્થ છે. નહિતર એને અનુમોદના આપોઆપ જ થઈ જાય છે. અથવા એ તીવ્રપણે કે મંદપણે રુચે છે. ત્યાં વિપર્યાસ સધાય છે. એટલે એમ કહ્યું કે શુભભાવ કરવા નથી, કરવા જેવા નથી એમ જાણ્યું છે એને પણ શુભભાવ તો આવ્યા વિના રહેતા નથી. પણ એને ત્યાં શાંતિ નથી લાગતી. જેણે યથાર્થપણે એમ જાણ્યું છે કે આ દુઃખરૂપ છે, દુઃખરૂપ લાગે છે એને એમાં શાંતિ લાગતી નથી.

'**શાંતિ હોય, સુખ હોય-આનંદ હોય...**' ત્રણે બોલ લઈ લીધા છે. સુખ, શાંતિ અને આનંદ. '**એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે.**' પોતાનું જે ચૈતન્ય સ્વરૂપ નિરામય

પદ છે, પરમેશ્વર પદ છે એ પૂર્ણ શાંતસ્વરૂપ છે, પરમાનંદસ્વરૂપ છે અને સુખસ્વરૂપ છે.

શાતામાં સુખ લાગે છે. એનો બીજો અર્થ એ છે કે અશાતામાં દુઃખ લાગ્યા વિના રહેશે નહિ. સાથે સાથે જ એનો બીજો અર્થ એ છે કે આત્મા આનંદસ્વરૂપ છે એ વાત ત્યાં રહેતી નથી. પોતે પરમ આનંદસ્વરૂપ છે, પરમાનંદમય સ્વરૂપે છે પોતે એ વાત ન રહે તો જ એને શાતામાં સુખ ઊપજે. નહિતર શાતામાં સુખ અનુભવવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે એ પણ કષાયની પરિણતિરૂપ આકુળતા જ છે, બીજું કાંઈ નથી.

૨૫૪ નંબરના પત્રમાં 'શ્રીમદ્જી'એ આ વાત લીધી છે. મુમુક્ષુની ભૂમિકામાં પણ જો શાતામાં સુખ લાગે છે, એમ કરીને ત્યાં આશ્ચર્યચિહ્ન મૂક્યું છે. કૌંસમાં આશ્ચર્ય ચિહ્ન મૂક્યું છે. કે મુમુક્ષુને તે વળી કાંઈ શાતામાં સુખ લાગે એમ! અને શાતામાં સુખ લાગે તો એને મુમુક્ષુ કેમ કહેવો? એટલે કૌંસમાં આશ્ચર્યચિહ્ન મૂક્યું છે. તો પોતે આત્મા સત્ પરમાનંદમય છે એ વાત એ ભૂલી ગયો છે. એ વાત એને લાગી નથી. એને પોતાનું સ્વરૂપ એને લાગ્યું નથી. અને એવી પરિસ્થિતિમાં જીવની યોગ્યતા રોકાઈ જાય છે.

મુદ્દો તો એમને એ કહેવો છે કે જીવની યોગ્યતા રોકાવાનું કારણ અથવા પોતાના સ્વાનુભવની દિશામાં આગળ નહિ જવાનું કારણ આ છે કે જીવ શાતામાં ઠીકપણું અનુભવીને રોકાઈ જાય છે. શાતા-અશાતાથી પર એવું જે કોઈ સુખ-શાંતિ સ્વરૂપ આત્મા છે, એનો પુરુષાર્થ, એની લગન અને એની પ્રાપ્તિના ઉદ્યમમાં જે પડ્યો છે એ શાતા-અશાતાને ગણકારે એમ બનતું નથી. એને નહિ ગણકારીને, એને અવગણીને પોતાના પ્રયત્નમાં પડેલો જીવ છે. એને મુમુક્ષુ કહીએ. એ સમ્યગ્દર્શન પામવાનો અધિકારી છે. એ વગર સમ્યગ્દર્શન પામવાની યોગ્યતા, પાત્રતા કે અધિકાર આવતો નથી.

... વિકલ્પમાં ... અહીંયાં કોઈપણ વાત વિકલ્પ, નિર્વિકલ્પ, પરિણતિ કે ઉપયોગ. ચૈતન્યમાં જ સુખ, શાંતિ અને આનંદ છે અને એથી બહાર ક્યાંય નથી. આટલી વાત એને ભાસવી જોઈએ, લાગવી જોઈએ. માત્ર વિચાર ઉપર ઉપરથી કરે એમાં કાંઈ વળે નહિ. ભાસવી જોઈએ અને લાગવી જોઈએ.

મુમુક્ષુ :- પંચેન્દ્રિયના જેટલા વિષય છે અને જેટલા ... વિષય છે, આમાં બધામાં સુખ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો નિશ્ચય કરી નાખ્યો છે તો એમ જ થાય ને? એનો નિશ્ચય વર્તે છે. એમાં વિશ્વાસ છે કે આમાં મને સુખ છે. છે નહિ. જ્યારે એમ

સાંભળ્યું છે, હા પાડી છે કે એમાં સુખ નથી. શ્રીગુરુએ કહ્યું, સત્શાસ્ત્રોએ કહ્યું. તો પછી સુખ લાગે ત્યારે તો તપાસ કરવી જોઈએ કે આમ ભૂલ થાય છે. એનું ફળ સારુ નથી. શાતામાં સુખના અનુભવથી ... થાય છે એ ભવનું કારણ છે. અહીંયાં લીધું. શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે. એ ભવનું કારણ છે. એક વખત તો ભવભ્રમણની ચિંતા પેઠી જવી જોઈએ. ભવભ્રમણની ચિંતા પેસી જવી જોઈએ. તો જે ભવભ્રમણના કારણો છે એને વિષે જીવ સાવધાન થાય, જાગૃત થાય. નહિતર એમ ને એમ બફમમાં ને બફમમાં સમય ચાલ્યો જાય.

'**શાંતિ હોય, સુખ હોય-આનંદ હોય એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે.**' નિજ ચૈતન્ય છે એમાં જ શાંતિ અને સુખ ને આનંદ છે. થોડા ઘણાં નથી પણ અનહદ છે, બેહદ છે. જેની કોઈ સીમા નથી. એટલું સુખ, શાંતિ અને આનંદનું સામર્થ્યથી ભરેલું-ભરચક-પરિપૂર્ણ ભરપૂર તત્ત્વ પોતે જ છે. એનો વિશ્વાસ આવે તો પરિસ્થિતિ બદલાય છે. એના વિશ્વાસ વગર ઊંધો વિશ્વાસ છૂટતો નથી. અને જ્યાં ઊંધો વિશ્વાસ છૂટતો નથી ત્યારે કલ્પિત સુખનું વજન સાચા સુખના વિશ્વાસ સહિત કરવામાં આવી જાય છે. કે જાણે એ સાચુ સુખ જ છે. ખરેખર સુખ જ છે. એમ વેદવામાં આવે છે. એ જ ભવનું કારણ છે.

'**નિવૃત્તિમય ચૈતન્યપરિણતિ...**' જુઓ! કેવી ભાષા આવી! એવી પરિણતિ વિભાવના કર્તૃત્વથી, એના બોજાથી અથવા વિભાવના હુંપણાના અધ્યાસના બોજાથી નિવૃત્ત થઈ એને નિવૃત્તિમય ચૈતન્યપરિણતિ કહે છે અહીંયાં. અતીન્દ્રિય ચૈતન્યની સાથે અભેદ થયેલી, ચૈતન્યની સાથે-પોતાની સાથે જડાઈ ગયેલી જે પરિણતિ તે '**નિવૃત્તિમય ચૈતન્યપરણતિમાં જ સુખ છે,...**' એવી નિવૃત્તિમાં સુખ છે. બાહ્ય પ્રવૃત્તિમાં તો દુઃખ છે. પણ બાહ્ય પ્રવૃત્તિ છોડી માટે નિવૃત્ત થયો હોય એની અહીંયાં વાત નથી.

મુમુક્ષુ :- આ નિવૃત્તિ કેવી છે?

પૂજ્ય ભાઈશ્રી :- આ તો રાગના અધ્યાસથી નિવૃત્ત થયો છે. રાગ તે હું, વિભાવ તે હું, એમાં સુખ એમાંથી નિવૃત્ત થયો છે. છૂટો પડ્યો છે, ભિન્ન પડ્યો છે એ નિવૃત્ત થયો છે એમ કહેવું છે. અથવા અંતર્મુખ થઈને પાછો વળ્યો છે. આ પ્રતિક્રમણ કહે છે ને? સંપ્રદાયમાં પ્રતિક્રમણ નથી કહેતા? પ્રતિક્રમણ એટલે પાછુ વળવું. અંતર્મુખ થઈને પાછો વળે તો પ્રતિક્રમણ છે. નહિતર તો પ્રતિક્રમણનો રૂઢિગત પાઠ છે એ કાંઈ પ્રતિક્રમણનું સ્વરૂપ નથી.

એના ઉપર તો 'કુંદકુંદાચાર્યદેવે' પ્રહાર કર્યો છે કે પ્રતિક્રમણ વિષકુંભ છે. અને અપ્રતિક્રમણ (છે). એવા પ્રતિક્રમણથી ઊલટું. શુભભાવથી ઊલટુ શુદ્ધભાવરૂપ તે

અમૃતકુંભ છે. એ અમૃતનો કુંભ છે. આ વિષકુંભ છે અને આ અમૃતકુંભ છે. લોકો ક્રિયામાં જડ જેવા, જડક્રિયાની સાથે જડ જેવા થઈને ક્રિયા કરવા લાગ્યા. તો જોરથી પ્રહાર કર્યો કે આ તો વિષકુંભ છે.

મુમુક્ષુ :- 'કુંદકુંદસ્વામી'ના વખતમાં પણ આવું જ ચાલતું હશે એટલે સામે આ બોધ આપ્યો?

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાન ત્રણે કાળે એકસરખું અને જ્ઞાન પણ ત્રણે કાળે એકસરખું. મોક્ષમાર્ગ પણ ત્રણે કાળે એકસરખો અને સંસારમાર્ગ પણ ત્રણે કાળે એકસરખો. એવી વાત છે. એમનો કાળ પણ એવો હતો કે જે કાળે શ્વેતાંબર મતની શરૂઆત થઈ ગયેલી. શરૂઆત જ હતી. એ કાળ એ સંક્રાંતિકાળ હતો. અન્યમત-જૈનમાંથી અને જૈનમાંથી જૈનના નામે બીજો મત ઊભો થયો, મિથ્યા મત ઊભો થયો. એમણે એ વિષય ઉપર ઘણી વાતો કરી. 'અષ્ટપાહુડ' ગ્રંથ આખો દાર્શનિક ગ્રંથ છે. જૈનદર્શન કેવું હોય. એ વિષય ઉપર ઘણા ખુલાસા કર્યા.

મુમુક્ષુ :- નિવૃત્તિમય ચૈતન્યપરિણતિ. માતાજી કહે છે, ચૈતન્ય પરિણતિ થઈ જવી જોઈએ (ઈ આ)?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ નિવૃત્તિમય ચૈતન્યપરિણતિ. ઉપયોગ તો ક્યારેક થાય છે. પણ પરિણતિ જે છે એ મુખ્ય વૃત્તિ છે. પરિણમનની અંદર પરિણતિ છે એ મુખ્ય વૃત્તિ છે. મુખ્ય વૃત્તિ જે છે એ નિવૃત્ત રહેવી જોઈએ. ગૌણપણે જે પ્રવૃત્તિ થાય તો એ મુખ્ય વૃત્તિ એનો નિષેધ કર્યા વિના રહે નહિ. કેમકે એની મુખ્યતા છે. એનું બળ છે.

મુમુક્ષુ :- શું શું આવે ચૈતન્ય પરિણતિમાં?

પૂજ્ય ભાઈશ્રી :- બસ, પાછો વળીને અંદર આવે છે. નિવૃત્ત થાય છે એ પાછો વળીને અંદર આવે છે. જે ચૈતન્યપરિણતિને કોઈ પ્રવૃત્તિનો બોજો નથી. રાગાંશનો બોજો જેના ઉપર નથી એમ લેવું છે. રાગના અંશનો પણ બોજો એના ઉપર નથી. એ જુદું અને આ જુદું છે. બોજાવાળો ભાગ જુદો, બોજારહિતનો ભાગ જુદો. એમાં જ સુખ છે.

મુમુક્ષુ :- ઈચ્છાની નિવૃત્તિ થઈ ગઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઈચ્છા નિવૃત્ત થઈ ગઈ. ઈચ્છા એટલા માટે નિવૃત્ત થાય છે કે એ ઈચ્છાને જ પરિગ્રહ સમજે છે. વસ્તુને પરિગ્રહ નથી સમજતા. મૂર્છા પરિગ્રહ. મૂર્છા-ઈચ્છા એ જ પરિગ્રહ છે એને. અને એ ઈચ્છા કેવળ દુઃખરૂપ છે એમ જાણે છે. ઈચ્છાનું ઉત્થાન થયું એને એમ પૂછે છે કે તારા પરિપૂર્ણ સ્વરૂપમાં શેની ખામી

ને અપૂર્ણતા હતી કે તને ઈચ્છા થઈ? આ પ્રશ્ન છે. એની સામે સીધો પ્રશ્ન છે. કે પરિપૂર્ણ ચૈતન્યસ્વરૂપ, પૂર્ણ પરમેશ્વરમાં શું અધુરું છે? શું ખામી છે? કે તને ઈચ્છા થઈ? અને ઈચ્છા તો પરપદાર્થને વિષે થાય છે. તો કહે છે, પરપદાર્થ તો તને મળતો નથી. ઈચ્છા કર તોપણ મળતો નથી. એક દ્રવ્યથી બીજા દ્રવ્યનું મળવું તદ્દન અશક્ય છે. એટલે ઈચ્છામાત્ર બેકાર છે. એનું કોઈ સાર્થકપણું નથી.

મુમુક્ષુ :- અશુભ, શુભ અને શુદ્ધ ત્રણેની ઈચ્છા બંધ કરી દેવી?

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધ તો છે જ. પછી એની ઈચ્છા કરવાનો ક્યાં પ્રશ્ન છે? અપ્રાપ્તની ઈચ્છા હોય. જે પોતે જ શુદ્ધ સ્વરૂપે છે એની ઈચ્છા શું? એમ. લાડવો ખાધો અને પેટ ભર્યુ પછી લાડવાની ઈચ્છા છે? કેમ? કે ખવાઈ ગયો એ તો. પેટ ભરાય ગયું છે. એમ જે પોતાથી પરિતૃપ્ત છે. એમ. અભેદમાં વાંછાનો અભાવ છે.

'નિયમસાર'માં એક ૪૩ નંબરની ગાથા છે. એમાં આત્મા નિર્મમસ્વરૂપ છે. એવો એક બોલ છે. નિરાગ છે, નિર્દ્વંદ્વ છે, નિર્મમ છે. એમ કરીને બોલ છે. નિર્મમનો અર્થ 'ગુરુદેવે' પ્રવચનની અંદર કર્યો છે કે મમતા કરવી એટલે વાંછા કરવી. અભેદમાં તો વાંછાનો અભાવ હોય. અભેદમાં કેમ વાંછા હોય? ભેદ હોય ત્યાં બીજાના પ્રત્યે વાંછા થાય. અભેદમાં કેમ વાંછા થાય? અભેદમાં વાંછાનો અભાવ હોવાથી આત્મા નિર્મમ સ્વરૂપ છે. એવું પ્રવચનમાં નીકળી જાય કોઈવાર તો એવું નીકળી જાય છે. એકાદ ટૂકડો હોય પણ જબરજસ્ત વાત આવે છે! એમ મૂળ જે વાત છે સ્વરૂપની એ કોઈ એવી અલૌકિક શૈલીથી આવી જાય ત્યારે એના જ માટે જે આતુર છે, એવા જ ભાવની જેને આતુરતા છે એને એ અંદર ચોંટવી જોઈએ. નહિતર ઉપરથી ચાલ્યું જશે. નહિતર એને ત્યાં કાંઈ ખ્યાલ આવશે નહિ કે શું ચાલ્યું ગયું.

'**નિવૃત્તિમય ચૈતન્યપરિણતિમાં જ સુખ છે. બહારમાં ક્યાંય સુખ છે જ નહિ.**' અનુભવીને સત્પુરુષો એમ કહે છે કે આ જે અમારી ચૈતન્ય પરિણતિની ધારા છે, એ કોઈની સાથે પ્રવૃત્તિમાં લાગેલી નથી. નિજ ચૈતન્યમય થઈને રહે છે, વહે છે. એમાં સુખ છે. એથી બહાર ક્યાંય સુખ છે નહિ. એથી બહાર ક્યાંય સુખ છે નહિ. અને છે એની ભ્રાંતિ કરવા જેવી નથી કે બહાર ક્યાંય સુખ છે એવી કોઈ ભ્રાંતિ કરવા જેવી નથી. કેમકે છે જ નહિ. '**બહારમાં ક્યાંય સુખ છે જ નહિ. માટે...**' સરવાળો અહીંયાં આવે છે પાછો. મૂળ વાત ઉપર આવી જાય છે. કે એ બધાનું તાત્પર્ય એ છે. આટલું કહેવાનું તાત્પર્ય એ છે. શાંતિ, અશાંતિ, સુખ-દુઃખની ચર્ચા કરી એનું તાત્પર્ય એ છે કે '**ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો તે જ ખરું શ્રેયરૂપ છે.**' શ્રેયરૂપ છે, હિતરૂપ છે, ... છે. બધા શબ્દો વાપર્યા છે.

બધા એકાર્થ છે. એનો એક જ અર્થ થાય છે.

**'માટે નિજચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો...'** જ્યારે નિજચૈતન્યતત્ત્વને ઓળખવામાં આવે ત્યારે એ ઓળખાણમાં એ ભાવ સાથોસાથ ઓળખાણની અંદર સમાહિત છે કે ઠરવાનું આ મારું એક જ સ્થાન છે. મારે ઠરવાનું તો આ એક જ સ્થાન છે. હવે આ સિવાય મને ઠરવાનું કોઈ સ્થાન નથી. એનું નામ ઓળખાણ છે. પછી ત્યાં ઠરવું સહજ થાય છે. પોતાની વિશ્રામ સ્થાન, પોતાનું ઠરવાનું સ્થાન પોતાને ઓળખાય છે. આ સિવાય પોતાને ક્યાંય વિશ્રામ મળે એવું નથી, પોતે ક્યાંય ઠરીને રહી શકે એવું છે નહિ. ક્યાંય પણ જાય ઉપયોગ કે પરિણામ ક્યાંય લાગે તો દુઃખ, દુઃખ ને દુઃખ જ છે.

અનુકૂળતામાં સુખ લાગે છે એને એમ પૂછીએ છીએ કે ત્યાં તેં સુખ કેવી રીતે જોયું? તને દેખાયું કેમ? છે ખરું? અને એમાંથી સુખ આવે છે એવી કાંઈ પણ પ્રક્રિયા જોવામાં આવે છે? સુખ એક તો છે નહિ. કલ્પનાએ કરીને નિશ્ચય હતો તો આવે છે કેવી રીતે ઈ બતાવ. બેય ભ્રાંતિ છે. સુખ છે એ ભ્રાંતિ છે અને સુખ થાય છે એ પણ ભ્રાંતિ જ છે.

મુમુક્ષુ :- .. ભ્રાંતિ છે. ... ખ્યાલ આવે છે કે શ્રીગુરુ એમ કહે છે કે આ ભ્રાંતિ છે. પણ જ્યારે વર્તમાન ઉદયમાં જોડાણ થાય ત્યારે ... જાય. પાછળથી યાદ આવે કે આ ભ્રાંતિ હતી. એવી પરિસ્થિતિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જાગૃતિનો સવાલ છે ને. જ્યારે વેદાય છે ત્યારે જાગૃતિ કેમ નહિ? કોઈ ઘા કરે ત્યારે તો વાગે. જો એ વખતે એ ઘાને ચુકાવે નહિ તો વાગે. વાગે એટલે વેદન થાય. પછી પાટો બાંધે તો કાંઈ પેલું ઘા થયો અનું વેદન મટી જાય કાંઈ? જે ઘા પડ્યો એનું વેદન મટી જાય કાંઈ? પછી પાટાપિંડીનો કાંઈ અર્થ નથી. વાગ્યું એ તો વાગ્યું.

મુમુક્ષુ :- ઝેર તો ખવાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- જે ખવાઈ ગયું એ ખવાઈ ગયું.

એટલે મુમુક્ષુજીવ એવી એક અંદરમાં Practice ચાલુ કરે છે. જેને એમ કહેવાય કે અગાઉથી જાગૃત રહે છે. આ નથી આગોતરા જામીન લેતા? એને ખબર હોય કે મને પકડશે. તો લે. કેમ બધા લે છે? બધા લે છે કોઈ? ગુનો કર્યો હોય એ જ લે છે. અથવા ગુનાની સંભાવનાનો આરોપ આવે એ જ લે છે. તો એને ખબર છે કે અનંત કાળથી હું આટલી આટલી જગ્યાએ ફસાયેલો છું. હવે જ્યારે સમજમાં આવ્યું ત્યારે અગાઉથી ચેતવાનો પ્રશ્ન તો હોવો જોઈએ. જો આગળથી ચેતીને ચાલે

છે તો એ જ વખતે જાગૃત થઈ જાય છે, સતર્ક થઈ જાય છે. જે જીવ સતર્ક નથી, જાગૃત નથી એ પાછળથી સ્મૃતિનું સ્મરણ કરે છે. પાછળથી એનું સ્મરણ કરે છે કે આમાં આમ થવું જોઈએ, આ તો ભ્રાંતિ ગણાય, આ આમ થાય, આ આમ થાય. પણ એનો શું અર્થ છે? એનો તો કાંઈ અર્થ નથી.

મુમુક્ષુ :- ... આગોતરા જામીન લે અને અહીંયા તો ઉદય આને Continue ચાલુ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે આવે એના તીવ્રતાના કાળે કરે. જે સામાન્ય ઉદય છે કે એક વિકલ્પ ઉઠ્યો કે બેઠા થઈને ઊભું થવું કે ઊભા થઈને બેઠા. તો એમાં કાંઈ એટલી જાગૃતિ ભલે સામાન્ય ઉદયમાં નહિ આવે એવો વિકલ્પ થઈ જશે. પણ જ્યાં તીવ્ર રસ પડે એવા તો કોઈ કોઈ ઉદય હોય છે ને? એટલે શરૂઆત ત્યાંથી કરવી. એટલા માટે તો એ વાત લઈએ છીએ કે શરૂઆત ત્યાંથી કરવી. કે જ્યાં તીવ્ર રસના પરિણામ થાય એવા પ્રકારના ઉદય હોય ત્યાં પહેલા (શરૂઆત કરવી). કેમકે ત્યાં સ્થુળ પરિણમન છે, પકડાય એવું છે. ઓલું નહિ પકડાય. સાધારણ પરિણામ થાય છે એમાં જાગૃતિ આવવાની પક્કડ નહિ આવે.

આ ઘઉંની અંદર કાંકરા ભળી ગયા હોય. માટી ભેળવે છે ને? તો મોટા મોટા તો પહેલા ઉપાડી લ્યે? પછી જીણા જીણા રહી જાય ઘઉંની Sizeના, એનાથી નાની Sizeના એને વીણે. મોટા મોટા તો લઈ લ્યે. ત્યાંથી શરૂઆત કરે. પછી તો જેમ જેમ Practice થાય છે એમ પછી બધા નાના નાના, નાના નાના દોષ મોટા દેખાવા લાગે છે. પછી તો નાના દોષ છે એ મોટા દેખાવા લાગે છે. પણ શરૂઆત કરવી હોય તો એણે અહીંથી શરૂઆત કરવી જોઈએ.

મુમુક્ષુ :- અશુભમાં જે મજા પડે છે ત્યાંથી એ ઉપાડે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંથી લેવું? ખાસ કરીને ત્યાંથી. અથવા જ્યાં જ્યાં હરખ-શોકનો વિષય હોય. હરખ અને શોક એમાં તીવ્ર રસ પડે છે. કોઈ પ્રસંગોમાં જીવ હરખાય જાય છે, કોઈ પ્રસંગમાં શોકાતુર થઈ જાય છે. એને સંયોગવશાત દુઃખ લાગી જાય છે. ત્યાં રસ તીવ્ર થાય છે. એ જ વખતે એણે સાવધાન થઈને જ્ઞાનને તપાસવું કે જ્ઞાનમાં શું ગયું કે તું શોકાતુર છે? અને જ્ઞાનમાં શું આવી ગયું? જ્ઞાનમાં એટલે મારામાં, મારામાં એટલે આત્મામાં કે તું આનંદિત થઈ ગયો? આવ્યું શું? મળ્યું શું? જ્ઞાન તો જ્ઞાન જ છે. જ્ઞાન તો કેવળ જ્ઞાન જ છે, માત્ર જ્ઞાન જ છે. કાંઈ આવવા જાવાનો પ્રશ્ન છે નહિ એની અંદર. તપાસે. તપાસવા જાય એ વખતે રસ ઠંડો થાય એવો રોકડો જવાબ છે. પ્રયોગનો જવાબ તો બહુ રોકડો છે. જે

વખતે તપાસવા જાય, ચાલુ ઉદયમાં જે વખતે તીવ્રતા થઈ હોય એ જ વખતે તપાસમાં જાય એટલે રસ ઠંડો. ચાહે હરખનો હોય, ચાહે શોકનો હોય, ચાહે આકુળતાનો હોય. ગમે તે હોય. એ રસ એ જ વખતે ઠંડો થયા વિના રહે નહિ. બસ, પ્રયોગથી વારંવાર ઠંડો પાડે. પછી તો એ કળા હાથમાં આવી જશે. અનેકવાર Practice કરવાથી એ કળા હાથમાં આવી જશે. પછી તો નાનામાં નાની વાતમાં સહેજે જાગૃત રહેશે.

જમવા બેસે છે. Normal રોજ બાર વાગ્યે જમવાનો Time થાય અને જમવા બેસે. એમાં પહેલું જ સીધું પરિણામ આવે કે સ્વાદને અને જ્ઞાનને કાંઈ લેવા દેવા નથી. દાળ, ભાત, શાક, રોટલી, બીજું, ત્રીજું, પાંચ, દસ જે ચીજ હોય. આ કોઈ ચીજના સ્વાદને અને જ્ઞાનને કાંઈ લેવા-દેવા નથી. જ્ઞાનનો સ્વાદ લેશે. વસ્તુનો સ્વાદ લેવાને બદલે જ્ઞાનનો સ્વાદ લેવો છે. જ્ઞાનનો આહાર લેવો છે. ત્યાંથી ઊપડે. પછી ભલે Machineની જેમ ખાવાની ક્રિયા થઈ જાય. Machine ચાલે એમ ભલે થઈ જાય. આ Machineમાં ઓરે છે ને ? ઘંટીમાં ઓરે છે. ઘંટીના પૈડાને સ્વાદ આવે છે? નહિ. તો આ પણ ઘંટીના પૈડા જ છે. અંદર ફરે છે એ બીજું શું છે? ઘંટીમાં જેમ નાખ્યું, ઓર્યા પછી એ ફર્યા કરે છે એ શું છે? ઘંટીના પૈડા છે. જ્ઞાન જુદું છે. જ્ઞાનને કાંઈ લેવા-દેવા નથી. એ જાગૃત જ ન રહે તો પોતે ઓરાય જાય. પોતે સ્વાદમાં આખે આખો ઓરાય જાય છે.

મુમુક્ષુ :- આ જમવા પહેલા ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ બધા જ ઉદયમાં. જે-તે ઉદયમાં. ઉદય નિરંતર છે, પ્રયોગ પણ નિરંતર કરવા યોગ્ય છે.

અત્યારે અમને દુઃખ નથી લાગતું. ભાઈ! અત્યારે કાંઈ અમને દુઃખ નથી લાગતું. પણ રોગ વધી જશે. એ રોગ Chronic થઈ ગયો છે એ એકદમ વધી જશે. પછી કાંઈ તારો પ્રયત્ન કાર્યગત થશે નહિ. જ્યારે તીવ્રતાનો ઉદય આવે છે ત્યારે તો એક તો પોતે પ્રયત્નવાન પહેલેથી હોતો નથી. ત્યાં શું કરે પછી? ત્યાં તો ઘેરાયને ડૂબી જવાનો છે.

'**માટે ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવનો પ્રયાસ કરવો...**' ઓળખીને સ્થિર થવનો પ્રયત્ન કરવો. સહજપણે. કરવો એ કહેવાય છે. પણ સહજપણે એ થાય છે. ઓળખ્યા પછી સ્થિરતા ... છે એક ન્યાયે એ સહજ છે. '**તે જ ખરું શ્રેયરૂપ છે.**' કોઈપણ જાતના ઉપદ્રવ વિનાનું આત્મપદ છે. નિજ ચૈતન્યપદ છે એ કોઈપણ જાતના ઉપદ્રવ વિનાનું છે. શાંતપદ છે. કોઈ અશાંતિનો ઉપદ્રવ એમાં નથી. એમાં ઠરવું એ શ્રેયરૂપ છે. '**તે એક જ મનુષ્યજીવનમાં...**' એટલે ચાલતા જીનમાં, ચાલતા

પરિણમનમાં. એમ. મનુષ્યની પર્યાય છે એટલે મનુષ્યપણે કહેવાય છે. પણ ચાલતા પરિણમનમાં. જીવન એટલે પરિણમન. '**કરવાયોગ્ય હિતરૂપ કલ્યાણરૂપ છે.**' મનુષ્ય તો એટલા માટે કહે છે કે જેમાં હિતની બુદ્ધિ વિશેષ છે તે મનુષ્ય છે. આત્માનું હિત કરવાની બુદ્ધિ જેનામાં વિશેષ છે એને મનુષ્ય કહેવામાં આવે છે. ખરેખર મનુષ્યનો અર્થ એવો છે મૂળમાં.

મુમુક્ષુ :- હિતની બુદ્ધિવાળો મનુષ્ય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હિતની બુદ્ધિ હોય તેને માનવ કહીએ. મનુના પુત્રો છે ને? માનવ મનુના પુત્રો કહેવાયા. આ ગતિમાં હિતની બુદ્ધિ થાય છે. બાકી ત્રણ ગતિમાં હિતની બુદ્ધિ ભાગ્યે જ થાય છે. અબજોમાં કો'ક નીકળે છે. અસંખ્યની સંખ્યામાં કોઈકને થાય છે. અહીંયાં લાખો-કરોડોમાં કો'કને થાય છે. એટલો બધો ફેર છે. પ્રમાણ અહીંયાં એનું જે છે એ વધારે સારુ છે.

મુમુક્ષુ :- મનુષ્યનો અર્થ શું કીધો?

પૂજ્ય ભાઈશ્રી :- મનિષ ઉપરથી મનુષ્ય થયો. મનિષ એટલે બુદ્ધિવાન, વિચારવાન. પોતાના હિતની બુદ્ધિ, વિચારવાનપણું. હિત સંબંધીનું જેને વિચારવાનપણું છે તેને મનુષ્ય કહીએ.

મુમુક્ષુ :- કહીએ છીએ ને આપણે નથી કહેતા માણસ છો કે હેવાન છો?

પૂજ્ય ભાઈશ્રી :- હા. માણસ છો કે હેવાન છો.

મનુષ્યજીવમાં એ જ કરવા યોગ્ય છે, એ જ હિતરૂપ છે અને એ જ કલ્યાણરૂપ છે. એ ૩૭૫ થયો. ઓળખવા માટે બહુ વિસ્તારથી ચર્ચા કરી છે.

**પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે. આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમપારિણામિકભાવનું આલંબન. જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું-વ્યક્ત થતી વિભૂતિઓનું-વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી-તેના ઉપર જોર હોતું નથી. જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે. ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે. સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે. માટે બધું છોડી, એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે-અખંડ પરમપારિણામિકભાવ પ્રત્યે-દૃષ્ટિ કર, તેના ઉપર જ નિરંતર જોર રાખ, તેના જ તરફ ઉપયોગ વળે તેમ કર. ૩૭૬.**

હવે અહીંયાં અવલંબનનો વિષય ચર્ચ્યો છે. ૩૭૬ નંબરના બોલમાં. અવલંબન કોનું લેવું? અથવા અવલંબન લેવા યોગ્ય તત્ત્વ શું છે? બહુ સારો ખુલાસો છે. આટલી સ્પષ્ટતા સીધી પરમાગમમાંથી કાઢવી મુશ્કેલ પડે. અહીં એકદમ સ્પષ્ટ વાત છે. 'નિયમસાર'માં એ વાત લીધી છે કે ચારેય જાતિની પર્યાય છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉદયિક. એ કોઈ અવલંબન લેવા જેવા પરિણામ નથી. એ વિષય છે અહીંયાં.

'**પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી, પૂર્ણતા પ્રગટ થાય છે.**' અવલંબન છે એ મુખ્યપણે ચારિત્રથી અપેક્ષિત શબ્દ છે. એનો જે ભાવ છે એ ચારિત્રની અપેક્ષાવાળો છે. એટલે દષ્ટિપૂર્વક ચારિત્ર હોય છે એટલે દષ્ટિની વાત વચ્ચે નાખી દીધી છે. પણ અવલંબનનો સીધો સાદો અર્થ એ કે આધાર પકડવો, આધાર લેવો. એને અવલંબન કહેવામાં આવે છે. તો કહે છે કે '**પૂર્ણ ગુણોથી અભેદ...**' સામથર્યથી પણ પૂર્ણ અને સંખ્યાએથી પણ પૂર્ણ અનંત એવા ગુણોથી અભેદ છે. જેમાં ગુણોના ભેદ નથી. ગુણો કહીને અભેદ કહીએ છીએ. ગુણો કહેતા ગુણોના ભેદ સ્વભાવિકપણે લક્ષમાં આવે છે પણ એને નિરસ્ત કરીને, ગુણના ભેદોને નિરસ્ત કરીને '**અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દષ્ટિ કરવાથી,...**' અભેદ અને પૂર્ણ એવા આત્મદ્રવ્ય અથવા સ્વભાવમાં શ્રદ્ધાએ કરીને પોતાના અસ્તિત્વને ગ્રહણ કરી લેવાથી એને દષ્ટિ કરી, દષ્ટિ પ્રાપ્ત કરી એમ કહેવામાં આવે છે.

આલંબનનો બોલ છે ને. દષ્ટિ છે એ પોતે પણ સત્તાને ગ્રહણ કરે છે અને સત્તા છે, સત્તાના ગ્રહણમાં આધાર લેવાય છે. સત્તા એક ભૂમિ છે. નક્કર ભૂમિ છે. જેનો આધાર લેવાનો ભાવ ઊભો થાય છે. સત્તા ગ્રહણમાં આધાર લેવાનો ભાવ ઊભો થાય છે. અને નિજ અસ્તિત્વ હોવાથી એમાં સ્વપણું, અભેદપણે સ્વપણું. આ હું એમ બે વચ્ચે ભેદ નહિ પણ અભેદપણે સ્વપણું આવવાનો પણ પ્રકાર ત્યાં ઉત્પન્ન થાય છે. અભેદપણું થાય, પોતાની મોજૂદગી અને હયાતી પકડાય ત્યાં તે સંબંધીનો એટલે સ્વ સંબંધીનો નિજ રસ ઉત્પન્ન થયા વિના રહે નહિ. આ આત્મરસ છે. આવો જે નિજરસ છે એ આત્મરસ છે. એમ દષ્ટિ કરવાથી એમ લેવું છે ત્યાં.

'**પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ આત્મદ્રવ્ય ઉપર દષ્ટિ કરવાથી, તેના જ આલંબનથી,...**' અને તેના આધારથી '**પૂર્ણતા પ્રગટ થાય છે.**' ચોથુ ગુણસ્થાન પ્રગટ થાય છે, સાધકદશા પ્રગટ થાય છે, મુનિદશા પ્રગટ થાય છે એમ વાત નથી લીધી. પૂર્ણતા પ્રગટ થાય છે. કહેવાની જરૂર નથી કે નીચેની બધી દશા એમાં આવી જાય

છે. એકસો કહ્યા એમાં નવ્વાણુ સુધીના બધા આંકડા આવી ગયા. અત્યારે આ કાળે અહીંયાં પૂર્ણ મોક્ષ થતો નથી, પૂર્ણતા થતી નથી ને? એ વાત તો સ્મરણમાં પણ લેતા નથી.

'શ્રીમદ્જી'ને પચ્ચીસમાં વર્ષમાં 'સોભાગભાઈ'એ પ્રશ્ન કર્યો છે કે વર્તમાન જૈનાગમમાં એવી વાત છે કે આ કાળે મોક્ષ નથી. એમને એ વાતનો નિષેધ આવ્યો છે. ઠીક! અધ્યાત્મના જોરમાં એમને એ વાતનો નિષેધ આવ્યો છે કે આ ક્ષેત્રની અપેક્ષાએ લખ્યું હોય એમ લાગે છે. પણ અમે તો ભૂલી જઈએ છીએ કે આ ક્ષેત્રમાં છીએ કે કોઈ બીજા ક્ષેત્રમાં છીએ. આ કાળમાં આ ક્ષેત્રને માટે લખ્યું હોય એવું લાગે છે. અથવા પહેલા કાંઈક લખાયું હશે આગમમાં. પાછળથી કાંઈક ફેરફાર, કહેવાતા જિનાગમમાં કોઈ ફેરફાર થવાનો પણ સંભવ છે પાછળથી. એવી શંકા કરી છે ત્યાં. આ વાત ઉપર શંકા કરી છે. એ વિષય ઉપર બહુ જોર છે. કેમકે પૂર્ણતાની ભાવનામાં એ ભાવનાને ઠેસ પહોંચે એવી વાત કોઈ સાંભળવા તૈયાર થતું નથી. પોતાની ભાવનાને ઠેસ પહોંચે એવી વાત એમને સાંભળવી, વિચારવી કે સંમત કરવી રુચતિ નથી. વસ્તુસ્થિતિ હોય તો જાણે કો'કને માટે છે એમ લઈ લે છે. મારે માટે જાણે નથી. એવો ઉપાડ છે. બહુ સારો ઉપાડ છે.

પચ્ચીસમાં વર્ષમાં લખે છે કે માગશર સુદ છઠથી માંડીને જેઠ મહિનાનો કોઈક પત્ર છે. છ મહિના થઈ ગયા છે. કોઈ એવી દશા વર્તે છે કે જેટલી તીવ્ર ઉપાધિ છે એની સામે એવી તીવ્ર ભિન્ન પરિણતિ વર્તે છે. એવી સમાધિદશા રહે છે. ઉપાધિમાં સમાધિ એમ લખે છે. ઉપાધિરૂપ સમાધિ વર્તે છે અમને. એમની કલમ તો બહુ જોરદાર ચાલી છે. બહુ સારી દશા છે. ૧૯મા વર્ષે તો પામ્યા છે. ૨૫ વર્ષે જે વધતી દશા છે.

મુમુક્ષુ :- માગશર સુદ છઠનું જે વર્ણન છે. એના પછી વધતી દશા છે.

પૂજ્ય ભાઈશ્રી :- વધતી. હા. તીવ્ર તીવ્રતા પકડી છે.

મુમુક્ષુ :- પામ્યા છે તો ચોવીશમા...

પૂજ્ય ભાઈશ્રી :- ચોવીશમા પામ્યા છે. ચોવીશમા કારતકમાં જ પામ્યા છે. કારતક સુદ પાંચમના પત્રમાં તો પામવાની જાહેરાત કરી છે. શ્રાવણ મહિનાનો પત્ર છે. જેઠ મહિનાનો નહિ. શ્રાવણ મહિનાનો પત્ર છે. આઠ મહિના પછી લખે છે. મથાળું બહુ સરસ છે.

**'તે પુરુષ નમન કરવા યોગ્ય છે, કીર્તન કરવા યોગ્ય છે, પરમપ્રેમે ગુણગ્રામ કરવા યોગ્ય છે, ફરી ફરી વિશિષ્ટ આત્મપરિણામે ધ્યાવન કરવા યોગ્ય છે.'** એ

સત્પુરુષ પ્રત્યે બહુમાનનું મથાળુ બાંધ્યું છે કે **'જે પુરુષને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી કોઈપણ પ્રકારનું પ્રતિબદ્ધપણું વર્તતું નથી.'** અપ્રતિબદ્ધ છે. એમ.

**'આપના ઘણા પત્રો મળ્યા છે.'** આ તો રોજેરોજ કાગળ લખતા ને. આપણે 'વવાણિયા' પત્રો જોયા હતા ને? **'આપના ઘણા પત્રો મળ્યા છે. ઉપાધિજોગ એવા પ્રકારે રહે છે કે તેનાં વિદ્યમાનપણામાં પત્ર લખવા યોગ્ય અવકાશ રહેતો નથી,...'** કાગળ લખવાનો સમય જ રહેતો નથી. એટલી બધી પ્રવૃત્તિ રહે છે. અને (સોભાગભાઈને) જીવન જ એક શ્રીમદ્ થઈ ગયું છે. રોજ ઉઠીને કાગળ લખે. રોજનું વર્ણન લખે. આજે ઉઘરાણીએ જાવું છે એ પણ લખે. બધું લખે. એટલા બધા સરળ પરિણામ એમના 'સોભાગભાઈ'ના પત્રોમાં દેખાય છે કે એમના પોતાના બધા વિકલ્પો બતાવતા જ ગયા છે, લખતા જ ગયા છે. એટલી એમની સરળતા વિશેષ છે.

**'અથવા તે ઉપાધિને ઉદયરૂપ જાણી મુખ્યપણે આરાધતાં તમ જેવા પુરુષને પણ ચાહીને પત્ર લખેલ નથી; તે માટે ક્ષમા કરવા યોગ્ય છો. ચિત્તને વિષે જેવું આ ઉપાધિયોગ આરાધીએ છીએ ત્યારથી મુક્તપણું વર્તે છે.'** આ બાજુ ઉપાધિયોગ છે. એની પ્રવૃત્તિ ચાલે છે. પણ ચિત્તને વિષે એનું મુક્તપણું ત્યારથી વર્તે છે. બે ધારા લીધી છે. **'તેવું મુક્તપણું અનુપાધિપ્રસંગમાં પણ વર્તતું નહોતું;...'** શું હવે વિશિષ્ટતા લીધી છે કે આટલી ઉપાધિ કામની નહોતી ત્યારે એટલું મુક્તપણું નહોતું વર્તતું એટલું બધું મુક્તપણું ઉપાધિ આવ્યા પછી વર્તે છે. આ બાજુ ઉપાધિ વધે છે, આ બાજુ અમારો પુરુષાર્થ વધે છે. આ જુઓ એની અંતરંગની દશા શું છે!

**'એવી નિશ્ચળદશા માગશર સુદ ૬થી એકધારાએ વર્તી આવી છે.'** એમ લખે છે. માગશર સુદથી આ શ્રાવણ વદ, શ્રાવણ વદ ચાલે છે. આઠ મહિનાથી. **'મુંબઈ તો ઉપાધિસ્થાન છે, તેમાં આપ વગેરેનો સમાગમ થાય તોપણ ઉપાધિ આડે યથાયોગ્ય સમાધિ પ્રાપ્ત ન હોય, જેથી કોઈ એવું સ્થળ ધારીએ છીએ કે જ્યાં નિવૃત્તિ જોગ વર્તે.'** ૪૦૦ નંબરનો પત્ર છે.

મુમુક્ષુ :- પૂર્ણતા પ્રગટ થાય એમ આવ્યું ને? દ્રવ્યથી તો કાળ, ભાવ પ્રતિબંધ વિણ. ક્યો કાળ છે કે ક્યું ક્ષેત્ર છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ બધું ગૌણ થઈ જાય છે. પોતાની ભાવના આડે બધું ગૌણ થઈ જાય છે. ભાવનાનું જોર છે.

મુમુક્ષુ :- 'માતાજી' કહે છે ને કે અહીંયાં વિદેહમાં છીએ કે ભરતમાં છીએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ભૂલી જવાય છે.

મુમુક્ષુ :- પૂર્ણતાનો અર્થ અહીં પૂર્ણ જ્ઞાન કરશું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂર્ણતા એટલે મોક્ષ દશા. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ દર્શન, પૂર્ણ પુરુષાર્થ, બધું પૂર્ણ.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન અને મોક્ષદશા બેય એક?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ. એક જ. કેવળજ્ઞાન એ પહેલા સદેહે મોક્ષદશા હોય છે. જેને અરિહંતપદ આપણે કહીએ છીએ. ણમો અરિહંતાણમ્. અને પછી આગળ જતા વિદેહી દશા, સિદ્ધ દશા છે. એ પણ મોક્ષ દશા છે. બંને મોક્ષ દશા છે. એકમાં ભાવે મુક્તિ પહેલા શરૂ થઈ ગઈ. પછી દ્રવ્યથી પણ મુક્ત થઈ જાય છે.

મુમુક્ષુ :- તો આ આત્મદ્રવ્ય જે શબ્દ મૂક્યો છે અહીંયાં..

પૂજ્ય ભાઈશ્રી :- આત્મદ્રવ્ય એટલે ત્રિકાળી આત્માનો સ્વભાવ. મૂળ સત્ત્વ.

મુમુક્ષુ :- એ પણ જ્ઞાન થાય. આત્માનો સ્વભાવ એ પણ જ્ઞાન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ અહીંયાં એ શક્તિરૂપ છે. સ્વભાવ શક્તિરૂપ છે.

જેમ દિવાસળીની અગ્નિ. ઘાસતેલના ડબા ઉપર આખુ બાકસ પડ્યું હોય તો ડબો સળગે નહિ. પણ સળગેલી એક દિવાસળી ન બાજુમાં રખાય. સળગતી દિવાસળી ન રખાય. એકેય ન રખાય. અને આખું બાકસ પડ્યું હોય, આખુ બંડલ પડ્યું હોય તો વાંધો નહિ. એમ અવસ્થાફેરે ફેર છે. બંને અગ્નિ છે પણ બંનેની અવસ્થા જુદી જુદી છે. એક શક્તિરૂપ અને એક વ્યક્તિરૂપ. ચકમકમાં અગ્નિ છે. ચકમકમાં અગ્નિ છે. આ ચકમકનો પત્થર આવે છે ને એમાં અગ્નિ છે. ઘસે એટલે અંદરથી અગ્નિ વ્યક્ત થાય છે. તો અગ્નિની બે દશા. એક શક્તિ અને એક વ્યક્તિ. વ્યક્તિ હોય એનો ઉપયોગ થાય છે. શક્તિનો ઉપયોગ નથી થતો.

અહીંયાં હવે એમ લેવું છે કે તારામાં શક્તિ ભરી છે. અત્યારે કેવળજ્ઞાન વ્યક્ત દશા નથી પણ શક્તિ ભરી છે. શક્તિ ભરી છે એવું તારી શક્તિનું તું આલંબન લ્યે, આધાર લ્યે તો તને વ્યક્ત થઈ જાય. જેમ ચકમકને ઘસવાથી અગ્નિ પ્રગટે છે. એમ તારા પુરુષાર્થને તારી શક્તિ સાથે ઘર્ષણમાં લઈ જા. એમ કહે છે.

મુમુક્ષુ :- પણ એના માટે તો શબ્દ વાપર્યો છે. અભેદ શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતાનું જ સ્વરૂપ છે એટલે અભેદ. એવું આત્મદ્રવ્ય તો પોતાનું સ્વરૂપ છે. પોતાથી કોઈ જુદી ચીજ નથી. જુદી ચીજ હોય તો ભેદ કહેવાય. પોતામાંને પોતામાં ભેદ શું? એમ. એમ કહેવું છે. અથવા ઘણાં ગુણ છે. જ્ઞાનગુણ છે, દર્શનગુણ છે, આનંદગુણ છે એવા ગુણભેદોથી અભેદપણું જેનું છે એવું સ્વરૂપ લેવું છે. પદાર્થપણે બધા અભેદ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જેવો જ્ઞાનસ્વરૂપ છે એવો જ આનંદસ્વરૂપ છે, એવો જ પુરુષાર્થસ્વરૂપ છે, એવો જ અસ્તિત્વસ્વરૂપ

છે. એક જ પદાર્થના ગુણો છે કે જેને જુદા પાડી શકાતા નથી.

એક પુદ્ગલમાં વર્ણને અને સ્પર્શને જુદા નથી પાડી શકાતા. કેરીમાંથી કેરીનો સ્વાદ છે એનું પ્રયોજન છે. તો એમ માગણી કરી શકાય કે ગોટલા, છોતરા કાઢીને મને રસ આપો. બોલો ભાવ શું છે? કેમકે ગોટલા-છોતરામાં તો રસ નથી. રસ જુદી ચીજ છે. પણ વચમાંથી કોઈ એમ કહે છે કે મને સ્વાદ જોખીને આપો. મારે રંગનું કામ નથી. રંગના પૈસા મારે નથી દેવા. એટલું મને વળતર આપો. એનો ભાવ કહો. કેમકે એ અભેદ છે. એક પદાર્થમાં એના ગુણો છે એ અભેદ છે. એમ જ્ઞાન, દર્શન, પુરુષાર્થ એ બધા અભેદ છે. એવું એક પદાર્થનું, આત્મદ્રવ્યનું સ્વરૂપ છે. એવા અભેદ આત્મા ઉપર દૃષ્ટિ કરવી એટલે શ્રદ્ધાએ કરીને હુંપણું સ્થાપવું. પોતાની હયાતી શ્રદ્ધામાં ગ્રહણ થવી. એમ લેવું છે.

અને '**તેના જ આલંબનથી,...**' તેનો જ આધાર લેવાથી, તેનું અવલંબન લેવાથી '**પૂર્ણતા પ્રગટ થાય છે.**' જો પોતાની દશા પોતાના અભેદ આત્મદ્રવ્યનું અવલંબન લે, આધાર લે કે હું આવો છું. સ્વરૂપે કરીને હું પૂર્ણ શુદ્ધ અને પૂર્ણ ગુણથી અભેદ છું. તો એ અવલંબનારી દશા પૂર્ણ થઈ જાય. એમાં ક્યાંય અપૂર્ણતા રહે નહિ. કેવળજ્ઞાન આદિ પ્રગટ થઈ જાય.

મુમુક્ષુ :- આલંબન હજી બરાબર ન સમજાણું.

પૂજ્ય ભાઈશ્રી :- આલંબન લેવું એટલે આધાર લેવો. આલંબન લેવું એટલે આધાર લેવો. હવે એ તો શબ્દનો અર્થ થયો. એનો ભાવ ભાસે. એ લેવું હોય તો જ્યાં જ્યાં પોતે આલંબન લે છે એ ભાવનો જે અનુભવ થાય છે એને ઉપયોગમાં લેવો.

ફરીને. કોઈપણ અધ્યાત્મ ભાષાના શબ્દોનો ભાવ સમજવા માટે, અર્થ કહેતા અહીંયાં ભાવ સમજવા માટે તે સંબંધિત જે અનુભવ છે એના ઉપર ઉપયોગને લઈ જવો. એટલે એનો ભાવ ભાસે છે. આ સમજવાની પદ્ધતિ છે. અત્યારે પણ જીવ અવલંબન વિનાનો નથી. દેહ તે હું, આ શરીર તે હું, આ રાગ તે હું એવું એને અવલંબન વર્તે છે. કેવું અવલંબન વર્તે છે? આ રાગ તે હું, દેહ તે હું. દેહને ટકવા, નભવાના જે સાધન છે-મકાન, પૈસા, રોટલા વગેરે એનો એણે આધાર લીધો છે કે આનાથી હું નભીશ, આનાથી હું ટકીશ, આનાથી હું જીવીશ. તો એવો ક્યાં ક્યાં એને આધાર લેવાનો અવલંબનભૂત ભાવ વર્તે છે, એ ભાવનો જે અનુભવ એને વર્તે છે એ ભાવ અનુભવનો વિષય છે, એના ઉપર ઉપયોગને લઈ જાય તો એ ભાવનું ભાસન થશે. ત્યાંથી સવળુ સમજાય જશે. અવળામાંથી સવળું સમજાય

જશે. એવું શ્રદ્ધામાં, એવું જ્ઞાનમાં, એવું આચરણમાં. એવા બધા ગુણોના પરિણામમાં. આ અવલંબન તો ચારિત્રનું પરિણામ છે. અંતર અવલંબન લે છે, એકાગ્રતા લે છે. એકાગ્રતા થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટે છે. છેલ્લી હદની જે એકાગ્રતા ક્ષાયિક શ્રેણીની જે છે એમાં પૂર્ણતા પ્રગટ કરવાનો એ એક પ્રકાર છે. એવું દૃઢ અવલંબન છે.

મુમુક્ષુ :- અવલંબન એટલે ઠરવું, લીનતા કરવી?

પૂજ્ય ભાઈશ્રી :- 'આ હું' એમ એકાગ્રતામાં પક્કડ આવવી. એકાગ્રતા આવવી. પૂર્ણતા પ્રગટ કરવાની એકાગ્રતા આવવી. કોના આધારથી? કે પોતાના આત્મદ્રવ્યના આધારથી. એવું પોતાનું અભેદપણું અવલંબનમાં રહે કે જેમાં દ્રવ્ય-પર્યાયના પણ ભેદ ભાસે નહિ. અવલંબનને યોગ્ય કોણ છે અને અવલંબન લેનાર કોણ છે એ વાત પણ જેની અંદર ભેદપણે ન રહે એવા ભાવથી અભેદતા થાય. અને એ પણ ચરમસીમાએ પહોંચે ત્યારે પૂર્ણતા પ્રગટ થાય છે.

**'આ અખંડ દ્રવ્યનું આલંબન...'** અભેદ, પૂર્ણ અને અખંડ. એક શબ્દ વધારે આવ્યો. **'આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ એક પરમપારિણામિકભાવનું આલંબન...'** છે. આ બીજો શબ્દ નાખ્યો પરમપારિણામિકભાવ. ગુણોથી અભેદ, પૂર્ણ આત્મદ્રવ્ય, અખંડ દ્રવ્ય અથવા પરમપારિણામિક ભાવ અથવા જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ. જે કહો તે. એ બધું એકાર્થ છે. એ અખંડ દ્રવ્યના આલંબનને અહીંયાં પરમપારિણામિકભાવનું આલંબન કહેવામાં આવે છે. એ જ આલંબન છે. આ આલંબન અને બીજું દ્રવ્યનું આલંબન કાંઈ જુદી જુદી ચીજ નથી.

મુમુક્ષુ :- બેય એક જ અર્થ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અખંડ દ્રવ્ય કહો કે પરમપારિણામિકભાવ કહો. બેય એક જ પદાર્થના શબ્દો છે. વાચ્ય બંનેનું એક જ છે. વાચક શબ્દો જુદા જુદા છે. વાચ્ય બંનેનું એક જ છે.

**'જ્ઞાની તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું...'** એટલે કે આત્મદ્રવ્યની, આત્મગુણોની ચૈતન્યની **'વ્યક્ત થતી વિભૂતિઓનું વેદન હોય છે પણ તેનું આલંબન હોતું નથી-તેના ઉપર જોર હોતું નથી.'** તેના ઉપર એકાગ્રતા હોતી નથી. અહીંયાં જે બોલનો વિષય છે એ વેદન અને આલંબન બેને જુદું પાડવું છે. એ વિષય છે અહીંયાં. વેદન છે એ અવસ્થાનું છે. આલંબન છે એ ધ્રુવનું છે. અવસ્થા તો આલંબન લેનાર છે. ધ્રુવ છે એ આલંબન દેનાર છે. એક લેનાર છે અને એક દેનાર છે. લેનાર છે તે દેનાર નથી. દેનાર છે તે લેનાર નથી. એમ સમજાવવું છે. વિશેષ સ્પષ્ટ કર્યો છે એ દૃષ્ટિએ.

મુમુક્ષુ :- પર્યાયો ઉત્પન્ન થાય એ વિભૂતિ શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... પર્યાયો જે ઉત્પન્ન થાય છે એ ચૈતન્યની વ્યક્ત થતી વિભૂતિ છે. આત્મ વૈભવ છે. એ આત્માની મૂડી, સાચી મૂડી છે. પ્રગટ થયેલી મૂડી હોય. જે મૂડી પોતે વાપરીને ભોગવી એવી આ મૂડી છે. તિજોરીમાં રહેલી તો અંદર છે, તિજોરીમાં છે. દ્રવ્યમાં છે એ ભંડારમાં છે. અને વ્યક્ત થઈ એનો ઉપભોગ છે. અને એ બધી દશાઓ કોઈ અલૌકિક આશ્ચર્યકારી દશાઓ છે એટલે એનો મહિમા કરે છે. એમ કહીને એમ કહેવું છે કે ભલે એ મહિમાવંત, મહિમા કરવાને યોગ્ય દશા છે તોપણ એનું આલંબન લેવાનો પ્રશ્ન રહેતો નથી. આલંબન તો ત્રિકાળીનું છ, એમ વાતને સ્પષ્ટ કરવી છે. વિશેષ લઈશું...

## તા. ૪-૬-૧૯૮૮, વચનામૃત-૩૭૬
## પ્રવચન નં. ૨૮૯

૧૩૫ પાનું. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ અને વર્તમાન શુદ્ધ પર્યાય એ બંને વચ્ચે વેદનનો ભાગ ક્યાં છે, અવલંબનનો વિષય કેટલો છે એનું સ્પષ્ટીકરણ છે. આ બોલની અંદર અમુક વિવક્ષાના કથન આવે છે. યથાર્થ વસ્તુ સ્વરૂપની સમજણ ન હોય તો કથનનો સીધો અર્થ કરે અથવા કથન અનુસાર સીધો અર્થ સમજે તો ગેરસમજણ ઊભી થાય છે. અહીંયાં એ વિષયમાં બહુ સ્પષ્ટ સ્પષ્ટીકરણ આપ્યું છે.

અધ્યાત્મના પ્રકરણમાં એમ આવે કે પર્યાય દ્રવ્યમાં તન્મય થઈ જાય છે, શુદ્ધ પર્યાય દ્રવ્યમાં અભેદ થઈ જાય છે, શુદ્ધ પર્યાય દ્રવ્યમાં લીન થઈ જાય છે અથવા શુદ્ધ પર્યાય અને દ્રવ્ય વચ્ચેનો ભેદ ભાસતો નથી. અને દ્રવ્ય આત્માનું વેદન થાય છે, આત્માનો અનુભવ થાય છે, ધ્રુવ આત્મા અનુભવાય છે એવા પણ કથન આવે છે. તોપણ ખરેખર અનુભવનો વિષય પર્યાય જેટલો મર્યાદિત છે. વેદનનો વિષય ત્રિકાળી દ્રવ્ય થતું નથી. ફક્ત પર્યાય જ પોતાનું વેદન કરે છે. એ પર્યાયને કદી પોતાની શુદ્ધ પર્યાયનું આલંબન હોતું નથી. જે પર્યાય પર્યાયનું આલંબન લે છે તે મિથ્યા પર્યાય, મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શનવાળી પર્યાયમાં હોય છે. જે પર્યાયને સ્વદ્રવ્યનું-દ્રવ્ય સ્વભાવનું આલંબન હોય છે તે પર્યાય સમ્યક્ દશાને પ્રાપ્ત થઈ છે એમ ગણાય છે. આમ છે.

મુમુક્ષુ :- ત્યાં ને ત્યાં જ છે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતાની બહાર તો ક્યાંય પ્રશ્ન છે નહિ. સ્વદ્રવ્યને છોડીને અથવા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની સત્તાને છોડીને કોઈ બીજી સત્તામાં ભળવાનો ક્યાંય પ્રશ્ન ઉપસ્થિત નથી થતો.

મુમુક્ષુ :- અનાદિ કાળથી આટલામાં જ આવ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- માન્યું હોય ગમે તે, તોપણ પોતાની મર્યાદા પોતાથી બહાર નથી. પોતાનું કાર્ય, પોતાની ગુણસંપત્તિ અથવા પોતાનું સર્વસ્વ પોતામાં છે. પોતાથી બહાર નથી. અને બીજી કોઈ સંપત્તિ પોતામાં નથી. ભલે માની હોય કે મને આમ મળ્યું ને તેમ મળ્યું.

મુમુક્ષુ :- મૂળ તો આલંબન લેવાનું છે?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ આલંબન લેવાનું છે. અનાદિથી જીવે પોતાની વર્તમાન અવસ્થાનું આલંબન લીધું છે. એ ભૂલને લઈને પછી એને રાગ (થાય) એ પણ અવસ્થા છે અને રાગના વિષયભૂત પદાર્થો એનું આલંબન લેવાનું ભૂલથી બન્યું છે. ખરેખર એનું આલંબન એ કોઈ સ્થાયી આલંબન નહિ હોવાથી અથવા એ આલંબન સદાય નહિ રહેતું હોવાથી, આલંબન પ્રાપ્ત નહિ થતું હોવાથી જીવ નિરંતર આકુળતા ભોગવે છે. એ પરિસ્થિતિમાંથી દુઃખની (ઉત્પત્તિ) થાય છે.

હજુ પણ દ્રવ્ય સ્વભાવનું આલંબન પર્યાયમાં આવ્યું નથી. એટલે એ વિષયનું સ્પષ્ટીકરણ છે અહીંયાં. ૧૩૫ પાને છેલ્લી લીટી છે. '**જ્ઞાનીને તે આલંબનથી...**' તે એટલે અખંડ દ્રવ્યનું આલંબન, એ જ અખંડ એક પરમપારિણામિકભાવનું આલંબન '**તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું...**' વેદન હોય છે. જે પર્યાયો આત્માના અનંત ગુણોથી શુદ્ધ થઈને વિભૂષિત થઈ રહી છે અથવા જેમાં આત્મગુણનો વૈભવ પ્રગટ થયો છે, અનેક દિવ્ય ગુણોની વિભૂતિ જેમાં વ્યક્ત થઈ છે એનું વેદન હોય છે.

જ્ઞાનીને પર્યાયોનું વેદન હોય છે. કથન પર્યાયોનું વેદન છે એમ પણ આવે અને કથન પર્યાય સહિત દ્રવ્યનું વેદન છે એમ પણ આવે. કથન આવે છે કે દ્રવ્યનું વેદન છે એમ પણ કથન આવે. પર્યાયનું વેદન છે એમ પણ કથન આવે. અને પર્યાય સહિતના દ્રવ્યનું વેદન છે એમ પણ કથન આવે. ત્રણે પ્રકારે કથન આવે. સમજવું શું? આ જ્યારે સવાલ ઊભો થાય છે ત્યારે અહીંયાં એક ચોખવટ છે કે શુદ્ધ પર્યાય જ્યાં છે એટલે કે જ્યાં ભ્રમણા નથી, જ્યાં મિથ્યાત્વ નથી. શુદ્ધ પર્યાયનો અર્થ શું છે? કે જ્યાં મિથ્યાત્વની ભૂલ નથી અને જ્ઞાનમાં કોઈ વિપર્યાસ, ભ્રમણા, કલ્પના નથી. જેવું છે એવું જાણવું થાય છે ત્યાં ત્રણ પ્રકારની શુદ્ધ અવસ્થાઓ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા ત્રણ પ્રકારની અવસ્થાઓ ઉત્પન્ન થાય છે અને તે ત્રણે પ્રકારની પર્યાયોમાં જ્ઞાનીને પર્યાયોનું વેદન હોય છે પણ પર્યાયોનું આલંબન હોતું નથી. તેનું એટલે પર્યાયોનું આલંબન હોતું નથી. પર્યાયને જુદી પાડવી પડે છે. અહીંયાં પર્યાયને જુદી પાડીને? કેમ કે એ વગર વસ્તુનું સ્વરૂપ કેવી રીતે સમજાવું?

ભેદ-પ્રભેદ વિના યથાર્થ વસ્તુનું સ્વરૂપ સમજાવવું કોઈ રીતે સંભવિત નથી, શક્ય નથી. વસ્તુતાએ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભેદ સત્તા હોવા છતાં જે ભેદ-પ્રભેદો છે એ પણ યથાસ્થાને જાણવા યોગ્ય છે. વસ્તુનું સ્વરૂપ યથાર્થ સમજવા માટે જાણવા યોગ્ય છે. જાણીને પછી અવલંબન કોનું લેવું? એ નક્કી કરવું પડે. પણ જાણે જ

નહિ તો કોનું અવલંબન લેવું અને કોનું અવલંબન નહિ લેવું, એ વાત કેવી રીતે નિર્ણયમાં આવે? અથવા જાણ્યા વિના હેય-ઉપાદેય કેમ નક્કી થાય? અવલંબન લેવું તે ઉપાદેયતા છે અને અવલંબન નહિ લેવું તે હેયપણું છે. અનાદિથી પર્યાયને પર્યાયાશ્રિત પરિણામ છે એ એને પર્યાયની ઉપાદેયતા છે. એ તો હેય કરવાની છે અને અનાદિથી ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનું અવલંબન આવ્યું નથી, એનું અવલંબન લઈને એની ઉપાદેયતા કરવાની છે. એ દ્રવ્ય-પર્યાયના ભેદ સમજાયા વિના એનો હેય-ઉપાદેયનો વિવેક પણ થઈ શકવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- વેદન પર્યાયનું છે, અવલંબન દ્રવ્યનું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વેદન પર્યાયનું છે અને અવલંબન પર્યાયનું નથી. અવલંબન દ્રવ્યનું છે અને વેદન દ્રવ્યનું નથી. એમ સામે સામું છે. એમાં જરા પણ આઘુપાછું કરવા જાય તો ગોટાળો ઊભો થાય અથવા વિપર્યાસ ઊભો થાય છે. આમાં કાંઈ આઘુપાછું ચાલે એવું નથી.

મુમુક્ષુ :- આઘુપાછું કરે તો માર્ગ હાથ ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- માર્ગ હાથ ન આવે અને મિથ્યાત્વ હાથ આવે. અજ્ઞાન, કલ્પના, ભ્રમણા, વિપર્યાસ એ થાય.

એક ન્યાયથી પર્યાયપ્રધાન દ્રવ્ય સમજવામાં સાનુકુળ પડે છે. પણ એ એકાંત નથી. એવો કોઈ એકાંત નથી.

મુમુક્ષુ :- પર્યાયપ્રધાન?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય.

મુમુક્ષુ :- સમજવામાં અનુકૂળ પડે.

પૂજ્ય ભાઈશ્રી :- સમજવામાં અનુકૂળ પડે. જેમકે 'સમયસાર'ની ત્રીજી ગાથા લીધી છે. '**चरित्तदंसणणाणठिदो**'. એમ શબ્દ લીધો છે. દર્શન-જ્ઞાનમાં સ્થિત છે તે સ્વસમય જાણો. સ્થિત પુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે એમ લીધું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને જીવદ્રવ્યમાં સ્થિર કર્યા, જીવ સ્વભાવમાં સ્થિર કરતા એ સ્વસમય થયો છે ખરેખર તો. કેમકે અવલંબનનો વિષય તો જીવદ્રવ્ય છે. પણ સમજાવવા માટે આચાર્યે આમ શૈલી કરી. 'કુંદકુંદાચાર્યે'. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જે સ્થિર થયો તે જીવને સ્વસમય કહીએ. દ્રવ્યને, પર્યાયને અભેદ વિવિક્ષા કરીને એ કથન કર્યું છે.

મુમુક્ષુ :- ખરેખર આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્થિત થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર જે જીવદ્રવ્યમાં સ્થિર

થયો ત્યારે સ્વસમય થયો. સમજાવવું સહેલું પડે અને સમજનારને સમજવું સહેલું પડે. કેમકે જીવ પોતે પર્યાયમાં ઊભો છે. ક્યાં ઊભો છે? પર્યાયમાં ઊભો છે તો કહે છે, તું પુદ્‌ગલ પ્રદેશોમાં ઊભો છો. આ દેહવાળો હું છું, આ શરીરવાળો હું છું, આ બધા વાળો હું છું. આવા રાગવાળો છું, આવી બુદ્ધિવાળો છું. એમ પર્યાયમાં ઊભો છે. એ પર્યાયમાં ઊભો છે તો એની પદ્ધતિથી એને સમજાવે છે. વ્યવહારિક જીવને એની ભાષામાં, મ્લેચ્છને મ્લેચ્છની ભાષામાં સમજાવે તો કાંઈક સમજે, નહિતર કાંઈ ન સમજે. બીજી ભાષા એ સમજતો જ નથી. તો કેવી રીતે સમજે? એ પરિસ્થિતિમાં એવી પણ શૈલી કરવામાં આવે છે. પણ તેથી કરીને તેનું કોઈ એકાંત છે એવું તો નથી.

અહીંયાં આ જગ્યાએ તો વિષય બહુ ચોખ્ખો છે. ૩૭૬માં. કે જ્ઞાનીને. જેને જ્ઞાનદશા પ્રગટ થઈ છે. જે સાધકદશામાં પોતાના નિજ સ્વરૂપના અવલંબનથી મોક્ષમાર્ગમાં પોતાના આત્મહિતનું સાધન સાધી રહ્યા છે. પછી એમેય કહેવાય કે જે પોતાના દ્રવ્ય સ્વભાવને સાધી રહ્યા છે. એમેય કહેવાય. કથનનો કોઈ વાંધો નથી. સમજીને કહે તો કોઈ વાંધો નથી. અને વગર સમજે સાચુ કહે તોપણ એ કથન સાચું નથી.

'**જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી...**' એટલે પરમપારિણામિકભાવ, ધ્રુવ દ્રવ્ય સ્વભાવ, જ્ઞાયકભાવ, તેના અવલંબનથી. તેનો આધાર લઈને પ્રગટેલી દશા. ત્રણ પ્રકારે શુદ્ધ દશાઓ છે. ઉપશમભાવરૂપ છે, ક્ષાયિકભાવરૂપ છે અને ક્ષાયોપશમિકભાવરૂપ છે. જેમાં આત્માની વિભૂતિઓ વ્યક્ત થઈ ગઈ છે, જેમાં આત્માનો ગુણ વૈભવ પ્રગટ થયો છે એવું વેદન હોય છે, તેનું અનુભવન હોય છે. એમાં પણ બધા ગુણોમાં અનુભવ કરવાનો સ્વભાવ ચૈતન્યનો અથવા જ્ઞાનગુણનો છે. જ્ઞાન-દર્શનમાં ચૈતન્યનો અનુભવ કરવાનો સ્વભાવ છે.

છઠ્ઠી ગાથાનું પ્રવચન કરતા એકવાર 'ગુરુદેવે' એમ કહ્યું કે નિગોદથી માંડીને સિદ્ધપદ સુધીની સર્વ અવસ્થાઓમાં અથવા અનાદિઅનંત અવસ્થાઓમાં હે જીવ! તને તારા જ્ઞાનનો જ અનુભવ થયો છે અને આ સિવાય તને કોઈ અનુભવ થયો જ નથી. થઈ શકતો પણ નથી. તારી દૃષ્ટિ તારા જ્ઞાન ઉપર નહિ હોવાથી, જ્ઞાનમાં જે જ્ઞેયનું પ્રતિબિંબ થાય-અનેક પરદ્રવ્યો-તેથી તને એવો ભ્રમ થયો છે કે મને જ્ઞેયોનો અનુભવ થઈ રહ્યો છે. રાગ પ્રતિબિંબ પામ્યો તો મને રાગનો અનુભવ થઈ રહ્યો છે. બીજા જ્ઞેયોનું પ્રતિબિંબ આવ્યું તો એનો અનુભવ થઈ રહ્યો છે. ઠંડી, ગરમી, ખાટું, ખારું, તીખું વગેરે. પણ ખરેખર તો એમ તેં માન્યું છે. તોપણ એ વખતે તને તારા જ્ઞાનનો જ અનુભવ થયો છે. પરનો અનુભવ જ્ઞાન કરી શકતું નથી. આટલું સ્પષ્ટ છે.

જે આડી લીટી કરેલી છે એમાંના શબ્દો '**વ્યક્ત થતી વિભૂતિઓ...**' આ કાઢીને સીધું વાંચીએ તો '**ઉપશમ, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું વેદન હોય છે પણ તેનું આલંબન...**' એટલે તે પર્યાયોનું આલંબન હોતું નથી. કેમકે એ શુદ્ધ પર્યાય છે. પર્યાય પર્યાયનું આલંબન લેતા મિથ્યાભાવ ઉત્પન્ન થાય છે. એક સમયની પર્યાય આલંબન લેવા જાય ત્યાં વ્યતીત થઈ જાય છે. આલંબન હાથ આવતું નથી. એટલે દુઃખી થાય છે.

અથવા જ્ઞાનીને એવું વિપરીત પરિણમન હોતું નથી. એવો વિપર્યાસ જ્ઞાનીને હોતો નથી અને આલંબન હોતું નથી. એનો અર્થ કે તેના ઉપર જોર પણ હોતું નથી. વ્યક્ત થઈ છે વિભૂતિઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના દિવ્ય ગુણો પ્રગટ થયા છે, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવો પ્રગટ થયા છે અને એ પ્રગટ થયેલા ભાવો ઉપર પણ એનું જોર નથી. અથવા એમાંથી આ સીધો અર્થ પણ નીકળે છે કે જેનું આલંબન હોય એના ઉપર જોર જાય છે. પુરુષાર્થ ક્યાં કામ કરે છે? કે પર્યાય જેનું આલંબન લે એના ઉપર કામ કરે છે. પર્યાય પર્યાયાશ્રિત પરિણમન કરે, પર્યાયના આલંબને પરિણમે ત્યારે એનું જોર પર્યાય ઉપર જાય છે. એમાં પણ રાગાદિ ભાવોનું આલંબન હોવાથી રાગ ઉપર જોર જાય છે. રાગના વિષયનું આલંબન થતાં એના ઉપર જોર જાય છે. જેનું આલંબન એની મુખ્યતા, એનું જોર. જ્ઞાનમાં મુખ્યતા એની થાય, પુરુષાર્થમાં જોર એ બાજુ જાય. નિયમબદ્ધ. આલંબન પર્યાયનું રહે, રાખે અને વિકલ્પમાં કે ભાષામાં ત્રિકાળી ત્રિકાળી કર્યા કરે તો કાંઈ ત્રિકાળી પ્રત્યે જોર આવે નહિ.

એટલે 'સોગાનીજી' પોતાની શૈલીમાં એમ કહે છે કે પર્યાયમાં બેસીને તું દ્રવ્યની વાત કરે છો કે દ્રવ્ય ઉપર જોર લગાવવાની વાત કરે છો? પણ એમ કાંઈ દ્રવ્ય ઉપર જોર નહિ જાય. પર્યાયમાં બેસીને નહિ કરાય. પર્યાયમાં બેઠો છો અને હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું.. હું જ્ઞાયક છું એમ વિકલ્પ કરે. હું ધ્રુવ છું... હું ધ્રુવ છું. કામ નહિ થાય કોઈ દિવસ. પર્યાયમાં બેઠો છો. એટલે કે તારું જોર પર્યાય ઉપર છે. તારું આલંબન પર્યાયનું છે અને માત્ર વિકલ્પ ઉપર ઉપરનો ચાલે છે કે હું જ્ઞાયક છું, હું ધ્રુવ છું. તો એ રીતે એ કાર્ય થતું નથી.

મુમુક્ષુ :- આલંબન એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- આલંબન એટલે આધાર લેવો. અવલંબનનો મુખ્ય અર્થ એ છે. આધાર લેવો. કોના અવલંબને જોર આવે છે? કે જેમાં અનંત સામર્થ્ય ભર્યું છે એના અવલંબને સાચુ પુરુષાર્થનું જોર પ્રગટ થાય છે. એને સમ્યક્ પુરુષાર્થ કહે

છે. એ સાચો પુરુષાર્થ છે.

મુમુક્ષુ :- જેમાં અસ્તિત્વ કરે તેનું જ અવલંબન હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો પોતાપણું રાખે એનું જ અવલંબન આવે. એટલે પોતાપણું કરવું એ મુખ્યપણે શ્રદ્ધાગુણનું કાર્ય છે. પછી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ત્રણેમાં થાય છે. મુખ્યપણું કરવું એ જ્ઞાનનું કાર્ય છે. જોર કરવું એ પુરુષાર્થનું કાર્ય છે. અવલંબન લેવું એટલે સ્થિર થવું. ખરેખર તો આધાર લઈને સ્થિર થવું. એ ચારિત્રનું કાર્ય છે. પછી જુદા જુદા ગુણોમાં પણ એ વપરાય છે. કેમકે કોઈ એક ગુણનું કાર્ય બીજા ગુણની મુખ્યતાથી પણ વર્ણન કરવામાં આવી શકે છે.

મુમુક્ષુ :- આશ્રય શબ્દે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આશ્રય શબ્દ છે. એ પણ અવલંબન અને આશ્રય એકાર્થમાં આવે છે.

મુમુક્ષુ :- ઉપાદેય.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાદેયતા પણ આવે છે. એ પણ ચારિત્રની મુખ્યતાથી છે. એમ એક ગુણ સર્વથા જુદો નહિ પડતો હોવાથી અને બધા ગુણો એક સાથે કામ કરતા હોવાથી સમ્યક્ અવસ્થામાં સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ, એક ગુણને બીજા ગુણથી કહેવાની કથન પદ્ધતિ છે.

મુમુક્ષુ :- દ્રવ્યનું આલંબન લઈએ તો જોર છે, ઉપાદેયતા છે...

પૂજ્ય ભાઈશ્રી :- બધું સાથે જ થાય છે. કેમકે શ્રદ્ધા પરિણમે છે ત્યારે જ જ્ઞાન થાય છે, ત્યારે જ ચારિત્રનું પરિણમન છે, ત્યારે જ પુરુષાર્થનું પરિણમન છે. વારાફરતી થાય છે એવું તો નથી. કહેવામાં ક્રમ પડે છે. પરિણમનમાં તો અક્રમે બધા ગુણોનું એક સાથે પરિણમન થાય છે.

મુમુક્ષુ :- ઊંધું ચાલવું...

પૂજ્ય ભાઈશ્રી :- ઊંધા ગુણો એ બાજુ જવાના. કોનો આધાર લીધો છે એના ઉપર લક્ષ છે. પરિણમનનો આધાર.

એટલે સીધે સીધી વાત એ છે કે તારા પરમપારિણામિકભાવનું એકનું જ અવલંબન લેવા યોગ્ય છે. બીજું કાંઈ અવલંબન લેવા યોગ્ય નથી. અને બધો માલ પણ ત્યાં જ છે. અનંત ગુણોનું ગોદામ છે એ બધો અનંત ગુણનો વૈભવ ત્યાં ભરેલો છે. એથી બહાર ક્યાંય નથી. એક સમયની પર્યાય તો તકલાદી છે. થાય છે ને ટળી જાય છે... થાય છે ને ટળી જાય છે. એને પકડી રાખી શકાતી નથી. પકડવા જઈશ તો તું હેરાન થઈશ. બીજું તો કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- માલ હોય ત્યાં જ જવાયને.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં સ્થાયી સંપત્તિ પડી છે એનો જ આધાર લેવાયને. જગતમાં પણ શું કરે છે માણસ? સંપત્તિનો આધાર લે છે કે કોનો આધાર લે છે? શક્તિશાળીનો આધાર લે છે કે નબળાનો આધાર લેવા જાય છે? શક્તિશાળી પોતાનો દ્રવ્ય સ્વભાવ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ એ બધું સામર્થ્ય એમાં ભરેલું છે પરમપારિણામિકભાવમાં.

મુમુક્ષુ :- શક્તિશાળીનો આધાર લેવો એમાં કેટલા કેટલા શબ્દોનું વર્ણન ... સમજાવો અમને.

પૂજ્ય ભાઈશ્રી :- જુદા જુદા...

મુમુક્ષુ :- આધાર લીધો, ઉપાદેય કર્યું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપાદેય કરે, મુખ્યતા કરે. આ બધા ગુણોથી, જુદા જુદા ગુણોથી (કહેવામાં આવે છે). એમાં વિશ્રામ પામે, એમાં આરામ લે, એમાં ઠરી જાય, એમાં લીન થાય, એમાં તન્મય થાય, એકાકાર થાય. એ બધા ચારિત્રના સૂચક શબ્દો છે બધા આચરણના. પાછા એક ગુણને બીજા ગુણોનું રૂપ છે. એટલે જ્ઞાનનું આચરણ, શ્રદ્ધાનું આચરણ એમ પણ કહેવામાં આવે છે. કેમકે એ પોતે પરિણમે છે. આચરે છે એટલે પરિણમે છે.

અહીંયાં તો એટલી સ્પષ્ટતા છે કે અવલંબન કોનું અને વેદન કોનું? કે જ્ઞાનીને પણ પોતાની શુદ્ધ પર્યાયોનું વેદન હોય છે. જ્ઞાનીને કદી પોતાની શુદ્ધ પર્યાયનું અવલંબન હોતું નથી. પોતાની શુદ્ધ પર્યાયોનું એટલે પ્રગટ થયેલા ગુણોનું અવલંબન નહિ હોવાને લીધે જ્ઞાનીને કદી પોતાની પર્યાય સંબંધીનો અહંભાવ એ રૂપ જે અભિમાન એવો દુર્ગણ કદી ઉત્પન્ન થતો નથી. આ એનો સીધો હિસાબ બીજો એ છે.

કોઈ જ્ઞાનીને ઘણો પુરુષાર્થ પ્રગટ થયો છે તોપણ તેનો અહંભાવ નથી કે બીજાને મારા જેટલો પુરુષાર્થ નથી. મને તો ઘણો પુરુષાર્થ છે. કોઈ જ્ઞાનીને ઘણું જ્ઞાન વિકાસ પામી ગયું હોય. અંગપૂર્વધારી હોય. અને બીજા સાધારણ જ્ઞાનવાળા પણ જ્ઞાનીઓ હોય. ચોથે ગુણસ્થાને અંગપૂર્વના જ્ઞાનનો વિકાસ હોય અને એટલો વિકાસ બીજા મુનિરાજને ન હોય એમ એને દેખાય તોપણ એને અહમભાવ ન આવે કે આ મુનિરાજ કરતા તો હું જ્ઞાનમાં આગળ વધી ગયો. એને ખબર છે કે હું જ્ઞાનમાં પણ પાછળ છું. જ્ઞાનમાં આગળ નથી પણ હું જ્ઞાનમાં પાછળ છું. જ્ઞાન તો પોતાનો અનુભવ કરે એ જ્ઞાન તે સાચું જ્ઞાન છે. અનેક પદાર્થોને, ભેદ-પ્રભેદોને અને શાસ્ત્રોને ઘણું જાણે એ જ્ઞાન તે જ્ઞાન છે એવું જ્ઞાનનું સ્વરૂપ નથી. એ તો ઉપયોગ બહાર

જાય છે.

એટલે એનું આલંબન હોતું નથી. એનો અર્થ બીજો એ કર્યો કે એના ઉપર જોર પણ હોતું નથી. એટલે એનો અહંભાવ કદી આવતો નથી. નહિતર એ તર્ક કરે છે વગર સમજ્યે. જ્ઞાનીના પરિણમનને સમજ્યા વિના કોઈ એવો પણ તર્ક કરે છે કે ક્યારેક જ્ઞાનીને અભિમાન થઈ જાય તો પોતાના જ્ઞાનનું? ભાઈ! જ્ઞાનમદ મિથ્યા અવસ્થામાં થાય છે. જ્ઞાનમદ કદી સમ્યક્ અવસ્થામાં થતો નથી. એ જ્ઞાનનો જે દોષ છે, જ્ઞાનમદ તે જ્ઞાનનો દોષ છે, એ મિથ્યાજ્ઞાનનો દોષ છે. સમ્યક્જ્ઞાનમાં એવા દોષની ઉત્પત્તિ સંભવ નથી.

મુમુક્ષુ :- આઠેય મદ થતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આઠેય મદ થતા નથી. કેમકે પોતાનું સ્વસ્થાન, સ્વઅવબંલન છોડીને એને કોઈ અન્ય અવલંબન આવતું નથી. તો આઠેય મદ અન્ય અવલંબનના છે. ધનમદ, રૂપમદ, શરીરના બળનું મદ એ બધા મદ પરના અવલંબને થાય છે. ક્ષયોપશમનો મદ. એ બધા જ પરના અવલંબને થાય છે. પરનું અવલંબન કે પર્યાયનું અવલંબન જ્ઞાનીને નથી.

મુમુક્ષુ :- જ્ઞાતા-દષ્ટા થાય એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ્ઞાતા-દષ્ટા રહે છે. એમ. જ્ઞાતા-દષ્ટા રહેવાનું આશ્રય સ્થાન છે એની પાસે. એ પોતે ત્રિકાળ શુદ્ધ નિર્વિકલ્પ સ્વરૂપે છે, એના આશ્રયમાં, એના જોરમાં એ જ્ઞાતા-દષ્ટા રહે છે.

મુમુક્ષુ :- મૂળ ગુણ. સમ્યગ્દર્શનના મૂળ ગુણમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મૂળ ગુણમાં છે. આઠ મદ રહિત, આઠ અંગ સહિત. આઠ મદ રહિત. એ બધા સમ્યક્ત્વના દોષ નથી, શ્રદ્ધાના પચ્ચીસ પ્રકારના દોષ નથી. ત્રેસઠ મૂળગુણ અને ઉત્તર ગુણ થઈને સમ્યગ્દષ્ટિના ત્રેસઠ ગુણ લીધા છે.

મુમુક્ષુ :- ત્રેસઠ મૂળગુણ કે બેય?

પૂજ્ય ભાઈશ્રી :- બંને થઈને. પંદર ઉત્તર ગુણ છે, અડતાલીસ મૂળગુણ છે. આમાં લીધું છે. દંસણ મૂલ્લો ધમ્મો. નથી વાંચ્યું? .. છે એ સમજવા જેવો છે.

મુમુક્ષુ :- એ ત્રેસઠ તમે કીધા એ જરા.. પચ્ચીસ તો ખ્યાલમાં હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ સમ્યક્ત્વના ગુણો છે પચ્ચીસ છે એ. અને સમ્યગ્દષ્ટિના મૂળગુણ કેટલા અને ઉત્તર ગુણ કેટલા. એમ. જેમ મુનિરાજને અઠ્યાવીશ મૂળગુણ છે અને ચોરાશી લાખ ઉત્તર ગુણ છે. સમ્યગ્દષ્ટિને અડતાલીસ મૂળગુણ છે અને પંદર ઉત્તર ગુણ છે. એમ કરીને ત્રેસઠ લીધા છે.

જોર પર્યાય ઉપર હોતું નથી. '**જોર તો સદાય...**' નિરંતર. સદાય એટલે નિરંતર. '**અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે.**' એનું જોર એક જ જગ્યાએ જાય છે. શ્રદ્ધાનું સ્થન જેમ એક, તેમ પુરુષાર્થનો વિષય પણ એક જ. શ્રદ્ધાનો વિષય જે તે જ પુરુષાર્થનો વિષય. જોકે ખરેખર તો અનંત ગુણનો વિષય તે એક જ પરમાપારિણામિકભાવરૂપ શુદ્ધાત્મદ્રવ્ય જ છે. બધા અનંતગુણને આલંબનનો વિષય બીજો કોઈ નથી.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ લડાઈ કરવા જાય...

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ એનું જોર ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર રહે છે. બાહ્ય દૃષ્ટિએ એ લડાઈ કરવા જાય છે. પણ એનું જોર એ બાજુ નથી. એમ છે. ભરત ચક્રવર્તી. સાંજે ત્યાં યુદ્ધ વિરામ હોય છે. રાત્રે કોઈ લડાઈ લડતું નથી. સામે સામે છાવણી હોય. કોઈ દગા-ફટકાથી પણ યુદ્ધ કરતું નથી. રાત્રે નિરંતર ધ્યાનમાં આવી જાય. દિવસે લડાઈ લડ્યા હોય. રાત્રે ધ્યાનમાં બેસે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગને પ્રાપ્ત થાય. ક્યાંથી આવ્યું? દિવસના ભાગમાં લડાઈ લડ્યા ત્યારે ત્યાં જોર નહોતું. એ પરિણામોનો નિષેધ આવતો હતો. તમામ પ્રકારના શુભાશુભ પરિણામ અથવા તમામ પ્રકારના ઉદયભાવરૂપ પરિણામ. ચાર પ્રકાર છે ને? એમાં ઉદય અશુદ્ધ પર્યાય છે એટલે આમાં નથી લીધી. જ્ઞાનીને શુદ્ધ પર્યાય છે એટલી જ વાત કરી છે. અશુદ્ધ પર્યાયની વાત ઉદયભાવની ન કરી. પણ એ વાત એમાં ગર્ભિત છે કે જો એને શુદ્ધ પરિણામનું પણ અવલંબન નથી તો કહેવાની કે સમજાવાની જરૂર નથી કે એમને અશુદ્ધ પરિણામરૂપ ઉદયભાવનું અવલંબન હોઈ શકે.

'**ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય...**' બેય એકાર્થમાં છે. ક્ષાયિકભાવ પ્રગટ થાય, ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ થાય કે ક્ષાયિક શ્રેણીમાં ક્ષાયિક ચારિત્ર પ્રગટ થાય તોપણ એનો આશ્રય ન લેવાય. કેવળજ્ઞાન ક્ષાયિકભાવરૂપ જ્ઞાન છે તોપણ એનો આશ્રય તેરમા ગુણસ્થાને અરિહંત પરમાત્મા લેતા નથી. આમ છે. જે દશામાં પોતે બિરાજમાન છે એ દશાનો આશ્રય નથી. એ દશાનો અનુભવ છે અને આશ્રય નથી. જુઓ! આ એક પરિણમનની સૂક્ષ્મતા છે કે જેનો અનુભવ એનો આશ્રય તો અનાદિથી લેતો આવ્યો છે. કેમકે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ શું છે એનો પત્તો નથી, એની ખબર નથી, એથી જીવ અનાદિથી અજાણ છે. એટલે જેનું વેદન, રાગનું વેદન કરી રહ્યો છે. રાગ, દ્વેષ, મોહાદિ વિભાવ પરિણામને વેદી રહ્યો છે. જેનું વેદન અને અનુભવન એનો આશ્રય કરી લે છે. આવો હું... આવો હું... આવો હું... એક સમ્યક્‌દશામાં ફેર પડે છે કે કેવળજ્ઞાનનો અનુભવ હોવા છતાં કેવળજ્ઞાનનો આશ્રય અરિહંત પરમાત્માને નથી. પૂજ્ય ગુરુદેવના નિમિત્તે આ બધા વિષય સ્પષ્ટ

થયા છે. સંપ્રદાયમાં કેવળજ્ઞાન શબ્દ આવે છે. કેવળજ્ઞાનનો આશ્રય કોને હોય અને કોને ન હોય એ બલા જાણે. કોઈને ખબર (નથી), ચર્ચાનો વિષય નથી ક્યાંય. કેવળજ્ઞાનનો આશ્રય શું અને અનાશ્રય શું? સિદ્ધ દશામાં પણ સિદ્ધપર્યાયનો આશ્રય સિદ્ધ ભગવાનને હોતો નથી. એક સમયની પર્યાયનો આશ્રય કરે તો મિથ્યાદષ્ટિ પહેલા ગુણસ્થાને આવે.

સમજણ ઠીક કરે છે. શાસ્ત્ર વાંચે, સાંભળે અને સમજણ કાંઈક ઠીક કરે. તો કોઈ એમ માને કે અમને જ્ઞાન બરાબર થઈ ગયું છે. અમારી શ્રદ્ધા પણ બરાબર છે. તો અમારે કયું ગુણસ્થાન? ચોથું ગુણસ્થાન આવ્યું કે ન આવ્યું? આશ્રય કોનો છે? એક સમયની પર્યાયનો આશ્રય છૂટીને ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનો આશ્રય થયો તો ચોથું ગુણસ્થાન. નહિતર સમજણ બરાબર પોતાને લાગતી હોય તોપણ હજી પહેલા ગુણસ્થાને છે. ચોથું ગુણસ્થાન હજી આવ્યું નથી. એ એનું ઉપલક્ષણ છે.

મુમુક્ષુ :- તો ચોથું ગુણસ્થાન કોને કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનો આશ્રય આવે, નિર્વિકલ્પ દ્રવ્યનો આશ્રય આવતા અવસ્થા પણ તદાકાર નિર્વિકલ્પ થઈ જાય તેના આશ્રયે ત્યારે એને ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિતનું પ્રગટ થયું.

મુમુક્ષુ :- ચોવીસે કલાક રહેવું જોઈએ ને?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એવું કાંઈ નથી. પછી એના બે ભેદ પડે છે ચોથા ગુણસ્થાનમાં. ગુણસ્થાન ઉત્પન્ન નિર્વિકલ્પ દશામાં થાય. ચોથુ, પાંચમું, સાતમું આગળના કોઈપણ. એની ઉત્પત્તિ નિર્વિકલ્પ દશામાં થાય. પછી ચોથું, પાંચમું અને છઠ્ઠું એ સવિકલ્પદશાવાળું છે. પછી વિકલ્પમાં આવે. તોપણ એનું ગુણસ્થાન બદલાય નહિ. જો એના પુરુષાર્થથી એના પરિણામની એક ધારા આત્મા સાથે રહે તો એનું ગુણસ્થાન બદલાય નહિ. અથવા ટૂંકામાં એનું જોર દ્રવ્યના આશ્રયે રહે, એનું અવલંબન દ્રવ્યનું રહે તો પર્યાયમાં વિકલ્પ અને રાગ ઉત્પન્ન થાય તોપણ એનું ગુણસ્થાન ચોથું જ રહે, પહેલું ન થાય. એની મર્યાદા શું? કે આ બાજુ સાતમી નારકીના પરિણામ સમ્યગ્દષ્ટિને હોય. સમ્યગ્દષ્ટિ ત્યાં ઉત્પન્ન થાય. સાતમી નારકીના એને પરિણામ થાય તોપણ એનું ગુણસ્થાન ચોથું રહે. આ બાજુ ઈન્દ્રનો વૈભવ હોય અને એને યોગ્ય એના પરિણામ થાય તોપણ એને ચોથું ગુણસ્થાન રહે. મનુષ્યમાં ચક્રવર્તી સુધીનો વૈભવ હોય તોપણ એનું ગુણસ્થાન ચોથું રહે. એમાં કાંઈ બાધ નથી. અને તિર્યંચની અંદર ગાય, ભેંસ, બળદ હોય, ઊભો લીલો ચારો કરતા હોય. ઊભો એટલે હજી ઘાસ વાઢ્યું ન હોય. એમ. તોપણ એને ગુણસ્થાન બરાબર રહે. ચોથું ગુણસ્થાન

રહે છે. એ તો લીલોતરી છે ને? સીધી કાચી લીલોતરી ખાય છે. પાંચમું ગુણસ્થાન સુધી હોય. એ તિર્યંચો તો પાંચમા ગુણસ્થાન સુધી હોય છે.

મુમુક્ષુ :- પાંચમું ગુણસ્થાન કેવી રીતે? ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્માનું જોર અંદરમાં સ્વભાવના આશ્રયે, દ્રવ્યના આશ્રયે જોર વધે. વારંવાર ચોથા ગુણસ્થાનમાં નિર્વિકલ્પ દશામાં આવે અને કોઈ એવા તબક્કે પંચમ ગુણસ્થાનમાં પણ આવે. ત્યાં સ્વરૂપસ્થિરતા વધી જાય છે. એ સાચા શ્રાવક છે. એ તિર્યંચો છે એ તિર્યંચોમાં બધા હોય છે. જળચર હોય છે, ખેચર હોય છે, ભૂચર હોય છે. ત્રણે પ્રકારના હોય છે. જમીન ઉપર ચાલનારા, સમુદ્રમાં રહેનારા, નદીમાં રહેનારા, તળાવમાં રહેનારા અને આકાશમાં ઉડનારા પંખીઓ. એ બધા. દેડકા, ચકલાથી માંડીને બધા થાય છે. નાગ હોય. ક્રોધની અવસ્થામાં નાગની પર્યાય પ્રાપ્ત થઈ હોય તો પાછો ફરી શકે છે. કેમકે પાત્રતામાં ગમે ત્યારે આવે. અને પાત્રતામાં આવે તો સમ્યગ્દર્શનનો દરવાજો ખુલ્લો થયો. રસ્તો ખુલ્લો થયો. એ સાચા શ્રાવક છે પાંચમા ગુણસ્થાને. વાડાના શ્રાવક દેરાસરમાં જાય એટલે સાચા શ્રાવક છે એવું કાંઈ નથી. આ સાચા શ્રાવક છે કે જેને સ્વભાવની સ્થિરતા વર્તે છે, શુદ્ધતા વર્તે છે. જેણે વીતરાગતા પ્રગટ કરી છે. વીતરાગમાર્ગમાં જેણે વીતરાગતા પ્રગટ કરી છે એ સાચા શ્રાવક છે. પંચમ ગુણસ્થાનને યોગ્ય વીતરાગતા પ્રગટ કરી છે.

'**જોર તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે. ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે.**' જુઓ! પર્યાયભાવને જુદો પાડે છે. ક્ષાયિકભાવ એક પર્યાય છે. તેનો આશ્રય કે અવલંબન ન લેવાય. એટલો જે વિભાગ છે એ આશ્રયનો વિષય નથી. પદાર્થનો જ એક અંશ છે, પદાર્થનો જ એક અવયવ છે. આમ છૂટો થયો નથી. તોપણ અવયવ અને અવયવીના ભેદ અવશ્ય છે. નિશ્ચયરૂપે છે કે જેનું અવલંબન લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. '**કારણ કે તે તો પર્યાય છે, વિશેષભાવ છે.**' સામાન્યનું અવલંબન હોય. વિશેષનું અવલંબન ન હોય. એ વાત લ્યે છે એટલે ત્યાં એ વાત નાખી દીધી. પર્યાય છે ઉપરાંત વિશેષભાવ છે એ વાત વધારાની જોડી છે. કેમકે સામાન્યનો વિષય લેવો છે અહીંયાં.

મુમુક્ષુ :- સામાન્ય-વિશેષ આમ જુદા પાડી શકાતા નથી પણ ભાવમાં જુદા પાડીને...

પૂજ્ય ભાઈશ્રી :- છતાં સામાન્ય છે તે સામાન્ય છે અને વિશેષ છે તે વિશેષ છે. વિશેષમાં કદી સામાન્ય નથી અને સામાન્યમાં વિશેષ નથી. અથવા સામાન્ય કદી પોતાના સામાન્ય સ્વરૂપનો ત્યાગ કરીને વિશેષરૂપ થાય એમ બનતું નથી. એમ. અને

જ્યારે જે વિશેષભાવરૂપ છે ત્યારે તે પોતાના વિશેષમાં જ રહે છે. કદી એ સામાન્યરૂપે હોતું નથી.

'**સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે,...**' સામાન્યના આશ્રયે જ શુદ્ધિ વિશેષ પ્રગટે છે. સામાન્ય એટલે પરમ પારિણામિકભાવ કહો, શુદ્ધ દ્રવ્યસ્વભાવ કહો, શુદ્ધ આત્માનું સ્વરૂપ કહો. આત્માનું શુદ્ધ જે સ્વરૂપ છે તે સામાન્ય છે. સામાન્ય છે એટલે જે એકરૂપ રહે છે. આ 'શ્રીમદ્જી'એ બધા બોલ એમાં ઉતાર્યા છે. 'સમતા રમતા ઉરધતા જ્ઞાયકતા સુખભાસ, વેદકતા ચૈતન્યતા યે સબ જીવવિલાસ.' 'બનારસીદાસજી'નું એ પદ છે. 'યે સબ જીવવિલાસ.' એમ કરીને જીવ સામાન્યમાં એ બધા ઉતાર્યા છે બધા પદ એ પત્રની અંદર.

મુમુક્ષુ :- એટલે શું વિશેષ એમાં?

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય એટલે એકરૂપ રહે છે. વર્ણન તો સારું છે. સમતાનો અર્થ એકરૂપપણું કર્યો છે. '**શ્રી તીર્થંકર એમ કહે છે કે આ જગતમાં આ જીવ નામનો પદાર્થ લોકોએ ગમે તે પ્રકારે કહ્યો હોય એ પ્રકાર અને તેની સ્થિતિમાં ગમે તે વાત ચાલતી હોય એ વિષયમાં મારું ઉદાસીનપણું છે. જે પ્રકારે નિરાબાધપણે તે જીવ નામનો પદાર્થ જાણ્યો છે તે પ્રકારે કરી તે પ્રગટ અમે કહ્યો છે.**' અમે પ્રગટપણે તે કહ્યો છે. '**જે લક્ષણે કહ્યો છે તે સર્વ પ્રકારના બાધે કરીને રહિત નિરબાધ લક્ષણથી કહ્યો છે. અને તે આત્મા એવો જાણ્યો છે, જોયો છે, સ્પષ્ટ અનુભવ્યો છે અને અમે પ્રગટ તે આત્મા જ છીએ.**' અમે પ્રગટ તે આત્મા જ છીએ. કેવી શૈલી કરી છે!

'**તે આત્મા સમતા નામના લક્ષણે યુક્ત છે. વર્તમાન સમયે જે અસંખ્ય પ્રદેશાત્મક ચૈતન્યસ્થિતિ તે આત્માની છે. તે પહેલાના એક, બે, ત્રણ, ચાર, દસ, સંખ્યાત, અસંખ્યાત અનંત સમયે હતી. અત્યારે જે સ્થિતિ છે.**' હવે પાછા લઈ જાય છે, ભૂતકાળના. '**પહેલાના...**' એટલે ભૂતકાળના. પહેલા સમયે લ્યો અને ત્યાર પછીના કોઈપણ સમયે અસંખ્ય અનંત સમય પછી લ્યો '**તેવી સ્થિતિ છે. વર્તમાને છે અને હવે પછીના કાળને વિષે પણ તે જ પ્રકારે તેની સ્થિતિ છે. કોઈ કાળે પણ તેનું અસંખ્યાત પ્રદેશાત્મકપણું...**' ક્ષેત્રથી. '**ચૈતન્યપણું...**' ગુણથી, સ્વભાવથી '**અરૂપીપણું એ આદિ સમસ્ત સ્વભાવ...**' જેટલા એના સ્વભાવ છે તે. '**તે છૂટવા ઘટતા નથી.**' છૂટવા ઘટતા નથી અથવા ફેરફાર થવા ઘટતા પણ નથી. '**એવું જે સમપણું...**' સમપણું એટલે સરખાપણું, એકરૂપપણું. સમતા. '**એ જેનામાં લક્ષણ છે તે જીવ છે.**' આમ જીવની ઓળખાણ કરાવી છે. સમથી, એકરૂપપણાથી. એટલે ધ્રુવપણું, એકરૂપપણું,

ધ્રુવપણું, સમપણું. જે સ્થિતિમાં અત્યારે છે, ભૂત અને ભવિષ્યમાં સર્વમાં એવું જ રહેશે.

પછી વેદકતાનું આવી રીતે લીધું છે. સ્વાદના દૃષ્ટાંતે. પત્ર તો બહુ મોટો છે. **'આ મોળું છે, આ મીઠું છે, આ ખાટું છે, આ ખારું છે.' હું આ સ્થિતિમાં છું. 'ટાઢે ઠરું છું, તાપ પડે છે, દુઃખી છું, દુઃખ અનુભવું છું. એવું જે સ્પષ્ટજ્ઞાન,...'** વેદનજ્ઞાન, અનુભવજ્ઞાન, અનુભવપણું **'એ જો કોઈમાં પણ હોય તો તે આ જીવપદને વિષે છે.'** આ જીવપદને વિષે અનુભવ કરવાનું જ્ઞાન છે, સ્વભાવ છે. તે જેનું લક્ષણ હોય છે. **'તે પદાર્થ જે હોય છે એ જ તીર્થંકરાદિનો અનુભવ છે.'** એમ નાખ્યું છે.

મુમુક્ષુ :- કેટલા નંબરનો પત્ર છે?

પૂજ્ય ભાઈશ્રી :- ૪૩૮.

એ સામાન્ય એટલે એકરૂપપણું એમ લેવું છે. જે સ્વરૂપ ત્રણે કાળે અવ્યાબાધપણે કોઈપણ જાતના ફેરફાર વિના એવું ને એવું રહે છે એને સામાન્ય સ્વરૂપ, મૂળ સ્વરૂપ, જીવનું મૂળ સ્વરૂપ અથવા જીવનું અસલ સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ કહેવામાં આવે છે. તેના આશ્રયે જ, તેના અવલંબને જ શુદ્ધિ વિશેષ પ્રગટે છે. એ જે શુદ્ધિ પ્રગટે છે તે તેના આશ્રયે જ પ્રગટે છે. એ સિવાય શુદ્ધિ પ્રગટ થવાનો અથવા અશુદ્ધિનો નાશ થવાનો બીજો કોઈ ઉપાય જગતમાં નથી. ત્રણ કાળ ત્રણ લોકને વિષે શુદ્ધિનો આ એક જ ઉપાય છે. બીજો કોઈ શુદ્ધિનો ઉપાય નથી. પ્રયોજન જો સુખ-દુઃખનું છે તો અશુદ્ધિની સાથે દુઃખ જડાયેલું છે. જીવના અશુદ્ધ-મેલા પરિણામની સાથે દુઃખ અવિનાભાવીપણે રહ્યું છે. અને શુદ્ધિની સાથે નિરાકુળતારૂપ સુખ રહ્યું છે.

**'સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, ધ્રુવના આલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે.'** ધ્રુવના અવલંબને જ નિર્મળ ઉત્પાદ થાય છે. અવસ્થાનો જે શુદ્ધ, મલિનતા રહિત, મળ રહિત નિર્મળ ઉત્પાદ એ ધ્રુવના અવલંબને, સામાન્યના અવલંબને થાય છે. સામાન્ય એટલે ધ્રુવ લઈ લીધો. સામાન્યને ધ્રુવ કહી દીધો. એ ધ્રુવના અવલંબને કહો, પરમપારિણામિકભાવના-સ્વભાવના અવલંબને કહો, નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય છે. પછી એ નિર્મળ પર્યાય સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની, સમ્યક્ચારિત્રની, પુરુષાર્થની. એ ગુણભેદથી કહેવાય છે.

**'માટે...'** હવે આ તાત્પર્ય લે છે. **'બધું છોડી,...'** બીજી બધી વાતની ગૂંચવણમાંથી નીકળી જઈને. બધું છોડીનો અર્થ કે બીજા કાર્યો ઉપરનું પોતાનું જોર છોડી દઈને, આડી-અવળી રીત છોડીને. બધું છોડીને એટલે ખોટી પદ્ધતિ છોડી દઈને **'એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે...'** દૃષ્ટિ કર. શુદ્ધાત્મદ્રવ્ય એટલે અખંડ પરમપારિણામિકભાવ પ્રત્યે

દૃષ્ટિ કર. એટલે એમાં અહંપણું સ્થાપ, એમાં પોતાપણું કરી લે. શ્રદ્ધાએ કરીને એમાં પોતાપણું કરી લે.

**'માટે બધું છોડી એક શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે-અખંડ પરમપારિણામિકભાવ પ્રત્યે-દૃષ્ટિ કર, તેના ઉપર જ નિરંતર જોર રાખ, તેના જ તરફ ઉપયોગ વળે તેમ કર.'** તારો ઉપયોગ પણ તારા પરમાત્મસ્વરૂપ પ્રત્યે વળે. આ સામાન્ય કહો, ધ્રુવ કહો, પરમપારિણામિકભાવ કહો કે નિજ પરમેશ્વરપદ કહો, નિજ પરમાત્મપદ એ બધું એકાર્થ છે. એની દૃષ્ટિ કર. એના ઉપર તારો આશ્રય અને એનું જોર રાખ. અને તારો જ્ઞાનનો ઉપયોગ, ઉપયોગ એટલે જ્ઞાન-દર્શનનો પર્યાય, તારા ચૈતન્યનો અનુવિધાયી પરિણામ જેને ઉપયોગ કહેવામાં આવે છે એ પણ એના તરફ વળે એમ જ કર. એ સિવાય બીજી રીતે પરિણમન કરવા યોગ્ય નથી. એ બધા ફરતા ફરતા બધા ગુણ લઈ લીધા.

'ગુરુદેવશ્રી'એ આ બોલ ઉપર પ્રવચન કર્યું છે. એમાં વિશેષ સ્પષ્ટતા એ કરી છે કે દ્રવ્યનું વેદન થતું નથી. અહીંયાં એ વિષય નથી લીધો. અહીંયાં તો એટલું જ લીધું છે કે આલંબન દ્રવ્યનું હોય છે અને વેદન પર્યાયનું હોય છે. આલંબન પર્યાયનું હોતું નથી. વેદન દ્રવ્યનું હોતું નથી એ વાત નથી લીધી. 'ગુરુદેવે' એ સ્પષ્ટીકરણ કર્યું છે કે દ્રવ્યનું વેદન થતું નથી. વેદનનો વિભાગ પર્યાયની મર્યાદામાં પૂરો થાય છે, સમાપ્ત થાય છે. એથી આગળ નથી. પણ અધ્યાત્મમાં આશ્રય સ્થાન દ્રવ્યનું હોવાથી દ્રવ્ય વેદાય છે એમ કહેવામાં આવે છે. એ અધ્યાત્મની કથનની પદ્ધતિ છે. ત્રિકાળીનો અનુભવ થાય છે એમ લેવાય છે. પ્રમાણ અપેક્ષાએ 'સોગાનીજી' એમ કહે છે કે એક સમયમાં ત્રિકાળી અને વર્તમાનનો અનુભવ થાય છે તે સમ્યક્ છે. એમ પણ લે છે પોતે. એક સમયમાં ત્રિકાળી અને વર્તમાનનો અનુભવ થાય છે. એમ પણ લે છે. અનુભવ એટલે વેદન થાય છે.

મુમુક્ષુ :- એ રીતે સમજવાનું તો આ એક જ.

પૂજ્ય ભાઈશ્રી :- સમજવાનું આ. પણ જોર દ્રવ્ય ઉપરનું ઓછું ન થાય અને દ્રવ્યનું ઉપરનું જોર બતાવવા માટે ત્રિકાળીનો અનુભવ થયો, આત્માનો અનુભવ થયો એમ કહેવાય છે. એમ કહેવાય છે ને કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ત્યાં પરમાત્મા પ્રગટ્યો. પરમાત્મા પ્રગટ થયો. એ દશાને વિષે પરમાત્મા પ્રગટ થયો. તો ખરેખર તો એ દશામાં પરમાત્માના પ્રગટ દર્શન થાય છે. પોતાના પરમ સ્વરૂપના, પરમ સ્વરૂપનો આશ્રય હોવાને લીધે અપરોક્ષ પ્રત્યક્ષપણે દર્શન થાય છે. તો કહે, પરમાત્મા પ્રગટ થયા. તો જે ત્રિકાળી સામાન્ય પરમાત્મા છે એ તો સામાન્ય જ રહે છે.

એને પ્રગટ થવાનો કે નહિ પ્રગટ થવાનો પ્રશ્ન કદી ઉત્પન્ન થતો નથી.

'શ્રીમદ્જી' એવું દૃષ્ટાંત કહે છે કે સૂર્યાસ્ત થાય છે અને સૂર્યોદય થાય છે કે નહિ? તો કહે ના ના. દૃષ્ટિ મર્યાદાની બહાર સૂર્ય ગયો પશ્ચિમમાં તો કહે સૂર્યાસ્ત થયો. સૂર્યનો અસ્ત થયો છે ક્યારેય? નહિ. અને સવારમાં જ્યાં સૂર્ય દેખાણો તો કહે સૂર્યનો ઉદય થયો. સૂર્યનો ઉદય થયો છે? પણ ભાષા એવી ઊલટી-સુલટી દેખાય છે. કે સૂર્યનો ઉદય થયો, સૂર્યનો અસ્ત થયો. ન તો સૂર્યમાં ઉદય થાય છે કે ન તો સૂર્યમાં અસ્ત થાય છે.

એ જેમ બીજાની અપેક્ષાએ કહેવાય છે. દૃષ્ટિ મર્યાદાની અપેક્ષાએ કહેવાય છે, એમ પર્યાયની અપેક્ષાએ એમ કહેવાય છે કે પરમાત્મા પ્રગટ થયો. સમ્યગ્દર્શન થયું તો એમાં પરમાત્મા પ્રગટ થયો. પરમાત્માના દર્શન થાય તો સમજવું કે સમ્યગ્દર્શન થયું. શાસ્ત્રની વાત સમજાય જાય અને ખ્યાલમાં આવી જાય માટે સમ્યગ્દર્શન થયું એમ ખરેખર નથી. પરમાત્માના દર્શન થાય જે દશામાં એમાં સમ્યગ્દર્શન પ્રગટ થયું. પરમાત્મા તો અનાદિ પ્રગટ છે. એને પ્રગટ નહિ થવાનું કે પ્રગટ થવાનો પ્રશ્ન એને વિષે નથી. પણ પોતે નહોતો જોતો. પોતે પર્યાયમાં જોયું ત્યારે એને ખબર પડી કે છે. એની હયાતી એને પકડાણી. બસ. એને પ્રગટ્યું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ઉપયોગ પોતા તરફ વળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગને પરમાત્મસ્વરૂપનું આકર્ષણ થાય તો ઉપયોગ સહજ વળે. કૃત્રિમપણે કદી ઉપયોગ વાળ્યો વળતો નથી. પણ વાળવાનું કર્તૃત્વ ઊભું થાય. મારે મારા ઉપયોગને અંદરમાં વાળવો છે. મારા ઉપયોગને અંદરમાં વાળવો. તો એ વાળવાની કૃત્રિમતાનો વિકલ્પ થશે. વળશે નહિ. એટલે 'સોગાનીજી'ને કોઈએ પ્રશ્ન કર્યો કે ઉપયોગને અંદરમાં વાળવો કે નહિ? તો કહે, વાળના નહિ વાળના વહ મૈં નહિ. સીધું જ કર્યું. વાળવું, ન વાળવું એ શું વળી? એવું પર્યાયનું જોર દેવાની વાત નથી.

મુમુક્ષુ :- મોક્ષ તો કરવો ને?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દૃષ્ટિને મોક્ષની તમા નથી. કેમકે એ પોતે જ મુક્તસ્વરૂપ છે. હું તો મોક્ષસ્વરૂપે છું. અવસ્થાનો મોક્ષ, અવસ્થામાં અવસ્થાની મુક્તિ, અવસ્થામાં અવસ્થાની મુક્તિ સહેજે થઈ જશે એની પ્રતીતિ વર્તે છે. પછી એથી એના ઉપર જોર જતું નથી.

મુમુક્ષુ :- આખા બોલમાં રીત આવી ગઈ, બધું આવી ગયું એક જ બોલમાં.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણું આવી ગયું. ત્રીજો-ચોથો ભંગ નથી લીધો. એ 'ગુરુદેવશ્રી'એ

પ્રવચનમાં લીધો છે. આમાં નથી આવ્યો.

મુમુક્ષુ :- કયો બોલ?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યનું વેદન નથી હોતું. એ વાત ક્યાં લીધી છે? પર્યાયનું વેદન હોય છે પણ આલંબન હોતું નથી. અને દ્રવ્યનું આલંબન હોય છે પણ વેદન હોતું નથી. એ બોલ ક્યાં છે ? .. છે? કેમકે એની અંદર જે ત્રિકાળીની સાથે અભેદ ભાવથી જે અભેદતા સધાય છે એવું જોર દેવા માટે બહુ જોર જોરથી કહેવાય છે કે આત્માનો અનુભવ થયો, આત્માનો અનુભવ થયો. ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો પરમાત્માનો અનુભવ થઈ ગયો. એના ઉપર લક્ષ હોય છે માટે.

જેમ પર વિષય ઉપર લક્ષ હોય છે ત્યારે માણસ એમ કહે છે કે મેં ગોળનો ગળપણપણે અનુભવ કર્યો. ગોળનો અનુભવ થાય? ગળપણનો અનુભવ થાય? નહિ. જ્ઞાન થાય. અનુભવ ન થાય. ગોળ ગળ્યો છે એવું જ્ઞાન થાય. પણ ગોળનો અનુભવ ન થાય. જ્ઞાન થવું અને અનુભવ થવો બે જુદું પાડવામાં આવે છે. જ્ઞાન થવું એક વાત છે. અનુભવ થવો એ બીજી વાત છે.

જ્ઞાનને ને જ્ઞાનને અનુભવની પ્રધાનતાથી જોવામાં આવે ત્યારે અનુભૂતિસ્વરૂપ પોતે જ્ઞાન છે એવું સમજાય છે. અને અનુભવ કરવાની શક્તિ ત્રિકાળીમાં છે. છતાં ત્રિકાળી એક સમયની પર્યાય નથી. એક સમયની પર્યાય તે ત્રિકાળી નથી. એ અવલંબનની દૃષ્ટિએ એક ત્રિકાળીનું અવલંબન હોય, અનુભવરૂપ પર્યાયનું અવલંબન હોય નહિ.

'ગુરુદેવ'ના પ્રવચનમાં વિશેષ ખુલાસો આવે છે. ત્યાંથી વસ્તુ સ્થિતિ સમજવી અને કથન પછી જે પ્રકારે આવે ત્યાં કહેનારનો આશ્રય શું છે, વિવિક્ષા શું છે, અભિપ્રાય શું છે, ત્યાં તાત્પર્ય શું છે અને આમાંથી પરમાર્થ કેવી રીતે સધાય છે? કોઈપણ કથન વિવિક્ષાથી પરમાર્થ કેવી રીતે સધાય છે આ દૃષ્ટિકોણ વાંચનારને હંમેશાં હોવો જોઈએ. કથન તો બદલાયા જ કરશે, શૈલી બદલાયા જ કરશે. પણ જ્ઞાનીઓની સર્વ પ્રકારની શૈલીમાં, સર્વ પ્રકારના કથનમાં પરમાર્થ હોય છે, એ પરમાર્થ જ સમજવાનો છે. શૈલીનો આગ્રહ, દુરાગ્રહ સેવવા જેવો નથી. નહિતર એમાંથી ગડબડ થશે. અહીં સુધી રાખીએ...

## તા. ૫-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૭૭
## પ્રવચન નં. ૨૯૦

**સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે મુનિરાજ જંગલમાં વસ્યા છે. તે માટે નિરંતર પરમપારિણામિકભાવમાં તેમને લીનતા વર્તે છે,-દિન-રાત રોમે રોમમાં એક આત્મા જ રમી રહ્યો છે. શરીર છે પણ શરીરની કાંઈ પડી નથી, દેહાતીત જેવી દશા છે. ઉત્સર્ગ ને અપવાદની મૈત્રીપૂર્વક રહેનારા છે. આત્માનું પોષણ કરીને નિજસ્વભાવભાવોને પુષ્ટ કરતા થકા વિભાવભાવોનું શોષણ કરે છે. જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક કાંઈક મુશ્કેલી દેખાતાં વિશેષ જોરથી છેડો પકડી લે છે, તેમ મુનિ પરિષહ-ઉપસર્ગ આવતા પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે. 'આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ !' એવા મનોરથ સમ્યગ્દષ્ટિને વર્તે છે. ૩૭૭.**

'બહેનશ્રીના વચનામૃત' ૩૭૭, પાનું ૧૩૬. જિનેન્દ્ર પરમાત્માના વીતરાગ માર્ગમાં જૈન મુનિની દશા કેવી હોય છે એટલે કે મુનિરાજ કેવા હોય છે એનું વર્ણન છે અહીંયાં. મુનિદશા એ સમ્યગ્દષ્ટિ શ્રાવકના ભાવના અને મનોરથનો વિષય છે. જે જે આત્માઓ ગૃહસ્થ દશામાં ધર્મને પ્રાપ્ત કરે છે એને આવા મુનિ થાવું, મુનિદશા પ્રાપ્ત થવાની, એવી ઉચ્ચ પવિત્ર દશા ગ્રહણ કરવાની, પુરુષાર્થ ક્યારે ઉત્પન્ન થાય એવી ભાવના એને વારંવાર થયા કરે છે અથવા આવ્યા કરે છે. એ સહજ છે. જગતમાં પણ દરિદ્ર હોય અને બે પૈસા કમાય તો એને મોટો શ્રીમંત થવાની ભાવના થાય છે કે નથી થાતી? એમ ધર્મની દશા પ્રાપ્ત કરી તો ધર્મમાં સમૃદ્ધિ વધે, ધર્મ સમૃદ્ધિ એવી જે મુનિદશા એની અભિલાષા, એની પ્રાપ્તિની ભાવના સમ્યગ્દષ્ટિને આવ્યા વિના રહેતી નથી.

કેવા છે મુનિરાજ? કે '**સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે મુનિરાજ જંગલમાં વસ્યા છે.**' શા માટે જંગલમાં ગયા છે? પોતાનો વિશેષ આનંદ પ્રગટ કરવાનું સુગમ રહે અને એમાં કાંઈ વિક્ષેપ ન ઊભો થાય એટલા માટે એ જંગલમાં વસ્યા છે. અથવા મોટા મોટા રાજાઓ, ચક્રવર્તીઓ જેને કોઈ મકાનની ખામી હોતી

નથી. સોનાના રાજમહેલો હોય છે. એવા પણ જંગલમાં જઈને વસે છે એનું કારણ સંયોગો પ્રત્યેના વિભાવ પરિણામ કરવા એમને હવે પોસાતા નથી. અથવા જે સંયોગ છે એમાં ગૃહસ્થ દશામાં ચારિત્રમોહને લઈને, દર્શનમોહ તો ટળી ગયો, જ્ઞાનદશા પ્રાપ્ત થઈ હોય અને ચારિત્રમોહને લઈને મમત્વના પરિણામ થાય એટલું પણ જેને પોસાતું નથી. પોસાણ નથી. સ્વભાવનું પોસાણ છે અને વિભાવનું પોસાણ નથી. એટલે સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા માટે, આનંદ પ્રગટ તો થયો છે. ધર્મ દશા પ્રાપ્ત થઈ ત્યાં આનંદ તો પ્રગટ થઈ ગયો છે પણ પ્રચુર આનંદ પ્રગટ કરવા અર્થે જંગલમાં જાય છે એટલે આશરો નથી એનું દુઃખ છે, આહારની વ્યવસ્થા નથી એનું દુઃખ છે કે બીજા કોઈ સંયોગોની અનુકૂળતાઓ નથી એનું દુઃખ છે એમ તો બિલકુલ વિચારવા જેવું નથી. ઊલટાની સંયોગોની અનુકૂળતા પ્રત્યે પરિણામ જાય એનું દુઃખ છે. આ મને સંયોગો અનુકૂળ છે, મને ફાવતા છે. માણસ કહે ને? પોતાના ઘરમાં ફાવે છે. પોતાથી શ્રીમંત હોય એવા બીજાના ઘરે મહેમાન થઈને રહે તોપણ એને ન ફાવે. મને તો મારું ઘર જ ફાવે એમ કહે. શું કારણ છે એમાં? કે પોતાની કલ્પના પ્રમાણે બધી ગોઠવણી કરે છે કે મને આમ ફાવે છે. કોઈવાર તો ચાલુ ઘર કરતા સારું નવું ઘર નવું બનાવ્યું હોય તો ત્યાં ફાવે નહિ. આ જૂનામાં જે ફાવે છે એવું નવામાં નહિ ફાવે. કલ્પનામાત્ર છે એમાં બીજું કાંઈ છે નહિ.

ફાવવું, ન ફાવવું એ તો જીવની કલ્પના છે. એટલો રસ અનુકૂળતામાં કે પ્રતિકૂળતામાં લેવા જેવો નથી. જેને વીતરાગભાવ રૂપી ધર્મ પ્રગટ કરવો છે એણે અનુકૂળતા અને પ્રતિકૂળતાના વિષય, એ પ્રકારનો રસ છોડી દેવો જોઈએ, કાઢી નાખવો જોઈએ. અનુકૂળતા-પ્રતિકૂળતા જેવું જગતમાં કાંઈ છે જ નહિ. મારા માટે તો કાંઈ છે જ નહિ. એવા અભિપ્રાયથી એણે પુરુષાર્થનો ઉપાડ કરવો જોઈએ.

**'સ્વભાવમાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા અર્થે મુનિરાજ જંગલમાં વસ્યા છે.'** અથવા જેને મુનિદશા પ્રાપ્ત થાય તે ગ્રામ નગરમાં રહેતા નથી પણ જંગલમાં જઈને વસે છે પોતાનો વિશેષ આનંદ, વિશેષ વીતરાગતા (વૃદ્ધિગત કરવા અર્થે). નિર્દોષ આનંદ છે આ. વિષયોનો આનંદ નથી. આત્મામાંથી ઉત્પન્ન થતો આનંદ છે. ગુણથી અને સ્વભાવથી ઉત્પન્ન થતો આનંદ છે. એને વિશેષ, વિશેષ વૃદ્ધિગત કરવા માટે જંગલમાં વસે છે. જંગલમાં પણ નિરવ સ્થાનમાં જઈને વસે છે. જ્યાં કોઈનો પગરવ ન હોય. રવ એટલે અવાજ. ક્યાંય અવાજ ન થાય એવું હોય એવું શાંત સ્થળ પસંદ કરીને સ્વરૂપના ધ્યાનમાં બિરાજમાન થાય છે. એમને વસ્તીમાં ફાવતું નથી.

એવી કોઈ જૈન મુનિની અલૌકિક દશા છે કે સંસારીઓને વસ્તી વગર ફાવતું

નથી અને મુનિરાજને વસ્તીમાં ફાવતું નથી. ઊલટી-સુલટી દશા છે. અહીંયાં તો ગામડામાં હો તો કહે શહેરમાં જઈએ. પરિવારમાં બે હોય એના બદલે પાંચ-દસ પંદર જણા હોય તો સારું. ઘર ભર્યું ભર્યું લાગે. નહિતર ખાલી ખાલી લાગે. અને દસ જણામાંથી વળી બે-ચાર જણા થઈ જાય તો કહે આ બધું ખાલી ખાલી લાગે છે. ઊલટી-સુલટી દશા છે. સંસારીઓને સંગ જોઈએ છે, મુનિને અસંગપણું જોઈએ છે. અને જ્યારથી સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારથી આવું અસંગપણું પ્રાપ્ત કરવાની એને અસંગ દશાની ભાવના રહે છે.

છેલ્લી એક લીટી છે ને '**આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ! એવા મનોરથ સમ્યગ્દૃષ્ટિને વર્તે છે.**' બધા સમ્યગ્દૃષ્ટિને આવો મનોરથ હોય છે. એટલે એમની ઈચ્છિત વૃત્તિ એવી છે કે હું સર્વસંગપરિત્યાગ કરીને અસંગ દશામાં મારા આત્મામાં લીન થઈને રહ્યા કરું. મારી સ્વરૂપલીનતા ક્યારે ન તૂટે એવી દશામાં હું રહું. એવી મારી દશા હો. એવો મને પુરુષાર્થ જાગૃત થાઓ અને સર્વ પ્રકારના શુભાશુભ વિભાવ પરિણામથી હું નિવૃત્ત થઈ જાઉં. એટલા માટે એ જંગલમાં વસ્યા છે.

અથવા કોઈપણ પ્રકારનો ક્ષેત્રપ્રતિબંધ મુનિરાજને હોતો નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. ચારમાંથી કોઈ પ્રતિબંધ (નથી). કોઈ બીજા પદાર્થોનો સંયોગ, એના પ્રત્યેનો રાગ તે દ્રવ્ય પ્રતિબંધ છે. આ ગામમાં, આ શહેરમાં ભાવિક શ્રાવકો છે, શ્રદ્ધાળુ શ્રાવકો છે, ધર્મવૃત્તિમાં વિશેષ જોડાયેલા ધાર્મિક વૃત્તિવાળા શ્રાવકો છે માટે મારે અહીંયાં નિવાસ કરવો જોઈએ એવો દ્રવ્ય પ્રતિબંધ નથી. આ ક્ષેત્ર મને અનુકૂળ છે. માટે આ અનુકૂળ ક્ષેત્રે રહી જાઉં એવો ક્ષેત્ર પ્રતિબંધ પણ મુનિરાજને હોઈ શકે નહિ. અથવા અહીંયાં ઠંડી-ગરમી ઓછી પડે છે માટે અહીંયાં સુકાળ વર્તે છે અથવા અહીંયાં કોઈપણ પ્રકારના ઉપદ્રવવાળો કાળ નથી પડતો માટે કાળનો પ્રતિબંધ હોય એવું પણ નથી. ભાવપ્રતિબંધ નથી. બીજાના ભાવો અને પોતાના ભાવોને મેળ ખાય છે માટે એનો રાગ રહે એવા કોઈપણ બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને વિષે રાગ ઉત્પન્ન થાય અને રોકાઈ જાય તો એ મુનિદશા નથી.

પોતપોતાના સ્થાનક સ્થાપીને અડ્ડો જમાવવો એ તો પ્રશ્ન જ નથી. અત્યારે તો અહીંયાં ફલાણા મહારાજનું આમ છે અને ફલાણા આચાર્યનું આમ છે. એ તો ગડબડ છે. આ એનું ગામ કહેવાય છે અને આ એનું સ્થાન કહેવાય છે એ તો પ્રશ્ન જ નથી. કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને વિષે અપ્રતિબંધવિહારી જેની દશા છે એવા મુનિરાજ છે. અને કોઈ મુનિ માટે, સાધુ માટે બનાવેલા મકાનમાં રહેવું એ તો ઉદ્દેશિક (છે). જેમ ઉદ્દેશિક આહારનું ગ્રહણ ન થાય, એમ ઉદ્દેશિક સ્થાનનું

પણ મુનિરાજથી ગ્રહણ ન થાય. આહાર માટે ગ્રામ, નગરમાં આવે તોપણ સુરજ આથમ્યા પહેલા એ જંગલમાં ચાલ્યા જાય. રાત્રે ગમન નથી કરતા. એટલે રાત્રિ થાય એ પહેલા જંગલમાં ચાલ્યા જાય છે. કદી એ શહેરમાં રહેતા નથી, વસ્તીમાં રહેતા નથી. વસ્તીમાં રહેવું એમને માટે અનુકૂળ નથી, એમને માટે શોભનિક પણ નથી.

મૂળ હેતુ તો આત્મામાંથી વિશેષ આનંદ પ્રગટ કરવા માટે વીતરાગ દશાની વૃદ્ધિ અર્થે મુનિરાજ જંગલમાં વસ્યા છે. '**તે માટે...**' એવા આનંદની અને વીતરાગતાની વૃદ્ધિ માટે '**નિરંતર પરમપારિણામિકભાવમાં તેમને લીનતા વર્તે છે,...**' પરમપારિણામિકભાવ એવું જે પોતાનું નિજ પરમેશ્વરપદ, પોતાનું પરમ ઐશ્વર્યવંત પરમાત્મપદ તેમાં તેમની ધ્યાનથી લીનતા વર્તે છે. લીનતા વર્તે છે એટલે એમનું ધ્યાન છે એમાં. એકાગ્રતા એમની પોતાના સ્વરૂપને વિષે છે અને એ સ્વરૂપની એકાગ્રતાને લીધે એમને આત્મામાંથી વીતરાગતા અને આનંદ વિશેષ વિશેષ વૃદ્ધિગત થઈને પરિણમે છે.

'**દિન-રાત...**' રાત અને દિવસ બીજી કોઈ પ્રવૃત્તિ મુનિરાજને નથી. અથવા મુનિરાજ હોય એ કોઈ પ્રવૃત્તિમાં પડે નહિ. 'ગુરુદેવ' તો હજી નીચેના ગુણસ્થાને હતા. પણ ત્યાં કોઈ ચર્ચા-વાર્તા કરવા આવે કે વંદન-નમસ્કાર કરવા આવે, લાંબો સમય કોઈની સાથે ઉઠ-બેસ હોય એવું છેલ્લા ૪૫ વર્ષમાં કોઈએ જોયું નથી. ભલે એક સ્થાને નિવાસ કર્યો પરિવર્તન કરીને. પણ એ મુનિદશા(ની જેમ) જ્ઞાન-ધ્યાનની જ પ્રવૃત્તિ રાખી છે. ભલે પોતે મુનિ નહોતા. તોપણ મુનિ થવાના મનોરથ હોવાને લીધે જેટલી શક્યતા હતી એટલી શક્યતામાં એવી જ પ્રવૃત્તિ રાખી છે. કેમકે ભાવના એવી છે ને. કોઈની સાથે લાંબી ચર્ચા નહિ. ફાલતુ વાત કરવા કોઈ બેઠા હોય તો એને ઉઠાડી મૂકે. સંસારની કોઈ આડીઅવળી વાત કરવા બેસે (તો) આમ કહી દે. લાંબી વાત ન કરે. આમ કહે એટલે હવે તમે ઊભા થઈને અહીંથી વયા જાવ. અમને કોઈ એમાં રસ નથી.

એમ મુનિરાજને તો '**દિન-રાત રોમે રોમમાં એક આત્મ જ રમી રહ્યો છે.**' અનંત આનંદનું ધામ, અનંત ગુણનું નિધાન છે. એમાં જ પોતે રોમ રોમમાં એટલે પ્રદેશે-પ્રદેશે એક પોતાની આત્મરમણતા સિવાય બીજી જેમની દશા નથી. બહુ મહા અલૌકિક દશા છે. મુનિરાજની દશા છે એ એકદમ અલૌકિક દશા છે. આત્માની રમણતા સિવાય જાણે એમની દશામાં બીજું કાંઈ છે નહિ. શાસ્ત્રની અંદર આચરણના જે આચારાંગ, આચરણના જે શાસ્ત્રો છે એની અંદર તો એવું વર્ણન આવે કે દેહની પ્રવૃત્તિ આહારની હોય તોપણ ચોવીસ કલાકે એક વાર આહાર કરે. એક વાર આહાર

અને એક વાર પાણી. બીજી વાર આહાર-પાણી નહિ. આહાર વખતે જે પાણી પીવે એ પાણી પીવે. પછી કોઈ વ્યવસ્થા પણ નથી. એમને આહાર-પાણીની બીજી કોઈ વ્યવસ્થા સમાજમાંથી હોય શકે નહિ કે કોઈ મુનિરાજને એની વૃત્તિ પણ હોઈ શકે નહિ. મધ્યાહ્ન સમયે એક વખત આહાર-પાણી કરે. એ પણ છેતાલીશ દોષ રહિત. આધાકર્મી અને ઉદ્દેશિક આહાર મુનિરાજ લે નહિ, ગ્રહણ કરે નહિ. છેતાલીશ દોષમાંથી એક દોષનો ખ્યાલ આવે એટલે મુનિરાજની આહાર કરવાની વૃત્તિ વૈરાગ્ય પામીને ખલાસ થઈ જાય, ઉપશમ થઈ જાય, બેસી જાય.

જેમ વેપારીને વેપાર વધતા, વેપારનો રસ વધતા ભૂખ મરી જાય. બપોરે ખાવાના ટાણે ખાવાનો સમય ખ્યાલ રહે નહિ. એટલી ઘરાગી હોય. ધડાધડ કામ ચાલતું હોય. ટિફિન મોકલાવ્યું હોય તો પડ્યું રહે. એમ કહે, ભાઈ! અમારે ખાવાનો અને મરવાનો સમય નથી. એમ કહે, મરવાનો પણ સમય નથી. બહુ કામ ચાલે છે.

એમ મુનિરાજને વૃત્તિ મરી જાય છે. જો છેતાલીશ દોષમાંથી એક દોષ ખ્યાલમાં આવી જાય તો એમની આહારની વૃત્તિ ખલાસ થઈ જાય છે કે અરે..! અનાહારી એવો આ આત્મા. એને વળી આ આહારની ભાવના ક્યાંથી આવી? ઉપવાસ, તે દિવસે એમને ઉપવાસ થઈ જાય છે. પછી લોકો ભાષા એમ કરે છે કે ઉપવાસ પડ્યો. એટલે કે જાણે પરાણે કરવો પડ્યો. એમ નથી. ઉપવાસ પડતો નથી. સહજપણે એ પોતાના આત્મસ્વરૂપમાં નિવાસ કરે છે એ રીતે.

આહાર ન ગ્રહણ કરે એને લોકો ઉપવાસ કહે છે. જ્ઞાનીઓ કહે છે કે આત્માની-પરમાત્માની સમીપમાં એની શીતળ છાયામાં જઈને વસે એનું નામ ઉપવાસ છે. એ ઉપવાસમાં ચાલ્યા જાય છે. આત્માની નજીકના વાસમાં ચાલ્યા જાય છે. અને એમનો આનંદ ત્યાં વિશેષ વૃદ્ધિગત થાય છે. એ આનંદરસના લીધે આહારનો રસ ખલાસ થાય છે. એમ ઉપવાસ થાય છે. અંતરાય પડે છે અને આકુળતા થાય છે અને પરિણામ બગડે છે એવો પ્રકાર મુનિદશામાં ઉત્પન્ન થતો નથી.

મુમુક્ષુ :- મોટી બિમારી વખતે? કોઈ મોટી બિમારી આવી જાય તો?

પૂજ્ય ભાઈશ્રી :- મોટી બિમારી આવે ત્યારે મોટો પુરુષાર્થ કરે. જ્યારે મોટી બિમારી આવે ત્યારે આત્મામાં લીન થવાનો મોટો પુરુષાર્થ કરે. આ પુસ્તકમાં છેલ્લે છે.

'**જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક...**' બજારમાં. બજારની અંદર માના સાડલાનો છેડો પકડીને કોઈ પાંચ વર્ષનું બાળક ચાલતું હોય. એમાં કાંઈક મુશ્કેલી દેખાતા, જરાક વાહન અને માણસોની ભીડ વધે તો વિશેષ જોરથી છેડો પકડી રાખે. હું છૂટો ન પડી જાઉં. નહિતર હું ખોવાઈ જઈશ. મારી માથી મારે છૂટા પડવું નથી.

તો જે છેડો પકડ્યો છે એને જરાક મજબૂત પકડી રાખે. કોઈકનો ધક્કોધુક્કી લાગે તો છૂટો પડે, એની માને ખ્યાલ ન રહે. એ તો આગળ ચાલી જાય. આ પડી જાય તો પાછળ રહી જાય. જોરથી પકડી રાખે.

તેમ મુનિ પરિષહ અને ઉપસર્ગ આવતા. આ પરિષહ છે. માંદગી છે એ પરિષહ છે. પરિષહ અને ઉપસર્ગમાં એ ફેર છે કે ઉપસર્ગ છે એ કોઈ કરે છે-દેવ કે મનુષ્ય. અને પરિષહ છે એ કુદરતી ઊભો થાય છે. એટલે માંદગી કુદરતી આવે છે એને પરિષહ કહે છે. ક્ષુધા પરિષહ, તૃષા પરિષહ, અશાતાનો પરિષહ. આ ઠંડી, ગરમી બહુ તીવ્ર પડે તો એને પણ પરિષહ કહેવામાં આવે છે. વાવાઝોડા થાય, વરસાદ થાય, મુશળધાર વરસાદ પડતા હોય. લોકો મકાનમાં બેઠા બેઠા ગભરાતા હોય કે આ કાંઈક પડશે તો નહિ ને? તોપણ જેને કાંઈ આશરો નથી. વૃક્ષની નીચે બેઠા હોય. ગમે એટલો મુશળધાર વરસાદ હોય કોઈ વૃક્ષની નીચે ધ્યાનમાં બેસે. પાણી પડ્યા કરો. ગમે તેટલું પાણી પડે. લક્ષ જાતું નથી. એવો પ્રબળ પરિષહ ઉપસર્ગ આવતા પ્રબળ પુરુષાર્થપૂર્વક. ત્યારે શું કરે છે એ? પોતાના આત્માની લીનતાનો પ્રબળ પુરુષાર્થ કરે છે. સ્વરૂપમાં ધ્યાનની એકાગ્રતાનો પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજ આત્મદ્રવ્યને વળગે છે એ વખતે. સહજ જ એવી દશા થાય છે.

જેટલું એહીંયાં ઉપસર્ગ પરિષહનું જોર એટલું સામે અહીંયાં પુરુષાર્થનું જોર. તો પછી જે સંયોગોના નિમિત્તે આત્મલીનતાનો પુરુષાર્થ વધે એ સંયોગોને પ્રતિકૂળતાનું નામ કેમ દઈએ? એને પ્રતિકૂળતાનું નામ કેમ દેવું? ખરેખર તો એ એમને માટે અનુકૂળતા થઈ પડે છે. ક્યાં સુધી? કે સામે મૃત્યુ પર્યંતની પ્રતિકૂળતા આવે તો સાધક એમ વિચારે છે, ગૃહસ્થ હોય કે મુનિ હોય, કે આ મારા આત્માનો વિશેષ પુરુષાર્થ કરવાની તક છે. મૃત્યુ એ કોઈ શોકનો પ્રસંગ નથી. શોકનો પ્રસંગ તો દેહમાં જેને મમત્વ છે એને શોકનો પ્રસંગ છે. મારા માટે તો આ મહોત્સવનો પ્રસંગ છે. પુરુષાર્થનો મહોત્સવ છે. ઉત્સવની અંદર ઉમંગથી કાર્ય કરવું. એનું નામ ઉત્સવ. ઉત્સવ એટલે શું? કે ઉમંગથી કાર્ય જેમાં કરવામાં આવે તે ઉત્સવ. તો પુરુષાર્થમાં ઉમંગ વધે છે. એટલે એને મૃત્યુનો મહોત્સવ કહ્યો છે. એને કોઈ શોકનો પ્રસંગ કહેવામાં આવતો નથી. એવી જગતથી, લૌકિકથી વાત ઊલટી છે આખી.

બહુ સરસ વર્ણન આવ્યું છે. મુનિદશાનું વર્ણન આ શાસ્ત્રમાં જ્યાં જ્યાં આવ્યું છે ત્યાં બહુ ભાવવાહી વર્ણન કર્યું છે. શું કહે છે? કે વીતરાગતા વધુ પ્રગટ કરવા અર્થે અથવા ગૃહસ્થદશામાં વીતરાગતા પ્રાપ્ત થઈ હતી, એ વીતરાગતા પૂરેપૂરી પ્રગટ કરવા માટે બીજા વિક્ષેપોથી દૂર જઈને જંગલમાં વસ્યા છે. અને તે પોતાના

પરમપારિણામિક સ્વભાવભાવમાં-પરમેશ્વરપદમાં-એમને નિરંતર લીનતા વર્તે છે. હાલે-ચાલે તોપણ સ્વરૂપની લીનતા છૂટતી નથી. છઠ્ઠા ગુણસ્થાનમાં પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ થાય છે ત્યારે પણ એમની જ્ઞાન-ધ્યાનની જે ધારાની પરિણતિ છે એ ધોધમાર ચાલુ છે. મુખ્ય વૃત્તિ છે એ. એમાંથી ખસ્યા નથી. એવી તેમને નિરંતર લીનતા વર્તે છે. એઠલે નિરંતર શબ્દ લીધો છે. નિરંતર તેમને લીનતા વર્તે છે. છઠ્ઠા ગુણસ્થાને આવે તોપણ લીનતા છે, સાતમા ગુણસ્થાને તો લીનતા હોય એ કોઈ કહેવાની જરૂર રહેતી નથી.

'**દિન-રાત રોમે રોમમાં એક આત્મા જ રમી રહ્યો છે.**' પોતાનો પરમાત્મા જ રમી રહ્યો છે. એમની-મુનિરાજની રમણતા છૂટતી નથી. પોતાના સ્વરૂપની રમણતા મુનિરાજને છૂટતી નથી. દિન-રાત ચાલુ છે. એક જ કામ માટે નવરા થઈને જંગલમાં ગયા છે. હવે બીજું કોઈ કામ એ ઉપાડવા માટે જરા પણ જવાબદારી લેતા નથી. જોકે સાધકને તો એ પહેલેથી સિદ્ધાંત હોય છે કે કોઈ બહારના કામની જવાબદારી લેવી નહિ. ઉદયવશ આવી પડે છે ગૃહસ્થમાં. તોપણ એ થવું હોય તો થાય, ન થવું હોય તો ન થાય. એથી વધારે નહિ. વિકલ્પ છે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિનો, પોતાની આજીવિકા આદિનો જે કાંઈ નિવારી ન શકાય એવી પરિસ્થિતિ છે. તો થઈ જાય તો થઈ જાય. થાવું હોય તે થાય, ન થાવું હોય તે ન થાય. બસ. વિકલ્પ વિકલ્પના કાળે આવ્યો, કાર્ય કાર્યના કાળે થશે. નહિ થવું હોય તો નહિ થાય. એવો અભ્યાસ કરતાં કરતાં મુનિદશામાં આવે છે ત્યારે તો બિલકુલ કોઈપણ કાર્યની જવાબદારી આવી પડે એવા ઉદય સ્થાનોનો તે ત્યાગ કરી દે છે. એટલે સંપૂર્ણ ગૃહસ્થ દશાનો અને લૌકિક સંગનો એ ત્યાગ કરી દે છે. લૌકિક સંગમાં ધાર્મિક જનોના સંગનો પણ એ ત્યાગ કરે છે. અને કોઈ કોઈ મુનિરાજ તો બીજા મુનિરાજના સંગનો પણ ત્યાગ કરે છે. એટલા બધા જ્ઞાન-ધ્યાનમાં લીન રહે છે કે જંગલમાં પણ કોઈ મુનિરાજનો, બીજા મુનિનો સંગ કરતા નથી. એવા એકલવિહારી હોય છે. એને શાસ્ત્રમાં જિનકલ્પી મુનિ કહ્યા છે. જિનકલ્પી મુનિ. જેમ જિનેન્દ્ર એકલા હોય એમ આ મુનિરાજ જિનેન્દ્ર થયા પહેલા એકલા રહી જાય છે. એટલે એને જિનકલ્પી કહ્યા છે. જિનકલ્પી અને સ્થવિરકલ્પી એવા મુનિઓના ભેદ છે. સ્થવિરકલ્પી મુનિઓ બીજા મુનિઓના સંગમાં સાથે રહે છે. જિનકલ્પી મુનિ કોઈની સાથે રહેતા નથી. એકલા જ વિહાર કરે છે.

શરીર છે. મુનિરાજને સંયોગમાં, પરિગ્રહમાં જે ગણો તે એક ચીજ છે અને તે પૂર્વ કર્મવશાત આવી પડેલો આયુષ્ય કર્મનો ઉદય, એના નિમિત્તે રહેલો જે સંયોગ એ શરીરનો સંયોગ છે. પણ એની કાંઈ પડી નથી. '**શરીરની કાંઈ પડી નથી,...**'

ભૂખ લાગે, તરસ લાગે, માંદુ થાય, સાજુ થાય. જે થાવું હોય તે થાય.

સનતકુમાર ચક્રવર્તી. ગળત કોઢનો રોગ થયો છે. હાથ-પગના અવયવો ગળી જાય, ખવાઈ જાય. આ કોઢિયા નથી હોતા? રક્તપિતિયા જેને કહે છે. એવો રક્તપિતનો રોગ છે. દેવ આવીને એમ કહે છે કે અમારી પાસે દૈવી ઔષધિ છે, મહારાજ! આપ અમારો ઔષધ ગ્રહણ કરવાની કૃપા કરો તો આપનો રોગ ચાલ્યો જાય. ત્યારે એમને પોતાની લબ્ધિની સ્મૃતિ થાય છે. કે અરે..! ગાંડા માણસ! તું અમને ઔષધિ દેવા આવ્યો! પણ અમારે તો લબ્ધિ છે કે આમ થુંક લગાડીએ ત્યાં રોગ મટી જાય. થુંકવાળી એક આંગળી કરીને આમ કરીએને ત્યાં આખા શરીરમાંથી રોગ વયો જાય એવી લબ્ધિ છે. પણ અમે શરીરનો રોગ મટાડવા માટે જરાય નવરા નથી. એ લબ્ધિનો ઉપયોગ કરવાની અમને ફૂરસદ નથી. આત્માનો રોગ મટાડવા માટે જંગલમાં નીકળી પડ્યા છીએ. હવે એ રોગ મટાડવો છે. રાગનો રોગ મટાડવો છે. વીતરાગ થવું છે અને રાગનો રોગ મટાડી દેવો છે. એના કામે લાગ્યા છીએ. એમાં દિન-રાત લાગેલા છીએ એમાંથી અમને ફૂરસદ નથી. લબ્ધિનો ઉપયોગ કરે નહિ. અને જો મુનિરાજ લબ્ધિનો ઉપયોગ કરે તો સીધા પહેલા ગુણસ્થાને આવે. પહેલા જ ગુણસ્થાન આવે. નિદાન બંધ થાય છે.

મુમુક્ષુ :- નિદાન બંધ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિદાન બંધ થાય છે. અને શલ્ય છે એ. મિથ્યાત્વના ત્રણ શલ્ય છે. માયા, મિથ્યા અને નિદાન. એમાં આ નિદાન બંધ પડે છે. ભલે પછી પુણ્ય થાય અને કોઈ ચક્રવર્તીનું પદ બંધાય જાય. પણ નિદાન બંધ થાય છે.

મુમુક્ષુ :- સમકિત વમીને વયા જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમકિતને વમી જાય. વમીને વયા જાય, પહેલે ગુણસ્થાને આવીને ઊભા રહે. એવી દશા થાય.

મુમુક્ષુ :- શું ભૂલ કરી?

પૂજ્ય ભાઈશ્રી :- આ લબ્ધિનો ઉપયોગ કર્યો. બહારની સંયોગની, શરીરની અનુકૂળતા ખાતર લબ્ધિનો ઉપયોગ થયો. સહેજે, વગર વિકલ્પે લબ્ધિનો ઉપયોગ થઈ જાય એ બીજી વાત છે. પોતે વિકલ્પ કરે, બુદ્ધિપૂર્વક એનો ઉપયોગ કરે તો એ મુનિદશામાં રહી શકે નહિ. મુનિદશાથી ચ્યુત થઈ જાય છે.

વાણિયા તો એમ લખે છે. આ દિવાળીએ ચોપડા પૂજેને ત્યારે. ગૌતમસ્વામીની લબ્ધિ હજો. ભાઈ! ગૌતમસ્વામીએ તો લબ્ધિને છોડી. એંઠ જાણીને છોડી. કેવી રીતે છોડી? એંઠ જાણીને છોડી. હવે તારે એંઠ ખાવી છે? એમ કહે છે. એવો

ઊલટો-સુલટો ફેર છે. કાલે જ આવ્યા હતા વેપારી. ફલાણે-ફલાણે યાત્રાએ જાય છે. 'મહુડી'ની યાત્રાએ જાય છે. એટલા માટે ગયા છે. આ દશા છે. અમારી તો સીત્તેર વર્ષથી આ શ્રદ્ધા છે. સીત્તેર વર્ષથી અમારી આ શ્રદ્ધા છે. એટલે અમારા બાપ-દાદાના વખતથી ચાલ્યું આવે છે. યાત્રાએ અવારનવાર જાવું. પંદર દિવસ-મહિને, બે મહિને જ્યારે ટાઈમ મળે ત્યારે દર્શન કરી આવવા. ભાવના ભાવવી કે સંસારની વાડી લીલી રહે અને સંસારમાંથી છૂટીને મુક્ત દશા થાય નહિ. એમ જ ને?

મુમુક્ષુ :- ... આચાર્યે લખ્યું છે કે ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ ચાલે. આ કાળમાં બધું એવું જ ચાલે. બહુ હાસ્યાસ્પદ વિષય છે. એ તો જેમ કોઈ માગણને માગતા નથી આવડતું (એમ છે). વીતરાગદેવ પાસે તો વીતરાગતાની અભિલાષા હોય. રાગ અને રાગના નિમિત્તની અભિલાષા વીતરાગની સામે જોઈને કરવી એ બહુ મોટો અપરાધ છે. એ બહુ મોટો અપરાધ છે.

મુમુક્ષુ :- ગૃહીત આવી ગયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચોખ્ખુ ગૃહીત છે. અહીંયાં તો કહે છે કે મુનિરાજને શરીરની પડી નથી. દેહાતીત જેવી દશા છે. જેવી તેરમા ગુણસ્થાને દેહાતીત દશા હોય છે એવી લગભગ દશા છે. કેવળજ્ઞાનની તળેટીમાં ઊભા છે જઈને. કેવળજ્ઞાન લેવા માટે કેવળજ્ઞાનની નજીક તળેટીમાં જઈને ઊભા છે. '**દેહાતીત જેવી દશા છે.**' દેહની સંભાળ છોડી દીધી છે.

'**ઉત્સર્ગ અને અપવાદની મૈત્રીપૂર્વક રહેનારા છે.**' આ ચરણાનુયોગનો વિષય છે-ઉત્સર્ગ અને અપવાદ. ઉત્સર્ગ એટલે સિદ્ધાંત અને અપવાદ એટલે સિદ્ધાંત છોડીને આચરણની અંદર આવવું તે. તેને અપવાદ કહે છે. મુનિરાજનો શું સિદ્ધાંત છે? કે પરિપૂર્ણ વીતરાગતા પ્રગટ કરીને વીતરાગતામાં જ રહેવું, શુદ્ધોપયોગમાં જ રહેવું એ એમનો સિદ્ધાંત છે. છતાં શુભોપયોગમાં આવી જાય તો તે અપવાદ છે. અશુભ ઉપયોગમાં તો મુનિ આવતા નથી. કોઈ અશુભ પ્રવૃત્તિ નહિ, અશુભ કાર્ય નહિ, અશુભ પરિણામ નહિ, અશુભ યોગ નહિ. યોગ અને ઉપયોગ એમાં અશુભ મુનિરાજને હોતું નથી. પણ શુભભાવમાં આવે તે અપવાદ છે. અને શુદ્ધ વીતરાગભાવમાં રહે તે સિદ્ધાંત છે. એની મૈત્રી, મૈત્રી એટલે જાળવણી. આપસમાં સંબંધ જાળવે છે.

જ્યારે પોતાના પુરુષાર્થની અંદર અશક્તિ થોડી ઊભી થાય તો પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના શુભભાવમાં આવે. એવો વિકલ્પ એમને ઉત્પન્ન થાય. અને તીવ્ર પુરુષાર્થ શુદ્ધોપયોગ થઈ જાય નિર્વિકલ્પ. એની '**મૈત્રીપૂર્વક રહેનારા છે.**' અથવા

હઠ કરીને એવું આચરણ કરતા નથી. શુદ્ધોપયોગમાં રહેવા માટે હઠ કરી લે એમ નથી. સહજ પુરુષાર્થ ધીમો પડે, મંદ પડે તો શુભોપયોગમાં આવે છે. વળી શુભોપયોગમાં રહેતા નથી. જોર કરીને પાછા શુદ્ધોપયોગમાં આવી જાય છે, વિકલ્પ વગર.

એમ '**ઉત્સર્ગ અને અપવાદની મૈત્રીપૂર્વક રહેનારા છે. આત્માનું પોષણ કરીને નિજ સ્વભાવભાવોને પુષ્ટ કરતા થકા વિભાવભાવોનું શોષણ કરે છે.**' પોષણની સામે શોષણ શબ્દ લીધો છે. સ્વભાવનું પોષણ કરે છે અને વિભાવનું શોષણ કરે છે. શોષણ કરે એટલે એને સૂકવી નાખે, એને ખલાસ કરી નાખે છે અને આત્મસ્વભાવનું પોષણ કરે છે, પુષ્ટ કરે છે. વધારેમાં વધારે મજબૂત શક્તિવાળા કરે છે. એવું એ કાર્ય ચોવીસ કલાક કરે છે. બીજું કાર્ય કરતા નથી. નિંદ્રા ઘટી ગઈ છે જેની.

શાસ્ત્રોમાં ધ્યાનનું પ્રકરણ ચાલે છે ત્યાં નિંદ્રા એ ધ્યાનને બાધાકારક, પ્રતિબંધનું કારણ લેવામાં આવ્યું છે. ધ્યાનનો પ્રતિબંધ જે અનેક પ્રકારે થાય છે એમાં નિંદ્રા પણ એક પ્રતિબંધ છે. એટલે મુનિરાજને નિંદ્રાનો પ્રતિબંધ નથી. અડધી રાત ચાલી જાય પછી. અડધી રાત સુધી તો ધ્યાનમાં બેસે. સાયંકાળ પછી ગમન નથી, આહાર નથી, પાણી નથી. કાંઈ કોઈ બીજી દેહની પ્રવૃત્તિ નથી. ચાલવાની પ્રવૃત્તિ નથી, કોઈ આહાર-પાણીની પ્રવૃત્તિ નથી. કોઈ સંગની પ્રવૃત્તિ હોવાનો સવાલ નથી. એટલે છએક કલાક તો એકધારો ધ્યાનનો (સમય છે). રાતના બારેક વાગ્યા સુધીનો એકધારું ધ્યાન. પછી વિકલ્પ હોય તો. જરૂરી નથી કે રોજ સૂવે. જરૂરી નથી કે મુનિરાજ રોજ આડે પડખે થાય. એવું કાંઈ જરૂરી નથી.

બાહુબલી સ્વામી. બાર મહિના સુધી એકધારા ઊભા રહ્યા છે. સૂવાનો ક્યાં પ્રશ્ન છે? આહારનો પ્રશ્ન નહિ, પાણીનો પ્રશ્ન નહિ, કાંઈ સૂવાનો પ્રશ્ન નહિ, કોઈ વિકલ્પ નહિ. ઊભા જ રહ્યા છે. ભલે નિર્વિકલ્પ ધ્યાન તો અંતર્મુહૂર્ત પણ એકસાથે રહે તો કેવળજ્ઞાન થઈ જાય. છતાં પણ બીજી પ્રવૃત્તિમાં આવતા નથી. વિકલ્પ આવે તો પાછલી રાત્રે એકથી ત્રણની અંદર એ પણ થોડીવાર આડે પડખે થાય. અને તે પણ બહુ આછી નિંદર હોય. બહુ જ આછી નિંદર હોય. એમાં પણ શુદ્ધોપયોગમાં વારંવાર આવે છે. એવી દશામાં પણ. વધારે લાંબી નિંદર હોતી નથી. તૂટતી. બીજાને તો નિંદરમાં ખલેલ પડે તો અશાંતિ થઈ જાય છે. અહીંયાં તો આત્માની શાંતિને લઈને નિંદર નથી આવતી. એટલી અંદરમાં ઉગ્ર ધારા, વીતરાગતાની ઉગ્ર પરિણમન ધારા, ઉગ્ર રસ છે. સ્વરૂપનો એટલો ઉગ્રરસ છે કે નિંદ્રા આવતી નથી.

મુમુક્ષુ :- આ તીર્થંકરો અને ગણધરો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આપે. ન જ આપે એવું કોણે કીધું? ગામમાં આહાર

માટે આવે. અને બધા ધાર્મિક વૃત્તિવાળા માણસો ભેગા થઈ જાય. મહારાજને વિનંતી કરે કે આપના શ્રીમુખેથી મારે સાંભળવું છે કાંઈક. તો અમને કાંઈક ઉપદેશ આપે. તો આપે. ન આપે એવું કાંઈ નથી. પણ આપવા માટે બંધાયેલા નહિ. આઠથી નવ તમારે અપાસરામાં વ્યાખ્યાન દેવું પડશે એના માટે બંધાયેલા નથી. એમ. કેમકે એ તો જંગલમાં ચાલ્યા જાય છે. બીજે દિ' આવે, ન આવે એનો કાંઈ ભરોસો નથી. કે જંગલમાં પણ ત્યાં બાજુમાં રોકાય કે ન રોકાય એનો ભરોસો નથી. ક્યારે કઈ દિશામાં ક્યાં ચાલ્યા જાય એ કોઈને કહેવા રહેતા નથી. જાય તો આગળ જઈને કો'ક વ્યવસ્થા કરે ને. ફલાણા ગામ બાજુ ગયા છે ચાલો ત્યાં વ્યવસ્થા કરીએ. કોઈ આગોતરી વ્યવસ્થા થાય પોતાની સગવડતા માટે એ મુનિરાજને સ્વીકાર્ય નથી. એમાં અનુમોદનાની કોટિ તૂટે છે. કરવું, કરાવવું અને અનુમોદવું. પોતે અનુમોદે. કરતા નથી. પણ બીજા કરે એનું સંમત કરે તો એની અનુમોદના લાગે છે. એ એક કોટી તૂટે એટલે નવે કોટી તૂટે. એટલે એવી કોઈ આગળથી વ્યવસ્થા થાય એવો સ્વીકાર મુનિરાજને હોતો નથી. આપે દેશના. ન જ આપે એવું કાંઈ નથી. મુનિઓ આપે, આચાર્યો આપે, ઉપાધ્યાય આપે, તીર્થંકર આપે. તીર્થંકરને તો ઈચ્છા નથી. સહજ વાણીનો ઉદય થાય છે.

તીર્થંકર છે એ મુનિદશામાં નથી આપતા. કેવળજ્ઞાન થયા પહેલા ઉપદેશ નથી આપતા. એકધારું એ પોતાનું કાર્ય કરે છે. મુનિદશાનો કાળ બહુ થોડો છે. આયુષ્ય હોય છે એના પ્રમાણમાં મુનિદશાનો કાળ બહુ થોડો છે. છેલ્લા તીર્થંકરમાં જ એવું છે. બોંતેર વર્ષનું આયુષ્ય છે ભગવાન મહાવીર સ્વામીનું. એમાં બાર વર્ષ મુનિદશાનો કાળ છે. આયુષ્ય થોડું અને કાળ લાંબો છે. છેલ્લે છેલ્લે. બાકી એટલો લાંબો કાળ મુનિ દશામાં આયુષ્યના પ્રમાણમાં હોતો નથી. બહુ અલ્પ કાળની અંદર કેવળજ્ઞાન લઈ લ્યે છે. એવા પુરુષાર્થવંત હોય છે.

હવે દૃષ્ટાંત લીધું છે કે '**જેમ માતાનો છેડો પકડીને ચાલતો બાળક કાંઈક મુશ્કેલી દેખાતાં વિશેષ જોરથી છેડો પકડી લે છે, તેમ મુનિ પરીષહ-ઉપસર્ગ આવતાં પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે.**' આમાં બે-ત્રણ ન્યાય છે. જુદા જુદા દૃષ્ટિકોણથી આ વિષયના ન્યાય બે-ત્રણ છે. બધા ન્યાયો આત્માને આત્મામાં દોરી જવા માટે છે. દૃષ્ટિકોણ જુદા જુદા છે એટલે એ ન્યાયે જુદા પડે છે. પણ ન્યાયનો હેતુ ત્રણે ન્યાયનો એક જ છે. એક તો કોઈ પણ પ્રકારના ઉપસર્ગ પરિષહના કાળમાં આ આત્માને કોઈ અનુકૂળ પણ નથી અને આ આત્માને કોઈ પ્રતિકૂળ પણ નથી. બધા જ સંયોગો પોતે જ્ઞાનમાત્ર હોવાને લીધે જ્ઞેયમાત્રપણે જ્ઞાનમાં પ્રતિભાસે છે. એમાં

એને ન તો અનુકૂળતાનો દેખાવ આવે છે કે ન તો એને પ્રતિકૂળતાનો દેખાવ આવે છે.

મુમુક્ષુ :- એના માટે ઉપસર્ગ છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહ હોય તો એવો એને વ્યામોહ થાય. એટલે પહેલું જ તો એ જ્ઞાનમાં જ્ઞેયરૂપે પ્રતિભાસે છે. આ મૂળ પાયાનો ન્યાય છે. પોતે જ્ઞાનમાત્રપણે જ્ઞાતા-દ્રષ્ટા રહે છે એ દશા એમની પ્રગટી છે. અને અન્ય જ્ઞેયો જેને ઉપસર્ગ પરિષહ એવું નામ આપ્યું છે એ જ્ઞેયમાત્રપણે પ્રતિભાસે છે. એમ જાણીને એ પોતાના જ્ઞાતાભાવમાં જ રહે છે. આથી વધારે આગળ જતા નથી.

વળી કોઈ તીવ્ર અશાતાદિ વધે છે અને વિકલ્પ ઊઠે છે હવે. જ્યાં આવી જ્ઞાતા-દૃષ્ટાની પરિણતિ તૂટ્યા વિના, આવી જ્ઞાતા-દૃષ્ટાની પરિણતિ છૂટ્યા વિના, એમાં છેદ પડ્યા વિના એક વિકલ્પ ઊઠે, તો એ વિકલ્પની અંદર એ એમ જોવે છે, એક ન્યાયે એમ જોવે છે કે આ જીવે પૂર્વે નિબંધન કરેલું કોઈ એવું કારણ છે કે જેને લઈને આ ઉદય વર્તે છે. આ પ્રકાર ઉદયમાં વર્તે છે. આવો પ્રકાર ઉદયમાન થવાનું કારણ બીજું કોઈ નથી, મારા જ આત્માનો પૂર્વે કરેલો ભાવ છે કે જે અપરાધ હતો. શું હતું? અપરાધ હતો. આરાધન નહોતું. એ અપરાધને વશ જે કર્મનું નિબંધન થયું એનો ઉદય આવ્યો છે. તો એ તો હિસાબ-કિતાબ આગળના અપરાધનો સાફ થવા માટે વાત છે.

આ આપણે પર્યુષણ પછી મિચ્છામી દુક્કડમ કરે છે. એ શું કરવા? ભાઈ! તમારા પ્રત્યે કાંઈ અપરાધ થયો હોય, મનથી, વચનથી, કાયાથી, જાણ્યે, અજાણ્યે, કરવું, કરાવવું, અનુમોદવાથી, હું એનાથી નિવર્તવા જાઉં છું. અંતઃકરણથી હું એની ક્ષમા ચાહુ છું. તો એ હિસાબ-કિતાબ સાફ કરવાની વાત છે કે નહિ? આ સામે ચાલીને ઉદય આવે છે. બહુ સારી વાત છે. નહિતર ઉદીરણા કરીને પણ આને ખલાસ કર્યા વગર બીજો તો ઉપાય નહોતો. કાં તો તપશ્ચર્યા ઉગ્ર કરે અને ઉદીરણા કરે. અને કાં ઉદય આવે. બેમાંથી એક રીતે પૂર્વ કરેલા કર્મને ખપાવે છે. અને પોતાના આત્મામાં સ્થિર થાય છે. એમાં પણ આત્માની સ્થિરતાનો હેતુ છે. બીજો કોઈ હેતુ નથી.

ત્રીજું, વળી એમ ઉપાડ કરે છે કે સારું થયું આવી ઉગ્રતા આવી તો પુરુષાર્થ વધશે. ન ઉગ્રતા આવી (હોત) તો કદાચ ન વધત. માટે આ મારા પુરુષાર્થની ઉગ્રતાની તક છે. બહુ સારો યોગ છે આ. આને અનિષ્ટ યોગ ન કહેવાય. એક ન્યાયે તો ઈષ્ટ યોગ કહેવાય. આ ન્યાય છે એક. દૃષ્ટિકોણ અલગ છે એટલો ફેર છે. એ ન્યાયથી લે છે કે સારી વાત છે આ આવી ગયું. ચાલો આ કાળે તો જરા જોર કરવાની

તક છે અંદરથી. તો શુદ્ધોપયોગમાં વિશેષ-વિશેષ પુરુષાર્થ પ્રગટ કરીને પોતાની દશા વધારી જાય છે. તો જે પોતાની દશાને વધવાનું નિમિત્ત થાય એને ઈષ્ટ કહેવાય કે એને અનિષ્ટ કહેવાય? અનિષ્ટ કહે તો મૂરખ છે એ અનિષ્ટ કહે છે. આ તો ન્યાયસરની વાત છે. ખરેખર મને હિતમાં નિમિત્ત પડે છે. માટે કોઈ પણ પ્રકારની પ્રતિકૂળતાથી સાધક કદી ગભરાતા તો નથી પણ મૂંઝવણ હોય તો સાધક જ નથી. આ લોકોને મૂંઝવણ આવે છે. Tension આવે છે. Tension આવે છે. Tensionની અંદર શું (થાય છે)? મૂંઝાય છે જીવ. સાધકને Tension હોય નહિ, સાધક કોઈ દિવસ મૂંઝાય નહિ. એને તો એ ખરેખર પોતાનું કાર્ય કરવાની સારી તક છે. અને એ તકને લઈને એને અનિષ્ટ માનવાનો તો પ્રશ્ન જ નથી.

એટલા માટે સાધુદશામાં કોઈ સીધું ઔષધ નથી ગ્રહણ કરતા. કોઈ એમને એમ કહે કે મહારાજ જરાક આ દવા લઈ લ્યો. તમારો રોગ મટી જશે. પણ મહારાજને તો એકવાર સિવાય તો આહાર-પાણી હોતું નથી. એટલે બીજી વખત દવાનો આહાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સમજે એ તો કહે નહિ. હવે આહારના કાળે કોઈ દવા આપે તો ઉદ્દેશીક ન લ્યે. કોઈ ભેળવી દે તો બીજી વાત છે. મુનિરાજના શરીરના રોગ જોઈને કોઈ ધર્મીને એવો વિકલ્પ ઊઠે. ધર્મી હોય એને વિકલ્પ ઉઠે કે મહારાજને અશાતા વર્તે છે. જ્ઞાન-ધ્યાનમાં કદાચ ખલેલ પડતી હશે. જરાક શાતા હો તો જ્ઞાન-ધ્યાન સારી રીતે કરે. એવી ભાવનાથી. નહિ તો એ તો શાતા હોય કે અશાતા હોય, ગમે ત્યારે જ્ઞાન-ધ્યાન જ કરવાના. પણ એવો વિકલ્પ આવી જાય કે માર્ગ જયવંત વર્તો. એમાં શું છે? મુનિરાજ તો સાક્ષાત્ જિનમાર્ગ છે, મૂર્તિમંત જિનમાર્ગ છે. એ જયવંત વર્તો એવી ભાવના છે એની અંદર. તો એને આહારમાં ઔષધ ભેળવીને આપી દે. બાકી સીધું લે નહિ અને સીધું દે નહિ કોઈને. એ જિનમાર્ગની પદ્ધતિ છે.

મુમુક્ષુ :- આ ... મેળ કેવી રીતે તપશ્ચર્યા ...

પૂજ્ય ભાઈશ્રી :- તપશ્ચર્યા એટલે શું છે કે આહાર-પાણી ઘણા લાંબા સમય સુધી ગ્રહણ ન કરે તો એની અંદર આહાર-પાણી સંબંધીની જે વેદના ઉત્પન્ન થાય એમાં પણ જ્ઞાતા-દ્રષ્ટાપણું રાખીને કર્મને ખપાવે. અથવા આહાર-પાણી ઘણાં સમય સુધી ન લ્યે તો શરીરની અશાતા અને રોગ એમાંથી પણ ઉત્પન્ન થાય. શરીરની અશક્તિ વેગેરે. એમાંથી રોગ ઉત્પન્ન થાય છે. કોઈપણ પ્રકારે. તોપણ પરિષહ ઉપસર્ગની જે પરિસ્થિતિ છે એને એ ખપાવે છે.

**'પ્રબળ પુરુષાર્થપૂર્વક નિજાત્મદ્રવ્યને વળગે છે.'** ત્યાં વિશેષપણે આત્મલીનતા

કરે છે. ''**આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ!**'' એમ આવે છે. સમ્યગ્દૃષ્ટિ છે, જે અવતરણ ચિહ્નમાં શબ્દો લીધા છે એ પોતાની ભાવનાના લીધા છે. કે ''**આવી પવિત્ર મુનિદશા ક્યારે પ્રાપ્ત કરીએ! એવા મનોરથ સમ્યગ્દૃષ્ટિને વર્તે છે.**'' સર્વ સમ્યગ્દૃષ્ટિને આવા મનોરથ આવ્યા વિના રહેતા નથી. 'શ્રીમદ્જી'નું તો પ્રત્યક્ષ છે. 'અપૂર્વ અવસર' એમણે આ મનોરથથી ગાયો છે. કે આવો અપૂર્વ અવસર અમને ક્યારે આવશે? એની આતુરતાથી એ દશાની રાહ જોવે છે. માત્ર રાહ જોવે છે નહિ. એને પહોંચવાનો અંતરંગમાં પુરુષાર્થ પણ કરે છે. બધી સાવધાની છોડીને. ૨૫-૨૬ વર્ષના પત્રો વાંચો તો વ્યવહારની, વેપારની, વ્યવહારિક સંબંધોની બધી સાવધાની છોડીને એમાં અવ્યવસ્થા થાય તો ભલે અવ્યવસ્થા થાય એવી સાવધાની છોડીને 'મુંબઈ'માં રહ્યા છે તોપણ પોતાની આત્મદશાને વૃદ્ધિગત કરે છે અને એ ઉદયથી મુક્તપણું વર્તે છે. એવી દશામાં રહે છે.

એક જગ્યાએ તો પોતાના બહેનના લગ્ન છે. 'મુંબઈ'થી 'વવાણિયા' બોલાવે છે એમના પિતાશ્રી. તો પહેલા તો એમ લખે છે કે હું આવી શકીશ કે નહિ આવી શકું એ નક્કી નથી મારું. મારા ચિત્તનું ઠેકાણું નથી કે હું આવું એટલો પ્રબળ વિકલ્પ મને થઈ જાય. એવો પ્રબળ વિકલ્પ નથી દેખાતો કે હું આવું જ. પછી ઉપરા ઉપરી કાગળો આવે છે. એમ લાગે છે કે આ બધાને કાંઈક વધારે પડતું લાગે છે. તો કહે, ભલે હું આવીશ. આવે છે. પછી આવે છે પણ એમની વૃત્તિ કામ કરતી નથી. હવે જેની શરીરમાં આહાર-પાણીની વૃત્તિના રસ ઊડી જાય એને બીજા પછી સાવધાનીના રસ કેટલા રહે? આ જ્ઞાનદશા છે. એટલે એમને ઉગ્ર દશાનો મનોરથ થાય છે એ સ્વભાવિક છે.

## તા. ૬-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૭૮
## પ્રવચન નં. ૨૯૧

**જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે એવા સાચા આત્માર્થીને વિષય-કષાયોનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગતી હોય છે. તેને ચૈતન્યસ્વભાવની સમજણમાં નિમિત્તભૂત દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા આવે છે. ગમે તે કાર્ય કરતાં તેને નિરંતર શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કરવાની ખટક રહ્યા જ કરે છે.**

**ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીને શુભાશુભભાવથી જુદા જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વધારા નિરંતર વર્ત્યા કરે છે. પરંતુ પુરુષાર્થની નબળાઈને લીધે અસ્થિરતારૂપ વિભાવપરિણતિ ઊભી છે તેથી તેને ગૃહસ્થાશ્રમને લગતા શુભાશુભ પરિણામ હોય છે. સ્વરૂપમાં સ્થિર રહેવાતું નથી તેથી તે વિવિધ શુભભાવોમાં જોડાય છે : 'મને દેવ-ગુરુની સદા સમીપતા હો, ગુરુનાં ચરણકમળની સેવા હો' ઈત્યાદિ પ્રકારે જિનેન્દ્રભક્તિ-સ્તવન-પૂજન અને ગુરુસેવાના ભાવો હોય છે તેમ જ શાસ્ત્રસ્વાધ્યાયના, ધ્યાનના, દાનના, ભૂમિકાનુસાર અણુવ્રત તથા તપ વગેરેના શુભભાવો તેને હઠ વિના આવે છે. આ બધાય ભાવો દરમ્યાન જ્ઞાતૃત્વપરિણતિની ધારા તો સતત ચાલુ જ હોય છે.**

**નિજસ્વરૂપધામમાં રમનારા મુનિરાજને પણ પૂર્ણ વીતરાગદશાના અભાવે વિધવિધ શુભભાવો હોય છે : તેમને મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ, પંચાચાર, સ્વાધ્યાય, ધ્યાન ઈત્યાદિ સંબંધી શુભભાવો આવે છે તેમજ જિનેન્દ્રભક્તિ-શ્રુતભક્તિ-ગુરુભક્તિના ઉલ્લાસમય ભાવો પણ આવે છે. 'હે જિનેન્દ્ર ! આપના દર્શન થતાં, આપનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં, મને શું ન પ્રાપ્ત થયું? અર્થાત્ આપ મળતાં મને બધુંય મળી ગયું.' આમ અનેક પ્રકારે શ્રી પદ્મનંદી આદિ મુનિવરોએ જિનેન્દ્રભક્તિના ધોધ વહાવ્યા છે.-આવા આવા અનેક પ્રકારના શુભભાવો મુનિરાજને પણ હઠ વિના આવે છે. સાથે સાથે જ્ઞાયકના ઉગ્ર આલંબનથી મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાતૃત્વધારા પણ સતત ચાલુ જ હોય છે.**

**સાધકને-મુનિને તેમજ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને-જે શુભભાવો આવે છે તે જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધ-સ્વભાવવાળા હોવાથી આકુળતારૂપે-દુઃખરૂપે**

**વેદાય છે, હેયરૂપ જણાય છે, છતાં તે ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી.**

**સાધકની દશા એકસાથે ત્રણપટી (-ત્રણ વિશેષતાવાળી) છે : એક તો, તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે જેમાં અશુદ્ધ તેમજ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે; બીજું, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે; અને ત્રીજું, અશુદ્ધ પર્યાયાંશ-જેમાં વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવો સમાય છે તે-દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.**

**સાધકને શુભભાવો ઉપાધિરૂપ જણાય છે-એનો અર્થ એવો નથી કે તે ભાવો હઠપૂર્વક હોય છે. આમ તો સાધકના તે ભાવો હઠ વિનાની સહજદશાના છે, અજ્ઞાનીની માફક 'આ ભાવો નહિ કરું તો પરભવમાં દુઃખો સહન કરવાં પડશે' એવા ભયથી પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી; છતાં તેઓ સુખરૂપ પણ જણાતા નથી. શુભભાવોની સાથે સાથે વર્તતી, જ્ઞાયકને અવલંબનારી જે યથોચિત નિર્મળ પરિણતિ તે જ સાધકને સુખરૂપ જણાય છે.**

**જેમ હાથીને બહારના દાંત-દેખાવના દાંત જુદા હોય છે અને અંદરના દાંત-ચાવવાના દાંત જુદા હોય છે, તેમ સાધકને બહારમાં ઉત્સાહના કાર્ય-શુભ પરિણામ દેખાય તે જુદા હોય છે અને અંતરમાં આત્મશાંતિનું-આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન જુદું હોય છે. બાહ્ય ક્રિયાના આધારે સાધકનું અંતર ઓળખાતું નથી. ૩૭૮.**

'બહેનશ્રીના વચનામૃત' ૩૭૮, પાનું ૧૩૭. સાધકદશા કેવી હોય? સાધકદશાની ભૂમિકાથી માંડીને, આત્માર્થીપણાથી માંડીને ગૃહસ્થાશ્રમના શ્રાવક-સાધક અને મુનિદશાના સાધક એના વ્યવહાર નિશ્ચયરૂપ પરિણામ, અંતર-બાહ્ય પરિણામ કેવા હોય છે એનું વિસ્તારથી વર્ણન છે આ બોલની અંદર. પહેલી વાત લીધી છે આત્માર્થી જીવ કેવો હોય છે.

'**જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે...**' આત્માર્થી જીવનું વર્ણન કરે છે. '**જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે...**' એટલે કે જેને જગતનો મહિમા, જગતની વાતો અને પ્રસંગોનો મહિમા, પુદ્‌ગલોનો મહિમા જેને નથી. અને પુણ્યાદિ વિભાવ પરિણામનો મહિમા પણ જેને નથી. સંક્ષેપમાં કહીએ તો પુણ્ય અને પુણ્યના ફળનો મહિમા જેને નથી. પુણ્યના ફળનું કારણ પુણ્યના પરિણામ છે. એ બંને કારણ-કાર્યનો મહિમા જેને નથી. એ નાસ્તિ છે. અસ્તિથી જેને પોતાના સ્વભાવનો મહિમા છે. પુણ્ય તો ભવનું કારણ છે. પુણ્યની રુચિ એ ભવની રુચિ છે. આગળ વાત લઈ લીધી

૩૭૪માં. શુભરાગની રુચિ તે પણ ભવની રુચિ છે. અને સ્વભાવ તો ભવના અભાવસ્વભાવે છે. ભવ રહિત જેનો સ્વભાવ છે એવું આત્મસ્વરૂપ છે. જેમાં જન્મ-મરણ-જરા અને રોગાદિ દુઃખ કાંઈપણ ન થાય એવો જેનો સ્વભાવ છે. એવા અજરઅમરપદનો જેને મહિમા જાગ્યો છે-પરમેશ્વરપદ.

**'એવા સાચા આત્માર્થીને વિષય-કષાયોનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગતી હોય છે.'** નાસ્તિ લીધું છે પાછળથી. **'જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે એવા સાચા આત્માર્થીને વિષય-કષાયનો મહિમા તૂટી...'** ગયો છે. પૂર્વ પુણ્યના યોગે વિષય કષાયના સંયોગો વિદ્યમાન હોય તોપણ એની મહિમા જેને નથી. એનાથી હું મોટો, એનાથી હું સારો, એનાથી મારું સ્થાન આગળ, એને લઈને હું કાંઈક એવો કોઈ પ્રકાર આત્માર્થીને નથી. ઊલટાનો એમ જાણે છે કે એ રીતે પોતાની મહત્તા અને મોટાઈ અને મહિમા આવવાથી ખરેખર આત્માનું ગૌરવ હણાય છે. આત્માનો મહિમા એનાથી હણાય છે. એવો મહિમા કરવા જતા સ્વરૂપનો મહિમા નહિ આવે. અને જે એનો મહિમા કરે છે, પછી પોતે કરે કે બીજો કરે, તો એ ખરેખર હીન પરિણામવાળા છે અથવા એ પરિણામની નીચતા છે. ઉચ્ચ કોટીપણું નથી પણ નીચ કોટીપણું છે.

મુમુક્ષુ :- તુચ્છતા કહો કે નીચતા કહો બંને એક જ વાત છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક જ વાત છે. તુચ્છતા કહો કે નીચાપણું ભાસવું, તુચ્છપણું ભાસવું, એનું ક્ષુદ્રપણું ભાસવું, એનું નિર્મૂલ્યપણું ભાસવું. એવું લાગતું હોય છે. લાગવું એટલે ભાસવું, ભાસવું એટલે લાગવું. સાચા આત્માર્થીને સ્વભાવનો મહિમા લાગે છે અને વિભાવ અને વિભાવના ફળનો મહિમા એને જરા પણ લાગતો નથી. જે આત્માની અનંત શક્તિ સિદ્ધપદ પ્રગટ કરવાને સમર્થ છે અને જેના મેલમાં ઈન્દ્રાદિ પદ પ્રગટે છે. શેમાંથી પ્રગટે છે? એ તો પુણ્યનો મળ છે. જેના મેલથી ઈન્દ્રાદિક ચક્રવર્તીની રિદ્ધિ-સિદ્ધિ પ્રગટે છે.

'શ્રીમદ્જી'ને કોઈએ પ્રશ્ન કર્યો છે કે જ્ઞાનીને, સાધકને લબ્ધિ અને રિદ્ધિ-સિદ્ધિ પ્રગટે કે ન પ્રગટે? તો કહે છે, આત્માની શુદ્ધિ આગળ એનો શું હિસાબ છે? અને એને નહિ પ્રગટે તો કોને પ્રગટશે? એવું જગતમાં બીજું કયું રૂડું સ્થાન છે કે જેને પ્રગટે? એનાથી વધારે શું રૂડું સ્થાન છે? પણ વિશેષ વાત એ છે કે એને એ હોય તોપણ એના ઉપર એની દૃષ્ટિ નથી. એને એ તુચ્છ જાણે છે. અને એ રિદ્ધિ-સિદ્ધિના નિમિત્તે એ કોઈપણ કાર્ય કરવાના પરિણામ એને સ્વપને પણ આવતા નથી. પોતાના વિષે એ વાત લખે છે. તો કહે છે, એવું કાંઈક છે ખરું. ગોળગોળ જવાબ આપે છે. એમ કે એમ સાંભળ્યું છે કે આપને કાંઈક આવું છે. તો કહે

એવું કાંઈક છે ખરું પણ એ સંબંધીનો વિચાર આવતા આત્માને એકદમ ખેદ થઈ આવે છે. એ બાજુનો વિચાર સ્વપ્ન પણ અમને ન હો. એવી ભાવના હોવાથી એનો વિચાર આવતા અમને ખુબ દુઃખ થઈ આવે છે, ખેદ થઈ આવે છે. એ દિશામાં અમારા પરિણામ જરાપણ કામ કરતા નથી. એવી સ્થિતિ છે.

**'તેમની તુચ્છતા લાગતી હોય છે. તેને ચૈતન્યસ્વભાવની સમજણમાં નિમિત્તભૂત દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા આવે છે.'** નિમિત્ત લીધા. ઉપાદાનથી પોતાના સ્વભાવનો-શક્તિનો-સામર્થ્યનો મહિમા-જાગ્યો છે. નિમિત્તથી એ જ ચૈતન્યસ્વભાવને દર્શાવનારા, તેની સમજણમાં નિમિત્ત થનારા એને સમજણ આપનારા એમ કહેવાય છે, પણ સમજણમાં નિમિત્ત થનારા નિમિત્તભૂત એવા દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા પણ એને આવે છે. દેવની સામું જોવે છે તો એને એમ લાગે છે કે આવું જ મારું સ્વરૂપ છે એમ તે પ્રગટપણે દર્શાવી રહ્યા છે. આ સિવાય એમને તો વીતરાગ હોવાથી કોઈપણ જીવ પ્રત્યે, પર પ્રત્યેના કોઈ પરિણામ તો એમને હોતા નથી. પણ જેવું સ્વરૂપ એમનું વ્યક્તપણે પ્રસિદ્ધપણે છે, ઠીક બરાબર એવું અંતરંગમાં મારું સ્વરૂપ છે એવું એ દર્શાવી રહ્યા છે. મારા સ્વરૂપનું દર્શન એમના નિમિત્તે થતું હોવાને લીધે એમના પ્રત્યે ઉપકાર અને બહુમાનનો ભાવ આવ્યા વિના રહેતો નથી.

ગુરુ પણ વારંવાર સ્વરૂપને બતાવે છે. શાસ્ત્રનો પણ આશય એકમાત્ર આત્મ સ્વરૂપને જ પ્રસિદ્ધપણે, પ્રગટપણે દર્શાવવાનો રહ્યો છે અને તે મહિમા સહિત દર્શાવે છે. એનો પણ મહિમા આવે છે. એકલો રાગથી મહિમા આવે છે એમ નહિ પણ આવી સમજણથી મહિમા આવે છે. મહિમા આવવામાં જ્ઞાનપ્રધાન છે. જ્ઞાનમાં એની કિંમત ભાસી છે, એનું સ્વરૂપ ભાસ્યું છે દેવ-ગુરુ-શાસ્ત્રનું અને પરિણામમાં બાહ્ય દૃષ્ટિએ એનો રાગ પણ સાથે સાથે દેખાય છે. મૂળ કારણ જ્ઞાન છે, સમજણ છે.

**'ગમે તે કાર્ય કરતાં...'** આ લક્ષણ લીધું છે પરિણામથી. આત્માર્થીના પરિણામ કેવા હોય? **'ગમે તે કાર્ય કરતાં તેને નિરંતર શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કરવાની ખટક રહ્યા જ કરે છે.'** શુદ્ધ સ્વભાવનો મહિમા આવ્યો છે પણ પ્રત્યક્ષપણે તે શુદ્ધ સ્વભાવ પોતે પ્રગટ નથી કરી શક્યા. અને એનો વિયોગ વર્તે છે તો એની એને ખટક નિરંતર રહે છે. ક્યાંય પણ એને સંતોષ ન થાય. જ્યાં સુધી પ્રગટ પરમાત્માના અભેદભાવે દર્શન ન થાય ત્યાં સુધી એને ક્યાંય પણ સંતોષ થાય નહિ. પ્રત્યક્ષ અત્યંત પ્રત્યક્ષ એવું જે નિજ સ્વરૂપ, એનાથી પોતે જ પરોક્ષપણે પ્રવર્તે, પરિણામમાં પરોક્ષતાનો પડદો ઊભો રહે તો એની એને ખટક રહે છે કે સ્વભાવ આવો છે અત્યંત પ્રત્યક્ષ અને હું એનાથી દૂર ક્યાં? મારું સ્વરૂપ છે અને મારા સ્વરૂપથી હું દૂર છું! પ્રત્યક્ષ

સ્વરૂપથી હું અપ્રત્યક્ષ છું, આ તે કેમ છે? આની એને ખટક રહ્યા કરે છે. શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ કહો કે એનો પ્રત્યક્ષ અનુભવ કહો. બંને એક વાત છે.

એટલે '**ગમે તે કાર્ય કરતાં...**' ઉદય સંબંધીના ગમે તે પ્રકારના પરિણામ પ્રવર્તતા હોય તો પણ પોતાને શુદ્ધ સ્વભાવનો મહિમા છે. એ શુદ્ધ સ્વભાવનો પ્રત્યક્ષ અનુભવ નથી એની એને ખટ રહ્યા કરે છે. આનું નામ આત્માર્થી છે. આત્માર્થીની આ પરિભાષા કરી છે. અથવા એનું આ લક્ષણ બતાવ્યું છે, એનું સ્વરૂપ બતાવ્યું છે કે એને કોઈપણ કાર્ય કરતા અંદરમાં ખટક રહે કે મારા સ્વભાવની હજી મને પ્રાપ્તિ કેમ થતી નથી. આંખમાં જેમ કણુ ખટકે અને ઉપયોગ ત્યાં ને ત્યાં રહ્યા કરે, એમ આ વાત એને ખટકે છે અને કોઈપણ કાર્ય કરતી વખતે ત્યાં ને ત્યાં એનો ઉપયોગ રહ્યા કરે છે. એ વાત એને ખસતી નથી. આ આત્માર્થીનું સાચું સ્વરૂપ છે.

લહેર કરે છે, ખાય-પીને મજા કરે છે, હવે કાંઈ વાંધો નથી, નિરાંત છે. કોઈ ઉપાધિ નથી, આધિ નથી, વ્યાધિ નથી, ઉપાધિ નથી. ઉપાધિ તો મનમાં કાંઈને કાંઈ કરતો જ હોય છે જીવ. પણ એક સંતોષ લે છે. એવું આત્માર્થીને હોતું નથી. બીજી ઉપાધિ એને ઉપાધિ નથી લાગતી પણ પોતાના સ્વરૂપ પ્રાપ્તિનો અભાવ એ એને બહુ ખટકે છે. અને એની વેદનામાં ક્યારેક આવે છે. એવી વેદનામાં આવ્યા વિના એનું જે અંતર છે એ કપાતુ નથી, અંતર તૂટતું નથી. અનુભવનું જે અંતર છે, મહિમા જાગ્યો છે છતાં અનુભવ નથી, તો અંતર રહી ગયું વચ્ચે. એ આનાથી તૂટે છે. એને દર્શનપરિષહ કહે છે. શાસ્ત્રમાં એને દર્શનપરિષહ પણ કહે છે અથવા અજ્ઞાનપરિષહ પણ એને કહે છે. સ્વભાવનો મહિમા જાગ્યો છે અને અજ્ઞાન વર્તે છે, સમ્યગ્જ્ઞાન પ્રગટ નથી થયું. દર્શનપરિષહ અને અજ્ઞાનપરિષહ એને કહે છે. એવી વેદનામાંથી પસાર થઈને પછી એ હળવો થાય છે. ત્યાં સુધી એ અંતરના જે પરિણામ છે એ પરિણામ હટતા નથી, ખસતા નથી.

મુમુક્ષુ :- આવી ખટક એને દર્શનપરિષહ કહે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દર્શનપરિષહ છે. તીવ્ર ખટક આવે છે.

સાધારણ ભાવ તો કોઈને થાય કે અરે..રે..! આટલા વર્ષ થયા હજી આપણને કાંઈ પ્રાપ્તિ નથી. પણ અંદરથી એને નિરંતર, નિરંતર શબ્દ વાપર્યો છે, ગમે તે કામ કરતા અંદરથી ખટક રહ્યા કરે. આ આત્માર્થી છે.

મુમુક્ષુ :- અનુકૂળ સંયોગ પ્રાપ્ત ન થાય એની ખટક રહે છે. આવી ખટક નથી રહેતી.

પૂજ્ય ભાઈશ્રી :- જેની ભાવના હોય અને એ ન મળે તો ખટક રહે. સ્વભાવિક

છે. અથવા જ્યાં સુખ માન્યુ છે તે સુખની પ્રાપ્તિ ન થાય, સુખનો નિશ્ચય છે તે સુખની પ્રાપ્તિ ન થાય તો એને ખટકે. એ તો સીધે સીધી Practical વાત છે.

'શ્રીમદ્જી' તો એમ કહે છે કે જ્ઞાની મળ્યા પછી અને પ્રત્યક્ષપણે સત્પુરુષના શ્રીમુખેથી ઉપદેશ સાંભળ્યા પછી, આત્મસ્વરૂપ એને સંભળાવ્યું, સમજાવ્યું એ શ્રવણ થયા પછી જો સ્પષ્ટપણે એને સંસારની ઇચ્છા હોય, સંસારની ઇચ્છા હોય એટલે જગતના પદાર્થોની ઇચ્છા હોય તો એણે એમ જાણવું કે એને જ્ઞાની હજી મળ્યા નથી. એને જ્ઞાનીના દર્શન જ થયા નથી એમ જાણવું. એટલે એકદમ ચોકડી મૂકાવી દે છે કે આ દિશામાંથી તો તું હટી જા. તારા જીવનનું ધ્યેય આત્મપ્રાપ્તિ સિવાય બીજું કાંઈ ન હો. આ એક જ જીવનનું ધ્યેય હો. એટલું તો તારે ઓછામાં ઓછું પહેલે પગથિયે અહીંથી શરૂઆત કરવી પડશે. એ વગર તારા વિચારની, મનની પરિણતિની પરિસ્થિતિમાં કાંઈ ફેરફાર થશે નહિ. પછી તો ઉદયાધીન શાસ્ત્ર શ્રવણ-વાંચન કરે. બીજા ઉદયના પરિણામ એમ આ ઉદયના પરિણામે. પણ એને તો બધું ઉપર ઉપરથી ચાલ્યું જાય. મૂળમાં અંદરમાં કાંઈ એનો ફેર પડે નહિ. અંદરથી પહેલા ફરવું જોઈએ.

એ પહેલો Paragraph છે એમાં સંક્ષેપમાં આત્માર્થીની વાત લીધી. અને એ બે લક્ષણ ખાસ લીધા કે જેને સ્વભાવનો મહિમા જાગ્યો છે, પણ પ્રાપ્તિ નહિ હોવાને લીધે એને ખટક રહે છે. એ સાથો સાથ જ બને છે. જેનો મહિમા હોય અને ન મળે એની ખટક તો આવી જ જાય. આવ્યા વિના રહે નહિ. એવું આત્માર્થીનું સ્વરૂપ છે. બહુ સંક્ષેપમાં લીધું છે. વિસ્તારમાં તો ઘણી ઘણી વાતો યથાર્થ ભૂમિકાના જે બોલ છે એમાં આવી ગઈ છે. અથવા આ ગ્રંથનો તો એ મુખ્ય વિષય જ રહ્યો છે કે યથાર્થ ભૂમિકા મુમુક્ષુજીવની કેવી હોય. એ સંબંધીની ઘણી વાતો કરી છે ભિન્ન ભિન્ન બોલમાં.

હવે જેને અનુભવ થયો છે, મનુષ્યગતિમાં ગૃહસ્થદશામાં હોય એવા જીવના પરિણામ, અંતરંગ પરિણામ અને એના એ અંતરંગને અનુરૂપ એવા બાહ્ય પરિણામ કેવા હોય છે એ વાત લે છે. **'ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીને શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વધારા નિરંતર વર્ત્યા કરે છે.'** શું કહે છે? કે જ્ઞાનીને જ્ઞાતૃત્વધારા નિરંતર વર્ત્યા કરે છે. કોઈપણ કામ કરતાં એટલે કે શુભાશુભના કોઈપણ પરિણામની વિદ્યમાનતાએ પણ તેથી ભિન્ન એવું જે જ્ઞાયક સ્વરૂપ છે પોતાનું તેનું અવલંબન લઈને પ્રવર્તનારી પરિણતિ, એના અવલંબને એક અંશ જુદો પડી ગયો છે એવી જે ધારાવાહી પરિણામની સ્થિતિ, એને અહીંયાં જ્ઞાતૃત્વધારા કહે છે.

આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એવું જ્ઞાતા-દૃષ્ટાપણું તેને જ્ઞાતૃત્વ એમ કહેવામાં આવે છે.

ત્વ એટલે પણું. આત્મત્વ એટલે આત્માપણું. એમ. એમ જ્ઞાતૃત્વ, પર્યાયત્વ, ગુણત્વ, દ્રવ્યત્વ, દ્રવ્યપણું, ગુણપણું, પર્યાયપણું. ત્વ એટલે પણું. આ તત્ત્વ. તત્ત્વ છે ને. તે પણું. જેમાં જે છે તેનું તે પણું તેને તત્ત્વ કહેવામાં આવે છે. એમ જેમાં જ્ઞાતાપણું છે, વીતરાગભાવ છે, માત્ર જ્ઞાતા-દૃષ્ટાપણું છે એને જ્ઞાતૃત્વ કહેવામાં આવે છે. એવી ધારા એટલે એવી અત્રુટક પરિણતિ. ભલે સમય સમયની છે તોપણ અત્રુટક છે. વચ્ચે એક સમયનો છેદ નથી. અંતર નથી. એવી જ્ઞાતૃત્વધારા નિરંતર વર્ત્યા કરે છે. શુભાશુભભાવથી ભિન્ન જ્ઞાયક. શુભાશુભભાવ થાય છે પણ એનાથી ભિન્ન છે આ પરિણતિ. જ્ઞાયકને અવલંબનારી પરિણતિ એનાથી ભિન્ન છે. શુભાશુભભાવ ભિન્ન છે અને આ પરિણતિ પણ ભિન્ન છે. એ નિરંતર વર્તે છે. આ જ્ઞાનીની મૂળ દશા છે.

'શ્રીમદ્જી' એ વાત લીધી છે ને? મૂળદશા અને ઉત્તરદશા. એ પત્ર અધુરો રહ્યો છે. બહુ સારો પત્ર છે. કોના ઉપર લખેલો છે એ પાછું એમાં જ નથી. ૪૬૭ નંબરનો. છેલ્લો Paragraph છે અપૂર્ણ રહી ગયેલો. આ પત્રમાં જ્ઞાની અને અજ્ઞાનીની સમીક્ષા કરી છે. અને ઉપર એ વાત કરી છે કે **'જ્ઞાનીપુરુષની ચેષ્ટાનું કોઈ અગમ્યપણું જ એવું છે કે, અધૂરી અવસ્થાએ કે અધૂરા નિશ્ચયે જીવને વિભ્રમ તથા વિકલ્પનું કારણ થાય છે,...'** એને શંકા પડે કે અરે..! આવા તે જ્ઞાની હોતા હશે? એવી જ કોઈ એમની દશાનું ... ગૃહસ્થાશ્રમમાં છે, ચોથા ગુણસ્થાને છે, બાહ્ય વિરતિ કાંઈ દેખાતી નથી. બાહ્ય ત્યાગ નથી દેખાતો.

**'પણ વાસ્તવપણે તથા પૂરા નિશ્ચયે તે વિભ્રમ અને વિકલ્પ ઉત્પન્ન થવા યોગ્ય નથી;...'** જો મુમુક્ષુની પરિપકવ દશા હોય તો એને શંકા પડતી નથી. **'માટે આ જીવનો અધૂરો...'** નિશ્ચય **'જ્ઞાનીપુરુષ પ્રત્યેનો નિશ્ચય છે, એ જ આ જીવનો દોષ છે.'** આ જીવનો દોષ છે. જ્ઞાનીની અવિરતિની દશાનો દોષ નથી એમ કહે છે. એક વાત. સર્વજ્ઞ અરિહંત બહુ જ ક્વચિત્ જ એમનો ભેટો થાય. અનંત ભવે. મુનિરાજની પણ સર્વ કાળે એવી જ અછત રહી છે. ચતુર્થ ગુણસ્થાનધારી જ્ઞાનીઓ થતા રહ્યા છે. પણ આ જીવ એકવાર પણ ઓળખી નથી શક્યો. એકવાર પણ. એકવાર ઓળખે તો એનો બેડો પાર.

**'જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય...'** ઉપર લખે છે. **'તો કોઈ વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી એવી જ્ઞાનીની ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા પ્રત્યક્ષ દીઠામાં આવે તોપણ બીજી બાજુના નિશ્ચયના બળને લીધે તે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે;...'** એને શંકા-વિકલ્પ નથી થતો કે આવો ભાવ કેમ થયો? એ તો પોતાની વિપર્યય બુદ્ધિને લઈને ભ્રમ થાય છે. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે એકસરખાપણું નથી. કાંઈક

વિલક્ષણપણું છે. તો એ વિલક્ષણપણું શું એ ખોલવા માટે આ Paragraph લીધો છે. એ અધૂરો રહી ગયો છે.

'**પ્રત્યેક જીવ, એટલે જ્ઞાની, અજ્ઞાની જો બધી અવસ્થામાં સરખા જ હોય તો પછી જ્ઞાની, અજ્ઞાની એ નામમાત્ર થાય છે; પણ તેમ હોવા યોગ્ય નથી. જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષને વિષે અવશ્ય વિલક્ષણપણું હોવા યોગ્ય છે.**' વિલક્ષણ એટલે કાંઈક જુદું લક્ષણ-વિશેષ લક્ષણ. જ્ઞાનીનું લક્ષણ કોઈ વિશેષ છે, અજ્ઞાનીનું લક્ષણ કોઈ વિશેષ છે. '**જે વિલક્ષણપણું યથાર્થ નિશ્ચય થયે...**' એવા વિલક્ષણપણાનો યથાર્થ નિશ્ચય થયે '**જીવને સમજવામાં આવે છે; જેનું કંઈક સ્વરૂપ અત્રે જણાવવા યોગ્ય છે.**' આ પત્રમાં એનું કાંઈક સ્વરૂપ અમારે લખવું છે એમ કહે છે.

'**જેનુ કંઈ સ્વરૂપ અત્રે જણાવવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષનું વિલક્ષણપણું મુમુક્ષુ જીવને તેની એટલે જ્ઞાની, અજ્ઞાની પુરુષની દશા દ્વારા સમજાય છે.**' સમજવાનું કારણ એની દશા છે. બીજું કોઈ નથી. '**તે દશાનું વિલક્ષણપણું જે પ્રકારે થાય છે, તે જણાવવા યોગ્ય છે. એક તો મૂળદશા અને બીજી ઉત્તરદશા, એવા બે ભાગ જીવની દશાના થઈ શકે છે.**' એક તો મૂળદશા એટલે પરિણતિવાળી દશા અને એક ઉત્તરદશા. એમ જીવની દશાના બે ભાગ થાય છે. બસ, એટલું કહીને આ પત્ર અપૂર્ણ રહી ગયો છે. નહિતર અહીંયાં આ વાત એમને ખોલવી છે. એ આગળ-પાછળના પત્રોમાં થોડી થોડી ચર્ચા કરી છે પણ મૂળ વિષય ત્યાંથી રહી ગયો છે. લક્ષણથી, ગુણથી અને વેદનથી જેને આત્મસ્વરૂપ જણાયું છે. જ્ઞાનીની એવી વ્યાખ્યા કરે છે આગળ. લક્ષણથી, ગુણથી અને વેદનથી જેને આત્મસ્વરૂપ જણાયું છે.

જ્ઞાતૃત્વધારા છે એ જ્ઞાનીની મૂળદશા છે. '**પરંતુ પુરુષાર્થની નબળાઈને લીધે અસ્થિરતારૂપ વિભાવપરિણતિ ઊભી છે તેથી તેને ગૃહસ્થાશ્રમને લગતા શુભાશુભ પરિણામ હોય છે.**' આ ઉત્તરદશા છે. મૂળદશા અને ઉત્તરદશા. નિર્ણય ક્યાંથી કરવો? કે મૂળદશાથી નિર્ણય કરવો.

મુમુક્ષુ :- પ્રથમ તો જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- ન્યાય તો એ છે કે જેણે અલ્પ શુભાશુભ ભાવો રહ્યા છે એની અલ્પતાનું જ્ઞાન કરવું અને જેને લઈને એને પોતાના મૂળ સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે કે જેના ફળમાં પ્રથમ ક્ષણમાં જ અનંત જન્મ-મરણનો નાશ કરી નાખ્યો છે અને પોતાનું સિદ્ધપદ છે એ પાકુ કરી લીધું છે. સિદ્ધપદ નક્કી થઈ ગયું. એ બહુ મોટી વાત છે. શુભાશુભ પરિણામ રહી ગયા તે બહુ નાની વાત

છે. તો એનું મૂલ્ય જેમ છે તેમ આંકવું. એ ન્યાયસંગત છે.

**'પરંતુ પુરુષાર્થની નબળાઈને લીધે...'** .. ત્યાં અશુભ ન લીધું. કેમકે બુદ્ધિપૂર્વક એને શુભમાં જોડાવાનો વિકલ્પ હોય છે. અશુભમાં જોડાવાનો નહિ. એમ છે. અથવા અંતર બાહ્ય દશાનું વર્ણન કરતા જે વ્યવહાર છે એ શુભ પરિણામ ઉપર આવે છે વ્યવહારનો ઉપચાર. અશુભ અંશ ઉપર વ્યવહારનો ઉપચાર આવતો નથી. એમ કહેવું છે. એટલે અહીંયાં એટલું જ દર્શાવશે કે એના શુભ પરિણામ કેવા કેવા હોય. એની ભૂમિકામાં શુભ પરિણામ કેવા હોય એ વાતનું વર્ણન કરશે.

મુમુક્ષુ :- બે વાત કરી. ગૃહસ્થાશ્રમને લગતા અને બીજા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજું એટલે અંતરંગ જ્ઞાતૃત્વ પરિણતિ. અને ગૃહસ્થાશ્રમના જે શુભાશુભ પરિણામ.

મુમુક્ષુ :- ઓલામાં એકલા શુભભાવ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાતૃત્વ પરિણામમાં શુદ્ધ પરિણામ.

મુમુક્ષુ :- શુદ્ધ પરિણામ પણ એમાંથી જરા ઓલા થાય તો શુભ ભાવ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એ શુભભાવ છે એ બીજા ભાગમાં જાય છે. શુભ અને અશુભ બીજા ભાગમાં જાય છે. હવે શુભ અને અશુભમાં અશુભ ઘણું ઘટી ગયું છે. એટલે પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર નથી રહેતા તો એને શુભનો વિકલ્પ ઊઠે છે. અશુભનો નહિ એમ કહે છે. આવી જાય એ બીજી વાત છે. પણ એને એમ થાય કે હું શાસ્ત્ર વાંચું. હું જિનેન્દ્રની ભક્તિ કરું. એમ. લેશે નીચે. ગુરુદેવ હોય, જ્ઞાની હોય તો એની સેવા કરું. એમ.

**'સ્વરૂપમાં સ્થિર રહેવાતું નથી તેથી તે વિવિધ શુભભાવોમાં જોડાય છે.'** અનેક પ્રકારના. વિવિધ એટલે અનેક પ્રકારના શુભભાવોમાં તે જોડાય છે. હવે એ કેવા કેવા શુભભાવ છે? કે **'મને દેવ-ગુરુની સદા સમીપતા હો,...'** મારું સ્થાન તો જિનેન્દ્રના ચરણકમળમાં અથવા તો ભાવલિંગી સંતના ચરણકમળમાં મારો નિવાસ હો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનામાં એવું નથી. ભાવનામાં તો એવું છે કે એમના જેવા થવું છે એટલે સદાય એમની સાથે રહેવું છે. તો એમના જેવા થવાય ને. એમ. આ તો પોતાનું જીવન બદલવું છે એનું કામ છે. **'મને દેવ-ગુરુની સદા સમીપતા હો,...'**

મુમુક્ષુ :- કેવી સુંદર પરિપાટી નિરૂપી છે!

પૂજ્ય ભાઈશ્રી :- કેવા શુભભાવ આવે છે.

'**ગુરુના ચરણકમળની સેવા હો...**' 'શ્રીમદ્જી'ને પોતાની સરળ પરિણામમાંથી વાત નીકળી છે એ એવી નીકળી છે કે કોઈ એવા અપ્રતિબંધવિહારી સંતપુરુષ મળે, જ્ઞાનીપુરુષ મળે, સત્પુરુષ મળે. પોતાને જ્ઞાન થયું છે તોપણ. તો એની પાસે એના ચરણમાં રહીને અમારું બધું હૃદય ખોલી નાખીએ. એ તો મુમુક્ષુને લખે છે પોતાને કેવા પરિણામ થાય છે એ. એટલા બધા સરળ છે કે પોતાને તીવ્ર પરિણામ થયા હોય તો કહે, હમણાં વીસ દિવસ ઉપાધિયોગ ઘણો રહ્યો. અને સંસાર પ્રત્યયી પરિણામ ઘણાં રહ્યા. તેનું ઘણું દુઃખ અને ખેદ અત્યારે વર્તી રહ્યો છે. બધા પોતાના પરિણામ પોતાથી નીચી કોટીના મુમુક્ષુને ખુલ્લા કરે છે. ભાવના એવી આવે છે કે જો કોઈ સત્પુરુષ મળે, કોઈ સંતપુરુષ મળે તો એના ચરણમાં રહી અને અમારા એક એક પરિણામની કથની એને કહી દઈએ. કે હજી આ જીવને આવા પરિણામ કેમ થાય છે? અને એ કેમ મટે અને કેમ સર્વથા વીતરાગ થવાય? એ જ અમારે જોઈએ. અમારે બીજું કાંઈ ખપતું નથી.

મુમુક્ષુ :- એમને કહેવાથી બોધ મળે. એમણે જે આ નાના માણસોને રજુઆત કરી...

પૂજ્ય ભાઈશ્રી :- હળવો થઈ જાય. હળવો થઈ જાય છે. બોધ મળે એટલે સામાને બોધ મળે અને પોતાની સરળતા વ્યક્ત થાય છે. એ તો પોતાની સરળતા છે. બહુ મોટી વાત છે. સરળતા એ બહુ મોટી વાત છે.

એટલે એમ કહે છે કે "**મને દેવ-ગુરુની સદા સમીપતા હો, ગુરુનાં ચરણકમળની સેવા હો' ઇત્યાદિ પ્રકારે જિનેન્દ્રભક્તિ-સ્તવન-પૂજન...**' જિનેન્દ્ર પ્રત્યેની ભક્તિ, તેમનું સ્તવન, તેમની પૂજા '**અને ગુરુસેવાના ભાવો હોય છે તેમ જ શાસ્ત્રસ્વાધ્યાયના,...**' શાસ્ત્રનો સ્વાધ્યાય કરવાનો શુભભાવ વિકલ્પ ઉઠે, '**ધ્યાન...**'માં બેસવાનો વિકલ્પ ઉઠે, '**દાનના,...**' પરિણામ થાય. અને આગળ વધે તો '**ભૂમિકાનુસાર અણુવ્રત...**' પાંચમું ગુણસ્થાન હોય તો અણુવ્રતના પણ પરિણામ થાય. '**તથા તપ વગેરેના શુભભાવો તેને હઠ વિના આવે છે.**' આ લક્ષણ બાંધ્યું. સહજપણે, હઠથી કરવા પડે નહિ. કેમકે છેલ્લા જે બોલ લીધા એ વ્રત અને તપના બોલ લીધા છે. વ્રત અને તપમાં, વ્રતમાં પ્રતિજ્ઞા કરે છે. વ્રત લે ત્યારે પ્રતિજ્ઞા કરે છે. અને તપની અંદર પણ ત્યાગ કરે છે. બાહ્યત્યાગ કરે છે. તો એ હઠ વિના કરે છે. શુભભાવ છે ને એટલે તપમાં બાહ્ય ત્યાગ લેવો છે. તો એ હઠ વિના કરે છે. પરાણે કરે એવી રીતે કોઈ પરિણામ જ્ઞાની કરતા નથી. સહજ હઠ વિના કરે છે.

પોતાના પરિણામની શક્તિ જોઈને, આકુળતા ન થાય એ રીતે. આકુળતા કરીને

કોઈ કામ કરતા નથી. આકુળતા ન થાય એ રીતે એ પરિણામ એને હોય છે. એટલે તેને હઠ વિના તે પરિણામ આવે છે એમ લીધું છે. કરે છે એમ ન કહ્યું પણ એવા એને સહજ પરિણામ આવે છે. શું કારણ છે? કે અકષાય સ્વભાવનો અનુભવ, પ્રતીતિ વર્તે છે અને પરિપૂર્ણ અકષાય સ્વરૂપ પ્રગટ કરવું છે. તેથી એના બાહ્ય પરિણામ છે એ પણ કષાયની મંદતા સહજ ધારણ કરે છે. કષાયની તીવ્રતા તૂટે છે, કષાયની મંદતા સહજ આવે છે અને સહજ કષાયની મંદતામાં આવા આવા શુભભાવના પરિણામ સહજપણે આવે છે. એ મંદતા માટે એને હઠ કરવી પડતી નથી. જો હઠ કરવી પડે તો એ કષાયની તીવ્રતાના પરિણામ છે. કષાય તીવ્ર થાય તો એ પાછું એને એની અંદરની પરિણતિ સાથે સુસંગતપણું નથી. એનાથી વિરુદ્ધ જાવું પડે છે. એવા હઠથી એ પરિણામ કરતા નથી. એટલું માપ હોય છે.

વ્રત, તપ એ પ્રકારે, કોઈપણ પ્રકારે પ્રવર્તતા પોતાની પરિણામ શક્તિનું એને માપ હોય છે. એટલે એ અનુસાર એ પ્રતિજ્ઞા આદિ ગ્રહણ કરે છે. એથી બહાર જઈને હઠ કરીને, પરિણામ બગાડીને, પરિણામનો સ્તર ઊલટાનો નીચો થઈ જાય એવી સ્થિતિમાં આવવું પડે તો એવી રીતે જ્ઞાનીને એ પરિણામ આવતા નથી.

મુમુક્ષુ :- હઠથી આવે તો સમજી જવું કે હવે જોવાની જરૂર નથી કે જ્ઞાની છે એ. એ અજ્ઞાની જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ અજ્ઞાની જ છે. જ્ઞાનીને હઠ ન હોય. કેમકે હઠ પોતે જિદરૂપ છે. જિદ. અને હઠ જિદ છે એ અસરળતાના પરિણામ છે. સરળતાથી વિરુદ્ધ જાતિના એ પરિણામ છે. જ્ઞાનીના પરિણામ સરળ હોય છે એમ લેવું છે.

મુમુક્ષુ :- ... સાવ છેલ્લે. 'જયચંદ્રજી'ને ...

પૂજ્ય ભાઈશ્રી :- પૂરું થાય છે ત્યાં?

મુમુક્ષુ :- સાવ છેલ્લે. પૂરું થતાં. જ્ઞાનીને હઠ હોતી નથી એમ કરીને...

પૂજ્ય ભાઈશ્રી :- છેલ્લે છે. 'જેઓ સ્યાદ્વાદ અને જિનમતની આજ્ઞા માને છે તેને વિપરીત જ્ઞાન થતું નથી. ક્યાંક અર્થમાં અન્યથા સમજવું પણ થઈ જાય તો વિશેષ બુદ્ધિમાનનું નિમિત્ત મળ્યે યથાર્થ થઈ જાય છે. જિનમતની શ્રદ્ધાવાળાઓ હઠાગ્રહી હોતા નથી.'

મુમુક્ષુ :- હઠાગ્રહી હોતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમ તો એ પોતાની વાત લીધી છે ને? આ 'સમયસાર'માં એમ કે જે ટીકા ચાલુ ભાષામાં કરી-ભાષા ટીકા, તો એ સંબંધીનો સંક્ષિપ્ત ભાવાર્થ લખ્યો છે. વિસ્તાર કર્યો નથી. સંસ્કૃત ટીકામાં ન્યાયથી સિદ્ધ થયેલા પ્રયોગો છે.

તેમનો વિસ્તાર કરવામાં આવે તો અનુમાન પ્રમાણમાં પાંચ અંગપૂર્વક પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણો, ઉપનય અને નિગમનપૂર્વક સ્પષ્ટતાથી વ્યાખ્યા વધતા ગ્રંથ બહુ વધી જાય. તેથી આયુ, બુદ્ધિ, બળ અને સ્થિરતાની અલ્પતાને લીધે. આયુ અત્યારે મારું ઓછું છે. બધાનું ઓછું છે. બળ, સ્થિરતા, બુદ્ધિ ઓછી છે. જેટલું બની શકે તેટલું સંક્ષેપથી પ્રયોજનમાત્ર લખ્યું છે. તે વાંચીને ભવ્ય જીવો પદાર્થને સમજજો. કોઈ અર્થમાં હિનાધિકતા હોય તો બુદ્ધિમાનો મૂળ ગ્રંથમાંથી જેમ હોય તેમ યથાર્થ સમજી લેજો.

આ ગ્રંથના ગુરુસંપ્રદાયનો એટલે ગુરુપરંપરાગત ઉપદેશનો વિચ્છેદ થઈ ગયો છે. ૨૦૦-૨૫૦ વર્ષમાં મુનિઓ નથી જોયા. માટે જેટલો બની શકે તેટલો યથાશક્તિ અભ્યાસ થઈ શકે છે. તોપણ જેઓ સ્યાદ્વાદ અને જિનમતની આજ્ઞા માને છે તેમને વિપરિત શ્રદ્ધાન થતું નથી. ક્યાંક અર્થનું અન્યથા સમજવું પણ થઈ જાય. ક્ષયોપશમના દોષને લઈને. તો વિશેષ બુદ્ધિમાનનું નિમિત્ત મળતા. કોઈને એમ લાગે કે આ વાત બરાબર કરે છે. તો યથાર્થ થઈ જાય છે તો તરત એ પોતે સરળતાથી પોતાની વાતની પક્કડ નથી રાખતા, હઠ નથી કરતા કે નહિ. મને જે બેઠું એ બરાબર છે. હવે તમે કહો એ મને ન બેસે. એ ન્યાયથી આત્માને શું હિતકર છે એ વાત એ સરળતાથી ગ્રહણ કરી લે છે. એટલે જિનમતની શ્રદ્ધાવાળાઓ હઠાગ્રહી હોતા નથી. એ વાત છેલ્લે નાખી છે. એ તો બરાબર છે. બહુ સારું લક્ષણ છે.

'ગુરુદેવ'નો તો એ બહુ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. એ પોતે વ્યાકરણ વગેરે, સંસ્કૃત વગેરેનો પદ્ધતિસરનો અભ્યાસ નહોતો કર્યો. તો કોઈ વિદ્વાન એનો અર્થ બરાબર કરે તો તરત જ એમ કહે કે આ વાત બરાબર છે. અથવા જ્યાં અર્થ બરાબર ન ભાસે તો પૂછી પણ લે કે અહીંયાં શું અર્થ થાય છે? વ્યાકરણ અનુસાર, સંસ્કૃત ભાષા અનુસાર અહીંયાં શું અર્થ થાય છે? એમ પૂછી લ્યે. એ સરળતા છે. હું જ્ઞાની છું. હું બીજાને કેમ પૂછું? એવો માન, અપમાનનો વિકલ્પ એમને હોતો નથી. મૂળમાં જ એ વાત નથી. એ તો સીધી રીતે તો એમ જ કહે છે કે અમે તો અમારા આત્માનું હિત કરવા નીકળ્યા છીએ. આ એક અમારું જીવનનું કાર્ય છે કે અમારે જીવનમાં અમારા આત્માનું હિત કરી લેવું છે. એવું કરવા નીકળ્યા છીએ. એ જેમ થાય તેમ કરીએ છીએ. જોડે જોડે બીજા જીવોને એનાથી લાભ થતો હોય તો એનું એ જાણે. થાવ. અમને એનો વાંધો નથી. પણ મુખ્યપણે તો અમે અમારું હિત કરવા નીકળ્યા છીએ. આ વાત છે. બહુ સીધી લાઈન એટલી બધી પાધરી પાટી છે.

એ ભૂમિકા અનુસારના પરિણામ ચોથા ગુણસ્થાને અને પાંચમા ગુણસ્થાને હઠ વિના આવે છે. **'આ બધાય ભાવો દરમ્યાન જ્ઞાતૃત્વપરિણતિની ધારા તો સતત**

**ચાલુ જ હોય છે.**' આ વાત દોહરાવે છે. અનેક પ્રકારના વિવિધ શુભભાવો લીધા. દેવ-ગુરુની સમીપતાના પરિણામ, તેમની ચરણકમળની સેવાના પરિણામ, જિનેન્દ્ર ભક્તિ-પૂજાના, અણુવ્રત મહાવ્રતના, શાસ્ત્ર સ્વાધ્યાયના, દાનના, અનેક પ્રકારના ધ્યાનના પણ વિકલ્પ આવે તોપણ એ બધાય ભાવો દરમ્યાન, એ વખતે પણ. દરમ્યાન એટલે વખતે પણ. સાથે સાથે જ. પછીથી વિકલ્પ ઊઠે એમ નહિ. જ્ઞાતૃત્વપરિણતિ એટલે હું જ્ઞાયક છું એવો નિર્વિકલ્પ ભાવરૂપ પરિણામધારા. એને જ્ઞાતૃત્વ પરિણતિ કહે છે. હું જ્ઞાયકભાવ સ્વરૂપે છું, હું માત્ર જ્ઞાયક છું એવો વિકલ્પ નહિ. એવી નિર્વિકલ્પ પરિણામની જે ધારા એને જ્ઞાતૃત્વપરિણતિ ધારા કહે છે. એ પરિણતિની ધારા તો સતત ચાલુ જ હોય છે. જેમ અત્યારે હું મનુષ્ય છું.

મુમુક્ષુ :- ધારા ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ધારા ચાલુ જ છે.

મુમુક્ષુ :- ખરેખર હું મનુષ્ય નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર જો મનુષ્ય હોય તો સદાય મનુષ્ય જ રહે. પણ સદાય કોઈ જીવ મનુષ્ય રહેતો નથી. મનુષ્યપર્યાયે પણ રહેતો નથી. એટલે એ એક સંયોગિક અવસ્થા છે અથવા એક કર્મજનિત અવસ્થા છે જે સાદિસાંત છે. મૂળ સ્વરૂપ એ જીવનું નથી.

અહીંયાં મૂળ સ્વરૂપની વાત છે. મૂળ સ્વરૂપ અનુસાર પરિણામધારા છે એટલે એને મૂળદશા કહેવામાં આવે છે. એને મૂળદશા કેમ કહી? કે મૂળ સ્વરૂપને અનુસરતી એ પરિણામ ધારા છે. એટલે એ જ્ઞાનીની મૂળદશા છે. અસલ સ્વરૂપે પરિણતિ થઈ ગઈ છે એવી દશા છે. બાકીના જે પરિણામ છે એ સ્વરૂપ પરિણતિ સાથે સુસંગત નથી. મેળ ખાતા નથી. વિભાવભાવો છે એ સ્વભાવભાવની સાથે મેળ ખાતા નથી. પણ હોય છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી આવા પરિણામ ગૃહસ્થદશાની અંદર હોય શકે છે. એટલી વાત છે.

મુમુક્ષુ :- એટલે મૂળધારા અમારે પ્રગટ કરવી છે તો પછી ચ્યુત ન થઈ જવાય એના માટે શું ધ્યાન રાખવું?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલી વાત આ છે કે એની તો ખટક રહેવી જોઈએ. જો નથી પ્રાપ્ત થઈ તો એની ખટક રહેવી જોઈએ. અને સ્વભાવનો અપૂર્વ અપૂર્વ મહિમા આવતો રહેવો જોઈએ. આ સીધી વાત છે. એવી દશા શેનેથી પ્રગટ થઈ? એમ જો વિચારવામાં આવે કે જ્ઞાનીને આ દશા કેમ પ્રગટ થઈ? ક્યાંથી પ્રગટ થઈ? કેમ કરતાં પ્રગટ થઈ? કે મુમુક્ષુદશામાં આત્માર્થી હતા ત્યારે સ્વભાવના મહિમાના અપૂર્વ-

અપૂર્વ પરિણામો થતાં. સ્વરૂપ મહિમાના ફળસ્વરૂપે એ ધારા પ્રગટ થઈ છે. એ દશા પ્રગટવાનું કારણ પોતાના સ્વરૂપનો મહિમા જ છે. સ્વરૂપનો મહિમા જ્ઞાનદશાને પ્રગટ કરે છે, સ્વરૂપની દશાને પ્રગટ કરે છે. એ સિવાય બીજા કોઈ જાતિના પરિણામ સ્વરૂપની મહિમાને પ્રગટ કરતા નથી. આ સ્વરૂપ મહિમાના પરિણામને અધ્યાત્મ શાસ્ત્રોમાં નિશ્ચય ભક્તિ કહી છે. 'શ્રીમદ્જી' વેદાંતની ભાષાનો ક્યારેક પ્રયોગ કરે છે ત્યારે એને પરાભક્તિ કહી છે. પરાભક્તિ કહી છે.

મુમુક્ષુ :- પરાભક્તિ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- પરાભક્તિ એટલે પરમોત્કૃષ્ટ. પરમ ઉત્કૃષ્ટ ભક્તિ, અભેદ ભક્તિ. એમ. ઓલા લોકો પરમાત્મામાં બીજા પરમાત્મા અને પોતાના આત્માની વચ્ચે અંતર તોડી નાખવા માગે છે. હવે મારે લીન થઈ જવું છે. એ તો કોઈ પરને વિષે બનતું નથી. પણ અહીંયાં એ સંભવિત છે કે જે પોતાનું જ જે પરમેશ્વરપદ છે એનો અપૂર્વ અપૂર્વ મહિમા એટલી હદે આવે કે પરિણામ એનાથી અનન્યભાવે પરિણમે.

ગુરુનો ઉપકાર માનતા તો 'શ્રીમદ્જી' એવા મથાળા લખે છે. 'અનન્ય શરણના આપનાર, અનન્ય પદના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવ જયવંત વર્તો.' એમ કરીને પછી પત્રની શરૂઆત કરે છે. અનન્ય શરણના આપનાર. એ પોતાનું જ. અનન્ય એટલે અન્ય નહિ તે. પોતાનું જ પોતાના સ્વભાવનું, પોતાના પરમેશ્વરપદનું શરણ જેણે આપ્યું. લીધું પોતે તો કહે આપ્યું એણે. ભક્તિ કરવી છે ને! દર્શાવ્યું એટલે આપ્યું એમ કહી દીધું.

મુમુક્ષુ :- સ્વરૂપમાં જવાતું નથી એટલે હવે આની સામે આ જે બધા શુભભાવ છે શાસ્ત્ર અધ્યયન તો એ સ્વરૂપ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એવું આત્માનું સ્વરૂપ નથી. એ રાગ છે-શુભરાગ છે. જે પરિણામ આ લીધા એ કે મને દેવ-ગુરુની સમીપતા હો. તો એવો શુભરાગ થયો. શુભરાગ છે એવું આત્માનું સ્વરૂપ નથી. આત્માનું રાગરૂપ સ્વરૂપ નથી. આત્મા મૂળ સ્વરૂપે, જિન સ્વરૂપે 'જિન સોહી હૈ આત્મા.' વીતરાગસ્વરૂપ છે.

જે વીતરાગી સિદ્ધપદ પ્રગટ થયું એ ક્યાંથી થયું? કે મૂળ એવું સ્વરૂપ હતું એમાંથી પ્રગટ થયું. માટીની સાથે ખાણમાં સોનું હતું. એ સો ટચનું સોનું ક્યારે થયું? કે મૂળમાં સો ટચ એનું સ્વરૂપ હતું ત્યારે થયું. જે સોનાની મૂળ ધાતુ ખાણમાં છે એ તો સો ટચનું જ સોનું છે. પણ એની શુદ્ધ અવસ્થા નહોતી તો એને અગ્નિમાં તપાવ્યું. અગ્નિમાં તપાવતા માટી વગેરે મેલ છે એ બળી ગયો એ સંયોગમાં હતો એ. એકલું સોનું રહી ગયું તે સો ટચનું શુદ્ધ સોનું. એમ આ આત્માને શુભ અને

અશુભભાવો છે એ મળ છે, મેલ છે. 'વિહુય રય મળા' રજ અને મળ. રજ એટલે કર્મની રજ એટલે મળ એટલે ભાવ. શુભાશુભભાવ-રાગ. રાગ છે તે મળ છે. ચાહે શુભ હોય કે અશુભ હોય એ મલિન ભાવ છે. એનાથી રહિત એવું જે શુદ્ધ સ્વરૂપ છે એ મૂળ આત્માનું વીતરાગભાવ સ્વરૂપ છે.

મુમુક્ષુ :- આ શુભભાવો બધા સ્થિરતામાં નહિ ખેંચી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ ભાવો પોતે અસ્થિરતારૂપ છે. એ ભાવો મલિન છે એટલે એને લઈને પવિત્રતા ન આવે.

મુમુક્ષુ :- આવા ઊંચા ભાવો મલિન છે?

પૂજ્ય ભાઈશ્રી :- ઊંચા ભાવો. આપણે એથી ઊંચા ભાવો નથી જોયા, નથી સાંભળ્યા, નથી વિચાર્યા એટલે એમ લાગે છે. નાના છોકરા છે ને, એ લીમડા નીચે રમે ગામમાં. ઉનાળામાં છાંયડો તો લીમડાનો સારો હોય ઠંડો. પાકી પાકી લીંબોળી નીચે પડે તો કેરીની જેમ ધોઈને રસ ચૂસે. બરાબર છે? બહુ મીઠી લીંબોળી છે. મીઠો રસ આવે, હોં! કડવો રસ પલટી અને મીઠો રસ થાય. પીળી દ્રાક્ષ જેવી થાય મોટી ટબ્બા જેવી લીંબોળી. ધોળીને રસ પીએ. બહુ સરસ... બહુ સરસ... કેરી ભાળી જ ન હોય એને એમ કહે કે લીંબોળી મૂકી દે તું. તો કહે ના આ નહિ મૂકુ. લીંબોળી નહિ મૂકું. અરે..! પણ હું તને કેરી આપું. તો કહે, પણ આ લીંબોળી નહિ મૂકું. આ મીઠી છે. એ આંચકી લે કોઈ. એના વડીલ હોય, મુરબ્બી હોય. કે મૂકને હવે છાનામાનો. તો રોવા માંડે. શું કરે? મારી લીંબોળી લઈ લીધી... મારી લીંબોળી લઈ લીધી. પછી એને કેરી ખવડાવે. તો રાજી રાજી થઈ જાય. હવે કહે જોઈ કે લીંબોળીનું ગળપણ અને કેરીનું ગળપણ કયું સારું લાગ્યું? સ્વાદ તો કેરીનો સારો છે.

એમ વીતરાગભાવની જે મીઠાશ છે, જે શાંતિ છે, જે નિરાકુળતા છે, જે આનંદ અને સુખ છે એ શુભભાવના કલ્પેલા ઊંચા પરિણામથી તો એની સરખામણી ન થાય એવી ઉચ્ચતા છે. એની સરખામણી ન કરી શકાય. કેમકે એક મલિન છે અને એક શુદ્ધ છે, એક અપવિત્ર છે અને એક પવિત્ર છે, એક રાગરૂપ છે, એક વીતરાગરૂપ છે. જિનમાર્ગ તો વીતરાગમાર્ગ છે. વીતરાગભાવનો માર્ગ છે. રાગભાવનો માર્ગ નથી.

આ વસ્તુ ગુપ્ત હતી. સમાજમાં પ્રસિદ્ધ નહોતી. એ 'ગુરુદેવ'નો ઉપકાર છે કે એમણે બે વાત જુદી પાડી કે રાગ માર્ગ જુદી વાત છે વીતરાગ માર્ગ છે એ જુદી વાત છે. રાગથી વીતરાગતા નહિ થાય. લોહીથી લોહીનો ડાઘ નહિ જાય. પાણીથી જશે. એ વાત એમણે પ્રસિદ્ધ કરી. મૂળ શાસ્ત્રોમાં એ વાત પડી હતી એ એમણે

પ્રસિદ્ધ કરી.

એટલે શું છે કે જ્ઞાનીને પણ શુદ્ધ વીતરાગભાવમાં નીચેના ગુણસ્થાને, ચોથા-પાંચમા ગુણસ્થાને સ્થિરતા નથી રહેતી ત્યારે અસ્થિરતામાં આવતા, સ્થિર રહેવાતું નથી એટલે અસ્થિરતામાં આવતા વિવિધ એટલે અનેક પ્રકારના શુભપરિણામ થાય છે. પણ તે પરિણામમાં હઠ થતી નથી. અજ્ઞાનીને શુભ પરિણામ થાય છે, એનું એના ઉપર જોર હોય છે એટલે એનો એને હઠાગ્રહ થયા વિના રહેતો નથી. જ્ઞાનીના શુભ પરિણામમાં અને અજ્ઞાનીના શુભ પરિણામમાં આ મૂળ તફાવત છે. એકને હઠ સહિત થાય છે, એકને હઠરહિત સહેજ સહેજે થાય છે. કેમ એમ થાય છે? કે એને કષાયના અભાવવાળા પરિણામ થયા છે, કષાય રહિત જે પરિણામ થયા. સાથે સાથે કષાયના પરિણામ મંદ થઈ ગયા. સહેજે મંદ થઈ ગયા. એટલે સહજ મંદતામાં હઠ નથી. કૃત્રિમ કરવા જાય ત્યારે એની અંદર હઠ થાય છે, પરાણે કરવા જાય ત્યારે હઠ થાય છે.

મુમુક્ષુ :- જ્ઞાનીના હઠ વગરના પરિણામ જોઈને શુભ પરિણામની નકલ કરવાનું મન થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- અને એ તો બહારના પરિણામ છે એમ કહે છે. એવા હઠ વિનાના પરિણામ એ પણ બહારના પરિણામ છે. અંદરના પરિણામ તો એ વખતે પણ. એમ કહેવું છે. હું જ્ઞાયક છું એવી નિર્વિકલ્પ પરિણતિની ધારારૂપ પરિણામ તો સતત જ ચાલુ હોય છે. વળી જ્ઞાનીની જાગૃતિ આ પરિણતિમાં છે. એની અંતર સાવધાની એની જ્ઞાતૃત્વધારામાં રહેલી છે. શુભોપયોગના પરિણામમાં એની જાગૃતિ નથી.

મુમુક્ષુ :- જાગૃતિ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એનો રસ. જાગૃતિ છે એટલે એનો રસ છે. એ જ્ઞાતૃત્વધારામાં છે. અને શુભભાવ અરસ પરિણામથી થાય છે. અને અરસ પરિણામથી વિભાવ પરિણામો થતા હોવાને લીધે એને સ્થિતિ અને અનુભાગ એવા તીવ્રબંધનવાળા, બંધના જે ચાર ભાગ છે એમાં સ્થિતિ, અનુભાગ જીવને વધારે બાંધે છે, પ્રકૃતિ પ્રદેશ કરતા, એ સ્થિતિ અને અનુભાગ એવા એને પડતા નથી કે જેથી એને તીવ્ર બંધ પડે. તીવ્ર રસ નહિ હોવાને લીધે તીવ્ર સ્થિતિ, અનુભાગ એને પડતા નથી. એટલે જ્ઞાનીના બંધને પણ ગૌણ કર્યો છે. બંધભાવને ગૌણ કર્યો છે એનું કારણ એ છે.

એટલે હવે એને સરખામણી કરાવે છે. જ્ઞાની પણ ભક્તિ કરતા હોય અને અજ્ઞાનીની

પણ ભક્તિ થતી હોય. એ બે વચ્ચે ફેર છે? હા, બે વચ્ચે ફેર છે. એકને એકાકાર થઈને રાગ આવે છે. ભક્તિનો રાગ અજ્ઞાની જીવને ભક્તિમાં એકાકાર થઈને આવે છે. જ્ઞાનીને તે જ વખતે ભિન્ન જ્ઞાતૃત્વધારાના પરિણામમાં રસ છે. ભક્તિના રાગમાં જેટલો રસ અંતરંગ પરિણતિમાં જ્ઞાતૃત્વધારામાં છે એટલો રસ એને ભક્તિના રાગમાં આવતો નથી. આમ ફરક પડે છે. એટલે એનો રસ કપાઈ ગયો છે.

અને અજ્ઞાનદશામાં આખેઆખો રસ શુભાશુભ પરિણામમાં થઈ જાય છે. એટલે એને તીવ્ર બંધ પડે છે. એને અનંતાનુબંધી સહિત છે. કષાય છે એ અનંતાનુબંધી સહિત છે. જ્ઞાનીને અનંતાનુબંધીનો કષાય તૂટી ગયો છે, છૂટી ગયો છે એટલે એને એવો બંધ પડતો નથી કે જે અનંત સંસારમાં રખડાવે. વિશેષ હવે મુનિની વાત લે છે.

## તા. ૭-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૭૮
## પ્રવચન નં. ૨૯૨

... હવે મુનિરાજનું વર્ણન કરે છે. સાધકદશામાં ... આત્માર્થી જીવની શરૂઆત થાય છે. આત્માર્થીજીવ ધર્મને પ્રાપ્ત કરે ત્યારે પૂર્વ કર્મના ઉદય અનુસાર ગૃહસ્થ આદિ દશામાં વસતા અંદરમાં શુદ્ધાત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય છે. એ જ્ઞાતૃત્વધારા શરૂ થાય છે. વ્યવહારના પરિણામ પણ અનેક .. આવે. તોપણ પોતાની જ્ઞાનધારા અવિચ્છિનપણે ગૃહસ્થદશામાં ...

હવે મુનિરાજની વાત કરે છે. ગૃહસ્થ સાધક ધર્માત્મા પોતાના સ્વરૂપમાં વારંવાર એકાગ્ર થવાનો પુરુષાર્થ કરે છે. એ પુરુષાર્થની કોઈ અલૌકિક વૃદ્ધિ થતાં આગળ વધીને સાધકનો મુનિદશામાં પ્રવેશ થાય છે. ત્યારે તે વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરે છે અને પોતાનું પૂર્ણ સ્વરૂપ સાધવા માટે જંગલમાં નિવાસ કરે છે.

'**નિજસ્વરૂપધામમાં રમનારા મુનિરાજને...**' કેવા મુનિરાજ લીધા? '**નિજસ્વરૂપધામમાં રમનારા...**' જેમની રમણતા, જેમની એકાગ્રતા પોતાના પરમેશ્વરપદમાં છે એવા વીતરાગી મુનિરાજને પણ '**પૂર્ણ વીતરાગદશાના અભાવે...**' છઠ્ઠા-સાતમા ગુણસ્થાને પૂરેપૂરી વીતરાગદશા થઈ નથી. અધુરી વીતરાગદશા છે. તેથી '**વિધવિધ શુભભાવો હોય છે :**' એમને પણ વિધવિધ શુભભાવો આવે છે. ત્યાં શુભાશુભભાવ બેય લીધા હતા. ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાનીને શુભાશુભભાવ ... જ્ઞાયકને અવલંબનારી એવી જ્ઞાતૃત્વધારા નિરંતર વર્તે છે. અહીંયાં એકલો શુભભાવ લીધો છે. વિધવિધ શુભભાવો આવે. શુભાશુભ બે ભાવ એને આવતા નથી. અશુભ નથી આવતા. શુદ્ધતા ઘણી વધી ગઈ હોવાથી .... પ્રચુર શુદ્ધતાને લીધે અશુભભાવોનો નાશ થઈ જાય છે. અશુભભાવો ઉત્પન્ન થતા નથી.

'**વિધવિધ શુભભાવો હોય છે :- તેમને મહાવ્રત,..**'ના ભાવો આવે છે. એ મહાવ્રત સહિત બીજા પણ '**અઠ્યાવીશ મૂળગુણ,...**'ના પરિણામ આવે છે. '**પંચાચાર,...**'ના પરિણામ આવે છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. એવા પાંચેય પ્રકારના બાહ્ય આચરણને અનુસરતા એ શુભભાવો છે. '**સ્વાધ્યાય,..**'ના ભાવો આવે છે. પૂર્વાચાર્યો રચિત, ગણધરો રચિત જે સત્શ્રુત છે

એનું અધ્યયન કરે છે. કોઈવાર મુનિરાજ પોતે પણ નવા આગમની રચના કરે છે. નવા પરમાગમની રચના કરે છે. એ પણ એમનો સ્વાધ્યાય જ છે. એ જ્ઞાનાચારમાં સમાય છે. બહારમાં જે પંચાચારમાં જ્ઞાનાચાર .. એમાં સ્વાધ્યાય છે તે જ્ઞાનાચારમાં આવે છે. મહાવ્રત છે એ ચારિત્રઆચારમાં આવે છે. ચારિત્ર અને તપ.

'**ધ્યાન,...**'નો પણ વિકલ્પ આવે છે. ધ્યાન પોતે તો શુદ્ધ પરિણામ છે. પણ ધ્યાનનો વિકલ્પ છે એ શુભ પરિણામ છે. ધ્યાન જુદી વસ્તુ છે, ધ્યાનનો વિકલ્પ જુદી વસ્તુ છે. '**ઇત્યાદિ સંબંધી...**' ધ્યાન સંબંધી વિકલ્પ આવવો. શુભભાવ. એવા '**શુભભાવો આવે છે તેમ જ જિનેન્દ્રભક્તિ-શ્રુતભક્તિ-ગુરુભક્તિના ઉલ્લાસમય ભાવો પણ આવે છે.**' મુખ્યપણે. ગૌણપણે તો ..ની પણ પ્રશંસા કરે છે આચાર્યો. મુખ્યપણે પોતાથી જે આગળ છે, વિશેષ ગુણવાન છે અથવા પૂર્ણ ગુણવાન છે એવા જિનેન્દ્ર, વિશેષ ગુણવાન છે એવા ગુરુઓ, આચાર્યો તેમના પ્રત્યેના ઉલ્લાસમય ભક્તિના ભાવો આવે છે. અને તેમના રચેલા અથવા તેમની જે વાણી છે એ શ્રુત છે. એ શ્રુત પ્રત્યે પણ એમને ભક્તિ આવે છે. શ્રુતનો પણ મહિમા કરે છે. જિનેન્દ્રનો મહિમા કરે છે, નિર્ગ્રંથ મુનિઓનો, આચાર્યોનો મહિમા કરે છે અને સત્‌શ્રુતનો પણ મહિમા કરે છે. ઉલ્લાસિત પરિણામથી કરે છે. કેવા પરિણામ આવે છે એનો દૃષ્ટાંત લીધો છે.

'**હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં, આપનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં, મને શું ન પ્રાપ્ત થયું? અર્થાત્ આપ મળતાં મને બધુંય મળી ગયું.**' જાણે જગતનું સર્વસ્વ મને બધું મળ્યું. આપના દર્શન થયા ને, બસ! હું કૃતકૃત્ય થઈ ગયો. ભગવાન 'કુંદકુંદાચાર્ય'ને ભગવાનના દર્શનની ભાવના ઉઠી હશે. પછી મહાવિદેહમાં ગયા છે. કેવા ભક્તિના ભાવ આવ્યા હશે કે જેમાંથી એના પુણ્યનું તાત્કાલિક ફળ જોવામાં આવે છે. અને ત્યાં સાક્ષાત્ દર્શન કરવા ગયા હશે ત્યારે એમને આવા પરિણામ કદાચ થયા હશે. '**હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં, આપનાં ચરણકમળની પ્રાપ્તિ થતાં, મને શું ન પ્રાપ્ત થયું?**' હવે જગતમાં મને કોઈ અન્ય પદાર્થને વિષે વિકલ્પ નથી. ફલાણી ચીજ મને મળે એ વાત રહેતી નથી. આપના દર્શન થયા તો જાણે મને બધુંય મળી ગયું. કોઈપણ વિકલ્પ અને વાંછા હવે મને રહી નથી. બધું જ મળી ગયું જાણે. કેટલો હર્ષ થયો હશે!

'**મને શું ન પ્રાપ્ત થયું? અર્થાત્ આપ મળતાં મને બધુંય મળી ગયું.**' આપ મળ્યા એમાં તો મને બધુંય મળી ગયું. '**આમ અનેક પ્રકારે શ્રી પદ્મનંદી આદિ મુનિવરોએ જિનેન્દ્રભક્તિના ધોધ વહાવ્યા છે.**' અનેક મુનિઓએ જિનેન્દ્ર ભક્તિના સ્તોત્રો રચ્યા છે. આ ભક્તામર સ્તોત્ર છે. કલ્યાણમંદિર સ્તોત્ર છે. ઘણાં સ્તોત્ર

છે. જિનેન્દ્ર ભક્તિના ધોધ વરસાવ્યા છે. ઘણી ભક્તિ આવી છે. જિનેન્દ્ર ભગવાન પ્રત્યે પણ મુનિ અવસ્થામાં ઘણી ભક્તિના પરિણામ આવ્યા છે. અત્યંત ભક્તિના પરિણામ આવ્યા હોય ...

એવી એવી ઉપમા આપે કે જાણે ભગવાન કર્તા હોય એવી ઉપમા આપે. આપ અમારું બધું કરી દ્યો છો, આપ અમને તારી દ્યો છો, આપે તાર્યા છે, આપને જોતા અમારા નેત્ર છે એ સફળ થયા છે. નહિતર અમારા નેત્રને સફળ થવાનો કાંઈ પ્રસંગ નહોતો. ખુબ ખુબ ભક્તિ કરે છે. ગુણની ભક્તિ છે. ગુણની ભક્તિ છે એ સ્વભાવની ભક્તિ છે. આત્મસ્વભાવ, પવિત્ર સ્વભાવ. નિર્દોષતા પ્રાપ્ત કરી, દોષોનો અભાવ કરીને જે સ્થિતિએ પહોંચ્યા છે પૂર્ણપદે એવા પદની અભિલાષામાંથી એ ભક્તિ ઊગે છે. ક્યાંથી ઊગે છે એ ભક્તિના પરિણામ? કે પોતાને પણ એ પદની અભિલાષા છે. મારે પણ આવા જ નિર્દોષ થવાની મારા જીવનની અભિલાષા છે. એમાંથી એ (ઉત્પન્ન થાય છે).

સમંતભદ્રાચાર્યનો પ્રસિદ્ધ શ્લોક છે.

**मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्।**
**ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये।।१।।**

આપને વંદન કરું છું પણ એવા ગુણોની લબ્ધિ-પ્રાપ્તિ માટે હું વંદન કરું છું. જગતના કોઈ પદાર્થની વાંછા માટે ભક્તિ કરું છું એ ભક્તિ નથી પણ એ તો પોતાના સ્વાર્થની ભક્તિ છે. ભગવાનની ભક્તિ નથી પણ પોતાના સ્વાર્થની ભક્તિ છે, ભોગ-ઉપભોગની ભક્તિ છે, સંયોગની ભક્તિ છે, પુદ્ગલની ભક્તિ છે. અથવા એમાં ખરેખર તો વીતરાગભાવનો અનાદર છે, વીતરાગસ્વરૂપનો અનાદર છે, ભગવાનનો એમાં અનાદર છે. ભગવાન કહે છે, હું વીતરાગ થયો છું અને મારી સામે ઊભો ઊભો તું રાગને ભજે છો? આ તો ઊંધી વાત છે તારી. આ વાત મારી સાથે મેળ ખાતી નથી.

**'શ્રી પદ્મનંદી આદિ મુનિવરોએ જિનેન્દ્રભક્તિના ધોધ વહાવ્યા છે.આવા આવા અનેક પ્રકારના શુભભાવો મુનિરાજને પણ હઠ વિના આવે છે.'** એ પણ અહીંયાં લીધું. જ્ઞાનીને હઠ વિના શુભભાવ આવે છે. એમ મુનિરાજને પણ પંચાચારના પરિણામ, તપના પરિણામ આવે તોપણ તે હઠ વિના આવે છે. કોઈપણ પ્રકારના એમાં હઠના પરિણામ થતા નથી. સહજમાં થઈ શકે એવા જ પરિણામ થાય છે. હઠથી એ કોઈ કાર્ય કરતા નથી.

મુમુક્ષુ :- હઠ એટલે ઈચ્છા?

પૂજ્ય ભાઈશ્રી :- હઠ એટલે પરાણે. આર્તધ્યાન થાય તોપણ કરે. જેમ આ

ઉપવાસ કરે છે ને લોકો? પછી અંદરમાં રટણ ચાલે નથી ખાધું... નથી ખાધું. અને બહુ ક્ષુધાની વેદના થાય તો પછી અશુભભાવની પ્રવૃત્તિમાં આવી જાય. કાં તો શારિરીક અશક્તિ લાગે એટલે સૂઈ જાય, ઊંઘી જાય. એ પણ અશુભભાવ છે. કેવો છે એ? અશુભભાવ છે. નિદ્રા લેવી એ. કોઈ રમવા લાગે. કોઈ રમતગમત રમે. કાંઈને કાંઈ પોતાનો ઉપયોગ દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાય કોઈપણ પ્રવૃત્તિમાં લગાવે એ બધી અશુભ પ્રવૃત્તિમાં જાય. દુકાને જાય, ધંધો-વેપાર કરે એ બધા અશુભ પરિણામ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હઠ એટલે પછી પરાણે પરાણે રાગ કર્યા કરે એવું નહિ. સહેજે એમને રાગ આવે. સહજ ભક્તિનો ભાવ આવે. પરાણે ભક્તિ કરવી પડે. ન પ્રકાર આવે તોપણ, ન શુભભાવ આવે તોપણ આવો શુભભાવ ગોતી ગોતીને કરું એમ નથી. સહેજે સહેજે આવે.

મુમુક્ષુ :- નિત્યક્રમ ... કર્યા કરે?

પૂજ્ય ભાઈશ્રી :- મુનિરાજને તો પૂજાનો નિત્યક્રમ નથી. જોકે મુનિરાજને તો દ્રવ્ય પૂજા જ નથી. અષ્ટ દ્રવ્યની પૂજા મુનિરાજ નથી કરતા. મુનિરાજ વંદન કરે છે, નમસ્કાર કરે છે. એટલી પૂજા. એ પણ પૂજાના ..

મુમુક્ષુ :- ભાવ પૂજા?

પૂજ્ય ભાઈશ્રી :- એ દ્રવ્યપૂજા પણ છે. નમસ્કાર કરવું એ દ્રવ્યપૂજા છે. શરીરરૂપી દ્રવ્યની પંચાગી નમસ્કાર, અષ્ટાંગી નમસ્કાર. એ બધી સ્તુતિ બોલવી એ પણ પૂજાનો (પ્રકાર છે). એ બધા પૂજાના અંગ છે. આમાં લીધું છે ને? દંસણ મૂલો ધમ્મોમાં છે. પૂજાના અંગ કેટલા છે. ભાવપૂજા અને દ્રવ્યપૂજા બેય એમાં આવે છે. પાનું ૨૭. ફૂટનોટની અંદર છે. '**ઉલ્લેખનીય હૈ કિ પ્રચલિત રૂઢિવશ કઈ લોગ જલ-ચંદનાદિક અષ્ટ દ્રવ્યોંસે પૂજા કરના હી દ્રવ્યપૂજા માનતે હૈં. કિન્તુ યથાર્થતઃ દ્રવ્યપૂજાકે અનેક પ્રકાર હૈં.**' દ્રવ્યપૂજાના અનેક પ્રકાર છે. '**પૂજા વિધિ કે પર્યાયવાચી શબ્દ યે હૈં.**' '**અધ્વર...**' કૌંસમાં એનો અર્થ થાય છે-ધાર્મિક સંસ્કાર. '**ઈજ્યા..**' એટલે દાન. '**ક્રતુ...**' એટલે યજ્ઞ. '**પૂજા, આદર, સન્માન, શ્રદ્ધાંજલિ, આરાધના, મહ...**' મહ એટલે આહુતિ આપવી. '**મરવ...**' એટલે યજ્ઞ વિષયક કૃત્ય. '**યજ્ઞ, પૂજાકા કાર્ય. યાગ...**' એનો પણ અર્થ યજ્ઞ થાય છે. '**સપર્યા (અર્ચના, સેવા, પરિચર્યા, પૂજા, સન્માન.**' આટલા અર્થ (મહાપુરાણ-૬૭/૧૨૩) પાનામાંથી દ્રવ્યપૂજાના અર્થ લીધા છે.

'**આગમમેં દ્રવ્યપૂજાકે કઈ ભેદ બતાયે હૈં.**' એટલે આગમની અંદર જે દ્રવ્યપૂજાના ભેદ છે. '**અભિષેક કરના,...**' આ ભગવાનનો અભિષેક કરે. ભગવાન જન્મે છે ત્યારે

અભિષેક કરે. જન્મ કલ્યાણક છે એ પૂજાનો .. '**નૈવેદ્ય આદિ ચઢાના, તીન પ્રદક્ષિણા દેના...**' પ્રદક્ષિણા કરે છે .. '**નમસ્કાર કરના.**' આ મુનિ છે એ પ્રદક્ષિણા કરે છે, નમસ્કાર કરે છે. અભિષેક વગેરે કાંઈ કરતા નથી. '**તીનો સંધ્યાઓમે ઉપાસના કરના, સન્મુખ ખડે હોના.**' સામે ઊભા રહેવું. '**વચનોં દ્વારા સ્તવન કીર્તનાદિ કરના.**' એ બધા પૂજાના ભેદ છે. વિશેષ દેખેં. મહાપુરાણ અને ભગવતી આરાધનાના આધાર આપ્યા છે. એ બધા દ્રવ્યપૂજાના ભેદ છે. એની સાથે જે શુભ પરિણામ થાય તે ભાવપૂજા. આવી દ્રવ્યક્રિયા સાથે જે જીવના શુભ પરિણામ થાય એને ભાવપૂજા કહે છે. ભાવ થાય તેને ભાવપૂજા અને પુદ્ગલની પર્યાયનું પરિણમન થાય મન-વચન-કાયાનું કે અન્ય દ્રવ્યોનું એ બધું દ્રવ્યપૂજામાં જાય છે. એમ દ્રવ્ય અને ભાવ પૂજા છે.

'**આવા આવા અનેક પ્રકારના સુભભાવો મુનિરાજને પણ હઠ વિના આવે છે. સાથે સાથે જ્ઞાયકના ઉગ્ર આલંબનથી...**' એક શબ્દ વધાર્યો અહીંયાં. જ્ઞાયકના અવલંબને જે ધારા વહે છે સાધકદશામાં, મુનિદશામાં ઉગ્ર અવલંબનથી એ પરિણમે છે. ઉગ્રતાવાળું પરિણામ છે. ગૃહસ્થદશામાં જે પરિણમન છે એના કરતાં મુનિદશામાં ઉગ્ર અવલંબન છે. અંદરમાં ઉગ્ર એકાગ્રતા છે, તીવ્ર એકાગ્રતા છે. '**મુનિયોગ્ય ઉગ્ર જ્ઞાતૃત્વધારા...**' મુનિદશાને યોગ્ય એવી જે ઉગ્ર પ્રકારની જ્ઞાતૃત્વધારા. જ્ઞાતૃત્વધારા કહો કે જ્ઞાયકનું ઉગ્ર અવલંબન કહો એ '**પણ સતત ચાલુ જ હોય છે.**' શુભ ભાવના સમય દરમ્યાન પણ તેમને જ્ઞાનધારા સ્વરૂપનું ઉગ્ર અવલંબન અંદરમાં જ્ઞાનધારાથી વર્તતું જ હોય છે, ચાલુ જ રહે છે. એ તૂટે છે અને એ છૂટે છે, એમાં કોઈ છેદ પડે છે અને શુભભાવ આવે છે એમ નથી. ખરેખર તો શુદ્ધિનો ઉગ્ર પુરુષાર્થ થાય છે ત્યારે શુદ્ધોપયોગ થાય છે અને શુદ્ધિના મંદ પુરુષાર્થના કાળે શુભ ભાવની વૃત્તિ સહજમાત્રમાં થઈ આવે છે.

અત્યારે મને શુદ્ધોપયોગ થતો નથી. માટે લાવ હવે હું શુભોપયોગ રૂપી કાર્યને કરું. એવા અભિપ્રાયથી કે એવા વિચારથી શુભભાવને કરવા યોગ્ય ધારીને કરવાના પરિણામથી કરે એવું સાધકદશામાં મુનિને કે શ્રાવકને બનતું નથી. અત્યારે મારો પુરુષાર્થ બહુ નથી ચાલતો, શુદ્ધોપયોગ નથી થતો. લાવ હવે શુભ પરિણામ કરું. એમ નથી. પુરુષાર્થ તો શુદ્ધોપયોગનો જ કરે છે. છતાં નથી થતો તો શુભોપયોગ થઈ જાય છે. થઈ જાય છે એમ વાત છે. કરવાનો પ્રશ્ન નથી પણ થઈ જાય છે. આ પરિસ્થિતિ છે. એટલે સહજ થાય છે એમ કહ્યું. હઠ કરીને કૃત્રિમપણે કરવામાં આવે છે એમ નથી.

હવે એ સાધકદશાનું વિશેષ વર્ણન કરે છે. બંનેનું સાથે. કેમકે એક જાત છે. જાત બંનેની એક છે. જે સાધકદશા પ્રગટી ચતુર્થ ગુણસ્થાને ગૃહસ્થદશામાં અને મુનિરાજને જે સાધકદશા વર્તે છે એ એ જ જિનમાર્ગની દશા છે જેનું ઉપર-નીચેનું Stage છે. સાધકની દશા નીચેની દશા છે એ જ જાતની વિશેષ વૃદ્ધિગત થયેલી દશા તે મુનિરાજની દશા છે. પણ જાતિ તેની ફેર છે. Quality ફર્ક નથી પણ Quantityમાં ફર્ક છે.

'**સાધકને-મુનિને તેમ જ સમ્યગ્દૃષ્ટિ...**' સાધકને એટલે '**મુનિને તેમજ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને**' બેય લઈ લેવા અહીંયાં. સાધક કહેતા સાધકને '**જે શુભભાવો આવે છે...**' તો કયા સાધક? કે બેય. મુનિરાજ તેમજ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક. બંને પ્રકારના સાધકને. બંને સાધક જ છે. આત્માને સાધી રહ્યા છે માટે તેને સાધક કહેવામાં આવે છે. એ ગુણવાચક નામ છે. જ્ઞાતિવાચક નામ નથી, વ્યક્તિવાચક નામ નથી પણ એ ગુણવાચક નામ છે. જેઓ આત્માને પોતાના ઉદ્યમથી-પુરુષાર્થથી સારી રીતે સાધી રહ્યા છે તે સાધક.

એવા સાધકને જે શુભભાવો આવે છે તે શુભ ભાવો '**જ્ઞાતૃત્વપરિણતિથી વિરુદ્ધસ્વભાવવાળા હોવાથી આકુળતારૂપે-દુઃખરૂપે વેદાય છે,...**' પોતાને જે શુદ્ધ પરિણામધારા છે એનાથી વિરુદ્ધ એનો સ્વભાવ છે. શુદ્ધ પરિણામધારા છે એ પવિત્ર પરિણામધારા છે અને આ શુભભાવો છે તે અપવિત્ર પરિણામ, અપવિત્ર ભાવો છે. અથવા શુદ્ધભાવ છે તે કષાયના અભાવવાળા પરિણામ છે અને શુભભાવ છે તે કષાયના સદ્ભાવવાળા પરિણામ છે. એટલે પરસ્પર વિરુદ્ધ થયા. વિરુદ્ધ થવાનું એ કારણ છે.

વળી તે જ્ઞાતૃત્વપરિણતિ જે શુદ્ધ પરિણામ ધારા છે તે સુખમય અને શાંતિમય છે, નિરાકુળતામય છે. જ્યારે આ શુભભાવો છે એ આકુળતામય હોવાથી આકુળતારૂપે અને દુઃખરૂપે વેદાય છે. જે મંદ કષાયમાં જગતના જીવો ભ્રાંતિએ કરીને ભૂલા પડે છે અને સુખને ને શાતાને વેદે છે ત્યાં સાધકજીવ દુઃખને અને આકુળતાને વેદે છે કે આમાં શાંતિ અને સુખ છે નહિ. આમાં કષાય છે.

'**વિરુદ્ધસ્વભાવવાળા હોવાથી આકુળતારૂપે-દુઃખરૂપે વેદાય છે,...**' દુઃખરૂપે વેદાય છે અને જ્ઞાનમાં '**હેયરૂપ જણાય છે,...**' વિવેક છે. હેય-ઉપાદેયનો જ્યાં વિવેક કરવાનો છે ત્યાં તે ભાવો અંગીકાર કરવા જેવા છે, ઉપાસવા જેવા છે એમ લેતા નથી. પણ પંચ મહાવ્રત અને પંચાચારના પરિણામ કહ્યા ને? તો કહે તે હેયરૂપે જણાય છે. આ વિષય અપ્રસિદ્ધ હતો. શાસ્ત્રોમાં હતો પણ સમાજમાં, સંપ્રદાયમાં આ વિષય

અપ્રસિદ્ધ હતો. વ્રત, મહાવ્રત તો પાલન કરવાના હોય. ત્યાં પાલન શબ્દ વાપરે. જેનું પાલન કરવાનું હોય એનું તો પોષણ કરે. જેનું પાલન-પોષણ કરે એને હેયપણું કેમ આવે? એ વાત પ્રસિદ્ધ નહોતી. 'ગુરુદેવે' ધર્મના શુદ્ધ પરિણામની સ્થિતિ, એનું સ્વરૂપ સ્પષ્ટપણે બતાવીને, દર્શાવીને કહ્યું કે આ ઉપાદેય છે અને આની અપેક્ષાએ ગમે તે પ્રકારના શુભભાવ હોય, પંચાચારના હોય, મહાવ્રતના હોય તોપણ તે હેય જણાય છે. એ કાંઈ ઉપાદેય જણાતા નથી.

'**હેયરૂપે જણાય છે, છતાં તે ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી.**' અહીંયાં જે આ પ્રકરણમાં સમજતા નથી, આ પ્રકરણથી જે અજ્ઞાત છે તેવા જીવોને ભ્રાંતિ થાય છે. કે જો આ હેય છે તો મુનિરાજ શું કરવા વ્રત પાળે છે? શું કરવા વ્રત અંગીકાર કરે છે? શું કરવા તપશ્ચર્યા કરે છે? ભાઈ! એ ભૂમિકામાં એ આવ્યા વિના રહેતા નથી. આવ્યા વિના રહેતા નથી એટલે એ થાય છે પણ કરવાની બુદ્ધિએ, ઉપાદેયતાની બુદ્ધિએ તે કરવામાં આવે છે એમ સમજવા જેવું નથી.

'શ્રીમદ્જી'એ ૯૦ વર્ષ પહેલા લખ્યું છે કે મન-વચન-કાયાના યોગે યોગ પ્રવર્તના છે. મુનિદશામાં યોગ પ્રવર્તના છે. યોગની પ્રવૃત્તિ છે. બીજી પ્રવૃત્તિ નથી. બીજી પ્રવૃત્તિમાં એ પડતા નથી. પણ તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતિ સ્થિતિમાં. અંતે થાય નિજ સ્વરૂપમાં લીન જો. સર્વ બાહ્ય પ્રવૃત્તિ છોડી નિજ સ્વરૂપમાં લીન થાય છે અને બાહ્ય પ્રવૃત્તિથી છૂટી જાય છે.

એનો પ્રસિદ્ધ પુરાવો અરિહંતદશા છે. ત્યાં યોગનું કંપન્ન રહ્યું છે. કાયાનો યોગ છે, વચનનો યોગ છે, દ્રવ્યમનનો પણ હજી ત્યાં યોગ છે. તોપણ મન-વચન-કાયાની પ્રવૃત્તિનો વિકલ્પ ન રહે. નિજ સ્વરૂપમાં લીન થઈ ગયા છે. સર્વ પ્રકારની મુનિદશાની બાહ્ય પ્રવૃત્તિ જેમણે છોડી દીધી છે. પછી તેમને પંચ મહાવ્રત પાળવા, અઠ્યાવીશ મૂળગુણ પાળવા, પંચાચાર પાળવા, કોઈ ભક્તિ કરવી, વયાવચ્ચ કરવી એ પ્રકાર કાંઈ રહેતો નથી. જો તે રાખવા યોગ્ય હોત અને જો તે પાળવા યોગ્ય હોત તો ભગવાન એનો ત્યાગ કરત નહિ, ભગવાન એને છોડત નહિ. પણ અરિહંત દશામાં તેવી કાંઈ પ્રવૃત્તિ નથી અને મુનિદશાથી આગળ વધીને તે દશાએ તે પહોંચ્યા છે, પ્રાપ્ત થયા છે એ સ્પષ્ટપણે બતાવે છે કે તેનું હેયપણું આવ્યા વિના તેનો ત્યાગ થાય નહિ. આ એની સિદ્ધિ છે.

તે '**હેયરૂપે જણાય છે, છતાં તે ભૂમિકામાં આવ્યા વિના રહેતા નથી.**' ઉપરની ભૂમિકામાં નિજ સ્વરૂપની લીનતામાં શ્રેણી માંડીને અંતર્મુહૂર્તમાં અરિહંત દશાને જો પ્રાપ્ત કરી લ્યે તો પછી એમને કોઈપણ બાહ્ય આચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

બાહ્યાચરણમાં આવવાનો પ્રશ્ન નથી. આહારાદિ તો હોતા નથી. વિહાર છે. આહાર-નિંદ્રા હોતા નથી. શરીરની પ્રવૃત્તિમાં આહાર-નિંદ્રા હોતા નથી. વિહાર છે એ ઇચ્છા વિના છે. વાણી છે એ પણ ઇચ્છા વિના છે.

એક જગ્યાએ અરિહંત પરમાત્માનો વિહાર થાય અને બીજી જગ્યાએ જાય તો એ ડગલા ભરીને ન ચાલે અથવા પદ્માસને બિરાજમાન હોય કેવળજ્ઞાનમાં અને વિહાર થાય તો ઊભા થઈને હાલવા ન માંડે, ચાલવા ન માંડે. એમ ને એમ પદ્માસને જેમ કોઈ આકાશમાં વિમાન જાય એવી જ રીતે પદ્માસને ધ્યાનસ્થ અવસ્થામાં જ એમનું ક્ષેત્રાંતર થાય. ખડગાસને હોય તોપણ એ જ અવસ્થામાં ડગ ભર્યા વિના, પગલું ભર્યા વિના એમનું ગમન થાય છે. ક્ષેત્રાંતર થાય છે. એવી જ રીતે વાણી નીકળે ત્યારે હોઠ ચાલે, કંઠ ચાલે, જીભ ચાલે એવી કોઈ પ્રવૃત્તિ દેહની નથી હોતી. એમ જ ૐકાર ધ્વનિ નીકળે છે.

'**સાધકની દશા એક સાથે ત્રણપટી (ત્રણ વિશેષતાવાળી) છે...**' ત્રણપટી છે એટલે એમાં ત્રણ ભેદ પડે છે. એવી વિશેષતા છે એટલે એમ કે ત્રણ વિશેષતાવાળી એટલે ત્રણ ભેદવાળી છે. '**એક તો, તેને જ્ઞાયકનો આશ્રય અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે...**' સાધકદશામાં ચાહે સમ્યગ્દૃષ્ટિ હો કે ચાહે મુનિ હો. તેમને પોતાના શુદ્ધ જ્ઞાયક સ્વભાવનો આશ્રય કરવા સંબંધીનો '**શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યેનું જોર નિરંતર વર્તે છે...**' પુરુષાર્થની મુખ્યતાથી આ વાત કરી. એમની દશા વિશેષને લઈને જે-તે દશામાં જેટલી વિશેષતા હોય એમાં પુરુષાર્થ નિરંતર હોય, હોય ને હોય. ક્યારેય કેવળ પુરુષાર્થને છોડીને કેવળ પ્રમાદ દશામાં કોઈ સાધક હોઈ શકે નહિ. તો મિથ્યાત્વમાર્ગ છે. ન બને. નિરંતર. કેમકે વીર્યગુણ છે એ પરણમ્યા વિનાનો રહેશે નહિ. જો એનું આંશિક પરિણમન જો શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે ન હોય તો એનું સર્વાંશે પરિણમન પરદ્રવ્ય અને રાગ પ્રત્યે થઈ જશે. એ તો મિથ્યાત્વ અવસ્થામાં થાય છે. સાધક અવસ્થામાં એવું થતું નથી.

ખરેખર તો સાધકનો અર્થ જ એ છે. પુરુષાર્થ દ્વારા આત્મશ્રેયને સાધે તેનું નામ સાધક. આત્માના કલ્યાણને સાધે તેનું નામ સાધક. શેનાથી સાધે? કે પુરુષાર્થથી સાધે. તો સાધક કહેવું અને એને પુરુષાર્થ હોય કે ન હોય એ પ્રશ્ન નથી રહેતો. એને નિરંતર પુરુષાર્થ હોય હોય ને હોય જ. ન હોય એવું બને નહિ.

'**તેને જ્ઞાયકનો આશ્રય...**' હોય છે. આશ્રય હોય છે એનો અર્થ કે શુદ્ધ આત્મદ્રવ્ય પ્રત્યેનું તેનું જોર નિરંતર હોય છે, સદાય હોય છે. કે જેને લીધે-એ જોરને લીધે-એ પરિણામમાં '**અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે;...**' આ

એક ત્રિકાળી પ્રત્યેના પુરુષાર્થના વલણનું બહુ સુંદર અને સ્પષ્ટ વાક્ય અહીંયાં વ્યક્ત કર્યું છે. જીવને જે અવસ્થા છે એમાં શુદ્ધ અને અશુદ્ધ એવા બે અંશ સાધકદશામાં ઉત્પન્ન હોય છે. પૂરેપૂરી શુદ્ધતા હોય તો સિદ્ધદશા હોય, પૂરેપૂરી અશુદ્ધતા હોય તો મિથ્યાત્વદશા હોય. સાધકદશા એટલે શુદ્ધિ-અશુદ્ધિના બંને ભાગ, મિશ્રધર્મ પરિણામ જેમાં છે એને સાધકદશા કહેવામાં આવે છે. એ બંને પ્રત્યે ઉપેક્ષા હોય એમ લીધું છે.

ત્રિકાળી શુદ્ધાત્મ દ્રવ્યના જોરને લીધે પર્યાયમાત્રપણે ઉપેક્ષા હોય. પર્યાયમાત્ર પ્રત્યે ઉપેક્ષા હોય. આ પાસુ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં મુખ્યપણે વ્યક્ત થયું છે. 'સોગાનીજી'ની ભાષામાં. આ પાસા ઉપર, આ પડખા ઉપર જ એમનું વક્તવ્ય વિશેષ આવતું હતું કુદરતી. આરાધનાનો જે પ્રકાર છે એ શુદ્ધ પર્યાયરૂપ છે. તોપણ જ્યાં સુધી આત્માની દૃષ્ટિ, સ્વરૂપદૃષ્ટિ અને આત્માનો પુરુષાર્થ, સ્વરૂપ અંગેનો પુરુષાર્થ એને સીધો સંબંધ એક માત્ર ત્રિકાળી જ્ઞાયક સાથે જ છે. શુદ્ધ અંશ પ્રત્યે પણ, શુદ્ધ પરિણામ અંશ પ્રત્યે પણ જેની ઉપેક્ષા વર્તે છે, ઉદાસીનતા વર્તે છે એવું એ પરિણમન છે. જો પોતાના શુદ્ધ પરિણામ પ્રત્યે પણ ઉપેક્ષા વર્તે, ઉદાસીનતા વર્તે; એ પરિણામ પણ શુદ્ધ પરિણામ છે. પુરુષાર્થ પણ શુદ્ધ પરિણામ છે. સ્વરૂપદૃષ્ટિ એ પણ શુદ્ધ પરિણામ છે. કે જેને પોતા પ્રત્યે અને સાથે સાથે જોડે વર્તતા બીજા ગુણોના શુદ્ધ પરિણામ અંશો પ્રત્યે ઉપેક્ષા વર્તે છે. કહેવાની જરૂર નથી કે એને શુભ પરિણામ પ્રત્યે અપેક્ષા હોય. એને ઉપેક્ષા જ હોય. એને અપેક્ષા હોવાનો પ્રશ્ન રહેતો નથી. આનું નામ સાધકદશા છે. આ એક સાધકદશાનું રહસ્યભૂત પરિણમન છે કે સાધકદશા ખુદ પોતે પોતાની ઉપેક્ષા કરીને ત્રિકાળી શુદ્ધ પરમાત્માની ઉપેક્ષાએ પરિણમતી એવી દશા છે. એને જ સાધકદશા કહેવાય, બીજાને સાધકદશા કહેવાય નહિ. શુદ્ધ પરમાત્મ સ્વરૂપને આરાધન કરનારી દશા એનું નામ સાધકદશા.

ત્યાં પ્રશ્ન ઉઠાવે છે કે એ સાધકદશાને પોતાની દશા પ્રત્યેની શું સ્થિતિ છે? તો કહે, એમાં પોતાના શુદ્ધ પર્યાયઅંશ પ્રત્યે પણ ઉપેક્ષા ભાવ (હોય) એવી એની દશા છે, એવી એની સ્થિતિ છે. એને અહીંયાં સાધકદશા કહીએ છીએ. આ વાત આરાધન સિવાય મળે એવી નથી. બહુ ઓછી જગ્યાએ મળે એવું છે. કેમકે લોકો તો હજી શુભભાવની ઉપાદેયતામાં પડ્યા છે. એને એમ કહેવું પડે છે કે, ભાઈ! શુભભાવો હેય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉપાદેય છે. આત્માના શુદ્ધ પરિણામરૂપ પવિત્ર દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉપાદેય છે. તો કહે, એ સર્વથા ઉપાદેય છે કે કથંચિત્ ઉપાદેય છે? સર્વથા ઉપાદેય તો એક મારું પોતાનું ત્રિકાળી સ્વરૂપ જ છે. એની અપેક્ષાએ આ શુદ્ધ પરિણામ અંશો છે એ પણ ઉપેક્ષાના વિષયમાં રહે

છે, ઉપેક્ષાના સ્થાનમાં જાય છે. એને ઉપેક્ષાના ખાતામાં ખતવવાના હોય છે. અપેક્ષાના ખાતામાં નહિ.

પ્રથમથી જ જે પર્યાયદૃષ્ટિનો નિષેધ થઈને ચોથું ગુણસ્થાન પ્રગટ્યું. ક્યાંથી પ્રારંભ થયો ધર્મદશાનો? કે જેમાં પર્યાયદૃષ્ટિનો ધ્વંસ થઈને, પર્યાયદૃષ્ટિનો નાશ થઈને જે દ્રવ્યદૃષ્ટિ પ્રસિદ્ધ થઈ એ દ્રવ્યદૃષ્ટિ અનુસાર જ્ઞાન પણ ભલે જાણે, શુદ્ધ-અશુદ્ધ અંશને, શુભ અને અશુભને જાણે પણ એનાથી ઉદાસ છે. જ્ઞાન એનાથી ઉદાસ થઈ જાય છે. ઉપેક્ષિત થઈ જાય છે.

મૂળ 'સમયસાર'માં એ વિષય છે. 'સમયસાર' ૪૯મી ગાથા. ૪૯મી ગાથામાં જે છ-છ બોલ લીધા છે ને? એમાં એ વિષય લીધો છે. અવ્યક્તના બોલ. અવ્યક્તના બોલમાં જ છે. છઠો બોલ છે. '**પોતે પોતાથી જ...**' આત્મા પોતે પોતાથી જ '**બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં...**' બાહ્ય-અભ્યંતર એટલે દ્રવ્ય અને પર્યાય. ત્રિકાળી સામાન્ય અને વિશેષ. સામાન્ય છે એ અભ્યંતર અંગ છે, વિશેષ છે એ પદાર્થનું બાહ્ય અંગ છે. '**બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે...**' શું લીધું? વ્યક્તપણું એવું જે પર્યાયની શુદ્ધિ છે તેના પ્રત્યે ઉદાસીનપણે પ્રદ્યોતમાન છે. ઉદાસીનપણે પોતે પ્રકાશમાન છે. '**માટે અવ્યક્ત છે.**' એમ કહીએ છીએ. સ્વભાવે કરીને આત્મા અવ્યક્ત છે. એવું વિશેષણ લાગુ પડે છે. આ 'અમૃતચંદ્રાચાર્યે' કાઢ્યું.

'**व्यक्ताव्यक्तविमिश्रप्रतिभासेऽपि व्यक्तास्पर्शत्वात्, स्वयमेव हि बहिरन्तः स्फुटमभूनयमानत्वेऽपि व्यक्तोपेक्षेणन**' ઉપેક્ષા શબ્દ છે. ઉદાસીનમાં મૂળ સંસ્કૃત ભાષામાં ઉપેક્ષા શબ્દ લીધો છે. અહીંયાં જે ઉપેક્ષા શબ્દ વાપર્યો છે. '**स्फुटमभूनयमानत्वेऽपि व्यक्तोपेक्षेणन प्रद्योतमानत्वाच्चाव्यक्तः**' એટલા માટે અવ્યક્ત છે. એ અહીંયાં લીધું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે.

એ અંતરંગ જ્ઞાનદશાનું સૂચક પરિણામ છે. સાધકદશાનું એ સૂચક લક્ષણ છે. કે એમાં નિશ્ચય સ્વરૂપનો આદર છે, ઉપાદેયતા છે અને વ્યવહારના વિષયભૂત પદાર્થ છે એવો જે શુદ્ધ પરિણામનો અંશ છે, આત્માનું અંગ છે તોપણ એનો નિષેધ છે. વ્યવહારનો નિષેધ કરે તે નિશ્ચય. 'પંચાધ્યાયી'. જે વ્યવહારનો નિષેધ કરે તે નિશ્ચય. આ રીતે એનો નિષેધ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે પર્યાયદૃષ્ટિ આખી પહેલેથી ઊડાવી છે. પર્યાયદૃષ્ટિ પહેલેથી

ઊડાવી છે અને સ્થિરતા ક્યાં પામશે જીવ? પોતાના શાશ્વત ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ સિવાય આશ્રયસ્થાન શું છે? ઠરવાનું ઠામ ક્યાં છે? એક સમયની પર્યાય તો ઝપટ કરીને વઈ જાય છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં તો ચાલી જાય છે. ક્યાં ઠરીને ઠામ થશે? એ તો કોઈ ઠરવાનું ઠેકાણું છે નહિ. કોઈ એક અવસ્થા પર ઠરવાનું ઠેકાણું તો છે નહિ. તો એની ઉપાદેયતા કરીને શું કરે?

પરિણામકે ચક્કરમેં માથા દોગે તો માથા ફૂટતા હી રહેગા. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં ફેરવી ફેરવીને કેટલી વાત લીધી છે. એ તો બહુ ઝડપથી ફરતું ચક્કર છે. અંદર માથુ નાખ્યું... આ પંખો ફરે છે આંગળી રાખી જુઓ, શું થાય? વચ્ચે આંગળી નાખે જોય. ઠરીને ઠામ થઈએ, આ પર્યાયને ઊભી રાખીએ. એ પ્રશ્ન અસ્થાને છે.

(અહીંયાં) સાધકની અવસ્થાને ત્રણ પડખેથી બતાવે છે. એક તો એનું જોર વર્તે છે કે જે જોરને વશ... આ જોરનો વિષય છે. દ્રવ્યદૃષ્ટિનું આ જોર છે કે જેમાં એટલે જે જોરને વશ **'અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે;...'** એની ઉપેક્ષા થઈ જાય છે. એટલા જ માટે સાધકને શુદ્ધિ વિશેષ થતી હોવા છતાં, શુદ્ધતા વધતી જતી હોવા છતાં, દશા આગળ વધતી જતી હોવા છતાં એ દશાનું અભિમાન નહિ થવાનું પણ આ જ કારણ છે કે એની ઉપેક્ષા છે.

કોઈ વારસદાર માણસ હોય કે જે રાજાનો કુંવર હોય. અને આખા રાજ ઉપર એનો અધિકાર હોય. પાટલીકુંવર હોય. આખા રાજનો અધિકાર પરંપરાગત એને હોય. પણ પરિસ્થિતિ એવી હોય કે એની માતાની ગેરહાજરીમાં બીજી રાણીથી બીજો પુત્ર હોય કે જેના પ્રત્યે રાજાનો પક્ષપાત હોય. રાણીના પ્રત્યે રાગને હિસાબે નાના છોકરા પ્રત્યે પણ એનો પક્ષપાત હોય તો એ મોટા છોકરાને એમ કહે કે તને આટલો ટૂકડો આપુ રાજમાંથી, તો? આટલો ટૂકડો તને આપું. તો વ્યાજબી નથી. તો કહે લે થોડું વધારે દઉં. તો કહે, એ પણ વ્યાજબી નથી. તો કહે, હજી તને થોડું વધારે દઉં. પણ મારો તો પૂરેપૂરો હક્ક જ છે. એમાં તમે થોડુંક વધારે આપીને કાંઈ ઉપકાર કરો છો?

એમ જે પૂર્ણ શુદ્ધ દ્રવ્ય છે એનો પૂર્ણ શુદ્ધતાનો જ એનો અધિકાર છે. એમાં શુદ્ધિ વધી તો આ થોડીક વધારે વધી ગઈ અને રાજી થઈ ગયો, થોડી શુદ્ધિ વધી ગઈ ને રાજી થઈ ગયો એ શું વાત છે? અધુરી શુદ્ધિમાં જરા પણ સંતોષ માનવાનો કે એની અપેક્ષા કરવાનો પ્રશ્ન રહેતો નથી. અને જો રહે તો એની દૃષ્ટિમાં પરિપૂર્ણ શુદ્ધ દ્રવ્ય આવ્યું જ નથી. એના શ્રદ્ધાનમાં નથી આવ્યું અને એના જ્ઞાનમાં પણ નથી આવ્યું. પ્રશ્ન જ નથી. હું તો પૂર્ણ શુદ્ધ છું. એમાં એક સમયની અધુરી દશાની

અંદર એની અપેક્ષાવૃત્તિ થઈ જાય તો એને પૂર્ણ શુદ્ધ દ્રવ્યની દષ્ટિ અથવા ઉપાદેયતા થઈ છે એ વાત રહેતી નથી. આ વિષયને જેમ છે એમ સમજવો જોઈએ.

મુમુક્ષુ :- કામ બધું પર્યાયનું જ છે. પર્યાયે કરવાનું છે અને એની ઉપેક્ષા.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે પર્યાયને પર્યાયનું કામ કરે. પણ શું કરે? સમ્યક્ શું કરે એ? સાચું કામ શું કરે? કે દ્રવ્યની ઉપાદેયતા કરે, દ્રવ્યનો આશ્રય કરે, દ્રવ્યનું આરાધન કરે, પરમાત્મ દ્રવ્યનું આરાધન કરે તો એ સમ્યક્ અને સાચું કામ કરે છે.

મુમુક્ષુ :- તો જ એનું કામ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો જ એનું સાચું શુદ્ધ કામ થાય છે. નહિતર શુદ્ધતારૂપ કાર્ય તો થતું નથી.

મુમુક્ષુ :- પાટવી કુંવર જેવું છે. તો જ ...

પૂજ્ય ભાઈશ્રી :- એની ફરજ અને ધર્મ એટલો જ છે. પર્યાયની ફરજ અને પર્યાયનો ધર્મ શુદ્ધ પરમાત્માનું, નિજ પરમાત્માની સેવા કરવી, આશ્રય કરવો, આરાધન કરવું એ જ એનું કાર્ય છે. આ સિવાય બીજું એનું કોઈ કાર્ય નથી. પૂર્ણપણે. અપૂર્ણપણે પણ નહિ. હવે અપૂર્ણ કરે અને એમાં અપેક્ષાવૃત્તિ રાખે એ વાત બિલકુલ વ્યાજબી નથી.

મુમુક્ષુ :- શરૂઆતથી જ એ કામ છે?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલેથી શરૂ કરે તે ઠેઠ સુધી એક જ કામ છે, બીજું કામ નથી.

**'જેમાં અશુદ્ધ તેમ જ શુદ્ધ પર્યાયાંશની પણ ઉપેક્ષા હોય છે;...'** આ હજી પહેલો ભેદ લીધો. જ્ઞાયકનો આશ્રય અને શુદ્ધાત્મા પ્રત્યેનું જે જોર વર્તે છે એ જોરથી એમ કહેવામાં આવે છે, એ જોરને વશ એમ કહેવામાં આવે છે, શુદ્ધાત્મ દ્રવ્યના જોર પ્રત્યે વલણ બતાવીને એમ કહેવામાં આવે છે કે શુદ્ધ અને શુભરૂપ અશુદ્ધ અંશ એના પ્રત્યે ઉદાસીન દશા છે. ઉદાસીનપણું, ઉપેક્ષાપણું હોય છે. તો એ જોર સાચું. જો કોઈપણ પર્યાયની અપેક્ષા રહે તો એ જોર સાચુ નહિ. એમ સમજવું. એ પુરુષાર્થ સાચો નહિ. એ પહેલું પડખું લીધું.

મુમુક્ષુ :- સોએ સો ટકા જોર વર્તે છે, સોએ સો ટકા આની ઉપેક્ષા વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપેક્ષા જ વર્તે છે. સોએ સો ટકા ઉપેક્ષા. અપેક્ષા કરવાનો પ્રશ્ન સિદ્ધાંતમાં નથી. એ અપવાદ .. છે. Balance કરવાની વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધ પર્યાય અંશની પણ ઉપેક્ષા હોય છે. પર્યાયમાં તો શું

છે કે બે અંશ છે. એક અશુદ્ધ પર્યાયઅંશ છે. આખી પર્યાયના બે અંશ છે. એક શુદ્ધ પર્યાય અંશ છે. તો અશુદ્ધ પર્યાયઅંશમાં જે શુભભાવ છે એનું તો પછી કહેવાની જરૂર રહેતી નથી. એ શુદ્ધ પર્યાય અંશ તરફનો ઉપેક્ષાભાવ છે. એને પછી અશુદ્ધ પર્યાયઅંશ તરફ અપેક્ષા ભાવ હોય એ વાત કાંઈ કહેવાની, ચર્ચા કરવાની જરૂર રહેતી નથી. એમ.

'**બીજું, શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે;...**' હવે એ વિચારવા જેવો વિષય આવે છે કે જે શુદ્ધતાનો અંશ છે એમાં સુખ છે. અશુદ્ધતાના અંશમાં દુઃખ છે. પર્યાયમાં બે અંશ પાડ્યા. તો જે શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે એની પણ ઉપેક્ષા છે અને અપેક્ષા નથી. જે આગળ ૩૭૬ બોલ લીધો કે જે વેદન છે એનું આલંબન હોતું નથી. એનો અર્થ કે એની અપેક્ષા પણ હોતી નથી. વેદનમાં સુખ હોય તોપણ એની અપેક્ષા નથી. આમ છે.●નહિતર સામાન્ય રીતે વાત એટલી છે કે જે સુખપણે વેદાય એની અપેક્ષા થઈ જાય. જે પર્યાય સુખપણે વેદાય તેની અપેક્ષા થઈ જાય કે અહીં તો મને સુખ અનુભવાય છે. હાશ અહીંયાં મને સુખ છે. એમ થાય ને એને? મોક્ષમાર્ગમાં એવું નથી.

આ બધી મોક્ષમાર્ગના પરિણામની અંતરંગ પરિસ્થિતિની વાતો છે. કે સુખ વેદાય છે. શુદ્ધ અંશમાં આત્માનું નિરાકુળ સુખ વેદાય છે તોપણ તેની ઉપેક્ષા છે અને અપેક્ષા નથી. ઉપેક્ષા છે પરંતુ જરા પણ એની અપેક્ષા નથી. અર્થાત્ સાધકજીવ શુદ્ધાત્મ દ્રવ્યની એટલી તીવ્ર અપેક્ષામાં પડેલો છે કે જેને સાધક કહીએ. જેને લઈને એને સાધક કહીએ. એ અપેક્ષાવત્ એને પર્યાયમાં ઉદ્ભવ થયેલું જે શુદ્ધ પવિત્ર સુખ છે, નિર્મળ સુખ છે, ઉપદ્રવ વિનાનું નિરાકુળ સુખ છે એની પણ એને અપેક્ષા નથી. એની સામું પણ જોતો નથી એમ કહીએ તો ચાલે.

મુમુક્ષુ :- સુખ માટે ભટકતી વૃત્તિની ઉપેક્ષા

પૂજ્ય ભાઈશ્રી :- સુખ માટે ભટકતી વૃત્તિ મિથ્યાત્વ દશામાં બહુ ભટકી. જ્યારે એને સુખ પ્રાપ્ત થયું ત્યારે કોઈ વિચિત્ર સ્થિતિએ પ્રાપ્ત થયું. આ એક જરા સમજવા જેવો વિષય છે. એને અનંત સુખનો ભંડારનો જ્યારે દૃષ્ટિને પત્તો લાગ્યો ત્યારે પહેલું વહેલું સુખ ઉત્પન્ન થયું. એને સમ્યગ્દર્શનના કાળમાં પહેલું વહેલું સુખ ક્યારે ઉત્પન્ન થયું? કે અનંત સુખના ભંડારનો પત્તો લાગ્યો ત્યારે. ત્યારે એણે સુખને કેવી રીતે જોયું? કે જે ઉત્પન્ન સુખનો અંશ છે એ તો બહુ અલ્પ છે. અને અનંત સુખનો ભંડાર તો સ્વયમેવ હું પોતે જ છું. તો પછી આ ઉત્પન્ન જે સુખ અંશ છે એની લાલચમાં રહું તો મારે આ ગુમાવવું પડશે. અનંત સુખનો ભંડાર હાથમાંથી જાશે.

અનંત સુખના ભંડારને વળગી રહું તો આ સુખનો પ્રવાહ તો સહેજે ચાલે છે. પ્રયોજન જો સુખને વેદવાનું હોય તો આ રીતે સિદ્ધ થાય છે. તો અનંત સુખનો ભંડાર હાથમાં રહે છે અને સુખનું વેદન આપોઆપ રહ્યા કરે છે. અપેક્ષા વિના પણ, ઉપેક્ષા રાખવાથી પણ. તો આથી વિશેષ શું હોય?

તમારે એક માણસની દીનતા કરવી પડે. જેની પાસે તમારે દરિદ્રતા કરવી પડે, દીનતા કરવી પડે અથવા એની પ્રશંસા અને આપણે જેને કહીએ ખુશામત કરવી પડે ત્યારે તમારું તે કામ કરે. એના બદલે તમે એની ઉપેક્ષા કરો અને એ તમારું કામ કરે. એમાં તમે શું પસંદ કરો છો? દીનતા કરવાની પસંદ કરો છો? એક સમયની દીનતા કરવાનો પ્રશ્ન રહેતો નથી. એની ઉપેક્ષા કરતા એ પાછળ પાછળ ચાલી આવે છે. સીધી વાત આ છે.

'**શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે;...**' અને એની ઉપેક્ષા હોય છે તેથી કોઈ સાધકને પોતાની અવસ્થામાં સંતોષ થતો નથી. જો સંતુષ્ટપણું થાય તો દર્શનમોહનું આવરણ સીધું લાગે અને સુખનો નાશ થાય. એની અપેક્ષા કરતાં એનો નાશ થાય છે અને ઉપેક્ષા કરતા એ સુખની દશા જીવતી રહે છે. અપેક્ષા કરતાં એનું મૃત્યુ થાય છે અને ઉપેક્ષા કરતાં એ જીવતી રહે છે. તો એને જીવતી રાખવા માટે પણ ઉપેક્ષા કરવી એ જ હિતાવહ છે અને એ જ યોગ્ય છે. સુખનું વેદન જોઈતું હોય તો સુખનું વેદન જ આ પ્રકારે ઉપસ્થિત રહેશે. નહિતર સુખનું વેદન રહેશે નહિ. આ વિધિ છે.

એટલે '**શુદ્ધ પર્યાયાંશ સુખરૂપે વેદાય છે;...**' એમાં ભૂલ નથી. અને '**અશુદ્ધ પર્યાયાંશ જેમાં વ્રત,...**'ના પરિણામ છે, '**તપ,...**'ના પરિણામ છે '**ભક્તિ...**' ના પરિણામ છે. '**આદિ શુભભાવો સમાય છે...**' એવા પરિણામ છે. '**તે દુઃખરૂપે, ઉપાધિરૂપે વેદાય છે.**' અપેક્ષા લીધી. ત્રણપટી અવસ્થા કરીને. આવા તો સાધકદશાના સેંકડો પડખા નીકળે છે. અહીંયાં સુખ, દુઃખ અને પુરુષાર્થ આ ત્રણ વાતને સાંકળીને ત્રણ પડખા બતાવ્યા છે. બાકી તો સાધકની અવસ્થાના અનેક પડખા છે. અનેક પડખેથી અંતરંગ અવસ્થા જાણે તો એને એ વાત સમજવામાં આવે કે આ દશાની વિશેષતા કેવી છે અને કઈ રીતે આ દશા પ્રવર્તી રહી છે?

કહે છે કે અશુદ્ધ પર્યાયાંશ છે એમાં તો દુઃખ છે અને ઉપાધિ છે. તો એની ઉપાદેયતાનો તો પ્રશ્ન જ રહેતો નથી. એ તો આપોઆપ જ હેય છે. હવે એમાં બે વચ્ચે શું ફેર છે? કે પર્યાયમાત્રનું હેયપણું હોવા છતાં જે અશુદ્ધ અંશ છે એનો સર્વથા નાશ થાય છે અને શુદ્ધ અંશ છે એ આગળ વધીને સંપૂર્ણ શુદ્ધ થઈ જાય

છે. આમ ફેર પડે છે. બે વચ્ચે તફાવત શું છે? કે એક દ્રવ્યના આશ્રયની અપેક્ષાએ બંને સરખા અનાશ્રયભૂત છે-અનાશ્રયના સ્થાને છે. બેમાંથી એકેયનો પણ આશ્રય કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એમ એક ન્યાયે બંનેનું સ્થાન સરખુ હોવા છતાં બીજા એક ન્યાયે બંનેનું સ્થાન જુદું જુદું પણ છે. એમ. જે અશુદ્ધ અવસ્થા છે અથવા વ્રત, તપ, ભક્તિના આદિના શુભભાવ છે એ અશુદ્ધ મલિન હોવાથી સકષાય અને દુઃખરૂપ હોવાથી એનો નાશ થાય છે. અને જે શુદ્ધ પરિણામ અંશ છે એ સંપૂર્ણ શુદ્ધ થઈ જાય છે. પૂરેપૂરી શુદ્ધ પર્યાય પ્રગટ થઈ જાય છે. એનો નાશ કરવાનો ક્યાંય પ્રશ્ન નથી, એનો આશ્રય કરવાનો ક્યાંય પ્રશ્ન નથી. તોપણ એનો નાશ કરવાનો ક્યાંય પ્રશ્ન નથી. અશુદ્ધ પર્યાયનો આશ્રય કરવાનો તો પ્રશ્ન નથી પણ એનો નાશ કરવાનો જરૂર પ્રશ્ન છે. એમ બે વચ્ચે ફેર છે. પાછો એવી રીતે એક લાકડીએ હાંકવા જાય અને જો આ ભૂલ કરે તોપણ એને તત્ત્વદૃષ્ટિ રહેતી નથી. એમ થાય. એ ભૂલ છે. અહીં સુધી રાખીએ...

## તા. ૮-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૭૮, ૩૭૯
## પ્રવચન નં. ૨૯૩

સાધકદશા શું છે એ આ બોલનો (વિષય છે). સાધકદશામાં આત્માને સાધનારા શુદ્ધ પરિણામો કેવા હોય અને સાથે સાથે જેને વ્યવહાર કહેવાય છે શુભ પરિણામો સાધકદશામાં, મુનિદશામાં .. હોય છે. એ વાત અહીંયાં લે છે. Paragraphથી.

**'સાધકને શુભભાવો ઉપાધિરૂપ જણાય છે...'** ઉપર એ વાત કહી. શુદ્ધપર્યાય છે એમાં વ્યવહાર વ્રત, તપ એ આદિ શુભ પરિણામો છે. એ શુભભાવો ઉપાધિરૂપે જણાય છે. એ સઉપાધિક પરિણામ છે. અનેક પ્રકારના બાહ્ય કાર્યો કરવા સંબંધીના ઔપાધિક ભાવો છે. તોપણ **'એનો અર્થ એવો નથી કે...'** ઉપાધિરૂપ હોવા છતાં **'એનો અર્થ એવો નથી કે તે ભાવો હઠપૂર્વક હોય છે.'** એ બંને .. વાત લીધી કે હઠ વિનાના શુભભાવો હોય છે એ સંબંધીનો અહીંયાં ખુલાસો છે કે હઠ વિનાના એટલે શું? અથવા સહજ હોય છે એટલે શું? એનો ખુલાસો છે.

**'એનો અર્થ એવો નથી કે તે ભાવો હઠપૂર્વક હોય છે. આમ તો સાધકના તે ભાવો હઠ વિનાની સહજ દશાના છે,...'** હઠ વગર કહો કે સહજપણું કહો. અસ્તિ-નાસ્તિથી એક જ વાત કરવી છે કે તે ભાવો એ ભૂમિકામાં સહજપણે ઉત્પન્ન થનારા હઠ વગરના છે, કૃત્રિમતા વગરના છે. મારી આ ભૂમિકા છે માટે મારે એવા ભાવો કરવા જોઈએ, એથી નીચી કોટીના ભાવો આવે તો મારે નહિ કરવા જોઈએ એવા વિકલ્પથી એ ભાવો નથી થતા. સમજણ એવી જરૂર છે કે કઈ ભૂમિકામાં કેટલી મર્યાદામાં શુભ ભાવો હોય છે. પણ કૃત્રિમતા હોતી નથી.

સહજ થાય અને કરવા પડે આ બે વચ્ચે ફરક છે. એ કરવા પડે એમાં તો જાણે કોઈ પરાણે કરવા પડે, ન થતા હોય ને કરવા પડે એ પ્રકારે એ વ્રત, તપ કરતા નથી. અથવા પોતાના પરિણામ બગડે, એવા વ્રત, તપ, આદિના પરિણામથી, એ અંગીકાર કરતા પોતાના પરિણામ બગડે તોપણ એ ક્રિયાને વળગી રહે એ પ્રકારે એ પરિણામ હોતા નથી.

અથવા **'અજ્ઞાનીની માફક...'** અજ્ઞાન દશામાં જે પ્રકાર આવે છે. આધારબુદ્ધિ જે ખોટી લેવામાં આવે છે કે **''આ ભોવો નહિ કરું તો પરભવમાં દુઃખો સહન**

**કરવા પડશે'...'** જો હું શુભ ભાવો નહિ કરું તો કેટલાક અશુભ ભાવો મારે કરવા નથી તોપણ આવે છે અથવા પ્રસંગવશાત્ થાય છે એના ફળમાં જરૂર એ અશુભ ભાવના પાપના ફળમાં દુઃખની પરિસ્થિતિ ઊભી થશે, દુઃખના સંયોગો ઊભા થશે. માટે તેનાથી બચવા માટે તો શુભભાવ કરું.

અન્યમતમાં આ પ્રકાર તો આવે છે અજ્ઞાનબુદ્ધિએ. વેપાર, ધંધા, કારખાના કરતા હોય, પાપથી પૈસા કમાતા હોય. ઊંડે ઊંડે એનો પણ આત્મા છે ને? એ ડંખે. કે પાપ તો ઘણું થાય છે, ઘણાં જીવો મરે છે, ઘણું ખોટું કરવું પડે છે, ઘણી માયાચારી કરવી પડે છે. તો પછી સાથે સાથે જો કાંઈ પુણ્ય નહિ બાંધીએ તો આપણે પરભવમાં જેમ બીજા પ્રાણીઓ દુઃખી થાય છે-ઢોરના દુઃખો જોવે છે, પશુપક્ષી જોવે છે તો એની જે દશા છે અથવા ગરીબ માણસોને ગરીબાઈ જોવે છે. પાપના ફળવાળા અનેક દૃષ્ટાંતો તો નજર સામે દેખાય છે, તો આવી સ્થિતિ થાય તેથી બચવા ખાતર કાંઈક તો કરીએ આપણે. કાંઈક દયા કરીએ, કાંઈક દાન કરીએ, કાંઈ પૂજા-ભક્તિ કરીએ, કાંઈ જાત્રા આદિ કાર્ય કરીએ. કાંઈને કાંઈ આવું કરીએ તો પાપથી તો બચીએ. અથવા પાપની પ્રકૃતિ પલટાઈને પુણ્યની પ્રકૃતિ થાય એવું કાંઈક કરીએ. આવી આધારબુદ્ધિથી અજ્ઞાનભાવે એ પુણ્ય કરવા લાગે છે. એ કૃત્રિમ પુણ્ય છે. એ રીતે પણ એ પુણ્યના પરિણામ યથાયોગ્ય રીતે ઉત્પન્ન થયેલા નથી.

મુમુક્ષુ :- ... મંદ કષાય ...

પૂજ્ય ભાઈશ્રી :- બગડતા લાગે તો સુધારવાનો પહેલા તો પ્રયત્ન કરે કે આ પ્રતિજ્ઞા કે નિયમ લેતી વખતે મને ઉત્સાહ કેટલો હતો, મને કેટલો ઉમંગ હતો અને કેવા મેં સારા આશયથી, શુભ આશયથી આ નિયમ અંગીકાર કર્યો હતો. એને સ્મરણમાં લાવીને અથવા બીજા એવા અનેક ન્યાયો છે અથવા એવા અવલંબનના અનેક પ્રકાર છે કે જેને લઈને જીવ પરિણામ સુધારી શકે છે. એ પ્રયત્ન એને કરવો ઘટે. એવો પ્રયત્ન કરવા છતાં પણ જો બેકાબુ પરિણામ બગડતા હોય તો અમસ્તો પણ એનો નિયમ તૂટેલો છે. ન તોડે તોપણ અંદરથી તો તૂટેલો જ છે. પછી બહારમાં તોડે કે ન તોડે એ તો કોઈ વિશેષતા નથી. બહારમાં તોડ્યું માટે એણે ઘણો અપરાધ કર્યો અને અંદરમાં તોડે છે માટે એનો અપરાધ ઓછો છે એવું કાંઈ નથી. એ તો એની યોગ્યતા અપરાધી થઈ ગઈ. અને અપરાધનું ફળ તો જે છે એ છે. ચાહે અંદરથી થાય, ચાહે પ્રસિદ્ધપણે બહારથી થાય. એથી કોઈ બીજો ફરક પડતો નથી. સંબંધ તો અપરાધને સીધો પરિણામ સાથે છે. એને પણ ખરેખર બાહ્ય ક્રિયા સાથે સંબધ નથી. ખરેખર તો એને પરિણામ સાથે જ સંબંધ છે.

આ બધા વિષય એવા છે કે એની અંદર અનેક પડખેથી જો મુમુક્ષુજીવ ન સમજે તો એ ક્યાંકને ક્યાંક ભૂલ કરે છે, વિપર્યાસમાં આવી જાય છે. એટલા માટે સત્સંગ ઉપાસવાની જે જ્ઞાનીઓની આજ્ઞા છે, શ્રીમદ્જીએ બહુ વજન દીધું છે. જ્ઞાનીઓની જે આજ્ઞા છે કે તું સત્સંગમાં રહેજે અથવા સત્પુરુષના સમાગમમાં રહેજે. સત્સંગ બે રીતે કહ્યો. એક તો તને જેમ તારા આત્માનું કલ્યાણ કરવાની બુદ્ધિ અને અભિપ્રાય વર્તે છે. એવા જ અભિપ્રાયવાળા બીજા મુમુક્ષુઓ હોય તો એના સંગમાં રહે. કે જેથી તારી ભૂલ તને ન દેખાતી હોય અને એને ખ્યાલમાં આવે અથવા એકબીજા એ વિષય ઉપર પ્રશ્નચર્ચા, વિચારવિમર્શ કરતા કાંઈક વિશેષ પડખું સ્પષ્ટ કરે કે જેથી કરીને સ્વ-પરમાં એકબીજાની ભૂલ થતી હોય તો પોતપોતાને પોતાની ભૂલ સુધારવાનો અવકાશ મળે.

એથી વિશેષ સત્પુરુષ છે, જ્ઞાની છે કે જે આથી ઉપર જઈને બેઠા છે, જેને બધા પડખા ચોખ્ખા વર્તે છે એને તો સહજમાત્રમાં મુમુક્ષુની ભૂલ ખ્યાલમાં આવી જાય છે. જો નજીકપણે વર્તતો હોય તો. નજીક એટલે એના આશ્રયભાવથી, આશ્રયબુદ્ધિએ વર્તતો હોય તો જરૂર એને એ ભૂલ સુધારવા માટે એમને વિકલ્પ થઈ આવે અને સૂચના કરે. દૂર વર્તતો હોય તો એમની વાણી સંકોચાઈ જાય છે. એ ભૂલ તો દેખાય છે પણ એને અણગમો થશે તો? એને ઠીક નહી પડે તો? એને સારુ નહિ લાગે તો? અથવા ઊલટા એના પરિણામ બગડશે તો? એને અપમાન જેવું લાગશે તો? એવા કોઈ વિકલ્પથી દૂરવર્તીપણું હોય તો વાણી ગૌણપણાને ભજે અથવા એમની વાણી સંકોચાય. એટલે જો નજીકમાં વર્તવાનું હોય તો પોતાના આત્માને ગુણનું ઘણું કારણ છે. નુકસાન મટે અને લાભનું ઘણું કારણ થાય. કેમકે આ બધા પ્રકાર એવા છે કે એની અંદર જીવ ક્યાં પૂરી કરી જાય એની પોતાને ખબર ન રહે એવી કાચી ભૂમિકા છે. પરિપકવ ભૂમિકા નથી.

'શ્રીમદ્જી'એ તો બહુ એના ઉપર માર્ગદર્શન ઘણું આપ્યું છે. એક જગ્યાએ બહુ આપ્યું છે. ૫૧૧ નંબરનો પત્ર છે. '**જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યા છે,...**' ઘણાં સાધન કર્યા છે. વ્રત કર્યા, તપ કર્યા, ભક્તિ કરી, યાત્રા કરી, દયા, દાન કર્યા. ઘણું કર્યું. '**જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યા છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયા જણાતા નથી, એ વાત અંદેશારહિત લાગે છે.**' એમાં મને શંકા નથી. નિઃશંકપણે એવું લાગે છે કે આ જીવે જે પૂર્વે સાધન કર્યા છે તે જ્ઞાનીની આજ્ઞાએ કરેલા જણાતા નથી. '**જો એમ થયું હોત તો...**' એટલે કે જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયેલા હોત તો '**જીવને સંસારપરિભ્રમણ હોય નહિ.**' કેમકે એને બચાવી

લ્યે છે. '**જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે,...**' કેવી સુંદર વાત કરી છે! જ્ઞાનીપુરુષની આજ્ઞા એના આશ્રિતમાં રહેતા જીવને ભવભ્રમણમાં નહિ જવા માટે રોકનારી છે. આડા પ્રતિબંધ જેવી છે. આ આજ્ઞાનું સ્વરૂપ છે. જ્ઞાનીની આજ્ઞા એટલે કે ભવને આડો પ્રતિબંધ ઊભો થાય એનું નામ જ્ઞાનીપુરુષની આજ્ઞા છે. આ એક વચન એમણે બહુ સુંદર આપ્યું છે.

'**જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે, કારણ જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી,...**' કેવા છે જ્ઞાનીપુરુષ ? કે '**જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ...**' નામ પ્રયોજન નથી. '**અને આત્માર્થ પણ સાધી...**' રહ્યા છે. અને '**પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે,...**' આયુષ્યને લઈને જેમનો દેહ છે. એમણે દેહ સાથેની નિસ્બત છોડી છે. પ્રારબ્ધવશાત એમને દેહનો સંયોગ છે. 'એવા **જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે;...**' એ મુમુક્ષુજીવને આત્માર્થીને પ્રેરણા આપે છે. એને કેમ આત્માર્થ સધાય? આત્માનું પ્રયોજન સિદ્ધ થાય એની બરાબર પ્રેરણા આપે છે.

'**અને આ જીવે તો પૂર્વકાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી;...**' આત્માનું પ્રયોજન સિદ્ધ જ્ઞાન થાય એ તો પૂર્વે આ જીવે કદી જાણ્યું નથી. '**ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે.**' આત્માર્થ કેવો હોય એની એને ખબર જ નથી. વિસ્મરણનો અર્થ અહીંયાં એ છે. ખબર હતી અને ભૂલી ગયો એમ નહિ. એને આત્માનું હિત કરવું છે એ પ્રયોજન જ નથી. પ્રયોજનમાં જ ભૂલ પડી ગયેલી છે. પ્રયોજન ભૂલ્યો છે. ક્યારેક વિકલ્પ આવ્યો છે કે મારે આત્માનું હિત કરવું છે. પણ અન્યથા પ્રયોજન હોવાથી એ વિસ્મૃતિ બરાબર છે અથવા તો નહિ હોવા બરાબર છે.

'**તે પોતાની કલ્પના કરી સાધન કરે...**' પોતાની કલ્પનાથી એ ગમે તે સાધન કરે, શાસ્ત્ર વાંચન કરે, જપ-તપ કરે, કોઈપણ કાર્ય કરે '**તે પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય,...**' તો આત્માર્થ ન થાય તો શું થાય? કે '**ઊલટું આત્માર્થ સાધું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય,...**' તે તે ક્રિયા કરતા. પછી ભલે વ્રત કરે કે શાસ્ત્ર વાંચન કરે. જ્ઞાનની ક્રિયા કરે કે આચરણની ક્રિયા કરે. ઊલટું હું આનાથી મારા આત્માનું કલ્યાણ કરું છું, આત્માર્થ સાધુ છું એવું એને અહંપણું ઉત્પન્ન થાય. '**કે જે જીવને સંસારનો મુખ્ય હેતુ છે.**' મંદ કષાયી જીવોને સંસારનો આ હેતુ છે. તીવ્ર કષાયી જીવો તો અવશ્ય સંસારમાં રખડે. એના માટે તો કાંઈ વિશેષ ચર્ચા કરવાનો પ્રસંગ નથી. પણ જે જીવો ધર્મના ક્ષેત્રમાં આવીને કાંઈ પણ ધર્મના કાર્યમાં પોતાને જોડે છે. ધાર્મિક અનુષ્ઠાનમાં પોતાને જોડે છે એને સંસાર

શું કરવા હોય? તો કહે છે, એ આત્માર્થ સાધતો નથી છતાં આત્માર્થ સાધી રહ્યો છું એવી જે એની ભૂલ એ એને સંસારનો મુખ્ય હેતુ એટલે મુખ્ય કારણ છે. એવી વાત કરી છે.

**'જે વાત સ્વપને પણ આવતી નથી, તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે.'** કલ્પના કરીને પોતાનું કલ્યાણ માને છે. કોઈને એમ થાય છે કે મને સમ્યગ્દર્શન થઈ ગયું છે, કોઈને કાંઈ, કોઈને કાંઈ, કોઈને કાંઈ કલ્પના થઈ આવે છે. એ તો સ્વપનું પણ નથી આ અધ્યાત્મ માર્ગનું. **'તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે. તેમ આ જીવ પૂર્વ કાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમાં સફળપણું ન હોય એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે. એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળના બધાં માઠાં સાધન, કલ્પિત સાધન મટવા...'** જોઈએ.

**'અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી,...'** એવા કલ્પિત સાધન મટી અને અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. એક સાધન મટવા માટે અપૂર્વજ્ઞાન સિવાય પણ બીજો કોઈ ઉપાય નથી. કલ્પિત માર્ગ છોડવા માટે કોઈ અપૂર્વજ્ઞાન હોય **'અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી;...'** અપૂર્વ વિચાર એટલે અહીંયાં શું? કે આ જીવનું હિત થવાની જે અપૂર્વ ભાવના, પૂર્વે કદી નહિ થયેલી એવી જે અપૂર્વ ભાવના એ એનો અપૂર્વ જ્ઞાન માટેનો અપૂર્વ વિચાર છે. ભાવનાના અર્થમાં અહીંયાં વિચાર છે.

**'અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના...'** આ સત્પુરુષને લીધા પાછા વચ્ચે. **'તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે....'** સમ્યગ્દર્શનનો ન લીધો. **'એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે...'** એમ ન કહ્યું કે તને લાખ-પચાસ હજાર આપીશ. અબજોના અબજો. એમ વાત છે. **'સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે અને એ વાત જ્યારે જીવથી મનાય છે, ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે.'** બહુ સારો ટૂકડો છે ૫૧૧ પત્રનો.

મુમુક્ષુની ભૂમિકામાં શુભભાવ તો આવશે, આવ્યા વિના રહેશે નહિ. અશુભ ઘટે અને શુભ વધે એવું પણ થાય. તો એમાં પણ સંસારનો હેતુ જો ચાલુ રહે, સંસારનું કારણ ચાલુ રહે તો એવું પૂર્વાનુપૂર્વ અનંત વાર કરી એ સંસારનો અંત હજી પોતે

લાવી શક્યો નથી. શુભ ભાવ આવતા એવો પ્રકાર આવે છે કે જો આવા શુભ ભાવો નહિ કરું તો પરભવમાં દુઃખો સહન કરવા પડશે. ભવાંતર થશે. અને પાપના પરિણામ તો થયા છે એ પોતાને ખબર છે. એટલે એનું ફળ આવ્યા વિના રહેશે નહિ. એનું ફળ આવે તો એને અવશ્ય એનું દુઃખ લાગે છે, ભય લાગે છે કે આનાથી બચવા હું કાંઈક શુભ કરું, કાંઈક શુભ કરું. નહિતર હું મરાઈ જઈશ. આગળ જતા મરાઈ જઈશ. આ પ્રકારનો આધાર લે છે. એ વાસ્તવિક અથવા સાચી રીતનો એ પ્રકાર નથી. આત્માને બચાવવા માટેની એ સાચી રીત નથી.

**'એવા ભયથી પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી;...'** જ્ઞાનીઓને એવા ભયથી શુભભાવો પરાણે કષ્ટપૂર્વક કરવામાં આવતા નથી. ખરેખર તો એમને શુદ્ધતાનો ઉગ્ર પુરુષાર્થ નથી વર્તતો અને મંદ પુરુષાર્થ હોય છે ત્યારે સહજ શુભભાવની વૃત્તિ થઈ આવે છે. બાકી કોઈ ભયના કારણથી, અશુભના ફળના ભયના કારણથી કરવા પડે એ પરિસ્થિતિ એમને હોતી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પુરુષાર્થનની નબળાઈ છે, બરાબર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પુરુષાર્થ તો વર્તે જ છે. પણ એકધારો ઉગ્ર નથી વર્તતો. એમાં પણ ચડઉતર પરિણામ થાય છે પુરુષાર્થના. ... મંદ પુરુષાર્થના પરિણામ થાય છે. કરવી છે તો શુદ્ધતા. પણ મંદ પુરુષાર્થ થાય ત્યારે એને શુભઉપયોગમાં આવવાનું બને છે. અનેક પ્રકારના શુભભાવ થાય છે.

**'છતાં તેઓ સુખરૂપ પણ જણાતા નથી.'** એ વાત નક્કી છે, નિશ્ચિત છે કે તોપણ તે સુખરૂપ જણાતા નથી. **'શુભભાવોની સાથે સાથે વર્તતી જ્ઞાયકને અવલંબનારી જે યથોચિત નિર્મળ પરિણતિ તે જ સાધકને સુખરૂપ જણાય છે.'** આની સાથે એ મિંઢવે છે. પોતાને જે યથોચિત એટલે ગુણસ્થાન અનુસાર. ગુણસ્થાનને યોગ્ય એ પરિણતિ હોય છે. કોઈ જીવને કદી એવું ન બને કે ચોથું ગુણસ્થાન હોય અને આનંદ આવે એને સાતમા ગુણસ્થાન જેટલો.

મુમુક્ષુ :- ચોથું ગુણસ્થાન હોય અને સાતમાનો...

પૂજ્ય ભાઈશ્રી :- આનંદ આવે એમ ન બને. અંદરમાં વિકલ્પ એવા આવતા હોય કે ઓહો..! મુનિદશા જેવું મારું આચરણ કેમ થાય!

મુમુક્ષુ :- ભાવના એવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના એવી થાય. અને મુનિદશામાં અપૂર્વ અવસરમાં ક્યારે

આવું. એવા ... તોપણ એને જે આનંદ છે એ ચોથા ગુણસ્થાનમાં ચોથા ગુણસ્થાન જેટલો જ છે. એથી વધારે હોતો નથી. પાંચમા ગુણસ્થાન જેટલો પણ હોતો નથી. સાતમા ગુણસ્થાનનો તો પ્રશ્ન જ નથી. યથાઉચિત એ ગુણસ્થાનની વાત લીધી.

મુમુક્ષુ :- એ ભાવના પૂરી છે પણ પુરુષાર્થ ઉપડતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ અધુરો છે. અધુરો પુરુષાર્થ હોવાને લીધે કાર્ય પણ કારણ જેટલું જ થાય છે. પુરુષાર્થ એ કારણ છે. જેટલું કારણ આપે એટલું કાર્ય થાય.

'**શુભભાવોની સાથે સાથે વર્તતી જ્ઞાયકને અવલંબનારી જે યથોચિત નિર્મળ પરિણતિ...**' ગુણસ્થાન અનુસારની જે દશા. '**તે જ સાધકને સુખરૂપ જણાય છે.**' એ શુદ્ધ પરિણતિ એ સુખરૂપ જણાય છે. સાથે ચાલતા સહજ ઉત્પન્ન થતા વિકલ્પો એ દુઃખરૂપ જણાય છે. આમ સુખ અને દુઃખ એ મિશ્ર અવસ્થા છે. એ સાધક અવસ્થા છે. શુદ્ધ અને અશુદ્ધ એવી મિશ્ર અવસ્થા છે એ સાધક અવસ્થા છે.

બીજી રીતે સમજાવે છે-સ્પષ્ટ કરે છે કે '**જેમ હાથીને બહારના દાંત**' જે દેખાય છે મોટા મોટા હોય છે. '**દેખાવના દાંત જુદા હોય છે...**' એક-બે ફૂટ લાંબા હોય છે. મોટા બે બાજુ બે .. હોય છે. ... મનુષ્યને પણ એ જગ્યાએ જુદા આકારના દાંત હોય છે. એને ... કહે છે. આ દાંત હોય છે એને.. એ હાથીને લંબાઈને બહાર નીકળી જાય છે. એના હોઠની બહાર એક-બે .. આગળ હોય છે. એ દેખાવના દાંત છે. હાથીના દેખાય એવા દાંત છે. '**દેખાવના દાંત જુદા હોય છે...**' એ દાંતથી એને ચાવવાનું બનતું નથી. '**અને અંદરના દાંત ચાવવાના દાંત...**' જે અડધો ઈંચ, એક ઈંચના જે એના દાંત હોય છે એ ચાવવાના દાંત હોય છે. એ જુદા હોય છે. ચાવવાના દાંત દેખાતા નથી. જે દેખાય છે તેનાથી ચવાતુ નથી.

'**તેમ સાધકને...**' આ જે કથન છે હાથીના દાંત ચાવવાના જુદા અને દેખાવના જુદા. એનો રૂઢિગત અર્થ લોકની અંદર જે પ્રચલિત છે એવા અર્થથી અહીંયાં વાત કરવી નથી. રૂઢિગત અર્થમાં માયાચાર દર્શાવવામાં આવે છે, અવગુણ દર્શાવામાં આવે છે કે ભાઈ એ બોલે છે અને દેખાવ કરે છે બીજો, અંદરમાં એનો અભિપ્રાય વર્તે છે બીજો. તો એના દેખાવના જુદા અને ચાવવાના જુદા. એ રૂઢિગત રીતે કહેવતનો પ્રયોગ થાય છે. એવી વાત અહીંયાં બિલકુલ કરવી નથી. કેમકે અહીંયાં જ્ઞાનીની વાત ચાલે છે અને જ્ઞાનીમાં આ દૃષ્ટાંત જોડ્યું છે. એટલે માયાચારનું અહીંયાં બતાવવું નથી.

'**તેમ સાધકને બહારમાં ઉત્સાહનાં કાર્ય-શુભ પરિણામ દેખાય તે જુદા હોય**

**છે...**' બાહ્ય પરિણામનો દેખાવ થાય છે. અથવા બીજી રીતે કહીએ તો જ્ઞાનીને શુભ ભાવરૂપ જે વ્યવહાર છે એ બાહ્ય પરિણામરૂપ છે અને એમની શુદ્ધ પરિણતિ છે તે તેમના અંતરંગ પરિણામ છે. બાહ્ય પરિણામને લોકો સમજી શકે છે. તે ઇન્દ્રિયગ્રાહ્ય છે. મનથી અને બીજી ઇન્દ્રિયોથી એ ગ્રહણ કરી શકાય છે. પોતે પણ સમજી શકે છે. બીજા પણ એને સમજી શકે છે. કેટલાક સ્થુળ છે. અંતરંગ પરિણામ છે તે અતીન્દ્રિય છે. પોતે જ એને અનુભવથી સમજી શકે છે. બીજા જીવો તેને સાધારણ જીવો નથી સમજી શકતા. કોઈ પાત્ર જીવો અને કોઈ જ્ઞાની જીવો છે એ બરાબર સમજી શકે છે. એટલો ફરક છે.

'**તેમ સાધકને બહારમાં ઉત્સાહનાં કાર્ય-શુભ પરિણામ દેખાય તે જુદા હોય છે...**' ભક્તિ કરે, પૂજા કરે, શાસ્ત્ર સ્વાધ્યાય કરે, સ્તુતિ કરે એ બધા પરિણામ દેખાય. બીજાને દેખાય એવા હોય છે. એ જુદા પરિણામ છે. '**અને અંતરમાં આત્મશાન્તિનું-આત્મતૃપ્તિનું સ્વાભાવિક પરિણમન...**' છે, જેને પરિણતિ-જ્ઞાયકપરિણતિ કહી છે-જ્ઞાતૃત્વધારા કહી-શુદ્ધ પરિણતિ. જેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ છે એમાં આત્માની શાંતિ છે, આત્માની તૃપ્તિ છે અને જે જીવના સ્વભાવભૂત, જેવો સ્વભાવ છે એવા સ્વભાવસ્વરૂપે છે. એવું '**સ્વાભાવિક પરિણમન જુદું હોય છે.**' એમ બે પ્રકારનું પરિણમન સાધકને વર્તતું હોય છે એમ જાણવું જોઈએ.

એટલા માટે સાધકદશાની વાત કરે છે, મુનિદશાની કે ચોથા ગુણસ્થાનવાળા સાધકની કે તે તે દશામાં કેવી અંતર-બાહ્ય સ્થિતિ છે એવું જો યથાર્થ સમજણમાં આવે તો તે વિષયમાં જ્ઞાનીને કે મુનિને ઓળખવાની અંદર ભૂલ ન થાય. યથાર્થ રીતે ઓળખીને એનો આદર-સત્કાર થઈ શકે. એક વાત. જો પ્રસંગ હોય તો. બીજા જ્ઞાનીનો કે મુનિનો પ્રસંગ હોય તો. જો પ્રસંગ ન હોય તો એમનું એવું અંતરંગ સ્વરૂપ જાણીને પોતે પણ એવા જ પુરુષાર્થનો પ્રયત્ન કરી શકે, એ પ્રયત્નની એને પ્રેરણા મળી શકે. એટલા માટે પણ એમનું સ્વરૂપ બતાવવામાં અથવા દર્શાવવામાં આવે છે. કોઈ એમ લઈ લ્યે કે અમે તો જ્ઞાની કે મુનિ નથી. અમારે આ ક્યાં અમારા કામની વાત છે? એવું નથી. એ કામની વાત છે. નિશ્ચયથી પણ કામની વાત છે અને વ્યવહારથી પણ એ કામની વાત છે. એટલે એવું જુદું જુદું પરિણમન જોઈને ભ્રાંતિમાં પડવા યોગ્ય નથી અથવા યથાર્થ સમજણ કરીને પોતાનું પ્રયોજન (સાધવા જેવું છે).

છેલ્લી વાત લીધી છે કે સાધકની જે બાહ્ય ક્રિયા છે તેના આધારથી તેના અંદરના પરિણમનની ઓળખાણ થતી નથી. આ એક સમજવા જેવો વિષય છે અને આ એક થોડી વિચિત્ર પરિસ્થિતિમાં વાત છે કે જ્ઞાનીને પણ પૂર્વ કર્મ છે અને એને

પૂર્વ કર્મ અનુસારની જે પ્રવૃત્તિ તે, તે તે કર્મ ખપાવવા માટેની હોય છે.

એ દિવસે કેટલાક .. લીધા હતા. વેદનાનું દૃષ્ટાંત લીધું હતું. એમાં એક ભંગ એવો પણ છે જે એમાંથી ને એમાંથી ફલિત થાય છે. કે કોઈ જ્ઞાની એવું પણ ન ઇચ્છે કે મેં પૂર્વે બાંધેલું અશાતા વેદનીય કર્મ અને અશાતાની વેદના આપ્યા વિના પલટો મારીને પ્રકૃતિ બદલાઈ જાય તો સારુ, મને અશાતાનો ઉદય ન આવે તો સારું. એવું ન ઇચ્છે. એ એમાંથી જ નીકળે છે.

જ્યારે એનો ઉદય આવે છે ત્યારે એ પુરુષાર્થની અંદર વધુ અગ્રેસર થાય છે. તીવ્ર પુરુષાર્થમાં પરિણમે છે. એમાંથી આ ન્યાય .. છે. જો એ અમારા પુરુષાર્થનો અવસર છે અને તક છે તો એમાંથી સાથે સાથે બીજું સ્પષ્ટીકરણ એ પણ થવા યોગ્ય છે અથવા એ પણ એનું બીજું સ્પષ્ટ પડખું છે કે કોઈ જ્ઞાની એવું ન ઇચ્છે કે મને અશાતા વેદની આવ્યા વિના છૂટી જાવ. એવું ન ઇચ્છે. તો એ જરૂર અશાતાને પ્રતિકૂળતા સમજીને એની માન્યતામાં ભૂલ પડે છે. તો એ જ્ઞાની નથી રહેતા. એવું ઇચ્છનારા નિયમબદ્ધપણે અજ્ઞાની હોય છે. અશાતા વેદનીને ન ઇચ્છે એવી રીતે. મેં બાંધ્યું છે છતાં. કર્યું છે મેં. દેણું કર્યું છે દેણું દેવું નથી હવે. આ તો વ્યવહાર પ્રમાણિકતા પણ ન રહી. તો એ એવું ઇચ્છતા નથી કે મને આવી અશાતા ન થાઓ. થાય ત્યારે પણ ઇચ્છતા નથી કે આવી અશાતા કેમ આવી માટે એને હું કાઢું અને એને હું ટાળુ, એમ પણ ઇચ્છતા નથી.

વિષમ પરિણામ થયા વિના સમ પરિણામે જેટલો પુરુષાર્થ થઈ શકે એટલા પુરુષાર્થી સમ પરિણામે તેને સમ્યક્ પ્રકારે વેદે છે. આ ચાલ્યું જાવ, આ માંદગી વઈ જાવ, આ અશાતા છૂટી જાવ એવું ઉદય વખતે પણ નથી અને ઉદય પહેલા એ ન આવે તો સારું એવો અભિપ્રાય, એવી માન્યતા, એવા વિચારો જ્ઞાની કરતા નથી. કરે છે તે જ્ઞાની હોતા નથી. એવો કોઈ પ્રકાર છે આમાં.

મુમુક્ષુ :- એણે ઇષ્ટ-અનિષ્ટ માની લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- એણે માની લીધું. એ વિષય જ અજ્ઞાન દશાનો થઈ ગયો. સીધો જ. એવું કદી હોઈ શકે નહિ. છતાં એવી અશાતા વેદનાના કાળે અશાતા વેદાય એવી ચેષ્ટા દેખાય. તીવ્ર વેદના હોય તો અશાતા વેદાય એવો દેખાવ લાગે.

‘**બાહ્ય ક્રિયાના આધારે સાધકનું અંતર ઓળખાતું નથી.**’ ‘ગુરુદેવ’ પાસે એક વૃદ્ધ માણસ આવેલા. ‘શ્રીમદ્ રાજચંદ્રજી’નું સમાધિમરણ નહોતું. ‘ગુરુદેવે’ કહ્યું, તમે કેમ જાણ્યું? સાંજે પાટ ઉપર બેઠેલા. પાંચ વાગ્યા પછી વિહાર કરીને બેસતા. આંટા મારીને. તો કહે, એટલો ગળામાંથી આમ અવાજ કાઢતા હતા. ઘડિયો છે એમાંથી

અવાજ નીકળે. મોટા મોટા અવાજ નીકળે. ઘણાં એમ .. બકરાની જેમ બેં બેં બેં ભાંભરતા હતા. કેટલી વેદના થતી હશે પ્રાણ છૂટતી વખતે. સમાધિમરણ ક્યાંથી થાય? 'ગુરુદેવ' કહે, એ તમારો વિષય નથી. તમે એવું બાહ્ય ક્રિયાથી બાહ્ય ક્રિયાના આધારે જ્ઞાનીનું અંતર માપો તો એવું અંતર માપી શકાય એવું નથી. અંદરમાં એટલી જાગૃતિ હોય છે, એટલી જાગૃતિ હોય છે કે બહાર શું થાય છે એનો એને ખ્યાલ પણ નથી હોતો. અથવા થાય છે એનો ખ્યાલ હોય તોપણ એ જોવે છે કે એ જડની ક્રિયા સ્વતંત્ર છે. મારા જ્ઞાનની, મારા આત્માની ક્રિયા તદ્દન સ્વતંત્ર. હું એનાથી જુદો વર્તુ છું. એમાં મારું ક્યાંય અસ્તિત્વ નથી. હું કરતો, કરાવતો અને અનુમોદતો નથી. ભિન્ન પડી જાય છે.

એ રીતે જ્ઞાનીના વિષયમાં કોઈ બાહ્ય ક્રિયાના આધારે કોઈ અનુચિત વિકલ્પ કે અભિપ્રાય ન થઈ જાય એની સાવધાની અર્થે પણ આ વાત સ્પષ્ટ કરવામાં આવે છે.

મુમુક્ષુ :- સરસ બોલ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- વિસ્તારથી વિષય લીધો છે. સાધકદશાનો આ બોલમાં ઘણો વિસ્તારથી વિષય લીધો છે. ૩૭૮ થયો.

**જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમાં ચૈતન્યરસ ને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી અને પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે ! પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ નથી, તું નકામો ભ્રમણાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે અને તારું બૂરું કરી રહ્યો છે! ૩૭૯.**

૩૭૯. આ બોલમાં આત્મ સ્વરૂપનો મહિમા કર્યો છે. જેવો મહિમા કર્યો છે એવો જ મહિમા પોતાના જ્ઞાનમાં સ્વરૂપનો ભાવ ભાસીને થાય તો અવશ્ય આ આત્માને આત્માના શુદ્ધ પરિણામ અથવા આત્માના સ્વભાવના ગુણ પરિણામ પ્રગટ થાય. આ જ ગ્રંથમાં લીધું છે કે બીજી કોઈ ક્રિયા આત્માને ધર્મ પમાડતી નથી, એક આત્માનો મહિમા જ આત્માને ધર્મ પમાડે છે. જ્ઞાનીઓ પણ શા માટે આત્મ સ્વરૂપનો મહિમા કરે છે? કે એમના હૃદયમાં આત્મ સ્વરૂપનો મહિમા વર્તી રહ્યો છે તે એમની વાણીમાં બહાર આવે છે. એમ છે ખરેખર. જે વર્તે છે એ બહાર આવે છે. દરેકને

એવું જ છે. જે પોતાને વધારે કિંમતી ચીજ લાગે એની વાણીમાં, એની વાતમાં એની મહિમા આવ્યા વિના રહે નહિ.

'**જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે.**' આત્મા સર્વોત્કૃષ્ટ ચીજ છે. સર્વથી ઉત્કૃષ્ટ. બીજા કોઈપણ જીવ અને બીજા સર્વ અજીવ એ બધામાં કોઈપણ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ચીજ હોય તો તે પોતાનો આત્મા જ છે. બીજું કોઈ આત્માથી ઉત્કૃષ્ટ નથી. મહિમા કરીને ઓળખાવવો પણ છે. મહિમા કરીને ઓળખાણ પણ કરાવવી છે. જેને ઓળખાણ નથી તેને ઓળખાણ કરાવવી છે. જેને ઓળખાણ છે એને એની રસ વૃદ્ધિ, મહિમાના રસની વૃદ્ધિ કરવાનું એ નિમિત્ત છે. '**જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમાં ચૈતન્યરસ ને આનંદ ભરેલા છે.**' શા માટે સર્વોત્કૃષ્ટ છે? કે પરમરસનું એ ધામ છે. આત્મા એ પરમ ચૈતન્યરસનું ધામ છે અથવા અનંત આનંદ અમૃતરસનું એ ધામ છે. એનાથી એ ભરપૂર ભરેલું પોતાનું આત્મતત્ત્વ છે. અનંત અનંત આનંદ અને અનંત ચૈતન્યરસથી એ ભરપુર ભરેલું તત્ત્વ છે. એથી એનો ઘણો મહિમા છે. એથી એનો અનંત મહિમા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સુખની કલ્પના કરી છે તેથી. એ તો જ્ઞાનીઓ કહે છે કે કલ્પના કરી છે. આને તો સાચું સુખ લાગે છે તેથી. પોતાનું સુખ એને બીજે લાગે છે. બીજે સુખ લાગે છે માટે બીજે જાય છે. આ તો સમજી શકાય એવી વાત છે. જાય ત્યારે આ જીવે જરાક ત્યાં ઊભા રહીને વિચાર કરવો. એટલે સુખ છે કે નહિ તપાસ તો કર. તપાસીને નક્કી તો કર કે આમાં સુખ ક્યાં છે?

'ગુરુદેવ' એક દૃષ્ટાંત આપતા કે જગતને તો પૈસામાં-રૂપિયામાં સુખ છે. તો કહે, તારા રૂપિયાના કટકા કરી કરીને જો. એક એક પરમાણુમાં ગોત તારા સુખને. ક્યાંય છે? જેટલા પરમાણુના એ રૂપિયા ને જે કાંઈ બન્યુ છે. હીરા હોય, માણેક હોય, ચાંદી હોય, સોનું હોય, રૂપિયા હોય જે કાંઈ હોય એના એક એક પરમાણુને વીંખી વીખીને જોઈ લે તું. એટલે તપાસ. બહુ ઊંડી તપાસ કર. ક્યાંય તને અંદર સુખ દેખાય છે? જો તને સુખ ન લાગતું હોય તો તું ભ્રાંતિએ કરીને કેમ એમાં સુખ કલ્પે છે? છેતરા છો કેમ? બસ. વિચાર કરીને નક્કી કર એમ નથી કહેતા. તપાસીને નક્કી કર. અવલોકવાની તો ઘણી વાતો આવે છે. એ અવલોકનની વાત છે.

'**તે ગુણમણિઓનો ભંડાર છે.**' આ તો ચૈતન્ય અને આનંદની વાત કરી પણ એવા એવા અનંત ગુણ, ગુણના મણિ એટલે રત્નો, ગુણરત્નનો એ ભંડાર છે. આત્મા અનંત ગુણથી ખીચોખીચ ભરેલો છે. અનંત સંખ્યાએ અનંત. કરોડો-અબજ નહિ.

પ્રદેશે પ્રદેશે સ્વભાવનો ભંડાર ભરેલો છે, સર્વ ગુણોનો ભંડાર ભરેલો છે. કોઈ ખામી જેમાં નથી. કોઈ ખામી વગરનું તત્ત્વ છે. ક્ષતિ વગરનું તત્ત્વ છે. '**આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી...**' ખરેખર તો સર્વ શાસ્ત્રો, અનંતા શાસ્ત્રોમાં, સર્વ શાસ્ત્રોનો કોઈ મુખ્ય હેતુ હોય, શાસ્ત્ર રચનાનો કોઈ મુખ્ય હેતુ હોય તો તે આવા આત્માને ઓળખાવવાનો હેતુ છે.

આત્મા કોઈપણ રીતે જો ઓળખાય જાય તો જેટલો એનો મહિમા છે એટલો મહિમા આવે અને જો એનો મહિમા આવે તો એ સ્વરૂપે એનું પરિણામ થાય. નહિતર કોઈ રીતે સ્વરૂપરૂપ પરિણામ થવાની બીજી કોઈ પદ્ધતિ નથી. એટલે 'લક્ષ થવાને તેહનો...' લક્ષ થવું એમ કહો કે ઓળખવું એમ કહો. ઓળખતી વખતે લક્ષ બંધાઈ જાય છે. પછી લક્ષ છૂટતું નથી એટલે.

એને '**આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી અને પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે!**' આખા જગતનો સરવાળો છે. આખા જગતની-દુનિયાની દોડ પરવસ્તુને મૂલ્યવાન માનીને એની પાછળ દોડી રહ્યા છે. ત્યાં સુધી કે એને આત્માને ઓળખવાને વખત મળતો નથી. કોઈ એમ કહે કે, ભાઈ! આત્માને ઓળખીને કાંઈક એની તો ઓળખાણ કરો. પણ શું કરીએ? વખત મળતો નથી. બીજી ચીજનું જે મૂલ્ય છે એના મૂલ્યની પાછળ એનો વખત વયો જાય છે. ખરેખર તો એને રસ છે. જ્યાં રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય એની એને ખબર પડે નહિ.

'**પરવસ્તુને મૂલ્યવાન માની...**' મૂલ્યવાન માની એમ કહો કે સુખસ્વરૂપ માની એમ કહો. બેય એક જ છે. એમ કહે, રૂપિયાના, આના, પાઈમાં મૂલ્ય છે એમ નહિ. ખરેખર રૂપિયા, આના, પાઈના મૂલ્ય છે એની પાછળ મૂળ હેતુ તો સુખનો જ છે. અહીંથી, આનાથી સુખ મળે છે, અનુકૂળતાઓ મળે છે. અનુકૂળતાઓમાં સુખ મળે છે. એમાં પાંચેય ઇન્દ્રિયના વિષય, એક અનુકૂળતાની કલ્પનામાં જીવના પાંચેય ઇન્દ્રિયના વિષયનો સમાવેશ થઈ જાય છે. કોઈ એમ કહે કે ના ના. અમારે પાંચ ઇન્દ્રિયના વિષયનું કાંઈ બહુ એવું નહિ. બહુ ખાવાનો શોખ નહિ. ફલાણું આમ નહિ, તેમ નહિ. સુગંધી પદાર્થો તો અમે કોઈ દિવસ ફૂલ-અત્તર કે એ તો વાપરતા નથી. આમ છે, તેમ છે. આંખનો વિષય છે. રેડિયો અમે સાંભળતા નથી, ટીવી જોતા નથી, સીનેમા જોતા નથી. કોઈ નોવેલ કે બીજું-ત્રીજું વાંચતા નથી. કર્ણેન્દ્રિયનો વિષય, ચક્ષુ ઇન્દ્રિયનો... તો કહે, અનુકૂળતામાં ઠીક પડે છે એવી માન્યતા જે છે એમાં પાંચેય આવી ગયા. પાંચેયની, એકમાં પાંચેયની પ્રવૃત્તિ થઈ ગઈ. ગર્ભિતપણે

એમાં પાંચેય વાત રહેલી છે. એટલે પહેલેથી એ સમજાવે છે.

જો આત્માને. તું જ્ઞાતા-દ્રષ્ટા છો. એ જ્ઞાતા-દ્રષ્ટા એવા તારા આત્માને કોઈ અનુકૂળ કે કોઈ પ્રતિકૂળ ચીજ જ નથી જગતમાં. સર્વ પદાર્થો માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. એવું જ્યાં સુધી જ્ઞાતાભાવે ન જણાય. ત્યાં સુધી જ્ઞાતાપણે રહેવાનો પુરુષાર્થ કરવો. આ એક જ કરવા જેવું છે. નહિતર ક્યાં ફસાશે એનો પત્તો લાગશે નહિ. '**પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે!**'

મુમુક્ષુ :- પરવસ્તુ મૂલ્યવાન છે...

પૂજ્ય ભાઈશ્રી :- છે જ નહિ પણ મૂલ્યવાન.

મુમુક્ષુ :- તો આ બધા ખોટા?

પૂજ્ય ભાઈશ્રી :- બધાય ખોટા. જગત આખુ ખોટું. ખોટાનું ફળ પણ ખોટું. પરિભ્રમણથી નથી છૂટતા. આખું જગત કાંઈ પરિભ્રમણમાંથી છૂટે છે? બધા પરિભ્રમણના ચક્કરમાં છે. સાચા હોત તો તો છૂટી જાત. જો સત્ય હોત તો દુઃખી થાત નહિ.

મુમુક્ષુ :- સંખ્યા બહુ મોટી છે તોપણ?

પૂજ્ય ભાઈશ્રી :- સંખ્યાથી શું? માણસથી પશુઓની સંખ્યા વધારે છે. કીડી, મકોડા બધા પશુઓની સંખ્યા વધારે છે. મનુષ્યગતિની અંદર... અહીંયાં તો સંખ્યાતા છે. પણ વધુમાં વધુ અસંખ્યાતાથી વધારે મનુષ્ય હોય નહિ. અને તિર્યંચો કેટલા? અનંત તિર્યંચો છે. સંખ્યા વધારે માટે તે વધારે સંખ્યામાં રહેલા તે સાચા અને ઓછી સંખ્યામાં રહી જાય છે તે ખોટા. એવું સાચા-ખોટાનું ધોરણ નથી. સાચા-ખોટામાં એવું ધોરણ નથી. ન તો સત્ય અને અસત્યને સંખ્યા સાથે એના ધોરણનો સંબંધ છે કે ન તો સત્ય અને અસત્યને પ્રાચીનતા અને અર્વાચીનતાના કાળ સાથે સંબંધ છે. આ બેય માપદંડ ખોટા છે. સત્યને નક્કી કરવાના આ બે માપદંડથી કોઈવાર સત્યને કોઈ નક્કી કરવા જાય તો એ ભૂલ ભરેલી વાત છે.

સત્ય પણ અનાદિનું છે, અસત્ય પણ કાળ અપેક્ષાએ અનાદિનું છે. અને સંખ્યાએ તો હંમેશા સંસારીજીવની સંખ્યા અનંતગણી રહી છે. અનંત સિદ્ધો. સાધક તો સંખ્યાતા જ હોય. સાધક કોઈ દિ' અસંખ્યાતા પણ ન હોય. અસંખ્યાતામાં હોય. તિર્યંચના લઈએ તો અસંખ્યાતા થઈ જાય. અસંખ્ય તિર્યંચ. મનુષ્યના લઈએ તો સંખ્યાતા. મનુષ્યમાં અસંખ્યાતા શ્રાવક ન હોય. પણ સિદ્ધો તો અનંતા છે. તો સંસારીઓ કેટલા? એક કંદમૂળની કણીમાં એની સંખ્યા ગણવામાં આવે તો અનંત કાળે પણ તેથી અનંત છે. અત્યારના અનંત નહિ. અનંત કાળે જે અનંત વધ્યા હશે એનાથી

પણ અનંત છે. સંખ્યા તો આટલી મોટી છે. માટે સંસારીઓ સાચા અને સિદ્ધો ખોટા, એ વાત તો કાંઈ લાગુ પડે એવી નથી. એ રીતે સંખ્યાનું માપ નથી ક્યાંય. પણ ભૂલ થાય એવું છે. ઘણાં કરે એ લોકો કરે. સાધારણ બુદ્ધિએ ચાલનારા માણસો જે ઘણાં કરે તે આપણે કરવું. જાજા કરે તે કરવું. કેમકે જાજા કરે એમાં દોષ ન હોય તો જ જાજા કરતા હોય. કાંઈ બધાની બુદ્ધિ કામ ન કરે એવું થોડું બને?

એક પ્રશ્ન પૂછું? કે લોકો વેજીટેબલ ઘી વધારે ખાય છે. અને સાચુ ઘી લોકો ઓછું ખાય છે. વેજીટેબલ ઘીના મોટા કરોડોના કારખાના છે. તો એ સાચા માણસો સાચું ખાય છે ને? નહિ? એટલા બધાને કાંઈ બુદ્ધિ નહિ હોય? અંદર તો કેટલાય તેલ ચિત્ર-વિચિત્ર પ્રકારના અત્યારે નખાય છે. પહેલા તો સીંગતેલ કરતા મોંઘુ હતું. સારા તેલ નાખતા. હવે સરકારે કાયદો બદલી નાખ્યો. ઘણાં હલકા તેલો વાપરે છે. અને સીંગતેલ કરતાં પણ તેલ કરતા સસ્તુ મળે છે અને નામ ઘીનું છે. અને ઘણાં ખાય છે. ઘણાં ખાય છે માટે એ વાત વિચારીને બહુ નક્કી કરીને ... વ્યવહારની અંદર તો એવું હોય કે ન હોય? જો વ્યવહારમાં આ ભૂલનું ઠેકાણું નથી તો પરમાર્થનો વિષય તો બિચારા સંસારીઓને સાવ અજાણ્યો છે. એમાં એનો અભિપ્રાય કેવી રીતે કામ આવે? એમાં ઘણાનો અભિપ્રાય શું કામ આવે? કે એમાં કાંઈ કામ આવતો નથી.

મનુષ્યને લાયક જે માનસિક પરિસ્થિતિ, જેને Human psychology કહે છે એની અંદર કેટલીક કુદરતી દોષિત પરિસ્થિતિ છે. એ દોષિત પરિસ્થિતિનો અભ્યાસ કરીને કેટલાક ધંધા ચલાવીને લોકો અબજો રૂપિયા કમાય છે. જેમકે આ વેજીટેબલ ઘીની અંદર. તેલને ઘીનું રૂપ આપો તો લોકો ખાશે ઘી સમજીને. ભલે એ ઘી નથી ચોખ્ખું લખેલું હોય કે આ ફલાણુ-ફલાણું તેલ છે. હાઈડ્રોજન.. હોય છે. હાઈડ્રોજન પસાર કરે એટલે જામી જાય અને ઘી જેવું થઈ જાય. પણ માણસની જે માનસિકતા છે કે આને ઘી જેવું દેખાય છે. બસ, આના ઉપર એ લોકોનું ચાલે છે. અબજોના અબજો રૂપિયા સમાજ ગુમાવે છે અને મુઠ્ઠીભર માણસોના ઘરમાં અબજો રૂપિયા જાય છે. કરોડો નહિ, હોં! અબજો જાય છે. મનુષ્યની પ્રકૃતિનો અભ્યાસ કરીને એની ક્ષતિનો ગેરલાભ. આટલું જ છે આની અંદર. આનો સંક્ષેપ કરવામાં આવે તો આથી વધારે કાંઈ નથી.

માટે ઘણાં કહે અને ઘણાં માને માટે સાચું એવું ધોરણ ક્યાંય પણ વિચારવા જેવું નથી. પોતાના હિત માટે તો પોતે સાચું સમજીને પોતાનું હિત સાધે. આ સંપ્રદાયમાં આ .. લાગુ કરે છે કે અમારા સંપ્રદાયમાં આટલા આટલા છે એ બધા ખોટા?

આટલા તો મુનિરાજો થઈ ગયા, આટલા તો આચાર્યો થઈ ગયા, આટલા તો ફલાણા થઈ ગયા. તો શું આ બધા ખોટા? અને તમે અત્યારે એથી કોઈ એવા મોટા છો કે તમે એનાથી આગળ થઈને એમ કહો છો કે નહિ એ બધા કરે એના કરતા સત્ય કાંઈક જુદું છે. માણસ જલ્દી વાત સામાન્ય બુદ્ધિથી ગળે નથી ઊતરતી. અને દરેકના સંપ્રદાયમાં એવા કહેવાતા મોટા હોય છે. દરેકના સંપ્રદાયમાં. એવું ... થઈ જાય ભવિષ્યની અંદર. વર્તમાનમાં ગમે તે પરિસ્થિતિ હોય.

ઈસુ ખ્રિસ્તને વર્તમાનમાં માર્યા. ખીલે જડી દીધા. અને પાછળથી કોઈ એવી જ Image થઈ કે આજે ઈસુનો દીકરો છે અથવા ઈશ્વરનો જ અવતાર છે. ઈશ્વરનો અવતાર એમ માનીને ચાલે છે. વર્તમાનની Image જ જુદી હતી, ત્યારપછી એનાથી વિરુદ્ધ ભવિષ્યની થઈ ગઈ. હવે એ કહે એ કાંઈ ખોટું હોય? આજે કરોડોના કરોડો ખ્રિશ્ચયન લોકો એની પાછળ ચાલે છે. પણ એવી રીતે સત્ય નક્કી થતું નથી.

એટલે '**આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી...**' તુલના એ કરવા જેવી છે કે આત્માને ઓળખવા માટે કોણ સૌથી વધારે સારી વાત દર્શાવે દર્શાવે છે? ન્યાયથી, તર્કથી, આગમથી, યુક્તિથી, અનુભવથી અને વિજ્ઞાનથી. વધુમાં વધુ, મજબૂતમાં મજબૂત ઠોસ નક્કર વાત કોણ કરી શકે છે? આટલી જો તુલના કરવાની શક્તિ હોય તો માણસ ખોટા રસ્તેથી બચી અને સાચા રસ્તે આવી શકે. એને ઓળખતો નથી, ઓળખવાનો પ્રયત્ન કરતો નથી.

'**પરવસ્તુને મૂલ્યવાન માની તેને પ્રાપ્ત કરવા મહેનત કરી રહ્યો છે!**' અથવા સંયોગોની પાછળ દોડ છે. એટલા બધા સંયોગાશ્રિત તારા પરિણામના વિકલ્પના ચક્કર છે કે એ ચક્કરમાંથી તું છૂટી ન શકે. એક દિવસનું સરવૈયું કાઢીને મને દે. કોઈ જીવને પૂછો કે એક દિવસનું તારુ સરવૈયુ કાઢીને દે. સાંજ સુધીમાં. કે તારા સંયોગ પાછળના પરિણામ કેટલા અને તારા આત્મા પાછળના પરિણામ કેટલા? તો ડગલે ને પગલે સંયોગના પરિણામ એને થાય છે. ડગલે ને પગલે. એક હવાની ઠંડી લહેર આવી અને એક હવાની ગરમ લહેર આવી ત્યાં એને ઠીક-અઠીક થઈ જાય છે. એક રોટલી ચડેલી ભાણામાં તાવડી ઉપરથી ઊતરીને આવે તો આ ઠીક થઈ અને આ અઠીક થઈ એમ થઈ આવે છે. એક ચીજ સામે આવે છે ત્યાં ઠીક અને અઠીકપણું થઈ જાય છે. સંયોગના પરિણામ છે. પોતે જ્ઞાતા-દૃષ્ટા છે એ વાત આખી એક કોર રહી જાય છે. એ બધું પરવસ્તુનું મૂલ્યવાનપણું છે. ઠીક-અઠીક કરવું એ જ પરવસ્તુનું મૂલ્યવાનપણું છે.

'**પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ નથી,...**' કોઈ પરવસ્તુ ત્રણ કાળમાં

કદિ કોઈની થઈ નથી. તારી પણ નહિ અને કોઈની નહિ થાય. આ જે શરીર તારું છે, જે દેહને આત્મા માનીને તું ચાલી રહ્યો છે એ દેહનો એક પરમાણુ તારો સગો નથી. એક પરમાણુ સગો નહિ થાય. તારી આજ્ઞામાં નહિ રહે. તારી ઈચ્છા પ્રમાણે નહિ કામ કરે. તો પછી બીજા પરમાણુની ઉપર અધિકાર જમાવાનો તારો પ્રયત્ન વ્યર્થ છે. એ વાત તો સ્પષ્ટ સમજી શકાય એવી છે.

**'પરવસ્તુ ત્રણ કાળમાં કદી કોઈની થઈ નથી, તું નકામો ભ્રમણાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે...'** તું નકામો ભ્રમણાથી. નકામો એટલે વ્યર્થપણે. ભ્રમણાથી એટલે હું એને મારા કરી શકુ છું, મારી ચીજ છે અને મારા અધિકારમાં રહેવી જોઈએ એવી ભ્રમણા-માન્યતાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે. પણ એ કદી તારું થાશે નહિ. મથી રહ્યો છો. તારી મથામણ અનંત કાળથી છે. અનંત જીવની અનંત કાળની આ મથામણ છે કે એને બધા પરમાણુને, જગતના પદાર્થોને પોતાના કરી લેવા છે. જો સાચા હોત એ કાર્ય ને એ સિદ્ધાંત ને એ માન્યતામાં એ સાચા હોત તો સફળ થયા હોત. પણ એક જીવ સફળ થયો નથી. અપવાદ ખાતર પણ. એક જીવ પણ એની અંદર સફળ થયો નથી. ગમે તેવો મોટો માંધાતા હોય, જ્યાં જવાનો સમય આવ્યો કે ફૂ કરતો ખલાસ. કોઈપણ વાહન વગર. એના પૂર્વ સંચિત કર્મને ભોગવવા ગતિ કરી જાય છે.

વાહન વગર ક્ષેત્રાંતર થાય એવું કોઈ માને નહિ. માને? જાવું હોય તો કાં સાયકલ જોઈએ, કાં ચાલવું જોઈએ. છેવટે બે પગથી ચાલવું જોઈએ. એટલું સાધન જોઈએ કે ન જોઈએ? પગ વગર ક્યાંથી આત્મા ચાલવાનો હતો એમ કહે. કાં ગાડી જોઈએ, કાં પ્લેન જોઈએ, કાં મોટર જોઈએ, કાંઈક જોઈએ તો ખરું ને. તો કહે લે આ. ક્યાં ગયો અને ક્યાંથી આવ્યો વગર વાહને. તારી અક્કલમાં ન આવે એવી વાત છે. બુદ્ધિમાં ન સમાય એવી વાત છે. કેમકે નજરે દેખાતું નથી. નજરે દેખાય છે ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો ઈ? અમારે એક ભાઈ કહે, અહીંથી જાય છે ઘણાં પણ કોઈ જઈને પહોંચ લખતું નથી કે હું ફલાણે ઠેકાણે પહોંચ્યો છું હવે. ક્યાંથી લખે? પ્રાણ છૂટતી વખતે ભૂલી જાય છે બધું. પ્રાણ છૂટતી વખતે એવી વેદનામાં આવે છે કે સાન ભાન ગુમાવે છે. અજ્ઞાનદશામાં તો જ્ઞાતા-દૃષ્ટાનો પુરુષાર્થ રહે નહિ. સમાધિમરણ થાય નહિ.

**'તું નકામો ભ્રમણાથી તેને પોતાની કરવા મથી રહ્યો છે અને તારું બૂરું...'** એટલે અહિત કરી રહ્યો છે. એ પરિણામથી વર્તમાનમાં તને દુઃખ અને આકુળતા છે. ભવિષ્યમાં તેના ફળમાં પણ બધા તને દુઃખદાયક એવા સંયોગો ઊભા થશે.

એમાંથી ક્યાંય તને સુખ ને ચેન પડે એવું નથી. એમ કહીને સર્વોત્કૃષ્ટ પદાર્થનું જે પોતાનું આત્મ સ્વરૂપ એને એણે ગુણથી, વેદનથી, અનુભવથી ઓળખાણ કરી લેવી. એ વાત છે.

## તા. ૧૦-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૦, ૩૮૧
## પ્રવચન નં. ૨૯૪

**જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારાં સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે. ૩૮૦.**

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૦, પાનું ૧૪૦. બહુ પ્રસિદ્ધ વચનો છે આ. **'જેમ કંચનને કાટ લાગતો નથી,...'** સોનું. લોઢાને જેમ કાટ લાગે છે એમ સોનાને કાટ લાગતો નથી. અનેક વર્ષ પાણીમાં રહે, કાદવમાં રહે તોપણ એને કાટ લાગતો નથી. એવી એ ધાતુ છે. ઉપાદાન બતાવવું છે. **'અગ્નિને ઊધઈ લાગતી નથી,...'** ઊધઈ નામની જીવાત થાય છે. ખાસ કરીને જ્યાં ગરમી ન હોય એવી જગ્યાએ એની ઉત્પત્તિ થાય છે. સૂર્યનો પ્રકાશ પણ આવે એટલી ગરમી થાય તોપણ ઊધઈ મરી જાય છે. એટલા કોમળ શરીરવાળા જીવો છે. તેની ઉત્પત્તિ એવા ઠંડકના વાતાવરણમાં થાય છે. અને થોડી પણ ગરમી સહન ન કરી શકે. સૂર્યના પ્રકાશમાં પણ એ જીવી ન શકે. અગ્નિ તો ઘણો ઉષ્ણ છે. જ્યાં અગ્નિ હોય ત્યાં ઊધઈ લાગે એવું બને નહિ. કેમકે ગરમી ઘણી ત્યાં રહે છે. ત્યાં ઊધઈ થતી નથી. લાગતી નથી એટલે થતી નથી. એમ ભાષાપ્રયોગ છે. ખરેખર તો ઊધઈ નામની જીવાત ઉત્પન્ન થાય છે. એટલા મોટા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે કે પોતે કોમળ પ્રાણી હોવા છતાં કઠણમાં કઠણ લાકડું હોય તો એ કોરી ખાય છે. એમાં કાણા પડી જાય. ત્યારે એને એમ કહેવાય કે ઊધઈ લાગી ગઈ. ઊધઈ નામની જીવાત છે એ કાગળને, લાકડાને ખાય છે. પણ જ્યાં અગ્નિ હોય ત્યાં એની ઉત્પત્તિ થઈ શકતી નથી. બે દૃષ્ટાંત લીધા છે.

સિદ્ધાંત એ છે કે **'તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી.'** જ્ઞાયકસ્વભાવ, એમાં આવરણ નથી. આવરણ અને નિરાવરણનો પ્રશ્ન પર્યાયના ભાવમાં મર્યાદિત છે. ઉત્પાદ-વ્યય સાથે એનો સંબંધ છે. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ છે એમાં આવરણ કે નિરાવરણનો પ્રશ્ન નથી. અવસ્થાનું જે આવરણ છે એ મૂળ સ્વરૂપને વિષે નથી એમ કહેવું છે. કેમકે એ તો સામર્થ્યરૂપ સ્વભાવ છે. અવસ્થા હોય એ

ઢંકાઈ જાય કે અવસ્થા હોય તે આવિર્ભૂત થાય કે તિરોભૂત થાય. પણ મૂળ સ્વભાવને તો આવરણપણું લાગુ પડતું નથી.

'**જ્ઞાયકસ્વભાવમાં આવરણ,...**' નથી ત્રણે કાળને વિષે '**ઊણપ...**' એટલે કોઈ ખામી નથી. ઊણપ એટલે ખામી, ક્ષતિ. કોઈપણ પ્રકારની ક્ષતિ. પરિપૂર્ણ એવા સ્વભાવને વિષે કોઈ ક્ષતિ નથી. સામર્થ્ય ઓછું નથી, અધુરું નથી, ઊણું નથી. ઊણું એટલે ઓછપ નથી એમાં. કે એમાં કોઈ અશુદ્ધિ આવતી નથી. રાગનો મળ, મોહનો મેલ કે પરમાણુ સાથેનો કોઈ સંબંધ જ્ઞાયકને થતો નથી. અશુદ્ધિ પોતાથી વિજાતીય ભાવો કે દ્રવ્ય સાથે ભેળસેળ થાય ત્યારે એને અશુદ્ધિ થઈ એમ કહેવામાં આવે છે. એ અશુદ્ધતા છે. બીજાની સાથે ભળવું.

જ્ઞાયક સ્વભાવને વિષે કોઈ અશુદ્ધિ આવતી નથી. અનંત કાળ જીવની અવસ્થામાં રાગાદિ મલિન ભાવોની અશુદ્ધિ રહી તોપણ આત્માના મૂળ સ્વરૂપને વિષે ક્યારેય અશુદ્ધિ થઈ નથી. આવું જ્ઞાયકસ્વભાવનું સામર્થ્ય છે. નહિતર અવસ્થા અને સ્વભાવ કાંઈ એટલા દૂર નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં ધ્રુવથી ઉત્પાદ-વ્યય કાંઈ એટલું દૂર નથી. જે ક્ષેત્રમાં ધ્રુવ છે, ધ્રુવત્વ છે ત્યાં જ અધ્રુવત્વ નામ ઉત્પાદ-વ્યય છે. એ જ એનું ક્ષેત્ર હોવા છતાં સ્વભાવને વિષે મલિનતા થતી નથી. અનંત કાળ અવસ્થામાં મલિનતા હોય તોપણ. પોતાનો સ્વભાવ સદાય એમ ને એમ રહે છે. એને રાગનો મેલ અડતો નથી કે કર્મ પરમાણુ એને સ્પર્શતા નથી.

'સમયસાર'માં એટલા માટે ૧૪ અને ૧૫ ગાથામાં અબદ્ધસ્પૃષ્ટ શબ્દ વાપર્યો છે. નહિ બંધાયેલું અને નહિ સ્પર્શાયેલું એવું આત્મદ્રવ્ય છે. જ્ઞાયકસ્વભાવ કેવો છે? કે કર્મથી બંધાયેલો નથી અને રાગાદિ ભાવોની જેને સ્પર્શના પણ નથી-સ્પર્શ પણ થતો નથી. એવો ને એવો શુદ્ધ સ્વભાવ સદાય રહે છે. એવા પોતાના સ્વરૂપને તું ઓળખ.

પહેલી વાત એ છે. એવું મારું સ્વરૂપ છે એમ તું ઓળખ. એની હયાતીનું, એવા સ્વરૂપની હયાતીનો સ્વીકાર આવે તો એમાં લીનતાનો અવસર આવે. ઉપદેશનો એકદમ સંક્ષેપ વિચારવામાં આવે તો એટલો જ છે કે પોતાના સ્વરૂપને ઓળખીને એકાગ્ર થવું. સીધી અકાગ્રતા કોઈને થતી નથી. ઓળખે તો એકાગ્રતા ઉત્પન્ન થાય એટલું આકર્ષણ અવશ્ય અવશ્ય ઉત્પન્ન થાય જ. ન થાય એવું બને નહિ. એનું નામ ઓળખાણ છે.

મુમુક્ષુ :- અત્યાર સુધી ભૂલે છે એ સ્વરૂપને ઓળખ્યું નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાસ્ત્રો વાંચ્યા. શાસ્ત્રોમાં આત્મસ્વરૂપ જેવું કહ્યું છે એવું

બુદ્ધિએ સંમત કર્યું. ત્યાં સુધી આવ્યો. પણ કોનું? આ સવાલ છે.

આત્મસ્વરૂપ એટલે કોઈ ત્રીજી ચીજ નથી. જો એવું આત્મસ્વરૂપ બુદ્ધિમાં સંમત થાય છે, મતિ સંમત કરે છે. તો એવું આત્મસ્વરૂપ પોતાનું છે એમ સંમત કરે છે કે એમાં પોતાપણું ભાસતું નથી અથવા એવો સ્વભાવ પોતાનો છે એમ પોતાને ભાસતો નથી અને એમ ને એમ અદ્ધરથી સંમત કરે છે? બસ! ઓળખવા અને નહિ ઓળખવામાં આટલો ફરક છે.

કેટલાકને તો એવું શુદ્ધસ્વરૂપ બેસતું નથી. કે આત્મા ક્યાંથી શુદ્ધ હોય? અમે સંસારી રહ્યા, અનંત કાળથી સંસારમાં રખડીએ અને તમે કહો કે તમારો આત્મા શુદ્ધ છે. પણ અમારો આત્મા શુદ્ધ ક્યાં છે? અમને તો આ રાગ-દ્વેષ-મોહના પ્રગટ પરિણામ થાય છે. મલિન પરિણામો થાય છે એ અમને ખબર છે અને અમારો આત્મા શુદ્ધ હોય ક્યાંથી? અને રાગ-દ્વેષ તોપણ શુદ્ધ? અને રાગ-દ્વેષ થાય ત્યારે પણ શુદ્ધ? આ વાત જરા ઘડ બેસતી નથી.

રાગ-દ્વેષ અવસ્થાનો વિભાગ છે અને જ્ઞાયકસ્વભાવ છે એ સામર્થ્યનો વિભાગ છે. બે એક પદાર્થના જુદા જુદા અંગ છે. અવસ્થામાં જે મલિનતા છે ત્યાં સ્વભાવ નથી અને જ્યાં સ્વભાવ છે ત્યાં મલિનતા નથી. એટલા માટે દૃષ્ટાંત લીધું છે ત્યાં કે પાણી ડહોળું હોય ત્યારે પણ. મલિન પાણી હોય, કાદવની સાથે મેલું થયેલું પાણી હોય ત્યારે પણ. પાણીનું સ્વરૂપ જો વિચારવામાં આવે તો, પાણીના મૂળ સ્વરૂપની સમીપ જઈને. જ્ઞાનને એની સમીપ લઈ જઈને સમજવામાં આવે તો પાણી સ્વભાવે કરીને નિર્મળ છે. જ્યારે મેલું દેખાય છે ત્યારે પણ. ત્યારે જ ડહોળા પાણીને સ્વચ્છ કરવાની પ્રક્રિયા, અવસ્થામાં એને સ્વચ્છ કરવાની પ્રક્રિયાનો વિચાર કરવામાં આવે છે. પણ જેવું ડહોળું દેખાય છે તેવું સ્વભાવે કરીને ડહોળું થઈ ગયું છે એમ જ સ્વીકાર કરવામાં આવે તો એને નિર્મળ કરવાનો કોઈ વિચાર, કોઈ પ્રક્રિયા, કોઈ Process એ વાત જ રહેતી નથી. કેમકે એ ડહોળું જ છે. ડહોળું છે એને સારુ ક્યાંથી કરી શકાય? ભાઈ! એ ડહોળું સ્વભાવે કરીને થયું નથી. અવસ્થામાં ડહોળું દેખાય છે તોપણ સ્વભાવે કરીને તે ડહોળું થયું નથી.

એવું આત્માને વિષે છે. અશુદ્ધ અવસ્થાના કાળમાં પણ પોતાના શુદ્ધ સ્વભાવને ઓળખી શકાય છે અને ઓળખ્યા પછી એકાગ્ર થતા અશુદ્ધ અવસ્થાની ઉત્પત્તિ થતી નથી. પોતે જેવો શુદ્ધ સ્વભાવે છે એની અવસ્થા શુદ્ધ થાય છે. તદાકાર લીન અવસ્થા, એકાગ્ર અવસ્થા એ તદાકાર થાય છે, એ જ શુદ્ધ થાય છે વીતરાગભાવે. એ વીતરાગભાવને ધર્મ અથવા જૈનધર્મ કહેવામાં આવે છે. જૈનપણું એ કોઈ સંપ્રદાય

વાચક કે કોઈ ટોળાનું નામ નથી. એ તો આત્માનો શુદ્ધ સ્વભાવ જેણે પ્રગટ કર્યો એને જૈન કહેવામાં આવે છે.

એકાગ્ર થવામાં, લીન થવામાં પુરુષાર્થ ગુણનું ઘણું કામ છે અથવા પુરુષાર્થ ગુણ ઘણો વિકાસ પામીને પર્યાયાંતર થાય છે ત્યારે એ લીનતા પ્રગટે છે. ઓળખવામાં એટલું પુરુષાર્થનું કામ નથી. ઓળખવામાં જ્ઞાનની પ્રધાનતા છે અને જ્ઞાનનું કાર્ય છે. અને કોઈપણ સ્વ-પર પદાર્થને ઓળખી શકે એવી શક્તિ સંજ્ઞી પંચેન્દ્રિયના જ્ઞાનમાં ચારેય ગતિને વિષે વિદ્યમાન હોય છે. એટલે ઓળખવાની શક્તિ છે કે નહિ? ક્ષમતા છે કે નહિ? એ અહીંયાં પ્રશ્ન નથી. એ તો છે જ.

જે વિષયનું પ્રયોજન લાગે છે એને ઓળખવાનો પ્રયાસ કરીને ઓળખે પણ છે. તો પછી પોતાના આત્મસ્વભાવને ઓળખવાનો પ્રયત્ન કરે તો ન ઓળખે એ વાત બનતી નથી. અથવા એ કોઈ અશક્ય કે અસંભવિત નથી. એમાં કોઈ એવો પુરુષાર્થ પણ નથી કે જેટલો લીનતામાં, સમ્યગ્દર્શનમાં કે લીનતામાં મુનિદશામાં પુરુષાર્થ હોય છે, થાય છે. અથવા બીજી ભાષાએ કે કરવો પડે છે એમ લ્યો. કોઈ પરાણે કરવાનો પ્રશ્ન નથી. સહજ થાય છે. એવું અહીંયાં બળ નથી પ્રગટ થતું. તોપણ ચાલતી અવસ્થામાં જે શક્તિ છે જ્ઞાનના ક્ષયોપશમમાં, એ શક્તિથી એ કાર્ય થાય છે. તિર્યંચ સુદ્ધા એ કાર્ય કરે છે. ઓછામાં ઓછો ઉઘાડ છે એવું તિર્યંચ પણ એ કાર્ય કરે છે.

બહુ સંક્ષેપ એનો એટલો જ છે કે ચાલતા જ્ઞાનમાં માત્ર જ્ઞપણું, માત્ર એનું જ્ઞાતૃત્વ જોવું, જેને જ્ઞાનમાત્ર કહે છે. એકલું જ્ઞાન જોવું, નિર્ભેળ અને શુદ્ધ જ્ઞાન જોવું અથવા જ્ઞાનમાં પણ સામાન્ય જ્ઞાન જોવું. જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કરીને સામાન્ય જ્ઞાનને જોવું. એવા માત્ર જ્ઞાનને જોતા સ્વભાવનું ગ્રહણ થાય છે. સ્વભાવની હયાતી ગ્રહાય છે એને અસ્તિત્વ ગ્રહણ પણ કહે છે એને સ્વભાવનું ગ્રહણ પણ કહે છે અને એને ઓળખાણ પણ કહે છે. પણ એટલી દરકાર કરીને પરમહિત જાણીને, એ કાર્યને પરમહિતરૂપ જાણીને એટલી દરકાર કરીને એટલા કાર્યમાં જોડાવું. જ્યાં સુધી ઓળખાણ ન થાય ત્યાં સુધી એ કાર્યને છોડવું નહિ. એવી લગનીથી જોડાવું, એવી જિજ્ઞાસા અને ભાવનાથી જોડાવું. બસ! આટલું જ આવશ્યક છે. કોઈ બીજું સમ્યગ્દર્શન જેવો કોઈ અપૂર્વ અલૌકિક પુરુષાર્થ એમાં પ્રગટે છે અને તે ત્યારે ઓળખાય છે એવું તો કાંઈ નથી.

ઓળખે તો અદ્‌ભુતથી અદ્‌ભુત એવું પોતાનું સ્વરૂપ છે કે જેને અનંત કાળમાં કોઈ આવરણ લાવ્યું નથી, જેમાં કોઈ ક્ષતિ કે ઊણપ કે અધુરાશ નથી. અને જેનામાં

કદી પણ અશુદ્ધિ નથી. જેવું પરમપવિત્ર સિદ્ધપદ છે એવું જ પરમપવિત્ર પોતાનું નિજ પદ છે, નિજ સિદ્ધપદ છે અને તે પ્રસિદ્ધ છે, પ્રગટ છે. આવરણ વિનાનું છે એવું એને ઓળખવામાં આવે છે. તો એનું આકર્ષણ જન્મીને એમાં લીનતાનો પ્રસંગ સહેજે સહેજે આવે છે. પછી એ પ્રસંગ દૂર રહેતો નથી.

એટલે એમ કહ્યું કે આવા સ્વભાવને તું '**ઓળખી તેમાં લીન થા તો તારા સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.**' અનંતા દૈવી ગુણો છે એ બધા જ ગુણો છે એની શુદ્ધતા એ એની ચમક છે. એની શુદ્ધતા એ એની ચમક છે એ પ્રગટ થઈ જશે અથવા પ્રગટ અનુભવગોચર થશે. અનંત દિવ્યગુણોથી સંપન્ન એવો આત્મા અનુભવમાં આવશે. અનુભવ થતી અવસ્થા શુદ્ધ હશે અને એ શુદ્ધતા છે એ જ મોક્ષમાર્ગ છે, એ જ આત્માનું હિતરૂપ કાર્ય છે અથવા સુખરૂપ કાર્ય છે.

મુમુક્ષુ :- આવા સરળ આત્માને અસરળતા ક્યાંથી શીખવા મળી?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંયથી નહિ. એનું કોઈ કારણ શોધવા જાવ તો કોઈ કારણ નથી. સોનું સોનું છે. સોનું તે સોનું જ છે. તો પછી એ ખાણમાં કેમ? પહેલું વહેલું એ ખાણમાં કેમ મળ્યું? માટી સાથે મળેલું કેમ મળ્યું? એ પ્રશ્ન અસ્થાને છે.

મુમુક્ષુ :- એ તો જડ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- જડ છે. પણ આ તો એક વિચારવાનું છે કે એનું કારણ શોધવા જતાં ખરેખર કોઈ કારણ એને લાગુ પડતું નથી. પોતાના માટે જો એ વિચાર કરવો હોય તો. કે મારો આત્મા જ્યારે સત્પુરુષ જ્ઞાની મૂળ સ્વરૂપે શુદ્ધ છે એમ બતાવે છે. તો મને કેમ આ અશુદ્ધતા થાય છે? મારી અવસ્થામાં અશુદ્ધતા કેમ થાય છે? એનો જો પોતે વિચાર કરે કે ક્યારથી થઈ? એ પહેલા શુદ્ધિ હતી અને પછી અશુદ્ધિ થઈ એવું તો કાંઈ નથી. એ તો ન્યાયથી પણ લાગતું નથી.

મુમુક્ષુ :- પહેલા શુદ્ધિ હતી જ નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- અવસ્થામાં ક્યારે શુદ્ધતા હતી અને નવેસરથી કોઈ કારણ પ્રાપ્ત થયા પછી એની અશુદ્ધિ ચાલુ થઈ એવું નથી. અનાદિથી જીવની અશુદ્ધતા મલિન થઈ રહી છે. અનાદિથી જીવની દૃષ્ટિ પોતાના સ્વભાવ ઉપર નથી. એણે જ્ઞાનમાં કદી પોતાના સ્વભાવનો સ્વીકાર કર્યો નથી. અથવા તો એ સદાયને માટે અનાદિથી પોતાના શુદ્ધ સ્વભાવથી અજાણ રહ્યો છે. શું કરવા અજાણ રહ્યો? આ પ્રશ્ન અસ્થાને છે. અનાદિથી બસ આ સ્થિતિ છે. વગર કારણે. કોઈપણ કારણ વગર. બીજા કોઈ કારણ વગર. પોતે પોતાના સ્વરૂપથી, મૂળ સ્વરૂપથી અનાદિથી અજાણ રહ્યો છે.

મુમુક્ષુ :- બધા ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાથી વિચાર કરવો કે જો મારી આ સ્થિતિ છે. પોતાનો વિચાર કરવો. કારણ કે વાત તો ખરેખર પોતાથી લેવાની છે. વાતનો હેતુ શું છે? કે પોતે ભૂલ્યો છે અને પોતે એ ભૂલ ભાંગીને સાચા માર્ગે આવે. તો એણે વિચાર કરવો કે હું શું કરવા ભૂલ્યો? આમ તો જીવ બીજાને માથે દોષ દેવાની એની અનાદિથી ટેવ છે. કાં તો એમ કહે છે કે અનાદિથી કર્મનો ઉદય છે, કર્મ સંયોગ છે અને તેથી કરીને કર્મ એને ભૂલવાડે છે. કાં તો એમ કહે છે કે અનાદિથી એવા સંયોગો ઉત્પન્ન થાય છે કે જે સંયોગોને લઈને એને રાગ-દ્વેષ અને મલિન ભાવો કરવા પડે છે. એ વાત ખરેખર સાચી નથી. માન્ય કરવા જેવી નથી. કેમકે પ્રમાણિકતા એમાં નથી. જો પોતે ભૂલ ન કરવા ચાહે તો ભૂલ થાય એવું બનતું નથી. પણ પોતે પોતાની ભૂલની બાબતમાં બેદરકાર રહે, એનો વિચાર જ ન કરે તો જે ચાલી આવતી ભૂલ છે એ થયા કરે. જે ભૂલ ચાલી આવી છે તે થયા કરે. બસ.

કોઈવાર એવો પ્રશ્ન-તર્ક થયો છે? હવે મારો પ્રશ્ન છે. કે તરસ લાગી હોય ત્યારે શું કરવા તરસ લાગી? એ પહેલા આપણે નક્કી કરો પછી પાણી પીશું. આ તરસ લાગી શું કરવા? મને જ લાગી કે બીજા બધાને લાગે છે કે નથી લાગતી? અને તરસ એટલે શું? આ તરસના વિષયમાં જેટલા તર્ક ઉઠાવી શકાય એ બધા સમાધાન થાય પછી પાણી પીવું છે. ત્યાં સુધી મારે પાણી પીવું નથી. એવું કોઈ વિચારે છે? ભૂખ લાગી હોય ત્યારે કે કેટલા ભૂખ્યા છે? અને શું કરવા ભૂખ લાગી? ભૂખ લાગે જ શા માટે? એવું દુઃખ શા માટે આત્માને? બીજું કાંઈ નહિ ભાઈ. ભૂખ લાગી છે અને ભોજન જોઈએ છે. આ સિવાય બીજી માથાકૂટ અત્યારે ન જોઈએ. જ્યારે ભૂખ લાગી હોય ત્યારે બીજી માથાકૂટમાં કોઈ ઉતરવા ચાહે છે? ઇચ્છે છે? કહે, ભાઈસાબ! હવે એ માથાકૂટ મૂકોને, પહેલા જમી લેવા દ્યોને. ભૂખ લાગી છે.

એમ જો આ આત્માને રાગ, દ્વેષ, મોહની અશુદ્ધતાનું દુઃખ હોય. એમાં દુઃખ છે. એનું જો એને દુઃખ લાગ્યું હોય તો અશુદ્ધતા ક્યારથી? શું કરવા થઈ? કેમ થઈ? એ પ્રશ્ન નથી. છે કે નહિ? કહે છે. એનું દુઃખ છે? છે. હવે મટાડવું છે કે નહિ? બસ! આટલું પ્રયોજન છે. તો પછી મટાડવા માટેનો ઉપાય છે. જો મટાડવું હોય તો એ મટાડવા માટેનો ઉપાય છે. એથી રહિત એવું જે તારું શુદ્ધ સ્વરૂપ છે એને ઓળખીને એમાં એકાગ્ર થા. આ સીધી વાત છે. નહિતર કર્મને લઈને દુઃખ થયું, રાગ થયો અને કર્મને લઈને હેરાન થયો, કર્મે મને રખડાવ્યો, કર્મે મને ભૂખ્યો રાખ્યો, કર્મે મને તરસ્યો રાખ્યો, કર્મે મને ઊંઘાડ્યો અને કર્મે મને જગાડ્યો, કર્મે

મને જીવાડ્યો અને કર્મે મને માર્યો. આ દશા થઈ જશે. નાખશે કર્મ ઉપર. ઓલા બિચારા આંધળા છે. કર્મના પરમાણુને જડને કાંઈ જ્ઞાન નથી. ઓલા તો કાંઈ ફરિયાદ કરે એમ નથી. ગમે તેટલો આરોપ કરો તો એ કોને જઈને ફરિયાદ કરે? કે આ જીવડાઓ અમથા અમથા અમારા ઉપર આરોપ કર્યા કરે છે. એ તો કોઈને કાંઈ રાવ-ફરિયાદ કરે એવું છે નહિ. એ તો નાખ્યા કરે એને માથે. એ ખોટું છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીના ઘણ નીકળે, જ્ઞાનીના નહિ નિકળે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીને છે એ સાચે રસ્તે છે. દુઃખનો માર્ગ છોડ્યો છે, સુખનો માર્ગ પકડ્યો છે. દુઃખના માર્ગે તો દુઃખ જ થાય. સુખના માર્ગે સુખ થાય. સીધી વાત છે. છેવટે કાંઈ નહિ તો એમ કહે શું કરીએ? ભાઈ! અત્યાર સુધી કુગુરુએ અમને રખડાવ્યા. એવા ગુરુ મળ્યા કે ઊંધું સમજાવતા હતા. પણ દુકાને કોઈ ઊંધું સમજાવવા આવે ખોટા રૂપિયાને એમ કહે કે સાચો માનીને લઈ લ્યોને, ભાઈ!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કાંઈ જન્મ્યા પછી સમજણ કરી કે એ પહેલા કોઈ સમજણ લઈને આવ્યું હતું? દુકાનદારી જે શરૂ કરી એની સમજણ નવી શરૂ કરી કે એમ ને એમ જન્મ્યા પહેલા ઈ સમજણ લઈને આવ્યું હતું? એ સમજણ કરે છે. એને પ્રયોજન લાગે છે ત્યારે ખોટો રૂપિયો કોને કહેવાય? ફાટેલી નોટ કોને કહેવાય? એક વખત ભૂલ કરે, બીજો નહિ લે. ભાઈ! આ હું નહિ લઉં. તમે લીધી તો ભલે લીધી, હું નથી લેવાનો. પછી બીજાની લ્યે? આપોઆપ શીખી જાય. ત્યાં તો એક વખત નુકસાન જાય અને શીખી જાય. અથવા કોઈની પાસેથી સમજીને શીખી જાય.

અહીં તો દુઃખ થાય છે, અશાંતિનું નુકસાન જાય છે. શાંતિ લુંટાય છે. તોપણ સમજવાનો પ્રયત્ન કરતો નથી. આ એક જીવની કમનસીબી છે. વ્યવહારમાં તો નુકસાન જાય એટલે વાત સ્વીકારી લ્યે. કે ભાઈ આ ફરીને આપણે ખોટો રૂપિયો ન લેવાય એ ધ્યાન રાખી લેવું. પણ અહીંયાં દુઃખ થાય છે. સંસારમાં જીવને અનેક પ્રકારે દુઃખ થાય છે. જન્મનું દુઃખ, માંદગીનું દુઃખ, અશાતાનું દુઃખ, મુંઝવણનું દુઃખ, અસમાધાનનું દુઃખ, મરણનું દુઃખ, વૃદ્ધાવસ્થાનું દુઃખ. તોપણ એ દુઃખ કેમ ટાળવું એનો સાચો ઉપાય નથી કરતો. ખોટેખોટો ઉપાય કરે છે.

મુમુક્ષુ :- એ ટાળવું હોય તો સુખ લેવા જાવું ને? સુખ તો છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મામાં સુખ છે. આત્મા અનંત સુખનું સ્વરૂપ છે. આત્મામાં સુખ છે.

મુમુક્ષુ :- પણ એ તો છેલ્લા પોઈન્ટની વસ્તુમાં છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- છેલ્લી ગણો કે પહેલી ગણો પણ ત્યાં જ છે. બીજે ક્યાંય નથી. સુખ આત્મામાં છે અને આત્મા સિવાય કાંઈ સુખ નથી. પહેલું ગણો કે છેલ્લું ગણો.

મુમુક્ષુ :- ..માં દોડીએ છીએ એ ભ્રમણામાં દોડીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ ભ્રમણામાં છે. બહારમાં ક્યાંય સુખ નથી એટલે ખોટો રસ્તો પકડે છે. 'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો.' સત્તરમા વર્ષ પહેલા 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ આ કાવ્ય લખ્યું.

સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે લેશ એ લક્ષે લહો.
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો.
બહુ પુણ્યકેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,
તોયે અરે ભવચક્રનો આટો નહિ એકે ટળ્યો.

આ એક પદ એમણે લખ્યું છે પંદર-સોળ વર્ષની ઉંમરે. જીવ સુખ પ્રાપ્ત કરવા માટે ખોટો ઉપાય કરે છે. એમાં તો એનું સુખ ઊલટાનું ટળે છે. સુખ મળતું નથી પણ સુખ ટળે છે. સુખ ટળે છે. અંદરનું સુખ ઉત્પન્ન થતું નથી એનું નામ ટળે છે. અંદર આત્મામાંથી જે સુખ ઉત્પન્ન થવું જોઈએ નિરાકુળ સુખ, એ ઉત્પન્ન થતું નથી એટલે એને ટળે છે એમ કહ્યું.

મુમુક્ષુ :- મૂળ સુખ જ ઉત્પન્ન થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સુખ જ ઉત્પન્ન થતું નથી.

મુમુક્ષુ :- પછી આપણે કહીએ સુખ મળ્યું એ ખોટું છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈકને તમે પૂછો કે તમે સર્વે વાતે સુખી છો? એક જણને લઈ આવો. દુનિયામાંથી એક જણને લઈ આવો. આપણા વડાપ્રધાન છે. આઠ-દસ દિવસ રજા ગાળવા જાય છે તો સો-બસ્સો કરોડનો ભૂક્કો બોલાવી દ્યે છે. એને પૂછો કે તમે કેટલા સુખી? કે ભાઈસા'બ આ બધામાં વધારે દુઃખી હોય તો હું હોઈશ. શું કહેશે? કે આ બધાય, હિન્દુસ્તાનના બધા માણસોમાં વધારે દુઃખી હું છું. કેમકે સૌથી ઉપાધિ એને છે. કેટલી ઉપાધિ છે એને? ઊંઘની ટીકડી લેવી પડે. આ પરિસ્થિતિ કહેવાતા સુખી બધાય માણસોની છે. જેટલા કહેવાતા સુખી છે એ બધા અંદરખાને કેટલા દુઃખી છે...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલા તો એમાં સુખ માન્યું હતું. એ ચાલ્યુ ગયું એટલે

દુઃખ માન્યું, આવ્યું એટલે સુખ માન્યું. પણ એ સુખ હતું ખરું? વાત તો એટલી જ છે કે સુખ છે ખરું?

મુમુક્ષુ :- સુખ તો એમાં નહોતું ત્યારે તો તમને ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. નહોતું તો પછી ગયું એનું દુઃખ શેનું?

મુમુક્ષુ :- એ જ સવાલ છે મારો.

પૂજ્ય ભાઈશ્રી :- જો એમાં સુખ નહોતું તો ગયા એનું દુઃખ શેનું?

મુમુક્ષુ :- એને લઈ ગયા એટલે મને દુઃખ થયું.

પૂજ્ય ભાઈશ્રી :- પણ પાડોશીના જાય તો? પાડોશીના હું લઈ જાવ તો?

મુમુક્ષુ :- તો દૃષ્ટિ ત્યાં જુકી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. એ મારા હતા એમાંથી દુઃખ છે. શેમાંથી દુઃખ છે? મારા હતા એમાંથી દુઃખ છે. મરણ ટાણે શું કરવા દુઃખ થાય છે? કે એણે દેહમાં, પૈસામાં, કુટુંબ-પરિવારમાં, ઘરમાં, આબરૂ-કીર્તિમાં આ બધે એણે મમત્વ કર્યું છે. એ મમત્વ છોડવાનો એને પ્રસંગ આવે છે એ મંજૂર એને કરવો નથી. એ એને પોસાતો નથી. મારે મંજૂર નથી આ બધું છોડી દેવું. મંજૂર છે? છોડવું મંજૂર નથી. એમ કહે છે કે તારે મંજૂર હોય કે ન હોય પણ હતું કે દિ તારું? તું ચોટી પડ્યો એટલે શું થઈ ગયું? આ મારું મારું કરીને લાગી પડ્યો એટલે કાંઈ તારું થઈ જાય એવું થોડું છે?

હું તમારા સંયોગોને મારા માનવા માંડુ એટલે થઈ જાય કાંઈ? બસ. એમ જડ પદાર્થો જડના રહે છે. આત્માના કે દિ' થાય? જડ-ચેતનની ભિન્નતા છે. એ ભિન્નતા સમજાય તો એને મમત્વ છૂટે. વસ્તુના વિજ્ઞાનપૂર્વક એણે મમતા છોડવી જોઈએ. મમતા છોડવાનો ઉપદેશ તો બધા ધર્મ મત આપે છે. પણ વસ્તુ પોતે આત્માની થઈ શકતી નથી. કોઈ વસ્તુ પોતે આત્માની થઈ શકતી નથી. આત્મા કોઈ વસ્તુનો થઈ શકતો નથી. એવી વાત જૈનદર્શન સિવાય નથી ક્યાંય. એમ ને એમ મમતા છોડવાની વાત કરે છે. તો એથી કાંઈ છૂટતી નથી. કેમકે મારાપણું રાખવું છે અને છોડવાની વાત કરવી છે. વસ્તુ તો મારી છે નહિ એની એને ખબર નથી. જડ અને ચૈતન્યની ભિન્નતાનો વિષય, બે પદાર્થ ભિન્ન છે એવું ક્યાંય નથી. બધા ભેળસેળ કરે છે. જડ-ચેતનનું ભેળસેળપણું કરે છે. પછી એમાંથી કોઈ રીતે છૂટી શકે નહિ.

મમતા છોડવાની યુક્તિ કરે. ખાસ કરીને આ વૈષ્ણવ સંપ્રદાયમાં એમ છે કે બધું ઈશ્વરને અર્પણ કરી દેવું. આપણું કાંઈ રાખવું નહિ. પણ એવી કલ્પનામાં કેટલું ટકી શકાય? ટકવા માટે કોઈ નક્કર આધારભૂમિ જોઈએ. કલ્પનામાં ક્યાં સુધી વિહાર

કરવાનો? ઈશ્વર દેખાતો નથી. ઈશ્વરને અર્પણ કરે તો ઈશ્વર લેતો-દેતો જોવામાં આવતો નથી. અને ઈશ્વરને અર્પણ કરો... ઈશ્વરને અર્પણ કરો... એવી કલ્પના મનમાં ને મનમાં કર્યા કરે.

મુમુક્ષુ :- ખરેખર ઈશ્વર લેવા આવે તો કાંઈ દે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એ મમતા પડી છે. એ પણ ત્યાં આવે છે. એવા દાખલા આવે છે ત્યાં. કે કોઈ ઈશ્વર લેવા આવે છે પણ આ ભગત ના પાડે છે. કે નહિ, અત્યારે નહિ બાપા. હવે હમણાં તમે ખમી ખાવ. જરાક મને છોકરો પરણાવી લેવા દ્યો. એ પરિસ્થિતિ છે જીવની. કેમકે ભિન્નતા જોઈ નથી એણે, ભિન્નતા ભાસી નથી. જડ અને ચેતનની ભિન્નતા જોતો નથી, એના જ્ઞાનમાં ભાસતી નથી કે હું ચૈતન્ય છું, જ્ઞાનસ્વભાવી આત્મા છું. આ શરીરાદિ સર્વ બીજા પદાર્થો તદ્દન જુદા છે. એક પરમાણુ પણ મારા કાબુમાં પરિણમતો નથી. જો મારું હોય તો મારે આધીન અને મારા કીધા પ્રમાણે, મારા કાબુમાં એનું કાર્ય થવું જોઈએ. પણ એક પરમાણુ થતું નથી. જે નજીકમાં નજીક શરીરના પરમાણુ છે એ પણ એને સુખદાયક નથી. ઊલટાના દુઃખદાયક છે. તો પછી શરીરથી દૂર એવા બીજા જે પરમાણુના સંયોગો છે...

મુમુક્ષુ :- આ બધા સમજે છે. નથી સમજતા એમ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- શું?

મુમુક્ષુ :- આ વસ્તુ સ્પષ્ટ છે અને સ્પષ્ટ સમજાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સમજાય છે પણ ઓલી વાત છોડીને સમજાતું નથી. મમત્વ છોડીને સમજાતું નથી. જો મમત્વ છોડીને સાચું સમજાય જાય તો એ સુખી થઈ જાય.

મુમુક્ષુ :- આ સમજાય છે એ બધું ખોટું સમજાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપર ઉપરથી ખોટું સમજાય છે. ઉપર ઉપરથી ખોટું સમજાય છે. સાચું સમજાય તો સુખી થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે. સમજાવું અને સાચુ સમજાવું એ બે વચ્ચે ફરક છે. નીચે એક બોલ એવો આવશે કે '**જીવ ભલે ગમે તેટલા શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે,...**' એટલે સમજે. '**ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષે વિશેષે ફેરવે,...**' એટલે યાદ કરે. '**પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ...**' નીચે જ આવે છે. આ નીચે

જ આવે છે. એટલે ઉપર ઉપરથી તો આ બધું કરે છે જીવ. પણ ત્યાં સુધી એનું પ્રયોજન જે સુખનું છે એ સિદ્ધ થતું નથી. એટલે કદી એમ ન માની લેવું કે જેટલા સાંભળવા આવે છે એ બધા સમજી ગયા છે એમ કદી માની લેવું નહિ.

મુમુક્ષુ :- એટલે મારે મારું માની લેવું ને?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનો વિચાર કરવો. વિચાર પોતાનો કરવો કે આ જીવ માને છે, સમજે છે એ સાચું સમજે છે? કે ખોટું સમજે છે? જેમ તમે પહેલા દાખલો દીધો. કે તમે કીધું કે આ બે લાખમાં સુખ નથી એટલે તમને આપી દીધા. પણ તમે લઈને ચાલતા થયા તો દુઃખ થયું. તો એનું સુખ નથી એ વાત ખોટી હતી. નહિતર દુઃખ થાય નહિ. એણે શું કહ્યું? કે આ બે લાખમાં સુખ નથી એટલે આ તમને આપ્યા. પણ તમે જેવા લઈને ચાલતા થયા એટલે દુઃખ થઈ ગયું. તો એ સુખ નહોતું અને આપ્યા એ વાત ખોટી હતી. સુખ હતું, રાખીને આપ્યા હતા. એટલે દુઃખ થયું.

મુમુક્ષુ :- એ પક્કડ હજી મૂકાણી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ પક્કડ મૂકાણી નથી.

આ દેશના નેતાઓ ભાષણ નથી કરતા? સાચા ભાષણ કરે છે? કેવો સરસ ઉપદેશ આપે! દેશદાઝનો, ફલાણો, ઢીંકણો. અથવા કોઈ લોભી માણસ એમ કહે લાખોનું દાન દ્યો, કરોડોનું દાન દ્યો. એ પોતે પાછો ઉપરથી હાથ ઉપાડે નહિ. આ એવું અંદરમાં એમ રાખે છે જીવ. શું કરે છે? સમજે, વિચારે, હા પાડે, કહે, સાંભળે. પણ અંદરમાંથી વાત મૂકે નહિ. અમારા 'ગુરુદેવશ્રી'ને તમે નહિ સાંભળ્યા હોય.

મુમુક્ષુ :- કોને?

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવશ્રી'ને સાંભળ્યા હતા કોઈ વાર? અહીંયાં આવ્યા ત્યારે સાંભળ્યા હશે. પ્રસિદ્ધપણે એમ કહેતા કે આ પૈસા છે એ ધૂળ છે. શું કહેતા? પૈસા છે એ ધૂળ છે. અને આ પૈસાવાળા છે એ ધૂળના ધણી છે. ધ એ ધ એમ કહેતા. ધૂળના ધણી છે. એમ તુચ્છતા બતાવતા. પછી એક ભાઈ હતા એ લોભી હતા જરા. એને કોઈકે કહ્યું કે ભાઈ! આપણે આ બધો ઉત્સવ આવશે એની અંદર બધાએ, ઉત્સવની અંદર બધાએ તન-મન-ધનથી સમર્પણ કરવાનું છે. તો હવે તમે કેટલા નોંધાવાના છો આ ફાળામાં. તો કહે હું વિચાર કરીને કહીશ. તો કહે, એમાં શું વિચાર કરવો હતો ધૂળમાં? કોઈકે એમ કહ્યું. 'ગુરુદેવ' તો એને ધૂળ કહે છે. અને એ ધૂળમાં શું વિચાર એટલો બધો કરવાનો હતો? હા પાડોને ફટ દઈને કે

ભાઈ તમે જે કહો એ મારે કબુલ છે. તો કહે, એ 'ગુરુદેવ' પૈસાને ધૂળ કહેતા હતા. જે એને અંદરમાં સાંભળતી વખતે જે પરિણામ હતા એની એણે વાત કરી. કે પૈસાને ધૂળ કોણ કહે છે? એ તો એ પોતે કહે છે. હું થોડો કહું છું કહે. હું થોડો માનું છું? મારા તો પ્રાણ છે. પછી પ્રાણ છૂટે તો દુઃખ થાય કે ન થાય? એ તો થાય.

એમ અત્યાર સુધી આ જીવે જ્ઞાનીના ઉપદેશને, સત્પુરુષના ઉપદેશને, શ્રીગુરુના ઉપદેશને એવી રીતે અવધારણ કર્યો છે કે એ બધું આપ કહો છો. હજી અમે કાંઈ અંદરથી પલળ્યા નથી. અંદરથી પલળતો નથી. અંદરથી ફરવાનું કામ છે. આ બધું જે કામ છે એ અંદરથી ફરવાનું કામ છે. જ્યાં સુધી જીવ અંદરથી, માંહેથી ફરે નહિ ત્યાં સુધી એનું દુઃખ મટે નહિ અને સુખ એને કોઈ દિ' થાય નહિ. આ નિયમ છે.

મુમુક્ષુ :- માલ બધો અંદરનો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંદરનો જ માલ છે.

સુખ પણ અંતરમાં છે. 'શ્રીમદ્જી'ના વચનો છે. હે જીવ! તું ભ્રમા માં. સુખ ક્યાંય બહાર નથી. આત્માનું સુખ આત્મામાં છે. આ હું તને સત્ય વચન કહું છું. છે કે નહિ? આવે છે કે નહિ? બહુ શરૂઆતમાં, ૨૨ વર્ષમાં એ વિષય આવતો હતો.

મુમુક્ષુ :- સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે. એ તો અત્યારે ટળે છે. ભવિષ્યમાં પણ ટળે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભવિષ્યમાં પણ નાશ જ થાય. બીજું શું? અત્યારે અને ભવિષ્યમાં બેયમાં નુકસાન છે. અત્યારે સુખ ટળશે અને ભવિષ્યમાં પણ એ રીતે તો સુખ ટળશે. ... બદલે તો બીજી વાત છે.

એમ આ બોલમાં આત્મસ્વરૂપને ઓળખીને આત્મામાંથી લીનતા દ્વારા ગુણો પ્રગટ કરવાની પ્રેરણા છે.

**જીવ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ ફેરવે, પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે, જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે. બધું ભણી ગયો, ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણા વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ ? શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે. ૩૮૧.**

૩૮૧. ૩૮૧ના બોલમાં જે જીવો શાસ્ત્રો ભણે છે, શાસ્ત્રનો ઘણો અભ્યાસ કરે છે અને એ અભ્યાસમાં જે પારંગત થાય છે તેમ છતાં જે પોતાનું સુખ પ્રગટ કરી શકતા નથી એની વાત કરે છે.

મુમુક્ષુ :- આપણે શાસ્ત્ર અભ્યાસની પદ્ધતિ વધારે છે, સ્વાધ્યાયની.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે વાત કરી છે. પગ નીચે રેલો આવે એવી વાત છે.

બીજી ક્રિયા કરનારાની ટિપ્પણી કરવી અને આપણે તો શાસ્ત્ર વાંચીએ છીએ માટે સાચે રસ્તે છીએ એવા ભ્રમમાં કોઈ રહી જાય નહિ એટલે આ સ્પષ્ટીકરણ કર્યું છે.

‘**જીવ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે,...**’ એટલે ઘણાં શાસ્ત્રો ભણે. ગમે તેટલા એટલે ઘણાં શાસ્ત્રો ભણે. એવો ક્ષયોપશમ હોય. અનેક શાસ્ત્રો ભણી શકે, વાંચી શકે. ‘**વાદવિવાદ કરી જાણે,...**’ આ સાચું છે અને આ ખોટું છે. ખંડન-મંડન. વાદ-વિવાદ કરે. મારું સાચું અને તમારું ખોટું. વાદવિવાદનો આ પ્રકાર છે. ક્યારે જીવો વાદ-વિવાદ કરે છે? કે જ્યારે પોતાના ક્ષયોપશમનો અહંભાવ થાય અને માન કષાય તીવ્ર થાય ત્યારે શાસ્ત્રના વાદવિવાદમાં ઊતરે છે. જ્ઞાનીએ તો બીજો રસ્તો પકડ્યો છે. કે ‘વાદવિવાદ કરે સો અંધા, સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા.’ ‘બનારસીદાસ’. વાદવિવાદ કરે છે એ તો અજ્ઞાની અંધ છે. અંધ અજ્ઞાની છે. આત્મા સહજ એવા પોતાના સ્વરૂપ પરિણામને ભજે એવો જે વ્યાપાર-ધંધો એનું આ કામ છે. અને એની જિજ્ઞાસા હોય તો એને કહેવાની વૃત્તિ જ્ઞાનીને હોય છે. વાદવિવાદ કરે એની સાથે, વાદવિવાદ કરવા આવ્યા હોય એની સાથે જ્ઞાનીઓ વાદવિવાદમાં ઊતરતા નથી.

જ્ઞાનદશા જેને પ્રાપ્ત થાય છે એની એક ઉઘાડ જ્ઞાનની અંદર પણ આટલી વિશેષતા હોય છે કે કોઈપણ જીવનો અભિપ્રાયની અંદર નિષ્ણાંત હોય છે. ગમે તે વાત

કરે. વાત કરનાર શું વાત કરે છે એના ઉપર એ મુખ્ય લક્ષ નથી દેતા. પણ શું અભિપ્રાય એણે રાખ્યો છે અને પછી વાત કરે છે એના ઉપર એ વધારે જોવે છે. અને જો એ સમજી લે છે કે આનો અભિપ્રાય સમજવાનો નથી પણ સમજાવવાનો છે અને તેથી એ વાદવિવાદ કરવા આવ્યા છે. તો એની સાથે એ વાદવિવાદમાં કદી ઊતરતા નથી.

'ગુરુદેવશ્રી'ને એવું બનેલું. એક સાધુ આવ્યા વાદવિવાદ કરવા. 'લીંબડી'માં આવ્યા હતા ને? તમારી સાથે ચર્ચા કરવી છે. આવી જાવ. અને 'ગુરુદેવ' તો તરત સમજી જાય કે આ પોતે ઘણું સમજે છે અને મને સમજાવવા માટે આવ્યા છે. એ જ એની અણસમજણ છે પણ એ પોતે એમ સ્વીકારવા તૈયાર નથી એને કોણ સ્વીકારાવશે પરાણે? કોઈ વાત કોઈને પરાણે મનાવવી કે ઠસાવવી એ વસ્તુ અશક્ય છે. બની શકે એવી છે જ નહિ. તો પછી એને સમજાવવાનો મારે શા માટે પ્રયત્ન કરવો? એટલે એમણે પોતે એવો જવાબ દીધો કે અમે કોઈની સાથે ચર્ચા અને વાદવિવાદ કરતા નથી. એટલે આવનાર સાધુએ આરોપ કર્યો કે એ તો તમે વાદવિવાદમાં અને શાસ્ત્રાર્થમાં ચર્ચામાં હારી જાવ એમ છો ને એટલે તમે ચર્ચા કરવા તૈયાર નથી. બહુ સારુ ભાઈ, તમે એમ સમજો તો અમારે કાંઈ એનું દુઃખ લગાડવાનું નથી. તમારો અભિપ્રાય તમારી પાસે, અમારો અભિપ્રાય અમારી પાસે. તમારા કોઈ Certificate થી અમારે કામ કરવું છે એવું તો કાંઈ છે નહિ. તમે એવું Certificate આપો કે આમને કાંઈ ખબર પડતી નથી. તો અમને એથી તમારા Certificateની કોઈ આવશ્યકતા નથી.

તોપણ પોતેને પોતે ચર્ચા ન કરે તો પોતે થોડી ચર્ચા કરી કે તમે નિમિત્તને માનતા નથી. જુઓ! આ ચશ્મા તમે પહેર્યા છે અને મેં પહેર્યા છે અને બીજા ભાઈએ પહેર્યા છે. ચશ્મા કાઢીએ તો દેખાતું નથી અને ચશ્મા પહેરીએ તો દેખાય છે. આ નિમિત્ત કામ કરે છે ચોખ્ખું. ઉઘાડી વાત છે. પણે તમે નિમિત્તને માનતા નથી. તો કહે બહુ સારું. ચર્ચા કરી લીધી ને? સમજાય ગઈ તમારી ચર્ચા. પતી ગયું. તમારું જ્ઞાન કેટલામાં છે એ સમજાય ગયું. થઈ ગઈ ચર્ચા. શું કીધું? થઈ ગઈ ચર્ચા. એટલે કે કેટલું અજ્ઞાન છે એની તમને ખબર નથી. એકડો હજી આવડતો ન હોય અને મોટા બારિસ્ટરને એમ કહે કે તમે કાંઈ સમજતા નથી. શું કહે? તમે કાંઈ સમજતા નથી. હું બધું સમજું છું. તો કહે બહુ સારુ ભાઈ. સમજતો હોય તો તારી પાસે રાખી દે. આ એવી બધી વાત છે. વાદવિવાદ ક્યાંય કરવા જેવો નથી.

'નિયમસાર'માં તો એવી એક ગાથા આવે છે કે અન્ય મતવાળા સાથે તું તો

વાદવિવાદ કરીશ નહિ. પણ જૈન મતવાળા સાથે પણ તું વાદવિવાદ કરીશ નહિ અને તારો સમય વ્યર્થ ગુમાવીશ નહિ. વાદવિવાદમાં ઉતરવાનો આ વિષય નથી. કેમકે એક વસ્તુને અનંત ધર્મ છે. કોઈ અધૂરા જ્ઞાનથી, અધૂરા વિચારથી, અધૂરી સમજણથી કોઈ એક વાત સમજે છે પદાર્થના પડખાની અને બીજી વાત સમજ્યા વગર એનો આગ્રહ કરે છે. આ હમણાં આવ્યું હતું ને?

દ્રવ્યની ચાર પરિભાષા છે. દ્રવ્ય કોને કહેવાય? ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં છે એવું સત્ છે તે દ્રવ્ય છે. ગુણ સમુદાય દ્રવ્ય છે, ગુણ પર્યયવત્ દ્રવ્ય છે. ત્રણ-ચાર એની વ્યાખ્યાઓ કરી છે. તો વળી કોઈ એક વાત પકડે કે હું કહું એટલી જ વાત માનો, બીજી વાત માનો મા. ભાઈ! એક પર્યાયને અનેક પડખેથી જોવાય છે, એક ગુણને અનેક પડખેથી જોવાય છે, એક દ્રવ્યને અનેક પડખેથી જોવાય છે. એમાં એક વાત પક્કડ કરીને આગ્રહ રાખે અને આગ્રહથી વાદવિવાદ સર્જે તો એમાં આત્માના હિત થવાનો એ કોઈ ઉપાય કે રસ્તો નથી.

'**વાદવિવાદ કરી જાણે,...**' એ જાતની બુદ્ધિ હોય, ક્ષયોપશમ હોય અને વાદવિવાદ કરી જાણે. '**પ્રમાણ-નય-નિક્ષેપાદિથી...**' વસ્તુને જાણવાના જે જ્ઞાનના રસ્તા છે પ્રમાણય-નય અને નિક્ષેપથી. તેનાથી '**વસ્તુની તર્કણા...**' એટલે વિચારણા કરે. જુદા જુદા તર્ક ઉઠાવીને વિચારણા કરી જાણે. '**ધારણારૂપ જ્ઞાન...**' એટલે યાદદાસ્ત. મતિજ્ઞાનમાં સ્મૃતિનો વિષય સારો હોય. બહુ યાદ રહે. એવા ધારેલા જ્ઞાનને, યાદ કરેલા વિષયને પોતાના વિચારમાં વારંવાર એને યાદ કર્યા કરે. અથવા ધારણાજ્ઞાનમાં આત્મસ્વરૂપની વાત લઈ લે. આત્મા જ્ઞાયક છે, શુદ્ધ છે, પૂર્ણ છે, ધ્રુવ છે. ધારી દે. એનું સ્મરણ કર્યા કરે. એ એક જુદી વાત છે. આ બધી વાત જુદી છે.

'**પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ...**' હયાતીને. જ્ઞાનસ્વભાવ છે એ સ્વભાવની હયાતીને વેદનથી ગ્રહણ કરે નહિ. ચાલતું વેદન છે. વેદક સ્વભાવ છે. એનું વેદન ચાલે છે. વેદનથી એની હયાતીને ગ્રહણ કરે નહિ, પકડે નહિ. એટલે કે જેવો સ્વભાવ છે એવો ભાવ એને પોતાનો જ છે. પોતાનો જ સ્વભાવભાવ એવો છે એવું એને ભાસે નહિ. '**અને તદ્રૂપ પરિણમે નહિ,...**' જો ભાસે તો તદ્રૂપ પરિણમે. આ એન સીધો સંબંધ છે. ભાસવા અને તદ્રૂપ પરિણમનને સીધો સંબંધ છે. જ્યાં સુધી ભાસે નહિ ત્યાં સુધી તદ્રૂપ પરિણમે નહિ. ભાસે તો જ તદ્રૂપ પરિણમે. આ અસ્તિત્વ ગ્રહણની સાથે એ સીધો સંબંધ છે.

આત્મા સાંભળ્યો છે અનેક વાર પણ અનાદિથી પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યું નથી. જે જ્ઞાયક સત્તા છે, ભિન્ન જ્ઞાયક સત્તા છે અથવા શુદ્ધ જ્ઞાયક સત્તા છે એ

રૂપ હું છું એવું ભાસ્યું નથી. એવું એને પોતાની સત્તાનું ગ્રહણ થયું નથી. એકવાર પણ જો અસ્તિત્વ ભાસે તો તે સમ્યક્ત્વનું અંગ છે. અથવા એ સમ્યગ્દર્શનનું, તદ્રૂપ પરિણમનનું. સમ્યગ્દર્શન કહો કે તદ્રૂપ પરિણમન કહો. તેનું તે અનન્ય કારણ છે. એમ લીધું છે. સમ્યગ્દર્શનનું એ અંગ છે.

મુમુક્ષુ :- અસ્તિત્વ ભાસવું કોને કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- જેવો એનો સ્વભાવભાવ છે એવા સ્વભાવભાવ સ્વરૂપે પોતે જ છે એવું એને લાગ્યા કરે. અત્યારે એને લાગ્યા કરે છે કે હું ફલાણો-ફલાણો છું. એવું એને લાગે છે. એમ હું પોતે શુદ્ધ સિદ્ધપદ સ્વરૂપ છું એમ લાગ્યા કરે. ભાસે ત્યારે એને લાગ્યા કરે.

મુમુક્ષુ :- ફેર પાડ્યો. લાગ્યા કરે, પેલું જાણ્યા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- સમજાય એમાં એમ કહે છે કે મને સમજાણું. વાત તમારી સાચી છે. એને એમ પૂછે છે કે ઊભો રહે. અમારી વાત સાચી છે એમ તને સમજાણું તો એવું લાગ્યું ખરું તને? તો લાગતું નથી. લાગે નહિ એને સાચું છે એમ કહે, એમ સંમત કરે તો એને મૂળમાં અસ્તિત્વનું ગ્રહણ થયું નથી. આ ફરક છે. લાગવું જોઈએ.

હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું એમ એને સતત લાગ્યા કરે. જો અસ્તિત્વ ગ્રહણ થાય તો એને સતત એમ લાગ્યા કરે કે હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું. તો એવું જ્યારે એને લાગ્યા કરે ત્યારે એને એમ પણ લાગે કે અત્યાર સુધી મને એમ લાગતું હતું કે હું ફલાણો-ફલાણો માણસ છું એ વાત મારી ભ્રમણાની હતી. એ કેવળ ભ્રમણા હતી. એવું લાગવું એ સાચું નહોતું. અને એ ભ્રમણાની ભૂલ છે એ સંસાર પરિભ્રમણનું કારણ હતું. આ ફેર પડે. એનું જે પહેલું લાગવું છે એ મટી જાય. જ્યારે એને જ્ઞાનસ્વરૂપ છું એમ લાગે ત્યારે એને બીજું બધું એ સિવાયનું જેટલું લાગતું હતું એ બધું મટી જાય.

જેમકે શિયાળો આવે ત્યારે ઠંડી વધે અને ઉનાળો આવે ત્યારે ગરમી વધે. તો કહે, ગરમી લાગે છે અને ઠંડી લાગે છે. તો કહે છે નહિ. જણાય છે. એ લાગતી નથી પણ જણાય છે. ઠંડી વધી છે એમ જણાય છે, ગરમી વધી છે એમ જણાય છે. જ્ઞાનને તે લાગી શકતી નથી. જ્ઞાનમાં તે જણાય શકે છે. એમ લાગવું, જાણવું બે વચ્ચેનો ફેર એને ત્યારે સમજાય છે. જ્યારે એને અસ્તિત્વગ્રહણ થાય છે ત્યારે. જ્યાં સુધી જેવું સમજાય છે એવું લાગે નહિ ત્યાં સુધી સમજાણું તે ખરેખર સમજાણું નથી. સાચુ સમજાણું નથી. આ સમજણ-સમજણનો ફેર છે. એમ લેવું. વિશેષ કહેશે...

## તા. ૧૧-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૧
## પ્રવચન નં. ૨૯૫

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૧ બોલ, ૧૪૦ પાનું. શાસ્ત્ર અભ્યાસ કરવા છતાં પ્રયોજન શું છે? અથવા પ્રયોજનની સિદ્ધિ કેમ થાય છે? અથવા કેમ થતી નથી? એ બંને વિષય સ્પષ્ટ કર્યો છે. અનેક શાસ્ત્રો, ઘણાં શાસ્ત્રોનું અધ્યયન કરે, ક્ષયોપશમ વિશેષ હોય તો ચર્ચા કરી શકે. પદ્ધતિસર, નય-પ્રમાણ-નિક્ષેપથી વસ્તુના સ્વરૂપને સમજે, સમજાવે અને અનેક પડખાની સ્મૃતિરૂપ જ્ઞાન, ધારણા હોવાથી વારંવાર સ્મરણ કરે તોપણ આટલો પ્રકાર છે એ બાહ્ય જ્ઞાનનો છે. અંતર જ્ઞાનનો આ પ્રકાર નથી.

શું કહે છે? શાસ્ત્રનું અધ્યયન, ચર્ચા, તર્કણા, ન્યાય, સ્મૃતિ, સ્મરણ. લોકો જેને જ્ઞાન સમજે. આટલું બધું હોય તો જગતમાં લોકો એમ સમજે કે આ જ્ઞાન છે. મૂળ જ્ઞાનને વિષે અહીં સુધીનો વિભાગ બાહ્ય જ્ઞાનમાં જાય છે. અથવા અભવિ હોય તોપણ આટલું કરી શકે. જેને સમ્યગ્દર્શન કદી પ્રાપ્ત થવાનું નથી એવો કોઈ અભવિ જીવ હોય તોપણ અહીં સુધી તો અગિયાર અંગ અને નવ પૂર્વના પાઠ સુધી તો પહોંચી શકે.

જે મૂળ કાર્ય કરવાનું છે, જ્ઞાનનું જે મૂળ કાર્ય છે-મૂળ કાર્ય છે એટલે એનું સ્વભાવભૂત કાર્ય છે એ પોતાના જ્ઞાનસ્વભાવને, જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડવું એટલે વેદનથી-અનુભવથી એની હયાતી સ્વીકાર થવી, વેદાવી, અનુભવાવી. એને પકડ્યું એમ કહેવામાં આવે છે. પકડવું, એકાગ્ર થવું, અવલંબન લેવું, અનુભવ કરવો, લીન થવું આ બધા એકાર્થમાં જાય છે.

'**જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ...**' એટલે અસ્તિત્વને અનુભવે નહિ. જ્ઞાનમય સત્તાનો અનુભવ ન કરે. નિજ જ્ઞાનમય સત્તાના અનુભવ વિના આ બધું થોથે થોથા છે. અથવા મોક્ષમાર્ગે, આત્માના હિત અને કલ્યાણ માટે જરા પણ ઉપયોગી નથી એમ કહેવું છે. અથવા પોતાના સ્વરૂપનું અનુભવજ્ઞાન તે જ્ઞાન છે. બાકીનું જ્ઞાન જે ઉપરના બધા પ્રકાર લીધા એ કોઈ ખરેખર જ્ઞાન નથી. એમ છે. હોય છે પહેલાં, એવું શાસ્ત્ર ભણવાનું બને છે. એની ચર્ચા-વિચારણા થાય છે. ધારણા ઉત્પન્ન થાય છે. પણ તેથી કરીને એ જ્ઞાન છે એમ કદાપિ મુમુક્ષુજીવે પોતાને વિષે માનવું જોઈએ નહિ. વાત કરવી છે .. મુમુક્ષુજીવને આ બધા પ્રકાર ઉત્પન્ન

થાય તોપણ એને હજી જ્ઞાન થયું છે, જ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ છે એવા ભ્રમમાં નહિ આવવું જોઈએ.

**'અને તદ્રૂપ પરિણમે નહિ,...'** અસ્તિત્વને ગ્રહીને-અસ્તિત્વને પકડીને-વેદીને તદ્રૂપ પરિણમે નહિ, તે રૂપ પરિણમે નહિ, તન્મય થઈને પરિણમે નહિ. જેવું જીવનું અસ્તિત્વ છે એવો સ્વાનુભવ કરે નહિ **'તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...'** જ્ઞેયનિમગ્ન. નિમગ્ન એટલે લીન. જ્ઞેયમાં લીન રહ્યો, જ્ઞેયમાં તન્મય થયો. જ્ઞેયમાં એકત્વભાવે પરિણમવું એવા જ્ઞાનને જ્ઞેયનિમગ્ન જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞેયનિમગ્ન જ્ઞાન પણ કહે છે અને એને જ્ઞેયનિષ્ઠ જ્ઞાન પણ કહેવામાં આવે છે. જે જ્ઞાનની નિષ્ઠા જ્ઞાનમાં એટલે પોતામાં નથી પણ જે જ્ઞાનની નિષ્ઠા જ્ઞેયમાં છે. જ્ઞાનમાં નથી પણ જ્ઞેયમાં છે. સ્વમાં નથી પણ પરમાં છે. **'તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...'**

**'તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે,...'** અથવા જ્ઞેયનિમગ્ન રહે છે ત્યારે તેમનું જ્ઞાનનું પરિણમન **'જે જે બહારનું જાણે...'** જે જે અન્ય જ્ઞેયો જ્ઞાનમાં એને જાણે ત્યારે તે જાણવાના કાળમાં તલ્લીન થઈ જાય છે, લીન થઈ જાય છે. સર્વ જ્ઞેયો જ્ઞાનથી ભિન્ન હોવા છતાં. સર્વ જ્ઞેયો જ્ઞાનથી ભિન્ન હોવા છતાં જ્ઞાનમાં એની એક્તા કરે છે, લીનતા કરે છે, તન્મયતા કરે છે, એકત્વ કરે છે. ત્યારે જ્ઞાન અને જ્ઞેય જુદા હોવા છતાં એના અનુભવમાં જુદા રહેતા નથી.

'સમયસાર'માં શાસ્ત્ર પરિભાષામાં ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' એને જ્ઞેયજ્ઞાયક સંકરદોષ કહે છે. જ્ઞેય અને જ્ઞાયકનું ભેળસેળપણું. સંકર એટલે ભેળસેળપણું, મિશ્રપણું. જો કે પદાર્થે કરીને-દ્રવ્યે કરીને-તો કોઈ બે પદાર્થ ભેળસેળ થઈ શકતા નથી. છતાં તેવો અનુભવ કરવો તે મિથ્યા અનુભવ છે. એમ થઈ શકતું નહિ હોવા છતાં તેવો અનુભવ કરવો તે મિથ્યા અનુભવ છે. એટલે એને મિથ્યા અનુભવ કહ્યો. જો બંને એક થઈ શકતા હોય અને એકપણે અનુભવાય તો તો તે અનુભવને સાચો અથવા સમ્યક્ કહેવો જોઈએ. પણ આ મિથ્યા અનુભવ છે. એ થઈ શકતા નથી. જ્ઞેય અને જ્ઞાન કદી એક થઈ શકતા નથી. ભિન્ન પદાર્થો છે એ હંમેશા ભિન્ન રહે છે. પણ જ્યાં સુધી જીવ પોતાની જ્ઞાનમય સત્તાને સ્વસ્વરૂપપણે, તલ્લીન થઈને, તદ્રૂપ થઈને એકત્વરૂપે પોતે છે એ રૂપે જો અનુભવગોચર ન કરે, ગ્રહણ ન કરે, પકડે નહિ તો એ જ્ઞાન જ્ઞેય સાથે તલ્લીન થયા વિના રહે નહિ. એટલે બેમાંથી એક તો બને જ. ત્રીજું કોઈ બની જાય એવું ન થાય.

અનાદિથી આ જીવ જ્ઞાનના સ્વપરપ્રકાશકપણાને લીધે અન્ય જ્ઞેયોને જાણતાં જ તેની સાથે તલ્લીન થઈ જાય છે. એકત્વ કરી લે છે. કેમકે એને પોતાના ભિન્ન જ્ઞાનમય

સત્તાનું એને જ્ઞાન નથી, અનુભવન નથી. કોઈપણ એને એ વિષયની ખબર નથી. પોતાના સ્વરૂપમાં એકત્વ કેમ કરવું એ વિષયથી આ જીવ અનાદિથી સર્વથા અજાણ્યો છે. એ માર્ગથી જ સર્વથા અજાણ્યો છે.

મુમુક્ષુ :- આવું સ્પષ્ટ વારંવાર સાંભળ્યા, સમજ્યા છતાં જીવ એવી કેવી ભૂલ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ સાંભળ્યું એ જે સ્પષ્ટ લાગે છે એ ખરેખર હજી જેટલું જોઈએ એટલું સ્પષ્ટ નથી. કેમકે જે જ્ઞાનનું જ્ઞાનમાં એકત્વ કરવાની જે વિધિ છે એ વચનઅગોચર છે. વિષય તો એટલો જ આવે છે કે જ્ઞાનનું જ્ઞાનમાં એકત્વ કરવું. કઈ રીતે કરવું એ વિષય હંમેશા વચન અગોચર હોવાને લીધે ક્યાંય સ્પષ્ટ થઈ શકતો નથી.

જેમકે જે વિષય સ્વાદનો છે. તો કહે, ભાઈ મોહનથાળ તો ગળ્યો લાગે, બરફી તો કહે ગળી લાગે. બીજી ચીજો જલેબી ગળી લાગે. બધું ગળપણ... ગળપણ... ગળપણ કહેવાય. તો કહે, આ ગળપણમાં અને આ ગળપણમાં શું ફેર? બરફી અને મોહનથાળમાં શું ફેર? લાડવા અને જલેબીમાં શું ફેર? ગળ્યું તો તમે બધું જ કહો છે. પણ જે સ્વાદનો વિષય છે આટલો સ્થુળ છે, ઇન્દ્રિયજ્ઞાનનો વિષય હોવાને લીધે અત્યંત સ્થુળ છે તોપણ સ્વાદનો હોવાને લીધે વચનગોચર થતો નથી.

'ગુરુદેવ' એ દૃષ્ટાંત આપતા હતા કે ઘી મોળું લાગે અને કાકડી પણ મોળી લાગે અને કાજુ પણ મોળા લાગે. બધાની મોળાશ જુદી જુદી છે. મરચુ તીખું લાગે અને મરી પણ તીખા લાગે. કોઈ એમ કહે કે મરચુ અને મરીની તીખાશને જુદી જુદી વર્ણવી દ્યો. તો કહે, છે જુદી એટલું કહી શકાય. બાકી એ સ્વાદનો વિષય તો સ્વાદથી જ સમજાય.

એમ આ નિશ્ચયના પ્રકરણમાં નિશ્ચયમાં જે એકાગ્ર થવું એવી જે પરિણામની પ્રયોજના છે, નિશ્ચયમાં જે નિશ્ચયની પ્રયોજના છે એ હંમેશા જ્ઞાનીઓના-અનુભવીઓના-હૃદયમાં રહી છે. એ વસ્તુ બહાર નથી આવી શકતી. હંમેશાં વચન અગોચર છે. એટલે ઇન્દ્રિયજ્ઞાનમાં મનમાં, બુદ્ધિમાં, મતિમાં ગમે તેટલો આ વિષય સ્પષ્ટ લાગતો હોય તોપણ એક હદે તે અસ્પષ્ટ છે.

મુમુક્ષુ :- ... ભાવોને ને ... શબ્દો ઓછા પડે છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. તાકાત જ નથી શબ્દોમાં. આ વિષયની કથની કરવાની શબ્દોનું સામર્થ્ય નથી, વાણીનું સામર્થ્ય નથી, વાણીની પહોંચ નથી ત્યાં. એનું સામર્થ્ય નથી શું કરે એ? એની Limit પૂરી થાય છે-હદ પૂરી થાય છે. એ પોતાની મર્યાદામાં

છે ત્યાં સુધી કહે છે. પછી મર્યાદા બહારનો વિષય છે. વાણીગોચર નથી, વિકલ્પગોચર નથી. જો વિકલ્પગોચર નથી, મનગોચર નથી તો વાણીગોચર કેવી રીતે હોય? કેમકે એ તો પછી વાણીમાં આવે છે. મન, વિકલ્પમાં આવ્યા પછી વાણીગોચર થાય છે. હવે એથી એ પાર છે આ તો. તો વાણીગોચર થવાનો તો પ્રશ્ન રહેતો નથી.

એટલે જ્યારે પોતાના સ્વરૂપથી અજાણ છે-સ્વાનુભવથી, ત્યારે પણ એ નજીક ગયો નથી. એ પહેલાં બાહ્ય જ્ઞાનમાં ગમે તે કરે તોપણ જ્ઞાન પોતાની નિજ સત્તાને ગ્રહણ ન કરે ત્યાં સુધી જ્ઞેયનિમગ્નપણું મટતું નથી. અને જે જે બહારના પદાર્થો જણાય છે તેમાં તલ્લીનપણું સહજમાત્રમાં થઈ જાય છે. એ તલ્લીનપણું થાય છે ત્યારે એક એવો વિપરીત અનુભવ થાય છે એને અહીંયાં સ્પષ્ટ કરે છે 'પૂજ્ય બહેનશ્રી'. કે જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે. વેદવું એટલે અનુભવ કરવો. જાણે કે એનું જ્ઞાન, પોતાનું જ્ઞાન બહારથી ઉત્પન્ન થતું હોય, જ્ઞેયથી ઉત્પન્ન થતું હોય, જ્ઞેયને કારણે ઉત્પન્ન થતું હોય એવો એ વિપરીત અનુભવ કરે છે. વસ્તુતાએ એમ છે નહિ.

જેમકે સાંભળવાથી થતું શ્રુતજ્ઞાન, શાસ્ત્ર વાંચવાથી થતું શ્રુતજ્ઞાન. તો એને એમ લાગે કે આ વાંચ્યું તો મને ખબર પડી, સાંભળ્યું તો મને સમજાયું. મેં જે પ્રશ્ન પૂછ્યો એનો ઉત્તર મળ્યો તો સમજાણું. એમ બહારથી જ્ઞાન આવતું હોય એવો એક એનો જૂઠનો અનુભવ, મિથ્યા અનુભવ એને થાય છે. જ્ઞાનનો પર્યાય હંમેશા એના જ્ઞાન ભંડારમાંથી જ આવે છે. ક્યાંય જ્ઞાનનો પર્યાય કોઈ બીજી જગ્યાએથી આવે એવું અસંભવિત છે.

'નિયમસાર' 'પરમાગમ'માં એને સહજ કારણજ્ઞાનસ્વભાવ કહ્યો છે. પરમપારિણામિકભાવે રહેલો જે જ્ઞાનસ્વભાવ એને સહજજ્ઞાન અથવા એને કારણજ્ઞાન કહ્યું છે. કારણ પરમાત્મા જે કહે છે ને? એક એક ગુણમાં કારણપણું લગાડ્યું છે. જ્ઞાન કેટલા પ્રકારનું? કે સ્વભાવ અને વિભાવ એવા બે પ્રકારનું. તો સ્વભાવમાં? તો કહે સ્વભાવમાં બે પ્રકાર.

'નિયમસાર'ની દસમી ગાથા છે. **'ચૈતન્યાનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે. ઉપયોગ બે પ્રકારનો છે : (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ. જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : (૧) સ્વભાવજ્ઞાનોપયોગ અને (૨) વિજ્ઞાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ અને (૨) કારણસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ સહજજ્ઞાનોપયોગ) વિભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ અને (૨) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ...'**

બેયને વિભાવમાં લઈ ગયા છે. સમ્યક્ અને મિથ્યા બેયને વિભાવમાં લઈ લીધા. કેવળજ્ઞાનને સ્વભાવ લીધો છે અહીંયા. કારણ અને કાર્ય કેવળજ્ઞાન સાથે જ છે.

મૂળ ગાથામાં એ પ્રમાણે છે કે '**આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે (અર્થાત્ જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ). તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે; તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે (અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે : કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન). કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે અને તેનું કારણ...**' એ કેવળજ્ઞાન ઉપયોગ છે, કાર્ય છે એનું કારણ કે '**પરમ પારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન છે.**' તે કારણજ્ઞાન છે. એને અહીંયાં કારણજ્ઞાન કહ્યું છે. એ રીતે સ્વભાવની અંદર પણ કાર્ય અને કારણના બે ભેદ કહ્યા છે. શક્તિ અને વ્યક્તિ અપેક્ષાએ. એક પારિણામિકભાવે છે, એક કેવળજ્ઞાન ઉપયોગસ્વરૂપે છે.

અહીંયાં એમ કહે છે કે મિથ્યાજ્ઞાનમાં એવો અનુભવ થાય છે કે '**જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય...**' અથવા જ્ઞેય અનુસાર જે જ્ઞાનની આકૃતિ થાય છે-જ્ઞાનાકાર જે ઉત્પન્ન થાય છે, એ છે પોતાનું કારણ. જે ઉપયોગની સ્વચ્છતા છે એ પોતાનું કારણ છે. પણ ભ્રાંતિવશ જીવને એમ થાય છે કે સામા જ્ઞેયને કારણે અહીંયાં આકૃતિ ઉઠી. એવું હરગીઝ નથી. જ્ઞેયના આકારને લઈને જ્ઞાનમાં એવો આકાર, એવો જ બરાબર આકાર થયો. મોર હતો એવો જ મોર અહીંયાં જ્ઞાનાકારમાં થયો. એને કારણે નહિ-પેલા મોરને કારણે નહિ. આ એક થોડી કઠણ પડે એવી વાત છે. એ ચાલ્યો જાય તો અહીંયાં એ આકૃતિ ચાલી જાય. બીજી કોઈ આકૃતિ સામે આવે તો અહીંયાં એવી જ આકૃતિ આવે. એ આકૃતિ જેટલી ચેષ્ટા કરે એટલી ચેષ્ટા અહીંયાં થાય. આ આકૃતિમાં ફેરફાર થાય. છતાં બિલકુલ કાર્ય-કારણનો સંબંધ નથી એમ કહે છે. ગોળ ગળ્યો લાગે, મીઠું ખારું લાગે, લીમડો કડવો લાગે તોપણ ખરેખર એ જ્ઞેયો અને આ જ્ઞાનને કાર્ય-કારણનો બિલકુલ સંબંધ નથી.

મુમુક્ષુ :- નિમિત્તના સામર્થ્યની એટલી વિશેષતા ખરી.

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્તનું સામર્થ્ય નિમિત્તમાં છે અને નિમિત્તનું સામર્થ્ય એક ટકો કે એક ટકાના કોઈપણ વિભાગે ઉપાદાનમાં નથી. 'શ્રીગુરુદેવે' આ ફેંસલો બોલાવ્યો છે બે પદાર્થ વચ્ચેનો કે નિમિત્તનું સામર્થ્ય કે નિમિત્તમાં પૂરેપૂરું. ઉપાદાનમાં...

મુમુક્ષુ :- ... જે ભૂલાવમાં પડે એવી વિચિત્રતા કુદરતમાં જ છે...

પૂજ્ય ભાઈશ્રી :- કુદરતમાં કરતા પણ પોતાના અજ્ઞાનમાં છે. અજ્ઞાનને કુદરત

કહેવી હોય તો બીજી વાત છે. પણ એ પોતાના અજ્ઞાનમાં છે.

જો જીવ પોતાના જ્ઞાનનો અવલોકનથી અભ્યાસ કરે તો એને સ્પષ્ટ પ્રતિભાસે એવું છે, અનુભવગોચર થાય એવું છે કે અનેક જ્ઞેયો અનુસારની જ્ઞાનની આકૃતિઓ જ્ઞાનમાં થવા છતાં જ્ઞાનમાં કોઈ વધવાપણું, ઘટવાપણું કે જ્ઞાનને કાંઈ થતું નથી એનાથી. જ્ઞાન સદાય જ્ઞાનસ્વરૂપે અવિકૃતપણે રહે છે. એવો જ કોઈ જ્ઞાનનો અવિકારી સ્વભાવ છે.

જેમ જીભ ઉપર અનેક સ્વાદ આવવા છતાં કોઈપણ સ્વાદ કાયમ માટે રહી જાય એવો જીભનો સ્વભાવ નથી. થોડીક Secondમાં ખલાસ થાય છે. અનેક સ્વાદને સ્વાદનારી જીભ એક પણ સ્વાદને સંઘરતી નથી. એમ અનેક જ્ઞેયોનું પ્રતિબિંબ જીલનાર જ્ઞાન એકપણ પ્રતિબિંબને સંઘરતું નથી. અને સંઘરતું નથી એનો અર્થ કે ભેળસેળપણું કરીને મિશ્રિતપણું કરતું નથી. એટલે કે કદી પણ વિકાર પામતું નથી. જ્ઞાન કદી પણ કોઈ જ્ઞેયથી વિકાર પામતું નથી. આવો એનો જે મૂળ સ્વભાવ છે એ સ્વભાવથી અજાણ હોવાને લીધે જીવ એમ ભ્રાંતિથી સ્વીકારે છે કે જ્ઞેયને લઈને મને વિકાર થાય છે. આ એની જે અજ્ઞાનથી ભૂલ કહો, ભ્રાંતિથી ભૂલ કહો એ આ છે કે એમ નહિ થતું હોવા છતાં એને જાણવું, માનવું, સ્વીકારવું કે જ્ઞેયથી જ્ઞાન થાય છે અથવા જ્ઞેયથી જ્ઞાનમાં વિકૃતિ આવે છે. આ એક જ ભૂલ, મૂળની ભૂલ આખા સંસારનું કારણ છે. અહીંથી સંસરણ થઈ જાય છે-સરી જાય છે જ્ઞેય પ્રત્યે જીવ. જ્ઞેયમાં નિમગ્ન થઈ જાય છે. જ્ઞેય પ્રત્યે ભ્રાંતિગત રીતે એને જવાનો અધ્યાસ થાય છે. એ ખોટો અનુભવ એનું નામ અધ્યાસ છે. અને એ ચક્કરમાં ફસાય છે.

મુમુક્ષુ :- જ્ઞેય વગર જ્ઞાન કેવી રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞેય વગર? જ્ઞાનના સામર્થ્યથી જ્ઞાન થાય છે. જ્ઞાન તો જ્ઞાનના સામર્થ્યથી થાય છે. જ્ઞેય આ ચીજ છે. આ જણાવા લાયક. જ્ઞેય એટલે જણાવા લાયક. જો આનાથી જ્ઞાન થતું હોય તો આને પણ થવું જોઈએ. આ ચીજથી જ્ઞાન થતું હોય તો આમાં પણ એનું જ્ઞાન થવું જોઈએ. પણ અહીંયાં જ્ઞાનનું સામર્થ્ય નથી માટે ત્યાં જ્ઞાન થતું નથી. અથવા મડદું લ્યો-મૃતક કલેવર. જો જ્ઞેયથી જ્ઞાન થતું હોય તો મૃતક કલેવરમાં પણ પાંચેય ઇન્દ્રિયોનું જ્ઞાન ચાલુ રહેવું જોઈએ. કેમકે જ્ઞેયો તો મોજૂદ છે. એનો અર્થ એમ છે કે જ્ઞાન જ્ઞાનના સામર્થ્યથી થાય છે.

અનંત કાળથી મિથ્યા અધ્યાસે કરીને અનંત જ્ઞેયોનો અનુભવ કર્યો હોવાનું એણે અધ્યાસની અંદર મિથ્યાપણે અનુભવ્યું. તોપણ જ્ઞાન વિકૃતિ ન પામ્યું, તોપણ જ્ઞાન ક્યારેય પણ જ્ઞેયને લઈને થયું એવી સ્થિતિને ન પામ્યું તે જ્ઞાનનું સામર્થ્ય કેટલું! એકવાર જો પોતાનું સામર્થ્ય જોવે તો એ સામર્થ્ય અનંત સામર્થ્ય છે એમ સમજાયા

વિના રહે નહિ. જો પોતાનું અનંત સામર્થ્ય સમજાય તો એનો આધાર આવે છે. અને એ જબરજસ્ત આધાર છે. પોતાના અનંત સામર્થ્યનો, અનંત સત્તાનો, અનંત સામર્થ્યનો જે આધાર છે એ એક એવો આધાર છે કે જીવની બધી જ દીનતાને છોડાવી દે છે. કોઈપણ પ્રકારની દીનતા એને ન રહે એવી પરિસ્થિતિ છે.

એમાં આ વખતે એક બીજો મુદ્દો ભળી જાય છે. વિષય તો જ્ઞાનથી ચાલે છે. જ્ઞાન લક્ષણથી જ્ઞાયક સ્વભાવનો પરિચય થાય છે, ઓળખાણ થાય છે. પરંતુ એ જ વખતે ત્યાં સુખનું ભાસવું પણ આપોઆપ થઈ જાય છે. એ તબક્કે અનંત સુખ સ્વભાવ પણ એને ભાસી જાય છે. અને સુખ જીવનું પ્રયોજન હોવાથી પછી સુખ માટે ક્યાંય દીનતા કરવી કે જ્ઞાન માટે ક્યાંય દીનતા કરવી એ બે વાત ચાલી જાય છે. બસ! આ જીવરાજા થઈ ગયો અહીંયાં. જ્યારે એને પોતાના સુખ અને પોતાના જ્ઞાન માટે કોઈની સામે જોવાનું રહેતું નથી, કોઈની દીનતા કરવાનું રહેતું નથી ત્યારે એ પોતે રાજા થઈ ગયો. એણે પોતાના પરમ ઐશ્વર્યને સ્વીકાર્યું. પરમ ઐશ્વર્યનો એણે પોતે નિશ્ચય કર્યો. એ નિશ્ચયબળ એને જેવું સ્વરૂપ છે ત્યાં સુધી પહોંચાડે છે.

મુમુક્ષુ :- પોતાનું ઐશ્વર્ય નિજ સુખ થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- નિજ અનંત સુખ અને નિજ અનંત જ્ઞાન. એવા એવા તો અનંત ગુણ છે. પણ આ ઓછામાં ઓછા ઉઘાડવાળા જીવને આ બે વાત પકડાય છે. આ બે વાત સમજમાં આવે છે તિર્યંચ હોય તોપણ. કે મારું અનંત સુખ અને મારુ અનંત જ્ઞાન મારામાં છે. એના માટે મારે ક્યાંય બહારમાં લેવા જેવાનું, આધાર .. , દિનતા કરવાનો, અવલંબન લેવાની કોઈ આવશ્યકતા નથી. જેટલું બહાર જવાય એટલી આકુળતા છે, એ મિથ્યાભાવ છે. એનો નિષેધ આવે છે.

મુમુક્ષુ :- ઇચ્છાનો નિરોધ એ જ .. થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- ઇચ્છાનો નિરોધ છે... ઇચ્છા પોતે આકુળતાસ્વરૂપ છે. જો આકુળતા સ્વયં અટકી જાય. નિરોધનો અર્થ શું છે? સ્વયં અટકી જવું. જો ઇચ્છા સ્વયં વિરામ પામી જાય તો શું થાય? તો નિરિચ્છક સ્વભાવ છે તે સંપૂર્ણ પ્રગટ થાય. અથવા જેટલે અંશે પ્રગટ થાય એટલે અંશે મોક્ષ, સંપૂર્ણ પ્રગટ થાય તો સંપૂર્ણ મોક્ષ. એટલે ઇચ્છાનો નિરોધ તેને મોક્ષ એક ન્યાયે કહી શકાય. નાસ્તિથી. અસ્તિથી નિરિચ્છક જે સ્વભાવ છે-ઇચ્છા વિનાનો જે પરિપૂર્ણ સ્વભાવ છે, કેમકે પૂર્ણતા હોય ત્યાં ઇચ્છાની જરૂર નથી. પેટ ભરેલું હોય એ ખોરાક માગતો નથી. તો જે પોતાના સ્વરૂપથી પૂર્ણ છે એ શું માંગે? કાંઈ માંગતો નથી. એને કાંઈ ઇચ્છા નથી.

એને કાંઈ ઇચ્છા થતી નથી. એમ છે.

એ વિષય ૩૮૪માં લીધો છે. '**તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે. અનંતગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી, અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે. તારામાં આવા નિધાન છે, તો પછી તું બહાર શું લેવા જાય છે? તારામાં છે તેને જો ને! તારામાં શી ખામી છે? તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે. સુખ ને જ્ઞાન તો શું પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી. એકવાર તું અંદરમાં પ્રવેશ કર, બધું અંદર છે. અંદર ઊંડે પ્રવેશ કરતા, સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે અને તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ.**' તૃપ્તિ થશે એટલે ઇચ્છા નહિ થાય. એમ વાત છે. તૃપ્ત થયા પછી ઇચ્છા થતી નથી. એ પાછળ બોલ લીધો છે. સ્વાનુભવનો મહિમા કર્યો છે.

... 'દીપચંદજી' પરપ્રવેશભાવ કહે છે. પરપ્રવેશ. કાં તો જ્ઞાનમાં પરનો પ્રવેશ થાય છે અને કાં જ્ઞાન પરમાં પ્રવેશ કરી જાય છે. એવો કાંઈને કાંઈ જે જૂઠનો અનુભવ છે એને પરપ્રવેશભાવ કહે છે. અને એવો જે પરપ્રવેશભાવ તે પોતાના સ્વસંવેદનને રોકનારો ભાવ છે. ત્યાં એ વિષય ચાલ્યો છે કે પરપ્રવેશભાવથી પોતાનું સ્વસંવેદન રોકાય છે જ્ઞાનની અંદર.

મુમુક્ષુ :- ઘડિયાળનો કાંટો જેમ ચાલે છે એ જ પ્રકારે સામે જ્ઞાન થાય છે. દૃષ્ટિમાં જ્યારે દેખાય...

પૂજ્ય ભાઈશ્રી :- સવાલ એટલો છે કે એ ચાલે છે માટે એમ થાય છે? આટલો સવાલ છે. એ ચાલે છે એવું અહીંયાં જણાય છે એનો કોઈ વાંધો નથી. કેમકે એ તો એની સ્વચ્છતામાં પ્રતિબિંબ પડે એટલે Exact પ્રતિબિંબ પડે. તો એ બરાબર છે. સવાલ એટલો છે કે એને લઈને એમ થાય છે? બસ! આટલું વિચારવાનું છે. જે અહીંયાં વિચારવું છે એ આટલું વિચારવું છે કે આ કાંટો ચાલે છે, લોલક ચાલે છે લ્યોને. તો ચાલે છે એવું જણાય છે. જેવું ચાલે છે એવું જણાય છે. પણ એટલે જણાય છે કે કેમ? એને લઈને જણાય છે કે કેમ?

મુમુક્ષુ :- ટાઈમમાં બીજો ફેરફાર થયા વગર એ જ ટાઈમે... દૃષ્ટિમાં એ જ ટાઈમ આવે છે કે સાડા આઠને પાંચ...

પૂજ્ય ભાઈશ્રી :- સાડા આઠને પાંચ હોવાથી સાડા આઠને પાંચ જણાય છે. એટલે આ જીવ એમ માને છે કે એને લઈને એમ થયું. આ ભૂલ થાય છે. એને લઈને એમ નથી જણાયું. પણ પોતાના જ્ઞાનના સામર્થ્યને લઈને એમ જણાયું છે.

એના માટે 'ગુરુદેવશ્રી' એક બહુ સરસ વાત કરતા હતા. અંદરમાં ઊતરી જાય એવી વાત છે કે જો ભાઈ! તું અંદરમાં તો જો જરાક. આ તારો જે જ્ઞાનનો પર્યાય છે એ આવે છે ક્યાંથી? જ્ઞાનનો પર્યાય થયા જ કરે છે.. થયા જ કરે છે... ઉત્પન્ન થયા જ કરે છે. ક્ષણે ક્ષણે જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થતો જ હોય છે. હવે એમ કહે છે કે એ જ્ઞાનનો પર્યાય આવે છે ક્યાંથી? આટલું જો તું. અહીંથી આવે છે કે અહીંથી આવે છે? અને એ એટલે હદ સુધી કહેતા કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી, ગુરુથી જ્ઞાન થતું નથી. જ્ઞાન માત્ર જ્ઞાનથી જ થાય છે. જ્ઞાન કોઈ બીજી રીતે થઈ શકતું નથી. જ્ઞાનનો ઉદ્‌ભવ આત્મામાંથી થાય છે, આત્મામાંથી જ્ઞાન થવું એ જ્ઞાનનું સ્વરૂપ છે, જ્ઞાનનો સ્વભાવ છે. અને ક્યાંય બહારથી જ્ઞાન થવું એ જ્ઞાનના સ્વરૂપથી વિરુદ્ધ વાત છે. એવું સ્વરૂપ જ નથી. બસ! આ સમજણ ઉપર આખો આધાર છે. સમજણ ઉપર જ આધાર છે.

અન્ય જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસે તેથી ભ્રાંતિએ પડવા જેવું નથી કે જ્ઞેયથી જ્ઞાન થાય છે. એ ભ્રાંતિમાં જવા જેવું નથી. બસ. અને અંદર અવલોકન કરીને જોવા જેવું છે કે જ્ઞાન તો જ્ઞાનમાંથી જ થાય છે. જ્ઞેયમાંથી જરા પણ જ્ઞાન થતું નથી. તેથી કાર્ય-કારણપણે જ્ઞેયને કાંઈ સંબંધ નથી.

જ્યારે જીવ એ વાતથી જ્યાં સુધી અજાણ્યો છે કે જ્ઞાન જ્ઞાનથી થાય છે એ વાતથી જ્યાં સુધી અજાણ્યો છે ત્યાં સુધી અનાદિથી એને આ ભ્રમ છે કે જ્ઞેયથી જ્ઞાન થાય છે અને એ ભ્રમમાં એ આગળ વધી જાય છે ત્યારે એને એમ થાય છે કે જ્ઞેયથી જ્ઞાન થતું હોવાને લીધે અન્ય જ્ઞેયો મારામાં કાંઈક અસર પહોંચાડે છે. એટલે એને કોઈ ચીજ સારી લાગે છે, કોઈ ચીજ એને ખરાબ લાગે છે. વસ્તુતાએ કોઈ ચીજ સારી-ખરાબ છે નહિ. અને જ્ઞાનનો સ્વભાવ સારી-ખરાબપણે કોઈને જાણવાનો એનો સ્વભાવ પણ છે નહિ. પણ એને જ્યારે સારી-ખરાબ કોઈ ચીજ લાગે છે એ ભ્રમણામાં ને ભ્રમણામાં તીવ્રતા આવે છે ત્યારે અનેકવિધ પ્રકારે એને રાગ, દ્વેષ, મોહ આદિ વિકારોની ઉત્પત્તિ થઈને એ દુઃખની અંદર ધકેલાઈ જાય છે. એના પરિણામ દુઃખની અંદર એટલા બધા વીંટળાઈ જાય છે કે એ ફસાયેલા પરિણામને પણ ત્યાંથી નીકળવું પણ દુષ્કર અને કઠિન થઈ પડે છે. એવી સ્થિતિએ પહોંચે છે. ક્યાં સુધી? કે અનંત અનંત કાળ સુધી.

મુમુક્ષુ :- આત્મામાં રાગ-દ્વેષ નથી તો એ ઉત્પન્ન કેવી રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવમાં નથી. અવસ્થામાં વિકાર થવાનો ધર્મ છે. ચકમક છે એમાં અગ્નિ છે કે નહિ? તો ચકમકમાં રહેલી અગ્નિથી કાંઈ બળે? એ અગ્નિ

જો વ્યક્ત થાય તો .. બળે. તો એક પ્રશ્ન થઈ શકે કે જો ચકમકમાં રહેલી અગ્નિથી કાંઈ નથી બળતું તો પછી બહાર નીકળેલી અગ્નિથી શું કરવા બળે છે? તર્ક લડાવવો હોય તો લડાવી શકાય છે.

ફરીથી. અગ્નિનો સ્વભાવ શું છે? બાળવાનો. પણ વ્યક્તપણે હોય તો બાળવાનો. આ શરત છે. અગ્નિના બે સ્વરૂપ છે. શક્તિરૂપે એને વ્યક્તિરૂપે. શક્તિમાં બાળવાનો સ્વભાવ નથી. વ્યક્તિમાં છે.

એમ વિકાર અને અવિકારનો જે ધર્મ છે એ જીવની વ્યક્ત પર્યાયમાં છે, શક્તિમાં નથી. સમજાણું ? સ્વભાવ છે એ તો સામર્થ્યરૂપ છે અને શક્તિરૂપ છે. એટલે એમાં વિકાર-અવિકાર થવાનો પ્રશ્ન નથી. એ એનાથી પર છે. એની કોઈ અપેક્ષા એને નથી લાગુ પડતી. કોઈવાર કહેવાય છે કે સ્વભાવ અવિકારી છે. પણ વસ્તુતાએ એને એ અપેક્ષા નથી લાગુ પડતી. કેમકે એ તો પર્યાયધર્મ છે. તે એનો ધર્મ જ નથી. પારિણામિકભાવનો એ ધર્મ નથી. ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક અને ઉદય એ બધા બોલો પર્યાયને લાગુ પડે. પારિણામિકભાવને એકેય બોલ લાગુ ન પડે. કોઈ અપેક્ષા લાગુ ન પડે. કેમકે એમાં શુદ્ધિ-અશુદ્ધિ, વિકાર-અવિકારના પ્રકાર છે નહિ. પારિણામિકભાવને એ કાંઈ નથી લાગુ પડતું. એનાથી એ પર ચીજ છે.

એટલે જે જે સ્વરૂપે છે એ સ્વરૂપે એને સમજવું જોઈએ. અને એમ જ છે કે નહિ એમ એને અનુભવ કરવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ. માત્ર સમજીને સંતોષ પકડવા જેવો નથી. પણ જે સમજાયું છે એનો એ રીતે અનુભવ થાય છે કે નહિ? એ પણ Try કરીને, પ્રયત્ન કરીને, અભ્યાસ કરીને એ અભ્યાસે કરીને સિદ્ધ કરવું જોઈએ. તો એ સમજાયું સાચું. નહિતર સમજણ કાંઈક અદ્ધર રહેશે અને અનાદિનો ઊલટો અનુભવ છે એ કાંઈ એમ ને એમ મટી જાશે નહિ.

મુમુક્ષુ :- આ .. અસંખ્યાતા ... આ બધી ખોટી માથાકૂટ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખોટી માથાકૂટ છે. જો સાચી માથાકૂટ હોત, ખોટી ન હોત એમ માનો, સાચી હોત તો દેહાંત થઈ ગયા પછી એ વાતનો સ્વીકાર પછી પણ ન કરત. કોઈ ભર્યા ઘરમાંથી ચાલ્યો જાય છે ત્યારે શું કહે છે? કે એનું ક્યાં કાંઈ હતું? હોત તો સાથે ન લઈ ગયો હોત? શું કહે? તમે કમાણા દુકાન નાખીને. હવે તમારા બુદ્ધિ ચાતુર્યથી, પરિશ્રમથી જે કમાણા. તમને એમ લાગ્યું કે મારી બુદ્ધિ ચાતુર્ય અને પરિશ્રમથી મેં ઘણી સંપત્તિ મેળવી. હવે જવાનો વારો આવ્યો. એ તો નક્કી વાત છે. કોઈ અમરપટ્ટો લઈને તો દેખાતો નથી. વાત તો નક્કી છે. પણ એને એની પ્રતીતિ નથી. જાણે છે, સમજે છે પણ એ વાતનો વિશ્વાસ નથી. વિશ્વાસ

એને એમ છે કે હું તો અહીંયાં કાયમ રહેવાનો છું. એટલે આમ થોડી સમજણ અને વિશ્વાસમાં ઊલટોસુલટો ફેર છે. સમજણ કાંઈક છે, વિશ્વાસ કાંઈક છે. પરિણામે શું થાય છે? કે વાસ્તવિકતા છે એ તો આવીને ઊભી રહે છે. એટલે જવું તો પડે છે. પણ એને આઘાત લાગે છે કે આ તો મારું છે અને કાંઈ સાથે આવતું નથી. Draft કઢાવાતો હોય તો? .. અને એકલી વ્યવસ્થા થઈ કે ભાઈ, તમે તમારા પરિશ્રમથી કમાયેલા છો અને વળી છોકરા કીધામાં નથી. ઊંધા ચાલે છે. તો કહે, તમે તમારું લઈ જાવ. તો શું કરે?

મુમુક્ષુ :- સાવરણીનું ઠુંઠું ન રહેવા દે.

પૂજ્ય ભાઈશ્રી :- અરે..! છોકરાને જે મોટા કરવાનો ખર્ચ લાગ્યો હોય ને એ બધો ચક્રવર્તી વ્યાજ સાથે ગણી અને એટલો Draft કઢાવીને છોકરા માથે દેણુ કરીને જાય કે આ તું હવે ભરજે, ભાઈ! મારું તો હું લઈ જાઉં છું. શું કરે? આટલું બધું જીવને મમત્વ છે. આ તો મમતા એની કેટલી! એની મમતાનો પાર નથી. પણ એ બધા દુઃખના રસ્તા છે. કોઈ સુખના રસ્તા નથી. દુઃખી થવાના રસ્તા છે.

મુમુક્ષુ :- મમતા આવવી કે સમતા આવવી એ તો ક્રમબદ્ધપર્યાયમાંથી જ આવે ને?

પૂજ્ય ભાઈશ્રી :- ક્રમબદ્ધ પર્યાયનો વિષય જ્ઞાયક સ્વભાવને દર્શાવવા માટે 'ગુરુદેવે' કહ્યો છે. માત્ર પર્યાયની ક્રમબદ્ધતા દર્શાવવા માટે એ વિષય કહ્યો જ નથી. નહિતર એમાંથી સ્વચ્છંદ થતા વાર ન લાગે. જ્ઞાયક સ્વભાવને અનુસરીને પર્યાયની ક્રમબદ્ધતા સમજવી રહી, સમજવી જોઈએ. નહિતર બીજી રીતે સમજવાનો પ્રતિબંધ છે અથવા આજ્ઞા નથી એમ સમજવું. એક જ રીતે સમજવાની પદ્ધતિ છે કે આ આત્મા જ્ઞાયક છે એમ રાખ્યા પછી, એમ આવ્યા પછી પર્યાયની ઉપેક્ષા કરવા એ પર્યાય સંબંધીનું જ્ઞાન કામ કરી જાય છે. ઉપેક્ષાના હેતુથી. કે એ તો એના ક્રમમાં છે.

'એક જાણીએ, એક દેખીએ, રમી રહીએ એક ઠૌર..' જ્ઞાયક સ્વભાવ 'સમલ વિમલ ન વિચારીયે યહી સિદ્ધિ નહીં ઔર.' પર્યાયની સમળતા અને વિમળતા બેય કોને નથી ...? કે એથી પાર એવું એક જે પરમપારિણામિકભાવસ્વરૂપ પરમાત્મતત્ત્વ છે એ નિજ પરમેશ્વરપદ છે એને જાણવું, દેખવું અને સ્થિર થવું છે. ત્યારે એના જાણવા, દેખવા આડે એને સમળતા-વિમળતાની ચિંતા નથી. જોકે સમળતા જ રહેતી નથી અને વિમળતા જ થઈ જાય છે. તોપણએ ગૌણ છે. એમ થઈ જાય છે તો પણ એ ગૌણ છે, એ મુખ્ય નથી. એટલી વાત છે. પણ એ વિષયાંતર છે. અહીંયાં એ વિષય નથી.

અહીંયાં તો એટલી વાત છે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો અનુભવ મિથ્યા અનુભવ છે અને એ સંસારનું કારણ છે. અને જ્ઞાન બહારથી આવે છે એમાં જ રાગ છે, એમાં દ્વેષ છે, એમાં જગતના તમામ દોષોની પરંપરા આમાં ઊભેલી છે. આખો સંસાર એમાં ઊભેલો છે. આ ઠીક લાગ્યું અને આ અઠીક લાગ્યું, આ ઠીક લાગ્યું ને આ અઠીક લાગ્યું. બસ.

અહીંયાં તો એમ કહેવું છે કે '**જીવ બધું જ ભણી ગયો, ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યા,...**' બધું ભણી ગયો એટલે ઘણાં શાસ્ત્રો ભણી ગયો. શાસ્ત્રોના યુક્તિ અને ન્યાય જાણ્યા. '**ઘણા વિચારો કર્યા,...**' વિચારો પણ ઘણાં કર્યા. '**પણ જાણનારને જાણ્યો નહિ,...**' એમ કહેવું છે. જાણનારને એણે જાણ્યો નહિ. મૂળ પોતાને જ જાણ્યો નહિ. દુનિયા આખીને જાણવાની મહેનત કરી. અને દુનિયા આખીને જાણવા-જોવામાં એ ક્યાંય ધરાતો નથી. એને તૃપ્તિ થતી નથી. જાણ્યા જ કરું... જોયા જ કરું... જાણ્યા જ કરું... જોયા કરું... અને એને લઈને એને બંધન થાય છે. એ સ્વરૂપને જાણ્યા વિના જગતને જાણવા જતા જીવ બંધાય છે. બંધનમાં પડે છે.

અહીંયાં તો શાસ્ત્રનો વિષય લીધો છે. ઘણાં શાસ્ત્રો ભણી ગયા. '**ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણાં વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ,...**' મૂળ જે પોતે જાણનાર છે અને પોતામાં જાણવાનું જે સામર્થ્ય છે એને એણે પોતાને જાણ્યો નહિ. '**જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ,...**' જે જ્ઞાનની મૂળ ભૂમિ છે, મૂળ સત્તા છે. ભૂમિ એટલે જેનો આધાર છે તે. નક્કર ભૂમિ છે. અનંત જ્ઞાનના સામર્થ્યની, અનંત જ્ઞાનના સામર્થ્યનું નિર્વિકલ્પ દળ છે આત્મા. એ એની નક્કર ભૂમિ છે.

મુમુક્ષુ :- ધ્રુવ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્રિકાળ છે. અને એકલું જ છે એને ધ્રુવ કહે છે. ધ્રુવ એટલે એમાં બદલવાપણું નથી એને ધ્રુવ કહે છે. એ મૂળ ભૂમિ છે એમાં એની નજર આવી નહિ. વ્યક્ત પર્યાયની અપેક્ષા આડે એણે અવ્યક્ત સામર્થ્યની ઉપેક્ષા કરી. વ્યક્ત પર્યાયની અપેક્ષા આડે એણે અવ્યક્ત સામર્થ્યની ઉપેક્ષા કરી.

'શ્રીમદ્જી' તો કોઈ કોઈ પત્રમાં એવા મથાળા બાંધે છે કે જેમણે દશ્યને અદશ્ય કર્યું... આ પર્યાયોમાં બીજા જ્ઞેયો દેખાય છે. દશ્યને અદશ્ય કર્યું અને જેણે અદશ્યને દશ્ય કર્યું. જે અવ્યક્ત હતું એને જોયું. એવા સત્પુરુષોના પરાક્રમને, પુરુષાર્થના પરાક્રમને નમસ્કાર હો! એવા મથાળા બાંધે છે પત્રના. પત્ર લખતી વખતે એકાદિ પંક્તિ આવી લખી નાખે.

મુમુક્ષુ :- ઉપેક્ષા કરી ત્યાં અપેક્ષા કર અને અપેક્ષા કરી ત્યાં ઉપેક્ષા કર.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. આમ છે. બહુ સારો બોલ છે.

'**ઘણા વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહિ,...**' જે જાણનાર સ્વભાવ છે, જેમાં જાણવાનું સામર્થ્ય છે એને જાણ્યો નહિ. '**જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ,...**' જ્ઞાનની મૂળ ભૂમિ, મૂળ સત્તા. જ્ઞાનની સત્તા છે પોતાની એ એને પોતાને નજરમાં આવી નહિ. ત્યાં એને પોતાનું સ્વપણું હોવા છતાં, પોતાની કાયમ હયાતી ત્યાં હોવા છતાં એ હયાતી એણે વેદી નહિ, એ હયાતી એણે પકડી નહિ, એ હયાતી એણે ગ્રહણ કરી નહિ. અને જ્યાં પોતાની હયાતી નથી એને હયાતીરૂપ એણે ગ્રહણ ખરી. આ ગડબડ કરી.

મુમુક્ષુ :- .. નજરમાં જ આવી નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- નજરમાં આવી નહિ. કેમકે નજરમાં આવે એટલે ગ્રહણ થઈ જાય. નહિતર નજર શું? પરપણે નજર કરે છે કે સ્વપણે નજર કરે છે? કે નજર કરે ત્યારે સ્વપણે ગ્રહાય જાય છે. તો એને નજર કરી એમ કહેવાય છે. નજરમાં એક દૃષ્ટિ લઈએ-શ્રદ્ધા લઈએ. તો શ્રદ્ધાનું કાર્ય તો નિજ અસ્તિત્વને સ્વપણે અભેદભાવે ગ્રહી લેવું તે જ છે. એનું નામ નજર કરી એમ કહેવામાં આવે છે. 'આ તે હું' નજરનો નિર્વિકલ્પ પર્યાયનો વિકલ્પ આ છે કે આ તે હું. આ હું.. આ હું... એટલો જ એનો વિકલ્પ છે. છે નિર્વિકલ્પ. પણ એનો કોઈ વિકલ્પ લે તો આ હું. બસ! એટલો જ એનો વિકલ્પ છે.

મુમુક્ષુ :- સતત અનુભવાતો હોવા છતાં, જ્ઞાન સતત કાર્ય કરતો હોવા છતાં એની સત્તા એની નજરમાં આવતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ચૂકીને જ ચાલે છે. પોતાની સત્તાને ચૂકીને જ ચાલે છે. અને અન્ય જ્ઞેયને વિષે એટલો બધો વીંટળાય છે કે આખેઆખો ખોવાઈ જાય છે. ગજબની વિચિત્રતા છે. આટલી હદે વિષય ચોખ્ખો કર્યો 'ગુરુદેવે'. બહુ મોટી વાત છે!

મુમુક્ષુ :- આટલા .. સૂઝતો નથી. ...

પૂજ્ય ભાઈશ્રી :- આ ઘણી સારી કરી છે. 'ગુરુદેવે' આ કળા બહુ સહેલી કરી છે. સરળ કર્યો, રસ્તો સુગમ કર્યો છે, સરળ કર્યો છે.

મુમુક્ષુ :- અહીં એટલા હજારો માણસો બધા જે સાંભળીએ છીએ, .... એ કાંઈ ઓછી વાત છે?

પૂજ્ય ભાઈશ્રી :- આ 'પૂજ્ય બહેનશ્રી'ની વાત કરીએ. જેમના વચનામૃતનો આ ગ્રંથ છે. તો ૧૫-૧૬ વર્ષની ઉંમરમાં એમણે 'ગુરુદેવશ્રી'ને સાંભળ્યા. એમના પ્રવચનો સાંભળ્યા. નાની ઉંમરમાં. અને બે-ત્રણ વર્ષમાં તો એ આ માર્ગને પામી

ગયા. તો એમાં એ ક્યાં ભણવા ગયા હતા? સાંભળવાથી વધારે 'ગુરુદેવ'નો કોઈ પરિચય નહિ. વ્યાખ્યાન સાંભળવા જાય એથી વધારે કોઈ પરિચય નહિ. સાંભળવામાં ધ્યાન ઘણું, લક્ષ ઘણું. અને જે સાંભળ્યું હોય, સમજવામાં આવ્યું હોય એને અંદર ઉતારવામાં મહેનત ઘણી, પ્રયત્ન ઘણો. બાકી બીજી કાંઈ જરૂર નથી. જો નાની ઉંમરમાં ઓછા ભણતરથી, ઓછા પરિચયથી પણ આ કાર્ય થાય છે તો એની શક્યતા અને સરળતા છે એ વાત સિદ્ધ થઈ જાય છે. સુગમતા, સરળતા, શક્યતા છે એ સિદ્ધ થઈ જાય છે. સ્પષ્ટ વાત છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'ને .. વર્ષની ઉંમરમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જાતિસ્મરણ થયું. સ્મૃતિ થઈ. આત્મજ્ઞાન તો ચોવીસમાં વર્ષે થયું.

જો '**જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો...**' અનેક શાસ્ત્રોથી ન્યાય-યુક્તિ જાણ્યા, વિચાર કર્યો એ '**તે બધું જાણ્યાનું શું ફળ?**' કે એ બધું જાણ્યાનું મોક્ષાર્થે કાંઈ ફળ નથી. આત્મામાં કલ્યાણ અર્થે એનું કોઈ ફળ નથી. એ સ્પષ્ટ વાત છે. '**તો તે બધું જાણ્યાનું શું ફળ?**' એ પ્રશ્નમાં એમ કહેવું છે જોરથી કે એ બધું નિષ્ફળ છે. જાણ્યું બધું નિષ્ફળ છે. પહેલા જાણતો નહોતો, પછી જાણવા મળ્યું એટલે એને એમ થાય કે મને જ્ઞાન મળ્યું એમ અધુરાશમાં છલકાઈ જવા જેવું નથી.

'**શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે.**' દેહથી, રાગથી અને સર્વ સંયોગથી અને સર્વ વિભાવ ભાવોથી પોતાનું જે જ્ઞાન સ્વરૂપ, મૂળ સ્વરૂપ છે આત્માનું, એને જાણવું એ શાસ્ત્રના અભ્યાસનું પ્રયોજન છે. જો એ જાણવામાં ન આવ્યું તો એણે પ્રયોજન છોડીને જાણ્યું. શાસ્ત્રમાં તો ઠામ ઠામ આત્માને દર્શાવ્યો છે, કહ્યો છે. વક્તવ્ય છે ત્યાં સુધી એનું કથન આવ્યું છે. સર્વથા વક્તવ્ય નહિ હોવાથી સર્વથા એ કહી શકાય એમ નથી. તોપણ એને જ જાણવાનું જેને પ્રયોજન છે તે જેટલો કહ્યો તેમાંથી પૂરો જાણી લ્યે છે.

મુમુક્ષુ :- કાર્ય થઈ શકે એટલું આવી ગયું છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવી ગયું છે. એની વિશેષતા શું છે અથવા માર્ગની સુંદરતા અથવા સગવડતા, સુવિધા એ છે કે જીવનું જ્ઞાન અલ્પ છે. મતિ-શ્રુતજ્ઞાન એનું થોડું છે તોપણ એ પૂરા આત્માને જાણવા માટે, જો એનું એકમાત્ર લક્ષ હોય કે મારે મારા આત્મસ્વરૂપને જાણવું છે તો એનું પૂર્ણ સ્વરૂપ એને જણાય છે. અલ્પ જ્ઞાનમાં પૂર્ણ સ્વરૂપ જણાય છે. જેમ આંખની કીકી કેટલી નાની છે? કે ચણાની દાળ જેટલો Area છે. પણ માઈલોના માઈલો સુધી જાણે છે. આ લોખો-કરોડો

તારા અને ચંદ્ર, સૂર્ય છે એને પણ જાણે છે. જાણે છે એનો અભ્યાસ કરીને એની ગ્રહોની અસર શું છે એ અહીંયાં બેઠો બેઠો કાઢે છે. આંકડા મૂકીને. તો થોડા જ્ઞાનમાં ઘણું જાણવાનું સામર્થ્ય છે. એમ દેખાય છે થોડું પણ ઘણું જાણવાનું સામર્થ્ય છે.

એમ ભલે આત્મા દર્શાવવામાં પૂરો નથી દર્શાવાતો તોપણ જેટલો દર્શાવાય છે એમાંથી પૂરો જાણી શકાય એવું મતિ-શ્રુતજ્ઞાનમાં સામર્થ્ય છે. અલ્પ મતિ-શ્રુતજ્ઞાનમાં એવી શક્તિ છે. અનંત જ્ઞાનીઓએ એ રીતે આત્માને જાણ્યો અને સાધ્યો. તો પોતે પણ કરી શકે છે. એ શાસ્ત્ર અભ્યાસનું પ્રયોજન છે. શાસ્ત્ર અભ્યાસનું પ્રયોજન બીજું કાંઈપણ, જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવા સિવાયનું કોઈ પણ પ્રયોજન જો શાસ્ત્ર અભ્યાસનું હોય તો એને શાસ્ત્રકાર શાસ્ત્રઅભિનિવેષ કહે છે. એને શાસ્ત્રીય અભિનિવેશ કહ્યો છે.

જેમ લૌકિક પદાર્થની પુણ્યયોગે પ્રાપ્તિ થતાં કોઈને અભિમાન થાય કે મારે ફલાણું છે.. મારે ફલાણું છે.. મારી પાસે ફલાણું છે. તો એ લૌકિક અભિનિવેશ છે. એમ આ શાસ્ત્રનું જ્ઞાન એકઠું થયા પછી આત્માને જાણ્યો નહિ તો નક્કી એણે કોઈ અન્ય પ્રયોજન અર્થે આ શાસ્ત્રનું જ્ઞાન કર્યું હોવાથી એ શાસ્ત્રજ્ઞાનને શાસ્ત્રીય અભિનિવેશ નામનો દુર્ગુણ લાગુ પડે છે. શાસ્ત્ર સમજ્યાનો સદ્‌ગુણ એને લાગુ નથી પડતો પણ શાસ્ત્ર સમજ્યાનો દુર્ગુણ એને લાગુ પડે છે.

એ સરવાળો માર્યો છે આ બોલનો કે શાસ્ત્ર અભ્યાસનું પ્રયોજન તો પોતાના મૂળ સ્વરૂપને જાણવું, પોતાના નિજ પરમેશ્વરપદને જાણવું અને એનો અનુભવ કરવો એટલું જ એનું પ્રયોજન છે અને એ પ્રયોજનથી જરા પણ દૂર જઈને શાસ્ત્ર અભ્યાસ બિલકુલ કર્તવ્ય નથી.

**તા. ૧૨-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૨**
**પ્રવચન નં. ૨૯૬**

**આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. તે કાયમ રહીને પલટે છે. તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે. તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્‌ભુત ૠદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું.' તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ. ૩૮૨.**

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૨, પાનું-૧૪૧.

**'આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે.'** આત્મા છે. એ આત્માની હયાતીમાં કોઈપણ સમયમાં આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. જોકે છએ દ્રવ્યનું એવું સ્વરૂપ છે. એ સામાન્ય સિદ્ધાંત છે. મોક્ષ શાસ્ત્રની અંદર આ સૂત્ર છે. 'ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્.' અહીંયાં સત્‌ના સ્થાને આત્માની વાત કરી છે. સત્ એટલે હયાતી ધરાવનાર પદાર્થ. જગતમાં છ જાતના પદાર્થ હયાતી ધરાવે છે. સંખ્યા જીવ અને પુદ્‌ગલની અનંત છે. બાકી કાળાણુ અસંખ્ય છે, બીજા ત્રણ એક એક છે. આકાશ, ધર્માસ્તિ અને અધર્માસ્તિ. એમ બધા સત્ છે અને બધાનું ઉત્પાદવ્યયધ્રુવયુક્તં એવું એનું સત્ સ્વરૂપ છે. અહીંયાં અધ્યાત્મ ગ્રંથમાં મુખ્ય આત્માની વાત છે.

**'આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે.'** અથવા એવો એનો સ્વભાવ છે. આવા કેટલાક શબ્દોની ગુંચવણમાં પડે છે કે ઉત્પાદ-વ્યય પર્યાય છે, એ વસ્તુનું અંગ છે, અનિત્ય છે. ધ્રુવ છે એ વસ્તુનુ અંગ છે, નિત્ય છે. અને ત્રણેનું હોવાપણું એવો વસ્તુનો સ્વભાવ છે. સ્વભાવ છે તે ધ્રુવ અંગનો એક ભાગ છે, એક અંશ છે. સમગ્ર જે ધ્રુવ અંગ છે, ધ્રુવ અંશ છે એમાં અનંત ગુણો છે. નીચે લેશે કે કાયમ રહેનારું સ્વરૂપ ભરપુર ભરેલું છે. તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. એટલે ધ્રુવ અંશની અંદર જે અનંત ગુણરત્નો છે એ અનંત ગુણરત્નોનું એમાંનું એક રત્ન ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ શક્તિ છે. એ આત્માની શક્તિ છે. સદશ્ય અને વિસદશ્ય જેનું સ્વરૂપ છે પરિણમતા.

સ્વભાવ છે એ તો એક શક્તિ છે. ઉત્પાદ-વ્યય છે તે પર્યાય છે અને ધ્રુવ છે તે અનંત શક્તિનો સમુદાય સ્વરૂપ, અનંત ગુણોના સમુદાય સ્વરૂપ એક વસ્તુનો ધ્રુવ-કાયમી અંશ છે કે જે સદાય એકરૂપ રહે છે. એટલે ઉત્પાદ-વ્યય એ કોઈ શક્તિ નથી, પર્યાય એ કોઈ શક્તિ નથી. એમ ધ્રુવ પણ એક શક્તિ નથી. પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની એક શક્તિ છે. અનંત શક્તિઓમાં એક શક્તિ છે. એમ સમજવું. એટલે જેમ આત્મા જ્ઞાનશક્તિએ કરીને જ્ઞાનશક્તિ વડે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેમ આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવ શક્તિએ કરીને આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે. જેમ આનંદ ગુણ હોવાને લીધે આત્મા આનંદસ્વરૂપ છે. એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ગુણને લીધે આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે. એમ લેવું.

મુમુક્ષુ :- ઉત્પાદ-વ્યય-ધ્રુવ શક્તિ છે?

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ છે ને. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ શક્તિનું સ્વરૂપ છે. ૪૭ શક્તિમાં આવે છે. '**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ.**' શક્તિનું જ નામ એ છે.

મુમુક્ષુ :- ક્રમ અને અક્રમ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી જે પરિણામ શક્તિ છે એ તો ઉત્પાદવ્યયથી આલિંગીત છે અને સદૃશ્ય-વિસદૃશ્ય જેનું સ્વરૂપ છે એવા અસ્તિત્વમાત્રપણામયી પરિણામશક્તિ છે. એને અસ્તિત્વમાં લીધી. ઉત્પાદવ્યયધ્રુવત્વ નામની શક્તિ જુદી લીધી છે. ૧૮મી શક્તિ છે આ. '**ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ.**' વર્તન એટલે હોવાપણે. જે ક્રમ વર્તે છે એ ઉત્પાદ-વ્યય, ક્રમે વર્તે છે એવા ઉત્પાદ-વ્યય અને અક્રમે વર્તે છે એટલે હયાતી ધરાવે છે એવું ધ્રુવત્વ એવું જેનું લક્ષણ છે. ક્રમ અને અક્રમ બંને જેનું લક્ષણ છે. ક્રમે હોવાપણું અને અક્રમે પણ હોવાપણું એવું જેનું લક્ષણ છે તે ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ છે. એ રીતે આત્મા ઉત્પાદવ્યયધ્રુવસ્વરૂપ છે.

એક તો એના ગુણે કરીને આત્મા ઉત્પાદવ્યયધ્રુવસ્વરૂપ છે. બીજું એક સમયમાં આત્મ પદાર્થને જોવામાં આવે તો તે પૂર્વ પર્યાયના વ્યય સ્વરૂપે છે, વર્તમાન અવસ્થાના ઉત્પાદ સ્વરૂપે છે અને તે જ કાળે અનંત ગુણોના ધ્રુવ સ્વરૂપે છે. એવી શક્તિ પણ છે અને એવા સ્વરૂપે પણ છે. પણ બે વાત જુદી જુદી છે.

મુમુક્ષુ :- એમાં શું ફેર પડે?

પૂજ્ય ભાઈશ્રી :- એક ગુણ છે અને એક આખો પ્રમાણના વિષયભૂત પદાર્થ છે.

મુમુક્ષુ :- ગુણ છે એ ધ્રુવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ પ્રમાણના વિષયભૂત આખો પદાર્થ છે. એકને ગુણથી કહેવામાં આવે છે. જ્યારે સ્વભાવ કહીએ ત્યારે એને એક ગુણથી કહેવામાં આવે છે. અને જ્યારે પદાર્થને કહીએ ત્યારે આખા ગુણીને કહેવામાં આવે છે. અને બંનેને એક શબ્દથી કહેવામાં આવે છે. એટલે જ્યાં જે વાત ચાલતી હોય એ અનુસાર એનો અર્થ સમજવો. અહીંયાં ગુણને કહે છે કે અહીંયાં પદાર્થને કહે છે.

એવું જ દ્રવ્યના વિષયમાં છે. દ્રવ્યની વ્યાખ્યા પણ અનેક રીતે કરેલી છે. આખા પદાર્થને પણ દ્રવ્ય કહેવાય છે. આત્મદ્રવ્ય એમ કહેવાય. પ્રમાણનો વિષય આવી ગયો. તો એની અંદર ગુણ આવી ગયા, પર્યાય આવી ગઈ, પર્યાયની શુદ્ધિ આવી ગઈ, અશુદ્ધિ આવી ગઈ. બધું આવી ગયું. અને ત્રિકાળી સ્વભાવને પણ જેમાં અનંત ગુણો છે એને પણ દ્રવ્ય કહેવામાં આવે છે. કોઈવાર દ્રવ્યસ્વભાવ કહેવામાં આવે છે ત્યારે તો સ્પષ્ટ થાય છે કે એ દ્રવ્યના સ્વભાવની વાત ચાલે છે.

મુમુક્ષુ :- ધ્રુવ સ્વભાવ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ધ્રુવ સ્વભાવ. પણ એને કોઈવાર દ્રવ્ય પણ કહેવામાં આવે છે. તો એ દૃષ્ટિનો વિષય છે અથવા નિશ્ચયનયનો એ વિષય છે અથવા એ શુદ્ધનયનો વિષય છે. પરમ શુદ્ધનયનો વિષય છે અથવા પરમ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. એમ અનેક નયથી એને કહેવામાં આવે છે.

એ જ દ્રવ્યને કોઈવાર એમ કહેવામાં આવે છે કે અનાદિઅનંત પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે. એટલે ઉત્પાદવ્યયધ્રુવ યુક્ત છે એને પણ દ્રવ્ય કહેવામાં આવે છે. તો જ્યાં જે રીતે વાત ચાલતી હોય એ રીતે એને સમજવી. બીજી એકની એક વાત પકડી રાખે. એક વાત જે પોતાને ખ્યાલમાં આવી હોય કે આવું સ્વરૂપ. પછી એ શબ્દથી કાંઈ બીજી વાત ચાલતી હોય ત્યારે એને જે પોતાની પક્કડમાં હોય એ વાત લાગુ કરે ત્યારે અહીંયાં એ બંધ બેસે નહિ. અને બંધ બેસે નહિ ત્યારે એને એમ લાગે કે આ કહેનાર સાચા નથી લાગતા. કેમકે એણે પોતાની કલ્પનામાં, પોતાની ધારણામાં જે વાત બેઠી હતી એ અનુસાર સામે વાત નથી આવતી. એવી રીતે ભૂલ નહિ થવી જોઈએ.

અહીંયાં આખો પદાર્થ લઈએ તો '**આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે.**' એટલે આત્મા પૂર્વ પર્યાયથી વ્યય થઈને સમયે સમયે નવી પર્યાયને પ્રાપ્ત કરતો એવો અને છતાં કાયમ રહેતો એવો પદાર્થ છે. '**તે કાયમ રહીને પલટે છે.**' ઉત્પાદવ્યયધ્રુવને સાદી ભાષામાં લીધું. તો '**તે કાયમ રહીને પલટે છે.**' કાયમ રહીને પલટે છે એનું કારણ શું? કે એનું કારણ એવો એનો એક સ્વભાવ છે, એવો એનો એક ગુણ

છે તે. આમ. આત્મા કાયમ રહીને પલટે છે એનું કારણ શું? એનું કારણ એનો સ્વભાવ. અગ્નિ ઉષ્ણ કેમ? કે ઉષ્ણતા એનો સ્વભાવ. અગ્નિની પર્યાયથી દઝાય છે, ઉષ્ણ લાગે છે એનું કારણ શું? કે ઉષ્ણતા એનો સ્વભાવ છે. બસ. એ એનું સ્વરૂપ છે. **'તે કાયમ રહીને પલટે છે.'**

હવે અહીંયાં પલટવાના અંશની ચર્ચા નથી કરવી. **'તેનું કાયમ રહેનારું સ્વરૂપ...'** જેની ચર્ચા કરવી છે એ વાત કરે છે કે આત્માનું જે કાયમ રહેનારું સ્વરૂપ છે અથવા જે નિત્ય અંગ છે, જે ધ્રુવ અંગ છે એ **'સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે.'** જે ધ્રુવ સ્વરૂપ છે અથવા જેને આત્માનું મૂળ સ્વરૂપ કહેવામાં આવે છે, અસલ સ્વરૂપ કહેવામાં આવે છે. તે અનંત ગુણોનો સંગ્રહ કરીને બેઠેલું એક તત્ત્વ છે. માણસ નથી કહેતા? કે ભાઈ, આ માણસ સીધો સાદો, સામાન્ય દેખાવમાં લાગે છે પણ બહુ મોટો માણસ છે. એમ કહે ને? સંપત્તિ પણ ઘણી છે અને એની પોતાની વિશિષ્ટતાઓ પણ અંગત રીતે ઘણી છે. સમગ્ર રીતે એનો દેખાવ છે એના કરતા એની મહાનતા ઘણી છે. ત્યારે લોકો એમ કહે છે કે ભાઈ, આ કોઈ ચીંથરે વીંટેલું રત્ન છે. શું કહે છે? ચીંથરું એટલે આ ફાટેલું કપડું. સડેલું, ફાટેલું કપડું હોય એને ચીંથરું કહેવામાં આવે છે. રતન તો રતનની ડાબલીમાં રહે. પણ કોઈ ચીંથરે વીંટેલું રત્ન હોય ત્યારે નવાઈ લાગે.

એમ ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ કહેવામાં આવે છે કે આત્મા ધ્રુવ છે, આત્મા મૂળ સ્વરૂપે ધ્રુવ છે, ધ્રુવ છે. તો એ ધ્રુવ છે એ અનંત મહિમાવંત છે. જે અનંત ગુણને સંઘરીને બેઠું છે એવું એક ધ્રુવ અંગ છે આત્મામાં. એ કોઈ સાધારણ સત્ત્વ નથી. પણ પદાર્થનું કોઈ અનંત સામર્થ્ય ધરનાર સત્ત્વ છે.

મુમુક્ષુ :- ધ્રુવ જ્ઞાયક એટલે કાયમી.

પૂજ્ય ભાઈશ્રી :- ધ્રુવ એટલે ખાલી એમ કે જાણે કાંઈ એનું મૂલ્ય નથી, એની કાંઈ કિંમત નથી, ધ્રુવ એટલે ધ્રુવ એમ નથી. ભરપૂર ભરેલું. અનંત દૈવી ગુણોનો સંગ્રહ પડ્યો છે. માણસ કહે ને કે ભાઈ, એનો સંગ્રહ ઘણો છે. એમ અનંત ગુણ સંગ્રહીને આત્મા બેઠો છે. એની મહાનતા કાંઈ થોડી નથી. પરમેશ્વરપદ છે, સાક્ષાત્ સિદ્ધપદ છે. ધ્રુવ રહે છે એટલે સાક્ષાત્ સિદ્ધનું સ્વરૂપ છે. સિદ્ધપદમાં અને એમાં કિંચિત્ માત્ર ફેર નથી-જરા પણ ફેર નથી. જરા પણ ફેર દેખાય તો તે દેખનાર છે એ દોષી છે. દેખનાર છે એ દોષિત છે. અથવા એ દોષ જેવો કોઈ બીજો મોટો દોષ નથી.

'યોગસાર'માં 'યોગીન્દ્રાચાર્યદેવ' કહે છે કે એના જેવું કોઈ બીજું મોટું પાપ નથી.

પોતે સિદ્ધપદ સ્વરૂપે હોવા છતાં એમાં થોડો પણ ફેર જોવો એ મોટામાં મોટું મિથ્યાત્વનું પાપ છે. એ જ મિથ્યાત્વ છે અને એ જ સૌથી મોટું પાપ છે.

મુમુક્ષુ :- અત્યારે બધાના આત્મા સિદ્ધસ્વરૂપ છે?

પૂજ્ય ભાઈશ્રી :- બધા આત્માઓ એવા છે. અરે..! અભવિનો આત્મા પણ એવો છે. ભવિના તો હોય એમાં કાંઈ પ્રશ્ન નથી પણ અભવિનો આત્મા એવો જ છે. કિંચિત્ માત્ર ફેર નથી. આનો પહેલા સ્વીકાર કર. પછી આગળ ચાલ. તો ક્યાંય ભૂલ નહિ પડે તને. આને સ્વીકાર્યા પછી ભૂલ નહિ પડે અને આ નહિ સ્વીકાર તો તારા વિષે, તારા માટે તને તારી ભૂલ થશે અને બીજા વિષે બીજાના માટે પણ તારી ભૂલ થશે. બીજું કાંઈ નહિ થાય.

મુમુક્ષુ :- મજાનો માર્ગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવી સરસ વાત છે.

એટલે તો 'શ્રીમદ્જી'એ એ વાત ૧૫-૧૬મા વર્ષે નાખી કે 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.' પહેલા હૃદયમાં આ વાત લખી લ્યો અને પછી આગળ ચાલો. એ પહેલા નહિ. અને દ્રવ્યદૃષ્ટિનું આ કાર્ય છે. દ્રવ્યદૃષ્ટિનું જે કાર્ય છે એ આ કાર્ય છે. એ બધા દ્રવ્યને એક દૃષ્ટિએ જોવે છે. પછી એ દૃષ્ટિ એ સમ્યગ્દૃષ્ટિ ગણવામાં આવે છે, સાચી દૃષ્ટિ ગણવામાં આવે છે અને એ દૃષ્ટિને સિદ્ધપદ પ્રગટ કરનારી દૃષ્ટિ ગણવામાં આવે છે.

મુમુક્ષુ :- અભવિ આત્મામાં આટલા બધા જ ગુણો છે તો મુક્તિ નહિ થવાનું શું કારણ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ અભવ્યત્વ નામનું પારિણામિકભાવે કારણ છે. યોગ્યતા છે. યોગ્યતા છે. વિદ્વાનોમાં કેટલોક પ્રશ્ન ચાલે છે કે આત્મામાં દ્રવ્ય-ગુણ અને પર્યાય છે. પછી આ સિવાય બીજી શું વાત છે? દ્રવ્ય-ગુણ-પર્યાયમાં બધું આવી ગયું. તો કહે છે, નહિ. બીજી ઘણી વાત છે. આ તો સંક્ષેપ કથન છે. બીજી ઘણી વાતમાં શું છે? કે ધર્મ ને યોગ્યતાઓનું પ્રકરણ બહુ મોટું છે. ધર્મ અને યોગ્યતા જેને ધર્મ કહીએ એ પ્રકરણ સૌથી મોટું છે. પર્યાયોથી મોટું છે, અનંત પર્યાયોથી મોટું છે અને અનંત ગુણોથી પણ મોટું છે. અનંત દ્રવ્યોથી પણ મોટું છે. સંખ્યાએ જે જગતના દ્રવ્યો છે એનાથી એ મોટું છે. એ પ્રકરણ ઉપર બહુ ઓછો વિચાર વિમર્શ જોવામાં આવે છે. એટલે કેટલાક એની અંદરથી વિવાદો-ગેરસમજણો ઊભી થાય છે. પણ એક બહુ મોટો જે ગુણ નથી, પર્યાય નથી પણ ધર્મ છે એ પારિણામિકભાવે ધર્મ છે. એ ભવ્યત્વ અને અભવ્યત્વ છે. એ કોઈ ગુણ નથી. આત્માને

ભવ્યત્વ નામનો કોઈ ગુણ નથી અને અભવ્યત્વ નામનો ગુણ નથી આત્માને. અને છતાં એ પારિણામિક છે. જેને કોઈ કર્મ સાથે સંબંધ નથી. પારિણામિકભાવને કોઈ કર્મ સાથે સંબંધ નથી. તે પરસ્પર સાપેક્ષ હોવાથી તેને અશુદ્ધ પારિણામિકમાં નાખ્યા છે, આચાર્ય ભગવાને. 'જયસેનાચાર્યદેવ' ૩૨૦ મી ગાથા. અશુદ્ધ પારિણામિકમાં નાખ્યા છે. પણ એ દ્રવ્ય પણ નથી, ગુણ પણ નથી અને પર્યાય પણ નથી. તો કહે આ સિવાય? તો કહે છે, હા. એ સિવાય પણ ઘણું છે. આમ પદાર્થનું પેટ બહુ મોટું છે. છીછરા જ્ઞાનથી થોડીક ધારણા થઈ જાય અને પોતે ધારી લ્યે કે મારી કલ્પનામાં આવો પદાર્થ છે એથી બહાર કોઈ કહે તો બરાબર નથી. એથી બીજું કોઈ કહે તો બરાબર નથી. એવું વિચારવું એ પોતાને માટે અહિતકારક થાય છે.

મુમુક્ષુ :- ... પારિણામિકભાવ તો બધામાં સરખો છે. ભવ્ય-અભવ્ય બંનેમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. એટલે તો કહ્યું. એ તો એક ગુણની વાત લીધી. પણ એવા અનંત ગુણોનો સમૂહરૂપ જે દ્રવ્યસ્વભાવ છે. જે વસ્તુનું ધ્રુવ અંગ કહેવામાં આવે છે. એ બધા દ્રવ્યોમાં સરખું છે. કેવું છે તે ધ્રુવ અંગ? કે સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ છે. અને એ બધા જીવોનું સરખું છે.

ચાર ગતિમાં માટીનું ખોળિયું ગમે તેવું હોય જીવના સંયોગમાં. પણ એ ચારેય ગતિના અનંતાઅનંત જીવો નિગોદમાં રહેલા અને સિદ્ધપદમાં રહેલા બધા જીવોનું આ એક અંગ બિલકુલ એક જ સ્વરૂપે છે. એમાં લવલેશ ફેર નથી. લેશમાત્ર એમાં ફેર નથી. આ સ્વરૂપ દૃષ્ટિ થતાં ઉઘડેલા જ્ઞાનમાં બધા આત્માઓનું જ્ઞાન આ રીતે સાથે સાથે થાય છે. કેમકે દૃષ્ટિનો વિષય તો એક પોતાના સ્વરૂપનો છે. પોતાની દૃષ્ટિનો વિષય બીજા આત્માઓ નથી. પણ એ દૃષ્ટિપૂર્વક ઉઘડેલા જ્ઞાનમાં બધા આત્માનું એવું સ્વરૂપ જે પોતાની દૃષ્ટિમાં છે એવું જ જાણવામાં આવે છે અને સ્વીકારવામાં પણ આવે છે.

મુમુક્ષુ :- બધાને સિદ્ધપદ જોઈએ છે.

પૂજ્ય ભાઈશ્રી :- લીધું છે ને આમાં? બધાને સિદ્ધપદ રૂપે જ જોઈએ છીએ. તે ભલે પોતાને ગમે તેમ માને. ત્યાં સુધી કે માથાનો વાઢનાર હોય તોપણ. આ વાત રાખીને બધી વાત છે. પછી જે તે જીવોના ગુણ-દોષની પર્યાયોનું યથાર્થ જ્ઞાન થાય. આ સિવાય ન તો પોતાના પર્યાયોના ગુણ-દોષનું યથાર્થ જ્ઞાન થાય કે ન તો બીજાની પર્યાયના ગુણ-દોષનું યથાર્થ જ્ઞાન થાય. ગુણ-દોષની પર્યાયોનો વિવેક જે કહેવામાં આવે છે, યથાર્થ જ્ઞાન કહેવામાં આવે છે એ આ શરતને આધીન છે કે તારી નજરમાં આ વાત પહેલા છે.

એટલે 'અમૃતચંદ્રાચાર્યે' આ મુદ્દો પહેલી ગાથાની ટીકામાં ઉઠાવ્યો કે હું ભગવાન અરિહંત પરમેશ્વરે જે પ્રવચન સમવસરણમાં કર્યું તે પ્રવચનના અંશરૂપ આ 'સમયસાર'નું પરિભાષણ કરીશ. પણ એક વાત પહેલા સ્થાપીને કરીશ કે મારા આત્મામાં અને તારા આત્મામાં હું સિદ્ધપણું સ્થાપીને આ વાત કરીશ. તું અજ્ઞાની છો, સમજતો નથી, મૂઢ છો અને મારો શિષ્ય થયો છો એવું કાંઈ ન કીધું ત્યાં. ત્યાં એવું કાંઈ ન કીધું. એમને જ્ઞાન છે. અજ્ઞાનનું અજ્ઞાનત્વનું, મૂઢતાનું મૂઢત્વનું, શિષ્યનું શિષ્યપણાનું, ગુરુનું ગુરુપણાનું. પોતાના ગુરુનું પણ જ્ઞાન છે કે અમારા ગુરુની કૃપાથી અમને આ જ્ઞાન લાધ્યું છે. એ બધી વાત કરે છે. પણ પછી. પહેલા આ સ્થાપીને કે મારા આત્મામાં તથા તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપીને હું આ 'સમયસાર'નું પરિભાષણ-ટીકા કરું છું. પહેલી જ ગાથામાં આ વિષયની સ્થાપના કરી છે.

મુમુક્ષુ :- અભિવ હોય એને સિદ્ધ થવામાં રસ હોય કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- ન હોય. એ ના જ પાડે કે આત્મા સિદ્ધ હોતો હશે ક્યાંય હવે? આ સંસારી ક્યાંથી સિદ્ધ હોય? એને સિદ્ધપદનો સ્વીકાર નથી આવતો. એવી સિદ્ધિપદની વાતું કરશો તો નિશ્ચયાભાસી થઈ જશો. એમ કહે. શું કહે?

મુમુક્ષુ :- એટલે એનું વલણ ન ફરે ને?

પૂજ્ય ભાઈશ્રી :- વલણ ન ફરે. એનું વલણ કદી ફરે નહિ. એ કદી પોતાના સ્વરૂપને સ્વીકારે નહિ એવી જ કોઈ યોગ્યતા છે. એવો ગુણ નથી એનામાં. કેમકે આ તો અવગુણ છે. પણ એવી યોગ્યતા જરૂર છે. અને તે અભવ્યત્વરૂપે છે. કેટલાક ભવ્યો પણ એવા હોય. એટલે એવા બે પ્રકારના જીવો સદાય સંસારમાં રહેતા હોવાને લીધે, રહેનારા હોવાને લીધે સદાય આ સંસાર ચાલશે.

મુમુક્ષુ :- કેટલાક ભવ્યો અભવ્યો જેવા છે એ કદી નહિ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ કદી નહિ જાય.

મુમુક્ષુ :- .. અભવ્ય...

પૂજ્ય ભાઈશ્રી :- અભવ્ય જેવા છે એ કદી નહિ જાય.

જોકે સંસારમાં તો એ ઉપરાંત જે ત્રીજા ભવ્યો જનારા છે એવા પણ અનંતા જીવો સદાય હશે કે જેમાંથી જયા જ કરશે. પાછો મોક્ષમાર્ગ બંધ થઈ જશે. બધાય ખલાસ થઈ ગયા. હવે એક અભવ્યો રહ્યા, બીજા અભવ્યો જેવા ભવ્યો રહ્યા. હવે કોઈ જનારા ન રહ્યા. એવું પણ નહિ હોય. સર્વ કાળે મોક્ષમાર્ગ ચાલુ જ રહેશે. એ ત્રીજી કોટીના જીવો પણ અનંતા જીવો સંસારમાં ત્રણે પ્રકારના રહેવાના જ છે.

મુમુક્ષુ :- સિદ્ધ સ્વરૂપ પારિણામિકભાવે લેવો હોય તો..

પૂજ્ય ભાઈશ્રી :- નિરપેક્ષ ભાવ છે. એને કોઈની અપેક્ષા નથી. નિરાલંબ નિરપેક્ષ. તદ્દન.

'**તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે.**' તેના પ્રદેશે પ્રદેશે. સર્વ પ્રદેશે, એક એક પ્રદેશે '**અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.**' એટલી બધી સંપત્તિ છે. જેનો કોઈ હિસાબ-કિતાબ કરી શકાય એવું નથી. અનંત કહીને છોડી દ્યે છે. '**અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્ભુત ઋદ્ધિયુક્ત...**' એવું જે પોતાનું અદ્ભુતથી અદ્ભુત સ્વરૂપ છે જેને ગુણની ઋદ્ધિ (કહેવામાં આવે છે). લોકો તો બહારમાં રિદ્ધિ-સિદ્ધિ જોઈને વ્યામોહ પામે છે. પણ આત્માના ગુણના ઐશ્વર્ય પાસે અને ગુણની ઋદ્ધિ પાસે એ કહેવાતી રિદ્ધિ-સિદ્ધિ છે એ તો કાંઈ નથી. એ તો કાંઈ નથી. અથવા એની કોઈ કિંમત નથી.

'**તે અદ્ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે...**' દૃષ્ટિ દે એટલે શ્રદ્ધાએ પોતાનું સ્વરૂપ છે એમ શ્રદ્ધામાં લે. અથવા પોતાનું સ્વરૂપ છે એમ શ્રદ્ધાએ કરીને સ્વીકાર કર, કબુલ કર '**તો તને સંતોષ થશે...**' તો તારા સ્વરૂપને શ્રદ્ધતા તને સંતોષ ઉત્પન્ન થશે કે ઓહો..! આવું મારું સ્વરૂપ છે! હવે મારે અસંતુષ્ટ રહેવાનું કોઈ કારણ નથી. એમ. શા માટે ભગવાન થઈ ગયા એવા જે પરમેષ્ઠી છે, પરમેશ્વર છે એને ઈચ્છા નથી? કે પૂર્ણ સ્વરૂપ છે એનો સંતોષ છે. સંતોષ છે એને શું ઈચ્છા હોય? જગતમાં પણ એમ કહે કે સંતોષી નર સદા સુખી. આ બહારમાં જે સંપત્તિ છે એ પોતાની ઈચ્છા પ્રમાણે અને કલ્પના પ્રમાણે માની લે કે હવે આપણે કાંઈ રળવું નથી. કોઈ નવી ઉપાધિમાં ન પડે એટલે એને સુખી કહેવામાં આવે છે. પણ તેથી કંઈ એ બિલકુલ નિરુપાધિક છે એમ વિચારવા જેવું નથી. એક ઉપાધિ છોડે છે જીવ સંસારમાં અને બીજી ઉપાધિ ગ્રહણ કરે છે.

મુમુક્ષુ :- ... એક જ છે, ... દુઃખી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- .. દુઃખી જ છે. નહિતર તો જેટલા લોકો દુકાને જતા બંધ થાય, દુકાન બંધ કરે એ બધા સુખી થઈ જવા જોઈએ. એ લૌકિક સ્થુળ વિચાર છે. સંતોષી નર સદા સુખી.

અહીંયાં તો અનંત ગુણોના આશ્રયે સંતોષ પ્રગટ થયો છે. પોતાના પરિપૂર્ણ સ્વરૂપના આશ્રયને લીધે સંતોષ થયો છે. ઓહો..! મારું સ્વરૂપ છે. એમાં ખામી નથી, ક્ષતિ નથી. અનંત ગુણની ઋદ્ધિથી ભરેલો હું છું એનો સંતોષ છે.

'**તે અદ્ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું.''** કૃતકૃત્યનો અર્થ એ છે કે કરવા યોગ્ય કરવું, કરાઈ ગયું.

જે કરવા યોગ્ય કરાઈ ગયું તે કૃતકૃત્ય. કૃત એટલે કરવા યોગ્ય. કૃત્ય એટલે કરાઈ રહ્યું. કરવા યોગ્યને કરી લીધું. મારું સ્વરૂપ જોતા મારે કાંઈ કરવાનું બાકી જ નથી રહેતું. બધું કરવા યોગ્ય કરાઈ ગયું. એવું મારું સ્વરૂપ છે. સંપૂર્ણ સ્વરૂપ છે. કરવાનું પણ એમાં કાંઈ નથી. મારા સ્વરૂપમાં કરવાનું કાંઈ નથી. પ્રથમ નિર્ણયમાં આ આવે છે, પ્રથમ ઓળખાણમાં આ આવે છે, પ્રથમ શ્રદ્ધાનમાં આ વાત આવે છે. તો કહે મોક્ષ? કહે નહિ. મોક્ષ કરવાનો બાકી ખરો કે નહિ? નહિ.

.... કરાયેલું, નહિ સ્પર્શાયેલું છે. કર્મથી બંધાયેલું નથી, કર્મથી સ્પર્શાયેલું નથી.

મુમુક્ષુ :- કરવા યોગ્ય કરાઈ ગયું, થવા યોગ્ય થઈ ગયું એ બેમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે કે જ્યારે માણસને કરવા યોગ્ય બધું કરી લે એટલે પછી કાંઈ કરવાનું રહેતું નથી. તો એ અપેક્ષાએ સ્વરૂપને બતાવે છે. કે હવે સ્વરૂપમાં? તો કહે છે, એ તો કૃતકૃત્ય જ છે. એમાં કાંઈ નવું કરવાનું બાકી રહે છે એ વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ. પોતાના મૂળ સ્વરૂપમાં નથી. તો કહે છે, જીવનો મોક્ષ તો થયો નથી. એ ઉત્પાદ-વ્યયના વિભાગમાં જાય છે. ધ્રુવના વિભાગમાં એ આવતું નથી. આવરણ, નિરાવરણપણું, બંધપણું, મોક્ષપણું એ બધું પર્યાયાર્થિકનયના વિષયમાં જાય છે, વ્યવહારનયના વિષયમાં જાય છે, નિશ્ચયનયના વિષયમાં એ વાત આવતી નથી.

મુમુક્ષુ :- ... કરવા જેવું થઈ ગયું. ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીં કૃતકૃત્યનો અર્થ કે કરવા યોગ્ય કરાયેલું એવું છે. પણ જે કરવા યોગ્ય કાર્ય કોઈ પોતે કરે ત્યારે એ થવા યોગ્ય હોય તો થાય છે. એમ. ન થવા યોગ્ય હોય તે થાય છે એવું નથી. કેમકે સર્વ પર્યાય, સર્વ દ્રવ્યની સર્વ પર્યાયો પોતાના પરિપકવ કાળે ઉત્પન્ન થાય છે. કોઈ દ્રવ્યની કોઈ પર્યાય અપરિપક્વ કાળે સમય પહેલા, અયથાર્થપણે ઉત્પન્ન થઈ જાય એવું બની શકતું નથી. તો પછી કોઈપણ પદાર્થની સામે જોઈને આમ કેમ? આ પ્રશ્ન રહેતો નથી. મૂળમાં એ પ્રશ્ન રહેતો નથી. એમ છે. કઠણ અહીંયાં પડે છે કે જ્યારે પોતે એને નુકસાન માન્યું હોય એ પણ બરાબર જ થયું છે. ગમે તેવડું મોટું નુકસાન હોય તોપણ એ બરાબર જ થયું છે. એમાં કઠણ પડે. ક્યાં કઠણ પડશે?

મુમુક્ષુ :- કઠણ પડે પણ ખરેખર વાસ્તવિકતા ખરી કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે પણ એ સ્વીકારવું કઠણ પડે. જેમકે કોઈએ માર્યું. કોઈએ માર્યું, કોઈએ અપમાન કર્યું. તો એ બરાબર થયું છે એમ કહે છે?

મુમુક્ષુ :- .. બરોબર જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. તો વાત Finish થઈ ગઈ. જો એ બરોબર છે તો એની સામે પ્રશ્ન નહિ ઊઠે. આમ કેમ? એ પ્રશ્ન નહિ રહે. કોઈ લૂંટી ગયું, કોઈ ચોરી ગયું. અનેક પ્રકારે જેને પ્રતિકૂળતા, નુકસાન કહેવામાં આવે છે એ તો અનેક પ્રકાર છે ને? અહીંયાં સ્વીકાર કરવો મુશ્કેલ છે. આ પણ બરાબર જ થયું છે. આ થવા યોગ્ય થયું છે. આમ થવું જોઈતું હતું તે થયું છે. એવો જે સ્વીકાર આવવો એ બહુ વિશાળ દૃષ્ટિનો વિષય છે. એ એટલું સહેલું નથી.

મુમુક્ષુ :- એ વખતે ...

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ પર્યાય ઉપર છે ને એટલે એમ થઈ જાય છે. જો જ્ઞાયક ઉપર દૃષ્ટિ હોય તો એમ થાય નહિ.

મુમુક્ષુ :- જ્ઞાની થવું હોય એને એમ જ લાગે બરાબર છે. જ્ઞાનીને રસ્તે જવું હોય એને તો એ જ વાત આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. એમ જ છે, એમ જ આવે.

એટલે એ જે કહેવામાં આવે છે કે જ્ઞાનીને જ્ઞાનદશામાં હરખ-શોક થતા નથી. એમ કેમ કહેવામાં આવે છે? કે એ જે થાય છે એને યોગ્ય જ જાણે છે. પછી એનો હરખ શું અને એનો શોક શું? કે એનો હરખ-શોક કાંઈ એને હોતો નથી.

મુમુક્ષુ :- ... જ્ઞાનીને કર્તૃત્વ નથી એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- કર્તૃત્વ પણ નથી અને એની કોઈ પર્યાય નહોતી થવાની તે થઈ છે. કોઈ પદાર્થની તે કાળની તે પર્યાય થવા યોગ્ય નહોતી તે કેમ થઈ? તે પદાર્થની તેવી પર્યાય નહોતી થવા યોગ્ય અને કેમ થઈ? એ પ્રશ્ન નથી. એટલા માટે એને હરખ-શોક થતા નથી એમ લેવાય છે. છે એમાં ઘણાં પ્રશ્નો છે. ઘણાં પ્રશ્ન ઊઠે એવા છે.

'**તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.**' અહીંયાં તો એમ કહે છે કે તારા ગુણની ૠદ્ધિને જોઈને તું સંતોષ પામ કે સ્વરૂપે કરીને તું પૂર્ણ છો. તારા સ્વરૂપમાં અપૂર્ણતા નથી કે જેથી પૂર્ણતા કરવી પડે. એવા સ્વરૂપમાં ઠરતા, પર્યાયે કરીને એવા સ્વરૂપમાં ઠરતા તું પર્યાયે પણ કૃતકૃત્ય થઈશ. જેવું સ્વરૂપ છે એવી જ પર્યાય ઠરતા થશે. સ્વરૂપ કૃતકૃત્ય હોવાને લીધે પર્યાય પણ તારી કૃતકૃત્ય થઈ જશે. બીજી રીતે પર્યાયને પૂર્ણતા થવાનો પણ અવસર નથી કે બીજી રીતથી પર્યાય પૂર્ણતા થઈ શકે એવું પણ નથી. પૂર્ણ સ્વરૂપમાં ઠરતા, લીન થતાં, તદાકાર થતાં પર્યાય તેવી જ તદાકાર થઈ જાય ત્યારે એને કૃતકૃત્ય એવા સ્વરૂપની પર્યાય પણ કૃતકૃત્ય થઈ એમ કહેવામાં આવે છે. પછી એ પર્યાયમાં ઇચ્છાનો અભાવ થઈ જાય છે. ઇચ્છાનો અભાવ

થતા પછી કોઈ જગ્યાએ મમત્વ કરવાનો પણ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- .. આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે એ કાયમ રહીને ... એમાં ધ્રૌવ્ય અંશ છે એને પણ અંશ લેવો ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શરૂઆતમાં એ ખુલાસો બે અપેક્ષાએ કર્યો. કે એક તો આત્મામાં ઉત્પાદવ્યયધ્રુવ નામની શક્તિ પણ છે. ૧૮મી શક્તિ છે, 'સમયસાર'નો આધાર લઈને. તો જેમ આત્મા જ્ઞાનશક્તિ વડે જ્ઞાનસ્વરૂપ છે, આનંદશક્તિ વડે આનંદસ્વરૂપ આત્મા કહેવાય છે. એમ ઉત્પાદવ્યયધ્રુવ શક્તિને લઈને આત્મા ઉત્પાદવ્યયધ્રુવ સ્વરૂપે પણ કહેવામાં આવે છે. તો ત્યાં એક ગુણની વાત સમજવી.

આ જ શબ્દોમાં પ્રમાણનો વિષય આખો આત્મા કહેવામાં આવે છે. કે એક આત્મામાં એક જ સમયની અંદર પૂર્વ પર્યાયનો વ્યય છે, નવી પર્યાયનો ઉત્પાદ છે અને એ જ કાળે એના અનંત ગુણના સમુદાયસ્વરૂપે એ ધ્રુવ રૂપે છે. કાયમ રહીને પલટે છે. શું કામ? સાદી ભાષામાં એ લીધું કે તે કાયમ રહીને પલટે છે. એ આખા પદાર્થનો પ્રમાણના વિષયભૂત પદાર્થની ત્યાં વાત ચાલી. શબ્દો તેના તે છે. એક વખત ગુણની વાત આવે છે તો એક વખત ગુણીની વાત આવે છે. તેના તે શબ્દોમાં. જ્યાં ગુણ કહેવા ધારે ત્યાં ગુણી કલ્પી લે તો તકલીફ થાય. જ્યાં ગુણી કહેવા ધારે ત્યાં ગુણને કલ્પી લે તોપણ એને તકલીફ થાય. ગેરસમજણ થાય. અને ગેરસમજણ થાય ત્યારે એને કહેનારમાં ભૂલ છે એવું લાગે. પણ એ ખરેખર પોતાની સમજણની ભૂલ છે. કહેનારની ભૂલ એમાં નથી.

મુમુક્ષુ :- આ ઉત્પાદવ્યય અને ધ્રૌવ્ય. ધ્રુવ નહિ ધ્રૌવ્ય. એટલે એ ત્રણે અંશ?

પૂજ્ય ભાઈશ્રી :- એ ત્રણ અંશ છે. એક સમયના પદાર્થના અંશ છે. અહીંયાં પ્રમાણના વિષયની વાત ચાલે છે. પણ આ વચન એવું છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહે. એમ કોઈ એમ પણ કહે કે આત્મા ઉત્પાદવ્યયધ્રુવ સ્વરૂપ છે. તો એ એક ગુણને બતાવે છે. ગુણથી ગુણીને બતાવે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ જ્ઞાનગુણથી ગુણીને બતાવે છે. એમ અહીંયાં ઉત્પાદવ્યયધ્રુવ શક્તિથી ગુણીને બતાવે છે. તો એ રીતે એક શક્તિથી-એક ગુણથી-આખા પદાર્થને કહેવાની પદ્ધતિ છે. એમ બીજી રીતે પ્રમાણના વિષયને કહેવામાં પણ એમ જ આવે છે કે એક સમયમાં પૂર્વ પર્યાયનો વ્યય છે. નવી પર્યાયથી આત્મા ઊપજતો છે. અને એ જ સમયે કાયમ રહેતું જે ગુણનું સ્વરૂપ છે એ તો ધ્રુવ જ રહે છે. એમ થઈને આખો પદાર્થ છે. જે પ્રમાણના વિષયભૂત છે-પ્રમાણજ્ઞાનના વિષયભૂત છે. અહીંયાં પ્રમાણજ્ઞાનના વિષયભૂત પદાર્થની વાત ચાલે છે.

અહીંયાં શું વિષય લીધો? કે આત્માના ધ્રૌવ્ય પદમાં જે અનંત ગુણોની ઋદ્ધિનું એકરૂપ છે એવું જે આત્માનું મૂળ સત્ત્વ સ્વરૂપ છે આત્મા, એ પરિપૂર્ણ અને કૃતકૃત્ય છે. અને એ પરિપૂર્ણ કૃતકૃત્યપણું પોતાના સ્વરૂપમાં જે જોવે છે, જે શ્રદ્ધાએ સ્વીકારે છે, જે એમાં ઠરે છે એની અવસ્થામાં પણ એવું જ કૃતકૃત્યપણું પ્રગટ થઈ જાય છે. તે સંપૂર્ણ નિર્દોષ પવિત્ર દશામાં કૃતકૃત્ય થઈને રહી જાય છે સાદિઅનંત કાળને માટે. એટલે મૂળ સ્વરૂપ બતાવીને એમાં ઠરતાં પૂર્ણ થવાય છે એટલી વાત સંક્ષેપમાં લઈ લીધી.

ધર્મનું પ્રકરણ સૌથી મોટું છે એ જે કહ્યું એનું કારણ એ છે કે એક પર્યાયને અનંતા ધર્મ છે, એક ગુણને અનંતા ધર્મ છે અને એક દ્રવ્યને અનંતા ધર્મ છે. એવી રીતે પ્રત્યેક દ્રવ્યને, પ્રત્યેક દ્રવ્યના અનંતે અનંત ગુણને અને પ્રત્યેક પદાર્થની અનંતી અનંતી પર્યાયોને અનંત ધર્મો છે. એટલે એની સંખ્યા સૌથી મોટી છે. બહુ મોટું પ્રકરણ છે.

મુમુક્ષુ :- એક પર્યાયને અનંત ધર્મ?

પૂજ્ય ભાઈશ્રી :- એક પર્યાયને અનંત ધર્મ છે. એવું છે. કેમકે અનંતા પદાર્થોથી તે ભિન્ન રહે છે. જગતમાં અનંતા પદાર્થોથી ભિન્ન રહેવાનો એનો ધર્મ છે. એક પર્યાયનો ધર્મ છે. અનંત પદાર્થોની વચ્ચે રહેવા છતા અનંત પદાર્થોથી ભિન્ન રહેવાનો એનો ધર્મ છે. અનંત પદાર્થોના પદાર્થોથી, એના ગુણોથી એની પર્યાયોથી એનો ભિન્ન રહેવાનો ધર્મ છે. એક પર્યાયને અનંત ધર્મ છે.

મુમુક્ષુ :- એક ગુણને અનંત ધર્મ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવી રીતે એક ગુણને અનંત ધર્મ છે. એવી જ રીતે.

મુમુક્ષુ :- ભિન્ન રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભિન્ન રહે જ છે ને. એક ગુણ બીજા અનંત ગુણના કોઈ ગુણરૂપે ન થાય. બીજા પદાર્થોના કોઈ ગુણ રૂપે ન થાય. બીજા પદાર્થોની પર્યાય રૂપે ન થાય, બીજા પદાર્થો રૂપે ન થાય. એમ. અને પોતામાં બીજા જે પોતાના ને પોતાના જે અનંત ગુણો છે એના બધા રૂપ એનામાં આવે. એક ગુણને અનંત ગુણનું રૂપ હોય એવી યોગ્યતા છે. એક ગુણને અનંત ગુણનું રૂપ મળે છે. તો એની યોગ્યતા છે એ. એ ગુણ નથી કાંઈ. એ ગુણ નથી.

ગુણ છે એ તો એક પદાર્થની શક્તિ છે. જેને Property કહેવામાં આવે છે. વિજ્ઞાનની ભાષામાં એને Property કહેવામાં આવે છે. અને ધર્મ છે એ એક Character છે. એ Character ગુણને હોય, દ્રવ્યને હોય અને પર્યાયને હોય.

ત્રણેને હોય.

મુમુક્ષુ :- એટલે દ્રવ્યને...

પૂજ્ય ભાઈશ્રી :- અનંતા જે દ્રવ્યો છે એનાથી ભિન્ન રહે છે. એ દ્રવ્યને દ્રવ્યત્વને લગતા ધર્મો છે. તે ગુણત્વને લગતા ધર્મો નથી, તે પર્યાયત્વને લગતા નથી. તે બધાથી જે જુદાપણું છે એ એના ... છે. જે દ્રવ્યનો ધર્મ છે તે ગુણનો ધર્મ નથી, તે પર્યાયનો ધર્મ નથી. તો જે અનંતા ગુણોના, અનંતા પર્યાયના એવા એકેય નથી. એવા છે. એવું બહું મોટું પ્રકરણ છે. બહુ મોટું.

મુમુક્ષુ :- ધર્મ એટલે શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મ એટલે યોગ્યતા. જે ભાવને ધારણ કરી શકે તેને ધર્મ કહીએ. સીધો જે વ્યત્પત્તિ અનુસાર શબ્દનો અર્થ થાય તે આ પ્રકારે છે કે જે ભાવને ધારણ કરી શકે તેને ધર્મ કહીએ. આટલી બહુ General definition છે એની. સામાન્ય વ્યાખ્યા જે બધે લાગુ પડે. જે કોઈને ભાવને ધારણ કરવામાં આવે દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી. દ્રવ્યભાવે, ગુણભાવે કે પર્યાયભાવે એ તેનો ધર્મ છે. દ્રવ્યત્વ તે ગુણત્વ નથી, ગુણત્વ તે દ્રવ્યત્વ નથી, પર્યાયત્વ તે દ્રવ્યત્વ કે ગુણત્વ નથી. ગુણત્વ છે તે પર્યાયત્વ કે દ્રવ્યત્વ નથી. એ બધા એના ભાવ જુદા જુદા છે. જે તે ભાવને જે ધારણ કરે છે તે તેનો ધર્મ છે. એમ લેવું.

મુમુક્ષુ :- આ દ્રવ્યાનુયોગમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યાનુયોગમાં. દ્રવ્યાનુયોગનો વિષય છે. ૩૮૨ થયો.

**જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કરી, મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ જે બહારમાં જાય છે તેને અંદરમાં સમેટી લેવો, બહાર જતા ઉપયોગને જ્ઞાયકના અવલંબન વડે વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો, તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે. જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જ શિવપુરીની સડક છે, તે જ મોક્ષનો માર્ગ છે. બીજા બધા તે માર્ગને વર્ણવવાના ભિન્ન ભિન્ન પ્રકારો છે. જેટલા વર્ણનના પ્રકારો છે, તેટલા માર્ગો નથી; માર્ગ તો એક જ છે. ૩૮૩.**

૩૮૩. '**જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કરી, મતિશ્રુતજ્ઞાનનો ઉપયોગ જે બહારમાં જાય છે તેને અંદરમાં સમેટી લેવો, બહાર જતા ઉપયોગને જ્ઞાયકના અવલંબન વડે વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો, તે જ શિવપુરી પહોંચવાનો રાજ માર્ગ**

**છે.**' આખું પ્રકરણ જુદું ચાલ્યું છે આમાં. 'સમયસાર'ની ૧૪૪મી ગાથાનો આ વિષય છે. પ્રથમ તો દ્રવ્યશ્રુત દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. પછી મતિજ્ઞાનની બુદ્ધિઓને અને શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને મર્યાદામાં લાવીને અંતરમાં વાળવી, અંતર્મુખ કરવી. એ જે વાત ચાલી છે એ વાત અહીંયાં સાદી ભાષામાં ૩૮૩ નંબરમાં છે.

'**જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કરી,...**' શું છે કે એ એટલા માટે એક પગથિયું વચ્ચે લે છે કે આ વિષયથી, આ માર્ગથી, આ વિધિથી જે અજાણ્યા છે એવા ઘણાં જૈનો અને અજૈનો સીધી આત્મામાં સ્થિરતા કરવાની વાત કરે છે. આત્મામાં સ્થિરતા કરવી. આપણે આત્મામાં સ્થિર થઈ જવું. આત્મા સો પરમાત્મા. આત્મા તો પરમાત્મા છે અને એમાં સ્થિર થઈ જવું. ભાઈ! જેનો તને નિર્ણય નથી. અથવા તો જે વિષયમાં તું અજાણ્યો, અનિર્ણિત સ્થિતિમાં છો. અનિર્ણિત દશામાં છો, અનિશ્ચિત દશામાં છો, એ દશા રાખીને તું સ્થિર કેવી રીતે થઈ શકીશ? કે કોઈ રીતે સ્થિર થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વળી, નિર્ણય એ એક એવું Stage છે-એક એવો તબક્કો છે કે આત્મ સ્વરૂપનો યથાર્થ નિર્ણય થતા એમાં રહેલી જે એની ગુણની રિદ્ધિ-સિદ્ધિઓ છે એનું એક જબરજસ્ત આકર્ષણ ઊભું થાય છે કે જેને વશ સ્થિરતાનો અવસર, સ્થિરતાનો પ્રસંગ આવીને ઊભો રહે છે. આકર્ષણ વગર ક્યાંય એકાગ્રતા ન થાય. ચાહે સુખે કે ચાહે દુઃખે. દુઃખ પણ અભાવ કરવાના નિમિત્તે એટલે સુખનો જ હેતુ છે એમાં. આ ન હોય એમ આકર્ષણ ત્યાં થઈ જાય છે. દુઃખમાં એકાગ્ર થાય છે ને, એ એના નિષેધાત્મક ભાવની અંદર એકાગ્રતા છે કે આ ન હોય, આ ન જોઈએ, આ ન જોઈએ.

મુમુક્ષુ :- ... હેતુ નથી સરતો.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંથી સરે? વિધિ સાચી હોય ત્યાં જ હેતુ સરે. ખોટી વિધિનો તો કાંઈ હેતુ સરે નહિ.

મુમુક્ષુ :- આ નથી.. આ નથી.. આ નથી... એમ હેતુ ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ન જ સરે. કારણ કે વિધિ નથી એ. એ વિધિ સાચી નથી. એટલા માટે.

આ તો સિદ્ધાંત શું છે? કે સ્વરૂપમાં એકાગ્રતા અથવા કોઈપણ પદાર્થમાં એકાગ્રતાનું કારણ શું? કે સુખના કારણથી એકાગ્રતા મળે. જો સુખ ન જોવામાં આવે, જો સુખનો નિશ્ચય ન હોય તો એકાગ્રતા થવાનો પ્રશ્ન રહેતો નથી. સ્થિરતા અને એકાગ્રતાનું કારણ જીવની સુખબુદ્ધિ, સુખનો નિશ્ચય એ એક જ કારણ છે. તો સ્વરૂપના નિર્ણયમાં

અનંત સુખના ભંડારનો નિર્ણય છે. જ્યારે પોતામાં જ પોતાના અનંત સુખનો ભંડાર છે એવો નિર્ણય થાય છે ત્યારે એમાં સ્થિરતા આવવા સંબંધીનું આકર્ષણ ઉત્પન્ન થયા વિના રહેતું નથી. એટલે અંદર એકાગ્ર થવાય છે. અને નિર્ણયની વાત એટલે વચ્ચે લેવામાં આવે છે.

નિર્ણયના વિષયમાં તો કાંઈ ખબર ન હોય અને એકાગ્રતા થવાની વાત કરે. અથવા એકાગ્રતા તે ચારિત્રના ખાતામાં જાય છે. અને નિર્ણય શ્રદ્ધા-જ્ઞાનના ખાતામાં જાય છે. તો શ્રદ્ધા-જ્ઞાનનું ઠેકાણું નહિ અને ચારિત્રની અંદર અગ્રેસર થવું છે. કોઈ રીતે બની શકે નહિ. એ થઈ જ શકે નહિ. વસ્તુ વ્યવસ્થાની બહારની ચીજ છે. બની શકે નહિ.

મુમુક્ષુ :- .. આપ્યું .. ધ્યાન શિબિર ....

પૂજ્ય ભાઈશ્રી :- ધ્યાન શિબિર. હા આવે છે ને. ધ્યાનની શિબિર, યોગની શિબિર, યોગની શિબિર કરે છે. એ બધા મન-વચન-કાયાના પ્રયોગો છે.

મુમુક્ષુ :- એટલે આ શ્વેતાંબરમાં છે ...

પૂજ્ય ભાઈશ્રી :- એ શ્વેતાંબર, દિગંબર અને અન્ય મત ત્રણેમાં એ Craze ઉપડ્યો છે. સમાજની અંદર એક Craze ઊભો થયેલો છે. ધ્યાન અને યોગની શિબિરોનો. પણ એ બધા મન-વચન-કાયાના પ્રયોગો છે. એમાં આત્મા અને એના સ્વભાવ સાથે કાંઈ લેવા-દેવા જ હોતી નથી. આત્માને પડતો મૂકીને એ બધી વાત છે. એમાં કાંઈ આત્માને શાંતિ થાય એવું નથી. કેટલાક પ્રયોગોથી મનની ચંચળતા ઘટે અને કષાયની મંદતા થાય. એવું બને છે. અને એને લઈને એમાં કાંઈક તથ્ય છે એમ જોવામાં આવે છે. પણ એ ભ્રમણાએ પડવાની વાત છે. એમાં કાંઈ નિર્ભ્રાંતપણું છે નહિ. નવો ભ્રમ ઊભો થશે.

મુમુક્ષુ :- જેનો આધાર લેવો છે. એનું Physical કેવું છે એ તો હજી ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ વ્યવસ્થાનું કોઈ વિજ્ઞાન જ નથી. જડ-ચેતનનું વિજ્ઞાન યથાર્થપણે જ્યાં ન હોય ત્યાં પછી બીજી કોઈ વાત બરાબર હોય એ વાત રહેતી જ નથી. એકેય વાત રહેતી નથી. નહિતર વેદાંતનું જે સાહિત્ય છે એની અંદર ઉપદેશનો વિભાગ ઘણો છે. અને તમામ પ્રકારના અવગુણો ટાળવા જોઈએ એની સામે તે તે ગુણો ઉત્પન્ન કરવા જોઈએ અને તેનો યુક્તિ અને ન્યાયથી Logic, આટલી બધી સંયોજના ત્યાં છે. એ સાહિત્યની અંદર. તોપણ વસ્તુનુ વિજ્ઞાન નથી. એ બહુ મોટો ફેર છે. પદાર્થના વિજ્ઞાનના આધારે એ સંયોજના નથી. માત્ર બુદ્ધિગોચર એમ થયું

છે કે આ અવગુણો છે એ દુઃખદાયક છે. પ્રગટપણે ક્રોધ કરતા દુઃખ થાય છે. પ્રગટપણે બીજા અવગુણો ઉત્પન્ન થતા અપવિત્ર, મલિન ભાવ અને દુઃખ ભાવ થાય છે. અને એ નહિ હોવા જોઈએ. એમ બુદ્ધિ ના પાડે છે. અથવા એનો આત્મા અંદરથી એનો નિષેધ કરે છે, પ્રતિકાર કરે છે. કેમકે સ્વરૂપે કરીને શુદ્ધ સત્ત્વ છે તેથી. એટલે એ વાતનો અનુભવ થાય છે કે આત્મા તો અંદરથી ના પાડે છે. આ ન હોવું જોઈએ. તો મૂળ વિજ્ઞાન સુધી ન પહોંચ્યા, એ દિશામાં ન વળ્યા તો બીજી દિશામાં વળી ગયા. બીજી રીતે એણે યુક્તિ ન્યાય એના ગોઠવ્યા. ઈશ્વર કર્તૃત્વથી ગોઠવ્યા. કોઈએ પોતાને ફાવે એ રીતે કર્મની Theoryથી ગોઠવ્યા. કોઈએ કાંઈ, કોઈએ કાંઈ, કોઈએ કાંઈ. એ વસ્તુ કોઈ રીતે એનું શાશ્વત ફળ લાવે એવું બનતું નથી. કાયમી પદાર્થના આધારે એનું કાયમી ફળ આવે. અનિત્ય કલ્પનાના આધારે કોઈ નિત્ય અને શાશ્વત ફળ આવે એવું બની શકે નહિ. એ સમજી શકાય એવી વાત છે.

એટલે '**જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય...**' કરવો પ્રથમ. એટલે આત્માને ઓળખવો. અને ઓળખીને ઓળખતા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના જે પર્યાયો છે, એ બહિર્મુખપણે જે વર્તી રહ્યા છે, તે અંતર આકર્ષણથી બહારમાં જાય છે તેને અંદરમાં સમેટી લેવા, અંદરમાં લાવવા. ઉપદેશાત્મક ભાષામાં લાવવા એમ કહેવાય છે. પણ સ્વરૂપની રિદ્ધિ-સિદ્ધિને લીધે તેનું આકર્ષણ અંદર ઉત્પન્ન થતું હોવાથી તે અંદર વળી જાય છે. લાવવા પડતા નથી. પરાણે લાવવા પડતા નથી પણ સહેજે અંદર વળી જાય છે. એને લાવવા એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિર્ણયનું પ્રકરણ બહુ મોટું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વિષય પણ વિચારવા જેવો છે. વિસ્તારથી વિચારવા માટે લખી નાખ્યું. એ જરા વિસ્તારથી વિચારવા જેવો વિષય છે. જ્યાં સુધી નિર્ણય નહિ થાય ત્યાં સુધી આત્માના અંતર્મુખની દિશામાં એક ડગલું આગળ વધવાનો પ્રશ્ન નથી. કારણ કે એ એક જ તબક્કે દિશા બદલાય છે. જ્યાં દિશા બદલાય છે ત્યાં દશા બદલાય છે. ત્યાં સુધી તો દિશા બદલાતી નથી. અને 'શ્રીમદ્જી'એ તો એને સંસ્કારનું કારણ લીધું. જોકે આમાં પણ સંસ્કારની વાત આવી ગઈ. અને 'ગુરુદેવ'ના ૩૫૯માં બોલમાં એ વાત આવી ગઈ. સંસ્કારની. નિર્ણય થતા સંસ્કાર પડશે. એવો નિર્ણય કરે કે જેથી આત્મામાં ઊંડા સંસ્કાર પડે કે જેને લઈને એને મોક્ષમાર્ગ મળે, મળે ને મળે જ. ૩૫૯ બોલ 'પરમાગમસાર'માં એ વિષય આવી ગયો.

એટલે નિર્ણય કરે છે ત્યારે જે કાર્ય જે મર્યાદામાં થાય છે એ શાશ્વત સ્વરૂપના નિર્ણયમાં સંસ્કારનું એક શાશ્વત બીજ રોપાય છે. કે જેનો કદી નાશ થતો નથી,

જે બીજ કદી નિર્મૂળ થતું નથી. અથવા જે બીજ કદી પાંગર્યા વિના રહેતું નથી. એમાંથી સમ્યગ્દર્શનનો અંકુર ફૂટે, ફૂટે ને ફૂટે જ.

મુમુક્ષુ :- નિર્ણય કરે વલણ ફરે.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણય કરે ત્યારથી વલણ ફરે. એટલે નિર્ણય કરે ત્યારે એને પક્ષ બદલ્યો એમ કહે છે 'સમયસાર'માં. એણે પક્ષ બદલ્યો. આત્માના પક્ષમાં આવ્યો. ધ્રુવ પરમાત્માના પક્ષમાં આવ્યો એ. અત્યાર સુધી એ વિપક્ષમાં-સામા પક્ષમાં ઊભો હતો. એટલે ત્યાં પક્ષની વાત લીધી છે. પછી એમ કહે છે કે પક્ષમાં એ દક્ષ છે, ચતુર છે એટલે પક્ષમાં નહિ રહે. આ પક્ષમાં આવેલો જીવ પક્ષાંતિક્રાંત થઈને 'સમયસાર'ને પામશે. એ વાત ત્યાં લીધી છે. એ પણ નિર્ણયનો જ વિષય છે. અહીં સુધી રાખીએ...

## તા. ૧૩-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૩
## પ્રવચન નં. ૨૯૭

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૩, પાનું ૧૪૧. શરૂઆતથી ફરીને. **'જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કરી મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ જે બહારમાં જાય છે તેને અંદરમાં સમેટી લેવો, બહાર જતા ઉપયોગને જ્ઞાયકના અવલંબન વડે વારંવાર અંદરમાં સ્થિર કર્યા કરવો, તે જ શિવપુરી પહોંચવાનો રાજમાર્ગ છે.'** પહેલું વાક્ય આટલું છે. શું કહે છે? શિવપુરી એટલે કલ્યાણ, શિવપુરી એટલે સિદ્ધાલય, શિવપુરી એટલે મોક્ષ. આત્માને નિર્વાણમાં જવાનો રાજમાર્ગ એટલે કે એકમાત્ર પારમાર્થિક માર્ગ, વાસ્તવિક માર્ગ આ છે કે પ્રથમ પોતાના જ્ઞાયકસ્વભાવી આત્માનો નિર્ણય કરવો-નિશ્ચય કરવો.

'સમયસાર'ની ટીકામાં દ્રવ્યશ્રુતના અવલંબન વડે એમ લીધું છે. દ્રવ્યશ્રુતના અવલંબન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. જ્ઞાયકસ્વભાવ કહો કે જ્ઞાનસ્વભાવી કહો. દ્રવ્યશ્રુત એટલે જ્ઞાનીની વાણી. સત્સંગ અથવા સત્શાસ્ત્રમાં દ્રવ્યશ્રુત મળે છે. દ્રવ્યશ્રુતનો સંયોગ થાય છે. મળે છે એટલે સંયોગ થાય છે. એટલે કે જે દ્રવ્યશ્રુત શુદ્ધાત્માને દર્શાવે છે, જે વાણી શુદ્ધાત્માને કહે છે તે કથન દ્વારા, એ કહેનારની સૂચના દ્વારા, કહેનારના માર્ગદર્શન અનુસાર. આ બધું એમાંથી નીકળે છે. એટલે કે પોતાની મતિ કલ્પનાએ નહિ, સ્વચ્છંદે કરીને નહિ. પણ દ્રવ્યશ્રુતના આલંબન વડે. એટલી વાત લીધી. એનો આ મર્મ છે.

આ જગતમાં આત્માના મૂળ સ્વરૂપને, શુદ્ધાત્મ તત્ત્વને કોઈ કહેનાર હોય, બતાવનાર હોય તો તે અનુભવી પુરુષોની વાણી છે. જેને પોતાના પરમ સ્વરૂપનો અનુભવ થયો છે, પરમેશ્વર તત્ત્વનો અનુભવ થયો છે એની જ વાણી તે દર્શાવી શકે છે. એને દર્શાવવા માટેની જે કથનની અંદર અપૂર્વ ભાવો સહિતનું જે કથન હોય છે એવું કથન કોઈ બીજા એવું શીખી લે તોપણ ન આવે. આટલો ફરક છે. જ્ઞાની-અનુભવીની વાણી અને બીજાની વાણીમાં આટલો ફરક છે. એ જ એક માત્ર દર્શાવી શકે છે એ પણ એની અંદર આવી જાય છે.

જેને અનુભવીને કહ્યું, આત્મસ્વરૂપ દર્શાવ્યું એ પ્રમાણે તું પ્રયત્ન કર. એ પ્રમાણે પ્રથમ તું નિર્ણયની દિશામાં પ્રયત્ન કર અને નિર્ણય કર્યા પછી અનુભવની દશામાં તું પ્રયત્ન કર એમ અહીંયાં કહેવું છે. તો ત્યાં જ્ઞાનલક્ષણ વડે જ્ઞાનસ્વભાવી આત્માનો

નિશ્ચય કરવો એવી વાત પાછળથી આચાર્ય ભગવાને પરિશિષ્ટમાં એ વાતને પ્રશ્ન-ઉત્તર રૂપે ચર્ચીને વધારે ચોખ્ખી કરી છે.

ચાલતા જ્ઞાનોપયોગ રૂપ જ્ઞાનલક્ષણમાં, જ્ઞાનના પર્યાયમાં જ્ઞાનસ્વભાવ શું છે એનો ભાવ ન ભાસે ત્યાં સુધી ત્યાં સંશોધન કરવું. એ પણ જ્ઞાનલક્ષણથી આત્મા જણાય છે એમાં કહેવા ધારે છે. અને આત્માનો નિર્ણય કરવા એટલે આત્માને ઓળખવા માટે એ સિવાય બીજો કોઈ અન્યથા બીજો કોઈ પ્રયત્ન કરવો એ વ્યર્થ પ્રયત્ન છે. ન કરવો જોઈએ. અથવા બીજા કોઈ પ્રયત્નથી ઓળખાણ નહિ થાય એમ પણ કહેવા માગે છે.

એટલે એ એક જીવના પુરુષાર્થને વેડફાતો અટકાવવા માટેની એક સૂચના મળી ગઈ. વસ્તુ ખોવાણી હોય તો ક્યાં ગોતવી? આખી દુનિયા પડી છે. ક્યાં ગોતવી ક્યાં એને? કે ખબર જ નથી ક્યાં ખોવાણી છે. તો તો એટલી બધી જગ્યાએ ગોતવાના વિકલ્પો આવશે કે ખરેખર જે જગ્યાએ ગોતવી જોઈએ એ જગ્યાએ ગોતવાનું રહી જશે. એવો સંભવ છે. અહીંયાં એવી પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય એ માટે એમ કહી દીધું કે વસ્તુ અહીંયાં છે. શોધ, તારે જો શોધવી હોય તો વસ્તુ તારા જ્ઞાનલક્ષણથી ઓળખાય એ જગ્યાએ તારે શોધ કરવાની છે. એટલે બીજી જગ્યાએ એનો પુરુષાર્થ અને સમય બચી જાય છે. આટલી એ વાતની અંદર મર્યાદા ઊભી થઈ જાય છે.

'ગુરુદેવશ્રી' એવું દૃષ્ટાંત આપતા કે સોય અજવાળે ખોવાણી છે. અજવાળે ન જડે એટલે લાવો હવે અંધારામાં ગોતીએ એવો કોઈ પ્રયત્ન કરે તો એ પ્રયત્ન કેટલો ભૂલભરેલો છે એ જેમ સમજી શકાય એવું છે. સોય એટલે એક સૂક્ષ્મ વસ્તુ છે કે જે જલ્દી ખોવાયા પછી નજરે ચડતી નથી. એટલે દૃષ્ટાંતમાં સોયનું દૃષ્ટાંત લીધું.

અજવાળે ખોવાણી છે એટલે આત્માનો સૂક્ષ્મ સ્વભાવ જ્ઞાનના પ્રકાશમાં છે. જ્ઞાનના અજવાળામાં જ્ઞાયકસ્વભાવ છે. રાગના અંધારામાં જ્ઞાયકસ્વભાવ નથી. એટલે તું પ્રકાશમાં ખોવાયેલી સોયને પ્રકાશમાં શોધ. ત્યાં ન જડે તો અંધારામાં ગોતવા જઈશ નહિ. કેવી રીતે મળશે? એક તો અંધારું છે, બીજું ત્યાં સોય નથી. ત્યાં વસ્તુ છે નહિ અને વસ્તુને શોધવા માટેનું સાધન પણ ત્યાં છે નહિ તો એ પ્રયત્ન તો તારો નકામો જશે. તારી શક્તિ અને સમય બગડશે. એ સિવાય એનું કોઈ ફળ આવશે નહિ. એટલે ત્યાં એ વાત લીધી છે.

એ વાત આપણે સ્વાધ્યાયમાં ચાલી છે કે ભૌતિક વિજ્ઞાનના Recearchમાં અને આ Recearchમાં સગવડતા છે. ત્યાં તો આમ થાય એવી વાત નક્કી થયેલી સામે દેવામાં આવતી નથી. એ તો અનેક પ્રયોગો કરીને શોધવી પડે છે. અહીંયાં

પ્રયોગસિદ્ધ વાત એની વ્યાખ્યા સહિત અને પ્રયોગની વિધિ સહિત બતાવવામાં આવે છે. પ્રયોગ પોતાને કરવાનો બાકી રહે છે. તપાસ, જ્ઞાનનું લક્ષણ નિરાકુળતા છે કે નહિ? પછી એ નિરાકૂળતાનું લક્ષણ સુખ છે. પણ તપાસ તો કે જ્ઞાનમાં કષાયની આકુળતા છે કે નહિ? જ્ઞાન પોતે કષાયના અભાવસ્વભાવે હોવાથી જ્ઞાન નિરાકુળ સ્વભાવી છે. માત્ર જાણવું એટલું જ એનું કાર્ય છે અને એ સિવાયની આકુળતા એમાં નથી. રાગ આકુળતા સ્વભાવી છે. એમાં સકષાયપણું હોવાને લીધે એમાં આકુળતા છે. તો સ્પષ્ટ કહેવામાં આવે છે. હવે જોવું, તપાસવું એ પોતાને છે. પણ અનુભવસિદ્ધ વાત દેવામાં આવે છે, દર્શાવવામાં આવે છે. અને કેવી રીતે આગળ વધવું એ પણ બતાવવામાં આવે છે. કાર્ય પોતાને કરવાનું છે. એટલું તો ઓછામાં ઓછું આત્માર્થી સમજે છે કે કાર્ય પણ મારે જ કરવાનું છે. દર્શાવનાર કોઈ મારું કાર્ય કરે એ અપેક્ષા એને હોતી નથી.

મુમુક્ષુ :- પોતાને તપાસ કરવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતામાં-જ્ઞાનમાં-પોતાના જ્ઞાનમાં-પોતાની તપાસ એટલે પોતાનો સ્વભાવ શું છે? એ અપૂર્વ જિજ્ઞાસાએ કરીને ખોળવાની વાત છે, ખોજ કરવાની વાત છે, અંતરશોધ કરવાની વાત છે.

મુમુક્ષુ :- કઈ રીતે કરવી? જ્ઞાન છે...

પૂજ્ય ભાઈશ્રી :- એનું અવલોકન કરવું. તપાસવામાં તો જોવું છે કે આ જ્ઞાનનો અનુભવ થઈ રહ્યો છે કે નહિ? અત્યાર સુધી રાગ અને રાગના વિષયભૂત પદાર્થ અનુભવમાં આવી રહ્યા છે એમ અનુભવમાં લાગતું હતું. અનુભવમાં શું લાગતું હતું? કે મને રાગ અનુભવાય છે અને રાગ અનુસાર બીજા રાગના વિષયભૂત બાહ્ય પદાર્થો છે એનો અનુભવ મને થાય છે. સારા લાગે છે અથવા ખરાબ લાગે છે. અહીંયાં એની ના પાડી કે નહિ. એવો જે તારો અનુભવ છે એ ભ્રાંતિ છે. વાસ્તવિકતાએ એવું બનતું નથી. કહેનાર એમ કહે છે કે તને તારા જ્ઞાનનો અનુભવ થઈ રહ્યો છે અને તને જે એમ લાગે છે કે રાગ અને રાગના વિષયભૂત પદાર્થનો અનુભવ થઈ રહ્યો છે એ તો જ્ઞાનમાં પ્રતિબિંબિત થયેલા ભાવો છે, આકારો છે. પણ એમ થઈ શકતું નથી. પ્રતિબિંબ થાય છે, અનુભવ નથી થતો. પ્રતિબિંબ થાય છે ત્યારે જણાય છે. જણાય છે, અનુભવાતુ નથી-વેદાતુ નથી. લાડવો ખાય શકાતો નથી.

'ગુરુદેવ' શું કહેતા? લાડવાના ગળપણનું જ્ઞાન થઈ શકે પણ લાડવો ખાઈ ન શકાય. કોઈ ચેતન પદાર્થ અચેતન પદાર્થને ખાઇ જાય, પરમાણુઓને ખાઇ જાય એ કેવી રીતે બને? ખાઈ તો ન શકે પણ વેદી પણ ન શકે એમ કહે છે. આ

વિષય થોડો સૂક્ષ્મ છે જરૂર. કે કેમ વેદી ન શકે? વેદન તો આવે છે. તો કહે છે, લાડવાનું વેદન નહિ, શરીરની પીડાનું વેદન પણ એ જ સ્થાને છે. વેદી ન શકાય. શરીરને વેદી ન શકાય-અનુભવી ન શકાય. હવે તપાસવાનું એટલું રહ્યું કે જ્યારે અનુભવના દૃષ્ટિકોણથી આ વિષય સામે આવે છે ત્યારે મારા જ્ઞાનમાં મને શેનો અનુભવ થઈ રહ્યો છે? આ વિષય અનુભવના દૃષ્ટિકોણથી તપાસવાનો છે, અનુભવવાનો છે.

વિશેષ સૂચના એ આપે છે કે અનુભવને .. સૂક્ષ્મ દૃષ્ટિ કરીને. આ વધારાની સૂચના છે. સીધો નિર્ણય થઈ શકે એટલા માટે. એ સૂક્ષ્મ દૃષ્ટિ કરીને અંતરંગમાં, જ્ઞાનના અંતરંગમાં તું જો કે તને શેનો અનુભવ થાય છે? અથવા અનુભવના સૂક્ષ્મ દૃષ્ટિકોણ દ્વારા તું તારા જ્ઞાનના અંતરંગને જો, જ્ઞાનના અંતરંગને જો. જ્યારે એ જ્ઞાનના અંતરંગને જોવાની વાત સામે આવે છે, ત્યારે એ પ્રશ્ન થાય કે જ્ઞાનનું અંતરંગ એટલે શું? અને પ્રતિપક્ષભૂત એવું જ્ઞાનનું બહિરંગ એટલે શું? એક જ જ્ઞાનના બે અંગ બતાવ્યા. વિષય એટલા માટે થોડો સૂક્ષ્મ થાય છે. કે જ્ઞાનમાં ઉત્પન્ન થતો જે જ્ઞેયાકાર ભાવ છે જે જ્ઞાનનો એ જ્ઞાનપર્યાયનું બહિરંગ છે અને માત્ર જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણું એવું જે જ્ઞાનનું સામાન્યપણું છે એ જ્ઞાનનું અંતરંગ છે. તો તને તારા સામાન્યજ્ઞાનનો અનુભવ જે થઈ રહ્યો છે એના ઉપર ઉપયોગને મૂકને. તું જે તે પદાર્થને જાણવા માટે જે તે પદાર્થ ઉપર ઉપયોગ મૂકે છો કે આ વાંચવું છે ત્યારે પુસ્તક ઉપર ઉપયોગ લઈ જાય છે. સાંભળવામાં શબ્દો જે અવાજ રૂપે છે એના ઉપર ઉપયોગને મૂકે છે. ઉપયોગને લઈ જાય છે ને? તો જે તે જ્ઞેયભૂત પદાર્થને જાણવા માટે તું ઉપયોગને ત્યાં લઈ જાય છો. જ્ઞાનના વેપારને એ બાજુ લઈ જા છો. તો હવે તને એમ કહે છે કે બાહ્ય પદાર્થમાં તો તારી આ Practice ઘણી છે. હવે તારા ને તારા જ્ઞાન ઉપર તારા જ્ઞાનના ઉપયોગને લઈ જા. તારા જ્ઞાનમાં જે જ્ઞાનનું અંતરંગ વેદનભૂત સ્વભાવવાળું છે, જ્ઞાનનું જે સામાન્ય અંગ છે, જ્ઞાનસામાન્ય છે એ સ્વયં પોતે જ વેદકસ્વરૂપે છે. વેદનભૂત એનો સ્વભાવ છે. જો તું ઉપયોગને ત્યાં લઈ જઈશ તો જ્ઞાનમાં જ્ઞાનનું વેદન શું? એ તને સમજાશે.

મુમુક્ષુ :- .... જે બહિરંગ છે એને મુખ્ય કરે છે અને અંતરંગને ગૌણ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊલટી દશામાં, ઊલટી દશામાં. હવે ઓળખવામાં એથી ઊલટું કરવાનું છે કે બહિરંગ છે એને ગૌણ કર અને અંતરંગને મુખ્ય કર. અથવા જેને જાણવું હોય એના ઉપર ઉપયોગ લઈ જવો એનો અર્થ જ એને મુખ્ય કરવું છે. હવે જ્યાં સુધી એ કાર્ય તને તારા પરિપૂર્ણ આત્મ સ્વભાવને વિશ્વાસપૂર્વક ઓળખ

નહિ ત્યાં સુધી તારે એ કાર્ય કરવાનું છે. જ્ઞાયકસ્વભાવી આત્માને ઓળખવા માટે તારા જ્ઞાનના ઉપયોગને એના જ ઉપર તું લઈ જા. ચાલતા ઉપયોગને તું સ્વયંને એના ઉપર લઈ જા.

મુમુક્ષુ :- નિજાનંદ સ્વરૂપમાં આવી જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- આનંદનો વિષય તો અનુભવ આવશે પછી છે. અહીંયા હજી ઓળખવાનું એક Stage છે. એ Stageની ચર્ચા વિચારણા ચાલે છે.

પ્રથમ તો જ્ઞાનસ્વભાવી આત્માને ઓળખવો. નિર્ણય કરવો એટલે ઓળખવો. એ ઓળખવા માટે એણે જ્ઞાન સિવાય બીજો કોઈ ભાવ કે બીજું કોઈ ક્ષેત્ર એને પસંદ કરવાનું નથી. એટલે ક્યાંય બીજે શોધ કરવાની નથી. અને ચાલતા જ્ઞાનને પોતામાં જ જોવાનું છે. જ્યારે ચાલતું જ્ઞાન પોતાને જોવા પ્રેરાય છે ત્યારે એને બીજા અન્ય જ્ઞેયો સાથેનો સંપર્ક ન રહ્યો. અન્ય જ્ઞેયો સાથેનો એનો સંપર્ક છૂટ્યો. બીજે બીજા જ્ઞેયો ઉપર જે ઉપયોગ જતો હતો એના બદલે જ્ઞાનની મુખ્યતામાં, જ્ઞાનની પ્રધાનતામાં એટલે સ્વયંની મુખ્યતામાં, સ્વયંની પ્રધાનતામાં પોતે પોતાની તપાસ કરે છે કે આમાં મારો સ્વભાવ શું છે? સ્વભાવ પોતે સામાન્ય સ્વરૂપે હોવાથી અને જ્ઞાનનું અંતરંગ જે જ્ઞાન સામાન્ય એ પણ સામાન્ય સ્વરૂપે સ્વભાવ સદૃશ્ય હોવાથી બહુ અલ્પ પ્રયાસમાં ઓળખાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અલ્પ પ્રયાસ કઈ અપેક્ષાએ છે? કે સમ્યગ્દર્શનમાં ઘણો પુરુષાર્થ ઉત્પન્ન હોય છે ત્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ હોય છે. અને એથી આગળ આગળની સાધક ભૂમિકામાં પણ ઘણો પુરુષાર્થ ઉત્પન્ન હોય છે ત્યારે તે તે દશાની ઉપલબ્ધિ અથવા પ્રાપ્તિ હોય છે. અહીંયાં એના પ્રમાણમાં બહુ અલ્પ છે. કેમકે આ તો હજી શોધ કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ફેરફાર તો થાય એ તો પ્રકરણ જ જુદું છે. આખી દિશા બદલાય છે એટલો મોટો ફેરફાર છે. અહીંયાં શું છે કે જ્ઞાનના ઉપયોગની જે દિશા છે એ દિશા બદલાય છે એટલો ફરક છે. એ મોટો ફરક છે. ફરક જરૂર મોટો છે. પણ છતાં વિષય એટલો બધો ક્લિષ્ટ નથી-એટલો બધો કઠણ નથી, અઘરો નથી કે કોઈ અપૂર્વ પુરુષાર્થ કરે ત્યારે ઓળખાણ થાય. એવી વાત નથી. નિર્ણય કરવામાં એટલું બધું નથી. ફક્ત એ પ્રકારે પોતે કાર્ય કર્યું નથી એટલે કાર્ય કરવાની રીત અજાણી લાગે છે, કામ અજાણ્યું લાગે છે. એ કર્યું નથી એટલે અજાણ્યું કામ લાગે છે. અથવા

પોતાને હજી સુધી એ કામ કરતા આવડ્યું નથી માટે એ કામ વિષે એણે કોઈ એવી કલ્પના નથી કરી લેવા જેવી કે આ કોઈ એવું કામ છે કે જે ન થઈ શકે, બહુ કઠણ છે. એવી કલ્પના કરીને આડ મારવા જેવી નથી. એટલી વાત છે એમાં.

કરવા ધારે, એક લક્ષે કરવા ધારે. એક લક્ષે એટલે શું? કે આ કરવું જ છે એમ કરવા ધારે. એક વખત ઓળખાણમાં નહિ આવે ત્યાં સુધી અનુભવની દિશામાં એક ડગલું પણ આગળ વધાય એવું નથી જ્યારે, આ વાત ચોક્કસ છે, ત્યારે આ કરવું જ છે એવું એને કરવા માટેનો એક લક્ષ થઈ જાય તો બીજું બધું લક્ષની અંદર છૂટી જાય અથવા બીજું બધું ગૌણ થઈ જાય. અને તો કાર્ય સુગમ છે. ક્યારે સુગમ છે? કે એક લક્ષ કરે ત્યારે. અને જો એક લક્ષ ન કરે તો વિટંબણાઓ ઘણી છે. તો ઘણી વિટંબણાઓ છે. એ વિટંબણાનું થોડુંક વર્ણન કર્યું છે, નિર્ભ્રાંત દર્શનની શરૂઆતમાં એ વાત કરી છે.

એક તો આ કાળમાં આયુષ્યનું પ્રમાણ અલ્પ છે આ વિટંબણા છે. વખત થોડો છે. કયો મનુષ્ય કઈ ઉંમરે આયુષ્ય પૂરું કરશે એ વાતની પ્રાયઃ કોઈને ખબર નથી. બહુ નાની ઉંમરમાં પણ દેહ છોડે છે અને કોઈપણ ઉંમરમાં દેહ છોડે છે. પણ પૌરાણિક કાળની અપેક્ષાએ આ કાળનું આયુષ્ય ઘણું થોડું છે. ભગવાન ઋષભદેવ સ્વામીનું આયુષ્ય ચોરાશી લાખ કરોડ પૂર્વનું છે. પ્રથમ આદિનાથ છે. ભગવાન મહાવીર સ્વામી અંતિમ તીર્થંકરનું આયુષ્ય ફક્ત ૭૨ વર્ષનુ છે. સો પણ નથી પૂરા. સોમાં અઠ્યાવીશ ઓછા છે. કાળાંતરે આયુષ્યનો કેટલો ફેર પડે છે. હજી તો એ પેલા ચોથા આરાના પ્રારંભમાં છે. આ ચોથા આરાના અંતમાં છે. હજી પાંચમો આરો નથી બેઠો. પાંચમા આરામાં પણ સો અને સોથી ઉપર જનારા કો'ક કો'ક હોય છે. ભગવાન મહાવીર સ્વામીનું આયુષ્ય ૭૨ વર્ષનું છે. એક વિટંબણા એ છે કે મનુષ્ય ગતિનો આયુષ્યનો કાળ અહીંયાં અલ્પ છે. ...ગણજો હવે કેટલા લીધા છે.

બીજું કે કાળના પ્રમાણમાં આયુષ્ય ઓછું હોવા છતાં અનિશ્ચિતતા ઘણી છે. દેવગતિ જેવું નથી કે આટલું તો Minimum-દસ હજાર વર્ષ તો ઓછામાં ઓછું હલકામાં હલકા દેવનું આયુષ્ય હોય. દસ હજાર વર્ષ પહેલા દેવપર્યાયને છોડવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. અને અહીં તો અપર્યાપ્તિ કાળમાં ચાલ્યો જાય. પર્યાપ્તિ પણ ન થાય. પર્યાપ્તિ અપર્યાપ્તિ ખબર છે? એક ગતિમાંથી બીજી ગતિમાં આવે માતાના ઉદરમાં અને એના પ્રથમ જે પાંચ ઇન્દ્રિયના રજકણોની પ્રાપ્તિ સૂક્ષ્મપણે થાય એ પહેલાં એનું આયુષ્ય પૂરું થઈ જાય. એટલું ઓછુ આયુષ્ય બાંધ્યું હોય. ત્યાં ને ત્યાં હોય, ગર્ભમાં ને ગર્ભમાં. ત્યાંથી માંડીને કોઈપણ સમયે મરે. કોઈપણ

સમયે એનું આયુષ્ય પૂરું થાય. એટલી અનિશ્ચિતતા છે. એક તો ઓછું છે, અનિશ્ચિતતાથી ગ્રહાયેલું છે. આ એક બીજી વિટંબણા છે.

મુમુક્ષુ :- એક ગતિમાંથી બીજી ગતિમાં જાય ત્યારે સ્થાન તો મળી જાય કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્થાન તો મળે. ઉત્પન્ન થવાનું સ્થાન હોય એના કર્મ અનુસાર ત્યાં ઉત્પન્ન થાય. વચ્ચેનો સમય કોઈવાર એક સમયનો, કોઈવાર બે સમયનો, ત્રીજે સમયે તો ઉત્પન્ન થઈ જ જાય.

મુમુક્ષુ :- મનુષ્યના આયુષ્યની અનિશ્ચિતતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનિશ્ચિતતા છે.

ત્રીજું, આ કાળની અંદર વ્યવહારિક જીવન નિર્વાહની મોટા ભાગના મનુષ્યોને વિટંબણા છે. ઉદર પોષણ-આજિવિકા જેને કહે છે. એના માટે મોટા ભાગના મનુષ્યો છે એને બહુ સમય આપવો પડે છે. કોઈ મુઠ્ઠીભર માણસોને મૂકી દેતા લગભગ સમય અને શક્તિનો વ્યય ઉદરપો ષણની પ્રવૃત્તિ અર્થે કરવો પડે છે. આ એક વિટંબણા છે. એટલે આયુષ્યનો બહુભાગ વ્યતીત કરવા પડે છે. એક ગણિતનો વિષય લઈએ કે એક માણસને નેવું વર્ષનું આયુષ્ય છે. આપણે Maximum લઈ લઈએ. જ્યાં એક ટકાના માણસો માંડ હોય છે. તો એના બાળપણના વર્ષો તો અણસમજમાં જાય છે. પંદર વર્ષ તો ઓછામાં કાઢી નાખો. કેટલા હાથમાં રહ્યા? પંચોતેર વર્ષ હાથમાં રહ્યા. હવે ઊંઘનો સમય કાઢી નાખો. એટલે ઓછામાં ઓછા પાંત્રીસ વર્ષ તો કાઢી નાખો. અડધો અડધ આપણે ન કરો તો ૩૦-૩૫ વર્ષ તો કાઢી નાખવા પડશે. હવે કેટલા હાથમાં રહ્યા? ૪૦ વર્ષમાં જેમ છ-સાત કલાકની ઊંઘ ગણીએ, આઠ કલાક ધંધાના લઈ લ્યો તો બીજા કેટલા કાઢવા પડે? કેટલા કાઢવા પડે? આઠ ને છ ચૌદ, આઠ ને સાત પંદર. ચોવીસમાંથી પંદર કલાક તો એ બીજો કોઈ ઉપયોગ જવાનો પ્રશ્ન નથી.

હવે બાકીના કલાકના વર્ષો મૂકો. એમાં એને બે વખત, ત્રણ વખત આહાર લેવો. અને બીજી શરીરની પ્રક્રિયા નાવું, ધોવું, લેટ્રિન, આ તે, સગા-સંબંધીનો વ્યવહાર, બીજું, ત્રીજું, લૌકિક વ્યવહાર, બીજું, ત્રીજું, ઘરના પ્રસંગો આ બધાનો સરવાળો મૂકો. નેવું વર્ષની અંદર એની પાસે નિવૃત્તિનો સમય કેટલો? એ નિવૃત્તિના સમયમાં એના ઉપયોગની નિવૃત્તિ કેટલી? ચિંતાથી ગ્રસ્ત નથી એવો સમય કેટલો? કાંઈ હાથમાં રહે એવું નથી. અને એટલા માટે મોટા ભાગના માણસો એમ કહે છે કે તમે આ બધી વાતો કરો છો પણ વખત ક્યાં છે અમારે. ક્યાંય અમને વખત જ મળે એવું

નથી. એટલે આવી વાત કાને પડેલા માણસો માટે પણ બહુ ઓછા માણસો Attempt કરી શકે છે. એને ફરી ફરીને વિચારવા માટે આ તો ભેગા થવાનું છે. સ્વાધ્યાય તો એટલા માટે. એક તો આ જીવ બહુ વિસ્મૃત કરે છે બીજી ચિંતા આડે આ વિષયને. અને આ જરાક વધારે ભાર દઈને કલાક બીજી ચિંતાથી નિવૃત્ત થઈને સ્મરણમાં લાવે.

હવે એવા જે પ્રસંગો છે; હજી વિટંબણા તો ઘણી છે એની અંદર, આ તો હજી ભૂમિકા બાંધી છે, જે પ્રવૃત્તિના પ્રસંગો છે-આર્થિક પ્રવૃત્તિના અને વ્યવહારિક પ્રવૃત્તિના જે પ્રસંગો છે એ બધા જ અસત્સંગના પ્રસંગો છે. કેવા છે? કે આ આત્માને જે આત્મા સંબંધીનો, આત્માર્થ સંબંધીનો સંગ જોઈએ એની વિરુદ્ધ દશામાં જીવને ઘસડી જનારા એ બધા પ્રસંગો છે. આ એક બહુ મોટી વિટંબણા છે. કે જે સમય તો નથી એમ નહિ પણ જે સમય બીજે જાય છે એ વિરુદ્ધ કાર્યમાં જાય છે અને એટલું ઉધારનું પાસુ-ખાતું-ભારે થતું જાય છે. એટલું ખાતું આત્માની નજીક આવવામાં ભારે થતું જાય છે.

... એ જીવ હિનસત્ત્વ થયો છે. એવું આ કાળને વિષે પૂર્વે નહિ જાણેલો, નહિ પ્રતીત કરેલો, નહિ આરાધેલો એવો જે સન્માર્ગ જીવને પ્રાપ્ત થવો એ દુષ્કર છે તેમ સ્વાભાવિકપણે જણાય છે. તોપણ. આ બધાયને Overtake કરીને હવે વાત છે. આટલી વિટંબણાને Overtake કરી શકાય છે. તોપણ, તેમ છતાં પણ જો કોઈ મુમુક્ષુજીવને માર્ગ પ્રાપ્તિનું એક માત્ર લક્ષ હોય તો. બસ! આ શરત છે. એક માત્ર લક્ષ હોય, લક્ષ અહીંયાં ધ્યેયના સ્થાને છે. સ્વરૂપ પ્રાપ્તિનું ધ્યેય હોય એ જ એક લક્ષ હોય તો. નહિતર નહિ થાય. ગમે તેટલો કાળ સ્વાધ્યાય કરે, ભલે નિવૃત્તિ લઈ લે. બીજાથી સમય ઓછો કરીને. ગમે તેમ કરે. પણ જો આ ધ્યેય નહિ હોય તો. તો એ બધી વિટંબણા ઊભી જ છે પાછી. એટલે આ મુખ્ય શરત છે.

માર્ગ પ્રાપ્તિનું એકમાત્ર લક્ષ હોય તો. માર્ગ પ્રાપ્તિ અવશ્ય થવી સંભવે છે. ઘણું કરીને માર્ગ પ્રાપ્તિ થાય એટલી વાત નથી. લક્ષ હોય તો અવશ્ય થાય. એવા લક્ષવાળા મુમુક્ષુજીવની મુમુક્ષુતાની દશા કેવી હોય એનું આ પ્રકરણ છે. અહીંથી એ પ્રકરણ લખવાની શરૂઆત કરી છે. આટલી ભૂમિકા બાંધીને. પછી પ્રથમ પૂર્ણતાનું લક્ષ ધ્યેય લીધું છે. ધ્યેય અનુસારની ભાવના લીધી છે, લગની લીધી છે, જિજ્ઞાસા લીધી છે. નિર્ણય કરવાની ... આવી ગઈ છે. એ બધો વિષય પછી ત્યાંથી ચાલુ થાય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' ..વારેઘડીએ બોલતા કે ગમે ત્યારે આ ધર્મ એવો છે કે થઈ શકે એવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. અશક્ય નથી. અનંતાએ પ્રાપ્ત કર્યો છે. અને એ પોતાના જ જાતિના, પોતાના જેવા જ જીવો છે. કોઈ બીજી જાતિના જીવો નથી. પોતાના જ જેવા છે. એટલે અનંતાએ ૨જો કર્યો છે કે તો તારે નહિ થવાનો કાંઈ પ્રશ્ન નથી. ફક્ત કઈ રીતે થાય છે એ સમજી લે અને તારા હિતને અર્થે એ બાજુ પ્રયાણ કર. આથી બીજી કોઈ વાત નથી.

મુમુક્ષુ :- જે આપણે બહિરંગ અને અંતરંગની વાત ચાલી ...

પૂજ્ય ભાઈશ્રી :- શું છે કે આત્માનું જે જ્ઞાનસામાન્ય છે...

મુમુક્ષુ :- એ તો અવસ્થા જ ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવસ્થા છે. જેમ અરીસો છે. અરીસાની સપાટી તે પ્રતિબિંબ વગરની સપાટી તે સામાન્ય સપાટી. સામાન્ય એટલે એકરૂપ. અને એમાં જે પ્રતિબિંબના આકારો ઉઠે તે વિશેષ. એમ સામાન્ય અને વિશેષે એકની એક સપાટીમાં બે ભાવ ઊભા થાય છે. જ્યારે વિશેષ છે ત્યારે સામાન્ય છે. સામાન્ય ચાલ્યું જતું નથી કે નાશ થતો નથી. અથવા સામાન્ય વગર વિશેષ હોતુ નથી. એટલે જો કોઈ વિશેષ માત્રને જ લક્ષમાં લ્યે તો સામાન્ય એને ખ્યાલમાં ન આવે એક બીજી વાત છે. પણ સામાન્યને જોવા ધારે વિશેષને ગૌણ કરીને, આકારને ગૌણ કરીને તો એને સમજાય છે કે સામાન્ય શું છે.

જેવું જ્ઞાનસામાન્ય છે એવો જ સ્વભાવ છે. એટલે ઓળખવા માટે તર્ક વિતર્ક અને વિચારને લંબાવવો પડતો નથી. પણ એની સામે ભાવાત્મક ભાવ, ભાવાત્મકસ્વરૂપે ભાવ મોજૂદ છે. પોતાના જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનસ્વભાવ જ્ઞાનસામાન્યમાં મોજૂદ છે, પ્રગટ છે.

'ગુરુદેવશ્રી'એ પ્રવચનમાં આ વિષયને સ્પષ્ટ એમ કહ્યું છે કે જેવો તારા જ્ઞાનની પર્યાયમાં તારો જ્ઞાનસ્વભાવ પ્રગટપણે વ્યાપેલો છે એવો જ તારો જ્ઞાનસ્વભાવ ત્રિકાળી દ્રવ્યની અંદર પણ વ્યાપેલો છે તે એવો જ છે. એટલે ત્રિકાળીમાં કેવો? એનો વિચાર કરીને તારે નિર્ણય નથી કરવાનો પણ એને જોઈને તારે નિર્ણય કરવાનો છે.

વિચાર કરીને નિર્ણય કરવામાં વિશ્વાસ નથી ઊભો થતો. અને નજરે જોતા એનો વિશ્વાસ ઊભો થાય છે. આ વિશ્વાસની ફેરબદલી એનું નામ નિર્ણય છે. અને વિશ્વાસ ન ફરે ત્યાં સુધી વિચારથી કરેલો નિર્ણય તે યથાર્થ નિર્ણય એવું નામ પામતો નથી. આ નિર્ણય નિર્ણયમાં ફરક છે. ખરેખર એ અનિર્ણય જ છે. નિર્ણય નથી. પણ કોઈવાર ભ્રાંતિથી એમ લાગે છે કે ના, ના બરાબર છે. હું એમ જ માનું છું, એમ જ કહું છું, એમ જ માનુ છું, એમ જ વિચારું છું. મને એમાં કાંઈ ફેર લાગતો

નથી. પણ જોયા વગર ભાવ ભાસતો નથી. એની અપૂર્વતા, એની અનંતતા, એની અદ્ભુતતા અને એની મહિમા જે છે તે, એની મોટાઈ જે છે એ મોટાઈ ભાસતી નથી. જ્યાં સુધી એની મોટાઈ ભાસતી નથી ત્યાં સુધી એની અધિકતા આવતી નથી. જ્યાં સુધી એની અધિકતા આવતી નથી ત્યાં સુધી બીજેથી રાગ અને રાગના વિષયભૂત પદાર્થથી અધિકતા આ જીવની ખસતી નથી.

એટલા માટે તીર્થંકર ભગવાનની સ્તુતિનો ઉત્તર 'કુંદકુંદાચાર્યદેવે' ૩૦-૩૧-૩૨ ગાથામાં આપ્યો કે 'જીતી ઇન્દ્રિય જ્ઞાન સ્વભાવે અધિક જાણે આત્માને.' અધિક શબ્દ ત્યાં વાપર્યો છે. એનો અધિકનો અધિકાઈ અર્થ પણ થાય છે, ભિન્નતા પણ એવો એનો અર્થ થાય છે, જુદાપણું પણ એનો અર્થ થાય છે. બેય લાગુ પડે છે. પણ ભિન્નતા એટલે અધિકાઈ સહિતની ભિન્નતા. ભિન્ન છે ભિન્ન છે એમ કર્યા કરે અને અધિકતા રહે ત્યાં સુધી હજી એનું ઠેકાણે પડ્યું નથી. એવો વિષય છે.

મુમુક્ષુ :- આમ તો એ જીવને વિશ્વાસ આવે ત્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્વાસ બહુ મોટી વાત છે.

એવો નિર્ણય કરીને એમ લેવું છે. એવો નિર્ણય કર્યા પછી મતિ-શ્રુતજ્ઞાનનો ઉપોયગ હજી જે બહારમાં જાય છે તે. હજી બહારમાં કેમ જાય છે? કે ઉદય છે. આવો નિર્ણય થયો પછી કાંઈ પૂર્વકર્મનો ઉદય તો ઉદય એના ક્રમ પ્રમાણે ચાલુ જ રહે છે. એના ક્રમમાં હજી કાંઈ ફેર નથી પડતો. અને ઉદય પ્રમાણે ઉપયોગ બહાર જાય છે. તો '**તેને અંદરમાં સમેટી લેવો.**' અંદરમાં સમેટી લેવો એનો અર્થ શું છે? કે બહારમાં ઉપયોગ ગયો તે મનુષ્ય કર્મના ઉદય પ્રમાણે, મનુષ્યને યોગ્ય કોઈને કોઈ પ્રવૃત્તિમાં ગયો. બરાબર છે? તો અત્યાર સુધી એ પ્રકારની પ્રવૃત્તિ પોતે મનુષ્ય છે એમ માનીને ચાલી અને એમ વર્ત્યો. હવે નિર્ણય થતાં શું ફેર પડ્યો? કે એને હજી માન્યતા અનુભવથી બદલી નથી, શ્રદ્ધા નથી બદલી હજી. શ્રદ્ધા તો મિથ્યાશ્રદ્ધા છે.

એટલે ઉપયોગ બહાર જતા એ જ માન્યતાથી, એ જ મિથ્યાશ્રદ્ધાથી હું મનુષ્ય છું એમ શ્રદ્ધાથી પ્રવૃત્તિ થઈ જાય છે. એ પૂર્વ શ્રદ્ધાનો ઉદય પણ પૂર્વકર્મ છે. એ શ્રદ્ધામાં .. વર્તે છે એ પણ મિથ્યાત્વ શ્રદ્ધારૂપ જે દર્શનમોહ છે એનો પણ પૂર્વકર્મનો ઉદય છે એમાં જોડાય છે. અને બીજા પણ સાત પ્રકારના જે કર્મ છે, ચારિત્રમોહથી માંડીને એમાં પણ એ જોડાય છે. પણ એના જ્ઞાને કાંઈક બીજું નક્કી કરી લીધું છે. નિર્ણયની અંદર એના જ્ઞાને એક બીજી વાત નક્કી કરી લીધી છે. કે નહિ નહિ, હું તો સિદ્ધસ્વરૂપ છું. કેવો છું હું? કે હું તો પરિપૂર્ણ સિદ્ધસ્વરૂપ

છું. અને એ નિર્ણય એણે વિશ્વાસથી કરેલો છે. અંતરંગમાં (વિશ્વાસ કરેલો છે). વિશ્વાસ અધૂરો નથી હોતો ક્યારેય. પૂરા વિશ્વાસથી એણે નિર્ણય કર્યો છે એટલે ફટાક દઈને એનો નિષેધ કરે છે.

માણસ નહિ હું. હું માણસ નહિ. હું તો આવો છું ને! વળી આમ કેમ થાય છે? હું આવો છું ને વળી આમ કેમ થાય છે? એટલે ઉદયમાં જાય છે અને છટકી છટકીને પાછો આ બાજુ આવે છે. નહિ, આમ નહિ. આ નહિ.. આ નહિ.. આ નહિ.. આ નહિ... આ શરૂ થઈ જાય છે એને. આ હું અને આ હું નહિ આ શરૂ થઈ જાય છે.

હવે આ હુંમાં શું છે? કે પોતાનું સિદ્ધપદ છે. એ પહેલા આમાં શું હતું? કે જે ભાવ હતો-મનુષ્યોચિત જે પર્યાયમાં કર્મજનિત ભાવ હતો તે આ હું હતો. આ એની સાથે લડાઈ શરૂ થઈ. આ હું નહિ... આ હું નહિ. ફરી ફરીને આવે અને આ હું નહિ. જે ભાવોને પોતે સમર્થન આપતો હતો એ ભાવોમાં એનું સમર્થન તો ગયું પણ વિરોધ ચાલુ થયો. સમર્થન ખેંચી લીધું છે એટલું નથી પણ વિરોધ ઊભો કર્યો છે પોતે. વિરોધી થઈ ગયો એની અંદર. એનું નામ બહાર જતા ઉપયોગને પાછો વાળવાની એક પ્રયત્નરૂપ પ્રક્રિયા છે, પ્રયાસરૂપ પ્રક્રિયા છે.

આ શું ચાલે છે? કે એક પ્રયાસ ચાલે છે. ઉપયોગ બહાર જાય છે એને હવે બહાર જવા દેવો નથી. ઉપયોગની અંદર બહાર જઈને જે મનુષ્યોચિત ભાવો થઈ રહ્યા છે એ પ્રકારમાં મારે જવું નથી. એ મારું કાર્ય નહિ. હું એવો નહિ. હું એવો નહિ અને એ મારું કાર્ય, ફરજ અને ધર્મ નહિ. એમાં બધું આવી જશે કે હું માણસ નહિ, તો હું ઘરમાં કોઈનો સગો-વહાલો નહિ. અહીંથી શરૂઆત થશે.

આ દેહનો દેહધારી હું સગો નહિ. ત્યાંથી શરૂઆત કરવાની છે. ક્યાંથી? કે આ શરીરનો સગો હું નહિ અને શરીર મારુ સગુ નહિ. જોકે અમથું પણ સગુ નથી. એ તો છોડી જ જવાનું છે એને. અને બીજા સગા નથી. કેમકે એ પણ છોડી જવાના છે. જગતમાં તકરાર થાય ત્યારે પોતાના હોય એ પોતાને ન છોડે બીજા હોય એ છોડી દે. કે એ તો અમારા સગા છે. જુઓ અમારી સાથે રહ્યા. એમ કહે ને? અહીં કહે છે કે તારું કોઈ સગુ નથી બોલ. તારુ શરીર પણ નહિ અને તારો પરિવાર પણ નહિ. ત્યાંથી શરૂઆત થઈ જશે કે આ કાંઈ મારું નથી.

એટલે એને લગતા જે પરિણામ છે એ પહેલા ફરજ માનીને કરતો હતો. કુટુંબ-પરિવારના કાર્યો કરવા મારી ફરજ છે? નહિ. સમાજના કાર્યો કરવા મારી ફરજ છે? નહિ. કોઈ વાત નહિ રહે પછી. ક્યાંય પણ એને ફરજ-ધર્મ સમજીને, કર્તવ્ય સમજીને

કરવાનો પ્રશ્ન ન રહ્યો. જે-તે સંયોગ વચ્ચે છે એ પૂર્વકર્મનો ઉદય છે. અને મારો આત્મા કર્મ વિનાની ચીજ સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ જ છે. નિર્વાણસ્વરૂપે જ છું હું, મોક્ષસ્વરૂપે જ હું છું. એવા અવલંબનથી, જ્ઞાયકનું અવલંબન એટલે એવા અવલંબનથી એટલે એવા આધારથી બહાર જતા ઉપયોગને વારંવાર અંદરમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરવો. એટલે વારંવાર જોર કરવું થાય છે એનું.

આધારભૂત જે વિષય છે એ જબરજસ્ત સાક્ષાત્ સિદ્ધપદ હોવાને લીધે પરિણામને બહુ મોટુ Backing મળે છે. માણસ ક્યારે જોર કરે છે? ઓથ મોટી હોય ત્યારે. આ મોટી ઓથ મળી. નિજ ભગવાનની ઓથ મળી, નિજ પરમાત્માની ઓથ મળી એને. એના આધારે એને જોર આવે છે. એ જોર આવે છે, સહજ જોર આવે છે. એને પ્રયત્ન કર્યો, એણે પુરુષાર્થ કર્યો એવી ભાષાથી બતાવવામાં આવે છે. એવા શબ્દોથી બતાવવામાં આવે છે. પણ એ થાય જ છે. જ્યારે કોઈપણ માણસને ખબર પડે કે મારી પાસે ઘણું છે ત્યારે એનું બળ એને આવ્યા વિના રહે નહિ. જે પદાર્થોને અડી શકતો નથી એનું એને જોર આવી જાય છે. તો પછી જે પોતાની જ અભિન્ન છે, પોતાથી પોતાના ગુણની અભિન્ન સંપત્તિ છે એનું જોર ન આવે એ તો બને જ કેમ? એનું તો બહુ મોટુ જોર આવે છે.

મુમુક્ષુ :- આમ તો નિર્ણયની ભૂમિકામાં જ રસો પાતળા પડી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભૂમિકામાં જ પાતળા પડે છે, જિજ્ઞાસામાં પાતળા પડે છે. ત્યાં નિર્ભ્રાંત દર્શનમાં એ વાત લીધી છે કે અંતરખોજ કરનાર આત્માર્થી, સ્વભાવને શોધવા નીકળેલો આત્માર્થી જે જિજ્ઞાસાથી એની શોધ કરે છે એમાં એના પાંચેય ઈન્દ્રિયોના રસ ફીક્કા પડી જાય છે.

મુમુક્ષુ :- ક્યારાને પાણી પાતો હતો એ બંધ થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- પાણી પાતો બંધ થયો અને એ રસને લઈને જ્ઞાન મેલું થતું હતું એ જ્ઞાનની મેલપ બંધ થઈ. અને સ્વભાવે કરીને જ્ઞાન નિર્મળ હોવાથી એમાં પોતાનો જ નિશ્ચય કરવો એટલી ભૂમિકા તૈયાર થઈ ગઈ.

આ એક પ્રશ્ન વિચારવા જેવો છે કે જ્ઞાનમાં શા માટે પોતાના સ્વભાવભાવનું ભાસન થવાનો નિર્ણય થતો નથી. કે જ્ઞાન મેલું છે માટે. શેને લઈને મેલું છે? કે કષાયરસ અને વિભાવરસને લઈને મેલું છે. એ વિભાવરસ કેમ જાય? કે કષાયરહિત સ્વભાવની ખોજ માત્ર કર ને, ત્યાં એ રસ જાય. શોધખોળના કાળની અંદર, અન્વેષણ કાળની અંદર એ રસ ખતમ થાય છે. હવે એ સુગમતા છે કે નહિ એમ કહો. હવે કઠણ છે કે સુગમ છે? સુગમ છે. ખોજ કરવા જતા આટલો માર્ગ મોકળો

કર્યો કે નિર્ણય કરવા નીકળ્યો છે ને, લે નિર્ણય કરવાની તારી ભૂમિકા તૈયાર આપુ તને. પણ સાચા હૃદયથી, સાચી દાનતથી ખોજ કરવા નીકળવું જોઈએ. એક માત્ર લક્ષ હોય તો. આ શરત છે એની. તો ખોજ થવી બહુ અઘરી નથી. ખરેખર એ વાત એમ છે કે ખોજ થવી એટલી અઘરી નથી. પણ એક લક્ષ હોવું જોઈએ અને એ લક્ષની ખોજમાં એના કષાયરસ ઊડી જવા જોઈએ, વિભાવરસ ઊડી જવા જોઈએ.

પૂર્વ કર્મને અનુસાર પાંચેય ઇન્દ્રિયના વિષયો સામે આવશે જે તે કાળે. ખાવાના કાળે આહાર લેશે, આત્માર્થી છે, ભૂખ લાગે આહાર કરવા બેસે. પણ એનું લક્ષ ક્યાંક બીજે છે. ખાવામાં એનું ચિત્ત નહિ હોય, એનું ધ્યાન નહિ હોય. એ ખોજ કરતો હશે કે આ ગળપણ છે કે આ ખારુ-ખાટું છે, જે કાંઈ રસ હોય એ, એમાં આ જ્ઞાનને શેનો અનુભવ થાય છે? આ ઠીક છે અને અઠીક છે એનો અનુભવ છે કે એ જ્ઞાન છે કે રાગ છે? રાગ છે એમાં જ્ઞાન છે? જ્ઞાનમાં રાગ છે કે નહિ? શું છે આ બધું? છે શું? એક શોધ કરવા જાય, તપાસ કરવા જાય તો બહુ મજાની વાત છે એ રહે નહિ. એક વખત Try કરીને રહેજો.

મુમુક્ષુ :- ખાતી વખતે જો આવો વિચાર કરે તો એમાં સ્વાદ વયો જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પણ સ્વાદ વયો જવા માટે તો વાત છે. નહિતર તો માણસ ફરિયાદ કરે કે શું કરીએ? ભાઈ! એવો સરસ સ્વાદ આવે છે કે એ વખતે બીજું કાંઈ સાંભરતું નથી. ત્યારે અહીંયાં એમ કહે છે કે તને સ્વાદ જ ન સાંભરે એવી પરિસ્થિતિ કરી શકાય છે. અને એ સ્વાદ વયો જાય તો જ એના સ્વાદ અંગેનો રસ વયો જાય. તો જ એનું જ્ઞાન નિર્મળ થાય. નિર્ણય કરવા માટે જે નિર્મળતા જોઈએ એ તો ત્યારે જ થવાની. અને સ્વાદ તો તેં અનંત કાળ લીધો. ચાલ કેટલો લીધો લાવને. કેટલો સંગ્રહ કર્યો છે સ્વાદનો? અનંત વાર અનંત કાળ સુધી તેં સ્વાદ લીધા કર્યો. સ્વાદની કેટલીક મૂડી ભેગી કરી?

મુમુક્ષુ :- તૃપ્ત ન થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- અરે..! અતૃપ્તિ વધી છે એની. અતૃપ્તિની હોળી ઊભી છે ત્યાં તો. તૃપ્તિ થવાનો પ્રશ્ન જ નથી. ખાલી ને ખાલી. ગમે તેટલું નાખ્યું તોપણ ખાલી ને ખાલી જ રહ્યો છે તું તો. અને ખાલી જ રહેવાનો છો. કેમકે એનાથી ભરાવાનો પ્રશ્ન નથી. હવે અનંત પ્રકારના દુઃખથી છૂટવું હોય તો આ એક રસ્તો છે, આ એનો માર્ગ છે.

મુમુક્ષુ :- નિર્ભ્રાંત દર્શનની કેડીનો સારાંશ જ છે આજનું પ્રવચન.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો નિર્ણયનો વિષય છે ને. નિર્ણયનો વિષય છે. અને

નિર્ણય પછી વારંવાર ઉપયોગને ખેંચાણ ઊભું થાય છે. મહિમાવંત એવું જે નિજ સિદ્ધપદ એનું આકર્ષણ ઊભું થાય છે. પોતે આવો મહાન છે એ એને ભાસતા એ મહાનતાની અસરમાંથી પોતે મુક્ત નથી થતો. એ મહાનતાની અસરમાંથી પોતે છૂટો નથી થતો. એમાં ને એમાં એ અસરની અંદર ઉદયભાવોથી એ વારંવાર પાછો વળે છે અને એનું એ સંબંધીનું જોર વૃદ્ધિગત પામે છે. એને પુરુષાર્થ કહે છે. એ પુરુષાર્થ કોઈ અપૂર્વ તબક્કામાં વધતો વધતો પ્રવેશ કરે છે ત્યારે એકવાર ઉદયભાવની જે શૃંખલા હતી, સાંકળ હતી એની એક કડી તૂટી જાય છે. એક ક્ષણ માટે એ ઉત્પન્ન થતા બંધ થાય છે. ઉદયભાવથી એ જુદો પડીને ઉપશમભાવમાં આવી જાય છે. ત્યારે એ ઉપશમ સમ્યગ્દર્શનને પામ્યો એમ કહેવામાં આવે છે. પાછા ક્ષણ માત્રમાં બીજા ઉદયભાવના વિકલ્પો શરૂ થશે. પણ સાંકળનો એક મંકોડો તૂટ્યો એટલે આખી સાંકળ તૂટી ગઈ. સાંકળથી કોઈને બાંધ્યો હોય. બહુ મજબૂત સાંકળ હોય અને લાંબી-લાંબી સાંકળ હોય. એક મકોડો તોડી નાખે એટલે એ આખી સાંકળના બંધનમાંથી છૂટો થઈ શકે. પછી તો આંટા જ ખોલવાની વાત રહી. ગમે તે એક મકોડો તૂટ્યો એટલે પછી તો જે એ સાંકળના આંટા મારેલા છે એ ખોલવાના બાકી રહ્યા. બાકી સાંકળ તૂટી એમાં એક મકોડો નથી તૂટ્યો. વ્યવહારે એમ કહેવાય છે કે સાંકળ એને તોડી નાખી. એમ જ વ્યવહારે કહેવાય છે ને? સાંકળ તોડી એમ કહેવાય છે. ખરેખર તો મકોડો એક જ તોડ્યો છે.

એમ આ અનાદિ ઉદયભાવની શૃંખલામાં એક મકોડો તૂટે છે. એક ક્ષણ માટે ઉદયભાવ બંધ થાય છે એનો. વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ દશામાં આવે છે. એના અનાદિ સંસારની સાંકળ તૂટી ગઈ ત્યાંથી. પછી તો જે ચારિત્રના બંધનના આંટા છે એને ખોલવાના બાકી છે. બાકી સાંકળ તૂટી ગઈ છે એની. એને હવે સંસાર નથી. 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'સમયસાર'માં એને કહે છે કે **'स हि मुक्त एव'**. ઈ તો મુક્ત જ છે હવે. એની મુક્તિ થઈ ગઈ. સમ્યગ્દર્શન થઈ ગયું એટલે એની મુક્તિ થઈ ગઈ. આ રીતે સ્વરૂપમાં, કલ્યાણમાં સ્થિર થતા એ રાજમાર્ગ અથવા મુખ્યમાર્ગ એક માત્ર માર્ગ છે. આ એક જ ત્રણે કાળે ત્રણ લોકમાં ઉપાય છે.

'**જ્ઞાયક આત્માની અનુભૂતિ...**' હવે એની વ્યાખ્યા કરે છે. કે '**જ્ઞાયક આત્માની અનુભૂતિ તે જ શિવપુરીની સડક છે, તે જ મોક્ષનો માર્ગ છે.**' જેને શાસ્ત્રભાષામાં સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. અધ્યાત્મ ભાષામાં અનુભૂતિને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એક અધ્યાત્મભાષા છે અને એક આગમભાષા છે. ઉપશમ સમ્યગ્દર્શન થયું એ આગમભાષા છે. સ્વાનુભવ થયો તે અધ્યાત્મભાષા છે. '**તે જ**

**મોક્ષનો માર્ગ છે.**'

'**બીજા બધા...**' હવે આ સિવાયની ઘણી વાતો છે શાસ્ત્રની અંદર. મોક્ષમાર્ગને કહેનારા જે શાસ્ત્રો છે એમાં તો ઘણી વાતો છે અને ઘણો વિસ્તાર છે. તો કહે '**બીજા બધા...**' જેટલી કોઈ વાતોના વિસ્તાર છે તે બધા આ માર્ગને કહેવા માટે, વર્ણવવા માટેના ભિન્ન ભિન્ન પ્રકારો છે એટલે શૈલી છે. શૈલી એક કદી હોતી નથી. શૈલી અનેક હોય છે. કથન શૈલી અનેક છે. એક શૈલી હોય એવું બનતું નથી. ઘણી વાર એક શૈલીનો આગ્રહ રાખનારને બીજી શૈલીનો વાંધો પડે છે અને એમાંથી તકરાર ને વાદવિવાદ ઊભા થાય છે. પણ એ વિચારીને નિર્ણય કરી લેવા જેવો છે કે સત્શાસ્ત્રોને વિષે એક જ આચાર્ય ભિન્ન ભિન્ન શાસ્ત્રમાં ભિન્ન ભિન્ન શૈલીથી આત્માને દર્શાવે છે. તો પછી ભિન્ન ભિન્ન આચાર્યોની ભિન્ન ભિન્ન શૈલી હોય તો એમાં કઈ મોટી વાત છે?

અલિંગગ્રહણની ગાથા. પાંચેય શાસ્ત્રમાં 'કુંદકુંદાચાર્યે' એક જ સૂત્રકર્તા આચાર્યે પાંચેય જગ્યાએ અર્થ જુદો કર્યો છે. પ્રકરણ જ બીજું છે, અર્થ જુદો કરે છે. એના એ ટીકાકાર આચાર્ય જુદો અર્થ કરે છે. ગાથા એક જ છે, શબ્દો એક જ છે. શૈલી ફરે છે. વસ્તુ એક જ પાછી બતાવવી છે. તો ભિન્ન ભિન્ન આચાર્યોની, ભિન્ન ભિન્ન જ્ઞાનીઓની જુદી જુદી શૈલી હોય તો ભ્રમમાં પડવા જેવું નથી. કોઈ એક શૈલીનો આગ્રહ રાખીને, પોતાને ફાવે, પોતાને અનુકૂળ પડે એવી એક શૈલીનો આગ્રહ રાખીને બીજી શૈલીનો નિષેધ કરવો એ અણસમજણનો પ્રકાર છે. એ કરવા જેવું નથી. એટલે એ તો વર્ણવવાના પ્રકારો છે. જેટલા વર્ણવવાના પ્રકારો છે તેટલા માર્ગ નથી. બધાની અંદર માર્ગ તો એક જ છે. માર્ગ કોઈ બીજો એમાં થતો નથી.

## તા. ૧૫-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૪
## પ્રવચન નં. ૨૯૮

**તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે. અનંતગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી, અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે. તારામાં આવાં નિધાન છે, તો પછી તું બહાર શું લેવા જાય છે ? તારામાં છે તેને જો ને ! તારામાં શી ખામી છે ? તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે. સુખ ને જ્ઞાન તો શું પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી. એકવાર તું અંદરમાં પ્રવેશ કર, બધું અંદર છે. અંદર ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં, તારાં નિધાન તને દેખાશે અને તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ. પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે જેથી પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ. ૩૮૪.**

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૪, પાનું-૧૪૨. આ બોલમાં સ્વાનુભવનો મહિમા કર્યો છે. આત્માને જે નિર્વાણનું કારણ છે, કલ્યાણનું કારણ છે તે એક માત્ર સ્વાનુભૂતિની દશા છે. એને મોક્ષમાર્ગ પણ કહે છે અને આગમભાષાથી એને ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક આદિ અનેક ભાવોથી કહેવામાં આવે છે. એ સ્વાનુભવ પોતાના કૃતકૃત્ય પૂર્ણ સ્વરૂપના આશ્રયે પ્રગટ થાય છે. અથવા જે આત્માની દશા પૂર્ણ સ્વરૂપના મહિમામાં અભેદ થઈ જાય છે, અનન્યભાવ ધારણ કરે છે એ તેનું સ્વરૂપ છે. અને તેથી સ્વરૂપ અને સ્વરૂપાશ્રિત દશા એકત્વ ભાવ પામે છે અથવા સદૃશ્ય ભાવ પામે છે. એ બંને વાત એકસાથે આવે છે અહીંયાં.

પહેલા આત્માનો વિષય લીધો છે કે '**તારા આત્મામાં નિધાન ઠસોઠસ ભરેલાં છે.**' આત્માના જે નિધાન છે એ ગુણનિધાન છે. જગતમાં અનેક પ્રકારના વૈભવને નિધાન કહેવામાં આવે છે. પૈસા, સોનું, ઝવેરાત એને નિધાન કહે છે. કિંમતી ચીજ જેને કહેવામાં આવે છે. આત્મા ચૈતન્ય પદાર્થ છે. જડના નિધાનનું તો અહીંયાં પ્રકરણ જ નથી. પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અથવા નિરૂપાધિક સ્વભાવ પરમાનંદ

એ વગેરે એવા નિધાન ભરેલા છે અને તે એટલા ભરેલા છે, એટલી હદે કે જ્યાં એ સ્વભાવ સિવાય બીજો કોઈ અવકાશ નથી. ઠસોઠસ ભરેલા છે એટલે કોઈ અવકાશ નથી. ખાલી જગ્યા જેમાં નથી એવા નિધાન ભરેલા છે. પરિપૂર્ણ. ઠસોઠસ એટલે પૂર્ણ છે. અનઅવકાશપણે. જ્યાં પછી વિશેષ ગુણ સમાવાનો પણ પ્રશ્ન નથી. કેમકે અધુરાશ નથી. કોઈ ગુણમાં ઊણપ નથી એટલે એની પણ પૂર્તિ કરવાની રહેતી નથી. એવું પોતાનું આત્મસ્વરૂપ સર્વાંગ સંપૂર્ણ ભરેલું છે, ભરપૂર છે.

એવા '**અનંતગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી,...**' અનંત ગુણનું નિધાન છે. એના માટે ક્ષેત્ર પણ આકાશ જેવડું મોટું જોઈએ એવું કોઈ અહીંયાં આવશ્યક નથી. જરૂરી નથી કે મોટું ક્ષેત્ર હોય ત્યાં જ વધારે ગુણ હોય, ઓછું ક્ષેત્ર હોય ત્યાં ઓછા ગુણ હોય, એવું કોઈ જરૂરી નથી. પરમાણુ ઓછામાં ઓછા ક્ષેત્રવાળું દ્રવ્ય હોવા છતાં, એક પરમાણુ, તોપણ ત્યાં અનંત ગુણો છે. કાળાણુને પણ અનંત ગુણો છે. છએ દ્રવ્યોને અનંત ગુણો છે. એમાં ઓછામાં ઓછું ક્ષેત્ર એક પરમાણુ અને એક કાળાણુનું એક સરખું છે. તોપણ ત્યાં અનંત ગુણ રહેલા છે. જીવનું ક્ષેત્ર તેથી અસંખ્યાતગુણ મોટું છે. એક પરમાણુ અને એક કાળાણુથી અસંખ્યાતગુણ મોટું હોવા છતાં એમાં પણ અનંત ગુણો જ છે. આકાશનું ક્ષેત્ર ઘણું મોટું હોવા છતાં એમાં અનંત ગુણો છે. એટલે અનંત ગુણોની સંખ્યા સાથે ક્ષેત્રના લંબાઈ-પહોળાઈને કોઈ સંબંધ નથી.

એક ચિનગારી હોય, અગ્નિનો તણખો હોય અને એક તણખામાંથી જો આગ લાગે. રૂના ગોદામમાં અથવા ... ફેક્ટરીમાં આગ લાગે છે, ખડના ગોદામોમાં આગ લાગે છે. એક કણિયો હોય છે. તણખામાંથી લાગે છે. એટલું મોટું કાંઈ તણખાનું કદ નથી. પણ એની સ્વભાવ-શક્તિ આખા વિશ્વને બાળે એટલી છે. આખા વિશ્વમાં બળવાયોગ્ય તમામ પદાર્થને બાળે એટલી શક્તિ એક તણખામાં છે. અન્યમતમાં આવતું 'એક જ દે ચિનગારી. મહાનલ..' અનલ એટલે અગ્નિ. મહા અગ્નિ જે છે એની પાસે વિનંતી કરે છે કે તારી એક ચિનગારી દે. કોઈ કવિનું અધ્યાત્મ પદ છે. મહાનલ એટલે મહા અગ્નિ, મહા અગ્નિ એટલે મહાપદાર્થ. એમાંથી મને એક ચિનગારી દે. સ્વાનુભૂતિનો જઘન્ય અંશ છે એ મહાનલની એક ચિનગારી છે. કેટલી શક્તિ? કે એક જ ક્ષણમાં અનંત જન્મ-મરણનો નાશ કરે એટલી શક્તિ છે જેની.

'**અનંતગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી,...**' એ અગ્નિના એક કણમાં એની અનંત શક્તિ જોવામાં આવે છે. ત્યાં કણ નાનું છે, અગ્નિ થોડી છે તેમ છતાં એની શક્તિનો વિચાર કરવામાં આવે. વિદ્યમાન છે કે અવિદ્યમાન શક્તિ

છે એ? પ્રગટ છે કે અપ્રગટ શક્તિ છે? વિદ્યમાન અને પ્રગટ શક્તિ છે. બસ! જ્ઞાનના એક સમયના ઉપયોગમાં જ્ઞાનની સ્વભાવશક્તિનું માપ કાઢવાનું છે.

ઉપયોગ દ્વારમાં સ્વભાવશક્તિને દેખવી. 'દિપચંદજી'નું વચન છે 'અનુભવપ્રકાશ'માં. જ્ઞાન દર્શનના ઉપયોગ દ્વારમાં સ્વભાવ શક્તિને દેખવી. જેમ અગ્નિના કણમાં, અગ્નિના સ્વભાવની શક્તિને દેખી શકાય છે, સમજી શકાય છે કે આખા વિશ્વના બળવા યોગ્ય તમામ પદાર્થોને બાળવાની શક્તિ આમાં રહેલી છે. એમ જ્ઞાનના ઉપયોગમાં અનંત જ્ઞાનની શક્તિ રહેલી છે, સ્વભાવ રહેલો છે એમ સમજી શકાય છે.

અહીંયાં તો ક્ષેત્ર અપેક્ષાએ થોડો વિચાર કર્યો છે કે '**અનંતગુણનિધાનને રહેવા માટે અનંત ક્ષેત્રની જરૂર નથી,...**' જીવના અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે. અહીંયાં જીવના અસંખ્યાત પ્રદેશ લેવા છે. એટલા જ અસંખ્યાત પ્રદેશ લોકાકાશના છે. એટલા જ અસંખ્યાત પ્રદેશ ધર્માસ્તિકાયના છે. એટલા જ અસંખ્યાત પ્રદેશ અધર્માસ્તિકાયના છે. એ ત્રણ દ્રવ્યોની સંખ્યાના પ્રદેશ સરખા છે. તોપણ જીવ સંકોચ-વિસ્તારવાળું દ્રવ્ય હોવાથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની જેમ એનો ક્ષેત્ર પ્રસાર જોવામાં આવતો નથી.

'**અસંખ્યાત પ્રદેશોના ક્ષેત્રમાં જ...**' અહીંયાં જીવની વાત ચાલે છે. '**અનંત ગુણો ઠસોઠસ ભર્યા છે.**' અનંત ગુણો રહેલા છે. સંખ્યાએ અનંત ગુણો રહેલા છે. અને તે સર્વ પ્રદેશોમાં ઠાંસી ઠાંસીને ભર્યા હોય એટલે કે કોઈ જગ્યા બાકી ન રહી હોય, ક્યાંય પોલાણ ન રહ્યું હોય એવી રીતે એ ગુણો રહેલા છે. '**ઠસોઠસ ભર્યા છે.**' આવા જે ગુણ છે એ ભાવાત્મક જીવની શક્તિઓ છે. ભાવાત્મક જીવની શક્તિઓ છે અને એને સ્વભાવ સામર્થ્ય કહે છે. એ શક્તિની અનંતતાનું અને શક્તિઓની સંખ્યાની અનંતતાનું માપ અલ્પ મતિ-શ્રુતજ્ઞાનમાં પૂરેપૂરું આવે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવની જે મતિ-શ્રુતજ્ઞાનની શક્તિ છે એમાં પૂરેપૂરું એનું માપ આવી શકે છે. કે મારા અસંખ્ય પ્રદેશમાં અથવા અત્યારે જેટલું દેહપ્રમાણ ક્ષેત્ર છે તેટલા ક્ષેત્રમાં, મારામાં સંખ્યાએ અનંત ગુણો રહેલાં છે. અને એટલા ઠાંસી ઠાંસીને રહેલા છે કે કોઈ જગ્યા નથી. એક એક ગુણનું સામર્થ્ય અનંતુ છે. એવું ગુણ અપેક્ષાએ મારું સ્વરૂપ છે.

હવે એ સમજણનું તાત્પર્ય શું? એ અહીંયાં લેવું છે હવે. આવી જે પોતાની વસ્તુસ્થિતિ છે, આવું જે પોતાનું જે સ્વરૂપ છે એને એ પ્રકારે એ જાણતા એનું તાત્પર્ય શું? એની ફલશ્રુતિ શું છે? કે જો '**આવાં નિધાન છે,...**' તારામાં એટલે પોતામાં અહીંયાં લેવું છે કે જો પોતામાં આવા નિધાન છે '**તો પછી તું બહાર શું લેવા જાય છે?**' આ પ્રશ્ન છે. જે કાંઈ પરિણામ બહાર જાય છે તે પરિણામ

અવશ્ય દીનપણું ધારણ કરીને જાય છે. આ વાત નક્કી છે. સુખની ઇચ્છાથી, શાંતિની ઇચ્છાથી કોઈ પદાર્થને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી કોઈપણ પ્રકારની કલ્પનાયુક્ત થઈને એ પરિણામમાં દીનતા ઊભી થાય છે. અને એ દીનતા ત્યારે ઊભી થાય છે કે એને પોતાનું પરમ ઐશ્વર્ય જે છે એ પરમ ઐશ્વર્ય લક્ષગત નથી ત્યારે. ક્યારે દીનતા ઊભી થાય છે? કે પોતાનું પરમ ઐશ્વર્ય જે લક્ષગત નથી એટલે એને દીનતા ચાલે છે.

એટલે નિધાનને બતાવવાનું તાત્પર્ય આ છે કે જો પોતાના આત્મામાં, પોતાના સ્વરૂપમાં આવા અનંત ગુણોનું નિધાન ભરેલું જ છે તો પછી પોતે બહાર શું લેવાનું છે? શું મેળવવાનું છે? મળે એવી કોઈ જગ્યા બાકી છે? ભાવમાં કે દ્રવ્યમાં કે ક્ષેત્રમાં. દ્રવ્યે કે ભાવે કોઈ અવકાશ નથી. કોઈપણ ચીજ માટે, બીજા કોઈ દ્રવ્ય કે બીજા કોઈ ભાવ માટે આ આત્માના સ્વરૂપમાં કોઈ જગ્યા નથી, કોઈ અવકાશ નથી. જો જગ્યા જ નથી તો શું લેવા જાય છે? કે કાંઈ લેવા જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેને આવો સ્વીકાર નથી એ ભલે લેવા જાય. તોપણ કાંઈ એને મળવાનું નથી. સિવાય એના ને એના પરિણામમાં દીનતાની સાથે દુઃખની ઉત્પત્તિ થશે. દીનતાની સાથે પરાધીનતાની ઉત્પત્તિ થશે અને દુઃખની ઉત્પત્તિ થશે. એ સિવાય કાંઈ એનું બીજું પરિણામ આવવાનું નથી. પરિણામ એટલે અહીંયાં Result. બીજું કોઈ પરિણામ એનું આવશે નહિ. એનું ફળ દુઃખ આવશે. ન તો કોઈ ચીજ આવી શકશે, ન તો કોઈ ભાવ આવી શકશે.

‘શ્રીમદ્જી’ પોતાના શબ્દોમાં એક જગ્યાએ એવું લખે છે કે અનઅવકાશપણે એકમાત્ર આત્માકારપણું જ અમારા સ્વરૂપમાં વર્તે છે. અમારામાં તો બીજું કાંઈ વર્તતું નથી. અનવકાશપણે આત્માકારપણું બસ છે અહીંયાં તો. એ સિવાય અહીંયાં આત્માકારપણું દ્રવ્યે અને ભાવે બીજું આ સિવાય આમાં કોઈ જગ્યા છે નહિ. અવકાશ જ નથી. ત્યાં પછી કોઈ ભય નથી, ખેદ નથી, વિકલ્પ નથી, શંકા નથી, અસમાધાન નથી, દુઃખ નથી, ક્લેશ નથી. કાંઈ નથી પછી. પછી કાંઈ રહેતું નથી.

**‘તારામાં આવા નિધાન છે, તો પછી તું બહાર શું લેવા જાય છે? તારામાં છે તેને જો ને!’** શું કહે છે? તારામાં છે એને જોયા વગર બહાર જા છો. ભ્રાંતિથી એમ લાગે છે કે આનાથી સુખ, આનાથી સુખ, આ હોય તો સુખ, આ ન હોય તો સુખ. અનિષ્ટ પદાર્થ ન હોય તો સુખ, ઇષ્ટ પદાર્થ હોય તો સુખ. પણ એ તારામાં જોયા વગર વાત છે. તારામાં જો તો એ વાત રહેતી નથી.

૨૫૪ પત્રમાં એ વાત લીધી છે કે જગતના સુખની અલ્પ પણ સુખેચ્છા ત્યાં સુધી રહે છે કે જ્યાં સુધી આત્મા સત્ પરમાનંદરૂપ છે એ ભૂલી જવાય છે ત્યાં

સુધી. આત્મા સત્ પરમાનંદરૂપ છે એ એના લક્ષમાંથી ગયું, એનો સ્વીકાર ન રહ્યો ત્યારે એને બાહ્ય શાતામાં, બાહ્ય અનુકૂળતામાં સુખની ભ્રાંતિ થાય છે. આનાથી મને ઠીક છે, આનાથી મને સારું છે, આનાથી મને શાંતિ છે.

મુમુક્ષુ :- ભૂતકાળમાં હતું અને વર્તમાનમાં...

પૂજ્ય ભાઈશ્રી :- નિધાન તો ત્રણે કાળે છે.

મુમુક્ષુ :- એ બરાબર છે. પણ આપે જે કીધું કે પહેલા જ્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અનાદિથી એણે પોતાને છોડી દીધો છે. પોતાનું લક્ષ કર્યું જ નથી. અનાદિથી પોતાનું લક્ષ કર્યું જ નથી. એટલે અનાદિથી બહાર કાંઈને કાંઈ મેળવવા માટેનો પ્રયત્ન ચાલુ રહે છે. અને એમાં એનો સ્વીકાર એવો છે, અભિપ્રાય એવો છે કે અમુક ચીજ મળવાથી મને સુખ થશે. અમુક ઈષ્ટ પદાર્થના સંયોગથી સુખ થશે, અમુક અનિષ્ટ પદાર્થ જેને કલ્પના અનિષ્ટની છે એ ખસી જશે તો મને સુખ થશે, એ મટી જશે તો સુખ થશે. બેય ભ્રાંતિ છે. અને એ બેય ભ્રાંતિ, આત્મા પરમાનંદસ્વરૂપ છે એ ભૂલી જવાને લીધે છે. એ લક્ષમાં નહિ હોવાને લીધે છે. ભૂલી ગયો એટલે પહેલા યાદ હતું અને ભૂલી ગયો એમ નહિ. અનાદિથી ભૂલેલો છે. વિસ્મૃત શબ્દ વપરાય છે કે એને પોતાના સ્મરૂપનું વિસ્મરણ વર્તે છે. તો સ્મરણની અપેક્ષાએ વિસ્મરણ થયું એમ નથી. એમ. અનાદિથી વિસ્મૃત છે. પણ શું કરે? શબ્દો પૂરા કહેવા માટે છે નહિ.

આત્મા નિત્ય ઉદિત સ્વરૂપ છે, આત્મા પ્રગટ સ્વરૂપ છે એમ કહેવું છે. આત્મા પ્રત્યક્ષસ્વરૂપ છે એમ કહેવું છે. અત્યંત પ્રત્યક્ષ છે. પણ કાંઈ અસ્ત હતો તો ઉદિત થયો? અપ્રગટ હતો તો પ્રગટ થયો? પરોક્ષ હતો ને પ્રત્યક્ષ થયો? શું છે? એ તો બધા જે પ્રતિપક્ષી શબ્દો છે એ ભાવો ખરેખર આત્માને વિષે નથી. પણ જેને નથી કહી શકાતું એને કહેવા માટે થોડો કાંઈક મેળ ખાતો હોય તો આટલી વાત સાથે મેળ ખાય છે એટલે એ શબ્દોનો પ્રયોગ કરે.

‘**તારામાં છે તેને જોને! તારામાં શી ખામી છે?**’ જોઈને કહે. કે બોલ હવે તારામાં શી ખામી છે? તને શેની ખામી છે? કોઈ ખામી ખોડખાપણ તારામાં નથી. ખામી વગરનું દ્રવ્ય છે. કોઈ એમ કહે કે એની અંદર પાંચ ઇન્દ્રિયના વિષયભૂત જે કાંઈ સુખ જોઈએ એવો તો પ્રકાર નથી. અંદર સોનું નથી, રૂપિયા નથી, જર ઝવેરાત નથી, સ્વાદ નથી, ગંધ નથી. ‘**अरसमरूवमगंधं**’ સ્પર્શ નથી. તો કહે છે, એની જરૂર પણ એમાં નથી. એમાં એની જરૂર નથી. અને એ નથી એટલે એનામાં કોઈ ખામી છે એવું પણ એનું સ્વરૂપ નથી. જે ગુણો છે તે ગુણોને લીધે તો તે

પૂર્ણ પરમેશ્વરપદ છે. અપૂર્ણ નહિ પણ પૂર્ણ પરમેશ્વરપદ છે. એવું એનું સ્વરૂપ છે.

જીવની જે કલ્પના છે કે સ્વાદમાં સુખ છે અને બહારના વૈભવમાં સુખ છે. તો એવું તો આત્મામાં નથી. તો સુખ કેવી રીતે હશે? કે એને સુખની ખબર પણ નથી. જ્યાં એણે સુખની કલ્પના કરી છે તે તે પ્રકારના પરિણામમાં તો દુઃખ છે. સુખ છે જ નહિ. ત્યાં તો ખરેખર જીવને દુઃખ થાય છે. દુઃખમાં સુખની કલ્પના કરી છે. જ્યાં સુધી દુઃખમાં સુખની કલ્પના આ જીવને વર્તે છે ત્યાં સુધી આત્માના સુખનો નિશ્ચય થવો-ઓળખાણ થવી-એ વાત બની શકતી નથી, થઈ શકતી નથી. ત્યાં સુખ નથી એનો નિશ્ચય, ત્યાં સુખનું નામનિશાન નથી એનો નિશ્ચય એ બરાબર થાય. સુખરહિતપણું છે. બાહ્ય પદાર્થોમાં સુખરહિતપણું છે, સુખથી એ ખાલી છે, સુખથી શૂન્ય છે, એમાં એનો અભાવ છે. એ જણાય અને અહીંયાં સુખ જણાય. બેય એકસાથે છે.

જ્યાં સુધી અહીંયાં સુખ જણાય ત્યાં સુધી પોતામાં સુખ જણાય નહિ. રાગ અને રાગના વિષયમાં સુખ જણાય ત્યાં સુધી આત્મામાં સુખનો નિર્ણય થાય કે ઓળખાણ થાય એવું બની શકતું નથી. આવું છે. કેમકે એ જ્ઞાન ઊંધુ પડેલું છે. દુઃખમાં સુખ અથવા સુખનો અભાવ છે ત્યાં સુખ. રાગમાં દુઃખ છે ત્યાં સુખ. પુદ્‌ગલમાં સુખનો અભાવ છે ત્યાં સુખ. ઓલામાં તો દુઃખમાં સુખ, ઓલામાં સુખ નથી ત્યાં સુખ. એમ જ્યાં સુધી નિશ્ચય છે-ભાસે છે-ત્યાં સુધી સ્વભાવનું સુખ ભાસ્યમાન થતું નથી. આવી વાત છે.

એટલે એ વાત અનેક જગ્યાએ લીધી છે કે પ્રથમ વિકલ્પમાં દુઃખ લાગવું જોઈએ. એ વાત પ્રથમ શું કરવા લીધી છે? અને કોઈ તર્ક કરે છે એવો કે પ્રથમ ક્યાંથી લાગે? હજી તો અમને સુખની ખબર નથી. અમે સુખને જાણ્યું નથી, સુખને જોયું નથી, સુખને અનુભવ્યું નથી, અમને ખબર નથી. તો પછી અમને પ્રથમ દુઃખ લાગે ક્યાંથી? વિકલ્પમાં દુઃખ, રાગમાં દુઃખ લાગે ક્યાંથી? એ પણ એક એવી મુમુક્ષુતાની હળવી દશા છે. એવી એક યોગ્યતાની દશા છે, એવી એક પાત્રતાની દશા છે કે જે પાત્રતાવશ, જે યોગ્યતાવશ સ્વભાવનું સુખ અનુભૂત નહિ થવા છતાં, અનુભવાવા નહિ છતાં વિકલ્પમાં દુઃખ લાગવાની શરૂઆત થઈ જાય છે.

સ્વભાવનું સુખ તો સૂક્ષ્મ છે અને તથા પ્રકારની આરાધનાને વશ તેની ઉત્પત્તિ થાય છે. એ પહેલા એની ઉત્પત્તિ થતી નથી. આરાધના કહો, પુરુષાર્થ કહો. પણ વિભાવનું દુઃખ તો સ્થુળ છે. થોડુંક જ્ઞાન નિર્મળ થાય, થોડીક ક્ષયોપશમમાં શુદ્ધિ થાય તો એ દુઃખ લાગવાની શરૂઆત થઈ જાય છે એમ કહેવું છે. ઘણાંને એ સમજાતું

નથી. ક્ષયોપશમની વૃદ્ધિ તે જ્ઞાન નથી. ક્ષયોપશમની શુદ્ધિને અહીંયાં જ્ઞાન કહે છે. પંચેન્દ્રિય જીવ, સંજ્ઞી પંચેન્દ્રિય જીવને ક્ષયોપશમ પોતાના સ્વરૂપનો નિર્ણય અને અનુભવ કરવો એટલી એના જ્ઞાનની અંદર તો ક્ષમતા છે, યોગ્યતા છે, શક્તિ છે.

એ ક્ષયોપશમમાં પણ વૃદ્ધિના અનેક તબક્કા છે. પણ ક્ષયોપશમની વૃદ્ધિની કોઈ આવશ્યકતા નથી. ક્ષયોપશમની શુદ્ધિની આવશ્યકતા જરૂર છે. સંજ્ઞી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થયા પછી એના ક્ષયોપશમમાં નિર્મળતા આવે, ક્ષયોપશમમાં શુદ્ધિ થાય એ જરૂરી છે. ઘણો ક્ષયોપશમ વધેલો હોય પણ મલિન હોય તો Atom bomb અને Rocket બનાવવા જાશે. એની બુદ્ધિ તો ઘણી છે. અહીંયાં બેઠો બેઠો અવકાશયાન છોડ્યા પછી ત્યાંના ફોટા લેવડાવે છે. અને ત્યાંની બધી ગણતરી મૂકે છે કે આટલે નીચે જશે, આટલા લાખ ગાવ નીચે ગયા પછી આટલી આટલી જગ્યાએ પરિભ્રમણ કર્યા પછી આ જગ્યાએ નીચે આવશે અને એને આટલો વખત લાગશે. એની સેકન્ડોનું માપ કાઢે છે અહીં બેઠો બેઠો. એટલો ક્ષયોપશમ.

મુમુક્ષુ :- .. કષાયની મંદતા ..

પૂજ્ય ભાઈશ્રી :- કષાયરસની મંદતા. કષાય નહિ પણ કષાયરસની મંદતા. કષાયરસ મંદ થવો. ... કષાયરસ મંદ થતા અનંતાનુબંધીનો રસ મંદ પડે છે. અને સાથે સાથે દર્શનમોહનો રસ પણ મંદ પડે છે. એમ છે. એટલે જ્ઞાનમાં ત્યાં થોડી શુદ્ધિ પ્રગટ થાય છે અને એ શુદ્ધિ એ આત્માને આત્માર્થે હિતકારક અને સુખકારક છે. અહીંથી ચિનગારી પ્રગટ થશે એમ કહે છે. મહા અનલની ચિનગારી અહીંથી ઉત્પન્ન થશે. એક જ ચિનગારી જોઈએ છે. વધારે ક્યાં માગુ છું. તારી પાસે તો મહાનલ એટલે મોટો જબરજસ્ત અગ્નિ છે. એમાંથી એક ચિનગારી મળે તો મારું કામ થઈ ગયું.

મુમુક્ષુ :- કષાયરસ અને કષાયમાં શું ભેદ?

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ છે. જે કષાયરસ છે એ પરિણામની શક્તિ છે. એ પરિણામની શક્તિ છે. એમાં એવું બને છે કે કષાય તીવ્ર હોય અને કષાયરસ મંદ હોય એવું બને. એટલે એ બે વાતને જુદી જુદી સમજવી રહી. એનો જુદો જુદો મુદ્દો ઉઠાવીને. કોઈને કષાય મંદ હોય છે અને કષાયરસ તીવ્ર હોય છે. દ્રવ્યલિંગી મુનિનો કષાય ઘણો મંદ છે. કેટલો મંદ છે? એનો કષાય અત્યંત મંદ છે કે જેના ફળમાં નવમી ગ્રૈવેયક એકત્રીસ સાગરનું આયુષ્ય દેવલોકને પામે છે. અને ગ્રૈવેયકના વિમાનમાં જાય છે. સોળ સ્વર્ગથી પછી ઉપર જે વિમાન છે ત્યાં જાય છે. કષાયરસ ઘણો ભર્યો છે. એનો કષાય તીવ્ર નથી. કષાયરસ મંદ થવો જોઈએ.

મુમુક્ષુ :- અનંત જન્મ-મરણનું કારણ ઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને તે પણ યોગ્ય પ્રકારે. એમાં પણ બે ભેદ પડે છે. કોઈ જીવોને યથાર્થપણે વૈરાગ્ય ન આવે પણ વૈરાગ્ય આવે અને આખા જગતથી ઉદાસીન થાય. તોપણ આત્માના આશ્રયે, અકષાય સ્વભાવના આશ્રયે એવી વિરક્તિ ન આવતી હોય. નીરસપણું ન આવતું હોય. તોપણ ત્યાં લેશ્યા બદલાય છે. શુક્લલેશ્યા સુધી ઘણાંને થાય છે. પણ તોય કષાયરસ અંદર ભરેલો છે. આમ દેખાય એવું નથી. ઉપર ઉપરથી જોવે તો કષાયરસ મંદ દેખાય.

... અંતર્મુખની દિશા બાજુનો પ્રકાર છે એ વિષય જુદો છે. આ વિષય થોડો અહીંયાં સૂક્ષ્મ થાય છે. એક બાજુ મહાવૈરાગ્યના પરિણામમાં શુક્લલેશ્યા જેના પરિણામ હોય 'તોપણ ગર્ભ અનંતા લેશે બોલે બીજુ અંગ જોને.' અનંત જન્મ-મરણનો ધણી હોય હજી. નવમી ગ્રૈવેયક પામ્યા પછી પણ અનંત જન્મ-મરણ હોય. અને એક તિર્યંચ જીવ હોય અને આત્માના અંતર સ્વભાવ તરફ જેને લક્ષ ગયું હોય કે અંદરમાં ખોજ કરવી છે. મારું સુખ અને મારુ જ્ઞાન, અનંત સુખ અને અનંત જ્ઞાન મારામાં ભર્યું છે આ નિધાન અને મારામાંથી પ્રાપ્ત કરવું છે અને એ બાજુની દિશા પકડવા જે તૈયાર છે અને જે કષાયરસ મંદ થાય છે. જિજ્ઞાશાવશ હોં હજી. તો એનો પ્રકાર આખો જુદો છે. જિજ્ઞાસામાં આવ્યો, યથાર્થ જિજ્ઞાસામાં આવ્યો, અપૂર્વ જિજ્ઞાસામાં આવ્યો તો એનો પ્રકાર જુદો છે. જાત જુદી છે. બેની જાત જ તદ્દન જુદી છે.

છે આ ૩૮૬માં છે. છેલ્લી લીટી જુઓ ૩૮૬માં. '**બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી,...**' છેને પહેલી લીટી? '**જ્ઞાન માર્ગ દેખાડે છે.**' એમાં છેલ્લી લીટી છે કે '**આત્મસ્પર્શી વાણી આવતી હોય...**' છેલ્લેથી બીજી લીટી. કોઈ સત્પુરુષની-અનુભવી પુરુષની-આત્માના સ્પર્શીને વાણી આવતી હોય, આત્મરસથી ભીંજાયેલી જેની વાણી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળતો હોય. શુદ્ધ ઉપાદાન અને શુદ્ધ નિમિત્ત. નિમિત્ત શુદ્ધ છે. આત્મસ્પર્શી વાણી. ઉપાદાનમાં શુદ્ધતા થઈ હોય. '**એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.**' સમ્યક્ સમીપ થઈ જાય છે, સમ્યક્ સન્મુખ થઈ જાય છે. જરાય વાર લાગતી નથી. આવી સ્થિતિમાં જરાય વાર લાગતી નથી.

એટલે આવા કેટલાક પ્રકારો જોઈને પ્રત્યક્ષ યોગનું મહત્વ ઠામ ઠામ, જ્ઞાનીના પ્રત્યક્ષ યોગનું મહત્વ પરમાગમોને વિષે ઠામ ઠામ પ્રદર્શિત કરવામાં આવ્યું છે, એને પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. એ આ વિષય ઉપર છે. આ એક તક છે. સુગમણે અને નહિ ધારેલા પરિણામને લાવવાવાળી પરિસ્થિતિ. સુગમતાથી નહિ ધારેલું એવું ઊંચુ પરિણામ આવી જાય. પોતે ધાર્યું ન હોય કે આવો યોગ થશે અને આવી

કોઈ સ્થિતિ પલટો મારી જશે. એને અંદાજ પણ ન હોય. કોઈ તત્ક્ષણની યોગ્યતામાં એવી રીતે જીવને સાંભળવાની કોઈ અપૂર્વ રુચિ પ્રગટે છે. સામે આત્મસ્પર્શી એવી કોઈ વાણી ચાલતી હોય છે. બસ. જીવ સંસ્કાર ઝીલી લે છે. એ વાણીમાં જે આશય છે, વાણીનો જે આશય છે એ ઘણો ગંભીર છે. અથવા એ ગંભીરાતનો વિષય પરિપૂર્ણ સિદ્ધપદ છે. એવી ગંભીરતા લઈને એ આશયથી જે વાણી વર્તી રહી છે, પ્રવર્તી રહી છે સહજ કુદરતે, કોઈ જીવ એવી રુચિથી સાંભળે છે (તો) સમ્યક્‌ની સમીપ થઈ જાય છે.

મુમુક્ષુ :- આવી સુંદર માર્ગની વાત તો આ કાળમાં 'સોનગઢ'માંથી મળી. 'સોનગઢ'નો કેટલો ઉપકાર છે!

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણો ઉપકાર છે. એ તો કોઈ પ્રશ્ન જ નથી. એનો કોઈ હિસાબ-કિતાબ થઈ શકે એવી ચીજ નથી. એવો વિષય છે.

૩૮૬ના બોલમાં એ વાત છે.

મુમુક્ષુ :- ... પરમાં દુઃખ લાગે છે. એ વખતે બુદ્ધિગમ્ય કરીએ. એ જ ક્ષણે...

પૂજ્ય ભાઈશ્રી :- પંખો બંધ થયો તો તારામાં શું બંધ થયું? ત્યાં બંધ થયો કે અહીંયાં બંધ થયો? જોવે છે કે હું ત્યાં છું એમ જોવે છે. ક્યાં જોવે છે? પંખો લટક્યો છે ત્યાં પોતે લટક્યો છે? અને પંખો ફરે છે ત્યાં પોતે એની સાથે સાથે ફરે છે? શું દશા થાય? પંખા સાથે લટકાડીને પાંખડા સાથે એને ઘુમાવે તો શું દશા થાય? દ્રવ્યે જે દશા થાય ભાવે એ દશા છે. એને ક્ષણ ક્ષણ ભાવમરણ કહેવામાં આવે છે. અંદર તપાસવાની જરૂર છે. અંદર જોવાની જરૂર છે અને અંદર તપાસવાની જરૂર છે કે કોઈપણ હાલતમાં આત્મા જે છે તે છે. એમાં કાંઈ આવતું નથી, એમાંથી કાંઈ જતું નથી. એવો કોઈ અવકાશ નથી આવવાનો કે જવાનો. પરિસ્થિતિ નથી. એવું જો એને અંદર જોઈને ભાસે, હોં! તો તો કાંઈ આપત્તિ નથી, કોઈ વિપત્તિ નથી, કોઈ તકલીફ નથી. અને નહિતર હેરાનગતિનો કોઈ પાર નથી. નહિતર દુઃખનો કોઈ પાર નથી. જે એને ઠીક લાગે એમ કરે, પોતાને ઠીક લાગે એમ કરે.

મુમુક્ષુ :- જ્ઞાનીની વાતો બુદ્ધિગમ્ય ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ બુદ્ધિગમ્ય કરી છે એમાં વાસ્તવિકતા ન રહી એક કલ્પના થઈ. કલ્પના થઈ એક. કલ્પના થઈ. કલ્પના તો એ પોતે વિપર્યાસનો એક પ્રકાર છે. વાસ્તવિકતાથી અન્ય પ્રકાર એનું નામ કલ્પના. વાસ્તવિકતાથી અન્યથા ભાવ તેનું નામ કલ્પના. એ અન્યથા કહો કે વિપર્યાસ કહો બે એક જ વાત છે. મિથ્યાત્વ પોતે કલ્પનાનું જ એક પ્રકરણ છે. જે કાંઈ મિથ્યાત્વનું જેટલું કાંઈ જેવડું

મોટું પ્રકરણ છે તે બધું એક સ્વરૂપને વિષે ભ્રાંતિથી ઉત્પન્ન થયેલી વાત છે. એ કલ્પના છે, બીજું કાંઈ નથી. અને કલ્પનાનું ફળ નિયમથી દુ:ખ જ છે. ચાહે આત્મ સ્વરૂપને વિષે કલ્પના કરે કે ચાહે પરપદાર્થને વિષે કલ્પના કરે. કલ્પનાનું ફળ દુ:ખ છે. આ એક સિદ્ધાંતથી સિદ્ધ થયેલો વિષય છે. એનું ફળ કોઈ દિવસ સુખ ન આવે. એ નિમયબદ્ધ છે.

એટલે નિર્ણય યથાર્થ કરવો જોઈએ. આત્મામાં નિધાન છે એનો નિર્ણય યથાર્થ કરવો જોઈએ. યથાર્થ ઉપર વજન છે. નિર્ણય કરવો જોઈએ એટલા ઉપર વજન નથી. કેમકે એમાં તો કલ્પનાથી અયથાર્થ નિર્ણય કરે પણ છે. અનંત વાર કર્યો પણ શાસ્ત્ર વાંચીને કે જીવ આવો છે. જૈનદર્શન આમ કહે છે, અન્ય દર્શન આમ કહે છે, જૈનદર્શન ન્યાયથી ઠીક લાગે છે. ત્યાં સુધી તો કર્યો છે. પણ એને એ વાત જ્ઞાન લક્ષણથી ભાવ ભાસીને એને એ નિર્ણય થયો નથી. એનો ભાવ ભાસવો જોઈએ.

મુમુક્ષુ :- ભાવ તો ત્યારે ભાસે છે જ્યારે નિર્ણય હોય ત્યારે. નહિતર તો ભાવ ભાસતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવભાસન અને નિર્ણય બે એક જ વાત છે ખરેખર તો. અલગ-અલગ વાત નથી. યથાર્થ નિર્ણય કહો કે યથાર્થ ભાવભાસન કહો બેય એક જ ચીજ છે. શબ્દો જુદા જુદા છે.

અહીંયાં પણ એમ કહે છે કે '**તારામાં છે તેને જો ને!**' જોવાની વાત છે. આઘો ઊભી રહી રહીને વિચાર કર એમ નથી કહેતા. જો એમ કહે છે. વિચાર તો તેં કર્યો છે. પણ વિચારથી જરાક આગળ વધીને જો ને એમ કહે છે. વિચારમાં પણ યથાર્થ વિચારણા હોય એટલે કે આત્મહિતની બુદ્ધિથી, આત્મ હિતાર્થે, આત્માર્થે જે વિચારણા હોય તેને સુવિચારણા કહે છે.

જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજ જ્ઞાન
જે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.

વિચારણા અને નિર્વાણ સુધીનું અનુસંધાન લીધું. એક પદમાં. સુવિચારણાને. ત્યાં એ આત્મવિચાર એટલે આત્મહિતનો એકમાત્ર વિચાર એને આત્મવિચાર કીધો છે. અને જ્યાં આત્મહિતનો વિચાર છે ત્યાં અવલોકનની પદ્ધતિ શરૂ થયા વિના રહેવાની નથી. જ્યાં આત્મહિત સહિતની વિચારણા નથી ત્યાં એ પરોક્ષ વિચાર બુદ્ધિનો ક્ષયોપશમ એનો પ્રયોગ કરીને એ ક્ષયોપશમમાં અટકી જશે. એટલે કે ક્ષયોપશમથી નિર્ણય કરીને આ ઠીક વાત છે. કાં સંમત કરશે, કાં સંમત નહિ કરે. બેમાંથી એક કરશે. પણ સંમત કરે અને ન કરે એમાં કાંઈ ફેર નહિ પડે. એ હજી એક જ જગ્યા રહેશે,

ત્યાંથી આગળ વધી નહિ શકે. તો એ પ્રકાર એ યથાર્થ વિચારનો પ્રકાર નથી. વિચાર જ એને કહીએ કે જે કષાયરસની મંદતા સહિત આત્મ હિતાર્થે ઊપજ્યો હોય તે. તો એને વિચાર કહીએ. એ વિચાર જેને હોય તેને વિચારવાન કહીએ. એટલું ચાલે.

'શ્રીમદ્જી'નો એ વિષયમાં બહુ સારો પત્ર છે. ૭૦૬ નંબર છે. ઘણે સ્થળે.. ૭૦૬ નંબરનો પત્ર છે. એમાં મુદ્દાના પાંચ નંબર આપ્યા છે. Paragraph તો એક એક મુદ્દાનો છે. કોઈ જગ્યાએ એક છે તો કોઈ જગ્યાએ એકથી વધારે Paragraph છે. પણ પોતે નંબર આપ્યા છે. એક Paragraph પૂરો કરીને. એમાં બીજા નંબરનો મુદ્દો છે આ. '**ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મૂળ થાય.**' આ વાત પ્રસિદ્ધ છે કે જો સાચું જ્ઞાન થાય તો એ જીવમાં કામ, ક્રોધ, તૃષ્ણાદિ જે પ્રકૃતિ છે એ પ્રકૃતિ નિર્મૂળ થાય છે. '**તે સત્ય છે, તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી...**' એટલે એમાંથી કોઈએ એવો કોઈ ઊંધો અર્થ ન કાઢવો '**કે જ્ઞાન થયા પ્રથમ...**' જ્ઞાન થયા પહેલા '**તે મોળાં ન પડે...**' શું કીધું? આ રસ ફીક્કો રસ કરવાની વાત છે. ફીક્કો રસ થવાની વાત છે.

જ્ઞાન થાય ત્યારે તો જરૂર કામ, ક્રોધ, તૃષ્ણા મોળા પડે. પણ એનો અર્થ એવો નથી કે એ પહેલા એ મોળા ન પડે. એમ કહીને એમ કહેવું છે કે જે નિર્મૂળ થાય છે એ મોળા પડીને નિર્મૂળ થાય છે. કોઈ જીવ મોળા પડ્યા વિના સીધે સીધા નિર્મૂળ થઈ જાય એવું બનતું નથી. એ એનો ક્રમ છે, પૂર્વ ક્રમ છે. એટલે પોતાની શૈલીથી એ વાતનું નિરૂપણ કરે છે.

'**તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે જ્ઞાન થયા પ્રથમ તે મોળાં ન પડે કે ઓછા ન થાય.**' 'લીંબડી'ના એક 'કેશવલાલભાઈ' પ્રત્યે આ પત્ર લખેલો છે. '**શુભેચ્છાસંપન્ન આર્ય કેશવલાલ પ્રત્યે, લીંબડી.**' ૧૯૫૨માં લખાયેલો પત્ર છે. ૪૪ ને ૮ = ૯૨. ૯૨ વર્ષ થયા.

'**મૂળસહિત છેદ તો જ્ઞાને કરીને થાય,...**' નિર્મૂળ થાય એ તો જ્ઞાન પ્રગટ કરતા થાય. '**પણ કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય.**' આ પરિસ્થિતિ છે. એનો પૂર્વ ક્રમ શું છે? કે એ મોળા ન થાય તો જ્ઞાન ઉત્પન્ન જ ન થાય. હવે અહીંયાં આપણે શું વિચારવું છે? કે જેને આ મુદ્દા ઉપર લક્ષ નથી, ખ્યાલ નથી, સમજણ નથી એ શું વિચાર કરે છે કે મારામાં બુદ્ધિ ઘણી છે. હું શાસ્ત્ર વાંચી વાંચીને આત્માને સમજી લઈશ અને પામી લઈશ. મારો વિચાર તો આત્માને પામવાનો જ છે. વળી મારામાં બુદ્ધિ પણ છે. શાસ્ત્રને હું સમજી શકુ છું, વાંચી શકું છું, વિચારી શકુ છું. કેટલાક તો સમજાવી

શકે છે. તો કહે, હું એનાથી પહોંચી જઈશ. નહિ મેળ ખાય. એવી રીતે બુદ્ધિ લંબાવીને કોઈ પહોંચી જાય એ આ વિષય નથી. એટલે આ શુદ્ધિનો વિષય છે, વૃદ્ધિનો વિષય નથી. ક્ષયોપશમની વૃદ્ધિનો વિષય નથી પણ ક્ષયોપશમની શુદ્ધિનો વિષય છે.

'**કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય. જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે;...**' હવે વિચારશક્તિ હોય છે એને એમ થાય છે કે ના ના, હું વિચારશક્તિથી પામી જઈશ. અહીંયાં બીજી વાત છે. Quality વિચારની શું છે એ બતાવવું છે અહીંયાં. વિચારની Quantity કેટલી છે એ નથી બતાવવું, Quality શું છે એ બતાવવું છે. '**જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે;...**' એટલે એમ કહ્યું ને કે 'કર વિચાર તો પામ.' પણ કયો વિચાર? નહિતર તો દાવો કરે છે. ભાઈ નથી. નહિતર ભાઈ દલીલ કરે છે. 'કર વિચાર તો પામ.' 'શ્રીમદ્દે' તો વિચાર કરવાનું કીધું છે. પણ કયો વિચાર? કેવા પ્રકારનો વિચાર? આ સવાલ છે. '**જ્ઞાન પ્રાપ્ત થવામાં મુખ્ય સાધન છે; અને તે વિચારને...**' બસ! આ વાત બહુ સરસ લીધી છે. જે મુદ્દો છે એ એમાં આ છે કે '**તે વિચારને વૈરાગ્ય તથા ઉપશમ બે મુખ્ય આધાર છે,...**' કોના આધારે આ વિચાર વર્તી રહ્યો છે? કે વૈરાગ્ય અને ઉપશમના આધારે વર્તી રહ્યો છે.

અહીં એનો અર્થ કર્યો છે '**(ભોગ પ્રત્યે અનાસક્તિ)**' એટલે નીરસપણું. ઉદયમાન સંયોગોમાં, ઉદયમાન પ્રસંગોમાં, ભોગોપભોગના પ્રકારોમાં એને નીરસપણું હોય. એનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે જંગલમાં વયો જાય, વૈરાગ્ય એટલે આ ત્યાગ કરી નાખ્યો કે ચાલો આજે નથી ખાવું. એમ નહિ. એને ભોગાદિ પ્રત્યે અનાસક્તિ (હોય). એટલે કે એનું નીરસપણું. પૂર્વકર્મના ઉદયે (સંયોગો) વિદ્યમાન હોય તોપણ એમાં એને રસ ન હોય. '**તથા ઉપશમ (કષાયાદિનું ઘણું જ મંદપણું, તે પ્રત્યે વિશેષ ખેદ)**' આ બે અર્થ એમણે કૌંસમાં કર્યા છે.

વિચારને આ '**બે મુખ્ય આધાર છે, એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી તેવી પરિણતિ કરવી ઘટે છે.**' એનો લક્ષ રાખીને એવી પરિણતિ કરવી ઘટે, એવી પરિણતિ થઈ જવી જોઈએ એકવાર તો. કષાયરસનું જેમાં મંદપણું હોય એવી એની પરિણતિ થઈ જવી જોઈએ. અને વર્તતા કષાય પ્રત્યે એને ખેદ હોય એવી એની પરિણતિ થઈ જવી જોઈએ. એવી પરિણતિના આધારે જે વિચાર ચાલી રહ્યો છે એ વિચાર આત્મહિતાર્થે ચાલી રહ્યો છે. એ વિચારથી એ જીવ આગળ વધીને અનુભવ સુધી પહોંચશે. નહિતર વિચાર વિચાર રહી જશે. એ વિચારના આ બે જે પાયા છે એના

વિનાનો જે વિચાર એ વિચાર પાયા વિના ભાંગી પડશે. એનું ચણતર કોઈ રીતે આગળ ચાલશે નહિ. કદાચ ક્ષયોપશમ શક્તિ હોય, ન્યાય Logic સમજી લે, યુક્તિ આગમ સમજી લે અને માને કે મને જ્ઞાન થઈ ગયું છે. એ વિશેષ ભ્રાંતિમાં પડેલો જીવ છે. જે સત્શાસ્ત્રાદિ સુયોગ્ય આવા વિચારને લઈને સંસાર પરિભ્રમણના નાશનું નિમિત્ત થાય છે તે જ એને પરિભ્રમણનું નિમિત્ત થશે. તે જ એને વધારે પરિભ્રમણનું નિમિત્ત થશે. કેમકે અહંતાદિના પરિણામ, અભિનિવેશના પરિણામ એમાંથી થયા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :- સામે છે ને એટલે કષાયની સામે જ વિરુદ્ધ દશાને તોડવા, કષાયને તોડવા માટે પહેલા ... કરે ત્યારે એ સ્વભાવમાં ચોખ્ખાય આવે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચોખ્ખાય આવે. ત્યાં સુધી આવે નહિ. નબળો પડ્યા વિના... બુદ્ધિનું ... એનું જોર તો તૂટવું જ જોઈએ. પછી અભાવમની વાત છે. જોર તૂટ્યા વગર અભાવ (થાય નહિ).

મુમુક્ષુ :- પહેલા ચોખ્ખાઈ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. એ તો આંગણું પહેલા સાફ થવું જ જોઈએ ને. એ આંગણું છે.

**'સત્પુરુષના વચનનાં યથાર્થ ગ્રહણ વિના વિચાર ઘણું કરીને ઉદ્‌ભવ થતો નથી;...'** આવો જે વિચાર. જેના પાયા આવા નીરસપણાના છે એવો જે વિચાર, એ સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણ થયા વિના ઉદ્‌ભવ થતો નથી. **'અને સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ, સત્પુરુષની પ્રતીતિ એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી તેમની અનન્ય આશ્રયભક્તિ પરિણામ પામ્યેથી, થાય છે.'** ક્યાં વાતને લઈ ગયા છે! સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ થાય તો આ જે ઉપર કહ્યો એવો જે વિચાર ઉદ્‌ભવ પામે. તો સત્પુરુષના વચનની ગ્રહણ થવાની ભૂમિકા કઈ? કે જેણે એમ જાણ્યું હોય કે જો આ સત્પુરુષ છે એવી પ્રતીતિ આવે તો એ કલ્યાણનું સર્વોત્કૃષ્ટ કારણ છે. આ સત્પુરુષ કલ્યાણનું સર્વોત્કૃષ્ટ કારણ છે. એથી એના પ્રત્યે અનન્ય આશ્રયભક્તિ આવે. બીજો વિકલ્પ નહિ. એમાં કોઈ વિકલ્પ નહિ.

કોઈવાર એવું બને છે કે સત્પુરુષનો નિર્ણય દેખત રીતે બુદ્ધિમાં ન બેસે એવો હોય. આવો કેમ ફેંસલો કર્યો? આવો કેમ વિકલ્પ કર્યો? આવો કેમ નિર્ણય આપ્યો? આવો કેમ આદેશ આપ્યો? બુદ્ધિમાં ન બેસે એવો હોય. ત્યારે જીવે શું કરવું? ત્યારે પણ જીવે એમ નિર્ણય કરવો કે મારે કાંઈક આ નિર્ણયની ગંભીરતાને શાંત ચિત્તે સમજી શકાય એવી પરિસ્થિતિમાં આવવાની મારે જરૂર છે. મારી કોઈ યોગ્ય પરિસ્થિતિ

લાગતી નથી. મારી ચાલતી પરિસ્થિતિ યોગ્ય લાગતી નથી. આમ સીધો એને વિચાર આવવો જોઈએ. સામાન્ય રીતે બુદ્ધિવાળા માણસોને એવો વિચાર આવે છે કે કદાચ ભૂલ થતી હોય તો સમજાવીએ. બે વાત વધારે દલીલમાં મૂકીએ, ખોલીને મૂકીએ અને સમજાવીએ કે આપની વાત કરતા આ વાત કાંઈક ઠીક લાગે છે.

મુમુક્ષુ :- પણ એમાં બેયના આધાર જુદા જુદા હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- શું આધાર જુદા છે?

મુમુક્ષુ :- ..નો આધાર છે એ ... આત્મા છે. ભલે એને જ્ઞાન નથી. પણ જે અબુદ્ધિપૂર્વક થાય છે એનો .. ઓલાનો ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્મહિતનું ... એટલે આત્મહિતની ત્યાં જે ભાવના છે, આત્મા એટલે ત્યાં આત્મહિતની જે ભાવના છે એ અનન્ય ભક્તિમાં પરિણમી જાય છે. એટલે એને બીજો વિકલ્પ નથી થતો. તમે જે કહો ત્યારે, જેમ કહે ત્યારે સત્ય છે. 'સોનગઢ'માં નવો નવો પ્રવેશ કર્યો ત્યારે 'ગુરુદેવ' માટે એવું બોલતા હતા. ચર્ચા કરતા હતા. (એમ મુમુક્ષુ) છે ને? અમારે અંદરો અંદરની ચર્ચામાં એ વાત ચાલતી કે 'ગુરુદેવ' ખરે બપોરે, ઉનાળાની ખરે બપોરે ધોમ ધખ્યો હોય ને? એક-બે વાગ્યે માથે સૂરજ હોય ત્યારે એમ કહે કે આ સૂરજ નથી ચંદ્ર છે, હોં! તો શું કરવું? આ અમારી ચર્ચાનો વિષય હતો. આપણે તો કહેવું, જી સાહેબ! આપ કહો છો એ અમને માન્ય છે. આ અમારી ચર્ચાનો વિષય હતો. પણ તો ગરમી કેમ લાગે છે એ વિકલ્પ ત્યાં ન કરવો. એમ.

અહીંયાં 'શ્રીમદ્જી'ને શું લેવું છે? બહુ રહસ્યભૂત વિષય છે આ જરા. સત્પુરુષના વચનનું ગ્રહણ કઈ ભૂમિકામાં થાય છે? કે જે ગ્રહણ કરે છે તેને યથાર્થ આત્મવિચાર પ્રવર્તે છે. કે જે આત્મવિચારનું ફળ સમ્યગ્દર્શન અને નિર્વાણ પર્યંતનું છે. આમ મુદ્દો છે. આ મૂળ પકડાવ્યું છે. એટલે એ આશ્રયભક્તિ પરિણામ પામ્યેથી થાય છે. '**ઘણું કરી એકબીજાં કારણોને અન્યોન્યાશ્રય છે. ક્યાંક કોઈનું મુખ્યપણું છે, ક્યાંક કોઈનું મુખ્ય પણું છે, તથાપિ એમ તો અનુભવમાં આવે છે કે ખરેખરો મુમુક્ષુ હોય તેને સત્પુરુષની આશ્રયભક્તિ અહંભાવાદિ છેદવાને માટે અને અલ્પ કાળમાં વિચારદશા પરિણામ પામવાને માટે ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે.**' આ સરવાળો મૂકી દીધો. બે Paragraphમાં બહુ સુંદર વાત લીધી છે. પત્ર તો જરા મોટો છે.

## તા. ૧૭-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૪
## પ્રવચન નં. ૨૯૯

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૪ ચાલે છે. પાનું ૧૪૨. સ્વાનુભવનો મહિમા કરે છે. અને એ મહિમા કરતા જે અવસ્થા... સ્વાનુભવ એટલે સ્વરૂપનો અભેદ ભાવે મહિમા એ સ્વાનુભવનું બીજું નામ છે. સ્વરૂપ મહિમાનો વિષય ચાલે છે કે તારામાં જો. તારામાં નિધાન ભરેલા છે, ઠસોઠસ નિધાન ભરેલા છે તેને જો. '**તારામાં શી ખામી છે?**' ત્યાં ચાલે છે. '**તારામાં શી ખામી છે?**' કયા પ્રકારની ખામી છે? શી ખામી છે એટલે કયા પ્રકારની ખામી છે? '**તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે.**' જોકે જીવને સુખની જરૂરત છે. અને સુખનો અનુભવ થાય તો પછી બીજું કાંઈ જોઈતું નથી. જ્ઞાન પણ ઓછું જાણે એનું દુઃખ છે. પણ જ્યાં પૂર્ણ સુખ પ્રગટ છે ત્યાં પૂર્ણ જ્ઞાન છે. અથવા સ્વરૂપમાં પૂર્ણ સુખ છે તો સાથે સાથે પૂર્ણ જ્ઞાન પણ છે. અને એવા અનંત ગુણ છે. એટલે પછી કાંઈ જોઈએ એ પ્રશ્ન રહેતો નથી. જો કાંઈ જોઈએ નહિ તો બધુંય છે એ એમાં આવી જાય છે.

'**તારામાં પૂર્ણ સુખ છે, પૂર્ણ જ્ઞાન છે, બધુંય છે. સુખ ને જ્ઞાન તો શું પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી.**' જગતના જડ પદાર્થો તો બહાર જ છે. એ તો આત્મામાં નથી. પણ આત્માને વિષે એની જરૂર પણ નથી. એમ છે ખરેખર. કોઈ પર ચીજથી આત્મા સુખી છે એ વસ્તુના સ્વરૂપમાં નથી. તેથી કોઈ પર ચીજની જરૂર નથી. ઊલટાનું પર ચીજની જરૂરિયાત સ્વીકારતા આત્મા દુઃખી છે. દુઃખી થાય છે. પર ચીજને એ જોઈએ એમ ગણતા, એમ લેતા તો પર ચીજ સંબંધીની ઉપાધિ, અનિવાર્યપણે (આવે છે). ... એમ જ દુઃખરૂપ છે. એટલે કોઈપણ ચીજ બહારની ચીજ લેવા જવી પડે કે બહારની ચીજ લેવા જવી એનો કોઈ અવકાશ આત્મ સ્વરૂપને વિષે નથી. જીવ માને તોપણ એમ છે, જીવને ન માનવું થાય, ન વાત ગળે ઉતરે તોપણ એમ જ છે. વસ્તુસ્થિતિ તો એમ જ છે.

આમ સ્વીકારીને. સ્વરૂપને પરિપૂર્ણ પોતાના સ્વરૂપથી સંપન્ન, પૂર્ણ સંપન્ન સ્વરૂપને સમજીને કેવળ સ્વરૂપમાં જ તું પ્રવેશ કર એમ કહેવું છે. એકવાર તું અંદરમાં પ્રવેશ કર. આમ સમજીને તું અંદરમાં પ્રવેશ કર. અથવા આમ સમજીને, બહારથી નિવૃત્ત થઈને, બીજા પદાર્થો પ્રત્યેના પરિણામથી નિવૃત્ત થઈ જઈને, ઉપાધિથી નિવૃત્ત થઈને

તું અંદરમાં પ્રવેશ કર. અંદરમાં પ્રવેશ કર એટલે તારા સ્વરૂપમાં પરિણામને જોડ. બહારમાં જે પરિણામ જોડવામાં આવે છે એના બદલે તું તારા સ્વરૂપને વિષે પરિણામને જોડ. બધું અંદર છે. બધું શબ્દનો ઘણો પ્રયોગ છે આમાં. બધું છે. અંદર પૂર્ણ જ્ઞાન છે. બધું છે. અહીંયાં એ કહે છે બધું અંદર છે. કોઈ ચીજ બહાર લેવા જવી પડે એવી નથી. '**બધું અંદર છે.**' એટલે તારે જોઈએ તે બધું અંદર છે. સુખ, શાંતિ, આનંદ, જ્ઞાન જે કાંઈ તારે જોઈએ તે બધું અંદર જ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં છે. વિચારનો વિષય છે. '**જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે.**' કેવા વિચાર?

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- તારામાં છે તેને જોને. એમ.

બે વાત ચાલે છે. એક તો આત્માનો સ્વ તત્ત્વનો સ્વરૂપનો વિચાર કરવો અને સ્વરૂપને જોવું. જોવામાં પણ જ્ઞાનની પ્રવૃત્તિ છે. વિચારમાં પણ મુખ્યપણે જ્ઞાનની પ્રવૃત્તિ છે. વિચારમાં જ્ઞાન સાથે સાથે રાગની પણ પ્રવૃત્તિ છે. તો રાગનો જે ભાગ છે એનો પ્રકાર કેવો હોવો જોઈએ? કે એમાં કષાયરસ મોળો પડેલો હોવો જોઈએ. એ વાત લીધી છે. એટલે તે વિચારને, વિચાર જે મુખ્ય સાધન છે તે વિચારને વૈરાગ્ય એટલે ભોગ પ્રત્યે અનાસક્તિ. અથવા બાહ્ય પદાર્થને વિષે સુખબુદ્ધિ ન થવી તે. અહીંયાં તો એમ છે. સુખબુદ્ધિ-સુખનો અભિપ્રાય, સુખનો વિશ્વાસ ન રહેવો તે. અને ઉપશમ એટલે કષાય આદિના, કષાયરસનું ઘણું જ મંદપણું. એ વિચારને બે મુખ્ય આધાર છે.

ચર્ચા તો એ ચાલી છે કે તત્ત્વવિચારનો વિષય આપણા મુમુક્ષુ સમાજમાં વિશેષપણે છે. અને બીજી ક્રિયાઓ ઓછી છે અથવા બીજી ક્રિયાઓનું પ્રાધાન્ય નથી પણ તત્ત્વજ્ઞાન અને તત્ત્વવિચારનું પ્રાધાન્ય છે. ત્યાં એ વિચાર કયા પ્રકારથી હોવો જોઈએ? અહીં તો આધાર લીધો છે. એ વિચારને શું આધાર છે? નહિતર તે વિચાર નિષ્ફળ જાય. અથવા તો જો એ પ્રકારે વિચાર ન હોય, બાહ્ય પદાર્થમાં સુખબુદ્ધિ સુખના વિશ્વાસ સહિતનો જો વિચાર હોય અને કષાયરસ તેવા ને તેવા હોય તો તે તત્ત્વજ્ઞાનનો વિચાર તત્ત્વ પ્રાપ્તિ માટે, આત્માની અનુભૂતિ માટે સફળ નહિ થાય. સફળ તો નહિ થાય પણ એનું કદાચ વિપરીત પરિણામ પણ આવશે. અને એમાં શુષ્કજ્ઞાન, સ્વચ્છંદ, અતિપરિણામીપણું, અનેક પ્રકારના વિકલ્પનું વધવું. ભલે તત્ત્વજ્ઞાન સંબંધી હોય પણ વિકલ્પનું વધવું, વિકલ્પની ગતિનું વધવું જેને ચંચળતા કહે છે. અને પછી ક્યાંક

સંદેહની પણ ઉત્પત્તિ જ્ઞાન સ્થુળ થવાથી અથવા તે તે પ્રકારના મતિ વિપર્યાસોને લીધે અનેક જગ્યાએ સંદેહનું ઉત્પન્ન થવું પણ બનશે. નિઃશંક નહિ થઈ શકે. એ બધા માર્ગથી પડવાના કારણો છે. માર્ગે ચડવાના કારણો નથી પણ માર્ગથી એ પડવાના કારણો છે.

મુમુક્ષુ :- અતિપરિણામી એટલે શું?

પૂજ્ય ભાઈશ્રી :- અતિપરિણામીપણું એટલે જાણપણું થઈ જાય અને એને એમ લાગે કે મને ઘણું જ્ઞાન છે અથવા હું બહુ સમજ્યો છું, હું ઘણું સમજ્યો છું, ઘણું વાંચ્યું છે, ઘણું વિચાર્યું છે, ઘણા વર્ષો સુધી મેં આ તત્ત્વજ્ઞાનના વિષયનો પરિચય કર્યો છે. તેથી એ વિષયની અંદર હું ઘણો આગળ વધેલો છું. એવી જે ગેરસમજણ, સમજણ નહિ પણ એ ગેરસમજણ છે. એ અતિપરિણામીપણું છે.

મુમુક્ષુ :- આમાં બે શબ્દો લીધા. એક તો વિચારણા અને એક અવલોકન ....

પૂજ્ય ભાઈશ્રી :- એ કહ્યું ને? તારામાં છે તેને જો ને! એ જોવું છે એને અવલોકન કહ્યું. બે વાત આવે છે. વિચારની પણ વાત આવે છે અને અવલોકન કરવાની વાત પણ આવે છે. જ્યાં પદાર્થનો નિર્ણય કરવો છે ત્યારે પ્રથમ વિચારણા ચાલે છે. પણ એ શરતી છે. બિનશરતી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવલોકનથી દિશામાં ફેર પડે છે. વિચારમાં હજી બાહ્ય લક્ષ છે. પણ તોય તે ત્યાં, અહીં તો એમ કહેવું છે કે ભલે વિચારણાનું હજી Stage હોય તોપણ આ બે એના જે આધાર છે, પાયા છે એ હોવા જોઈએ. તો એ વિચારમાંથી તું પડીશ નહિ. નહિતર વિચાર કરતાં કરતાં, તત્ત્વનો વિચાર કરતાં કરતાં પણ નીચે પડીશ.

મુમુક્ષુ :- એ પરિસ્થિતિ અવલોકનમાં નથી આવતી?

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકનમાં તો વિચારથી પછી આગળ વધેલો જીવ છે. અવલોકન પોતે એવો પરિણામનો પ્રકાર છે કે જેમાં કષાયરસ નિયમથી ઘટે, ઘટે ને ઘટે. તૂટે જ. ન તૂટે એવું બને જ નહિ. એ સહજ છે એમાં. અને ત્યાં સુખનો વિશ્વાસ છે એ પણ તૂટે, કષાયરસ પણ તૂટે. એ તો એનો સીધો જ ઉપાય છે. એ એનો Direct ઉપાય છે. એ વિચાર છે એમાં તો હજી Indirect વાત છે. આ તો સીધી જ વાત છે. આગળની વાત છે.

મુમુક્ષુ :- મારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સીધે સીધું જ તે. સીધું જ મારણ છે. એમ.

પણ કોઈ મુમુક્ષુજીવની એવી પરિસ્થિતિ અનિચ્છાએ પણ હોય છે કે અવલોકન કરવું હોય તો થતું નથી. અને વિચારની ભૂમિકા તો એની સ્વભાવિક ભૂમિકા છે. જેમ બીજા પદાર્થોના વિચાર કરે છે, જેમ સંયોગોના વિચાર કરે છે, દેહાદિના વિચાર કરે છે. એમ શાસ્ત્રના આધારે, શાસ્ત્રના નિમિત્તે, શ્રવણના નિમિત્તે વિચાર કરી શકે છે. એ એટલું અઘરું નથી જેટલું અવલોકન એને અઘરું પડે છે. તો એને પણ માર્ગદર્શન અહીંયાં છે કે સાથે સાથે જો આ બે વાત નહિ હોય તો એ વિચારનું ફળ વિફળ થશે. સફળ નહિ થાય. એટલી વાત અહીંયાં લેવી છે. એથી પણ એ વિચારને સહેલો કરવા માટે, એ વિચારદશાને વધુ સફળ કરવા માટે સત્પુરુષની વાત લીધી છે, એક નિમિત્તની વાત લીધી છે. કેમ કે જીવ અહીંયાં આ પરિસ્થિતિમાં જીવ નિમિત્તાધીન દષ્ટિવાળો અથવા જેવા જેવા નિમિત્તો એને મળે છે તદ્અનુસાર એના પરિણામ થાય એવી યોગ્યતા ધારણ કરીને ઊભેલો છે જીવ. તો એને એમ કહે છે કે સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણ વિના વિચાર ઘણું કરીને થતો નથી. આવો વિચાર નથી થતો-યથાર્થ વિચાર. વિચાર કરે કોઈ પણ સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણપૂર્વક જે વિચાર હોય છે એ વિચાર બરાબર ચાલે છે.

સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ, સત્પુરુષની પ્રતીતિ. સત્પુરુષના વિચારનું યથાર્થ ગ્રહણ અને સત્પુરુષની પ્રતીતિ. પ્રતીતિપૂર્વક ગ્રહણ. કે જે આ કહે છે તે પરમસત્ય છે. મારે એ સત્ય સમજી લેવું જરૂરી છે. ન સમજાતું હોય તો. અને સમજાતું હોય તો એનો સીધો સ્વીકાર કરવાની વાત છે. બીજા વિકલ્પની ત્યાં કોઈ જરૂર નથી. એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી તેમની અનન્ય આશ્રય ભક્તિ પરિણામ પામ્યેથી થાય છે. આખું વાક્ય શું છે?

'**સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ,...**' કેવી રીતે થાય છે કે '**સત્પુરુષની પ્રતીતિ એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી...**' એટલે એની પાછળનો એક અભિપ્રાય એવો છે કે આ જ સત્પુરુષ છે એમ પ્રતીતિ થાય તો એ સર્વોત્કૃષ્ટ કલ્યાણનું નિમિત્ત છે, નિર્વાણપદનું એ નિમિત્ત છે. એમ હોવાથી '**તેમની અનન્ય આશ્રયભક્તિ પરિણામ પામ્યેથી...**' તે સત્પુરુષના વચનનું ગ્રહણ થાય છે. નહિતર વચનનું ગ્રહણ થતું નથી. વિચારથી સંમત થવું, હા પાડવી જેને એમ કહે છે ને કે અમે હા પાડી છે, એક વાત છે અને ગ્રહણ થવું એ તદ્દન બીજી વાત છે. જ્યારે ગ્રહણ થાય છે ત્યારે એ અંદર ઊતરે છે એને ગ્રહણ થયું એમ કહેવાય છે. અને ખાલી હા પાડે છે, એ આજે હા પાડે છે, કાલે કદાચ ના પણ પાડશે. એનો કોઈ ભરોસો નથી. એ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- પેલામાં ઊંડાણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઊંડાણ છે એટલે ત્યાં તો એની પ્રતીતિ છે, એમાં તો વિશ્વાસ આવ્યો છે અને એ બરાબર યથાર્થપણે આગળ વધવાની ભૂમિકા તૈયાર થઈ છે. અહીંયાં હા પાડી હોવા છતાં પણ હજી વિમો છે. કઈ બાજુ જાશે એનો વિમો છે એમ. કોઈ જીવ પાછો પ્રતીતિમાં આવે, કોઈ જીવ પાછો પ્રતીતિમાં ન આવે. તો વળી એને શંકા પડે અથવા એનો નિષેધ આવે એ વગેરે પ્રકાર ઉત્પન્ન થઈ જાય.

**'ઘણું કરી એકબીજા કારણોને અન્યોન્યાશ્રય જેવું છે. ક્યાંક કોઈનું મુખ્યપણું છે, ક્યાંક કોઈનું મુખ્યપણું છે.'** અન્યોન્ય આશ્રય એટલે કોઈને સત્પુરુષના અનન્ય આશ્રય ભક્તિના પરિણામથી કષાયરસ મોળા પડે છે. ભોગાદિમાં સુખબુદ્ધિ ઉત્પન્ન થતી નથી અને પદાર્થનો યથાર્થ નિશ્ચય થાય છે. તો કોઈને .. અને કષાયરસના મોળાપણામાં સત્પુરુષ પ્રત્યે વિશેષ ભક્તિ ઉત્પન્ન થાય છે એ મુખ્યતાથી અને એ રીતે આગળ વધે છે. કોઈને આમ પણ થાય છે કોઈને આમ પણ થાય છે. બેય વાત ત્યાં લીધી છે.

મુમુક્ષુ :- અનન્ય આશ્રય એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- અનન્ય એટલે અન્ય નહિ તે. એને અનન્ય કહે છે. જેને અન્યપણું નથી. જેટલું એ પોતાના આત્મા માટે કરવા તૈયાર છે એટલું જ એ સત્પુરુષ માટે કરવા તૈયાર છે. એને અનન્યપણું કહે છે. અન્યપણું નહિ તે અનન્યપણું.

આ લોકો આમ નથી કહેતા? કે અમારે આપસમાં એટલો બધો પ્રેમ છે કે ક્યાંય જુદાઈ નથી અમારી, અમારી ક્યાંય જુદાઈ નથી. કોઈ જુદું નથી અમારે. બે ભાઈઓ હોય, કુટુંબમાં એવી રીતે સ્નેહ હોય, મિત્રોમાં એવી રીતે સ્નેહ હોય. અમારે કાંઈ જુદુ નથી. મારું-તારું કાંઈ વિકલ્પ નથી. જેને જેમ ઠીક લાગે એમ કરે છે. કોઈના પ્રત્યે કોઈને વિકલ્પ નથી. એના કરતાં થોડી વિશેષ વાત છે આની અંદર કે અહીંયાં તો કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ કારણ જોવામાં આવે છે. એટલે જેમ કોઈ સાક્ષાત્ પરમેશ્વર કલ્યાણનું સર્વોત્કૃષ્ટ નિમિત્ત છે એ સ્થાને એ સત્પુરુષને જોવે છે. કેમકે એ નિમિતત્ત્વ બંનેમાં સરખું છે માટે. એટલે એને અનન્ય કારણ દેખાય છે.

અનન્ય આશ્રય ભક્તિ. આશ્રય એટલે એ કહે છે તે સર્વમાન્ય અથવા સર્વાર્પણબુદ્ધિ. સર્વાર્પણબુદ્ધિ જેને કહે છે એને આશ્રયભક્તિ પણ કહે છે. સર્વાર્પણબુદ્ધિ ને આશ્રયભક્તિ કહે છે. અનન્ય આશ્રયભક્તિ. એટલા બે શબ્દને 'શ્રીમદ્જી'એ પોતે અવતરણ ચિહ્ન કરેલું છે અહીંયાં. એ વાત ઉપર જરા વજન આપ્યું છે. બહુ સહેલામાં

સહેલો ઉપાય. દર્શનમોહથી હળવો થવામાં, દર્શનમોહનો રસ કાપવામાં સહેલામાં સહેલો આ ઉપાય.

એટલે એ વાતને દોહરાવે છે. '**તથાપિ એમ તો અનુભવમાં આવે છે કે...**' શેનો આધાર લીધો? અનુભવ પ્રમાણનો. આગમ પ્રમાણ, યુક્તિ પ્રમાણ, ન્યાય પ્રમાણ, અનુમાન પ્રમાણ એમ નહિ. અનુભવ પ્રમાણ લીધું. '**તથાપિ એમ તો અનુભવમાં આવે છે કે ખરેખરો મુમુક્ષુ હોય તેને...**' સાચો મુમુક્ષુ હોય તેને '**સત્પુરુષની 'આશ્રયભક્તિ' અહંભાવાદિ છેદવાને માટે અને અલ્પકાળમાં વિચારદશા પરિણામ પામવાને માટે...**' જે તત્ત્વના વિચારો છે એનું ફળ આવે એ માટે. એનું ફળ સ્વાનુભૂતિ છે. તે આશ્રયભક્તિ '**ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે.**' ઉત્કૃષ્ટ સાધન થાય છે. આ વાત એમને અનુભવમાં આવેલી છે અને અનુભવથી એ વાત પોતે કહે છે.

પ્રશ્ન થવા યોગ્ય વિષય એટલો છે કે એમને આ ભવમાં કોઈ સત્પુરુષ મળ્યા નથી તોપણ આટલી બધી વાત નાખે છે. જેને કોઈ જીવને સત્પુરુષ મળ્યા હોય અને એને સમ્યગ્દર્શનાદિ ભાવ પ્રાપ્ત થતાં કલ્યાણ થયું હોય એને તો પારાવાર ભક્તિ આવે. એની ભક્તિ તો અનન્ય ભક્તિ હોય. પણ જેમના જીવનમાં એવું દેખાતું નથી એ આટલી બધી કેમ વાત કરે છે? આ પ્રશ્ન થવા યોગ્ય છે. વળી એમ કહે છે કે આ અમારા અનુભવની વાત છે. આ કોઈ અમે વાંચી, વિચારીને કોઈ પુસ્તકના આધારે અદ્ધરથી નક્કી કરી છે એવી વાત કોઈ નથી. જાતિસ્મરણ છે ને. એટલે પૂર્વ ભવની વાત ગુપ્ત રાખીને, હાથમાં રાખીને વાત કરે છે.

'**સત્પુરુષને વચને આધ્યાત્મિકશાસ્ત્ર પણ આત્મજ્ઞાનનો હેતુ થાય છે, કેમકે પરમાર્થઆત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે.**' સત્પુરુષને છોડીને કોઈ આગમનો આધાર લે છે તો એ અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેષમાં ચાલ્યો જાય છે એ તો આગળ ૬૬૧માં કહી ગયા છે. અહીંયાં એ વિષયને ખોલે છે કે '**પરમાર્થ આત્મા શાસ્ત્રમાં વર્તતો નથી,...**' પરમાર્થ આત્મા એટલે વાસ્તવિક આત્મા તો પ્રગટપણે સત્પુરુષમાં વર્તે છે. નાના બાળકને ગુલાબી રંગ દેખાડ્યા વિના ગુલાબી રંગનું વર્ણન કરે તો કોને ખબર ગુલાબી રંગ કેવો હશે? એને કઈ કલ્પના થશે. પણ ગુલાબનું ફૂલ દેખાડીને કહે તો? જો ગુલાબી રંગ આને કહેવાય. તને જે દેખાય છે એને ગુલાબી રંગ કહેવાય. જ્ઞાન પ્રાપ્ત થવાનું. ગુલાબના ગુલાબી રંગનું જ્ઞાન પ્રાપ્ત થવાનું સાધન એનું વર્ણન નહિ થાય પણ એને જે દેખાડશે તે થશે. બસ! બે વચ્ચે આટલો ફેર છે. શાસ્ત્ર અને પ્રગટ સત્પુરુષના પ્રત્યક્ષ યોગમાં આટલો તફાવત છે કે જે ચીજ અનંત કાળથી પોતે જોઈ નથી એનું વર્ણન શાસ્ત્ર ખચિત કરે છે. છતાં અરૂપી એવો

પદાર્થ, વિકલ્પાતીત એવો પદાર્થ, વચનથી અગોચર એવો પદાર્થ અને માત્ર અનુભવગોચર એવો જે પદાર્થ એ બેને દર્શાવવામાં શાસ્ત્ર અને સત્પુરુષની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવે તો શાસ્ત્રને ગૌણ કરીને, ભલે આચાર્યો અને ગણધરોનું લખેલું હોય, પરોક્ષ જિન ઉપકાર. 'પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર.' એ વિષયને જે 'આત્મસિદ્ધિ'માં નાખ્યું એ વાતને અહીંયાં દોહરાવે છે.

મુમુક્ષુ :- આમ તો ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહુ મોટો ફેર છે. શાસ્ત્રની તો જ્ઞાનીની વાણી છે. પંડિતો અજ્ઞાનીની વાણી છે. એ તો બહુ મોટો ફેર છે. કેમકે પેલા પંડિતે તો ચીજ જોઈ નથી ને ધારેલું છે, એ કાંઈ કલ્પના કરેલી છે એની વાત કરે છે. અને શાસ્ત્રકારે તો આત્મા અનુભવ્યો છે અને એનું વર્ણન કર્યું છે. છતાં બહુ મોટો ફેર છે એમ લેવું છે. એટલી વાત વિશેષ છે આની અંદર

'**પરમાર્થ આત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે.**' ૧૯૫૨માં લખી ગયા છે. '**મુમુક્ષુએ જો કોઈ સત્પુરુષનો આશ્રય પ્રાપ્ત થયો હોય...**' જો કોઈ સત્પુરુષ વિદ્યમાન હોય. એક તો આ કાળમાં તકલીફ એ છે કે હોય તો જડવા મુશ્કેલ છે. પ્રાયઃ હોય નહિ અને હોય તો મળવા મુશ્કેલ છે. '**જો કોઈ સત્પુરુષનો આશ્રય પ્રાપ્ત થયો હોય તો પ્રાયે જ્ઞાનની યાચના કરવી ન ઘટે,...**' લ્યો ઠીક! અને જ્ઞાનની માગણી ન કરવી. આપણે તો પ્રશ્ન પૂછવાની પદ્ધતિ વિશેષ છે. એથી બીજી વાત કરે છે થોડી કે '**પ્રાયે જ્ઞાનની યાચના કરવી ન ઘટે, માત્ર તથારૂપ વૈરાગ્ય ઉપશમાદિ પ્રાપ્ત કરવાના ઉપાય કરવા ઘટે.**' એટલે એમની આશ્રયભક્તિમાં રહેતા ભોગાદિ પ્રત્યેનો રસ ઘટે અને પ્રકૃતિનો રસ ઘટે, કષાયરસ ઘટે એ પ્રકારની યોગ્યતા અને પાત્રતામાં આવવાનો પ્રયત્ન કરવો ઘટે. એમ કહે છે. જો પાત્રતામાં ન હોય તોપણ એને એ સમાગમ છે અથવા જે યોગ છે એ યોગ ધાર્યું પરિણામ લાવતું નથી, આવતું નથી. એનું કારણ એ છે.

આ પ્રશ્ન એકવાર 'પૂજ્ય બહેનશ્રી'ને પૂછ્યો હતો. આ 'શ્રીમદ્જી' જ્ઞાનની ના પાડે છે કે મુમુક્ષુએ જ્ઞાનની યાચના ન કરવી. એવું શા માટે કહે છે? બસ! આટલો જ પ્રશ્ન હતો. તો કહે, એ તો એને સહજમાત્રમાં મળશે. માગવાની જરૂર નથી. એમ. જો કોઈ મુમુક્ષુ યથાર્થ પાત્રતાથી સત્સમાગમમાં આવે છે તો જ્ઞાનીનું જીવન એવું છે-એનું પરિણમન એવું છે અને એની વાણીમાં તો બીજો કોઈ, એના હૃદયમાં જે પરમાત્મા છે, જે પરમતત્ત્વનો એને કોઈ અલૌકિક મહિમા છે, વચનાતીત મહિમા છે એની વાણીમાં તો એ વાત આવ્યા વગર રહેવાની નથી. એ તો એનું હૃદય

છે. એ તો બહાર આવ્યા વિના રહેશે નહિ. દરેકનું પોતાનું હૃદય જ બહાર આવે છે. તો એ આવ્યા વિના રહેવાનું નથી. પૂછવાની કે માગવાની એને જરૂર નથી. ફક્ત એ તો એના પ્રત્યેના બહુમાનના પરિણામમાં ઊભો રહે એવી જે પાત્રતા એ ભૂમિકામાં પર્યાપ્ત છે. અને સ્વયં જ એને જ્ઞાન પ્રાપ્તિ થઈ જશે. એ પ્રકાર ઊભો થાય છે.

મુમુક્ષુ :- આમ જોઈએ તો નિમિત્ત ઉપર વજન જાય એટલે જ્ઞાનની માગણી ન કરવી, એમ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એમ નથી પણ ... અને વગર માગ્યે આપે એ બે વચ્ચે કાંઈ ફેર લાગે છે? એક ચીજ તમને સામેથી દેવામાં આવે તમારી યોગ્યતા જોઈને. કેમકે એ બહુ સ્વાભાવિક છે કે જે અનંત સુખના ભંડારથી પોતે સુખી છે અને એની પ્રાપ્તિ માટે જે આશ્રયભક્તિમાં આવ્યો છે. શું કરવા આવ્યો છે એને ખબર નથી? એ કાંઈ વેપાર કરવા આવ્યો નથી. બીજી સંસારના પદાર્થોની માગણી કરવા તો આવ્યો નથી. એને ખબર છે. આ જીવ આશ્રયભક્તિમાં અનન્યભાવે વર્તે છે તો એનો હેતુ તો ખબર છે કે આને શું જોઈએ છે. શું જોઈએ છે છતાં માગતો નથી. આ એક વિશેષતા છે. શું કહ્યું? કોઈપણ માણસ તીવ્ર જરૂરિયાતમાં હોય અને છતાં ન માગે તો એની લાયકાત કેટલી?

ફરીથી. હવે આમથી જોવો કે એને ઘણી જરૂર છે પણ છતાં મોઢેથી માગે નહિ. તો એની યોગ્યતા કેટલી? માગે એના કરતા નહિ માગનાર આગળ છે. શું કહ્યું? ખ્યાલ આવે છે? એવી યોગ્યતામાં એમ કે આવવું. સત્પુરુષના યોગમાં એવી યોગ્યતામાં આવવું. એ વાત છે. આ પ્રકરણ એમણે જે ખોલ્યું છે એ તો કોઈ ગજબ ખોલ્યું છે આ વિષયનું! આ પ્રકરણમાં 'શ્રીમદ્જી'ની Mastery છે એમ કહીએ તો ચાલે. બહુ જબરજસ્ત અભ્યાસ છે એ વિષયનો. ગમે તેમ હોય પણ એ વિષયમાં એમનો ઉપયોગ બહુ ચાલ્યો છે, ઉપયોગ ઘણો ચાલ્યો છે. એટલે પાત્રતાના વિષયમાં અને સત્પુરુષના યોગના વિષયમાં બહુ ખૂબી ભરેલી વાતો, રહસ્યપૂર્ણ વાતો એમણે પત્રમાં મૂકી દીધી છે.

એવી યોગ્યતા '**પ્રાપ્ત કરવાનો ઉપાય કરવા ઘટે. તે યોગ્ય પ્રકારે સિદ્ધ થયે...**' એટલે એવી પાત્રતા પ્રાપ્ત થયે. '**જ્ઞાનીનો ઉપદેશ સુલભપણે પરિણમે છે,...**' બહુ સહેલાઈથી એનું પરિણામ આવી જાય છે. '**અને યથાર્થ વિચાર તથા જ્ઞાનનો હેતુ થાય છે.**' એવો સત્સમાગમ પ્રાપ્ત થવા અર્થે બાહ્ય નિવૃત્તિ આવશ્યક છે. એના ઉપર વાત લે છે કે '**જ્યાં સુધી ઓછી ઉપાધિવાળા ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં**

**સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના...**' આ અપવાદ રાખ્યો છે. '**વધારે ઉપાધિવાળા ક્ષેત્રે જવું ન ઘટે. કેમકે તેથી ઘણી સદ્વૃત્તિઓ મોળી પડી જાય છે અથવા વર્ધમાન થતી નથી.**' બીજી જગ્યાએ એમ કહે છે ૯૦૬માં. આ ૭૦૬ છે, ઓલો ૯૦૬ છે. એની પ્રવૃત્તિ સંક્ષેપ કરી લેવી. એવો કોઈ યોગ પ્રાપ્ત થયો હોય તો એની પ્રવૃત્તિને સંક્ષેપવી. ૯૦૬ નથી ૬૦૯ છે.

'**સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે. કોઈ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરુષ છે એવો સાક્ષીભાવ ઉત્પન્ન થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી;...**' બાહ્ય પ્રવૃત્તિને એણે સંકોચી લેવી, સંક્ષેપ કરી લેવો. '**પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે તીક્ષ્ણ ઉપયોગે કરી જોવા,...**' આ બીજી શરત છે. બહારમાં આ ફેરફાર કરવો. અંદરમાં સરળતા ઘણી રાખવી. જે જીવ પોતાના દોષ જોવા પ્રત્યે ઉપયોગ રાખે છે એની સરળતા ઘણી છે અથવા તેને સ્વચ્છંદ થવાનો અવકાશ નથી.

'**જોઈને તે પરિક્ષીણ કરવા;...**' એટલે એવા દોષનો નિષેધ કરવો '**અને તે સત્સંગને અર્થે...**' સત્સંગ પ્રાપ્ત કરવા અર્થે '**દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો,...**' ઠીક. કેટલી અર્પણતા માગે છે. પણ સત્સંગથી દૂર થાય એવો કોઈપણ પદાર્થ અથવા પ્રસંગને વિષે સ્નેહ અથવા આકર્ષણ થવા દેવા યોગ્ય નથી. એણે '**પ્રમાદે રસગારવાદિ દોષે...**' સરગારવ એટલે ખાવું, પીવું વગેરે ભોગ-ઉપભોગમાં જરા રસ વિશેષ પડી જાય. '**તે સત્સંગ પ્રાપ્ત થયે પુરુષાર્થ ધર્મ મંદ રહે છે, અને સત્સંગ ફળવાન થતો નથી....**' એટલે પ્રાપ્ત સત્સંગ પણ નિષ્ફળ જાય છે. એથી વિશેષ વાત ૬૦૯ પત્રમાં ૧૧ નંબરના Paragraphમાં છે. આ પત્રમાં એમણે નંબર આપ્યા છે. ૧૩ Paragraph છે એમાંથી આ ૧૧ નંબરના Paragraphની વાત છે. વિચારના પ્રકરણમાંથી એ વાત લીધી કે તત્ત્વ વિચારની સાથે આ બધું આવશ્યક છે.

અહીંયાં તો થોડી વિશેષ વાત એ છે કે એ વિચારથી આગળ વધીને તું તારામાં જો. તારા સ્વરૂપમાં તું જો. તો તું અંદર પૂર્ણ સુખ અને પૂર્ણ જ્ઞાન ને બધું છે. તું તારા સ્વરૂપથી પરિપૂર્ણ સંપન્ન છો એને તું જો. એનો વિચાર કર નહિ પણ એને તું જો. તો જે વિચારની વાત કરી. એટલી આવ્યા પછી આગળ જઈને હવે આ વાત કરવી છે. એ ભૂમિકાથી આગળ જઈને વાત કરવી છે. નહિતર તો જોઈ જ નહિ શકે. અવલોકન કરવું હોય તો કરી નહિ શકે.

'**સુખ ને જ્ઞાન તો શું...**' પૂર્ણ સુખ અને પૂર્ણ જ્ઞાન તો શું '**પણ કોઈ પણ ચીજ બહાર લેવા જવી પડે એમ નથી.**' અથવા કોઈ ચીજની અપેક્ષા થાય એવું

વસ્તુનું સ્વરૂપ નથી. **'એકવાર તું અંદરમાં પ્રવેશ કર,...'** પ્રવેશ કર એટલે વ્યાપ્યવ્યાપકભાવે અનુભવ કર. એને પ્રવેશ કર્યો એમ કહેવામાં આવે છે. જેમ પરપદાર્થમાં પ્રવેશ કરી જાય છે. કરી શકતો નહિ હોવા છતાં પણ ભાવે પ્રવેશ કરે છે. દ્રવ્યે પ્રવેશ કરી શકતો નહિ હોવા છતાં ભાવે પ્રવેશ કરે છે. પણ અહીંયાં તો પોતાનું જ સ્વરૂપ છે એટલે એમાં વ્યાપ્યવ્યાપક ભાવે અનુભવ કર. **'બધું અંદર છે.'** તને જોઈએ તે બધું જ અંદર છે. એકવાર તું વ્યાપ્યવ્યાપક ભાવે સ્વાનુભવ કર.

મુમુક્ષુ :- બધુમાં શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- બધું એટલે વિસ્તાર કરવા જાય તો અનંત કાળે જેનું વર્ણન પૂરું ન થાય એટલા અનંત ગુણ છે. કેટલા? ત્રણ કાળના સમયો કરતા એક આત્મામાં અનંત ગુણ છે. તો ભૂતકાળના અનંત સમયો ચાલ્યા ગયા. ભવિષ્યના અનંત રહ્યા. ભૂતકાળમાં અનંત ચાલ્યા ગયા, ભવિષ્યના જ અનંત રહ્યા છે. આવા બે ભાગ તો અનંતમાં પડી ગયા છે. પણ ત્રણે કાળના અનંત સમયોથી પણ ગુણો વધારે છે. એક ગુણનું વર્ણન કરવું હોય તો છદ્મસ્થને અસંખ્ય સમયનો ઉપયોગ જોઈએ. અસંખ્ય સમયનો ઉપયોગ જોઈએ. પણ એના બદલે તર્ક કરવામાં આવે કે એક ગુણનું વર્ણન કરવા માટે એક સમયમાં વર્ણન કરી શકાતું હોય તોપણ સમય ઓછા પડે એટલા ગુણ છે. તો એક ગુણનું વર્ણન કરતા અસંખ્ય સમય એનું શું હવે કહેવું? એટલે .. એમ કહી દે છે કે તારામાં બધું છે. જા. તારામાં બધું છે. કાંઈ ખામી નથી તારામાં. અને પ્રયોજન એ જ છે.

કાલે ન કીધું કે ચોર તો ચોર છે. કેવો છે? એની શું જરૂર છે તારે? ઊંચો છે, નીચો છે, કઈ નાતનો છે, કઈ જાતનો છે એ પ્રશ્ન જ ક્યાં છે? ચોર તો ચોર છે એનું પ્રયોજન એટલું જ છે. જેવો હોય તેવો. સોંપી દ્યો પોલીસને. વગર રજાએ ઘરનું તાળુ તોડ્યું છે. જે હોય તે. એની સાથે કાંઈ મતલબ છે નહિ. મતલબ જ નથી. એના ભંગ ભેદ સાથે શું મતલબ છે? પણ આત્મા જે છે એ આત્મા જ છે. એના અભેદ સ્વરૂપ સાથે પ્રયોજન છે. એના ભેદાત્મક સ્વરૂપ સાથે કોઈ પ્રયોજન નથી. એમ લેવું છે.

**'બધું અંદર છે. અંદર ઊંડે પ્રવેશ કરતાં, સમ્યગ્દર્શન થતાં, તારા નિધાન તને દેખાશે...'** અંદર ઊંડે પ્રવેશ કરતાં અંતર્મુખ થઈને જ્યાં વ્યાપ્યવ્યાપક ભાવે સ્વાનુભવ કર્યો, સમ્યગ્દર્શન થયું, સ્વસંવેદન થયું ત્યાં પોતાના અનંતગુણ નિધાન છે એ દેખાય છે એટલે અનુભવગોચર થાય છે. દેખાય છે એટલે એવું નથી કે એના અનંતના ભેદનું જ્ઞાન થઈ જાય છે. એવું નથી. અભેદપણે અનંતનું જ્ઞાન થાય છે. અનંત

ભેદો છે એવું અભેદ જ્ઞાન થાય છે. સર્વ ભેદોનું જ્ઞાન છદ્મસ્થ દશામાં થતું નથી.

મુમુક્ષુ :- અહીંયાં સ્વસંવેદનનો અર્થ શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું પોતાને વેદન. સ્વ એટલે પોતે. સં એટલે સારી રીતે, સમ્યક્ પ્રકારે, વેદન એટલે અનુભવ. પોતાને પોતાનો સારી રીતે, સમ્યક્ પ્રકારે અનુભવ થવો એને સ્વસંવેદન કહેવામાં આવે છે. એ સ્વસંવેદન છે. એ દેખાશેનો અર્થ અહીંયાં અનુભવાશે. દેખાશે એટલે જેમ કોઈ ચક્ષુ ઇન્દ્રિયથી નજરે જોવે છે એવી કલ્પના કરવા જેવી નથી.

મુમુક્ષુ :- અનુભવાશે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવાશે. તારા નિધાનનો, તારા અનંતગુણ નિધાનનો તને અનુભવ થશે. અથવા એ અનુભવમાં વેદનનો કોઈ એવો અવર્ણનીય અનુભવ થશે કે જે આજ સુધી કોઈ કહી શક્યા નથી. અથવા વાણીને કહેવાનું જેમાં સામર્થ્ય નથી.

'**તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી...**' પ્રગટ અંશ એટલે પ્રગટ પર્યાય. અનુભવ છે એ અહીંયાં કેવળજ્ઞાનમાં જેટલો અનુભવ છે એવો નથી પણ આંશિક અનુભવ છે. આંશિક શુદ્ધિ છે. જેટલી શુદ્ધિ છે એટલો અનુભવ છે. ચોથા ગુણસ્થાન જેટલો. એટલે '**તે સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ.**' મોટી વાત એ છે કે તું તૃપ્ત થઈ જઈશ. તને પછી આ જોઈએ ને તે જોઈએ એ વાત રહેશે નહિ. તું તૃપ્ત થઈ જઈશ કે મારા અંદરના સુખના અનુભવથી મને તૃપ્તિ છે. અને એ તૃપ્તિને વશ મને કોઈ ચીજ પ્રત્યેની આકાંક્ષા નથી, આતુરતા નથી, કુતૂહલ નથી, કોઈનું આકર્ષણ મને નથી. એવી તૃપ્તિ એક ઊભી થશે. અલૌકિક તૃપ્તિ ઊભી થશે કે જે તૃપ્તિને વશ અનાદિની અતૃપ્ત દશા શાંત થશે અને કોઈપણ પ્રકારની બાહ્ય પદાર્થને વિષે આકાંક્ષા છૂટી જશે.

પહેલે પગથિયે આ પરિસ્થિતિ છે. અનુભવ ભલે આંશિક છે. તોપણ અનુભવમાં આવતો એવો જે પરમાત્મા તે પૂર્ણ છે, તે આંશિક નથી. એક ન્યાયે એને પૂર્ણ નિધાન મળ્યું છે. ભોગવટો અલ્પ છે. નિધાન પૂરેપૂરું કબજામાં આવી ગયું છે. એનો પણ સંતોષ છે અને એની પણ તૃપ્તિ છે. અને જેટલું વેદન છે એટલી તૃપ્તિ છે. તોપણ અપૂર્ણ વેદન હોવાથી પૂર્ણ વેદન સિવાય એને થંભી જવું, અટકી જવું, રોકાઈ જવું એ પ્રશ્ન નથી. અને જે અજ્ઞાનભાવે અજ્ઞાન દશામાં જે અતૃપ્તિ હતી એ અતૃપ્તિનો પ્રકાર બંધ થઈ જાય છે. એ વાત પૂરી થઈ જાય છે.

'**સર્વ નિધાનના પ્રગટ અંશને વેદી તું તૃપ્ત થઈશ.**' વેદનથી તું તૃપ્ત થઈશ. અહીંયાં

વિચાર નથી પણ હવે તું અનુભવથી તૃપ્ત થઈશ. '**પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે...**' આ તો ઉપદેશાત્મક વચનો છે એટલે એમ કહેવાય છે કે '**પછી પુરુષાર્થ ચાલુ જ રાખજે...**' અથવા સાધક પોતાના આત્માને પણ એમ કહે છે કે... હવે કોઈને ન કહેવું હોય તો. તને સ્વાનુભવ થયો, તૃપ્તિ થઈ પણ હવે પુરુષાર્થ ચાલુ રાખજે. તૃપ્તિ થઈ એટલે પુરુષાર્થ છોડી દેવાનો અને પ્રમાદ કરવાનો ક્યાંય પ્રકાર આવવો એ પરિસ્થિતિ હોઈ શકે નહિ.

જોકે જેણે પૂર્ણ નિધાન જોયું એને પછી એમાંથી આંશિક ઓછું આવે એ એને પોસાતુ નથી. એ પૂર્ણ છે, મારામાં જ છે. તો એનો ભોગવટો પણ મને પૂરેપૂરો હોય. એવો મને અધિકાર છે અને એ અધિકારમાં ઓછું પાલવતું નથી. એ તો પોતે પોતાને કહે છે એમ લઈ લેવું. કે હે જીવ! તું પુરુષાર્થ ચાલુ જ રાખજે. હવે તને પુરુષાર્થ કરવાની ગતિ વિધિ સમજાય ગઈ અથવા અનુભવથી હાથમાં આવી ગઈ. તે અજાણી રીત અનંત કાળ અજાણ રહી કે જેને લઈને પરિભ્રમણ ઊભું રહ્યું. હવે એ ગુપ્ત રહસ્ય જો હાથમાં આવ્યું છે તો હવે પૂર્ણતા લીધે છૂટકો છે. ત્યાં સુધી પુરુષાર્થની દૃષ્ટિએ વિરામ પામવાનો પ્રશ્ન રહેતો નથી. એમ સાધક પોતે પણ પોતાને માટે એમ જ નિશ્ચય કરે છે. એમ જ વિચારે છે અને એમ જ નિશ્ચય કરે છે.

'**જેથી પૂર્ણ નિધાનનો ભોક્તા થઈ તું સદાકાળ પરમ તૃપ્ત-તૃપ્ત રહીશ.**' જે તૃપ્તિ થઈ છે એ પણ આંશિક તૃપ્તિ છે. અહીંયાં પરમ તૃપ્તિ છે એ પૂર્ણ તૃપ્તિ છે. કે એ પુરુષાર્થ ચાલુ રહેવાથી તારી વધતી દશા થઈને અસંખ્ય સમયમાં પૂર્ણ થઈ જશે. એને માટે કોઈ અનંત કાળ લાગતો નથી. સાધકદશા બે-ચાર-પાંચ ભવ હોય તો પણ તે અસંખ્ય સમયથી વધારે સમય નથી અને એમાં તું પૂર્ણ થઈ જઈશ. અનંત અનંત કાળના મહાસાગર પાસે અસંખ્ય સમય તો કાંઈ જ નથી. એટલે એની કોઈ વિશેષ ગણના નથી કે આને કેમ વાર લાગી. એના ન્યાયો સમજવા, પરિસ્થિતિ સમજવા ગમે તેટલી ચર્ચા થાય પણ એ અસમાધાનનો વિષય ન થવો જોઈએ. કે કોઈ સાધકને જલ્દી થોડો કાળ લાગે છે, એકભવતારી હોય છે તો કોઈ ચાર-પાંચ-છ ભવતારી જ હોય છે. એમ કેમ એને વધારે વાર લાગી? કેમ ૩૩ સાગરે ગયા? કેમ ૩૧ સાગરે ગયા? ઉપર જાય છે ને? એ પ્રશ્ન એના માટે નથી. એ બધાનો સંગ કોઈ અંતર્મુહૂર્ત હો તોપણ અસંખ્ય સમય છે અને કોઈ થોડા ભવ હોય તોપણ તે અસંખ્ય સમયમાં જ સમાવેશ પામે છે.

મુમુક્ષુ :- અનંત નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- અનંતમાં નહિ. અનંત તો પૂરું જ ન થાય એને અનંત કહેવામાં આવે છે. અનંત તો અર્ધપુદ્‌ગલ પરાવર્તન એ અનંત સમય નથી. એ અનંત સમય નથી. એનો અંત આવી જાય છે. અનંત તો તેને કહીએ કે જેનો અંત ન આવે તેને અનંત કહીએ. એમ.

મુમુક્ષુ :- આ તો અંત આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- આનો અંત આવી ગયો.

આ કાળમાં પૂર્ણ થવાતું નથી ને? એ થવાતું નથી, નથી થવાતું એ જાણવાનો વિષય છે. અહીંયાં ક્યાં સદાય આ કાળમાં સાધકને આ ક્ષેત્રમાં રહેવું છે? આ કાળમાં તો આ ક્ષેત્રવાળા માટે મર્યાદા છે. સાધકને કાંઈ આ ક્ષેત્રમાં રહેવાનું કોઈ આકર્ષણ કે મમત્વ છે નહિ. જે થોડો કાળ છે એ કાળનો પ્રવાહ અખંડ લઈને એમ ગણવામાં આવે છે કે પૂર્ણ થઈ જઈશ. અલ્પ કાળમાં તું પૂર્ણ થઈ જઈશ. ભવાંતર થશે અને અહીંયાં આ ક્ષેત્રમાં, આ કાળમાં તું નહિ રહે એ વિચાર ગૌણ છે. કેમકે એની સાથે એને જરાય પણ મમત્વ નથી કે અહીંયાં દેહ છૂટશે, મૃત્યુ થશે તો? એના કરતા અહીંયાં ને અહીંયાં રહુ તો સારું. એવું જે અજ્ઞાનદશામાં હોય છે તેવું જ્ઞાનદશામાં હોતું નથી. અજ્ઞાનદશામાં તો શું હોય? કે હું મરુ નહિ તો સારું. આમને આમ જીવતો રહું તો (સારું). પણ હવે અહીંયાં લાડવો છે શું તારે? આ કાળે, આ ક્ષેત્રે વિષમતા વધી છે. શું વધ્યું છે? વિષમતા વધી ગઈ છે.

મુમુક્ષુ :- દુઃખમ કાળ

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખમ કાળ છે ઘણો. પાંચમો આરો છે. ઘણો દુઃખનો કાળ છે. પ્રાયઃ સર્વ પ્રાણીઓ દુઃખી જ જોવામાં આવે છે. જ્ઞાનીને છોડીને બધા દુઃખી જ જોવામાં આવે છે. તોપણ જીવને મમત્વ હોય છે એટલે છૂટવું ગમતું નથી. આવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' એવા સંસ્કાર આપ્યા...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો એની કોઈ કિંમત ન થઈ શકે એવી બધી વાતો છે. એનું કોઈ બહારમાં કોઈ મૂલ્ય થાય એવો પદાર્થ નથી કે જેથી એની કિંમત આંકી શકાય. પરમ તૃપ્તિનો વિષય લઈ લે છે સાથે-સાથે. એ અનેક જગ્યાએ એ વાત આવે છે. કોઈપણ જ્ઞાની જ્યારે સાધનની અને સાધકપણાની વાત કરે છે ત્યારે સાધ્ય એવી જે પૂર્ણ દશા એ વાતને સીધી જ લઈ લે છે. કેમકે એ ભાવનાથી ઉપડ્યા છે, એ ભાવનામાં હજી વર્તે છે. એટલે સીધી વાત એમને આવી જાય છે. ૩૮૪ થયો.

**જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નહિ. દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી, જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય-આત્માની પ્રાપ્તિ થાય. તે સિવાય બહારથી જેટલાં ફાંફાં મારવામાં આવે તે ફોતરાં ખાંડ્યા બરાબર છે. ૩૮૫.**

૩૮૫. '**જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું...**' બહારનું, હોં ! '**પણ...**' પ્રથમમાં પ્રથમ કરવા યોગ્ય એક '**આત્માને ઓળખ્યો નહિ.**' જે પહેલી જ વાત છે કે તું તારા સ્વરૂપનો નિર્ણય કર, ઓળખાણ કર. એમાં લીધું ને. ૩૮૩માં. '**જ્ઞાયકસ્વભાવ આત્માનો નિર્ણય કર.**' નિર્ણય કહો, ઓળખાણ કહો બેય એક વાત છે. આત્મસ્વરૂપની ઓળખાણ સિવાય અનંત કાળમાં બીજું બધું અનંત વાર કર્યું છે. એક વાર નથી કર્યું. જિનદીક્ષા ધારણ કરીને અગિયાર અંગ અને નવ પૂર્વની લબ્ધિ સુધીનું જ્ઞાન અને પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ સુધીની નગ્ન દિગંબર દીક્ષાનું પ્રતિપાલન કેટલી વાર કર્યું? લાખ, કરોડ, અબજ નહિ. એટલી બધી વાર કર્યું, અનંત વાર. સંખ્યા છોડી દેવી પડે. અસંખ્યાત છોડી દેવી પડે. અસંખ્યાતનો આંકડો છોડી દેવો પડે. અને અનંતમાં જવું પડે એટલી વાર કર્યું છે. કેમકે એનો ભૂતકાળ બહુ લાંબો છે. '**પણ એક આત્માને ઓળખ્યો નહિ.**' તમામ શાસ્ત્રનું તાત્પર્ય આ છે પહેલામાં પહેલું. 'લક્ષ થવાને તેહનો...' એક ઓળખાણ થતાં લક્ષ થાય છે. લક્ષ થઈ જાય છે એ લક્ષ છૂટતું નથી. સંસ્કાર પડી જાય છે એ છૂટતા નથી. એટલે એ ન કર્યું.

'**દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી,...**' હવે એમ કહે છે. અનંત કાળમાં અનંત વાર બધું કર્યું. એક આત્માને ન ઓળખ્યો તો હવે એણે ઓળખવા માટે શું કરવું? એમ કહે છે. ન કર્યું તો ન કર્યું. સમજ્યા ત્યાંથી સવાર. હવે શું કરવું એ વાત છે. કેમકે જે ગયો કાળ છે એ તો કાંઈ પાછો આવતો નથી. ગયો કાળ કદી પાછો આવતો નથી. એ તો એક સમજવાનો વિષય છે કે એણે કેટલો કાળ ગુમાવ્યો. એટલા માટે કે હવે કાળ ગુમાવે નહિ. એટલા માટે. બસ.'**દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી,...**' કલમ મૂકી દે છે. સાંભળવાની એકલી વાત નથી લેતા. અપૂર્વ જિજ્ઞાસામાં આવીને તું સાંભળ. કે જે જિજ્ઞાસાથી તારા બધા રસ ઠંડા પડી જાય. એકવાર તો જિજ્ઞાસામાં એટલો ચડી જા કે જ્યાં સુધી, જિજ્ઞાસા એ પ્રશ્ન ચિહ્ન છે, એ પ્રશ્ન ચિહ્નની પૂર્તિ ન થાય ત્યાં સુધી તને

ખાવું, પીવું, પહેરવું, ઓઢવું એ કાંઈ તને ભાન રહે નહિ. ભાન ન રહે. બહુ ચિંતા થાય ત્યારે માણસને ભાન નથી રહેતી. બહુ ઉપાધિમાં આવી પડે ત્યારે ભાવતી ચીજ બહુ સારામાં સારી બનાવી હોય તોપણ એ શું ખાય છે એને ખબર ન હોય. ઘરવાળાને એમ થાય કે આ બહુ વખાણ કરે છે આ ચીજના, આજે આ ચીજ મૂકી છે પણ આ કાંઈ બોલતા કેમ નથી? પછી વહેમ પડે. તમે બહુ વિચારે ચડી ગયા છો? ઉપાધિ કાંઈ આવી પડી છે? છે શું? કેમ? આ કેવું સરસ બન્યું છે. તમને ભાવે એવું તો છે. પણ એક અક્ષર બોલતા નથી. વખાણની અપેક્ષા રાખે ને.

જો તને દેહની ચિંતામાં એટલું થાય છે. નશ્વર એવા દેહની ચિંતામાં. જે કોઈ તારો સગો નથી. એ દેહમાંથી એક પરમાણુ પણ સગો નથી એની એટલી ચિંતા થાય છે. તો આત્માની ચિંતા પાછળ એકવાર ભૂલી જવાય એ તો બહુ સંભવિત છે. સહેજે સંભવિત છે. અને એવી સ્થિતિમાં એને જિજ્ઞાસા હોવી જોઈએ. ઉપર ઉપરની જિજ્ઞાસા ઘણીવાર કરી, કૂતુહલથી જાણવાની મહેનત કરી, ઘણાં પ્રશ્નો પૂછ્યા, ઘણું વાંચ્યું, ઘણું પૂછ્યું, ઘણું સાંભળ્યું. પણ એથી કાંઈ વળ્યું નહિ. એ બધું અનંત વાર કરી ચૂક્યો છે. એ અનંત વારમાં બધું અનંત વારમાં એ આવી જાય છે પાછું. કેમકે અગિયાર અંગ અને નવ પૂર્વમાં કાંઈ બાકી નથી રહ્યું. ચર્ચા, વાર્તા, શ્રવણ, વાંચન, મનન, ચિંતવન બધું ઉપર ઉપરનું તો આવી જાય છે. પણ ઓળખવા માટેની જે જિજ્ઞાસામાં આવવું જોઈએ એ જિજ્ઞાસામાં એકવાર પણ આવ્યો નથી.

હવે આમ પાછળ લઈ જઈએ કે એકેય વાર સમ્યગ્દર્શન થયું નથી. ત્યાંથી નીચે ચાલો તો એકેય વાર એણે પોતાના સ્વરૂપની ઓળખાણ કરી નથી. ત્યાંથી નીચે ચાલો તો એણે એકેય વાર ઓળખાણ કરવા માટે જે જિજ્ઞાસામાં આવવું જોઈએ એ જિજ્ઞાસામાં આવ્યો નથી. એ જિજ્ઞાસા જે એને આત્મભાવના, સ્વરૂપ પ્રાપ્તિની ભાવનાથી ઉત્પન્ન થવી જોઈએ એ ભાવનામાં પણ એ આવ્યો નથી.

એ બંને પાત્રતાના મુદ્દા છે. સ્વરૂપ પ્રાપ્તિની ભાવના અને જિજ્ઞાસા એ પાત્રતાના મુદ્દા છે. એ પાત્રતામાં આવ્યો નથી. અને પાત્રતા ઉત્પન્ન કરવા માટે કાંઈ પુરુષાર્થની જરૂર નથી. કાંઈ નહિ. એને તો અત્યારે મને મારા આત્માની જ જરૂર છે અને બીજી કોઈ જરૂર નથી. બસ. આ જગ્યાએ આવવું છે. કોઈપણ સેકન્ડે આવી શકે. બધો પૂર્વ પર્યાયનો જેટલો પ્રકાર ભજી ગયો હોય એની સાથે એને કાંઈ લેવા-દેવા નથી. એવો એ પાત્રતામાં આવવાનો જે પ્રકાર છે એ એટલો બધો સગવડતાવાળો, સુવિધાવાળો છે. આવે, તો આગળનો રસ્તો સુગમ છે. ન આવે તો કઠણમાં કઠણ અને દુર્ગમ છે.

## તા. ૧૮-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૫
## પ્રવચન નં. ૩૦૦

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૫, પાનું-૧૪૨. આત્મપ્રાપ્તિની યથાર્થ વિધિ એનું આમાં નિરૂપણ છે. ફરીથી પહેલેથી (લઈએ). **'જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નહિ.'** અથવા બાહ્ય સાધન ... અને શાસ્ત્ર અધ્યયન .. બાહ્ય સાધન કહ્યા. એ બંને પ્રકારના બાહ્ય સાધન આત્માની પ્રાપ્તિ કર્યા વિના અથવા આત્માની પ્રાપ્તિનો હેતુ સિદ્ધ થાય એ પ્રકારે કર્યા નથી અથવા થયા નથી. જેને અંતરંગમાં આત્મ સ્વરૂપની ઉપલબ્ધિ થાય છે તેને બહારમાં તે તે પ્રકારના તેવા સાધન જોવામાં આવે છે. પણ તેથી અંતરંગ સ્વરૂપ જાણ્યા વિના માત્ર બાહ્ય સાધનને અનુસરે તો તેથી આત્માનું કલ્યાણ થાય નહિ અથવા મોક્ષમાર્ગમાં આવવાનું બની શકતું નથી. એ અપેક્ષાથી વાત છે.

**'અનંત કાળમાં અનંત વાર બધું કર્યું...'** એમાં એટલી અપેક્ષા છે. **'પણ આત્માને ઓળખ્યો નહિ.'** ઓળખાણ કરી નહિ, પ્રાપ્તિ કરી નહિ, અનુભવ કર્યો નહિ અથવા મોક્ષમાર્ગમાં પ્રવેશ કર્યો નહિ. એ બધું એકાર્થ છે. **'દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી, જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય.'** ઓળખાય એટલે કે અહીંયાં **'આત્માની પ્રાપ્તિ થાય.'** એમ લેવું છે. અહીંયાં ઓળખાયનો અર્થ એ છે. નિમિત્તથી માંડીને આત્મપ્રાપ્તિ સુધીના બધા Stage આની અંદર બતાવી દીધા છે. ...

પ્રથમ તો **'દેવ-ગુરુ શું કહે છે...'** પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે. પ્રત્યક્ષ યોગનો કાળ ક્વચિત્ જ હોય છે. શાસ્ત્ર છે જેને નિત્યબોધક નિમિત્ત કહેવામાં આવે છે. એ સદાય બોધ આપે છે. એમાં પણ દેવ-ગુરુ શું કહે છે એ વાત પડી છે. અથવા એમાં જ્ઞાનસ્વભાવી એવો આત્મા પોતાનું મૂળ સ્વરૂપ, નિજ સ્વરૂપ એમાં યથાર્થપણે દર્શાવ્યું છે. **'તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી,...'** સાંભળીમાં આ વિશેષણ લીધું છે. ઉપર ઉપરથી સાંભળે છે. સમય વ્યતીત કરવા સાંભળે છે. ... આમેય વખત જતો નથી. લાવો ક્યાંક આવી ધર્મની વાતો હોય ત્યાં સાંભળવા બેસીએ. સામાન્ય રીતે પાછલી ઉંમરમાં શરીર બીજો વ્યવસાય કરી શકે એવી શારીરિક સ્થિતિ હોતી

નથી. વૃદ્ધાવસ્થામાં સમય પસાર કરવાનું સાધન માનીને જાય અથવા કર્ણપ્રિય લાગે કે આ જગ્યાએ આ સાંભળીએ છીએ તો સારી લાગે છે, સાંભળવું ગમે એવી લાગે છે. એણે આ વિષયને કર્ણેન્દ્રિયનો વિષય બનાવ્યો. જેમ કોઈ સંગીત ગાયન-ગીત, સંગીત છે એ કર્ણેન્દ્રિયનો પ્રિય વિષય થાય છે. ત્યાં ચોખ્ખે ચોખ્ખું સીધું અશુભભાવનું પાપ બાંધે છે. અહીંયાં મિથ્યાત્વ સહિતનું અલ્પ પુણ્ય ને મિથ્યાત્વનું મોટું પાપ બાંધે છે.

મિથ્યાત્વ પાપની પ્રકૃતિ છે ને? આમ શુભભાવ હોય કે આત્માની બહુ સારી વાત અહીંયા ચાલે છે. આપણને સાંભળવી ગમે છે. આવી વાત સાંભળવાથી આપણું મન અને ચિત્ત પ્રસન્ન રહે છે. એ પ્રકારે પણ સાંભળવા જેવું નથી. અથવા ઘણું ઘણું અનેક પ્રકારનું નવું નવું જાણવા મળે છે માટે સાંભળવા જઈએ. નવા નવા ઘણા ન્યાયો આ સાહિત્યમાં અથવા આ વ્યક્તિના વિચારની અંદર ઘણી ઘણી વાતો આવે છે માટે તે સાંભળવા જેવી છે, સમજવા જેવી છે. એમ નવીનતાના કૂતુહલથી સાંભળવા જાય તોપણ એ કૂતુહલવૃત્તિ છે. એ પ્રશસ્ત ભાવ નથી, એ પ્રશસ્ત ભાવ નથી. જેમ જગતમાં નવા નવા સ્થળો, નવા નવા પ્રસંગો, નવી નવી વાતો સાંભળવાનું કૂતુહલ થાય છે, જોવાનું કુતૂહલ થાય છે. એમ અહીંયાં પણ કાંઈક નવું મળશે, કાંઈક નવું મળશે, કાંઈક નવું મળશે એવી નવીનતાના લોભથી, એ પ્રકારના આકર્ષણથી સાંભળવામાં ઘણું કરીને એનો પ્રશસ્તભાવ રહેતો નથી.

અહીંયાં તો પોતાનું નિજ સ્વરૂપ શું છે એવી એક સ્વરૂપની જ જિજ્ઞાસા, સ્વરૂપ સંબંધી જ જિજ્ઞાસા અને તે પણ પૂર્વે કદી ઉત્પન્ન ન થઈ હોય એવી અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય એવી સ્થિતિમાં આવવું જોઈએ. એને '**બરાબર જિજ્ઞાસાથી સાંભળી,...**' બરાબર જિજ્ઞાસાથી સાંભળી-ત્રણ શબ્દ છે. એમાં એટલો ભાવ છે. એક જગ્યાએ આગળ આવી ગયું છે વાક્ય કે ઉપર ઉપરની જિજ્ઞાસાથી તો અનેક વાર એણે શાસ્ત્ર અધ્યયન કર્યું છે કે શાસ્ત્ર શ્રવણ કર્યું છે. હવે એવી જિજ્ઞાસાથી આ વિષયમાં ઉપયોગ ઊંડો ઊતરી શકતો નથી. ઉપર ઉપર એ ઉપયોગ રહી જાય છે. એ ઉપયોગ ઊંડો ઊતરી શકતો નથી.

એટલું સાંભળીને એનો '**વિચાર કરી,...**' એનો અંતર વિચાર કરીને. વિચાર કરી શબ્દ લીધો છે. જે કાંઈ અત્યંત જિજ્ઞાસાથી સાંભળ્યું. સાંભળ્યું એ સંબંધીનો અંતર વિચાર કર્યો કે જે-તે ભાવો દેવ-ગુરુ પ્રકાશે છે તે તે ભાવો મારા પરિણામોની અંદર મને અનુભવગોચર થાય છે કે નહિ? અથવા તે પ્રકારે અનુભવાય છે કે નહિ? તેવા જ અનુભવાય છે કે નહિ? અને એ બધા ભાવોમાં પણ સ્વભાવભાવ શું છે? મૂળ

મુદ્દાનો વિષય તો એ છે કે એ બધામાં પણ સ્વભાવભાવ શું છે? '**चितस्वभावाय भावाय**' એમ કહ્યું ને? પહેલા માંગળિકના કળશમાં '**चितस्वभावाय**' તો ચિત્ સ્વભાવમાં '**भावाय**' શબ્દ આવી જાય છે. '**चितस्वभावाय**'. '**स्व**' અને '**भावाय**' એમ બે શબ્દનો એક શબ્દ થયેલો છે. છતાં ફરીને વાત કરે છે કે '**भावाय**'. સ્વભાવભાવ કેવો છે? એમ લીધું છે.

એની અંતર ખોજ કરે, એનો વિચાર કરે. વિચાર કરે એનો અર્થ એ છે કે એની અંતર ખોજ કરે. આ વિચારમાં જિજ્ઞાસાની ભૂમિકામાં વિચારના બે આધાર ઊભા થઈ ગયા. ૭૦૬ 'શ્રીમદ્જી'ના પત્રનો આધાર લીધો એ વિષય આવી ગયો. અહીંયાં જે વિચાર ચાલ્યો એને જિજ્ઞાસાના કાળમાં કષાયરસ મંદ પડી ગયો. અને ઉદયમાન જે ભોગાદિ સામગ્રી છે તે પ્રત્યેની સુખબુદ્ધિમાં પણ ફેર પડી ગયો. જિજ્ઞાસાના વશ થઈ.

સુખ મારા આત્મામાં કેવું છે? ક્યાં છે એ તો ઓઘે પણ નક્કી કર્યું કે સુખ તો આત્મામાં જ છે અને આત્માથી બહાર ક્યાંય સુખ નથી. એ તો ત્યાંથી જ નક્કી કર્યું. પણ કેવું સુખ છે? અને એ સુખનો અનુભવ કેમ થાય? એ વાત માટે હવે એની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. ત્યાં અને બહારમાં જે સુખાભાસના નિમિત્તો છે એ પ્રત્યેની વૃત્તિમાં ફેર પડી જાય છે. મૂળમાંથી ફેર પડી જાય છે. એટલે વિચારના બે મુખ્ય મુદ્દા છે એ મળી ગયા.

એ પ્રકારે '**વિચાર કરી,...**' અથવા અસ્તિથી જે એમ કહ્યું દેવ-ગુરુએ કે જ્ઞાનલક્ષણથી જ્ઞાનસ્વભાવી આત્માની ઓળખાણ થાય છે અથવા સ્વસંવેદનથી આત્મા પ્રસિદ્ધ છે, સિદ્ધ છે. આત્મા સ્વસંવેદનથી સિદ્ધ છે, પ્રસિદ્ધ છે. ત્યારે જ્ઞાનની મુખ્યતામાં... જ્ઞાનલક્ષણ એ તો ચાલુ જ છે. કોઈ કાળે એની અનુપસ્થિતિ નથી. સદાય જે હાજર છે, ઉપસ્થિત છે એની મુખ્યતામાં એનો વિચાર કરી એટલે ચાલતા જ્ઞાનના પરિણમનમાંથી જ્ઞાનસ્વભાવનો જે વિચાર કરે છે, શોધ કરે છે. એવો વિચાર કરીને '**જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ...**' આત્માનું જે અસ્તિત્વ છે, હયાતી છે, જે ક્ષેત્રમાં આત્મ સ્વરૂપ છે દેહાકાર અસંખ્યાત પ્રદેશમાં જે ક્ષેત્રમાં આત્મા છે એમાં સ્વભાવથી ઘન છે આત્મા. નક્કર અસ્તિત્વ લીધું છે. સ્વભાવથી એ ઘન છે. એટલે આત્માને જ્ઞાનઘન, ચિદ્ઘન, આનંદઘન એમ કહેવામાં આવે છે. એવું સ્વભાવનું ઘનિષ્ટપણું જેમાં છે.

આમ તો એક એક સ્વભાવભાવ સ્વભાવે કરીને એના અનંત સામર્થ્યથી ત્યાં અસ્તિત્વ ધરાવે છે. એવા નક્કર અસ્તિત્વને. નક્કર અસ્તિત્વ એટલા માટે લે છે

કે એમાં વિભાવ કે કોઈ રજકણ એના પ્રવેશનો અવકાશ નથી. એવું નક્કર અસ્તિત્વ છે. અને નક્કર છે એટલે મજબૂત છે કે જેને ત્રણે કાળને વિષે કોઈ બાધા પહોંચતી નથી. એવું અવ્યાબાધ અસ્તિત્વ છે. અને બધા પ્રકારના જ્ઞેયાકારો પણ વ્યતીત થઈ જાય છે તોપણ જે અબાધ્ય અનુભવરૂપે એમ ને એમ રહી જાય છે. એ એની નક્કરતાને લીધે છે.

'શ્રીમદ્જી'એ આ જગ્યાએ થોડી ભાર દઈને વાત કરી છે કે 'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ.' જીવના સ્વરૂપને કહેવા માટે એમણે આ વાત કરી છે. સંયોગો બધા આવે છે ને જાય છે. ક્યાં સુધીના? કે આ દેહ પર્યંતનું સંયોગપણું આવાગમન કરે છે. એટલે એ સંયોગ બાધાથી ગ્રસિત છે. શરીરનો સંયોગ પણ-જન્મ પણ મૃત્યુથી ગ્રહાયેલું જ છે. જન્મ્યા પહેલા. લોકો જેને જન્મ તરીકે કહે છે અથવા એક ગતિમાંથી બીજી ગતિમાં આવે અને એને જન્મ કહે છે. એ પહેલા એનું મૃત્યુ નક્કી થઈ જાય છે. આયુષ્યનું જે પરિમાણ છે એ તો પહેલા બાંધે છે.

'ગુરુદેવશ્રી' એક બીજી ભાષામાં કહેતા કે બાળક જન્મે છે. માતા એને પોતાની ગોદમાં લે એ પહેલા તો અનિત્યતાએ એને પોતાની ગોદમાં લઈ લીધેલું છે. એટલું જે બાધકપણું છે, એ વિષયનું જે બાધકપણું છે, ભલે એ વખતે હર્ષ અને ખુશીનો પ્રસંગ ગણવામાં આવે છે અને એ પ્રસંગ પોતે જ પહેલેથી એની બાધકતામાં સપડાયેલો પ્રસંગ છે. ત્યાંથી માંડીને જેટલા કોઈ વિભાવ ભાવો છે એ વિભાવ ભાવો પણ આવાગમન કરનારા ભાવો છે. કોઈપણ વિભાવ ભાવ એને મીઠો લાગતો હોય, સારો લાગતો હોય, સુહાતો હોય એ કોઈ ભાવ ટકાવ્યો ટકી શકતો નથી. આપોઆપ જ વ્યતીત થઈ જાય છે. અને જ્ઞાનની અંદર આવેલા જ્ઞેયાકારો પણ ભૂંસાય છે, નવા ઉત્પન્ન થાય છે, ભૂંસાય છે, નવા ઉત્પન્ન થાય છે ને પાછા ભૂંસાય છે. એક પોતાનો જ્ઞાનનો જ્ઞાનપણે થતો અનુભવ એ અબાધ્ય રહે છે. એ થયા જ કરે છે.

ચૈતન્યસ્વભાવ-ચૈતન્યગુણ, જે નિરંતર અનુભવમાં આવી રહ્યો છે અને તેનાથી જેની હયાતીની પ્રતીતિ થાય છે. પ્રતીતિ કોઈ કલ્પના કરીને, અજ્ઞાન કરીને કરવાની નથી. પણ જે પ્રગટ અનુભવગોચર છે ત્યાંથી એને ગ્રહણ કરીને, એના અસ્તિત્વને, એના નક્કર અસ્તિત્વને ગ્રહણ કરીને એને પ્રતીત કરવામાં આવે છે, એનો વિશ્વાસ કરવામાં આવે છે. એણે ખ્યાલમાં લીધો એમ કહે છે. ખ્યાલમાં લીધો ક્યારે? કે આ જ મારું સર્વસ્વ છે અને મારા અનંત જ્ઞાન, અનંત સુખ આદિનો ભંડાર આ જ મારા સ્વરૂપમાં અહીંયાં જ ભરેલો છે. એવું મારું ત્રિકાળ ધ્રુવ અવ્યાબાધ સ્વરૂપ છે જેને કોઈ બાધા પહોંચાડી શકતું નથી.

એવી નક્કર ભૂમિ. ભૂમિ લીધી છે. લીનતાનો વિષય લેવો છે ને, એટલે ત્યાં અસ્તિત્વગુણની ક્ષેત્રરૂપ જે અવસ્થા ત્યાંથી આખા અસ્તિત્વને ગ્રહણ કરવામાં આવે છે. બીજું કે ઉપયોગને રમવાનું-લીન થવાનું-જે ક્ષેત્ર છે એની પણ મર્યાદા ત્યાં સૂચિત કરવી છે. શરીર સુદ્ધામાં ધ્યાનનો ઉપયોગ નથી જતો ત્યારે ઉપયોગ આત્મામાં જાય છે. જગતમાં તો લોકો કોઈ અન્ય ઈશ્વરનું ધ્યાન કરાવે છે. ઈશ્વરની એક પ્રતિમા સ્થાપે છે અથવા એક ચિત્ર દોરવામાં આવે છે અને પછી એની કલ્પના કરીને, એ ચિત્રની ધારણા કરીને જાણે કોઈ એવા ઈશ્વરને વિષે પોતે લીન થવાનો પ્રયત્ન કરે છે એવી રીતે ધ્યાનની સાધનાને શીખવવામાં આવે છે. અન્યમતિના ધ્યાન કેન્દ્રોમાં આ વિષય ચાલે છે. ક્યાંક ક્યાંક ત્યાં પણ વિચારભેદો ઘણાં છે. ક્યાંક ક્યાંક પણ આત્માના ધ્યાનની વાતો ચાલે છે. પણ જ્યાં આત્માનું સ્વરૂપ નિરૂપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી નથી, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી ત્યાં એને સમજ્યા વિના કયા ક્ષેત્રમાં એકાગ્ર થશે? ક્યાં તો એમ કહેશે કે હું સર્વવ્યાપક છું. એટલે પોતાના ક્ષેત્રથી બહાર પણ ઉપયોગ પ્રસરે છે એવો એને જે પરપ્રવેશભાવનો આભાસ થાય છે એને ધ્યાનનો વિષય બનાવશે. પણ એ કોઈમાં સર્વવ્યાપક નથી. પણ ભિન્ન ભિન્ન આત્માઓ છે. તોપણ એના ક્ષેત્ર સંબંધીનો યથાસ્થિત નિર્ધાર જોવામાં આવતો નથી. આત્માનું ક્ષેત્ર, કોઈપણ જીવનું ક્ષેત્ર એક પરમાણુના Unitથી માપવામાં આવે તો અસંખ્ય પરમાણુ જેટલું અને લોકાકાશ પ્રમાણ તેની સંખ્યા અસંખ્યની, છતાં વર્તમાનમાં દેહાકાર પ્રમાણ એવી પરિભાષા જૈનદર્શન સિવાય ક્યાંય નથી. એવી પરિભાષા નથી.

મુમક્ષુ :- ઓલામાં છે એમાં વલણની કોઈ મહત્તા નથી. પણ આપણામાં વલણ ફેરવીને આત્માને...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જે ધ્યાન કરવું છે તો પોતાનું આત્મ સ્વરૂપ કેટલા ક્ષેત્રમાં વસેલું છે એની મર્યાદા પણ એણે નક્કી કરવી જ પડશે. નહિતર કયા ક્ષેત્રમાં ઉપયોગને એકાગ્ર કરવો છે એ વાત કેવી રીતે નિશ્ચિત થઈ શકે એમ છે? કે એ વાત કોઈ રીતે નિશ્ચિત થઈ શકે એવું નથી. કયા ક્ષેત્રમાં? એમ કહ્યું કે દેહાકાર પોતાનો આત્મા છે. તો એટલા જ ક્ષેત્રની અંદર એણે ઉપયોગને રમાડવો, રમાવવો, લીન કરવો એમ એમાંથી સ્પષ્ટ થાય છે. એટલા જ ક્ષેત્રની અંદર. નહિતર ક્યાં ઉપયોગને લઈ જવો ઈ કેવી રીતે નક્કી થશે?

એટલે ભૂમિ શબ્દ લીધો છે. ભૂમિ છે એ ક્ષેત્રવાચક છે. જે ક્ષેત્ર સ્વભાવની અંદર અનંત જ્ઞાન અને અનંત સુખ જેવા બીજા અનંત સ્વભાવો ભરેલા છે. અને જેનાથી એ આખું ચૈતન્યદળ એક ચિદ્‌ઘન રૂપે છે. તેની હયાતીને, અસ્તિત્વને એટલે

તેની હયાતીને ખ્યાલમાં લઈને એટલે પકડીને, ગ્રહણ કરીને. આ જ હું છું એવી સ્વરૂપ જાગૃતિમાં હયાતીને જે ગ્રહણ છે એ ગ્રહણ થતા એમાં લીનતા થઈ શકે છે. લીનતા એ ત્યાર પછીનું Stage છે. એક જ કાળે દેખાય તોપણ.

જે પર્યાયમાં આસ્રવ છે એ જ પર્યાયમાં બંધતત્ત્વ છે. જૈન દર્શનની સૂક્ષ્મતા પણ કોઈ અલૌકિક છે! આસ્રવને કારણ અને બંધને કાર્ય કહેવામાં આવે છે. 'મિથ્યાત્વ, અવિરતી, પ્રમાદ, કષાય, યોગ બંધ હેતવઃ' 'તત્ત્વાર્થસૂત્ર'માં 'ઊમાસ્વામી'એ આ સૂત્ર મૂક્યું. બંધનું કારણ બતાવ્યું. તો એ પાછું મિથ્યાત્વભાવ પોતે બંધસ્વરૂપ છે, કષાયભાવ પોતે બંધસ્વરૂપ છે, પ્રમાદભાવ પોતે બંધસ્વરૂપ છે. એ બધા જે કારણ છે એમાં પણ બંધતત્ત્વ છે. પણ બે તત્ત્વ જુદા લે છે. તત્ત્વ દૃષ્ટિએ એને એક પર્યાયમાં બે તત્ત્વ દર્શાવે છે : આસ્રવ અને બંધ. આવિર્ભાવ થવો અને રોકાય જવું એમ તત્ત્વદૃષ્ટિએ એના બે તત્ત્વ કરવામાં આવે છે. આ એક તાત્ત્વિક દૃષ્ટિકોણનો વિષય છે.

એમ જ્યારે અનુભવમાં સ્વરૂપ અસ્તિત્વ ગ્રહણ થાય છે શ્રદ્ધાનમાં, એ જ કાળે લીનતા થાય છે. તોપણ એવા શ્રદ્ધાનપૂર્વક લીનતા કહેવામાં આવે છે. અને શ્રદ્ધાને લીનતાનું કારણ કહેવામાં આવે છે. જો એવી શ્રદ્ધા થાય તો સ્થિર થવાનું સામર્થ્ય પરિણામમાં થઈ શકે છે, હોય શકે છે. જો શ્રદ્ધા ન હોય તો સ્થિરતાની શક્તિ એ પરિણામની અંદર હોતી નથી. એક કાળે હોવા છતાં ભિન્ન ભિન્ન ગુણનું કાર્ય છે. અને એકને કારણ અને એકને કાર્ય ગણવામાં આવે છે. એટલે એને ક્રમથી કહે છે. કાર્ય-કારણને હિસાબે એને ક્રમથી કહે છે. સમય બંનેનો એક હોવા છતાં.

'**તેને ખ્યાલમાં લઈ...**' તેને ગ્રહણ કરી '**નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય.**' હવે એમાં શ્રદ્ધા અંગેનો પુરુષાર્થ, સ્વસંવેદનનો પુરુષાર્થ, સ્વરૂપ સ્થિરતાનો પુરુષાર્થ એ બધાનો સમાવેશ એમાં અનર્પિતપણે, કહ્યા વગર સમજી લેવો જોઈએ. અને તે પુરુષાર્થ પણ સહજ પુરુષાર્થ છે. કોઈ પર્યાયને કરું એવા કર્તૃત્વ ભાવનો કે કૃત્રિમપણારૂપ પુરુષાર્થનું કોઈ સ્વરૂપ નથી. એમ સમજવા યોગ્ય છે.

ક્રમબદ્ધનો વિષય વિપરીત વિચારથી પુરુષાર્થને ઉડાડવાનો લાગે છે. પણ એ તો કોઈપણ સિદ્ધાંતમાંથી વિપરીતતા આવી શકે છે. જેમ કે એક બહુ પ્રસિદ્ધ સિદ્ધાંત છે કે જ્યારે પ્રત્યેક દ્રવ્યનું સ્વરૂપઅસ્તિત્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સ્વતંત્ર છે, ભિન્ન છે તેથી એકબીજા એકબીજાનું કાર્ય કરતા નથી. તો કોઈ સીધા એમ કહેશે કે દ્રવ્યાનુયોગનો આ સિદ્ધાંત સ્થાપતા વ્યવહાર સંયમનું આખું પ્રકરણ ઊડી જશે. કેમકે આત્મા શરીરનું કાંઈ કરી શકતો નથી. તો આખો જે મન-વચન-કાયાના યોગ સહિતનો જે વ્યવહાર છે એ વ્યવહારના પ્રકરણનો નાશ થઈ જશે. એમ કહી શકે. જેમ ક્રમબદ્ધથી

કોઈ એમ કહી શકે કે આમાં પુરુષાર્થ ઊડી જાય છે. એમ એમાંથી આમ કહી શકે. એ તો કોઈપણ સિદ્ધાંતમાંથી એવી ઊંધી વાત ઉપજાવવી હોય તો ઉપજાવી શકાય છે. અને મતિ વિપર્યાસવાળાનું આ સ્થાન છે કે એને સવળું સૂઝવાને બદલે અવળું સૂઝે છે.

જે સર્વજ્ઞતાના આધારે ત્રણે કાળની પર્યાયનું વ્યવસ્થિત જ્ઞાન થયું એવો સર્વજ્ઞપણાનો જે સિદ્ધાંતમાં સ્વીકાર આવ્યો. ઉપરાંત આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે અને એનો કર્તા-હર્તા એનો સ્વભાવ નથી એવું જેમાં સૈદ્ધાંતિક સ્થાપન થયું. મુખ્યપણે તો એ વાત છે. બે મુખ્ય મુદ્દા છે. એક સર્વજ્ઞ સ્વરૂપની સ્થાપના છે અને બીજું એક પોતાના આત્માના અકર્તા સ્વભાવની, જ્ઞાતા-દૃષ્ટાપણાની એમાં સ્થાપના છે.

.. તો પછી આમાં પુરુષાર્થ કેવી રીતે હોય કે થાય? કે આમાં પુરુષાર્થનો અવકાશ કેવી રીતે છે? એમ પૂછી શકાય કે સર્વજ્ઞ સ્વભાવનો સ્વીકાર કરવો, તે સ્વીકારવાના કાળમાં સ્વીકારવાને યોગ્ય પુરુષાર્થ થયો કે નહિ? એ કોઈ નાની-સુની વાત છે? કે નહિ. કેમકે એ સર્વજ્ઞને સ્વીકારતા પોતાનો સ્વભાવ સ્વીકારવાનો પ્રસંગ આવે છે. બીજું પોતે કર્તા-હર્તા નથી અને માત્ર જ્ઞાતા છે એવું જે જ્ઞાતાપણું રહેવું એ વગર પુરુષાર્થે થાય છે? પણ જેણે કરવા-કારવવાના ..ને પુરુષાર્થ માન્યો છે એને પોતાનો કલ્પિત પુરુષાર્થ હણાતો જોઈને આ વાત ખટકે છે કે ખૂંચે છે.

મુમુક્ષુ :- એ તો અપુરુષાર્થ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ઊંધો પુરુષાર્થ છે.

જેણે પોતાના સ્વરૂપને અનંત ગુણ સંપત્તિથી ભરપૂર જોયું અને એને અવલંબતા કે આ હું છું, આવો હું છું એમ અવલંબતા, એમ આરાધતા, એમ ઉપાસતા અને એવી તદ્રૂપ દશા પ્રગટ કરતા. એ સંબંધીનું એનું કેટલું પરિણમન જોર ખાઈને ઉછળ્યું એનો અંદાજ એણે કોઈ દિવસ બાંધ્યો નથી. એની કલ્પના પણ એને નથી, એનું અનુમાન પણ એને નથી કે એ સંબંધીના જોરને સત્ પુરુષાર્થ કહેવામાં આવે છે.

જ્યારે એણે પોતાના ગુણ નિધાનને જોયું અને ઉછાળો આવ્યો કે, અહો! હું આવો છું. એમાં કેટલું જોર આવ્યું? કે જે જોરથી સ્વરૂપ રચનારૂપ કાર્ય વીર્ય ગુણનું થયું-પુરુષાર્થનું થયું. એવી સહજતા અને જ્ઞાતા-દૃષ્ટાપણે સહજ રહી જવું એની જે સહજતા એને આપસમાં તો ક્યાંય વિરોધ જ નથી. જરાય વિરોધ નથી. એકદમ બંને સુસંગત છે. એટલે એ દૃષ્ટિએ એનો કાંઈ વિરોધ આવે છે એવું તો લાગતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. થઈ શકે છે. એ તો છે ને. જગ્યા છે, જગ્યા છે. ચરણાનુયોગમાં સંયમને નિરૂપણ કરવા જાય તો દ્રવ્યાનુયોગનો વાંધો કાઢે કે એક દ્રવ્ય ક્યાં બીજા દ્રવ્યનું કરી શકે છે? ઈર્યા સમિતિથી જોઈને પગ મૂકવો એ તો દ્રવ્યાનુયોગથી વાત જ રહેતી નથી. અને દ્રવ્યાનુયોગ સ્થાપો તો વ્યવહાર સંયમ પાળવાની વાત રહેતી નથી. ચાલો બે અનુયોગને લડાવો. એમ અધ્યાત્મના કોઈપણ સ્તરના સિદ્ધાંતમાં કુતર્કથી વિરુદ્ધ જવું હોય તો જવાની જગ્યા જરૂર છે. એવું જોઈને આચાર્યોએ એક સૂચના આપી કે હું જે કહું છું, હું જે કહેવા ધારું છું. એકત્વ-વિભક્ત આત્માને દર્શાવવા ધારું છું. પરમાગમની અંદર એકત્વ-વિભક્ત આત્માને બતાવવાનો, દર્શાવવાનો જે દૃષ્ટિકોણ છે એને જ તું મુખ્ય કરજે.

મુમુક્ષુ :- છળ પકડીશ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- છળ પકડીશ નહિ. છલના યદિ. તું એને ગ્રહણ કરીશ નહિ, છળનું ગ્રહણ કરીશ નહિ. જગ્યા છે એ અમને ખબર છે. ક્યાંથી કેવી રીતે છળ પકડાય એ અમને ખબર છે. પણ એ રસ્તે તું જઈશ નહિ. એ તારા હિતનો રસ્તો નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્વાસ હોય એને વિશ્વાસને અનુસરીને વિચાર ચાલે. એટલે આ કહે છે એથી સીધું વિરુદ્ધ જવાની તર્કણા એને ... જવાનો અવકાશ નથી. એમ છે. એક વિશ્વાસથી વિચારે છે. શ્રદ્ધા રાખીને આસ્તિક્ય બુદ્ધિથી વિચારે છે. એ કહે છે એ સાચું છે પણ મારી બુદ્ધિમાં આ વાત હજી જે રીતે બંધ બેસવી જોઈએ એ રીતે બંધ બેસતી નથી. તો મારે વિશેષ પૂછીને, પૃચ્છા કરીને, જાણીને, જિજ્ઞાસામાં આવીને આ વાત સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ રીતે એણે સવળી વાત લેવી જોઈએ.

એવું નથી કે બધાને બધી વખતે બધી વાત બેસી જ જાય. જેટલા શ્રદ્ધા રાખે કે આ જ્ઞાની છે. માટે એની બધી વાત બધી વખતે બેસી જ જાય એવું નથી બનતું. કોઈ પૂર્વ કારણથી પોતાના મતિ-શ્રુતની અંદર ન બેસે એવી પરિસ્થિતિ ભૂતકાળમાં પોતે સર્જેલી હોય છે એ હજી દૂર નથી થઈ હોતી. તો એ પોતાનું કારણ છે એમ સમજીને, પોતાના અપરાધનું એ કારણ છે એમ સમજીને એને સમજવાનો પ્રયત્ન કરે તો સહેલાઈથી સમજી શકે એવી પરિસ્થિતિ છે. પણ હું પણ સમજું છું અને હું સમજું એ બરાબર મને લાગે છે. અને જ્ઞાની કહે છે એ મને હજી બરાબર લાગતું નથી. આ પ્રકાર સ્વચ્છંદને સ્વચ્છંદને વશ ઉત્પન્ન થાય છે. એ તો

કહેનાર ઉપરના વિશ્વાસની ક્ષતિ છે એની અંદર. ખરેખર એને વિશ્વાસ અને શ્રદ્ધા નથી. ઉપર ઉપરથી વિશ્વાસ અને શ્રદ્ધાનો આડંબર કરે છે, દેખાડો કરે છે. પણ ખરેખર એને અંદરમાં શ્રદ્ધા નથી, વિશ્વાસ નથી. અને હું સમજું છું એનું અહંપણું તો એને ઘણું થઈ ચૂક્યું છે. આ બે મોટા દોષ એને એના પોતાના હિતની વાતને ગ્રહણ કરવામાં બાધા પહોંચાડે છે અથવા આડા આવીને ઊભા રહે છે. એને શાસ્ત્ર અભિનિવેષ પણ કહ્યો છે.

'શ્રીમદ્જી'એ જે સ્થાપ્યું છે કે બે પ્રકારના અભિનવેષ છે. શાસ્ત્રીય અભિનિવેષ અને લૌકિક અભિનિવેષ. લોકોની નજરમાં પોતાની કલ્પના પ્રમાણેનું પોતાનું સ્થાન લૌકિક અભિનિવેષ છે. એવી જે લોક નજરની મુખ્યતા. અને હું શાસ્ત્ર સમજ્યો છું. આત્માર્થ સર્યો નથી તોપણ. પરિસ્થિતિ શું છે? હજી આત્માર્થ સધાયો નથી તોપણ હું પણ સમજ્યો છું. એ બંને પ્રકારના અભિનિવેષથી મિથ્યાત્વનો ત્યાગ, અભાવ કે નાશ થઈ શકતો નથી. આ સીધી વાત છે. મિથ્યાત્વનો નાશ થવામાં અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થવામાં આ બંને અભિનિવેષ આડા આવીને ઊભા રહે છે. એના માર્ગને રોકનારા છે, પ્રતિબંધક છે, અવરોધક છે.

મુમુક્ષુ :- એના માટે 'શ્રીમદ્જી' એ એમ કહ્યું કે સમજ્યા તે સમાઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- એ સમાયા તે જ સમજ્યા ખરેખર. નહિતર સમજે છે અથવા સમજ્યા હોવાનો દાવો તો ઘણા કરે છે. પણ જે સમાયા તે સમજ્યા, જે ન સમાયા તે સમજ્યા પણ નહિ. અથવા સમજવાથી જેના મિથ્યાત્વ આદિ ઉપશમ થયા તે સમાયા. નહિતર જો મિથ્યાત્વ કષાયાદિ ઉપશમ ન થયા તો એ સમજ્યા શું? એ સમજ્યા નથી. સમજ્યા હોય તોપણ સમજ્યા નથી. એમ લેવું.

આ તો એ વિચાર આવ્યો કે કે આત્માના અસ્તિત્વને ખ્યાલમાં લેવું અને સ્વરૂપ લીનતા અને આત્મ પ્રાપ્તિ, આત્માનુભવ. ત્રણ બોલની વાત લીધી. આત્મપ્રાપ્તિ એટલે આત્માનો અનુભવ. જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર. પુરુષાર્થને સાથે સાથે લઈ લેવો. પુરુષાર્થનો બોલ ભલે ન આવ્યો હોય તોપણ એ બધું તદ્દનુસારના પૂરતા જોર વિના, પુરુષાર્થ વિના ન તો અસ્તિત્વનું ગ્રહણ થાય છે, ન તો અનુભવ થાય છે કે ન તો લીનતા થાય છે.

મુમુક્ષુ :- સાથે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ કાળમાં છે. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અને પુરુષાર્થ. સમ્યક્ ચતુષ્ટ્ય. ઉપર અનંત ચતુષ્ટ્ય. અહીંયાં સમ્યક્ થયું એટલે સમ્યક્ ચતુષ્ટ્ય સાથે જ હોય છે. પાંચમું લઈએ તો સુખ અને આનંદની પ્રાપ્તિ પણ તત્કાળ સાથે જ હોય છે.

જેવો આનંદ-પરમાનંદ સિદ્ધપદમાં પ્રગટ થાય છે અને સિદ્ધ પરમાત્માને અનુભવગોચર હોય છે. એવા જ આનંદનો અંશ અહીંયાં પણ સમ્યગ્દર્શનના કાળમાં અથવા સ્વરૂપ લીનતાના કાળમાં સમ્યગ્દૃષ્ટિને અનુભવગોચર થાય છે. ચકલું, દેડકું કે સર્પ હોય તોપણ એને સ્વરૂપ અનુભવના કાળમાં એ આનંદની વાનગી આસ્વાદવામાં-અનુભવવામાં-આવે છે. 'રાજમલજી' તો અનુભવની બીજી ભાષા સ્વરૂપનો આસ્વાદ, સ્વભાવનો આસ્વાદ, આત્માનો આસ્વાદ, આસ્વાદને અનુભવ કહે છે. જેમ પાંચ ઈન્દ્રિયમાં એક સ્વાદનો વિષય છે. એ શબ્દનો ત્યાં પ્રયોગ છે.

મુમુક્ષુ :- વેદન છે એ ખરેખર આસ્વાદ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વેદન છે એ આસ્વાદ છે. એટલે એમ કહે કે આ લાડવો ખાય, ગુલાબજાંબુ ખાય, મીઠાઈ ખાય કે ફળ ખાય એમાં આસ્વાદ આવે છે તો એમાં ને એમાં શું ફેર હશે? કે એમાં ને એમાં તો ફેર છે. ઓલું તો ખરેખર આસ્વાદ આવતો નથી. એનો જે સ્વાદ છે એટલે પુદ્ગલની રસગુણની જે પર્યાય છે એનું ત્યાં જ્ઞાન થાય છે. આત્માને એનો સ્વાદ આવી શકતો નથી. પણ પુદ્ગલમાં સ્પર્શ, રસ આદિ જે ગુણો છે એમાં રસગુણની પર્યાયનું જ્ઞાન થાય છે. કે અત્યારે આ પુદ્ગલ મીઠા રસે પરિણમેલો છે કે કડવા રસે પરિણમેલો છે કે ખાટા ખારા રસે પરિણમેલો છે એનું જ્ઞાન થાય છે. આસ્વાદ તો લઈ શકાતો નથી. પણ કોઈ એવી એકાકાર બુદ્ધિના પરિણમનને જોઈને એણે સ્વાદ લીધો એવો વ્યવહર કરવામાં આવે છે. વાત સાચી નથી. ખોટી વાત છે. એકાકાર બુદ્ધિને ત્યાં દર્શાવવી છે કે કેટલો એકમેક થઈને પરિણમે છે. દ્રવ્યે ભિન્ન હોવા છતાં ભાવે કેટલો તન્મય થાય છે એટલું દર્શાવવાની વાત છે. થઈ શકતો નથી. અહીંયાં બીજો વિષય છે.

અહીંયાં તો પોતાનો જ આનંદ સ્વભાવ છે. પોતાનું સ્વરૂપ છે. અને વેદનારું જ્ઞાન પણ, અનુભવ કરનારું જ્ઞાન પણ એ પણ પોતાનો જ ગુણ છે અને આનંદ પણ પોતાનો જ ગુણ છે. બંને પોતાના જ સ્વભાવ છે. પોતાના જ સ્વરૂપના અંગો છે અને તે સ્વરૂપથી અભિન્ન અંગો છે એ સિવાય કોઈ જુદું સ્વરૂપ છે એવું તો છે નહિ. એ મય સ્વરૂપ છે. એથી એનું એકત્વપણું જે અનુભવમાં આવે છે એ વચન અગોચર વિષય થઈ જાય છે. કેમકે કહેતા પહેલા તો વિકલ્પ ઊઠે અને વિકલ્પ ઊઠે ત્યાં ભેદ પડે છે. વિષય અહીંયાં જરા પણ ભેદનો છે નહિ. વિષય અભેદનો છે.

મુમુક્ષુ :- સમય પણ..

પૂજ્ય ભાઈશ્રી :- સમય તો જો કે ત્યાં તો પછી વેદન જ નથી પછી ક્યાં સવાલ છે?

મુમુક્ષુ :- વેદનની કલ્પના કરે ત્યાં સમય...

પૂજ્ય ભાઈશ્રી :- સમય વયો જાય તોપણ કહી શકાય છે? ચાલો. સમય જાતો હોય તો એનો વાંધો નથી. પણ છતાં જો કાંઈ કહેવાતું હોય તો સારું સ્પષ્ટ થાય. તે દિવસે (ભાઈ) આવ્યા હતા ને? કહે આટલું બધું તો સ્પષ્ટ થાય છે. પછી કેમ નથી થતું? પણ નથી સ્પષ્ટ થતું અહીં તો એમ કહેવું છે. જે કાંઈ ખરેખર વેદનનો વિષય છે એ ભાષામાં સ્પષ્ટ થઈ શકે એવો છે જ નહિ. પછી આટલું બધું સ્પષ્ટ થાય છે એ વાત ક્યાં રહી? યતકિંચિત જે સ્પષ્ટ થાય છે એમાંથી પૂરેપૂરું ગ્રહણ થઈ શકવા યોગ્ય છે. પણ પૂરું સ્પષ્ટ થવાની તો કોઈ પરિસ્થિતિ છે નહિ.

'**આત્મા ઓળખાય આત્માની પ્રાપ્તિ થાય.**' એમાં એ બધું લઈ લેવું. '**તે સિવાય...**' આ સિવાય એટલે આ વિધિ સિવાય. એમ લેવું. આ રીત સિવાય, આ કાર્યપદ્ધતિ સિવાય '**બહારથી જેટલાં ફાંફાં મારવામાં આવે...**' પછી તો અંદરની વાત કોઈ રહેતી નથી. '**બહારથી જેટલાં ફાંફા મારવામાં આવે...**' ફાંફાંનો અર્થ છે વ્યર્થ પ્રયત્ન. ગુજરાતી ભાષાનો એ શબ્દ છે. ફાંફાં એટલે વ્યર્થ પ્રયત્ન. હિન્દીમાં ફાંફાંનું ફાંફાં જ છે? ખબર નથી? વ્યર્થ પ્રયત્ન. કોઈ ચીજ ક્યાંય હોય, શોધે ક્યાંક. ત્યારે એમ કહેવાય કે અમથો ત્યાં ફાંફાં મારે છે. ચીજ તો અહીંયાં પડી છે અને ત્યાં ફાંફાં મારે છે. પણ આત્માનું સુખ, આનંદ આત્મામાં છે. એને ગ્રહણ કરવા, અનુભવવા માટે આત્મામાં પરિણામ લઈ જવાને બદલે પરિણામ ગમે ત્યાં બહારમાં કોઈપણ ક્રિયામાં કે કોઈપણ બાહ્ય જ્ઞાનની પ્રક્રિયામાં કે રાગની પ્રક્રિયામાં જાય તો એ બંને પ્રકારની ક્રિયા એ માત્ર ફાંફાં મારવાની ક્રિયા છે. એમાંથી કાંઈ હાથમાં આવે એવું નથી.

'**તે ફોતરાં ખાંડ્યા બરાબર છે.**' ફોતરાં ખાંડ્યા. એ સંક્ષેપમાં લઈ લીધું છે. આ ડાંગર છે. ફોતરા સહિતના ચોખાને ડાંગર કહે છે. ડુંડીમાંથી જે હજી દાણો જુદો પાડ્યા વગર ફોતરા સહિતનો હોય છે એને ડાંગર કહે છે. અત્યારે તો એવી બધી Machinery થઈ ગઈ. પણ આગળના જમાનામાં ડાંગરને ખાણિયામાં ખાંડવામાં આવે એટલે ફોતરા જુદા પડી જાય અને ચોખા છૂટા પડી જાય. ભાંગે ઓછા. કણી-કટકી ઓછી થાય. આખે આખા ચોખા નીકળે એવી રીતે એને ખાંડવાના સાધનો લાકડાના હોય છે. લાકડાની ખારણી અને મારવાનો લાકડાનો દસ્તો હોય છે. એટલે એમાંથી એ મારીને જુદા પડી જાય. ડાંગરને ખાંડે તો ચોખા મળે. પણ એકલા ફોતરાંના ઢગલાને ખાંડવા બેસી જાય તો અંદરથી કેટલા ચોખા મળે? કેટલા ચોખા મળે? બેયનો દેખાવ કેવો લાગે? સરખો લાગે. એના એ સાધનો અને એવી જ ચીજને જાણે ખાંડે છે. પણ ફોતરામાં ચોખા જ નથી. ચોખાનો દાણો નથી. એકલા

ફોતરાં છે. એવું એ ફોતરાં ખાંડવા જેવી વાત છે.

જે ક્રિયામાં માલ નથી એમ કહેવું છે. એવી ક્રિયા અનંત કાળ જીવ કરે તોપણ એમાંથી એને કાંઈ મળે નહિ. એમ લઈ લેવું. એટલે આ બોલની અંદર એ વિધિને સ્પષ્ટ કરી છે અથવા ચોક્કસ કરી છે કે આ ત્રણે કાળે એક જ ઉપાય છે, એક જ વિધિ છે, એક જ માર્ગ છે. આ સિવાય જેટલું કાંઈ કરવામાં આવે એ ફોતરાં ખાંડવા જેવું છે. આને છોડીને. આમાં જરાય આઘુંપાછું ચાલે એવું નથી.

મુમુક્ષુ :- અસંખ્ય પ્રદેશી આત્મા છે એમાં ઉપોયગને અંદર ફેરવવો...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ ક્ષેત્રથી બહાર જવાનો પ્રશ્ન નથી. જોકે દ્રવ્યે તો ઉપયોગ જઈ શકતો નથી. કોઈ Physical position નથી કે આત્માના કોઈ ગુણનો પર્યાય આત્માનું ક્ષેત્ર છોડીને ક્યાંય પ્રવર્તી શકે. પણ એક ભ્રાંતિગતપણે જીવની એવી સ્થિતિ છે કે એને એમ લાગે છે કે હું ક્યાંક બહાર પણ છું. એ પરિસ્થિતિ તો ભ્રાંતિથી છે. હવે એ ભ્રાંતિનો ત્યાગ કરવો છે, એ ભ્રાંતિથી નિવૃત્ત થવું છે અને ઉપયોગને પોતાની નક્કર ભૂમિમાં સ્વ ક્ષેત્રની અંદર વ્યાપ્ય-વ્યાપક ભાવે અસંખ્ય પ્રદેશમાં અથવા અખંડ એકપ્રદેશી આત્મામાં, આમ અસંખ્ય પ્રદેશ વ્યવહારથી છે, નિશ્ચયથી તો અખંડ એક પ્રદેશી એવા આત્મામાં એનો વ્યપ્યવ્યાપકપણે સળંગ અનુભવ કરવો. એવી નક્કર ભૂમિનો આધાર લે. ક્યાંય બહારની કોઈ ભૂમિનો આધાર લેવા જેવો નથી.

શાસ્ત્રનો આધાર નહિ, દેવનો આધાર નહિ, ગુરુનો આધાર નહિ. એ તો નહિ પણ એના ને એના ક્ષેત્રમાં ઊપજતા જ્ઞેયાકારોનો આધાર નહિ. એના ને એના ક્ષેત્રમાં ઊપજતા વિકલ્પરૂપ રાગનો પણ આધાર નહિ. એને એક સમયમાં એના ને એના ક્ષેત્રમાં ઊપજેલી જે પૂર્વ પર્યાય, એનો પણ આધાર નહિ. પૂર્વપર્યાયનો એટલા માટે કહેવામાં આવે છે કે પહેલા જિજ્ઞાસા કરી, પહેલા વિચાર કર્યો એટલે હું અહીં સુધી પહોંચ્યો. એમ ન લઈ જવું. એ તો તને માર્ગનો ક્રમ બતાવ્યો. કે જેથી કરીને અક્રમે સાધવાના તારા ખોટા પુરષાર્થની પ્રવૃત્તિ ચાલે નહિ. પણ પૂર્વ પર્યાય અને ઉત્તર પર્યાય સ્વતંત્ર છે. એટલે 'ગુરુદેવ' એના કારકો જુદા સ્થાપતા હતા. પણ એ બંને પર્યાય સ્વતંત્ર છે. પૂર્વે જે વિકલ્પની વિચારની પર્યાય હતી તે પર્યાયમાં નિર્વિકલ્પ જે બીજી ઉત્તર પર્યાય થાય એને પ્રગટાવવાનું કોઈ સામર્થ્ય નથી. નંબર એક.

નંબર બેમાં તે પર્યાય વ્યતીત થઈ ગઈ, જે રહી નથી. બીજા સમયે જેની હયાતી નથી. અથવા બીજા સમયે જેનો નાશ છે એ શું કરે બીજીને? પહેલી જે નાશ થઈ એ બીજીને શું કરે? જે છે જ નહિ એ બીજીને શું કરે? એ કોઈ વસ્તુ

વ્યવસ્થાનો વિષય નથી. ભલે પરિણામના સિદ્ધાંતોમાં કેટલાક પરિણામના ક્રમના નિયમો છે તે નિયત છે અથવા અનાદિઅનંત એમ જ છે. તોપણ એ મર્યાદિત વાત છે અથવા નિશ્ચય તો એમ જ છે કે એક પર્યાય બીજી પર્યાયનું કરી શકે કે ફેરવી શકે એવો ફેરફાર કરી શકે કે ઉપજાવી શકે કે રચી શકે એ વસ્તુની વ્યવસ્થામાં નથી.

મુમુક્ષુ :- આ બે ફેરફાર તો વર્તમાન એક જ...

પૂજ્ય ભાઈશ્રી :- આ બે એટલે?

મુમુક્ષુ :- એટલે પૂર્વપર્યાય અને ઉત્તર પર્યાય જોતા તો વર્તમાન પર્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દરેક કાળે તો વર્તમાન જ તો રહે છે. નવી તો ઊપજી નથી. જૂનીની હયાતી નથી. કોઈપણ કાળે, કોઈપણ સમયે એ તો વર્તમાન એક જ સમયે ઉપસ્થિત હોય છે. અને તે કાળે તેનું જે પુરુષાર્થનું જોર છે એ સ્વતંત્ર ઉત્પન્ન થઈ રહ્યું છે. એમ કહેવું છે.

સમ્યગ્દર્શનના વિષયમાં તો ફેર એટલો બધો છે કે પૂર્વના સમયે સૂક્ષ્મ અંતર્જલ્પમાં, સૂક્ષ્મ વિકલ્પમાં જે સ્વભાવનો વિકલ્પ છે અને ત્યારે જે પુરુષાર્થ વૃદ્ધિગત થયો છે એ પુરુષાર્થ અને એ પર્યાય વ્યતીત થયા પછીની જે નિર્વિકલ્પ દશાના પુરુષાર્થને કારણ જે નિર્વિકલ્પ દશાની રચના થઈ, સ્વરૂપ રચના થઈ એ બે પુરુષાર્થ, પૂર્વ-ઉત્તર પર્યાયના બે પુરુષાર્થ, બંને પુરુષાર્થ સહિતની પર્યાય છે, પુરુષાર્થથી તો ચડેલો છે (તોપણ) બહુ મોટો આંતરો છે. બંન વચ્ચે બહુ મોટો આંતરો છે. તારતમ્યભેદ ઘણો છે. મોટો આંતરો છે એનો અર્થ અહીંયાં શું કહેવું છે કે તારતમ્ય અપેક્ષાએ એનો વિચાર કરવામાં આવે, એને સમજવામાં આવે તો ઘણો તફાવત છે. એટલું બધું ઉછળીને જોર આવે છે ત્યારે નિર્વિકલ્પ થાય છે. નિર્વિકલ્પ તત્ત્વ ઉપર એટલું જોર ઉછળે છે ત્યારે અનંતાનુબંધીનો બુદ્ધિપૂર્વકનો કષાયનો વિકલ્પ શાંત થાય છે. એનો અંત આવે છે. એને અટકી જવું પડે છે. પછી વિકલ્પ ઊપજે છે પણ એ જાતિનો નહિ. અનંતાનુબંધીની જાત નહિ. પછી વિકલ્પ ઊપજશે. જાત ફેર, આખી જાત ફેર છે. એ નવો વર્ગ શરૂ થયો એ વિકલ્પનો.

મુમુક્ષુ :- ... એવો જ અહીંયાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધામાં એવું જ છે. એક એક ગુણસ્થાનમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ઓલામાં પણ જાતિફેર થાય છે. ત્યાં એક ચોકડી બીજી જાય છે. પાંચમાં બીજી ચોકડી જાય છે. છઠે-સાતમે ત્રીજી ચોકડી જાય છે.

મુમુક્ષુ :- .. જાતિ વીતરાગતાની હોય તો એક જ છે ... વૃદ્ધિગત...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અસ્તિની જાતિ એક છે. વિકલ્પની જાતિની અહીં ચર્ચા ચાલે છે. વિકલ્પ તો આવશે. પહેલા વિકલ્પ છે, ચોથામાં વિકલ્પ છે, પાંચમામાં વિકલ્પ છે અને છઠામાં વિકલ્પ છે. ચોથામાં અનંતાનુબંધીની જાતિનો વિકલ્પ છે, પાંચમામાં અપ્રત્યાખ્યાનાવરણીની જાતિનો છે, પ્રત્યાખ્યાનાવરણીની જાતિનો છે. પછી સંજ્વલનની જાતિનો છે. વિકલ્પ છે. ચારેયની જાત ફેર છે. એમ કહેવું છે. પણ એ તો નાસ્તિથી લીધું. અસ્તિથી જાત એક છે તોપણ પુરુષાર્થના દૃષ્ટિકોણથી વિચારવામાં આવે તો બધા તબક્કે પુરુષાર્થનો કોઈ પ્રકાર ઘણા અંતરવાળો જોવામાં આવે છે. તારતમ્યતામાં ઘણો ફેર છે. જાતિ એક છે. વીતરાગતાની જાતિ એક છે, પુરુષાર્થની જાતિ એક છે. તોપણ તારતમ્યતામાં ઘણો ફેર છે.

જે સમ્યગ્દર્શન પહેલાનો પુરુષાર્થ છે. ઉપરના ગુણસ્થાનોની ચર્ચા કરવી અસ્થાને છે. એનું પ્રયોજન પણ નથી. અને જે સમ્યગ્દર્શનની પહેલાના સમયોમાં પુરુષાર્થ છે અને જે સમ્યગ્દર્શનના કાળનો પુરુષાર્થ છે એમાં દોડતો દોડતો ઘોડો છલાંગ મારે એટલો ફેર છે. કેટલો ફેર છે? દોડે તો છે. પુરુષાર્થનો ઘોડો ગતિમાં તો આવ્યો છે પણ અહીંયાં છલાંગ મારે છે. ત્યારે એ અનંતાનુબંધીને અને દર્શનમોહને બેયને ટપી જાય છે. આ બેયને અનંત કાળમાં ટપ્યો નથી. ઊંધા પુરુષાર્થમાં તો ઊંધા માથે લટક્યો છે. જંગલમાં જઈને ઘણા ફાંફાં માર્યા છે. તપશ્ચર્યાઓ કરવામાં દેહ સૂકવી નાખ્યો છે. ઉપવાસ કરી કરીને, તપશ્ચર્યા કરી કરીને દેહ સૂકવી નાખ્યો છે. પણ ફોતરા ખાંડ્યા છે. 'આનંદઘનજી'એ ગાયું છે ને કે એ જ એમ કે પાસળા-હાડકા બોલતા હોય તોપણ એમાંથી અવાજ ઊઠે છે કે 'તોપણ ગર્ભ અનંતા લેશે બોલે બીજુ અંગ જોને.' એ અંગ એમ બોલે છે કે હજી આમાં તો અનંતાનુબંધી પડ્યો છે. એમાંથી અનંતા ગર્ભ, અનંતા જન્મ-મરણનું બીજ આમાં પડેલું સાબૂત છે.

એટલે એ પરમ સૌભાગ્યની વાત છે કે વિધિનો વિષય બહુ ખુલ્લો આજે સમજવા મળે છે. નહિતર એ પણ કોણે કહ્યો હશે? ક્યાં કહ્યો હશે? કહ્યો હશે એ સત્ય હશે કે નહિ? આ બધા એક અંધારાની અંદર ઊગે, અજ્ઞાન અંધારામાં ઊગે એવા પ્રશ્ન છે. અને જલ્દી એનો પત્તો લાગતો નથી.

## તા. ૧૯-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૯
## પ્રવચન નં. ૩૦૧

**બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, જ્ઞાન માર્ગ દેખાડે છે. મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ. માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગ-પ્રાપ્તિના પ્રબળ નિમિત્ત છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે. આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે. ૩૮૯.**

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૯, પાનું-૧૪૩. માર્ગપ્રાપ્તિનું માર્ગદર્શન છે. .. બાહ્યદૃષ્ટિ હોવાથી અનેક પ્રકારની બાહ્ય ક્રિયામાં પ્રવર્તીને જીવ પોતાનું કલ્યાણ કરવા પ્રયત્ન કરે છે. એને આ સ્પષ્ટ વાત છે કે '**બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, જ્ઞાન માર્ગ દેખાડે છે.**' સરળ ભાષામાં અને બહુ સ્પષ્ટ વાત છે. સમજણ અને જ્ઞાનના પ્રકારને એકબાજુ મૂકીને અનંત કાળથી પોતે બહારની ક્રિયામાં ઘણું ઘણું કરી ચૂક્યો છે. પોતાએ લેવું પોતાના માટે. ત્રણે કાળે જગતમાં એમ ચાલવાનું છે અને એનું નામ જ જગત છે. એ તો ખાલી એવી ભૂલ ન કરવા માટે પોતાને બોધ લેવાનો વિષય છે. ટીકા ટિપ્પણી કે બળાપો કાઢવાનો વિષય નથી. પોતે પણ અત્યાર સુધી એવું જ કર્યું છે. પણ ચોખ્ખી વાત એ છે કે તે તે ક્રિયાઓ મોક્ષનો માર્ગ આત્માને સિદ્ધિનો માર્ગ દેખાડતી નથી. બાહ્ય ત્યાગ હોવા છતાં, બાહ્ય સંયમ હોવા છતાં પણ અંતરંગ શુદ્ધિનો વિષય જુદો છે એ વાત અહીંયાં સ્પષ્ટ કરે છે.

જ્ઞાન છે એ માર્ગ દેખાડે છે. આમાં તો ઘણી ગંભીર વાતો છે. બહુ સામાન્ય અર્થ લઈએ તો સમજણ વિના, મોક્ષમાર્ગની સમજણ વિના, સમજણરૂપ જ્ઞાનની પ્રવૃત્તિ વિના કોઈ રીતે, કોઈપણ ક્રિયાનો પરમાર્થ કે એના લાભ નુકસાનનો ખ્યાલ આવતો નથી, ત્યાં એની સમજણ આવતી નથી. બહુ પ્રારંભિક ભૂમિકામાં પણ જ્ઞાનની જ પ્રવૃત્તિ છે, જ્ઞાનની જ મુખ્યતા છે. વળી માર્ગ દેખનાર પણ જ્ઞાન છે. રાગ કે બીજી કોઈ રાગાનુસારી ક્રિયા એ કોઈ માર્ગ દેખી શકે, માર્ગ સમજી શકે એવું

એની અંદર કોઈ તત્ત્વ નથી, કોઈ કારણ નથી. અને મોક્ષમાર્ગને પણ મુખ્યપણે જ્ઞાનધારા રૂપ જ્ઞાનમાર્ગ કહેવામાં આવે છે. કેમકે જ્ઞાનથી એની શરૂઆત થઈ, જ્ઞાનલક્ષણથી એની ઓળખાણ થઈ અને મોક્ષમાર્ગમાં પ્રવેશ થતાં પણ સ્વસંવેદનજ્ઞાન એવો મોક્ષમાર્ગ શરૂ થયો. સ્વસંવેદનજ્ઞાનરૂપ જ્ઞાનનો મોક્ષમાર્ગ શરૂ થયો.

પોતે સ્વપરપ્રકાશક હોવાને લીધે, જ્ઞાન પોતે સ્વપરપ્રકાશક હોવાને લીધે અન્ય ગુણો સંબંધીનો પણ ઘણો ભાગ જ્ઞાનના માધ્યમથી, ઘણી વાતો જ્ઞાનના માધ્યમથી સમજવામાં અને સમજાવવામાં આવે છે. આમ જ્ઞાન છે એ માર્ગ દેખાડવાની અંદર એ એક જ રસ્તો છે. બીજો કોઈ રસ્તો નથી.

અથવા સ્વાનુભૂતિ માટે, મોક્ષમાર્ગ તો સ્વાનુભૂતિ સ્વરૂપ છે. એવા સ્વાનુભૂતિનું કોઈ એક માત્ર સાધન હોય તો તે **'ज्ञानम एकम साधनं'** 'પંચાધ્યાયી'ની ૪૦૦ ગાથા. **'ज्ञानम एकम साधनं'** જ્ઞાન જ એક સાધન છે. આત્માને સમજવો હોય કે આત્માના દુશ્મન એવા મોહને સમજવો હોય. અરિ કહ્યો છે ને-દુશ્મન. પણ એ બંનેમાં જ્ઞાન જ સાધન છે. બીજું કોઈ સાધન નથી. વિભાવ કેવો હોય, સ્વભાવ કેવો હોય, શ્રદ્ધા કેવી હોય, ચારિત્ર કેવું હોય એ બધું સમજવા માટે જ્ઞાનનો મુખ્ય રોલ છે-મુખ્ય કામ છે. અને સ્વરૂપના વિષયમાં તો જેમ જેમ જ્ઞાન દ્વારા પોતાનું સ્વરૂપ પોતાના જ્ઞાનમાં સુસ્પષ્ટપણે ગ્રહણ કરવામાં આવે છે. જેટલું સુસ્પષ્ટપણે ગ્રહણ કરવામાં આવે છે એટલો જ પુરુષાર્થ ઉપજે છે-અસ્તિથી. એટલું જ જ્ઞાનબળ વૃદ્ધિ પામે છે-અસ્તિથી. એટલી જ વીતરાગતા વધે છે-અસ્તિથી. અને એટલો જ નાસ્તિથી મોહ ક્ષય થાય છે. મોહનો નાશ થાય છે. મુખ્યપણે બાહ્ય ક્રિયામાં પણ જ્ઞાનની હાજરી કેટલી છે એ તપાસવામાં આવે છે અને એના ઉપરથી બાહ્ય ક્રિયાનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**'મોક્ષમાર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ.'** હવે મુમુક્ષુ માટેની વાત છે કે જે મુમુક્ષુજીવોને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવો છે એણે શરૂઆત કરવી હોય તો એણે સાચી સમજણથી શરૂઆત કરવી જોઈએ. જગતમાં પણ કોઈ નફા-નુકસાનનો સવાલ છે એવો વેપાર કે એવી નોકરી તે તે વિષયની સમજણ વગર ક્યાંય એની પ્રવૃત્તિ મળતી કે જોવામાં આવતી નથી. નોકરીએ રાખે ત્યારે સમજે કે આ કેટલું સમજે છે આ વિષયમાં, પછી એને કામ સોંપો. કે એમ ને એમ કામ સોંપી દે છે? વગર સમજે એને કેટલું કામ સોપવું, કેટલું કામ કરાવવું એ વાત નક્કી થતી નથી. કે કોઈપણ વિષયની સમજણ વગર એ વિષયનો કોઈ ધંધો શરૂ કરે છે એવું બનતું નથી. આર્થિક લાભ-નુકસાનનો સવાલ હોવાને લીધે ત્યાં

પૂરી ચોક્કસાઈ રાખવામાં આવે છે અને ત્યાં કોઈ કાચી વાત રાખીને કામ કરવું એ કોઈ રીતે સ્વીકાર કરવામાં આવતું નથી.

અહીંયાં તો જીવના પરમ પ્રયોજનનો વિષય છે. કાં તો જીવ અનંત કાળ રખડે, કાં તો અનંત કાળ પર્યંત સમાધિસુખમાં મુક્તિના સુખમાં બિરાજમાન થાવ. આટલું મોટું પ્રયોજન છે. સામાન્ય લાભ-નુકસાનનું પ્રયોજન નથી. ત્યાં કેટલી જાગૃતિ, કેટલી ચોક્કસાઈ, કેટલી કાળજી, એ સંબંધીની ભૂલ ન થાય એના માટે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કેટલી ગવેષણા હોવું જોઈએ? આ આવ્યું ને ભગવતી આરાધનામાં. મુનિરાજ હોય તો એક સંઘમાંથી બીજા સંઘમાં જાય. ત્રણ ત્રણ દિવસ સુધી એને સંઘમાં પ્રવેશ આપે નહિ. ત્રણ દિવસ સુધી એની ચકાસણી કરે સંઘના આચાર્ય હોય એ. કે બીજા સંઘમાંથી આવે છે અથવા અજાણ્યા છે. ભલે બાહ્યાચાર શુદ્ધ છે તોપણ એની અંતરંગ ભાવલિંગ સ્વરૂપ સ્થિરતાનું ચારિત્ર અને વીતરાગતા મુનિયોગ્ય દશાના છે કે નહિ એ વાત સ્પષ્ટપણે જ્યાં સુધી માલૂમ ન પડે ત્યાં સુધી તેનો સંગ કરવો નહિ. એવો ત્યાં સ્પષ્ટ પ્રતિબંધ ને આજ્ઞા હોય છે. અનાદિથી જીવ નિમિત્તવાસી છે. કોનો સંગ કરવો અને કોનો સંગ ન કરવો એ સંબંધીની ગંભીરતા એને સમજાણી નથી. એથી સત્સંગ તો ભાગ્યે જ જવ્વલે જ મળે છે. કુસંગના ઘેરાવામાં પડેલો જીવ કુસંગથી અધોગતિમાં ચાલ્યો જાય છે.

મુમુક્ષુ :- આ જ્ઞાનમાર્ગથી ચાલે તો બધા નિવેડા આવી જાય. આ રસ્તે ચડી જવાય તો બધા નિવેડા આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો છે જ. જ્ઞાન છે એ તો દીવો છે. જ્ઞાન છે એ દીવો છે. અજ્ઞાન અંધકારમાં જ્ઞાન જ દીવો છે. દીવો લઈને ચાલે અને અંધારમાં ચાલે, કેટલો મોટો ફેર છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સારા નિમિત્તો છે એ એને એમ કહેશે કે જો ભાઈ! ઠીક છે તેં અમારો સંગ કર્યો. પણ અમે પોતે તો અસંગદશામાં માનનારા અને અસંગદશાને કેળવવામાં પડ્યા છીએ. અને વીતરાગ તો સ્પષ્ટ કહે છે કે અમે તો અસંગ થઈ ગયા છીએ.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમકે નિમિત્તની પ્રધાનતા એ પોતે જ ઉન્માર્ગ છે. ઉન્માર્ગમાં સન્માર્ગનો વિવેક કેવી રીતે થાય? ન જ થાય. ઉપાદાનની પ્રધાનતા કરવાવાળા જ નિમિત્તનો સુયોગ્ય પ્રકારે વિવેક કરી શકે. નિમિત્તાધીન દૃષ્ટિવાળા નિમિત્તનો સાચો

વિવેક અથવા સાચા નિમિત્તનો વિવેક કરી શકતા નથી. આ બધી ઘણી ખૂબીવાળી વાત છે. કે વ્યવહારની પ્રધાનતાવાળા યથાયોગ્ય વ્યવહાર કરી શકતા નથી. નિશ્ચયની પ્રધાનતાવાળાને જ યથાયોગ્ય વ્યવહાર હોય છે, નિશ્ચય અનુસાર. આવું ઊલટુંસુલટુ છે. જેઓ વ્યવહારની હિમાયત કરે છે એનો વ્યવહાર કદાપિ ચોખ્ખો નથી અથવા સાચો નથી. ખરેખર તો એ વ્યવહારાભાસમાં જ હોય છે. પણ જેઓ નિશ્ચયની પ્રધાનતા કરે છે અને વ્યવહારનો નિષેધ કરે છે એનો જ વ્યવહાર સાચો વ્યવહાર હોય છે. એવું જ નિમિત્ત-ઉપાદાનનું છે. આ એક જ રીત છે. સત્યને માટે બીજી કોઈ રીત નથી.

'**મોક્ષમાર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ.**' એમ કહીને એમ કહેવું છે કે પોતાના પુરુષાર્થને પહેલા સમજણ બાજુ લગાવવો. પહેલા ક્રિયા બાજુ લગાવીને સમજણ બાજુના પુરુષાર્થનો એમાં વપરાશ થઈ જાય અને પછી જગ્યા ન રહે એવું થવા દેવા જેવું નથી. સમજણની પૂરી જગ્યા રાખીને પછી વધારે પોતાનો વીર્યનો ક્ષયોપશમ હોય અને ક્રિયા બાજુ જાય તો એનો નિષેધ નથી. નહિતર જેમાં કાંઈ સાર નથી એવી સાર વગરની એ બધી ક્રિયાઓ કોઈ રીતે આત્માની શુદ્ધિમાં કામમાં આવતી નથી. બધા જ્ઞાનીઓએ આ વાત કરી છે, સર્વ જ્ઞાનીઓએ આ વાત કરી છે.

મુમુક્ષુ :- સમજણને અને...

પૂજ્ય ભાઈશ્રી :- સમજણને અને?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એના પ્રમાણમાં વ્યવહાર યોગ્ય હોય.

મુમુક્ષુ :- એ બાજુ આગળ ચાલે એમાં ક્યાં ભૂલ છે...

પૂજ્ય ભાઈશ્રી :- આગળ ચાલે એટલે સમજણ છોડીને. એણે દીવો મૂકી દીધો. દીવાથી દૂર ગયો. અંધારામાં ગયો. એના જેવું છે. 'આત્મસિદ્ધિ'માં તો ઘણું કહ્યું છે.

'**માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ...**' પહેલી વાત એ લીધી. છે તો આગમ અને સત્પુરુષ બંનેની વાત છે પણ પહેલી વાત એ લીધી. '**માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ...**' અહીંયાં ગુરુ એટલે સત્પુરુષ લેવા. ગુરુ એટલે જ્ઞાની ધર્માત્માને કહ્યા. પ્રત્યક્ષ ધર્માત્માનો ઉપદેશ છે. એટલે કે તેઓ ધર્મ પામ્યા છે. ધર્મ પામવા માટેનો જે ઉપાય છે એ જેને પ્રગટપણે, અનુભવગોચરપણે જેને વર્તે છે એ જ ધર્મ પમાડી શકે છે, તે જ ધર્મનો માર્ગ બતાવી શકે છે. એ જ ધર્મના માર્ગમાં જે મુખ્ય એના હૃદયરૂપ જે શુદ્ધાત્મા છે એને સમજાવી શકે છે, એને દર્શાવી શકે છે.

**'માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગ પ્રાપ્તિનાં પ્રબળ નિમિત્ત છે.'** બે નિમિત્ત લીધા. પહેલો નંબર છે પ્રત્યક્ષયોગનો, બીજો નંબર છે પરમાગમનો અને પરમાગમમાં પણ વહેંચણી કરવાનું કહે છે કે તને તારા પ્રયોજનને સ્પર્શતું હોય એટલો વિભાગ એને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન કહેવામાં આવે છે. આખું આગમ ન લીધું. બધા આગમ એમ ન લીધા. પણ જેટલું પોતાને કામનું હોય, પોતાના પ્રયોજનમાં ઉપયોગી હોય એવું પરમાગમમાંથી પ્રયોજનભૂત જ્ઞાન છે એ ગ્રહણ કરવું. એને મુખ્ય કરવું, ત્યાં ધ્યાન દેવું, ત્યાં લક્ષને કેન્દ્રિત કરવું અને બાકીના વિષયને ગૌણ કરી નાખવા. એ કોઈ મારે કામની ચીજ નથી.

ઘણું જાણી લઉં, કોઈને કહેવા કામ આવશે, બતાવવા કામ આવશે. એ બધું શાસ્ત્રીય અભિનિવેષમાં જાય છે. દોષનું કારણ થાય છે. ગુણનું કારણ જરા પણ થતું નથી. એટલે એને ગૌણ કરી નાખવું. પોતાને કામનું ન હોય એવું બધું ગૌણ કરી નાખવું. અથવા બીજાને આવા દોષ થાય છે એની સામે આવી વાત કરી છે, એવા બીજાના લક્ષે પણ એવા ઉપદેશને વિચારવો યોગ્ય નથી. બીજાઓ આવી ભૂલ કરે છે. એની સામે આ બહુ સારી વાત છે. એ રીતે પણ બીજાને લક્ષમાં લઈને પરમાગમનું અધ્યયન કરવું એ યોગ્ય નથી.

'શ્રીમદ્જી'એ તો અભિનિવેષની પરિભાષા કરી કે આત્માર્થ સિવાય બીજા કોઈ વિચારથી. વિચાર શબ્દ તો અહીંયાં વાપરીએ છીએ. પણ એમણે તો કલ્પના લીધી છે. આત્માર્થ સિવાય બીજો કોઈ હેતુ એ બધી કલ્પના છે. બીજા કોઈ હેતુથી જો શાસ્ત્રનું અધ્યયન થાય તો તેમાં શાસ્ત્રીય અભિનિવેશ રહેલો છે. કોઈને કોઈ પ્રકારે એમાં શાસ્ત્રીય અભિનિવેષ રહેલો છે. આમાં વાંચનકારે વધારે ધ્યાન રાખવું. કેમકે એને વાંચન દરમ્યાન ઘણાં પ્રશ્નો આવે છે. એને એના ખુલાસા કરતા ન આવડે અને આવડે એવો એક પ્રકાર ઊભો થાય છે. એટલા ખાતર પણ એ ઘણી વાતો જાણે. તો એ બધો શક્તિનો દુર્વ્યય છે. શક્તિનો દુર્વ્યય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ઠીક છે પણ હવે આમાં તો શું છે કે આજ્ઞા એવી છે કે જો તારે શાસ્ત્ર વાંચવું હોય તો. કોઈપણ જીવને એમ કહે છે. આ સત્પુરુષની આજ્ઞા છે, શ્રીગુરુની આજ્ઞા છે એ એમ કહે છે કે જો તારે શાસ્ત્ર વાંચવું હોય તો તારા આત્માર્થથી તું વાંચજે. એ સિવાય બીજા કોઈ વિચારથી, બીજી કોઈ કલ્પનાથી, બીજા કોઈ હેતુથી તને શાસ્ત્ર વાંચવા માટે અમારી આજ્ઞા નથી. તો એનું શું કરવા ઉલ્લંઘન કરવું?

એક જગ્યાએ કેવળજ્ઞાન અને શુક્લધ્યાન સંબંધી કોઈ ચર્ચાઓ ચાલી છે. 'શ્રીમદ્જી'ને પ્રશ્નો પૂછ્યા છે. તો કહે, અત્યારે આ બધું વિચારવું, ઊંચા ગુણસ્થાનો માટે આ બધું વિચારવું તમારા માટે કાંઈ જરૂરી નથી. એ જ્યાં ઊભો છે ત્યાંથી કેવી રીતે એક ડગલું પણ આગળ વધી શકે, આ વાત એણે પહેલી વિચારવી જોઈએ. એ વાતને જરાય ગૌણ ન કરતો. એ મુખ્ય વાત છે. બહુ સારી વાત કરી છે.

**'માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન...'** ગુરુ એક પ્રબળ નિમિત્ત છે કે જેથી એને સ્વચ્છંદ આવે એવો દોષ ઊપજશે નહિ, ક્યાંય ભૂલશે તો એને એનું માર્ગદર્શન મળશે અને પડતો એને બચાવશે. અથવા જેના સંગને લીધે આત્માને સતત જાગૃતિ રહે એવો પ્રકાર ઉત્પન્ન થશે. મોટી વાત તો આ છે. અનાદિથી ભાવ નિંદ્રામાં, મોહ નિંદ્રામાં જીવ સૂતો છે. એને એમાંથી જાગૃત થવું આ એક મોટી વાત છે. જાગૃત થવું અને સતત જાગૃત રહેવું. બસ. એવું કોઈ પ્રબળ નિમિત્ત હોય તો તે પ્રત્યક્ષ ગુરુનો યોગ છે, પ્રત્યક્ષ પરમાત્માનો યોગ છે એક જબરજસ્ત પ્રબળ નિમિત્ત છે.

જો પોતે લક્ષ ન આપે તો જે દ્રવ્યે સંયોગ થયો છે એ યોગ અયોગ જેવો થાય. પણ પોતાનું હિત કરવાની પોતાની ભાવના હોય તો એ પ્રબળ નિમિત્ત છે. જો એ પોતે પોતાને વિષે કાળજીમાં ન હોય, દરકારમાં ન હોય તો એને એ સંયોગ થવા છતાં નિમિત્તપણું લાગુ પડતું નથી. એ વાત અપેક્ષિત છે. એ સાથે સાથે સમજી લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન ઉઠાવે છે ઘણાં. ઘણાં જ્ઞાનીના સંયોગમાં રહ્યા હોય છે, રહે છે અને છતાં એવું પરિણામ જોવામાં આવતું નથી. એ પ્રત્યક્ષ અનુભવ થાય છે. ત્યારે શું સમજવું? કે ત્યારે એમ સમજવું કે એવો કોઈ અમૂલ્ય યોગ થવા છતાં એણે પોતે બેદરકારીનો પાર રાખ્યો નથી. પોતે દરકાર કરી નહિ. આવ્યો હોય, સંગમાં રહેવાની શરૂઆત કરી હોય ત્યારે તો એ ઈચ્છા રાખે કે આપણે સમાગમમાં રહેવું છે, સત્સંગમાં રહેવું છે, જેથી આપણા આત્માને કાંઈ લાભ થાય. આવા સામાન્ય વિચારથી શરૂઆત કરી હોય તોપણ જો એની કાળજી ન રહી હોય તો એનું કોઈ પરિણામ આવતું નથી.

એ લીધું છે, 'વિષય કષાય સહિત જે રહ્યા મતિના યોગ,' વિષમ યોગમાં પોતાની મતિ પ્રવર્તે. પરિણામની વિષમતા. વિષય કષાય અને પરિણામની વિષમતા. 'વિષયકષાય સહિત જે રહ્યા મતિના યોગ, પરિણામની વિષમતા એને યોગ વિયોગ'. એને અનંત

કાળે દુર્લભ એવો યોગ મળવા છતાં એણે એ વેડફી નાખ્યો. **'માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ...'** લેવાનું છે સરવાળે શું? કે પ્રત્યક્ષ ઉપદેશનો પૂરી ગંભીરતાથી એ ઉપદેશનું અવધારણ થાય પોતાના આત્માને વિષે, એટલી ગંભીરતાથી સમાગમનો પ્રસંગ હોય ત્યારે એ ગંભીરતામાં જરા પણ ફેર પડવો જોઈએ નહિ.

'ગુરુદેવ'ના પ્રવચનો ચાલતા. વર્ષો સુધી ચાલ્યા. કોઈ એમ કહે કે અમને તો સાંભળતા સાંભળતા ક્યાંય વિચાર બીજે ચાલ્યા જાય. તો એનો અર્થ એમ થાય કે એને આ યોગનો કેટલો લાભ છે એની ગંભીરતા ભાસી નથી. અને જ્યાં જ્યાં પરિણામ ચાલ્યા જાય છે તે તે વિષયોની એટલી બધી કિંમત પહેલા અંકાઈ ગઈ છે, એનો એટલો બધો રસ ચડી ગયો છે, એની એટલી સાવધાની વર્તે છે કે અહીંયાં સાંભળતા સાંભળતા એની સાવધાનીમાં પહોંચી જાય છે. આનું આમ કર્યું હોત તો ઠીક હતું, આનું આમ ન કર્યું હોત તો ઠીક હતું.

મુમુક્ષુ :- લાભ લીધો નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- લાભ તો એક બાજુ રહી ગયો, નુકસાન શરૂ થઈ ગયું. કેમકે ત્યાં બીજાની ખબર પડે કે ન પડે, પણ પોતે તો પ્રત્યક્ષ સદ્‌ગુરુનો અવિનય કરી રહ્યો છે. કેમકે એ પોતે દરકાર કરતો નથી. ગુરુ ઉપદેશ આપવાનો પરિશ્રમ કરે છે, નિઃસ્પૃહપણે. કાંઈ અપેક્ષા છે? તોપણ પોતે દરકાર ન કરે તો એના જેટલો બીજો કોઈ અવિનય નથી. ગુરુનો અવિનય છે. જે શાસ્ત્ર ઉપરનું પ્રવચન ચાલતું હોય એ શાસ્ત્રનો અવિનય છે. શાસ્ત્રકર્તા એવા આચાર્યોનો પણ અવિનય છે. બધું એમાં આવી જાય છે. નુકસાનનો સરવાળો મૂકો કેટલું નુકસાન થાય છે.

મુમુક્ષુ :- છેક આચાર્ય સુધીનો...

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો પછી એમાં દેવ પણ આવી જાય છે. .. કેમકે એ બધા આચાર્યોનો ઉપદેશ તીર્થંકર પરમેશ્વર સર્વજ્ઞ દેવાધિદેવના ઉપદેશની પરંપરા છે. શ્રુત છે એ ત્યાંથી ચાલ્યું આવ્યું છે. ભગાવાનની વાણીની પરિપાટી ચાલી આવી છે. એનો એની અંદર નિષેધ આવી જાય છે.

શ્રુતપંચમીનો ઈતિહાસ એ છે કે આજે 'અંકલેશ્વર'ની અંદર પ્રથમ જે ગ્રંથાકારે દ્રવ્યશ્રુત થયું એવા ષટ્‌ખંડાગમ થયા પહેલા. એમનું પૂજન કરવા માટે, એમની મહિમા કરવા માટે. ત્યાર પછી બધા શાસ્ત્રોની રચના થઈ છે. અત્યારે દિગંબર સંપ્રદાયની અંદર જે શાસ્ત્ર વિદ્યમાન છે એમાં પ્રથમ 'ષટ્‌ખંડાગમ' છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બે હજાર પહેલા પહેલા.

મુમુક્ષુ :- મહાવીર સ્વામી પછી.

પૂજ્ય ભાઈશ્રી :- મહાવીર સ્વામી પછી લગભગ ચારસો. 'કુંદકુંદાચાર્યદેવ' લગભગ પાંચસો વર્ષ, આ લગભગ ચારસો વર્ષ ... એ પહેલા ગુરુ પરંપરાથી મૌખિક કંઠસ્થપણે શ્રુતજ્ઞાન આચાર્યો અને મુનિઓ અવધારતા. એ ક્ષયોપશમ શક્તિ ક્ષીણ થતી જોઈ 'ધરસેનાચાર્ય' નામના આચાર્યને વિકલ્પ થાય છે કે આ તો ...

... વિહાર કરતા બે મુનિરાજ છે. પુષ્પદંત અને ભૂતબલી નામના બે મુનિરાજ વિહાર કરતા કરતા ધરસેનાચાર્યદેવ પાસે આવે છે. ગિરનારની અંદર ધરસેનાચાર્યની ગુફા છે. આજે પણ છે. એમને એ મૌખિક જ્ઞાન આપે છે.

એની પૂજા જેઠ સુદ પાંચમે પહેલીવહેલી થઈ. .. જેઠ સુદ પાંચમને શ્રુત પંચમી તરીકે ઓળખાય છે. મોક્ષની ...માં એને ... કર્ણાટક અને તમિલનાડુમાં વધારે, કેરળમાં અને ..માં ત્યાં મુસલમાનો અને ક્રિશ્ચિયન એની ... પણ આ બન્ને પ્રાંતમાં જૈનોની વસ્તી, દિગંબર જૈનોની વસ્તી .. કેટલાક તો ગામના ગામ ... .. નાના નાના ગામમાં મોટા મોટા મંદિરો એ કાળની અંદર ... સો-બસ્સો વર્ષ, ચારસો વર્ષમાં મોટા મંદિરો નાના ગામડામાં જોવા મળે. આ દિવસે ત્યાં નિયમ લ્યે છે. ત્યાં તાડ ઘણાં થાય છે એટલે તાડપત્રો પણ ત્યાં સહેલાઈથી મળે છે. તાડપત્રો ઉપર લખવાના સાધનો પણ ત્યાં સહેલાઈથી મળે છે. લખવાના એટલે અંદર ખાડો પાડે, કાણા પાડે એવી રીતે લખવામાં આવે. જેથી લખેલું ભૂંસાય નહિ. તાડપત્રની જે ટકાવ શક્તિ છે, Durability જેને કહીએ, એ સારામાં સારી ઊંચામાં ઊંચી Qualityના કાગળ કરતા દસ ગણી વધારે ટકાઉ હોય છે. મકાનોના દસ્તાવેજ કરવામાં આવે એ બોન્ડ પેપર જેને કહે છે એ બસ્સો વર્ષ માંડ ચાલે છે. જાડો કાગળ હોય.

મુમુક્ષુ :- આ કેટલા વર્ષ ટકે?

પૂજ્ય ભાઈશ્રી :- બે-બે હજાર વર્ષના તાડપત્રો આજે એવાને એવા સુરક્ષિતપણે એમનેમ છે. બે હજાર વર્ષના. ... 'કર્ણાટક'માં હતા.. નાના નાના ગામડામાં, ગરીબમાં ગરીબ માણસને ત્યાં એવા હાથે લખેલા સો-બસ્સો તાડપત્રના શાસ્ત્ર મળે. સો-બસ્સો શાસ્ત્ર મળે. બેંગ્લોરમાં એક ... રિટાયર્ડ થઈ ગયેલા. એ તો એમ કહેતા ... ડિસ્ટ્રીક .. કર્ણાટક .. એ તો Golden mine. જૂના પુરાના શાસ્ત્રોની આ એક સોનાની ખાણ છે. તમારે શાસ્ત્રોની તપાસ કરવી હોય તો ત્યાં જાવ.

... લાઈબ્રેરીમાં ૬૦૦ જેટલા દિગંબર જૈન શાસ્ત્રો તાડપત્રમાં આજે પણ ... તાડપત્ર અને તાડપત્રી ઉપર લખાયેલા શાસ્ત્રો કેવા હોય એ Show caseની અંદર રાખેલા. પહેલા તો કાંટાથી લખતા. અત્યારે એના .. લોખંડના, લોઢાના બનાવેલા.

કલમ પહોળી બનાવે. કાંટાવાળી.

મુમુક્ષુ :- એ વાણી ચાલી આવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વાણી આ બધી સત્પુરુષો અને .. હૃદયમાં ઊતરી છે. હૃદયમાં ઊતરતા અનુભૂતિ સંપન્ન થયા અને પોતાના આત્માને ... ઉપાસતા-ઉપાસતા પાછી એ વાણીનો પ્રવાહ ચાલ્યો. અનેક શાસ્ત્રો અને સાહિત્યનો ... એવી આ વાણી છે.

મુમુક્ષુ :- આ કાળમાં 'ગુરુદેવ' થયા.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુદેવશ્રીએ શ્રુતનો ઘણો ફેલાવ કર્યો. ... દ્રવ્યશ્રુત લગભગ લોપાયમાન થઈ ગયું હતું, લુપ્તપ્રાય થઈ ગયું હતું. લગભગ લોપાયમાન થઈ ગયું હતું. એ દ્રવ્યશ્રુતને પાછી ગુરુદેવે જ્વલંત કરી નાખી. અનેક મંડળો, અનેક ગામોમાં મુમુક્ષુઓ સમજતા થયા. અને 'ગુરુદેવ'ની હયાતીમાં એક ચર્ચા ... તત્ત્વની ચર્ચા ચાલે. રસ્તામાં ભેગા થાય તોપણ તત્ત્વની ચર્ચા ચાલે. એવું વાતાવરણ .... હતું.

પરમાગમમાંથી પ્રયોજનભૂત વિષય એટલે આ. '**માર્ગ પ્રાપ્તિ માટે પ્રબળ નિમિત્ત છે.**' મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરવા માટે આ બે નિમિત્ત છે, આ સિવાય ત્રીજું કોઈ નિમિત્ત નથી. એમ લેવું છે. બે નિમિત્ત છે. એક પ્રત્યક્ષ અને એક પરોક્ષ. પરમાગમનો ઉપદેશ પરોક્ષ છે. અને પ્રત્યક્ષ સમાગમમાં ઉપદેશ પ્રત્યક્ષનો છે. પ્રત્યક્ષનો જે ... સમજણ ફેર થાય તો નીકળી જાય છે. શાસ્ત્ર એ સમજનાર ક્યાં ભૂલ્યો છે એ શાસ્ત્ર કાંઈ કહી શકે નહિ.

'**ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે.**' તરસ્યો માણસ હોય, ઠંડુ મીઠું જળ હોય તો ગટક ગટક પીવે. એમ જે પાત્રતામાં આવ્યો હોય એ ઉપદેશનો તરસ્યો છે. એને સીધે સીધી વાણી હૃદયમાં ઊતરી જાય. '**ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી...**' માં વિશિષ્ટતા છે. 'શ્રીમદ્જી'એ ત્રણ-ચાર ખાસ વાત કરી છે કે જેમાં પૂર્વાપર અવિરોધપણું છે અને એની અંદર આત્માર્થનો ઉપદેશકપણાનો પ્રકાર છે. શું છે? આત્માર્થ સધાય એવો જેનો ઉપદેશ છે જેમાં. આત્માનું હિત થાય એવો ઉપદેશ છે. અને જે આત્માને, મુમુક્ષુને સાંભળનારને સતત જાગૃત રાખનાર છે. એવી જે વાણી એ વાણી દ્વારા આ વાણી યથાર્થ છે. સત્પુરુષની વાણી છે, ધર્માત્માની વાણી છે એ એના આશય ઉપરથી ...

'**ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી...**'માં બધું આવી જાય છે. અહીંયાં સંક્ષેપમાં એટલી વાત કરી કે ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી છે. પોતાના સ્વાનુભવથી મુદ્રિત થયેલી જે વાણી છે. અંદરમાં સ્વાનુભૂતિની ધારા ચાલે છે અને આ બાજુમાં ...

એકસાથે બે કામ થાય છે. તો એની અંદર સ્વાનુભૂતિનો અણસાર આવે છે. એ વાણીમાં સ્વાનુભૂતિની ઝલક આવે છે. એવી જે વાણી છે, એ મુમુક્ષુ-પાત્ર મુમુક્ષુ-છે એના હૃદયમાં એના ચૈતન્યને એ જગાડે છે. એના ચૈતન્યના સંસ્કાર ... ભલે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી. તોપણ કોઈ આવો જ નિમિત્ત નૈમિત્તિક યોગ બાજે છે અને પછી જીવનો છૂટકો થાય છે. એવો નિમિત નૈમિત્તિક યોગ સંપન્ન થયા વિના કદી કોઈ જીવનો છટૂકો થયો નથી, થતો નથી અને થશે નહિ. યહી અનાદિ સ્થિત છે. 'પાવે નહિ ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત.' અંતર્મુખનો માર્ગ એ એવો ગૂઢ રહસ્યમય છે કે અનંત કાળથી જીવને એનો પત્તો લાગ્યો નથી. એનો પત્તો આ વાણીમાંથી લાગે છે.

**'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે.'** એટલે એના આત્મામાં એ પરિણામ પામે છે. પાત્ર જીવના આત્મામાં એનું કોઈ પરિણામ આવે છે. કાર્ય તો પોતે કરે છે. પોતે જ્યારે કાર્ય કરે છે ત્યારે અનુકૂળ નિમિત્ત ઉપર આરોપ કરવામાં આવે છે. ઉપદેશક એવા શ્રીગુરુનો એવો આશય હોય છે કે અનંત કાળથી રખડતા અને દુઃખી થતા જીવનું દુઃખ મટે એના માટે મારા અનુભવમાં આવ્યો છે એવો માર્ગ મારાથી વ્યક્ત થાય એવું ... કરતો જાઉં. નિષ્કારણ કરુણાબુદ્ધિથી. એવા આશયને અનુકૂળ જ્યારે કોઈ પરિણમન કરે છે ત્યારે ઉપદેશ આપ્યો અને ઉપદેશ ગ્રહણ કર્યો એવો પરસ્પર આરોપ કરવામાં આવે છે. બાકી ઉપદેશકના પરિણામ શ્રીગુરુના પોતાના આત્મામાં અને મુમુક્ષુના પરિણામ પોતાના આત્મામાં. પણ બન્ને વચ્ચે મેળ ખાધો છે. એવા પ્રસંગને એવી રીતે નિમિત્ત નૈમિત્તિક સંબંધથી જોડવામાં આવે છે.

મુમુક્ષુ :- આ હિસાબે 'સોનગઢ'નું મહત્ત્વ ઘણું કર્યું. દુનિયામાં અત્યારે બીજે ક્યાંય..

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો સૂર્યકીર્તિ ભગવાનના તીર્થંકરની તૈયારી અહીંથી થઈ છે. ... બોલેલા છે કે હજી તીર્થંકર પ્રકૃતિ બાંધવાની શરૂઆત નથી થઈ. એ તો હવે પછીના ભવોમાં થવાની છે. પણ તૈયારી અહીંથી ચાલુ થઈ ગઈ છે. એમની ભાવનામાં ઘણાં.. એવી તૈયારી એની. બીજા તો અનેક જીવો આવવાના છે. લાખો-કરોડો જીવો આવવાના છે. તો એ જે પુણ્યપ્રસંગ છે, સમવસરણમાં જવા માટેનું જે પુણ્ય છે એ પણ એના કોઈ પૂર્વ પરિણામના કારણના ફળ સ્વરૂપે છે. અહીંથી એ શરૂઆત કરશે. સમવસરણની શરૂઆત અહીંથી કરશે. આમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતે પાછા એ કહેતા જાય છે કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે પણ બંધભાવ છે, એ પણ મોક્ષનો માર્ગ નથી.

મુમુક્ષુ :- બંધન છે આ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ બંધન છે. એ કહેતા જાય છે. .. કુદરતનું કામ કરતી જાય છે. આમ છે.

મુમુક્ષુ :- ચૈતન્યને સ્પર્શીને...

પૂજ્ય ભાઈશ્રી :- ચૈતન્યને સ્પર્શીને એટલે અનુભવીને. ચૈતન્યને અનુભવીને અભેદ ભાવે પરિણામ વર્તે છે અને આ બાજુ સાથે સાથે કર્મધારામાં વિકલ્પ ચાલે છે. 'ગુરુદેવ' એને હીરાની રજ કહેતા હતા. રત્નત્રય તો સાક્ષાત્ રત્ન છે, હીરા છે અને આ વાણી ખરે છે એ એની રજ છે. આ હીરા ઘસતા ઘસતા એની રજ ખરે છે. પહેલ ક્યારે પડે કે નકામો ભાગ નીકળી જાય ત્યારે. એ નકામો ભાગ પણ કેરેટમાં જોખાય છે. તોલામાં જોખાતો નથી. હીરા બજારમાં હીરાની જે રજ છે બજારમાં એની કિંમત કેરેટમાં થાય છે. એની ગ્રામમાં કિંમત નથી થતી કે એક ગ્રામનો શું ભાવ? એમ નથી. એક ગ્રામના એકસોમો ભાગ છે એનો ભાવ બોલાય છે. અને એના પણ સોમા ભાગનો હિસાબ-કિતાબ થાય. એક ગ્રામના હજારમાં ભાગનો હિસાબ-કિતાબ થાય છે. એક ગ્રામ એટલે કેટલો? આ નાનો શીંગનો દાણો હોય ને. ... કાઢે છે ને? મગફળીમાંથી દાણા કેટલા નીકળે. લગભગ મોટો દાણો હોય તો વધારે નીકળે. મધ્યમ કક્ષાનો એક નાનો દાણો હોય તો એક ગ્રામ જેટલું વજન થાય. હીરાના રજની એના એક હજારમાં ભાગની કિંમત થાય.

મુમુક્ષુ :- એક હજારમો ભાગ.

પૂજ્ય ભાઈશ્રી :- એક ગ્રામના હજારમો ભાગ. આપણા ગ્રામમાં તો ચાલે છે.

.... અને એકદમ રુચિથી જીવ સાંભળે તો.. નિમિત્તપણે આત્મસ્પર્શી વાણી આવતી હોય, આત્માભાવ વ્યક્ત કરતી. આત્માને અને આત્મ પ્રાપ્તિના ઉપાયને વ્યક્ત કરતી વાણી આવતી હોય અને આત્માની એકદમ રુચિથી, આત્મપ્રાપ્તિની એકદમ ભાવનાથી જો કોઈ જીવ સાંભળે તો સહજમાત્રમાં તે જીવ '**સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.**' અને જે નજીક થાય છે તે પામી જાય છે એ કહેવાની જરૂર રહેતી નથી. આટલી યોગ્યતામાં આવ્યો, પાત્રતામાં આવ્યો, સમ્યક્ત્વની નજીક થયો એટલે સમ્યક્સન્મુખ થયો. સંસ્કારમાં આવ્યો, સ્વરૂપ નિશ્ચયમાં આવ્યો એને આગળ જતાં પ્રાપ્તિમાં વાર લાગતી નથી. એ તરત જ શીઘ્રપણે એના વિકલ્પો વમાઈ જાય છે. અને નિર્વિકલ્પ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. .. ક્ષણે જ્ઞાન ... જન્મ-મરણનો .. એના આત્માને વિષે

સ્થાન પામતું નથી. એક વિષયમાં બહુ સરસ ..

**'બહારની ક્રિયા માર્ગ દેખાડતી નથી,...'** આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળતો હોય, એવી ભાવનામાં ઊભો હોય, એવી જિજ્ઞાસામાં ઊભો હોય, એકમાત્ર જેને સ્વરૂપ પ્રાપ્તિનું લક્ષ હોય એને ... તો એને સહજમાત્રમાં આ વસ્તુ ... પ્રકાશને ગોતતો હોય અને સામે પ્રકાશ થયો હોય તો પ્રકાશના શોધનારને પ્રકાશ દેખતા કેટલી વાર લાગે? બસ! આટલી વાર છે. આથી વધારે વાર નથી. એવો ચોખ્ખો આત્મા અને એવો ચોખ્ખો આત્મપ્રાપ્તિનો ઉપાય એકસાથે આવી વાણીની અંદર, આત્મસ્પર્શી વાણીની અંદર, આવું વિશેષણ વાપર્યું વાણીને વિષે. શું વાપર્યું? આત્મસ્પર્શી વાણી. એવી વાણી ત્યાં ચાલતી હોય છે. જીવની જો આટલી તૈયારી હોય તો સહજમાત્રમાં એ સમ્યક્ત્વની નજીક થઈ જાય છે. અપૂર્વ એવું જે સમ્યગ્દર્શન છે એની નજીક આવતા વાર લાગતી નથી. સાંભળતા-સાંભળતા .. પછી પુરુષાર્થ ઉપડે છે. નજીક થાય ત્યારે એને પુરુષાર્થ ઉપડે છે. અને એ પુરુષાર્થ પર્યાપ્ત માત્રામાં પહોંચે ત્યારે એને ... પણ એ ...નો પુરુષાર્થ વૃદ્ધિગત થાય જ છે. નથી થતો એ પ્રશ્ન પછી રહેતો નથી. પામતો નથી એ પ્રશ્ન પણ રહેતો નથી. પામે જ પામે.

આવો નજીક થઈ ગયો હોય, .. હોય એ પાછો ન પામે તો? પાછો ફરીને બીજા ઓલામાં પડી જાય તો? તો કહે છે, ન પડે હવે. કેમકે પછી એને જગતમાં બીજું કોઈ એટલું આકર્ષણ નથી રહેતું. જેટલું એને સાંભળવા મળ્યું પોતાનું અદ્‌ભુતથી અદ્‌ભુત જે આત્મસ્વરૂપ છે એ એને ભાસ્યું છે. પછી એને આખું પરિણામનું વલણ બદલાઈ જાય છે. એકવાર વલણ બદલાણું .. એ દશા અવશ્ય બહુ અલ્પ કાળમાં બદલાય છે. પાછો ફરતો નથી. એને સમ્યક્ત્વની નજીક થયો એમ કહેવામાં આવે છે. તે સમ્યક્ત્વની નજીક થયો છે.

એ રીતે અહીંયાં ઉપર ઉપરથી ચાલવામાં ... ભાવો જે શબ્દોથી કહ્યા છે અપેક્ષિત ભાવ કહ્યા છે...

**તા. ૨૬-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૭**
**પ્રવચન નં. ૩૦૨**

**આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે. તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે. જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી. તું તેનું જ અવલોકન કર ને ! તેની અંદર એક વાર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે. ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ. બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી જશે. તું પરથી વિરક્ત થઈશ. ૩૮૭.**

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૭, પાનું-૧૪૩. આત્મસ્વરૂપનો મહિમા આ બોલની અંદર કર્યો છે. '**આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે.**' આનંદ અમૃતનું સરોવર છે. જેના સ્વભાવનો અંત નથી, સીમા નથી એવો તે અજાયબ પદાર્થ છે. દરેક આત્માનું ક્ષેત્ર શરીરપ્રમાણ હોવા છતાં એટલા ક્ષેત્રમાં જે કોઈ શક્તિઓ ભરી છે એ કોઈ અજબ ગજબની શક્તિઓ ભરેલી છે. એમ લેવું છે. 'શ્રીમદ્જી'એ શુદ્ધોપયોગનો મહિમા કર્યો છે. ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટ યોગ, ઉત્કૃષ્ટ સંયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટ તપશ્ચર્યા, ઉત્કૃષ્ટ રિદ્ધિ, ઉત્કૃષ્ટ સિદ્ધિ એ બધું જેમાં સમાય છે એવા એક અવિષમ ઉપયોગને નમસ્કાર હો!

મુમુક્ષુ :- બધું જેમાં સમાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- બધું જેમાં આવી જાય છે. એ અવિષમ ઉપયોગમાં. એ ઉપયોગ તો આ આત્માનું અવલંબન લેનારો છે. જે ઉપયોગે અજાબઘર એવા આત્માનું અવલંબન લીધું એને એટલા નમસ્કાર કર્યા છે. દાસાનુદાસ કહે છે ને? એ તો દાસ છે. ઉપયોગ તો દાસ છે. જેનું અવલંબન લ્યે છે. એનો આટલો મહિમા કર્યો છે. એમની તો શૈલી જ એવી સરસ છે.

૭૩૫ છે. એક Post card છે ખાલી. '**વિષમભાવના નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયાં છતાં જે જ્ઞાનીપુરુષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્તે છે અને ભવિષ્યકાળે વર્તે એ સર્વને વારંવાર નમસ્કાર.**' પહેલા તો ઉપયોગધારી ધર્માત્માને નમસ્કાર કર્યા

છે. '**ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ,...**' આ લોકોને ચમત્કારમાં આકર્ષણ થાય છે. ભારે ચમત્કાર, બહુ મોટો ચમત્કાર. આ લબ્ધિથી જોવે છે ને માણસ? કહે છે કે '**સર્વોત્કૃષ્ટ લબ્ધિ,...**' આ વિચાર તો એમાંથી જ આવ્યો. અજાયબઘર કહ્યું ને? અજાયબઘર એટલે ચમત્કારીક ઘર છે. '**ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, એ જેમાં સહેજે સમાય છે...**' સહેજે જેની અંદર સમાવેશ પામેલું છે આ બધું. '**એવા નિરપેક્ષ અવિષમ ઉપયોગને નમસ્કાર.**' આટલું વાક્ય લખ્યું છે. '**એ જ ધ્યાન.**' આ જ ધ્યાન છે. બીજું કોઈ ધ્યાન નથી.

શુદ્ધઉપયોગ એટલે શું? અવિષમ ઉપયોગ એટલે કે જેમાં રાગ-દ્વેષની વિષમતા નથી. એવો જે જ્ઞાતા-દૃષ્ટા ભાવે જ્ઞાયક ભાવે જે શુદ્ધોપયોગ થયો એને નમસ્કાર. કેમ કરતા એ શુદ્ધોપયોગ થયો? કે શુદ્ધ આત્મસ્વરૂપ જે અજાયબઘર છે એની અજાયબીમાં ડૂબી ગયો. એની અજાયબીમાં લીન થઈ ગયો, ડૂબી ગયો ત્યારે તે ઉપયોગ તે શુદ્ધઉપયોગ થયો. શુદ્ધોપયોગ એટલે આત્મસ્વરૂપના મહિમાનો સાક્ષાત્ ભાવ એને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. વિકલ્પથી, રાગથી મહિમા થાય એ મહિમાને તો હજી કૃત્રિમ મહિમામાં ગણવામાં આવે છે. આત્માના મહિમાનો વિકલ્પ આવે, રાગ ઊપજે, તદ્અનુસાર જે કાંઈ ભાષાપ્રયોગ થાય, વચનપ્રયોગ થાય એ બધું શુદ્ધોપયોગ પાસે કાંઈ નથી. એની કોઈ ગણતરી નથી.

એવો '**આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે.**' કે જેની સન્મુખ થનાર પરિણામમાં સર્વોત્કૃષ્ટ લબ્ધિ રહેલી છે. વસ્તુમાં કેટલી લબ્ધિ છે? એનો કોઈ હિસાબકિતાબ થઈ શકે એવું નથી. ઉત્કૃષ્ટ અજાયબ ઘર છે. '**તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે.**' લૌકિક ચમત્કારો અને અજાયબીઓ જે જોવામાં આવે છે એ તો બધી લૌકિકની ગણતરીમાં અલૌકિકની કોઈ ચીજની સરખામણી થાય એવું નથી. આ લોકો મકાન હોય, તાજમહાલ હોય તો કહે અજાયબી છે. 'પેરિસ'માં એફિલ ટાવર છે ૯૦૦ ફૂટ ઊંચો તો કહે અજાયબી છે. એટલે એના જેવું બીજું નથી ટૂંકામાં. કોહીનૂર હીરો તો એક અજાયબી છે. કેમકે બીજો કોહીનૂર હીરો એવો નથી.

મુમુક્ષુ :- એ બધી અજાયબી છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એને નિર્મૂલ્ય કરી નાખે છે. જગતમાં જેનું મૂલ્ય છે એને નિર્મૂલ્ય ગણવામાં આવે છે. મૂલ્ય વિનાની ચીજ એની પાસે છે. સરખામણી નથી કરતા કે આના કરતા આ વધારે. મૂલ્યવાન તો એક આત્મા જ છે. એની પાસે જગતના કોઈ પદાર્થોનું મૂલ્ય નથી.

એવી '**તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે.**' લૌકિકમાં જોવા ન મળે એવી અલૌકિક અજાયબી ભરી છે. '**જોવા જેવું બધુંય,...**' અજાયબઘરમાં જ છે. આ લોકો દુનિયામાં જોવા જાય છે ને? 'અમેરિકા' જોવા જાય છે. દેશાટન, પર્યાંટન કરીને બધું જોવા જાય છે. કહે છે કે '**જોવા જેવું બધુંય,...**' આ અજાયબ ઘરમાં જ છે. મ્યુઝિયિમ છે વિધ વિધ વસ્તુઓનો. કેટલો ટાઈમ લાગે? કે એક ચીજને જોવામાં એક મિનિટ લાગે તો આટલા દિવસ. એમ કરીને ગણતરી મૂકે. એની કિંમત કાઢી નાખી છે અહીંયાં. એમાં કાંઈ છે નહિ. એ કાંઈ જોવા જેવું નથી. શું કહે છે? એનું કુતૂહલ છોડ. એમ કહેવું છે. જગતના પદાર્થોને જોવાનું કૂતુહલ છોડ અને જે કાંઈ જોવા જેવું છે એ બધું તારા આત્મામાં છે. બધું જોવા જેવું તારા આત્મામાં છે.

જ્યારે કેવળ શુદ્ધોપયોગ થાય છે ત્યારે તો આખું જગત જાણે એને પોતાનું સ્વરૂપ સમર્પણ કરતું હોય, જગતમાં સર્વ પદાર્થો પોતાનું સમર્પણ કેવળજ્ઞાનને કરી દે છે. પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દે છે. બધાનું પ્રતિબિંબ આવે છે ને એટલે એવો અલંકાર લીધો છે. કેવળજ્ઞાનની મહિમા એટલી છે કે જગતમાં સર્વ પદાર્થોને એમ થયું કે અમારું સર્વસ્વ તમને સમર્પણ કરી દઈએ. એવું જોવા જેવું જે કાંઈ હોય તો તે આત્મામાં છે. આત્માથી બહાર કાંઈ જોવા જેવું નથી.

'**જોવા જેવું બધુંય આશ્ચર્યકારી એવું બધુંય,...**' જે જોવા જેવું છે અને જે આશ્ચર્યકારી છે. જગતમાં પરિભ્રમણ કરતો પ્રાણી, જેના અવલંબને અંતર્મુહૂર્તમાં સિદ્ધપદ ધારણ કરે એની અજાયબી અને એનું આશ્ચર્ય અને એનો ચમત્કાર કેટલો! વસ્તુનો ચમત્કાર કેટલો!! કારણશુદ્ધ પર્યાયનું વર્ણન કરતાં 'ગુરુદેવશ્રી'એ પ્રવચનમાં એકવાર એમ કહ્યું કે કેવળજ્ઞાનની જે પર્યાયો ઉત્પન્ન થાય છે એ પર્યાય તો ફક્ત જે ત્રિકાળી કારણ પરમાત્મા છે એમાં એક વર્તમાનની સન્મુખ થતા એમાં કેવળજ્ઞાન ફાટ્યું છે. એ વર્તમાન તો પદાર્થની ત્રિકાળ કારણપરમાત્માની માત્ર ઉપલી સપાટી છે. ઉપલી સપાટીની સન્મુખ થયો એને એની સ્પર્શના થઈ એમ કહેવાય છે. તો જેની આટલી સ્પર્શના કે સન્મુખ થાય, વર્તમાન સન્મુખ થાય-ત્રિકાળીના વર્તમાન સન્મુખ થાય ત્યાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. વસ્તુની અંદર શું શું ભર્યું હશે? કેટલું ભર્યું હશે? મૂક અંદાજ એમ કહે છે. જેની સન્મુખ થનારને કેવળજ્ઞાન થઈ જાય, જે અવસ્થા એની સન્મુખ થાય એમાં કેવળજ્ઞાન ફાટે, શ્રુતજ્ઞાનમાંથી સીધું. વસ્તુનું સામર્થ્ય કેટલું?

આવે છે ને? 'સીતાજી'ના સ્વયંવરનો વિષય આવે છે. 'જનક રાજા'એ કહ્યું કે જે આ ધનુષને ઉપાડશે એને હું મારી કન્યા છે એની સાથે લગ્ન કરી દઈશ.

તો શરૂઆતમાં ઉતાવળા થઈને કેટલાક રાજાઓ, હતા બધા ક્ષત્રીય રાજાઓ હતા, એ તો નજીક જ ન જઈ શકે. આજુબાજુમાં Current એટલો હતો. ધનુષ મૂકેલું એની આજુબાજુનો Current એટલો હતો કે નજીક ન જાય. નજીક જાય તો ઊડી ઊડીને આઘા પડે. નજીક જવાનું જોર કરે તો ઊડીને આઘા પડે. કોઈ વળી શક્તિવાળા હતા, વિદ્યાવાળા હતા. સહેજ નજીક જાય તો અડવા હાથ લાંબો કરે ત્યાં ઊડીને પડે. 'રામચંદ્રજી'એ તો રમતમાત્રની અંદર ઉઠાવ્યું ત્યાં કટકા થવા માંડ્યા એના. ઉપાડ્યું ત્યાં કટકા થવા માંડ્યા. એના એક સામર્થ્યને બતાવવું છે.

એમ આ એક એવી અજાયબ ચીજ છે કે જેની સન્મુખ થાય તો લૌકિક રિદ્ધિ-સિદ્ધિ ને લબ્ધિઓનો તો કાંઈ એમાં હિસાબ નથી. એ તો એના સન્મુખ થનાર શુદ્ધોપયોગના અલ્પત્વમાં સમાય છે. કેમકે સાધક દશામાં તો અધુરો શુદ્ધોપયોગ છે ને? પૂર્ણ શુદ્ધોપયોગ તો કેવળજ્ઞાન છે. એવું કેવળજ્ઞાન જેની સન્મુખ થવામાં ઉત્પન્ન થાય એ મૂળ ચીજનું સામર્થ્ય કેટલું? આવો પોતે છે. દીન થઈને ફરે છે એ અંદરમાં તો મૂળ આવો છે. એમ કહેવું છે. બહારમાં દીન થઈને ફરે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' તો પ્રભુ જ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રભુ જ કહેતા હતા. ઈ દૃષ્ટિએ જોતા હતા. કોઈ દીન પરિણામમાં આવે તો એને એમ કહે પણ પ્રભુ! આવા કાંઈ દીન પરિણામ તારે ન હોય. એવું છે.

'**જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે,...**' એટલે કે તું તારા સ્વરૂપથી પરિપૂર્ણ છો, પૂરો સંપન્ન છો. જરાય ખોડખાપણ કે ક્ષતિ તારામાં નથી. 'પરમાત્મપ્રકાશ'ની ટીકા કરતા તો એમ કહે છે કે આત્માના સ્વરૂપની મહિમા ક્યારે? કે નિર્વિકલ્પ શુદ્ધોપયોગના કાળમાં તે સાક્ષાત્ એનો મહિમા એણે ધારણ કર્યો છે. અભેદ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયો. મહિમા કરતા કરતા અભેદભાવ થઈ ગયો. કેમકે સ્વસ્વરૂપનો મહિમા છે ને? પોતાનો જ મહિમા છે. એટલે પોતાનામાં પોતાનામાં વિકલ્પનું અંતર ન રહ્યું. વિકલ્પ અંશ છે એ તો વચ્ચેની દિવાલ છે. સ્વરૂપ મહિમાનો વિકલ્પ છે એ પોતે અંતરાયસ્વરૂપ છે.

મુમુક્ષુ :- એ ન રહ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- એ સાક્ષાત્ ઉપાદેય ત્યારે થયો. પોતાની ઉપાદેયતાના વિકલ્પમાં ઉપાદેય ન હોતો. ત્યાં ઉપાદેય શબ્દ વાપર્યો છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગના કાળમાં પોતાનું પરમેશ્વરપદ સાક્ષાત્ ઉપાદેય છે. ત્યાં સુધી એની ઉપાદેયતા ગણવામાં આવતી નથી. નિર્વિકલ્પ સ્વરૂપમાં નિર્વિકલ્પ પરિણામ થઈ જાય ત્યારે એને ને એને મેળ થયો. પોતાના સ્વરૂપને ભજતા એવા પરિણામને એની સાથે મેળ થયો. નહિતર જ્યાં

સુધી રાગમાં ઊભો છે ત્યાં સુધી એને મેળ નથી. ભલેને ગમે તેવો ઊંચામાં ઊંચો રાગ કરે. તોય આખરમાં એ રાગ છે અને એ વીતરાગસ્વરૂપ એવો જે પોતાનો શુદ્ધ આત્મસ્વભાવ એનાથી વિરુદ્ધ છે. સ્વભાવ વીતરાગસ્વરૂપ છે એનાથી તો રાગ વિરુદ્ધ જાય છે. એટલે વિરુદ્ધ હોય એને દુશ્મન કહે છે.

'ગુરુદેવ' એમ કહેતા કે દુશ્મનથી કેટલીક પ્રશંસા થઈ શકે? રાગ અને વાણી બેય જડમાં ખતવ્યા. રાગ વિરુદ્ધ છે. ચૈતન્યથી જડ પણ વિરુદ્ધ છે. તો વિકલ્પ અને વાણી તો દુશ્મનના સ્થાને છે. દુશ્મન મહિમા કરે કરે તો એનાથી કેટલોક મહિમા થાય? એમ કહે છે. આખરમાં તો એ વિરોધ પક્ષમાં ઉભેલા છે. એનાથી ખરેખર મહિમા થઈ શકતો નથી.

મુમુક્ષુ :- તો મહિમા શેમાં થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધઉપયોગમાં થાય છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગના કાળમાં સાક્ષાત્ ઉપાદેય છે અને ત્યારે જ એનો વાસ્તવિક મહિમા એને વર્તે છે એમ કહેવાય.

**'આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે,...'** એ બાજુનો જેને કાંઈ ખ્યાલ નથી, આત્માની અજાયબ શક્તિઓનો જેને કાંઈ ખ્યાલ નથી એને એમ લાગે કે આ શું તુંબડીમાં કાંકરા ખખડે છે? તુંબડીમાં કાંકરા ખખડે એટલે શું છે કે એ અવાજનો અર્થ શું? જેમ કોઈ તુંબડીમાં કાંકરા ખખડે એવા અવાજનું કોઈ અર્થઘટન નથી, એમ જેણે આત્માની દિશા જોઈ નથી. એને આત્માના મહિમાનું કોઈ અર્થઘટન ભાસતું નથી. એમ છે. એનું વાચ્ય શું છે? પણ ઓઘે ઓઘે જો એમ લાગે કે જે મહાપુરુષો વંદનિક છે, પૂજનિક છે, જગતને જે પૂજનિક છે એવા પુરુષો, પવિત્ર પુરુષોએ જેનો મહિમા કર્યો અને એ મહિમા કરતા કરતા પણ એમ કહ્યું કે આ મહિમા આ રીતે એ થઈ શકતો નથી. મહિમાની કોઈ અલૌકિક પદ્ધતિ તો શુદ્ધોપયોગમાં રહી છે. અને એ તો કાંઈ કહી શકાય એવી ચીજ નથી. ત્યારે એને ઓઘે ઓઘે એમ લાગવું જોઈએ કે છે કોઈ એવી ચીજ કે એની વિશેષ જિજ્ઞાસા, કૂતુહલ જિજ્ઞાસા કરીને એકવાર એની ઓળખાણ કરવી જોઈએ. આ એમાંથી ઓળખાણનો ભાવ ઉત્પન્ન થાય છે.

પહેલા તો આવો સ્વરૂપ મહિમા ઓઘે ઓઘે સાંભળવા મળે છે. પહેલા તો સ્વરૂપ મહિમા ઓઘે ઓઘે સાંભળવા મળે છે. પણ એ ઓઘસંજ્ઞામાં એટલો ભાવ આવે છે કે કાંઈક હશે કો'ક ગજબની વાત. કાંઈક કૂતુહલ કરીને, વિશેષ કુતૂહલ કરીને વિશેષ જિજ્ઞાસામાં આવીને આની જો એકવાર ઓળખાણ થઈ જાય તો એ ઓળખાણમાં ઉત્પન્ન મહિમા કોઈ એવી કક્ષાનું એવું કૂતુહલ ઉત્પન્ન થાય કે જે મહિમા અંદર ઘર

કરી જાય છે. પછી એ ઘર એ મહિમા છોડતો નથી. આપણે ગુજરાતીમાં એ Idiomatic language છે કહેવતની. કોઈ રોગ મૃત્યુ સુધી પહોંચી જાય ત્યારે વૈદ એમ કહે કે આ રોગ ઘર કરી ગયો છે. હવે આ મટશે નહિ.

'જુગતરામજી' કહેતા હતા. આ વા થાય છે ને વા? તો કહે, ભાઈ! તાત્કાલિક ઉપાય કરો, મહેમાન છે, કાઢી મૂકો. પછી ઘરધણી થઈ જશે. અત્યારે મહેમાન થઈને દરદ આવ્યું છે. કાઢવું હશે તો નીકળશે. નવું નવું છે એટલે હજી એની કાંઈ એમાં રોગની જમાવટ થઈ નથી. પણ જો ઘર કરી ગયું રોગ પછી મૃત્યુ સુધી નહિ મટે. એમ આ મહિમા-ઓળખાણનો મહિમા-એકવાર ઘર કરી જાય તો એમાંથી વૃદ્ધિગત થઈને સમ્યગ્દર્શન થાય, એમાંથી વૃદ્ધિગત થઈને સિદ્ધપદ પ્રગટે. પછી જવાનો પ્રશ્ન રહેતો નથી. વધવાનો પ્રશ્ન રહે છે. નીકળવાનો કે ઓછો થવાનો પ્રશ્ન રહેતો નથી.

'**તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી.**' અહીંયાં બધું છે અને બહારમાં કાંઈ નથી. પાછું એમ કહ્યું. નહિતર અહીંયાં પણ છે અને બીજે પણ છે. અહીંયાં જોવું અને બીજે જોવું. એ વાત છે નહિ. અહીંયાં છે અને બીજે ક્યાંય છે નહિ. ખાલી છે તારાથી. '**તું તેનું અવલોકન કર ને!**' જુઓ! તું એનો વિચાર કર એમ ન કહ્યું. તું તેનું અવલોકન કર. એને જો તું. ન જડે ત્યાં સુધી ત્યાં જ જો અને એ જ બાજુ જ જોવાનો પ્રયાસ કર એમ કહે છે. નહિતર વળી એમ કહે કે ભાઈ, જોવું તો છે. પણ કાંઈ દેખાતું નથી.

એ પ્રશ્ન પૂછ્યો છે ને 'સોગાનીજી'ને? કે અંદરમાં કાંઈ દેખાતું નથી. અને અંદરમાં કાંઈ દેખાતું નથી એટલે કેમાં સ્થિર થાવું? પોતાને મહિમાવંત ચીજ દેખાય તો એમાં સ્થિર થઈએ. અંદરમાં કાંઈ દેખાતું નથી એટલે સ્થિર થવાનો કોઈ અવસર નથી. તમે કહો છો કે જામી જાવ... જામી જાવ... અંદરમાં જામી જાવ... પણ અંદરમાં કાંઈ દેખાતું નથી. એટલે સ્થિર થવાનું કાંઈ કારણ નથી, પ્રસંગ નથી, અવસર નથી. પછી આ બધું જે સ્વાધ્યાય છે અને વાંચન છે અને શ્રવણ છે અને એ બધું કર્યા કરીએ.

એમ વિચાર રાખ્યો છે કે જ્યાં સુધી અંદરમાં આત્મા ન દેખાય ત્યાં સુધી આ વાંચ્યા કરવું અને ત્યાં સુધી આ સાંભળ્યા કરવું. તો એને જોરથી માથામાં હથોડાનો ફટકો માર્યો. આ વાંચન શ્રવણમાં આવતા નથી અને કરતા નથી એની તો કાંઈ ચર્ચા જ નથી. એ તો બિચારા સંસારના પ્રપંચોમાંથી ઊંચા નથી આવી શકતા એટલે એને આ વિચારવાનો અને વાંચવાનો અને સાંભળવનો સમય નથી મળતો. પણ જે સાંભળે છે અને આવી રીતે સાંભળે છે એને બહુ મોટો ફટકો માર્યો છે કે

તારામાં વ્યવહાર શ્રદ્ધાનું ઠેકાણું નથી. શું કીધું? વ્યવહાર શ્રદ્ધાનું તારામાં ઠેકાણું નથી. એ અભિપ્રાય છોડી દે. વાંચવાનો અને સાંભળવાનો અભિપ્રાય છોડી દે. રાગ તો ગણધરદેવને આવશે. રાગ થવાની વાત નથી, અભિપ્રાયની વાત છે. શ્રદ્ધાની વાત છે. અભિપ્રાય જુદી ચીજ છે. રાગ જુદી ચીજ છે. એ અભિપ્રાયથી તો અનંત કાળ તું વાંચ્યા કર અને અનંત કાળ તું સાંભળ્યા કર (તો પણ )હાથ નહિ આવે વસ્તુ. કેમકે તારી શ્રદ્ધામાં જ ભૂલ છે. તારો અભિપ્રાય જ ઊલટો છે. એવી વાત કરી છે.

એ શ્રવણમાં અને વાંચનમાં એ વાત છે. અવલોકન કરવામાં તો, આત્માનું જ અવલોકન કરવું છે. ત્યાં પછી કોઈ વિપરીત પ્રકાર આવતો નથી. વાંચન-શ્રવણમાંથી હજી અભિપ્રાયનો વિપર્યાસ રહી જાય છે તો એ જીવને પ્રાપ્તિ થતી નથી, વાંચન-શ્રવણ કરવા છતાં પણ. તત્ત્વજ્ઞાનનું સત્શાસ્ત્રોનું. અવલોકન કરનારને તો સીધી જ વાત છે. જ્યાં એ પોતે પોતાના અનલોકનમાં આવે છે, 'ગુરુદેવ'ની ભાષામાં કહીએ તો એ અનુભવ પદ્ધતિનું પ્રથમ ચરણ છે. અનુભૂતિનું Prior stage જેને કહેવામાં આવે છે. આગળનું stage એ છે કે એને અવલોકનમાં આવવું. કેમકે નિજ અવલોકનમાં કરવામં નિજ અનુભવની તપાસ છે. નિજ અનુભવ ઉપર એને ઉપયોગ મૂકવાનો છે અને ઉપયોગમાં નિજ અનુભવને અનુભવવાનો છે. અથવા અનુભવવાનો એ પ્રયાસ છે. એ પ્રયાસ અનુભવને પહોંચાડશે. અનુભવવાના પ્રયાસથી અનુભવ થશે. અને બીજા કોઈ પ્રયાસથી અનુભવ નહિ થાય. આ એનું અનેકાંત છે. એ અવલોકન છે.

**'તારામાં જ બધું છે. બહારમાં કાંઈ નથી. તું તેનું અવલોકન કરને !'** સ્વભાવને શોધવા નીકળ અંદરમાં. અંતર શોધ કર. તો જેણે શોધ કરી છે એની વાણી તને નિમિત્ત પડશે. એ વાણીમાં જેણે આત્માને અનુભવમાં પ્રત્યક્ષ કર્યો, અતીન્દ્રિય ભાવે અત્યંત પ્રત્યક્ષ કર્યો એની ઝલક એની વાણીમાં છે. જો તું અંતર શોધમાં નીકળીશ તો તને તરત જ એ બાજુના એ દિશાના શું ચમત્કારો છે? એ દિશાની એ વિષયની શું ખૂબીઓ છે એ બધું તને સમજવા મળશે, એનો ખ્યાલ આવશે. નહિતર એનો ખ્યાલ આવતો નથી. નહિતર એટલે ક્યાં સુધી? કે જ્યાં સુધી આ જીવને જગતની વસ્તુઓ, જેનો જગતમાં મહિમા ગવાય છે, મહિમા મૂકાય છે, જેને મૂલ્યવાન ગણી છે, એવી જગતની મૂલ્યવાન વાતો અને વસ્તુઓનો જ્યાં સુધી મહિમા છે ત્યાં સુધી જ્ઞાનીની વાણીમાં જે જ્ઞાનીનો દૃષ્ટિકોણ છે તે લક્ષગત થતો નથી. આ એનું એક પ્રતિબંધક કારણ છે.

જે સત્‌શાસ્ત્ર છે એ તો જ્ઞાનીની વાણી છે. પણ એની અંદર જે એક અલૌકિક

દૃષ્ટિકોણ રહ્યો છે એ દૃષ્ટિકોણ જ્યાં સુધી લક્ષગત થતો નથી ત્યાં સુધી એ વાણીનું કોઈ નિમિત્ત નૈમિત્તિક ફળ, નિમિત્તનું નૈમિત્તિક ફળ જે આવવું જોઈએ એવું કોઈ ફળ આવતું નથી. અને એનો મોટો પ્રતિબંધ આ છે. જેને કોઈ વખત એક જ શબ્દમાં લોકસંજ્ઞાથી કહેવામાં આવે છે. લૌકિક વિચક્ષણપણું, લૌકિક ધર્મશ્રદ્ધાવાનપણું...

... પૈસા, ઝવેરાત, દાગીના, સોનુ, આબરુ, કીર્તિ, મકાન એની કોઈ વાત નથી કરી. પણ લોકોની અંદર કોઈપણ બહાને, આ બધા બહાના જ છે, ત્યાં સુધીના કે લોકદૃષ્ટિએ ધર્મશ્રદ્ધાવાનપણું. ભાઈ બહુ ક્રિયા કરે છે. ઘણી કડક ક્રિયા પાળે છે, ઘણું વાંચે છે, ઘણું સાંભળે છે, ઘણું સમજાવે છે. લોકોની નજરમાં જો પોતાની મહત્તા આંકવાનો ભાવ રહ્યો. જ્ઞાનીની વાણીમાં રહેલો જે દૃષ્ટિકોણ, એકમાત્ર શુદ્ધાત્માની ઉપાદેયતા. શું દૃષ્ટિકોણ છે? એક પોતાનું નિજ પરમેશ્વરપદ જ એક ઉપાદેય છે અને એ સિવાય બીજું કોઈ ઉપાદેય નથી. પોતાનો પરમાત્મા જ પોતાને ઉપાદેય છે એવો જે દૃષ્ટિકોણ છે, એ દૃષ્ટિકોણ એને લક્ષગત થતો નથી. પેલાની આડે. એટલે એ મહિમા ઉપર એણે એકવાર ચોકડી મૂકી દેવી. દુનિયા દુનિયાના ઘરે પડી રહે. મારે આ દુનિયાનું કાંઈ કામ નથી. આમ ને આમ દુનિયાનો પ્રવાહ અનંત કાળથી ચાલ્યો આવે છે, અનંત કાળ ચાલવાનો. તું અંદર ખોવાય ગયો તો ગયો વંટોળિયામાં તણખલાની જેમ. તું જુદો પડ્યો તો કહે છે કે ધન્ય છે તને કે તું આ ટોળામાંથી જુદો પડ્યો, આ સમૂહમાંથી જુદો પડ્યો.

મુમુક્ષુ :- શુદ્ધ ઉપાદેય મળે નહિ પણ લક્ષગત પણ નથી થતો?

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષગત થતો નથી. એની વાણીનો દૃષ્ટિકોણ લક્ષગત થતો નથી. સમજમાં આવતો નથી કે આ તે શું કહેવા માગે છે? જો એકવાર લક્ષગત થાય તો આખી એની Line ફરી જાય. એવું છે. તો નિવેડો આવી જાય એનો. બહુ મોટી વાત છે. જુદી જુદી રીતે કેટલી વાતો કરી છે!

અહીંયાં કહે છે કે તું તેનું અવલોકન કરને. તારો સમય એના અવલોકનમાં લઈ જા. એ કાર્ય માટે તું જાગૃત થઈ જા એમ કહે છે. જો એ જાગૃતિ ન રહી તો રાગ અને જગતના કાર્યોમાં તારી સાવધાની અને જાગૃતિ એટલી ચાલી જશે કે અવલોકન કરવાનો એક સમય તને મળશે નહિ.

'ગુરુદેવ' તો એમ કહેતા ખરેખર જીવ મૂર્છાઈ ગયો છે. એક શુદ્ધાત્માને છોડીને કાં તો શુભમાં ને કાં તો અશુભમાં. જગતમાં ત્રીજી કોઈ ચીજ નથી. કાં તો શુભ પ્રવૃત્તિ અને શુભ વિષય, કાં તો અશુભ પ્રવૃત્તિ અને અશુભ વિષય. એમાં જીવ મૂર્છાઈ ગયો છે એવો મૂંઢાય ગયો છે કે એક સેકન્ડ માટે એ શુદ્ધોપયોગની અંદર

આવી શકતો નથી. મૂર્છામાંથી બહાર નથી નીકળતો. કેમકે મૂર્છામાંથી બહાર ન નીકળે તો શું પ્રવૃત્તિ કરે? મૂર્છા ખાય જાય છે ને? બેભાન થઈ જાય છે. બેશુદ્ધ. શું પ્રવૃત્તિ કરે? ખાવું, પીવું, ઝાડો, પેશાબ કાંઈ ખબર ન હોય. એનું નામ મૂર્છા છે, બેશુદ્ધિ છે. દૈહિક મૂર્છામાં આ પરિસ્થિતિ છે કે એને પોતાના પ્રયોજનભૂત કાર્યો કરવાની કોઈ સુધ સાન રહેતી નથી. એવી શુભાશુભમાં મૂર્છાઈ ગયેલી જે પરિસ્થિતિ છે એમાં એકલું અહિત સાધે છે. હિત સાધવાની એમાં જાગૃતિ આવતી નથી. એટલે એને શુદ્ધોપયોગ પ્રગટતો નથી. એવી ચર્ચા કરી છે. પ્રવચનોની અંદર ઘણી વાતો આવી છે.

તેનું અવલોકન કર. '**તેની અંદર એક વાર ડોકિયું કરતા પણ તને અપૂર્વ આનંદ થશે.**' કેવો? અનંત કાળમાં નહિ આવેલો એવો, પૂર્વે નહિ આવેલો એવો કોઈ અપૂર્વ આનંદ તને ઉત્પન્ન થશે. એકવાર ડોકિયું કર. જો તારા પ્રદેશે પ્રદેશે અંદરમાં ભરેલું જે આનંદ સરોવર, એનું મોજુ આવશે એકવાર. પર્યાયને કાંઠે એનું મોજું આવશે. કાંઠે મોજા આવે છે ને? અંદર ઘણું પાણી ભર્યું હોય, જળસમૂહ બહુ મોટો હોય. મોટા મોટા સરોવર હોય છે. કાંઠે એને તરંગ આવે છે. એમ પર્યાયમાં એ આનંદનો તરંગ આવશે તારી પર્યાયમાં. એ કાંઠો છે.

'**અપૂર્વ આનંદ થશે.**' સિદ્ધ પરમાત્માના પરમાનંદ જેવો આનંદ તને થશે. એવો જ આનંદ તને થશે કે '**ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ.**' એ વાત 'નિયમસાર'માં લીધી છે. જે આપણાં 'સોનગઢ'ના સ્વાધ્યાય મંદિરમાં પગથિયા ચડતા સામે એક ચાકળો છે. બહારની પરસાળના બારણા ઉપર બહારની બારી બાજુમાં. હવે પછી મારી અનંત કાળાવલી આવા આનંદમય આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો. આ આનંદ જેને અનુભવાય છે એની આ ભાવના છે. કોની ભાવના છે? ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' 'નિયમસાર' નિજ ભાવના અર્થે રચ્યું. રચના થઈ ગઈ. એ ભાવનાનો આ વિષય છે. આચાર્યોની ભાવના છે. તિલતુશમાત્ર જેને પરિગ્રહ નથી. અને જંગલમાં આત્માની મસ્તીમાં જઈને વસેલા છે, પડેલા છે એ અંદરમાં એની આ ભાવના છે કે મારો હવે પછીનો અનંત કાળ આત્મતત્ત્વના આનંદના ભોગવટામાં વહો. એથી બહાર આવવાનું મને કાંઈ પ્રયોજન નથી.

'**ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ.**' એવો તને આનંદનો રસ આવશે કે એ રસ છોડીને તને કોઈ આકુળતાના રસમાં જવું ગમશે નહિ. બહારમાં તો આકુળતા છે. એ આકુળતામાં તને જવું ફાવશે નહિ. બહાર નીકળે તો ઉકળાટ-ઉકળાટ છે એમ કહે છે. અંદર એટલી ટાઢક ને શાંતિ છે કે બહાર નીકળે તો એકલો ઉકળાટ

છે. 'ઉપયોગ બહાર નિકલા કિ જમકા દૂત સમજો.' એવું લાગે એને. ભાવમરણ દેખાય છે.

આત્માના જ્ઞાન અને આનંદ પ્રાણનો કચ્ચરઘાણ કાઢીને ઉપયોગ બહાર આવે છે. એમ કહે છે. એ ઉપયોગ બહાર જાય એ કોઈ રીતે અભિપ્રાયમાં સાધકને સંમત થતો નથી. નીકળી જવાય છે, બીજી વાત છે. પણ એના અભિપ્રાયમાં એ વાત કોઈ રીતે સંમત થતી નથી. એટલે એને સાદિઅનંત કાળ તેમાં લીન થવાનો એક અવસર આવી જાય છે, આ અભિપ્રાયને કારણે. એનો પ્રયત્ન અભિપ્રાયની દિશામાં છે. બહાર જતા ઉપયોગનો નિષેધ વર્તે છે. એ ઉપયોગ બહાર જોર ખાઈને પછી જઈ શકતો નથી. નબળો પડતો પડતો ક્ષીણ પડતો પડતો તે ખલાસ થાય છે.

'**ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ.**' આ વાસ્તવિક વસ્તુસ્થિતિ લીધી છે. અનુભવીઓએ પોતાના સ્વાનુભવની વાસ્તવિક પરિસ્થિતિ લીધી છે. બીજું એક વર્ણન આવે છે કે શુદ્ધોપયોગમાંથી મંદ વિકલ્પ અંશમાં આવે છે તોપણ માછલી જેમ પાણીમાંથી કાંઠે પડે. ભલે ઠંડક હોય કાંઠે. તોય ફડફડાટ નાખે. એમ એ ઉપયોગ બહાર નીકળતા જ ફ્ડફડાટ નાખે છે. બહુ સરસ વર્ણન લીધું છે. આ જે ઉપમા લીધી છે એ ઘણી સરસ લીધી છે. કે તડકામાં અને ગરમ રેતમાં તો મરી જ જાય માછલી. પણ શિયાળામાં એટલી રેતી ઠંડી હોય. બરફ જેવી ઠંડી લાગે રેતી. કાંઠે ભીની હોય, ભેજ હોય. પાણીનો જીવ એમાં તડફડિયા નાખે. પાણીનો જીવ માછલી છે. એ રેતીમાં રહી શકે નહિ. ઠંડી રેતી હોય તોપણ ત્યાં રહી શકે નહિ. પાણીમાંથી બહાર નીકળી કે તરફડિયું નાખીને પાણીમાં જાય.

આ સ્થિતિ સ્વાનુભવના આનંદની અને સ્વાનુભવના વિકલ્પ વચ્ચેની છે. સ્વનો વિકલ્પ અને સ્વનો અનુભવ એ બે વચ્ચેની આ સ્થિતિ છે. કેમ મુનિને અશુભ ઉપયોગ નથી એનું કારણ આ છે કે એને અશુભ ઉપયોગનો કાળ ક્યાંથી હોય? જરાક જ્યાં શુભોપયોગમાં આવે છે ત્યાં પાછો સીધો ખેંચાઈને ઉપયોગ અંદર જાય છે. વળી રહેવાય નહિ ને બહાર અશક્તિને લઈને, પ્રયત્નની અલ્પતાને લઈને બહાર આવી જાય તો પાછો ફડાક અંદર ચાલ્યો જાય છે. એવી ક્ષણ ક્ષણમાં સ્વાનુભવની લીનતામાં રહેતા મુનિઓ એને અશુભ પ્રવૃત્તિ હોય જ ક્યાંથી? થાય જ ક્યાંથી? થઈ શકવાની જગ્યા જ ક્યાં છે? એમ કહે છે.

મુમુક્ષુ :- શરૂઆતના Stageમાં બહુ મોટો આંતરો છે. અનુભવનારના વિકલ્પમાં આવવાના શરૂઆતના Stage માં આખી દિશા જ ફેર થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કેવી રીતે?

મુમુક્ષુ :- ઉપયોગ બહારમાં આવે છે ત્યારે થાય ને વિકલ્પમાં. એને આંતરો ઘણો મોટો લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અંતર તારતમ્ય ભેદે પણ ઘણો ફેર છે. તારતમ્ય ભેદે ઘણો ફેર છે. એ તો બીજો એક વિચાર છે.

મુનિરાજ એ તો મોટા મોટા શાસ્ત્રો લખે છે. આચાર્યો છે કરણાનુયોગના, કથાનુયોગના. એવા પણ શાસ્ત્રો લખે. ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગમાં આવે અને છતાં આવડા મોટા શાસ્ત્રો લખે? અશુભ પ્રવૃત્તિની હજી સંભાવના છે. કેમકે શુભ પ્રવૃત્તિ કરતા કરતા શુદ્ધતામાં ડૂબી જાય. પણ અશુભ પ્રવૃત્તિમાં આવે તો એને શુદ્ધોપયોગ આવતા ઘણી વાર લાગે. નીચેના ગુણસ્થાનમાં જે વાર લાગે છે એનું કારણ કે અશુભ ઉપયોગની પ્રવૃત્તિ છે. અશુભ ઉપયોગ છે એમાં તીવ્ર મલિનતા છે. મલિનતાની તીવ્રતા વધારે છે. અને શુભ ઉપયોગનું મલિનપણું મંદ છે. તો મંદ પક્કડમાંથી નીકળવું સહેલું છે. તીવ્ર પક્કડમાંથી નીકળવું અઘરું છે. બસ, સીધી વાત આ છે.

નીચેના ગુણસ્થાનમાં સાધક છે એ અશુભ ઉપયોગમાં આવતા હોવાને લીધે અથવા તે પ્રકારની યોગ્યતા હોવાને લીધે. કોઈ જીવ તો એવા છે કે દ્રવ્યલિંગી થઈ ગયા. અને એને અશુભ પ્રવૃત્તિ નથી પણ યોગ્યતા છે. એની યોગ્યતા છે. એ મુનિની જેમ ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગમાં બહારમાં દ્રવ્યલિંગી મુનિપણું હોવા છતાં આવી શકતા નથી. ચોથું ગુણસ્થાન હોય, પાંચમું ગુણસ્થાન હોય. બનવાજોગ છે. પણ એને મુનિદશા પ્રગટતા વાર લાગતી નથી. કેમકે પ્રયત્ન એનો ઘણો હોય છે. અશુભ પ્રાયઃ ઘટી ગયું છે અને શુદ્ધોપયોગમાં સ્વરૂપ સન્મુખતાનો પ્રયત્ન ઘણો હોય છે. એને ભાવલિંગમાં આવતા વાર લાગતી નથી. મુનિદશામાં એને બીજી તો વિધિ કરવાની બાકી નથી. કઈ સેકન્ડે એ મુનિદશામાં આવી જાય એ કહેવું મુશ્કેલ છે. એવા એ પ્રયત્નમાં પડેલા હોય છે.

**'ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ. બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય પણ તૂટી જશે.'** શું કહેવું છે? જગતના કોઈ પદાર્થમાં તને આશ્ચર્ય નહિ થાય, કુતૂહલ નહિ થાય. લોકો ગમે તેવી મોટી મોટી વાતો કરશે કે કોહીનુર હીરો આવડો મોટો છે. તો કહે ઠીક છે. અમારે મન તો એ કાંકરો છે. શું કહે છે? ઘણા એવા કાંકરા જગતમાં છે એક કાંકરો આવો. તું કાંઈક વાત કરે છે એવો પણ હશે.

'શ્રીમદ્જી'એ શબ્દ વાપર્યો છે ને? ઊંચી જાતના કાંકરા. આ જે રત્ન છે હીરા, માણેક, નીલમ મોટો મોટા મોટા. એ ઊંચી જાતના કાંકરા. બીજું કાંઈ નહિ. અને

અંગ્રેજીમાં એને પત્થર કહે છે. White stone અને Coloured stone. stone એટલે પથરો. છે પત્થરની જાત. આખરમાં તો એ જાત તો પત્થરની જ છે. પણ એને તો એ ભાષામાં ચોખ્ખો પત્થર જ કહે છે. આપણે વળી હિન્દી-ગુજરાતી-સંસ્કૃતમાં એને રત્નનો ખિતાબ આપીએ છીએ. ઓલા લોકો તો એને stone કહે છે-પથરો જ કહે છે. એ સાચું છે. જ્ઞાની નથી એમ કહેનારા. પણ એની ભાષામાં બીજું કાંઈ નહિ હોય એવું.

'**બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી જશે. તું પરથી વિરક્ત થઈશ.**' તને ક્યાંય રસ આવશે નહિ. વિરક્તપણું એ મુખ્યપણે રસ તૂટી જાય અને જે દશા ઉત્પન્ન થાય એના માટે વપરાતો શબ્દ છે. વિરક્ત ગુરુથી સમજાવવામાં આવતા પાત્ર શિષ્ય છે એ સમજી જાય છે કે શ્રીગુરુ આત્મસ્વરૂપ કેવું મહિમાવંત દર્શાવે છે. જેમ મુઠ્ઠીમાં રાખેલું સોનું ગોતતો ને. ગોતતા ગોતતા ઘાંઘો થઈ ગયો હોય. અરે..રે..! મારું હજારોનું સોનું ક્યાં ખોવાઈ ગયું? હતું એની મુઠ્ઠીમાં. એને એમ કીધું કે જોને પણ તારી મુઠ્ઠી ખોલ. સોનું તારી પાસે છે. બસ! આવી રીતે શ્રીગુરુ બતાવે છે. તારું સ્વરૂપ તારાથી કિંચિત્‌માત્ર બાહ્ય નથી. સ્વરૂપ ક્યાં ગયું? સ્વરૂપ ક્યાં ગયું? સ્વરૂપ ક્યાં ગયું? મારું સ્વરૂપ ક્યાં છે? જેમ કોઈ પાગલ માણસ પોતાના ઘરની બહાર ઊભો રહીને પોતાના નામની બુમ પાડે. છે ફલાણાભાઈ ઘરમાં? 'અનુભવપ્રકાશ'માં દૃષ્ટાંત લીધું છે. 'ચાંપાભાઈ' નામ આપ્યું છે. 'ચાંપાભાઈ' છે? ઘરમાં 'ચાંપાભાઈ' છે? ઘરની બહાર નીકળેને પોતે ને પોતે બૂમ પાડે. આવી સ્થિતિ છે.

મુમુક્ષુ :- છે પોતે.

પૂજ્ય ભાઈશ્રી :- છે પોતે જ તે. એમાં કાંઈ કરવું નથી, કરાવવું નથી. અનંત ગુણથી સંપન્ન પરિપૂર્ણ પરમાત્મા બન્યો બનેલો જ છે. છે એને માત્ર અવલોકનમાં આવીને જોવો છે. આથી વધારે કાંઈ કામ નથી. કર્તવ્ય તો અવલોકન કરવું એટલું જ છે. સ્વરૂપને રચવું નથી, સ્વરૂપને બનાવવું નથી. ગુણ એમાં લાવવા નથી. દોષ એમાંથી કાઢવા નથી. કાંઈ નથી. સર્વગુણસંપન્ન છે. પરમાત્મા અનાદિથી સર્વગુણસંપન્ન જ છે.

એને જોતાં '**તારું આશ્ચર્ય તૂટી જશે. તું પરથી વિરક્ત થઈશ.**' પછી તને પરમાં સુખબુદ્ધિને લીધે, સુખાભાસને લીધે ઉત્પન્ન થતો જે ભ્રમ ભાવ એ નિવૃત્ત થઈ જશે. એટલે પછી તને રસ આવશે નહિ. રસ તો એટલે આવે છે કે સુખનું સ્થાન માનીને તને હર્યુ ભર્યું લાગે છે કે આ મારું ઘર છે. આ ભર્યું ભાદર્યું ઘર કહે છે કે નહિ? પછી હોય સમજવા જેટલું એની અંદર. ક્યાં ચક્રવર્તી અને દેવોની રિદ્ધિ-

સિદ્ધિ અને ક્યાં અહીંયાં મનુષ્યની ગરીબાઈ! આ તો બધું એની પાસે દરિદ્ર લીધું છે. બાહ્ય દૃષ્ટિએ પણ સામાન્ય દરિદ્રતા છે. પણ એને ભર્યું ભર્યું લાગે છે. એની અંદર રસ પડે છે. વિરક્ત થઈ જઈશ. મારું બધું મારામાં છે. મારું અનંત સુખ મારામાં છે, અનંત જ્ઞાન મારામાં છે. અનંત અનંત અજાયબ શક્તિઓ મારામાં છે. અને મારું મારા સિવાય મારાથી બહાર ક્યાંય છે નહિ. શૂન્ય છે. મારાથી બધું શૂન્ય છે. ખાલીખમ છે. ક્યાંય પોતાનું પ્રયોજન એને ભાસતું નથી. એ રીતે તારું સ્વરૂપ જોતા તું પરથી વિરક્ત થઈશ.

આ રીતે જે પરથી વિરક્ત થાય છે તેને પરપદાર્થને ગ્રહણ કરવાનો રસ નહિ હોવાને લીધે પરપદાર્થના ગ્રહણની પ્રવૃત્તિ તેની વિરામ પામે છે ત્યારે એને લોકો બાહ્ય ત્યાગની દશામાં પણ એના દર્શન કરે છે. એ રીતે એ બાહ્ય ત્યાગ ઉત્પન્ન થયેલો છે. કોઈ બીજી રીતે બાહ્ય ત્યાગ આવે તો તે સમ્યક્ પ્રકાર નહિ હોવાને લીધે, અંદરની વિરક્તિ નહિ થઈ હોવાને લીધે એ ત્યાગ તે ખરેખર ત્યાગ નથી. પણ ખરેખરા ભાવની શૂન્યતાને લીધે એ એક શૂન્ય જ છે. બીજું કાંઈ નથી. શૂન્ય એટલે જેમ શૂન્યની કાંઈ કિંમત નથી. એકડા વિનાના લાખ મીંડા હોય તોપણ એની કિંમત એક શૂન્ય જેટલી જ છે. લાખ શૂન્યની કિંમત કેટલી? એક શૂન્ય જેટલી. આ પ્રકારે સહજ વિરક્તપણું ઉત્પન્ન થાય છે. એ સાધક દશાની ત્યાંથી પછી વિરક્તિ થઈ. બહારનું બધું થોડું થોડું લોકોની નજરમાં, જગતની નજરમાં આવે છે. પણ એનો અંદરનો ભેદ જાણ્યા વિના ખાલી બહારથી એનો વિચાર કરે અને એનું બહારથી અનુસરણ કરે તો એથી કાંઈ કોઈ લાભ થાય એવું નથી.

મુમુક્ષુ :- આશ્ચર્ય તૂટવું આ વિરક્તિ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વૈરાગ્ય છે. આશ્ચર્ય તૂટે એ જ વૈરાગ્ય છે. સ્વરૂપનું આશ્ચર્ય ઉત્પન્ન થાય એ પણ વૈરાગ્ય જ છે. એનાથી બહારનું આશ્ચર્ય તૂટે છે. પણ બાહ્ય ત્યાગ તો એક બીજી રીતે પણ કરવામાં આવે છે. બીજી પ્રવૃત્તિમાંથી સમય ખેંચવા માટે અને આ પ્રવૃત્તિમાં સમયને વેદવા માટે પણ બાહ્ય પ્રવૃત્તિનો જે ત્યાગ કરવામાં આવે છે તો તે ત્યાગને અનુમોદવામાં આવે છે. એને સમય છે એ આને માટે ફાળવવો છે. જગતના કાર્યો માટે એને સમય ફાળવવો નથી. તો ત્યાં સુધી વાત ઠીક છે. પણ એ હેતુ ન હોય અને અંદરમાં વિરક્તિ ન હોય તો એ બાહ્ય ત્યાગને શૂન્યની ઉપમા આપવામાં આવે છે. એમ લીધું છે. એને નિદાન શબ્દ લીધો. નિદાન એટલે હેતુ.

'ત્યાગવિરાગ ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન.' એમ કરીને લીધું છે ને? પછી

કહે છે, ત્યાગ વિરાગ કોને છે? કે કાં તો જે મુક્તિના પંથે છે અને કાં તો જેને મુક્તિનું નિદાન છે. એનો ત્યાગ વૈરાગ્ય બરાબર છે. મુક્તિના પંથે છે એ તો બાહ્યથી વિરક્ત, અંતરથી વિરક્ત થયેલો છે. જેને મુક્ત થવું છે એને એની અભિલાષા છે. એનું ધ્યેય છે. માટે એણે પ્રવૃત્તિ છોડી તો એનું અનુમોદન કરવામાં આવે છે. એટલે કોઈ સત્સમાગમ અર્થે બાહ્ય નિવૃત્તિ લે તો એનું અનુમોદન કરવામાં આવે છે.

અહીંયાં તો એક સ્વરૂપના આકર્ષણમાં બહારના સર્વ પદાર્થોનું આકર્ષણ છૂટે છે. એવી કોઈ અલૌકિક પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. એને ખરેખર સ્વરૂપ મહિમા કહીએ. એ સ્વરૂપ મહિમાનું સ્વરૂપ છે. અંદરમાં જગતનો મહિમા એમ ને એમ રહી જાય, જગતના પદાર્થોનો મહિમા એમ ને એમ રહી જાય અને વિકલ્પ ને વાણીમાં ખાલી સ્વરૂપનો મહિમા કરવામાં આવે તો તો માત્ર વાચા જ્ઞાન છે. પણ અંદરમાંથી એનો મોહ છૂટ્યો નથી. અંતર મોહ છૂટી જવો જોઈએ. એને વિરક્તિ કહેવામાં આવે છે. ૩૮૭ થયો.

## તા. ૨૧-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૮
## પ્રવચન નં. 303

**મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ મુનિરજાની આ દઢ સંયમપરિણતિ ફરે એમ નથી. બહારથી જોતાં તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે, પણ અંદરમાં જોતાં અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં તેમનો વાસ છે. બહારથી જોતાં ભલે તેઓ ક્ષુધાવંત હોય, તૃષાવંત હોય, ઉપવાસી હોય, પણ અંદરમાં જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે. બહારથી જોતાં ભલે તેમની ચારે તરફ ઘનઘોર અંધારું વ્યાપ્યું હોય, પણ અંદરમાં જોતાં મુનિરાજના આત્માને વિષે આત્મજ્ઞાનનાં અજવાળાં પ્રસરી ગયા છે. બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતા હોય, પણ અંદરમાં તેઓ સંયમરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે. ઉપસર્ગના ટાણાં આવે ત્યારે મુનિરાજને એમ થાય છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને મોકો મળ્યો માટે ઉપસર્ગ મારો મિત્ર છે'. અંતરંગ મુનિદશા અદ્‌ભુત છે; દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે. ૩૮૮.**

મુનિદશાનો વિષય છે. '**મુનિરાજને શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે.**' સમ્યક્ પ્રકારે સ્વરૂપલીનતા થતા અને વીતરાગતા વૃદ્ધિગત થતા વૃત્તિઓનું નિયમિત થઈ જવું, .. થઈ જવું અથવા નિયમિત થઈ જવું એટલે કે ઉત્પન્ન ન થવું એને પરમાર્થસંયમ કહેવામાં આવે છે. એવો પરમાર્થસંયમ શુદ્ધ આત્મતત્ત્વના ઉગ્ર અવલંબનના કારણે જેમના આત્મામાં પ્રગટ થયો છે એ મુનિરાજને ખરેખર સંયમી કહેવામાં આવે છે. અને એવા વીતરાગભાવને કારણે બાહ્ય વૃત્તિ રોકાઈ ગઈ છે, ઉત્પન્ન થતી નથી. એવી એમની સહજ સ્થિતિ છે. અંતરંગ સ્થિતિને લીધે એવી જ એમની બહારની સ્થિતિ છે. એને ભગવાન સંયમ કહે છે. અંદરની સ્થિતિ વિના બહારની ક્રિયા અને સંયમ અંગેના શુભ પરિણામ એને ખરેખર સંયમ કહેતા નથી.

'અષ્ટપાહુડ'માં ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' દ્રવ્યલિંગી મુનિને અસંયમી કહે છે. દ્રવ્યલિંગી મુનિ તો તે છે કે જે બાહ્યાચાર બરાબર પાળે છે. જેના ચારિત્ર આચરણમાં દોષ નથી હોતો. દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર. પંચાચાર અને અઠ્યાવીશ મુળગુણ સહિત મુનિ અતિચાર પાલન કરવાવાળા મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિને અસંયમી કહે છે. એ પ્રકરણ ચાલ્યું છે ત્યાં એમ કહ્યું છે કે 'અસંજણં ણ વંદેહિ'. આવા અસંયમીને વંદન-નમસ્કાર ન કરાય. પછી સાથે સાથે એ વખતે શ્વેતાંબર મતની શરૂઆત થઈ છે. એટલે વસ્ત્રધારી કોઈ મુનિ હોય અને સંયમ પાળતા હોય કે નિર્વસ્ત્ર મુનિ હોય અને સંયમ પાળતા હોય પણ જેને વીતરાગતાનું ભાવલિંગ નથી. એ અસંયમી હોવાથી વંદન કરવા યોગ્ય નથી. આ વિષય ચાલ્યો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સંયમી નથી કહેતા. સંયમ દેખાય છે. લોકોની નજરમાં તો સંયમ દેખાય છે અને વ્યવહાર સંયમ જેને કહેવાય એવો તો સંયમ છે. એટલો શુભભાવ છે. ૩૧ સાગરની સ્થિતિએ નવમી ગ્રૈવેયકે જાય તો કષાયની મંદતા વિના તો જાય નહિ કાંઈ. એટલે એટલો ઉત્કૃષ્ટ ભાવ શુભનો તો છે. શુક્લલેશ્યા છે. તોપણ તે અસંયમી છે અને વંદનને યોગ્ય નથી. એમ આચાર્ય મહારાજને ત્યાં સ્થાપવું છે.

અહીંયાં તો સીધી નિશ્ચયસંયમની જ વાત લીધી છે કે '**શુદ્ધાત્મતત્ત્વના ઉગ્ર અવલંબને...**' સામાન્ય અવલંબન તો ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને આવે છે એવું પણ નહિ. અતિશય ઉગ્ર અવલંબનને લીધે જેમને આત્મામાંથી સંયમ પ્રગટ્યો છે. આ કારણે જેને સંયમ પ્રગટ્યો છે. નિશ્ચયસંયમ અને વ્યવહારસંયમ. બંને સંયમ પ્રગટવાનું મૂળ કારણ પરિપૂર્ણ કષાયના અભાવસ્વભાવે રહેલું જે શુદ્ધ આત્મદ્રવ્ય છે, આત્મસ્વભાવ છે એનું ઉગ્ર અવલંબન વર્તે છે. અવલંબન વર્તે છે એમ નહિ પણ ઉગ્ર અવલંબન વર્તે છે. એથી એ દશા જેમને પ્રગટ થઈ છે. એવા મુનિરાજને આત્મામાંથી સંયમ પ્રગટ થયો છે. બાહ્ય સંયોગો એ સંયમનું એનું કોઈ ચિહ્ન નથી. અને એટલા માટે 'સમયસાર'ની છેલ્લી ૪૧૩ ગાથામાં એ વાત લીધી કે એ જે બહારના શરીરના લિંગો છે નિર્વસ્ત્રપણું આદિ, પંચ મહાવ્રત આદિ. પાષંડી લિંગાણી. એને જો ધર્મનું ચિહ્ન કહો તો તે પાખંડ છે એમ કહે છે. સીધું પાષંડી લિંગાણી. એ ધર્મનું ચિહ્ન નથી. તો તો જે નિર્વસ્ત્ર થઈ જાય એ બધાને સ્વીકારવા પડે. એવી વાત વીતરાગના માર્ગમાં નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અઘરી છે વાત. ઉચ્ચ કોટીના મુમુક્ષુ હોય તો સમજી શકે

છે. સામાન્યજન અને મધ્યમ કક્ષાના જીવોને સમજવું મુશ્કેલ પડે છે. તો એણે શું કરવું? આ સવાલ થાય છે. કે બીજા જો કોઈ ભાવલિંગી સંત હોય પ્રસિદ્ધપણે તો એને અનુસરવું. આચાર્યો હોય, વિદ્યમાન હોય. એ ન હોય તો કોઈ જ્ઞાનીને અનુસરવું. જ્ઞાની હોય એ કહે કે આ ભાવલિંગ છે. વંદન નમસ્કારને યોગ્ય છે તો એને અનુસરવું. બરાબર છે?

મુમુક્ષુ :- જ્ઞાની છે એ બીજાના કહેવાથી...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, આ તો કોઈવાર તો એવું છે કે પ્રસિદ્ધપણે એવી વાત હોય તો. એમ. બાકી તો ઝવેરાતની ખરીદી કરવી છે ત્યારે ગમે તેની દુકાનમાં કોઈ નોટોના બંડલ લઈને ઘૂસી જતો નથી. કોઈ સગા, સંબંધી, મિત્ર, કોઈ એ વિષયના જાણકાર, એ લાઈનના કોઈ દુકાનદાર, કોઈ પરિચિત હોય એની સાથે પૂછતાછ કરે, કે કોની દુકાનેથી લેવાય? દુકાન તો સેંકડો છે. પણ કોની દુકાનેથી ચોખ્ખો માલ મળે? અને વધારે હોય તો સાથે પણ લઈ જા કે મને પ્રસંગ છે અને અમારે ખરીદી મોટી કરવી છે તો તમે આજનો દિવસ અમારી સાથે આવો. લાભ-નુકસાનનો સવાલ છે ત્યાં એમ ને એમ કોઈ ઝંપલાવતું નથી.

મુમુક્ષુ :- સાચું લાભ-નુકસાનનું કારણ બને તો ઓળખી લે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો એથી વધારે મૂલ્યવાન ચીજ છે. આત્માનું હિત, અહિત એ તો આ રૂપિયા, આના, પાઈથી તો વધારે મૂલ્યવાન ચીજ છે. પૈસાને તો ઉડાડવામાં આવે છે. દીક્ષા લે ત્યારે શું કરે છે? ઉડાડે છે કે નહિ? એનો અર્થ શું છે? કે આનું કોઈ મૂલ્ય નથી. ધર્મ પાસે આનું કોઈ મૂલ્ય નથી.

મુમુક્ષુ :- આટલું લાભ-નુકસાન આત્મા માટે સમજે...

પૂજ્ય ભાઈશ્રી :- એટલી દરકાર કરે એટલે એ પણ ઊંડો ઉતર્યા વિના રહે નહિ. એટલી જેને ખબર પડે કે આમાં હિત-અહિતનું બહુ મોટું કારણ છે. જો હું ગેરરસ્તે દોરવાઈશ તો અનંતા જન્મ-મરણ વધશે. જો હું રસ્તે ચડીશ તો મારા અનંત જન્મ-મરણનો નાશ થશે. એવા સુખ-દુઃખના મુખ્ય વિષયને ખ્યાલમાં લે અને પછી ઊંડો ન ઊતરે એ જીવનો સ્વભાવ નથી. એ જીવના સ્વભાવ બહારની વાત છે. કોઈ જીવ ઊંડો ઉતર્યા વિના રહી શકે નહિ. એમ છે. પણ અહીંયાં પ્રશ્નકારને પ્રશ્ન એમ કરવો છે કે એવું તો કાંઈ ન હોય. પછી શું કરવું? મૂળ દરકાર જ નથી થઈ. તો પછી શું કરવું શું? પછી તો અંધારામાં જ કૂદકા મારવાના છે. અને ક્યાં પડશે એનું કોઈ ઠેકાણું નથી.

મુમુક્ષુ :- સામાન્યજન કોઈ પણ મળે તો આપણે નમસ્કાર કરીએ તો એમાં

દોષ નથી લાગતો તો આમાં મિથ્યાત્વનો દોષ લાગી જાય એનું શું કારણ?

પૂજ્ય ભાઈશ્રી :- પેલો લૌકિક વ્યવહાર છે. શિષ્ટાચારથી જય જિનેન્દ્ર કરવા, હાથ જોડવા. આ લ્યો, મુરબ્બી હોય તો ચરણસ્પર્શ કરે છે કે નહિ? ચરણસ્પર્શ પણ કરે. ધોક આપે છે કે નહિ? તમારે હિન્દુસ્તાનમાં, રાજસ્થાનમાં તો વધારે છે. ધોક આપવાનો રિવાજ છે. એ લૌકિક વ્યવહાર છે, કુટુંબિક વ્યવહાર છે. અને આ ધાર્મિક પ્રકરણ છે, ધાર્મિક ક્ષેત્ર છે. અલૌકિક ક્ષેત્ર છે, અલૌકિક વ્યવહાર છે. બેને એક સાથે મેળવી શકાય નહિ. અલૌકિક વાતોને લૌકિક અર્થઘટનની દૃષ્ટિએ ક્યારે પણ વિચારવાયોગ્ય નથી. બહુ સીધી વાત આ છે કે અલૌકિક એવા વિષયને, અલૌકિક એવા પ્રકરણને, અલૌકિક એવા ધાર્મિક પ્રસંગને લૌકિક વિચારો અને લૌકિક વાત સાથે મેળવણી કરવી અને એ દૃષ્ટિકોણથી એને વિચારવું એ બિલકુલ ખોટી પદ્ધતિ છે. એ રીતે એને વિચારી શકાય જ નહિ. સીધી વાત તો આ છે.

મુમુક્ષુ :- ... તો વીતરાગની પ્રતિમા છે એ નિર્લેપ છે. લેપ... એ વખતે શું નિર્ણય કરવો?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ કરાય જ નહિ. વિકૃતિ કોઈ કરાય નહિ. ભગવાનની પ્રતિમા ઉપર કોઈપણ જાતની વિકૃતિ કરવી જોઈએ નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે જ્યાં સુધી શ્રૃંગાર આદિ પ્રકારની વિકૃતિ નથી. કોઈ ચંદનના ટપ્પા કર્યા હોય, ફૂલ મૂક્યા હોય તો એથી કોઈ દર્શન કરનારને દોષ નથી. એવી ક્રિયા કરનારને જરૂર દોષ છે. પણ દર્શન કરનારને દોષ નથી. કેમકે એમાં એને જે દર્શન કરવા છે એ વીતરાગતાના દર્શન કરવા છે. એને વિકૃતિ નથી થતી. કોઈ પોતાની અણસમજને કારણે એવું કાંઈ કરે છે પ્રતિમાજી ઉપર તો એના દોષના ભાગી તો કરનાર છે. જેને મુદ્રાના દર્શન કરવા છે એને તો કાંઈ દોષનું કારણ નથી. પણ એ કાળ દોષે અત્યારે બધી ગડબડ થઈ ગઈ છે. સંભાળીને ચાલવું, સંભાળીને પગ મૂકવો. એવો કોઈ વિચિત્ર કાળ છે.

મુમુક્ષુ :- .. જાત્રામાં .. થાય તો કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાં? શ્વેતાંબર દેરાસર કે દિગંબર દેરાસર? શ્વેતાંબર દેરાસર. જાવું જ નહિ ને. પછી ક્યાં પ્રશ્ન છે. શું કરવા જાવું એ સવાલ છે. એ પ્રસંગ શું કરવા ઊભો થાય? કોઈ પરાણે તો કાંઈ ઢસડીને તો લઈ જવાનું નથી. કાં તો પોતે લોકલજ્જાએ જાય, કાં તો પોતે કુટુંબલજ્જાએ જાય. કુટુંબ-પરિવાની લજ્જાએ કાં તો લોકલજ્જાએ જાય. કાં તો કોઈ લોકભયથી જાય, અપકીર્તિભયથી જાય,

અપમાનભયથી જાય, કોઈપણ પ્રકારના લોભથી જાય એવા કોઈપણ કારણ હોય તો એ કારણ એણે છોડી દેવા જોઈએ. એની દરકાર કરવી જોઈએ નહિ.

મુમુક્ષુ :- ...ત્યારે આપણે ફરજિયાત જાવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- ફરજિયાત ન જાવું પડે. હાથ જોડવાના કે મને માફ કરો. મારા વિચારો અને મારી શ્રદ્ધામાં ફેર છે. જો સમજવા માગતા હોય તો. નહિતર તો દુઃખ લાગે કે તમે દોષમાં પડો છો. તમે દોષ કરો એનું અનુમોદન હું કેમ આપું? તમને નુકસાન થાય એમાં હું રાજી કેમ થાઉં? તમે ન સમજો તો હું શું કરું? મારી સમજ તો (આમ છે). સમજની અંદર, શ્રદ્ધાની અંદર, વિચારવાની અંદર પોતાની દઢતા હોવી જોઈએ.

અમારે સત્યનારાયણની કથા કરે. કરે કે ન કરે? કુટુંબ નહિ. સગા ભાઈ હોય, સગા બહેન હોય, નજીકના અડીને હોય. વેવાઈ હોય. બધા હોય અડીને. એક વખત એમ છાપ પડી જાય કે આવા પ્રસંગમાં આ ભાઈ નથી આવતા. એક વખત ચોકડી મૂકાઈ જાય કાયમ માટેની. પતી ગયું. આપણે કાંઈ એમની પાસેથી આબરૂ મેળવવી નથી. આપણે અપેક્ષા હોય આબરૂની કે આપણને આમ ગણશે, આપણું સારું નહિ લાગે, એને સારુ લગાડવા માટે જાવ. તો નુકસાન થાય.

જગતમાં પણ કોઈ પોતાને મહત્ત્વ લાગ્યું હોય એવું કાર્ય માણસને કોઈપણ ભોગે કરવું જ હોય તો નથી કુટુંબની દરકાર કરતો કે નથી સમાજની દરકાર કરતો. બધાનું ઉલ્લંઘન કરીને એમ કહે છે કે હું તો આ કરીશ. તમારે થાય એ કરો. આ નાત બહાર કાઢે છે કે નહિ? કાંઈક ચાલે છે કે નહિ? જેને જે કરવું હોય એ કરો. અને એ તો બધા લૌકિક કાર્યો છે. એમાં કોઈ ગુણ તો થવાનો પ્રશ્ન હોતો જ નથી. તો પછી આ તો અલૌકિક સર્વોત્કૃષ્ટ મૂલ્યવાન છે. અને એ સગા-સંબંધ તો વ્યવહારમાત્ર છે. ખરેખર છે કોઈ? ખરા ખરેખર કોઈ કોઈના સગા છે? કોઈ આત્મા કોઈ બીજા આત્માનો બાપ હોય કે કોઈ આત્મા કોઈ બીજા આત્માનો દીકરો હોય એ વસ્તુ કેવળ અશક્ય અને અસંભવિત છે. નહિ બની શકવા યોગ્ય છે. હવે એ તો જગતનો એક જૂઠો વ્યવહાર છે. બાકી ખરેખર વાતમાં કાંઈ માલ નથી. એને વળગીને, જૂઠને વળગીને પોતાનો આત્મા અધોગતિમાં જાય એવું શું કરવા કરવું? સીધી વાત છે.

'શ્રીમદ્જી'એ તો લખ્યું છે કે કોઈને વિષે પિતાપણું માનીને, કોઈને વિષે પુત્રપણું માનીને, કોઈ આત્માને વિષે, આ જીવે માઠું કરવામાં મણા રાખી નથી. મણા એટલે ખામી. પોતાનું અહિત કરવામાં એણે ખામી રાખી નથી. પૂરેપૂરું અહિત આ માનીને

કર્યું છે. ચોખ્ખું લખ્યું છે. પરમ સત્ય છે.

અહીંયાં મુનિદશાનું પ્રકરણ છે. અને સર્વ સમ્યગ્દૃષ્ટિ સાધકોની ભાવનાનો એ વિષય છે અથવા મુનિરાજના ગુણો પ્રત્યે બહુમાન એ મુમુક્ષુજીવને પણ દર્શનમોહનો રસ કપાવાનું નિમિત્ત છે. કેમકે એ આત્માના ગુણો છે. '**આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ મુનિરાજની આ દૃઢ સંયમપરિણતિ ફરે એમ નથી.**' પહેલી વાત કરી. શું કહે છે? એ પણ પહેલા ગૃહસ્થ હોય છે અને મુનિદશામાં આવે છે. એ પણ એક મનુષ્યની.. પોતાના આત્મા પ્રત્યે મનુષ્યપર્યાયમાં વિકાસ પામેલી દશા છે. કે '**આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ મુનિરાજની આ દૃઢ સંયમપરિણતિ ફરે એમ નથી.**' ભલેને ગમે તેટલી ઉથલપાથલ થાય. ભયના કારણો, આકર્ષણના કારણો ગમે તે પ્રકારના કારણો હોય. મુનિરાજની પરિણતિ કોઈ રીતે વિચલિત થાય એવું હોતું નથી.

જગતમાં એવા કોઈ સંયોગો નથી કે જેના દ્વારા મુનિરાજની સંયમ પરિણતિની દૃઢતાનું માપ બતાવી શકાય, દર્શાવી શકાય. ચૌદ બ્રહ્માંડની વાત કરીને આખી દુનિયાની વાત કરી નાખી. પણ તેથી પણ ખરેખર મુનિરાજની પરિણતિનું માપ નીકળતું નથી. એ સંયોગોનું માપ આવ્યું ત્યાં સુધી. પતી ગયું. એવી દૃઢ સંયમપરિણતિ, અફર પરિણતિ, અવિચળ પરિણતિ હોય છે કે જે પોતાના આત્માની, ધ્રુવ આત્માની સાથે, જેણે ધ્રુવભાવ ધારણ કર્યો છે. એટલે તો પંચમગતિને ધ્રુવમ્ અચલમ્. ધ્રુવ ગતિ નામ આપ્યું છે.

'**બહારથી જોતાં તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે,...**' ચાર બોલ લીધા છે અહીંયાં. બહાર અને અંદર, બહાર અને અંદર એમ કરીને તુલના કરી છે. પહેલો બોલ કહે છે કે '**બહારથી જોતાં તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે, પણ અંદરમાં જોતા અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં તેમનો વાસ છે.**' અંદર અને બહારનો વાસનો બોલ છે. મુનિરાજ ક્યાં વસે છે? કે લોકો બહારમાં એમ જોવે છે કે આ તો એકલા જંગલમાં છે. કોઈ નથી એમની સાથે છે. સાવ એકલા છે. તદ્દન એકાકી વિચરતો. એવી સ્થિતિમાં છે. પણ અંદરમાં જોવે તો અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં નિવાસ કરે છે. જરાય એકલા નથી. અનંત ગુણના સહવાસમાં પોતે છે. એ સ્વરૂપે જ પોતે છે. એથી જરાય દૂર નથી. બહારનો સહવાસ તો ક્ષેત્રથી નજીકપણું છે. પણ ગુણ તો અંદરમાં છે. એને બીજા ક્ષેત્રનું પણ એટલું દૂરવર્તીપણું નથી. એવું એકલાપણું ખરેખર એમને લાગતું નથી એમ કહે છે. લોકોની દૃષ્ટિએ, બાહ્ય દૃષ્ટિએ ભલે એમને એકલા જોવામાં આવે પણ ખરેખર એમને એવું કાંઈ લાગતું નથી. એ તો પોતાના અનંત ગુણમાં નિવાસ કરે

છે. અનંત ગુણની વસ્તી છે ત્યાં એમનો વાસ છે. બહારની સાથે એમને કાંઈ લેવાદેવા નથી. મુનિરાજનું વર્ણન બહુ સરસ આવે છે. વચનામૃતની અંદર મુનિરાજનું વર્ણન બહુ સરસ આવે છે.

મુમુક્ષુ :- મુનિ ...

પૂજ્ય ભાઈશ્રી :- નથી કરી શકતા. અમારે 'આગ્રા'માં એ પરિસ્થિતિ થઈ હતી. 'આગ્રા'માં મંડળ નાનું છે. દિગંબર સમાજ (ઘણો છે). ત્યાં સંપ્રદાયવાળા સાંભળવા આવે. એ લોકોએ એક એવી અફવા ચલાવી છે કે 'કાનજીસ્વામી'વાળા આપણા મુનિઓને માનતા નથી. આપણે બધા મુનિભક્તો છીએ, એ બધા 'કાનજીસ્વામી'ના ભક્તો છે. એ વસ્ત્રધારીને મહારાજ માને છે, આપણે નિર્વસ્ત્રધારીને મહારાજ માનીએ છીએ.

કુદરતી શું બન્યું? મંડપની અંદર વચનામૃતમાંથી આ મુનિદશાના ચાકળ લગાડેલા હતા. બપોરે રોજ એક કલાક ચર્ચા થાય એમાં એ પ્રશ્નો આવતા હતા. એટલે પાછલા દિવસમાં એ વિચાર કર્યો કે હવે શાસ્ત્ર સ્વાધ્યાયમાં પણ એક કલાક, સવાર-સાંજમાં એક કલાક મુનિદશાના બોલ ઉપર સ્વાધ્યાય કરવો. 'સોનગઢ'વાળાની મુનિભક્તિ કેવી છે એનો ખ્યાલ આવે. આવા ગુણોનું બહુમાન સમજીને, ઓળખીને જે ભાવ આવે એ ઓઘે ઓઘે સંપ્રદાય અને કુળધર્મમાં આવતો નથી. ભલે મુનિ માને પણ એ ઓઘસંજ્ઞામાં એવું બહુમાન આવે જ નહિ. એવી ભક્તિ થઈ શકે જ નહિ એનાથી. આવી પરિસ્થિતિ છે. એ સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે. કાંઈ વિરોધ નહોતો. જરાય વિરોધ નહોતો. શિબિરમાં ક્યાંય વિરોધ નથી થયો.

કેમકે આપણે શું માનીએ છીએ, શું વિચારીએ છીએ, ગુણ કેળવવાની દૃષ્ટિએ અને દોષ નાશ કરવાની દૃષ્ટિએ એ માર્ગને એ લાઈન એટલી બધી ચોખ્ખી છે, એટલી બધી નિર્દોષ છે કે જે આપણે પોતે નિર્દોષતા પ્રાપ્ત કરવી છે એ એક પ્રકારથી જ્યારે આપણે સ્વાધ્યાય કરીએ તો એમાં બીજાને તકરાર કરવાનું કોઈ કારણ રહેતું નથી. કોઈક આવે તો એવો હેતુ લઈને આવે પણ શાંત થઈ જાય છે. આમાં આ લોકોને શું કહેવું? આ તો પોતે સુધરવા માટે સ્વાધ્યાય કરે છે.

જ્યાં સુધી પોતે પરિપૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી પોતાના દોષ ટાળવા અને આત્મગુણોનો વિકાસ કરવો. આ હેતુથી જો સ્વાધ્યાય કરવો છે તો એમાં બીજી કાંઈ તકરાર કરવાની વાત રહેતી નથી. કોઈ ઈરાદાપૂર્વક એવો પ્રશ્ન કરે તો એને એમ કહેવું જોઈએ કે આવો વિવાદાસ્પદ પ્રશ્ન જાહેરમાં ચર્ચા કરવાથી કોઈને મનદુઃખ થાય એવી જાહેર ચર્ચામાં કરીને આવા પ્રશ્ન નહિ ચર્ચવા જોઈએ. એમ કરીને મન

વાળી લેવાનું. સમજવું જ હોય, સમજવાની બુદ્ધિ હોય તો આવા પ્રશ્ન જે જાહેરમાં ચર્ચવા એ સમાજના હિતમાં નથી એ એકાંતમાં આવીને વાતચીત કરી શકાય છે. વ્યક્તિગત રીતે. પણ જ્યાં સમાજમાં નુકસાન થાય એવું હોય તો એને જાહેર ચર્ચાના Agenda ઉપર લઈ જવા જોઈએ નહિ. સીધી વાત છે.

મુમુક્ષુ :- એ તો ઘણાં માણસો હોય ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

હવે ક્ષુધાનો બોલ લીધો છે. કેવું સરસ વર્ણવ્યું છે. નિર્ગ્રંથ દિગંબર ભાવલિંગી સંતની અંતર-બાહ્ય દશા કેવી હોય, બિલકૂલ...

મુમુક્ષુ :- આખો ચિતાર સામે ખડો થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૨૧ ગાથા લખી છે. 'અપૂર્વ અવસર'ની ૨૧ કડી લખી છે. અને વળી એમ નહિ કે હું આ મતાર્થે લખું છું. દિગંબર મતને પ્રસિદ્ધ કરવા માટે લખું છું એમ નહિ. મારી આવા મુનિ થવાની ભાવના છે. અપૂર્વ અવસર એવો મને ક્યારે આવશે? એની ભાવનામાં, એની આતુરતામાં આ હૃદયમાંથી પ્રવાહિત થયેલું કાવ્ય છે. ખરેખર તો એમ છે. એમની હૃદયની ભાવના છે. પૂર્ણતા સુધીની વાત લીધી છે. દરેક સમ્યગ્દષ્ટિ સાધકોનું એવું જ હૃદય હોય છે. આ તો એક જોવા મળે છે 'શ્રીમદ્જી'થી. કે જે દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા નહોતા અને જેમને દિગંબર સંપ્રદાય સાથે આ જીવન દરમ્યાન બહુ સંપર્ક રહ્યો નહોતો. ભૂતકાળની વાત જુદી છે. તોપણ એમણે આવી ભાવના ભાવી છે. એ એમ સૂચવે છે કે દરેક સમ્યગ્દષ્ટિના હૃદયમાં આ ભાવના પડી છે. મુનિરાજનું સ્વરૂપ જ્ઞાનમાં આવે તો મારી એવી દશા ક્યારે પ્રગટે? એવો ભાવ એને આવ્યા વિના રહેતો નથી.

બીજો બોલ લે છે. '**બહારથી જોતાં ભલે તેઓ ક્ષુધાવંત હોય,...**' અનેક દિવસ સુધી આહાર ન લીધો હોય એવી સ્થિતિ દેખાય. આજે નગરમાં પધાર્યા નથી, કાલે નગરમાં આવ્યા નહોતા. હમણાં તો કેટલાય દિવસથી જોવામાં આવતા નથી. વળી એક દિવસ આવ્યા તો કેમ કરતા પાછા વળી ગયા, કોઈને કાંઈ સમજ પડતી નથી. એ કાંઈ કહે નહિ. કે આવું કારણ હતું એટલે મારો આહારનો વિકલ્પ શાંત થઈ ગયો છે. અને હું હવે આહાર વગર જાઉં છું. એ કોઈને કહેવા રોકાતા નથી. કારણ-કાર્યની કોઈ ચર્ચા ન જોઈએ. ઠીક!

કોઈ એમ કહે કે કાંઈક બતાવે તો લોકો સુધારો કરી લે. તો કહે એ કાંઈ નહિ. મારે એ ચર્ચા જોઈએ નહિ. નિર્દોષતા કેટલી છે! એટલે બહારથી તો એમ લાગે એ ક્ષુધાને પ્રાપ્ત થયા છે. ઘણી ભૂખ લાગી હશે. તૃષાવંત હોય. કારણ કે જ્યારે

આહાર લે ત્યારે જ પાણી પીએ. પાછું એમ નથી કે આહારથી શરીર નથી ટકતું તો પાણીથી ટકાવીએ. આહાર ન લે તો પાણી ન લે. આહાર લે તો જ સાથે સાથે પાણી લે. પછી આગળ પણ નહિ અને પાછળ પણ નહિ. ન લે તો પાણી પણ નહિ. એટલે તો આપણે ત્યાં ઉપવાસ કરે છે ત્યારે ઘણાં પાણી નથી પીતા એનું કારણ આ છે.

'**ક્ષુધાવંત હોય, તૃષાવંત હોય, ઉપવાસી હોય,...**' બહારથી સંયોગથી. '**પરંતુ અંદરમાં જોતા તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે.**' આનંદ અમૃતનું ભોજન કરી રહ્યા છે. 'આનંદાન્મૃત નિત્ય ભોજી.' 'અમૃતચંદ્રાચાર્યે' 'સમયસાર'માં શ્લોક લખ્યો છે. 'આનંદાન્મૃત નિત્ય ભોજી'. નિર્જરા અધિકાર. મુનિરાજ તો આનંદ-અમૃતનું ભોજન કરે છે. તૃપ્ત-તૃપ્ત છે. બહારની ભૂખ-તરસનું ભાન ભૂલી જાય છે. ખરેખર તો એમ છે. અંદરની આનંદની જમાવટ એટલી છે કે (બહારની ભૂખ વિસ્મૃત થઈ જાય છે). ... મૃતપ્રાયઃ વિકલ્પ મરી જાય છે. વિકલ્પ જીવતો રહે અને એને દ્બાવે છે, એ પ્રકારનો સંયમ ભાવલિંગી દશામાં હોતો નથી.

'**અંદરમાં જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે.**' એટલે કે આત્માના આનંદનું પાન કરી રહ્યા છે, એનું ભોજન કરી રહ્યા છે, એનાથી એમનો આત્મા તુષ્ટમાન છે અથવા પુષ્ટ થાય છે. આ ભોજન એટલા માટે કરે છે ને. શરીર પુષ્ટિનું કારણ છે. આ આનંદનું ભોજન આત્માની પુષ્ટિનું કારણ છે. જેમ જેમ આનંદ આવતો જાય છે તેમ તેમ વિશેષ આનંદ પ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધતા જાય છે. એટલે વિજ્ઞાનઘન અને આનંદઘન થતા જાય છે. એ પહેલો વાસનો બોલ લીધો, બીજો ક્ષુધાનો બોલ લીધો. ક્ષુધા અને તૃષા.

'**બહારથી જોતાં ભલે તેમની ચારે તરફ ઘનઘોર અંધારું વ્યાપ્યું હોય,...**' અંધકાર અને પ્રકાશનો બોલ છે. '**પણ અંદરમાં જોતાં મુનિરાજના આત્માને વિષે આત્મજ્ઞાનનાં અજવાળાં પ્રસરી ગયાં છે.**' અંદરમાં પ્રકાશ છે. બહાર રાત્રિની અંદર જંગલમાં ધ્યાનમાં એકલું ઘનિષ્ઠ અંધારું હોય કે પોતાનો હાથ પોતાને ન દેખાય. હથેળી સામે રાખે તો પોતાને ન દેખાય. એટલું ઘોર અંધારું હોય. અંદરમાં જોવે તો કહે છે, ચૈતન્યનો પ્રકાશ પ્રકાશ છે. આ પુદ્ગલનો નથી, હોં! એ તો વેદન છે. અંદરમાં પોતાના જાગૃત ચૈતન્યનું અનંત ગુણ સહિતના ચૈતન્યનું એવું રસ ભરપુર વેદન છે કે બહારમાં અજવાળુ છે, અંધારું છે, એ વિકલ્પ મુનિરાજને નથી. અંધારાનો વિકલ્પ નથી. જંગલનો વિકલ્પ નથી. જંગલના જીવજંતુઓ અને પ્રાણીઓનો કોઈ વિકલ્પ નથી. કોઈ વિકલ્પ નથી.

લૌકિકજન જ્યાં ભય પામે ત્યાં મુનિરાજને એનો વિકલ્પ નથી. ભય સંબંધીનો

વિકલ્પ જ નથી.

જ્યાં પોતે અવ્યાબાધ સ્વરૂપે છે તેવી સ્થિરતા વર્તે છે. શ્રદ્ધા-જ્ઞાન તો ચોથા ગુણસ્થાને દરેક સમ્યગ્દષ્ટિને થાય છે. પણ અહીંયાં સ્થિરતા વર્તે છે. એ વિષયમાં સ્થિર થાય છે. તો પ્રાણીઓ શું કરવાના? જે શરીર ઉપર પોતાને મોહ રહ્યો નથી એ શરીર ઉપર બીજા પ્રાણીઓને મોહ થાય અને જે કાંઈ કરવું હોય તે કરે. ખાવું હોય ખાય, બટકું ભરવું હોય તો બટકું ભરે, ડંસ દેવો હોય તો ડંસ દે. આ મચ્છરનો ડાંસ હોય છે, વીંછી છે, સર્પ છે. જે કરવું હોય. જ્યાં મારું નથી ત્યાં લેવાદેવા નથી. મમત્વ ગયું ત્યાં બધું ગયું. ભય તો મમતાને લીધે છે. ભય કોને છે? જેને મમતા છે ત્યાં ભય છે. આ સીધી વાત છે. મમતા ગઈ સાથે સાથે ભય ગયો એની મેળે.

'**બહારથી જોતાં ભલે તેમની ચારે તરફ ઘનઘોર અંધારું વ્યાપ્યું હોય,...**' એમ. ઘણું ઘણું અંધારું હોય. ઘોર અંધકાર હોય. '**પણ અંદરમાં જોતા...**' મુનિરાજના આત્માની અંદરમાં જોતા '**આત્માને વિષે આત્મજ્ઞાનનાં અજવાળાં પ્રસરી ગયા છે.**' આત્મજ્ઞાન છે. સ્વરૂપ સ્વસંવેદનજ્ઞાન છે. પ્રદેશે પ્રદેશે વ્યાપ્યવ્યાપકપણે જ્ઞાનની જ્યોતિ પ્રગટેલી છે. એવી જે અલૌકિક જ્ઞાનની જ્યોતિના પ્રકાશમાં બિરાજમાન છે. એને બહાર શું છે અને શું નથી એ જોવાની તમા રહેતી નથી. ત્રણ બોલ થયા એ.

ચોથો બોલ કહે છે કે '**બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતા હોય,...**' આ ઉનાળામાં ગરમી પડે છે ને? મકાનની અંદર ગરમ હવા ન આવે એવી રીતે અને ઠંડી હવા ઉત્પન્ન થાય એવી રીતે રહે છે ને માણસ? Air condition છે. Cooler છે, પંખા છે, ટટ્ટી છે, પાણી છાંટીને છેવટ, ઘણાં બપોરે સ્નાન કરે. બહુ ગરમી વધી ગઈ છે. ફૂવારાથી નહાવ, પાણીથી નહાવ. શરીર ઉપર પાણી ઢોળે. (મુનિરાજ) પ્રખર તાપની અંદર જંગલમાં હોય. ચામડી ફાડે એવો તડકો હોય, તોપણ એ પ્રખર તાપની અંદર જંગલમાં ધ્યાનસ્થ અવસ્થામાં બિરાજમાન હોય. કેમ?

'**અંદરમાં તેઓ સંયમરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે.**' આટલું કાઢ્યું છે. એવી આત્માની શાંતિ છે, શીતળ શાંતિ. કે એ શાંતિને વશ જાણે કે એમને દેહનો ઉપયોગ છૂટી ગયો છે. દેહનું ખાલી ખોખું છે એમાં ઉપયોગ જાતો નથી. ઉપયોગ જ છૂટી ગયો છે. સામાન્ય ઉપયોગ છે પણ એ નહિવત જોઈને એમ કહેવાય છે કે જાણે કે એમને દેહનો ઉપયોગ છૂટી ગયો છે. પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત અને દેહમાત્ર જેને પરિગ્રહ કહ્યો. સહેજ વિકલ્પ છે તો કહે પરિગ્રહ છે.

બચાવ નથી કરતા. સહેજ વિકલ્પ છે તો પરિગ્રહ છે. એની મસ્તી કેટલી છે એનો આ સંકેત કરે છે, ઈશારા કરે છે. વાત તો કાંઈ માપથી મપાય એવી નથી.

મુમુક્ષુ :- તડકાની અંદર ... દુઃખી નથી ને?

પૂજ્ય ભાઈશ્રી :- જરાય નહિ ને. જરાય દુઃખ નથી. 'એગંત સોહિ મુનિ વીતરાગી.' એકલા એ એક જ જગતમાં સુખી છે. એના જેટલા જગતમાં કોઈ સુખી નથી. દુઃખનો તો પ્રશ્ન જ નથી. એટલે એમ લીધું કે બહારથી લોકોને દુઃખના સંયોગો કહેવાય એવા સંયોગો મુનિરાજને વિદ્યમાન હોવા છતાં અંદરમાં ખરેખર એવું કાંઈ જ નથી. વાત તદ્દન જુદી છે તદ્દન. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ... 'સોગાનીજી'એ કીધું હતું કે આ સીત્તેર લાખની આબાદીમાં એક જ હું સુખી છું.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં સુખ પ્રગટ્યું છે ને! સુખ પ્રગટ્યું હતું. હું એક સુખી છું. લોકોની સામે જોતા તો બધા ઉકળાટની અંદર, દુઃખની અંદર, ધમાલની અંદર, દુઃખની અંદર ઘેરાઈ ગયેલા પડ્યા છે. હું તો અંદરમાં સુખી થઈ ગયો. મને આત્માનું સુખ મળી ગયું. હું સુખી છું, બસ. આખા જગતમાં હું એક જ સુખી છું એમ લાગે. મુનિરાજની સામે જોવે ત્યારે એમ થાય.. આહા..! આવી સુખની દશા મને હો. મને સુખ પ્રગટ્યું છે પણ આવું ધીમું ધીમું સુખ અંદરથી આવે. એના બદલે પ્રચંડ પુરુષાર્થથી સુખનો ધોધ વહે એવી દશા મારે તો જોઈએ. મુનિરાજ વળી સર્વજ્ઞની સામે જોવે છે. દૃષ્ટિ બધાની ઊંચે છે. કે આ હજી ધીમી ધાર છે. અમૃત તો જરૂર વરસે છે અંદરમાં પણ ધીમી ધારે વરસે છે. પૂરેપૂરું એકસાથે પૂરું જોઈએ. જેવું સર્વજ્ઞ ભગવાનને પરિપૂર્ણ આનંદનું, પરમાનંદનું પરિણમન છે એવું પરિણમન જોઈએ. આવી ધીમી ધાર મને પાલવે નહિ. અને તેના માટે તે અહર્નિષ પ્રયત્નવંત છે. દિવસ અને રાત્રિ. ચોવીસ કલાક. એક સમય પણ પ્રમાદ કરવો એમને પોસાતો નથી. એટલા બધા પ્રયત્નવંત અને ઉદ્યમવંત છે. નિરંતર ઉદ્યમવંત છે.

**'બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતા હોય,...'** આવા તડકામાં બેઠા છે! આવા તડકામાં બેઠા છે! એમ લાગે. '**પણ અંદરમાં તેઓ સંયમરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે.**' જેમ કોઈ જંગલમાં શીતળ છાયા હોય. એ અંદરની કલ્પવૃક્ષની, સંયમરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં છે. વૃત્તિ બહાર જતી નથી. એવો સંયમ છે, ભાવસંયમ છે, પરમાર્થ સંયમ છે, વ્યવહારસંયમ પણ છે અને એ એમનું કલ્પવૃક્ષ છે. કલ્પવૃક્ષ એટલે કલ્પનાથી જે જોઈએ તે મળે. એવું એક કલ્પવૃક્ષની ઉપમા છે એ અહીંયાં સંયમને આપી છે. એ સંયમરૂપી કલ્પવૃક્ષ

કહો કે સંયમરૂપી સુધાસાગર કહો. એ અમૃતનો સાગર છે. એની અંદર એ ડૂબેલા પડ્યા છે. એમાં એ બિરાજમાન છે. એમને બહારની પ્રતિકૂળતાની જરાપણ આકુળતા થતી નથી.

'**ઉપસર્ગના ટાણાં આવે ત્યારે મુનિરાજને એમ થાય છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને મોકો મળ્યો'...**' છે. જુઓ! આ હવે પ્રતિકૂળતા આવી અને શું થાશે? અને હવે કેમ કરશું? અને એની ચિંતામાં આવે એ વાત મુનિરાજને નથી. આમાં આવે છે. 'શ્રીમદ્જી'એ 'મોક્ષમાળા'માં એક પાઠ લીધો છે. સનતકુમાર ચક્રવર્તીને કોઢ થાય છે ને? એટલે રોગીષ્ઠ અવસ્થામાં નિર્ણય લઈ લે છે કે આમાંથી જો બેઠો થાઉં... શરીરે દાહ ઘણો હતો. તો દીક્ષા લઈ લેવી છે. હવે સંસારમાં રહેવું નથી. ત્યારે એની નાની ઉંમર હોય છે. એની મા કહે છે કે ક્યાં રાજકુમારનું શરીર, જેણે કોઈ પ્રતિકૂળતા જોઈ નથી. આ તું માંદો પડીશ તો તારું ત્યાં કરશે કોણ? એવી દલીલ કરે છે કે મારા કરતા પણ કુમળા શરીરવાળા આ સસલા વગેરે પ્રાણીઓ પણ છે. બહુ કુમળું શરીર હોય છે એનું. એ માંદા-સાજા થાય તો ત્યાં કોણ વૈદ-ડોક્ટર લઈને જાય છે? અને કોણ વૈદ-ડોક્ટર અહીંયાં આવીને સેવા, સુશ્રૂષા ઉપચાર કરે છે? એટલે એ વાત કોઈ વિચારવાની રહેતી નથી.

પ્રતિકૂળતા અને એ સંબંધિત ભય એ કલ્પના માત્ર છે એવું જ્ઞાનદશાની અંદર ભાસ્યમાન થાય છે કે આ તો કલ્પના છે જગતના જીવોની. ભય પણ કલ્પિત છે અને પ્રતિકૂળતા પણ કલ્પિત છે. આ આત્મા તો માત્ર જ્ઞાનસ્વભાવી જ્ઞાતા-દૃષ્ટા છે. બાકી બધું જે કાંઈ છે એ જ્ઞેયમાત્ર સ્થાને છે. માત્ર જ્ઞેયના સ્થાને હોવાથી અનુકૂળતા-પ્રતિકૂળતાની એમાં કોઈ કલ્પના ઉઠાવવાની જરૂર રહેતી નથી. કોઈ કલ્પના જ ન જોઈએ. જ્યાં પ્રતિકૂળતાની કલ્પના નથી ત્યાં એને લઈને થતો જે ભય, ઉત્પન્ન થતો ભય એ બીજી વાત ઊભી થતી નથી.

આ તો વ્યવહાર દૃષ્ટિએ જેને ઉપસર્ગ કહેવામાં આવે છે. મુનિરાજ માનતા નથી કે મને ઉપસર્ગ પડ્યો. મને પરિષહ પડ્યો, ઉપસર્ગ થયો એવું મુનિરાજ માનતા નથી. એ તો જાણે 'પામ્યા પરમ મિત્રનો યોગ જો.' એને તો પરમમિત્ર છે. જેમ પરમમિત્રથી મિત્રને મળતા આનંદ થાયસ એમ ઉપસર્ગના ટાણાં આવે ત્યારે એમને વિશેષ આનંદ થાય છે. ખરેખર આનંદ વધે છે ત્યારે. અને આનંદ વધવાનો પ્રસંગ સમજીને એને અગાઉથી એને એ પ્રત્યે નિરાદર થવાનો વિકલ્પ આવતો નથી. જ્યાં કોઈને પોતાના આનંદનો પ્રસંગ આવતો દેખાય ત્યાં એનો નિષેધ અને નિરાદર કેમ આવે? એ પ્રશ્ન રહેતો નથી.

એટલે એમ કહે છે કે '**મારી સ્વરૂપ સ્થિરતાનો અખતરો કરવાનો મને મોકો મળ્યો...**' મને તક મળી છે, આ આવસર મળ્યો છે. જો આવું ન થયું હોત તો પોતે ઉદીરણા કરત. પોતાનો પુરુષાર્થ ચાલુ પરિસ્થિતિમાં વધતો ન દેખાય તો મુનિરાજ એવી રીતે પગ વાળીને બેસતા નથી. એમ છે. એ ચાલતા ઉદયમાં કોઈ પ્રતિકૂળતા નથી અને આ બાજુ પુરુષાર્થ વધતો નથી. હું તો કેવળજ્ઞાન લેવા નીકળેલો છું. મફતનો કાંઈ જંગલમાં વાસ કર્યો નથી. બધું જગતને છોડ્યું એ મફતમાં છોડ્યું નથી. કેવળજ્ઞાન લેવા માટે છોડ્યું છે. કેમ પુરુષાર્થ વધતો નથી? ઉદીરણા કરે. ઉદીરણા કરી કરીને પુરુષાર્થને વધારે. એવો પણ વિકલ્પ આવે છે. મુનિરાજને એવો વિકલ્પ આવે છે. એ સ્વરૂપ સ્થિરતાનો પ્રયોગ કરવો. અખતરો કરવો એટલે પ્રયોગ કરવાનો મને મોકો મળ્યો છે.

'**માટે ઉપસર્ગ મારો મિત્ર છે**' આ મિત્ર શબ્દ જ વાપર્યો છે. '**માટે ઉપસર્ગ મારો મિત્ર છે.**' આ જ શબ્દ વાપર્યો છે 'શ્રીમદ્જી'એ. 'એકાકી વિચરતો વળી સમશાનમાં' સિંહ વાઘનો સંયોગ થાય તો ફાડી ખાશે એમ નહિ પણ પરમમિત્રનો યોગ થયો એમ સમજે છે. ઠીક ! એમ છે. આમ દેહ ઉપરથી જેની મૂર્છા ચાલી ગઈ છે.

મુમુક્ષુ :- લૌકિકથી તો વાતે વાતે ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધી વાતમાં ફેર છે.

આવી વાત આવે ત્યારે 'ગુરુદેવ' એક બોલ લેતા હતા કે લોકોને અવાજ, ઘોંઘાટ, સહવાસ (ગમે છે). ઘરમાં એકલું રહેવું ન ગમે. સમાજમાં પણ એને વધારેમાં વધારે જૂથ હોય, વધારેમાં વધારે સંખ્યાનો યોગ હોય બીજા માણસોનો એ ઈચ્છે છે. લૌકિકજનની આ માનસિક સ્થિતિ છે. એની સામે મુનિરાજની પરિણતિ સાવ ઊલટી જ છે અલૌકિક. એ જંગલમાં જાય છે એમ નહિ. જંગલમાં પણ જ્યાં કોઈપણ પ્રાણીનો પગરવ ન હોય એવું સ્થાન ગોતે છે ધ્યાન માટે. પગરવ એટલે આવાગમનથી પગનો અવાજ થાય એને પગરવ કહે છે. રવ એટલે અવાજ. જ્યાં કોઈ આવતા-જતા પ્રાણીઓ હોય, મનુષ્યો હોય, ઢોરઢાંખર હોય, પશુ-પક્ષીઓ હોય એવું સ્થાન પસંદ ન કરે. બિલકુલ નિર્જન લાગે. જ્યાં એકદમ નિરવ શાંતિ હોય. નિરવમાં એ જ છે. અવાજ નહિ એવું. નિરવ શાંતિ એકદમ હોય એવું સ્થાન ધ્યાન માટે પસંદ કરે છે. ઊલટું જ છે આખું. પેલા જગતના લૌકિકજનને એકલું ફાવતું નથી અને આને બીજું કોઈ હોય એ ફાવતું નથી. ઊલટી-સુલટી દશા છે. તદ્દન ઊલટી દશા છે. એવા પરમમિત્ર તરીકે એને ગણે છે. અને પોતાના આત્માની શુદ્ધિના પ્રયોગનો

અવસર જાણે છે. શુદ્ધિના પ્રયોગનો આવેલો અવસર, સામેથી ચાલીને આવેલો અવસર છે. એ તો એને વધારે અનુકૂળ પડે છે.

જેમ કોઈને દોડવું હોય અને ઢાળ મળે. તો એની દોડને સહજ ગતિ મળવી એ સ્વાભાવિક થઈ જાય છે. એવી પરિસ્થિતિ એને (થાય), દોડવું હોય અને ઢાળ મળે. એમ વાત છે. એને પુરુષાર્થમાં દોડવું હતું એમાં આ ઉપસર્ગ-પરિષહ ઉત્પન્ન થયો. ભલે થયા અને બહુ સારુ થયું કે આ થયા. ક્યાં સુધી? કે મૃત્યુ આવે ત્યાં સુધી. કે આ મહોત્સવ છે. ઓલો ઉત્સવ હતો અને આ હવે મહોત્સવ છે. ઠીક! કેટલું ઊલટું છે? જગતમાં તો મૃત્યુથી બચવા માટે આકાશ-પાતાળ એક કરવાનો અભિપ્રાય હોય. 'અમેરિકા'થી દવા મંગાવે. પાતાળમાંથી મળતી હોય તો ત્યાંથી મગાવું. આકાશમાંથી મળતી હોય તો ત્યાંથી મગાવું. પણ કોઈ રીતે મરવું નથી. આ ઊલટી વાત છે. એ તો નક્કી થયેલી વાત છે એમાં કાંઈ વિચાર કરવાનો, વિકલ્પ કરવાનો પ્રશ્ન નથી.

રસ્તા ઉપર ઘર હોય અને ટ્રાફિક આવ-જા કરે એનો હરખ-શોક કેટલો? ટ્રાફિકની આવ-જાનો હરખ-શોક કેટલો? કે કાંઈ નહિ. ધ્યાન પણ ન દે. રસ્તા ઉપર દુકાન હોય તો ધ્યાન પણ ન દે. એ દુકાનમાં ધ્યાન દે કે રસ્તા ઉપર ધ્યાન દે? ઘરાક ઉપર ધ્યાન દે કે રસ્તામાં કોણ આવે છે અને કોણ જાય છે એના ઉપર ધ્યાન દે? એ એના કામથી (મતલબ રાખે). લખવાનું કામ હોય તો લખે, વેપાર કરવાનું કામ હોય તો વેપાર કરે. એનો હરખ-શોક એને હોતો નથી. એમ શરીર આવ્યું અને શરીર ગયું. જ્ઞાયક આત્માના જ્ઞાનઅરીસામાં એક ટ્રાફિક છે. આવ્યો અને ગયો. ન આવતા એનો હરખ છે અને જતા એનો શોક છે. પરપદાર્થ છે. એના કારણે આવ્યો હતો, એના કારણે ગયો.

શાસ્ત્રમાં એક પાગલ માણસનું દૃષ્ટાંત આવે છે. એક પાગલ માણસ રણની અંદર એકલો બેઠો હતો એમાં મોટી વણઝાર નીકળી. રાજીનો રેડ થઈ ગયો. પણ વણઝાર તો એના રસ્તે ચાલી જતી નીકળી હતી. પૂરી થઈને આગળ ગઈ તો રોવા મંડ્યો. આવી ત્યારે રાજી થયો, ગઈ ત્યારે રોવા મંડ્યો. એમ આને સંયોગની વણઝાર દેખાતા રાજી રાજી થાય છે. એ પાછી ચાલી જાય ત્યારે રોવા બેસે છે કે અરે..રે..! મારું વયું ગયું. અરે..રે..! મારું વયું ગયું. મારું ગયું રે.. મારું ગયું. પણ એ વણઝાર હતી. એનો રાજા એને લઈને નીકળ્યો હતો. એના રસ્તે જાતો હતો. તું મફતનો રાજી થયો હતો અને મફતનો હવે દુઃખી થાય છે. બેય વાત તારી મફતની છે.

**'અંતરંગ મુનિદશા અદ્‌ભુત છે;...'** આવી જે વીતરાગી મુનિની દશા છે એ

અદ્ભુત દશા છે, અલૌકિક દશા છે. એટલે એમને પંચ પરમેષ્ઠી પદમાં ગણવામાં આવે છે. પંચ પરમેષ્ઠી પદ. આવી અદ્ભુત દશાના ધારક છે. એટલે એમને પરમેષ્ઠી પદમાં મૂક્યા છે. અનાદિથી આવા ભાવલિંગી મુનિઓ છે એ પરમેષ્ઠી પદમાં છે. એવી દશા ન હોય અને મુનિદશા માને, મનાવે એ સાચી મુનિદશાની વિરાધના છે. સાચી મુનિદશાનો એની અંદર નિષેધ છે અને એ પણ બહુ મોટો અપરાધ છે.

આવી '**અંતરંગ મુનિદશા અદ્ભુત છે; દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે.**' એમનો આત્મા તો ઉપશમરસમાં તરબોળ છે. નીતરતી વીતરાગતા એમના શરીરમાં પણ એ રસને વ્યક્ત કરે છે. જેમ કોઈ ગુસ્સે થયેલા માણસની મુદ્રા ન બોલે તોપણ એના ગુસ્સાને પ્રગટ કરી દે છે. આંખ છે, નાક છે, હોઠ છે. હરખ-શોકને પ્રગટ કરે છે, ગુસ્સાને પ્રગટ કરે છે. એમ શાંતરસમાં પણ એવું બને છે. મુનિરાજ જ્યારે વીતરાગી શાંતિની અંદર, અતિશય વીતરાગી શાંતિની અંદર બિરાજમાન છે એવા મુનિરાજને એના શરીરમાં પણ ઉપશમરસ, શાંતરસ. ઉપશમ રસ એટલે શાંત વીતરાગી રસ એમની દેહની દશામાં પણ દશ્યમાન થાય છે.

એટલે 'કુંદકુંદાચાર્યદેવે' 'અષ્ટપાહુડ'માં પહેલા જ પાહુડમાં એ વાત નાખી છે કે મૂર્તિમંત એવો જે જિનમાર્ગ જોવો હોય તો તમે ભાવલિંગી મુનિના દર્શન કરો. અમૂર્તિક એવો જિનમાર્ગ તો આત્માના પરિણામ છે. એ તો કોઈ ઇન્દ્રિયજ્ઞાનથી સમજી શકાય એવો વિષય નથી. અતીન્દ્રિયજ્ઞાનનો એ વિષય છે. તેમ છતાં આ જે સજીવનમૂર્તિ છે, મુનિરાજ છે એ તો સજીવનમૂર્તિ છે, એ મૂર્તિમંત જિનમાર્ગ છે. મૂર્તમાન થયેલો. અમૂર્તિક એવો જિનમાર્ગ મૂર્તિમંત થઈ ગયો છે. જોવો હોય તો જોઈ લ્યો તમે.

એવા એમના શરીરની અંદર પણ શાંતરસ પણ એટલો બધો હોય છે અને જંગલની અંદર ધ્યાનમાં અડોલ આસનમાં એટલી શાંતિથી એ સ્થિર હોય છે. શાસ્ત્રની આ તો બહુ પ્રસિદ્ધ વાત છે કે હરણિયા વગેરે એને ઝાડનું ઠુંઠું અંધારામાં સમજી લ્યે. સામાન્ય અંધારું થયું હોય તો એને ખ્યાલ ન આવે કે આ માણસ છે. માણસ હોય તો હાલે-ચાલે. આ એટલા બધા સ્થિર હોય છે કે એને એમ લાગે છે કે આ ઝાડ-બાડ લાગે છે. તો એને ચળ આવે તો એને તો કાંઈ હાથ નથી કે ખંજવાળે. એ જેમ કોઈ ઝાડ સાથે શરીર ઘસે, એમ મુનિના શરીર સાથે શરીર ઘસે છે. ભૂલી જાય છે કે આ માણસ છે. એટલી એની બાહ્ય સ્થિરતા છે અને બાહ્ય શાંતિ એટલી બધી હોય છે.

આ જે ચિત્રમાં આપણે મુનિરાજની બાજુમાં ચિત્ર દોરવામાં આવે છે. સિંહ અને વાઘ આવીને બેઠેલા હોય છે, સર્પ આવીને બેઠેલા હોય છે એ શું બતાવે

છે? કે એ તો ક્રોધી પ્રાણીઓ છે, જંગલી પ્રાણીઓ છે, બહુ કષાયવાળા પ્રાણીઓ છે. બહુ કષાયના ફળમાં ગયેલા છે ત્યાં. હજી પ્રકૃતિ છૂટી નથી. પણ મુનિરાજના દેહમાં જે ઉપશમરસના ઢાળા ઢળ્યા છે એને જોઈને એના પરિણામ શાંત થઈ જાય છે. બાજુમાં આવીને શાંતિથી બેસી જાય કે અરે..! આ તો કોઈ મનુષ્ય છે! લોકો તો ભાગે છે અને કાં તો પિસ્તોલ લઈને મારવા માંડે છે. એના બદલે આ હાલતા-ચાલતા નથી. આટલી બધી શાંતિ! સંજ્ઞી પ્રાણી છે ને? એના પરિણામ શાંત થાય તો બાજુમાં આવીને છાનામાના બેસી જાય. જોયા કરે. સંસ્કારનું નિમિત્ત પડે કોઈને. પછી કોઈ એવા વિચારે ચડે, મનવાળા છે. તો સંસ્કારનું નિમિત્ત પડે છે. પ્રત્યક્ષ યોગ છે ને. કોઈ એવા મુનિરાજ હોય તો. આ જેમ 'મહાવીરસ્વામી' ભગવાનને એ સિંહની પર્યાયની અંદર ઉપદેશ મળ્યો. એવો પ્રકાર પણ ઉત્પન્ન થઈ આવે છે. અહીં સુધી રાખીએ...

## તા. ૨૨-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૯
## પ્રવચન નં. ૩૦૪

**દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ-ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે. દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.**

**તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે, હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું; વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે, આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે.-આવો અચળ નિર્ણય હોય છે. સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે. જ્ઞાયક ઊંચે ચડીને-ઊર્ધ્વપણે બિરાજે છે, બીજું બધું નીચે રહી ગયું હોય છે. ૩૮૯.**

'બહેનશ્રીના વચનામૃત' ૩૮૯ બોલ, પાનું-૧૪૫. મોક્ષમાર્ગમાં અંતરંગ જ્ઞાનદશા કેવી હોય છે-ધર્માત્માની અંતરંગ પરિણતિ એ દશા આ બોલની અંદર વર્ણવી છે. જેને '**દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે, તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ-ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી.**' જ્યાં દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થાય છે એટલે કે સમ્યક્‌પણે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય છે. ફક્ત ત્રિકાળી દ્રવ્યસ્વભાવના વિકલ્પ થાય છે અને એ વિકલ્પમાં કૃત્રિમ જોર રહે છે અને કોઈ માને છે કે આ દ્રવ્યદૃષ્ટિ થઈ છે. એવી વાત અહીંયાં નથી.

અહીંયાં તો શ્રદ્ધા અથવા દર્શન પોતાના ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સાથે અભેદ ભાવે પરિણમે અને એ પરિણમતા પુરુષાર્થ પણ સર્વ ગુણોની સ્વરૂપ રચનામાં શુદ્ધ પરિણમનમાં કાર્યરત થાય. ત્યારે એ પ્રકારના દૃષ્ટિના અને પુરુષાર્થના પરિણમનમાં દૃષ્ટિનું જોર એટલે ઉગ્રપણે દૃષ્ટિ પોતાના સ્વરૂપને વિષે પરિણમે એ શ્રદ્ધાને પુરુષાર્થનું રૂપ છે. અને પુરુષાર્થ પણ સાથે સાથે પરિણમે છે. એવી જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય છે. યથાર્થ એટલે એવી દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય કે જે દ્રવ્યદૃષ્ટિ પોતાના દ્રવ્ય સિવાય

બીજે ક્યાંય પણ વિચલિત થઈને એક સમય માટે પણ જાય નહિ. એવું દૃષ્ટિનું સર્વાંગ પરિણમન માત્ર પોતાના પરમેશ્વર પદને વિષે જ રહે છે. એ પરિણામમાં ઉગ્રતા હોય છે. દૃષ્ટિના એવા પરિણમનની અંદર ઉગ્રતા હોય છે અને એ ઉગ્રતાને લીધે દૃષ્ટિનું વિષયાંતરપણું કદી થતું નથી. પોતે ક્યારે પણ વિષય બદલે એવું બનતું નથી.

સમ્યગ્દર્શન પોતે પણ પોતાને વિષય ન કરે. ત્યાં સુધી કે સમ્યગ્દર્શન પોતે પણ સમ્યગ્દર્શનને વિષય ન કરે, સમ્યગ્જ્ઞાનને વિષય ન કરે. તે કાળે પ્રગટેલો અપૂર્વ આનંદ સિદ્ધપદની Qualityનો આનંદ, પરમાનંદની Qualityનો આનંદ એને પણ વિષય ન કરે. અને આગળ કેવળજ્ઞાન થાય ત્યારે એને પણ વિષય ન કરે. એ વખતના પરમાનંદને પણ વિષય ન કરે. કેમકે તે સર્વ ભાવોથી પરમભાવ એવો જે પોતાનો સ્વભાવ એ એનો વિષય થઈ ગયો છે. દૃષ્ટિને એ વિષય મળી ગયો છે એટલે અપરમ ભાવમાં એ જતી નથી. પરમભાવને વિષે જાય છે. અને તેથી એવા બીજા અપરમ ભાવને વિષે જતી નથી.

આવી દૃષ્ટિ પ્રગટે ત્યારે જ્ઞાનમાં પણ એકલો જ્ઞાયક જ, ચૈતન્ય જ ભાસે છે. કેવી રીતે ભાસે છે? કે સ્વ સ્વરૂપે. ત્યારે જ્ઞાનમાં સ્વ સ્વરૂપે એકલો જ્ઞાયકસ્વભાવ, એકલો ચૈતન્યસ્વભાવ, મારું આટલું સ્વરૂપ છે એમ જ્ઞાનમાં ભાસે છે. જેટલો દૃષ્ટિનો વિષય છે એટલું જ મારું સ્વરૂપ છે એમ જ્ઞાનમાં ભાસે છે. અને શરીરાદિ કાંઈ પોતા સ્વરૂપે ભાસતા નથી. શરીરાદિ કાંઈ ભાસતા નથી એટલે પોતા સ્વરૂપે ભાસતા નથી. શુદ્ધોપયોગના કાળમાં તો ઉપયોગને વિષે એક જ્ઞાયક સ્વભાવ રહે છે અને ત્યારે તો એ જ્ઞાયક સ્વભાવ સિવાય ઉપયોગના વિષયમાં શરીર કે બીજા વિષયો કે વિકલ્પ, જોકે વિકલ્પની ઉત્પત્તિ નથી પણ પર્યાય કે કાંઈ રહેતું નથી. વેદનમાં રહે છે પણ એનો વિષય થતું નથી.

અહીંયાં તો પરિણતિની વાત લેવી છે કે સવિકલ્પ દશામાં મોક્ષમાર્ગમાં ક્યારેક નિર્વિકલ્પ હોય ત્યારે તો પ્રશ્ન જ નથી કે બીજું કાંઈ જણાય. પણ બીજું જાણવાના કાળમાં ઉપયોગ જાય ત્યારે પણ જ્ઞાયક ચૈતન્ય જ પોતાના સ્વરૂપે ભાસે છે અને શરીરાદિ જણાવા છતાં એ પોતા સ્વરૂપે ભાસતા નથી. શરીરમાં અશાતા થઈ તો એ શરીરમાં થઈ એમ જણાય છે. મારામાં થઈ એમ જણાતું નથી. એની ભિન્ન સત્તા જણાય છે. જો વેદનાની ભિન્ન સત્તા જણાય, જે જ્ઞાયકની સત્તા પાસે વેદનાની ભિન્ન સત્તા જણાય તો પછી બીજા પદાર્થોને વિષે, બીજી પર્યાયોને વિષે શરીરની કે પંચેન્દ્રિયના વિષયોની, એમાં તો અભિન્નપણું થવાનો પ્રશ્ન રહેતો નથી.

**'શરીરાદિ...'** આદિમાં એ લઈ લેવું. શાતા, અશાતા, બીજા પંચેન્દ્રિય વિષયો. એ કાંઈ ભાસતુ નથી એટલે જ્ઞાનમાં એનું પ્રતિબિંબ નથી પડતું સવિકલ્પ દશામાં એમ નથી કહેવું. પણ પોતાનું સ્વરૂપ સર્વાભાસ રહિત છે. પોતાનું સ્વરૂપ સર્વાભાસ રહિત છે. 'આત્મસિદ્ધિ'માં આવે છે ને સર્વાભાસરહિત? 'આત્મા સત્ ચૈતન્યમય સર્વાભાસ રહિત, તેથી કેવળ પામીએ મોક્ષપંથ એ રીત.' એક ગાથા આવી છે.

આત્મા સત્ એટલે એની દૃષ્ટિનો વિષય ત્રિકાળી અસ્તિત્વ છે. સત્ એટલે શ્રદ્ધાનો વિષય તો અસ્તિત્વ છે. જ્ઞાનમાં ચૈતન્યમય જ્ઞાયકસ્વભાવે હું છું એમ છે. પણ કેવો જ્ઞાયકસ્વભાવે? કે સ્વપરપ્રકાશક હોવા છતાં પણ જ્ઞેયાકારોને બાદ કરીને અથવા જ્ઞેયાકારોનો જ્ઞાનમાં વ્યવચ્છેદ કરીને હું સર્વ આભાસ રહિત સામાન્ય ચૈતન્યસ્વરૂપ છું. એમ આત્માને એ રીતે જે વિષય કરે છે તે મોક્ષપંથની રીત છે એમ કહેવું છે. આવી મોક્ષપંથની રીત છે. તેથી કેવળ પામીએ. કે જે રીતથી કેવળદશા પ્રાપ્ત થાય. મોક્ષપંથ તો એ છે પણ કેવળદશા પ્રાપ્ત કરવા સુધીનો એ મોક્ષપંથ છે. એ રીતમાં ક્યાંય વચ્ચે ફેર પડતો નથી. આદિ-મધ્ય-અંતમાં એક જ રીત છે. બીજી કોઈ રીત છે નહિ.

'આત્મસિદ્ધિ'માં તો ટૂંકામાં ઘણું નાખ્યું છે. આટલામાં તો આત્મા અને આત્મપ્રાપ્તિનો ઉપાય-બેય દર્શાવી દીધું. સ્વરૂપ પણ દર્શાવ્યું અને સ્વરૂપ પ્રાપ્તિની રીત દર્શાવી દીધી, એક ગાથામાં. આ બહુ ટૂંકામાં કહેવાનું સામર્થ્ય છે એમનું. લોકોને શૈલીનો આગ્રહ થાય છે. આવી કેમ વાત કરે છે? આવી રીતે કેમ કીધું? આવા શબ્દથી કેમ કીધું? સામર્થ્યને જોઈ શકતા નથી.

મુમુક્ષુ :- બે લીટીમાં આખું આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- બે લીટીમાં આત્મા દર્શાવ્યો અને આત્માની પ્રાપ્તિનો ઉપાય દર્શાવી દીધો, માર્ગ બતાવી દીધો.

ખરેખર તો એવા સમર્થ જ્ઞાનીઓને અધ્યાત્મનો આવો ગહન વિષય વ્યક્ત કરવાનું સામર્થ્ય છે. એ એને ભક્તિનું કારણ થવું જોઈએ, બહુમાનનું કારણ થવું જોઈએ. એમાં તર્ક ઉઠે કે આમ કેમ વિકલ્પ થયો? આમ કેમ ભાષા આવી? આમ કેમ શૈલી થઈ? ફલાણું આમ કેમ થયું? એ અસ્થાને છે. એવા જ્ઞાનીઓ મહાવિચક્ષણ હોય છે અને સત્ ધર્મની પ્રભાવના કેમ થાય એ વિષયમાં એ પારંગત હોય છે. બીજા વિદ્વાનો કરતા, પંડિતો કરતા, સામાન્યજનો કરતા, કહેવાતા બુદ્ધિશાળીઓ કરતા આ વિષયમાં એમની પારંગતતા હોય છે. વિચક્ષણતા હોય છે.

એટલો સૂક્ષ્મ ઉપયોગ કામ કરતો હોય છે કે સ્થિતિકરણને એ બહુ સારી રીતે

જાણે છે. સ્થિતિકરણ એમના સમ્યગ્દર્શનના મૂળ ગુણોનું એક અંગ છે. સમ્યગ્દષ્ટિને મૂળગુણ અને ઉત્તરગુણ છે ને? એ મૂળ ગુણોનું એક અંગ છે અને એ બહુ સારી રીતે જાણે છે કે કેવી રીતે સ્થિતિકરણ કરી શકાય. કઠોરમાં કઠોર ભાષાથી પ્રહાર કરતા પણ આવડે છે અને મૃદુથી મૃદુ ભાષાની અંદર સમજાવતા પણ આવડે છે. અને બેય પદ્ધતિના કાળે, બંને પ્રકારના વચન કાળે એકમાત્ર નિષ્કારણ, નિઃસ્પૃહ કરુણાબુદ્ધિથી સામા જીવનું હિત થવા સિવાય બીજો કોઈ દૃષ્ટિકોણ એમાં હોતો નથી. તેથી કોઈપણ શૈલીના ધર્માત્માના વચનો પ્રત્યે શંકા કરવા યોગ્ય નથી.

શું કહે છે? કે એકલો ચૈતન્ય જ ભાસે છે, બીજું કાંઈ ભાસતું નથી. એટલે અહીંયાં એમ નથી કહેવું કે બીજું કાંઈ દેખાતું નથી. મુખ્યપણે એક પોતાનો ચૈતન્યસ્વભાવ સ્વ સ્વરૂપે ભાસે છે અને શરીરાદિ બધા પર સ્વરૂપે ભાસે છે. સ્વ સ્વરૂપે કોઈ ભાસતા નથી. એમ લેવું છે. '**ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે.**' શરીરથી જુદો ભાસે છે એનો અર્થ કે શરીર જણાય છે ખરું. જો ન જણાય તો જુદો જણાવાનો પ્રશ્ન નથી. જ્ઞાનનો વિષય સ્વ-પર છે. ભેદજ્ઞાન કહેવાય છે. ભેદશ્રદ્ધાન ક્યાંય નથી કેહવાતું. કહેવાય છે? કેમકે શ્રદ્ધાનને બીજો વિષય નથી કે જેથી ભેદ પાડવો. શ્રદ્ધાનને તો એક જ વિષય છે એટલે એને ભેદ પાડવાનો પ્રશ્ન નથી. પણ જ્ઞાનને બીજો વિષય છે. સમ્યગ્જ્ઞાન હોવાને લીધે ભેદ પાડે છે. બીજો વિષય જણાય છે તે જ્ઞાનમાં સ્વપણે સ્થાન ન પામે ક્યારેય. સ્વપણે પ્રતિષ્ઠા ન પામે. પર પર તરીકે જ પરના સ્થાનમાં જ રહી જાય. અને એનો એવો એક બીજો અર્થ ત્યાં ઊપજે છે કે જે પરપણે ભાસે છે એનું કોઈ મૂલ્ય નથી. પારકાનું શું મૂલ્ય? આ જગતમાં પારકી ચીજ તો ગમે તેવી સારામાં સારી હોય તો પોતે એનું શું મૂલ્ય કરે છે? મારે શું લેવા દેવા? આપણે શું? ટાટા બિરલા પાસે કરોડો રૂપિયા છે. તો કહે હશે. આપણે શું પણ? શું વિચાર કરે? કે આપણે શું? શું વિચાર કરે? કે આપણે શું?

મુમુક્ષુ :- પોતાને કરોડો રૂપિયા પ્રાપ્ત કરવા હોય તો એના ગુણગાન તો કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતાના પ્રયોજનથી કરે છે. એના પ્રયોજનથી કરે છે? એમાં તો પોતાનું પ્રયોજન છે. ત્યાં પણ પોતાની જ મુખ્યતા છે. પેલાની મુખ્યતા છે કે પોતાની? કહો જોઈ.

આ જીવનો એવો સ્વભાવ છે કે જ્યાં સ્વપણું છે ત્યાં જ મુખ્યતા છે. જ્યાં પરપણું છે ત્યાં મુખ્યતા નથી. સ્વનું જ મૂલ્ય છે અને પરનું મૂલ્યવાનપણું એને કદી ભાસતું નથી. મૂલ્યવાન હોય તોપણ ન દેખાય. કિંમતી ચીજની કિંમત એની

નજરમાં આવતી નથી. આ તો સર્વસાધારણ અનુભવગોચર વિષય છે.

**'ભેદજ્ઞાનની પરિણતિ એવી દઢ થઈ જાય છે...'** શું કહે છે? જે અપૂર્વ રસથી એકવાર શુદ્ધોપયોગમાં આખો જુદો પડી ગયો, ઘણાં અપૂર્વ રસથી જુદો પડ્યો છે એની પરિણતિ થઈ જાય છે. અત્યંત ભાવનાએ કરીને સ્વરૂપરસ ઉત્પન્ન થયો, એ અપૂર્વ રસના ફળસ્વરૂપે શુદ્ધોપયોગ થયો, ભાવનાથી ઉપયોગમાં આવ્યો, ઉપયોગમાંથી પરિણતિમાં આવ્યો. આ Process છે. ભાવના, ઉપયોગ અને પરિણતિ. પરિણામની અંદર આ ત્રણનો Process છે. પરિણામ કેળવવાને વિષે આ પરિણામનું વિજ્ઞાન છે. બહારમાં પણ એમ જ થયું છે. પરપદાર્થના વિષયના એમ થયું છે કે આ જીવે પરપદાર્થની બહુ ભાવના કરી. કેટલી બધી ભાવના કરી? કે પોતાની મુખ્યતા ટાળીને દીનતાએ કરી. દીન બન્યો, ભિખારી બન્યો, રાંકો બન્યો, યાચક બન્યો. પરની ભાવનામાં. અને એટલો બધો પરમાં તન્મયાકારે ઉપયોગ કર્યો, જે-તે વિષયની પ્રાપ્તિમાં કે એની પરિણતિ થઈ ગઈ છે જીવને. એ પરિણતિ થતા પછી સમજણમાં એમ આવે કે આત્મા જુદો છે, રાગ જુદો છે, પરપદાર્થ શરીરાદિ જુદા છે પણ પરિણતિ એને છોડતી નથી. કેમકે ભાવના ભાવી ભાવી, ઉપયોગમાં આવી આવી અને પરિણતિ સુધી પહોંચી ગયો છે.

આયુર્વેદની અંદર એ જોવાય છે કે રોગ ક્યાં સુધી પહોંચ્યો છે? જે સપ્ત ધાતુ છે ને? એમાં ક્રમશઃ એક એક ધાતુ બને છે. લોહ સુધી પહોંચ્યો છે? અસ્થિ સુધી પહોંચ્યો છે? મિજ્જા સુધી પહોંચ્યો છે? ક્યાં સુધી પહોંચ્યો છે? જેમ આગળ આગળના Stageમાં રોગ ઘર કરે પછી એને કાઢવાની મુશ્કેલી થાય છે. એમ આ અનાદિનો સંસારરોગ છે એ પરિણતિ સુધી, છેલ્લી Stage પહોંચેલો છે. એટલે પરિણતિ છૂટી અને સમ્યગ્દર્શન થવું એ અઘરું પડે છે.

ઘણાંને એ તર્ક થાય છે, વિકલ્પ થાય છે કે આ રોજ સ્વાધ્યાય કરવામાં એની એ વાત હોય છે. રોજ એની એ વાત કરવાની. આનો અર્થ શું પણ? રોજ તેની તે વાત કરવાનો શું અર્થ છે? એમ પૂછી શકાય કે ન પૂછી શકાય? કે રોજ તેની તે વાત કરવાનો તે ભાવના ભાવવાનો અર્થ છે. મુખ્યપણે તો આત્માની ભાવના ભાવવાનું પ્રયોજન છે કે જે ભાવનાથી આત્મરસ ઊપજીને એનો ઉપયોગ થાય. ઉપયોગથી પરિણતિ સુધી જવાય. એની પાછળ હેતુ છે.

મુમુક્ષુ :- ઊંધી પરણતિ તોડવા.

પૂજ્ય ભાઈશ્રી :- ઊલટી પરિણતિ તોડવી છે અને સુલટી પરિણતિ પ્રગટ કરવી છે. પરિણતિ થયા વિના કોઈ રીતે જે કાર્ય પાયામાંથી થવું જોઈએ એ કાર્ય નહિ

થાય. ઉપરછલ્લું બધું થશે. 'છાર ઉપર લીપણું તેહ જાણો.' ઉપર ઉપરનું છે એ બધું. પરિણતિ બદલતી નથી ત્યાં સુધી કોઈ ફેરફાર થતો નથી. અંદરથી ફેરફાર નથી થતો. અને બહારનો ફેરફાર તો ખરેખર ફેરફાર થયો જ નથી.

મુમુક્ષુ :- ઊંધી પરિણતિ તોડવાનો આ સીધો જવાબ છે. આપે કહ્યું ને ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના, ઉપયોગ ને પરિણતિ. ભાવના, ઉપયોગ ને પરિણતિ.

'સોનગઢ'માં આ બધા વિષયોમાં બહુ ચર્ચા થતી. અધ્યાત્મની ચર્ચાઓમાં આવી બધી ચર્ચાઓ બહુ ચાલેલી છે.

'**ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે...**' એ ઉપયોગ થયા પછી ભેદજ્ઞાનની પરિણતિ એવી સહજ, હોં! દૃઢ થઈ જાય છે એટલે એવી સહજ થઈ જાય છે કે ભેદજ્ઞાનીને '**સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે.**' એટલે કે કહેવાની જરૂર નથી કે જાગૃત અવસ્થામાં ક્યારેય ભૂલ થાય. એ પ્રશ્ન નથી રહેતો. ચારિત્રમોહને વશ રાગ-દ્વેષ, હરખ-શોકના પરિણામ, ચારિત્રમોહ જનિત ધર્માત્માના પરિણામમાં દૃષ્ટિગોચર થાય. તોપણ ક્યારેય એ પરદ્રવ્યને વિષે, સંયોગને વિષે એકત્વબુદ્ધિએ પરિણમે એવું ક્યારેય બનતું નથી. જાગૃતમાં તો નહિ પણ સ્વપ્નમાં પણ નહિ. એવું સ્વપ્નું પણ ન આવે એમને. આ એક પરિણતિની વિશિષ્ટતા છે કે એવું સ્વપનું પણ ન આવે કે પોતે શરીરથી કામ કરે છે. શરીર મારું, મેં શરીરથી આમ કર્યું, મેં આમ કર્યું એમ ભાસતું નથી. સ્વપ્નમાં પણ ભાસતું નથી. સ્વપ્નમાં પણ આત્મા જુદો ભાસે છે. એ અંતરંગ પરિણતિ કેવી હશે? આ વિચારવા જેવો વિષય છે.

'**દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે...**' એમાં તો કાંઈ નવાઈ નથી. '**દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે.**' એ કેવી રીતે થતું હશે? ઘણાંને કોઈ વિષય ઉપર ઘણું રટણ થઈ જાય એમાં રટણ ચાલતા ચાલતા ઊંઘ આવી જાય. જાગ્યા પછી એમ કહે કે ઊંઘ તો આવી ગઈ હતી પણ ઊંઘમાં ઓલું જ ચાલતું હતું બધું. એ જ ઘુંટાતું હતું, એ જ ચાલતું હતું. એમ નથી બનતું? એના કરતાં આ અસાધારણ પરિણમન છે. કેમકે એ તો ભિન્ન વિષયને અનુસરતુ પરિણમન છે. અને આ અભેદ સ્વરૂપને અનુસરતું પરિણમન છે. એટલે એના કરતા જરા વિશિષ્ટ પરિણમન છે. પણ કાંઈક સમજાવી શકાય તો એવી વાત છે. કે ઊંઘમાં પણ જે વિષય જાગતા તીવ્ર રસથી ચાલતો હોય તો ઊંઘમાં પણ એ જ વિષય ચાલતો હતો. એવું જાગીને ખબર પડે છે. જાગતા.

તો એ દૃષ્ટિએ ધર્માત્માનો આત્મરસ કેટલો હોય છે? કે જાગતા તો નિરાળો રહે પણ ઊંઘમાં પણ નિરાળો રહે. એવી સતત આત્મજાગૃતિ મોક્ષમાર્ગને વિષે હોય

છે. સતત આત્મજાગૃતિ. આત્મજાગૃતિનું સાતત્ય નિરંતર, સહજપણે અકૃત્રિમપણે જળવાય રહે છે. એવી પરિણતિ બનાવી નાખી છે એમ કહે છે.

'દીપચંદજી' 'અનુભવપ્રકાશ'માં પોતાને માટે લખે છે. ક્યારેક ક્યારેક એવું બની જાય છે કે ધર્માત્મા પોતાની દશાની પણ કોઈ વાર વાત કરે છે. એવી વાત ઓછી કરે પણ કોઈ વાર કરી નાખે. તો કહે છે, અમે મોક્ષમાર્ગમાં વિજયસ્તંભ રોપ્યો છે. મોક્ષમાર્ગનો અમે વિજયસ્તંભ રોપ્યો છે. એનો અર્થ શું થાય? કે હવે અમારી પરિણતિ અમે જેટલા આગળ વધ્યા છીએ એમાંથી પાછી પડે એવી નથી. કેમ ખબર પડી એમને? એમણે અત્યારથી અનંત કાળનું સરવૈયું કાઢ્યું. પરિણમ્યા પહેલા નક્કી કરી લીધું.

ભવિષ્યના પરિણમનમાં પરિણમ્યા પહેલા નક્કી કર્યું કે અમારી પરિણતિની દઢતા, અમારી પરિણતિનો રસ, અમારા અનુભવમાં જે આવે છે, એનાથી અમે એમ કહી શકવા માટે બરાબર તૈયાર છીએ કે હવે અમે અહીંથી પાછા ફરીએ એવું કોઈ દિવસ બનવાનું નથી. રણમાં જે વિજયસ્તંભ રોપે છે એનો અર્થ કે ત્યાંથી પીછેહઠ નહિ કરવાની. જ્યાં જેટલું કબજે કરી લીધું ત્યાંથી પીઠે હઠ ન કરે. મરી જાય તોપણ નહિ. જીવતા પીછેહઠ થાય, મર્યા પછી તો કાંઈ પ્રશ્ન નથી. પણ એ આગળના ભાગમાં મૃત્યુને પસંદ કરે, પાછા જવાનું પસંદ કરે નહિ. એમ એણે વિજયસ્તંભ રોપ્યો છે એ શબ્દ વાપર્યો છે. એવી દઢ પરિણતિ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની વર્તે છે. અને એથી આગળ વધવાની વાત છે. હવે પાછળ જવાની કોઈ વાત નથી.

**'દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે.'** ઊંઘમાં પણ આત્મા નિરાળો રહે છે એમ પોતાને બરાબર ખબર પડે છે. જાગતા પણ જેને પરિણતિ છે એને ખબર પડે છે. ઊંઘી ગયો હતો અને ઊંઘમાં શું થયું હતું એની કાંઈ ખબર નથી, કોને ખબર ઊંઘમાં શું પરિણામ થયા હશે એ પ્રશ્ન નથી. એટલે તો કહે છે કે સ્વપનું પણ એવું નથી આવતું. શરીરથી અને રાગથી હું રાગવાળો છું અને શરીરવાળો છું એવું સ્વપનું પણ નથી આવતું. એવી પરિણતિ થઈ ગઈ હોય છે.

કહે છે ને? કે મોટા પુરુષોનો પ્રભાવ બહુ હોય છે. મોટા પુરુષોનો પ્રભાવ બહુ હોય છે. 'ગુરુદેવ' કહેતા કે અહીંયાં બધું જંગલ હતું અને ભેસું-પાડા બેસતા હતા. અત્યારે અહીંયાં બધા મોટા મોટા જિનાલયો થઈ ગયા. અને આખું જંગલમાં મંગલ થઈ ગયું. મોટા પુરુષનો પ્રભાવ હોય છે.

એમ જે ધર્માત્માના હૃદયમાં પરમાત્મા બિરાજમાન છે એનો એ પ્રભાવ છે.

કે એને સ્વપ્નમાં બીજી પરિણતિ થતી નથી. સ્વપ્નમાં બીજો ઉપયોગ થતો નથી, સ્વપ્નમાં બીજી ભાવના થતી નથી. ભાવના, ઉપયોગ કે પરિણતિ ત્રણમાંથી એકેય નથી એને. એવો ઉપયોગ ન થાય કે હું શરીરવાળો છું, હું રાગવાળો છું એવો ઉપયોગ ન થાય, એવી પરિણતિ ન થાય, એવી ભાવના પણ ન થાય. વિકલ્પ થાય. પણ જુદો ને જુદો રહે. પરપદાર્થની પ્રવૃત્તિનો વિકલ્પ થાય પણ વિકલ્પથી પણ જુદો રહે, પછી પરપદાર્થથી જુદો રહે એ તો કહેવાની જરૂર રહેતી નથી. વિકલ્પથી પણ જુદો રહે.

'શ્રીમદ્જી'એ એ જ્ઞાનીની ઓળખાણમાં એ વિષય લીધો છે કે જ્ઞાનદશા તો જ્ઞાનીની ઓળખાણ માટે છે ને? તો જ્ઞાનીની ઓળખાણ થતાં ધર્માત્માના હૃદયમાં બિરાજમાન જે પરમાત્મા, એ પરમાત્માના દર્શન થાય છે. અને એ પરમાત્માના દર્શન થતા હોવાને લીધે એની પરિણતિ એને અનુસરીને કેમ ચાલે છે? એ વાત એને યથાર્થ સમજાય છે. એવો વિષય છે.

એમાં એ પરમાત્મા સાથે જે પરિણતિએ રમતો માંડી, એ રમતા રમતા એમાંથી કોઈ વળી વાણીનો વિષય ચાલી ગયો. એ તો ઉદયગત છે. એ ધર્માત્માના અધિકારનો વિષય નથી કે અજ્ઞાનીના અધિકારનો વિષય નથી. તો એનો પ્રકાર જુદો. જગતની બીજી બધી ભાષાથી એનો પ્રકાર જુદો એમ કહે છે. કેમકે એ ક્યાંક બીજે પડ્યા છે, પોતાના સ્વરૂપમાં પડ્યા છે. જે ઉદયને વિષે અજાગૃત અવસ્થામાં છે. ... કહેવી મુશ્કેલ પડે એવું છે. જેને સમજાય છે એને સમજાય છે. એને દર્શાવવી થોડી મુશ્કેલ પડે છે.

'**ઊંઘમાં પણ આત્મા નિરાળો જ રહે છે. નિરાળો તો છે જ...**' વસ્તુતાએ તો, સ્વરૂપે કરીને તો નિરાળો જ છે. પણ પરિણમનમાં '**પ્રગટ નિરાળો થઈ જાય છે.**' નિરાળો છે એવું પરિણમન વર્તે છે. ન પરિણમન વર્તે તોપણ આત્મા તો નિરાળો જ છે એમ કહે છે. કાંઈ દેહ અને આત્મા એક થયા નથી. કાંઈ ત્રિકાળી મટીને ક્યાંય કોઈની સાથે ભળતું નથી. આત્મા સત્ ચૈતન્યમય સર્વાભાસ રહિત એમ ને એમ જ રહે છે. પણ એવું જેને પ્રગટ પરિણમન છે એને ક્યાંય સંસાર નથી, દુઃખ નથી, ક્યાંય સ્પર્શના નથી. એ છૂટો પડી ગયો.

ચારેય ગતિમાં આ દશા ઉત્પન્ન થાય છે. સાતમી નારકીના પ્રતિકૂળ પ્રસંગોમાં પણ, તિર્યંચમાં જ્ઞાન ઘણું બિડાઈ ગયું છે એવી દશામાં પણ, મનુષ્યની કોઈપણ અનુકૂળ-પ્રતિકુળ પરિસ્થિતિ-ચક્રવર્તીનો વૈભવ હોય કે દરિદ્રમાં દરિદ્ર જેને એક ટંક ખાવાના સાંસા હોય એને પણ એ પ્રગટ થાય. એક ટંક ખાવા માટે કોઈ વ્યવસ્થા

ન હોય એને. એવું દારિદ્ર હોય. તોપણ એને પ્રગટ થઈ શકે. ચક્રવર્તીનો વૈભવ હોય તો એની વચ્ચે પ્રગટ થઈ શકે. દેવલોકનો વૈભવ હોય તો એની વચ્ચે પ્રગટ થઈ શકે. કરવા ધારે ત્યાં થઈ શકે. એમ કહેવું છે. એણે પોતે આ કરવું જ છે, આ જ કરવું છે, આ કરી છૂટવું છે એવી પૂર્વભૂમિકાની તૈયારીમાં આવવું જોઈએ. એનુ નામ પાત્રતા છે. એ તૈયારી એનું નામ પાત્રતા. પાત્રતા કોઈ બીજી વિશેષ ચીજ નથી.

'**નિરાળો તો છે જ પણ પ્રગટ નિરાળો થઈ જાય છે.**' પરિણમનમાં અનુભવગોચરપણે નિરાળો રહે છે. એને નિરાળો થઈ ગયો એમ કહેવામાં આવે છે. હતો તે થઈ ગયો એમ કહેવામાં આવે છે. '**તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે...**' હવે ભૂમિકાનો વિષય લે છે. બાહ્ય પ્રવૃત્તિનો. આ પહેલો Paragraph છે એ જ્ઞાનીની મૂળદશા, અંતરંગ દશા શું છે એની ભેદજ્ઞાનથી વાત કરી. ભેદજ્ઞાનના પડખાથી લીધું.

હવે બાહ્ય દશાનો વિષય લે છે કે '**તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે...**' કેમકે પૂર્વકર્મ છે એ પૂર્વકર્મ અનુસાર બહારમાં સંયોગની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવના પરિણમનમાં પણ અશક્તિને લઈને અને ચારિત્રમોહને લઈને એ સંયમને અનુસરતા પરિણામ જોવામાં આવે છે, પ્રવૃત્તિ જોવામાં આવે છે. પણ તે ભૂમિકા પ્રમાણે હોય છે. ભૂમિકાની બહાર જઈને કોઈ હોતી નથી.

વિશિષ્ટ વાત એ છે કે બહુભાગ કર્મો તો અજ્ઞાન દશામાં નિબંધન કર્યા છે એવા હોય છે. એક જીવને અત્યારે જ્ઞાન થયું એમ લ્યો. તો આ ક્ષણે જ્ઞાન થયું ત્યારે કાંઈ પૂર્વ કર્મો બધા બદલાઈ જાય એવું કાંઈ છે નહિ. પૂર્વ કર્મમાં તો લગભગ તેની તે સ્થિતિ રહે છે. કોઈ કોઈ પ્રકૃતિની અંદર સંક્રમણ, ઉપકર્ષણ, અપકર્ષણ થાય છે. પણ એ તો બહુ સામાન્ય. પણ મુખ્યપણે તો બહુભાગ કર્મો જે અજ્ઞાન ભાવે નિબંધન કર્યા છે એનો જ ઉદય આવે છે. અને એને અનુસરતી જે પરિણામની પ્રવૃત્તિ છે એને લઈને જગતને ભ્રાંતિ થાય છે કે આ તે જ્ઞાની આવા હોતા હશે ક્યાંય? આ તો બધું આપણા જેવું જ છે. આપણામાં ને એનામાં કાંઈ ફરે દેખાતો નથી. ખાય છે, પીવે છે, બોલે છે, ઉઠે છે, ઊંઘે છે અને બીજી પણ જેને જેવી ઉદયની પ્રવૃત્તિ હોય છે એવી કરે છે. વેપારી હોય તો વેપાર કરે, રાજા હોય તો રાજ કરે, ત્યાગી હોય તો ત્યાગના પરિણામ હોય, પૂજા-ભક્તિના, સ્વાધ્યાયના વિશેષ પરિણામ દેખાય. તો જે સર્વ અજ્ઞાનીને દેખાય એ બધું એને દેખાય. પૂર્વકર્મજનિત ઉદય હોય છે અને એ ઉદયને અનુસરતા યત્‌કિંચિત પરિણામ હોય છે કે જે પરિણામથી

અંતરંગમાં એ નિરાળા પરિણમ્યા છે પાછા. એટલી વિશેષતા છે. પણ એ વિષય ગયો અંતરંગમાં. અંતર દૃષ્ટિ તો બધાની હોતી નથી. એટલે બાહ્ય દૃષ્ટિથી જોવે ત્યારે એને સમજણ પડતી નથી.

મુમુક્ષુ :- પોતાના માપદંડથી વિચારે છે તો...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સ્વભાવિક જ છે. બીજાનું માપદંડ લાવે ક્યાંથી? અજ્ઞાની જ્ઞાનીનું માપદંડ લાવે પણ ક્યાંથી? જે વસ્તુ એની પાસે હસ્તગત છે નહિ એનો ઉપયોગ કેવી રીતે થાય? એ પ્રશ્ન નથી. આવી એક કોઈ વિચિત્ર પરિસ્થિતિ હોવાને લીધે અનંત કાળથી જ્ઞાનીની ઓળખાણ થઈ નથી. જો જીવ તીવ્ર પાત્રતામાં આવે અથવા તો તીવ્ર મુમુક્ષુતામાં આવે તો જ એ ઓળખી શકે. આવી એક શરત છે. અજ્ઞાનદશામાં આવી એક શરત છે.

મુમુક્ષુના નેત્રો મહાત્મા ઓળખી લ્યે છે. આ 'શ્રીમદ્‌જી'એ શબ્દ વાપર્યો. તીવ્ર મુમુક્ષુ હોય કે તીવ્ર પાત્ર જીવ હોય તો ઓળખી શકે. નહિતર ઓળખી શકે નહિ. અને એક વાર જો ઓળખે તો જેને ઓળખ્યા છે એ દશાએ એ પહોંચે, પહોંચે ને પહોંચે જ. પહોંચ્યા વિના રહે નહિ. આ એક એની વિશેષપણે ફલશ્રુતિ છે કે આ પરિણામ એનું આવે જ આવે.

પ્રત્યક્ષ યોગમાં કેટલો કેટલો લાભ છે. એકવાર પણ જો ઓળખે તો જેને ઓળખ્યા છે એવી દશાને એ અવશ્ય અવશ્ય પામે જ. આ Guaranted વાત કરી છે. આ બધી વાતો કરવા પાછળ પ્રયોજન છે કે અનંત કાળથી ઓળખાણ નથી થઈ. તો માત્ર બુદ્ધિ લગાવીને ઓળખાણ કરવાનો વિષય નથી. કે આપણી કાંઈ બુદ્ધિ ઓછી પડતી હશે એટલે નહિ ઓળખાણ થતી હોય એવું કાંઈ છે? નહિ. એમ નથી. બુદ્ધિ તો સંજ્ઞી પંચેન્દ્રિય જીવને પોતાના પ્રયોજનને વિષે પર્યાપ્તપણે કામ કરે જ છે. જ્યાં પ્રયોજન ભાસે ત્યાં. પણ એને સત્પાત્રતા, જેને સાચી પાત્રતા કહીએ એ પાત્રતામાં આવવાની જરૂર છે. ત્યાં સુધી ન આવે તો એને ઓળખાણ થાય નહિ. જો પ્રગટ સત્‌ની ઓળખાણ થાય નહિ તો નિજ અપ્રગટ સત્‌ની ઓળખાણ થવાનું, આત્માની ઓળખાણ થવી કે નિશ્ચય થવો, નિર્ણય થવો, પ્રતિભાસ થવો એ પ્રસંગથી તો જીવ ઘણો દૂર છે. એ તો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- પ્રયોજનની વાત તો સમજી શકે છે. પ્રયોજનમાં વિભ્રમ કરે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલી તૈયારી છે. સંજ્ઞી પંચેન્દ્રિયપણામાં એટલી યોગ્યતા અને ક્ષમતા છે.

મુમુક્ષુ :- પ્રયોજન નથી સમજતો એટલે પોતે જ વિભ્રમ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પોતાનું પ્રયોજન અન્યથા છે. અન્યથા પ્રયોજન છે એને. યથાર્થ પ્રયોજનના દષ્ટિકોણમાં આવ્યો નથી. પર્યાય અપેક્ષાએ પોતાનું પ્રયોજન પરિપૂર્ણ શુદ્ધ થવું તે પ્રયોજન છે. કેટલું? પૂર્ણ શુદ્ધ થવું એ પોતાનું પ્રયોજન છે. આ પ્રયોજનની દૃષ્ટિ નથી થઈ. જો એ પ્રયોજનની દૃષ્ટિએ પ્રવર્તે તો માર્ગ સુગમ છે. જ્ઞાનીને ઓળખવા સુગમ છે. સ્વરૂપ નિર્ણય થવો સુગમ છે. અને પ્રયોજન ફરે લાખ વાતે પત્તો ખાય એવું નથી. ગમે તે કર્યા કરે.

નિર્ભ્રાંત દર્શનમાં પ્રયોજનની દૃષ્ટિ ઉપર થોડો વિસ્તાર કર્યો છે પહેલા પ્રકરણની અંદર. પ્રયોજનનો દૃષ્ટિકોણ જ્યાં સુધી હાથ ન લાગે ત્યાં સુધી શું થાય છે કે આ શાસ્ત્રનું જે અધ્યયન થાય છે, અભ્યાસ થાય છે, સ્વાધ્યાય થાય છે એમાં પણ જીવને પોતાના પ્રયોજનની વાત કેટલી છે અને પોતાના પ્રયોજન વગરની વાત કેટલી છે, એવી વહેંચણી-Bifurcation-ખતવણી એને નથી આવડતી. કેટલું મારા ખાતામાં ખતવવાનું છે અને કેટલું બીજાને ખાતે જાય. આ વસ્તુ નથી ખતવી. આ છાંટણી ન આવડે ત્યાં સુધી એને જે ગુણ થવો જોઈએ, અધ્યયનથી જે ગુણ થવો જોઈએ એ ન થાય. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન ભજે.

એ તો આમાં ઘણાં સંકેત છે. અહીંયાં આવી ગયું ને ૩૮૬માં. ચોથી લીટી. '**પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગ પ્રાપ્તિના પ્રબળ નિમિત્ત છે.**' પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ, આ પ્રત્યક્ષ યોગમાં લીધું. અને '**પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગ પ્રાપ્તિનું પ્રબળ નિમિત્ત છે.**' હવે આગમ એમ ન કહે કે, હે જીવ! તારું પ્રયોજન અહીંયાં છે અને બાકીનું તું મારામાંથી બાદ કરજે. એ આગમ કહેશે એને? જ્યારે પ્રત્યક્ષ યોગમાં કહેશે. પ્રત્યક્ષ યોગમાં એમ કહેશે કે ભાઈ! આ વિષય જાણવાનો છે, આ વિષય પ્રયોજનનો નથી. એના ઉપરનું તમારું વજન છોડી દ્યો. એને કોઈ વિશેષ વિચારવાની જરૂર નથી.

જેમકે આત્મસ્વભાવમાં અભેદ સ્વભાવ અને સ્વભાવમાં રહેલા જે ગુણ સ્વભાવો, જ્ઞાન, દર્શન, ચારિત્ર, પ્રમેયત્વ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રકાશત્વ, વીર્ય વગેરે. તો એમાં પ્રયોજન અને અપ્રયોજનનો સવાલ ઊભો થાય છે કે ભેદોનું પ્રયોજન નથી. ભેદોનું કાંઈ પ્રયોજન નથી. અભેદનું પ્રયોજન છે. એમ પ્રયોજનનો વિષય દરેક સ્તરે એને તારવતા આવડવો જોઈએ. કોઈપણ Stage કોઈપણ વિષય સામે આવે ત્યારે મારે પ્રયોજન કેટલું? એ વાત એને પહેલી, એનો First thought અહીંયાં લાગવો જોઈએ. આ એની Apply કરવાની આવડત અથવા એની Practice હોવી જોઈએ. કે આમાં મારે પ્રયોજન કેટલું? પછી એનો પુરુષાર્થ એના અનુપાતમાં લાગશે. જો પ્રયોજન

ન ભાસ્યું તો જેમ હોય એમ જવા દ્યોને હવે. આપણે શું કામ છે? આપણે કાંઈ પ્રયોજન નથી. પહેલું આ એને આવવું જોઈએ. અનેક ન્યાયો આવશે, અનેક યુક્તિઓ, અનેક પ્રમાણો, અનેક વાતો લાખો ગમે આવશે શાસ્ત્રમાં તો. બધી બધાને કામની કે બધી એકની પણ બધી કામમાં આવે કે બધી બધાને કામમાં આવે એવી કોઈ પરિસ્થિતિ હોતી જ નથી. પ્રત્યક્ષ યોગનો લાભ આ છે કે અપ્રયોજનભૂત વિષય ઉપર સંકેત કરીને જીવની જે સમય અને શક્તિનો જે દુર્વયય, અપવ્યય થતો હોય છે, બગાડ થતો હોય છે એ સહજમાત્રમાં મટે છે. આગમ એ નથી કહેતા કે તારે કામનું કેટલું છે? વળી બધાયને જુદું જુદું હોય.

મૂળ પ્રયોજનભૂત વિષય બધાનો એક, યોગ્યતા અનુસાર, તે તે યોગ્યતામાં ફેરફાર કરવાના પ્રયોજનનો વિષય બધાનો અલગ-અલગ. બહુ મોટું પ્રકરણ છે. ઘણું મંથન માગે એવું, ઘણો વિચાર માગે એવું બહુ મોટું પ્રકરણ છે. એમાંથી એકવાર એને પસાર થવું પડે કે આમાં મારા પ્રયોજનની વાત કેવી રીતે પકડવી? વગર પ્રયોજનની કેમ છોડી દેવી? પાછળ એક બોલ છે. ૪૨૧. પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી લીટીથી લ્યો.

**'જો શાસ્ત્રાભ્યાસ કરતાં પોતાને નિર્ણય દૃઢ થતો હોય, વિશેષ લાભ થતો હોય, તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો...'** શું કીધું? શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો નહિ, પણ સ્વ સ્વરૂપનો નિર્ણય દૃઢ થતો હોય, સ્વ સ્વરૂપના નિર્ણયની દિશામાં કોઈ વાત હોય તો એવો પ્રયોજનભૂત શાસ્ત્રાભ્યાસ વિશેષ કરવો. અને જો ચિંતનથી નિર્ણયમાં દૃઢતા થતી હોય, વિશેષ લાભ થતો હોય તો એવું પ્રયોજનભૂત ચિંતન વિશેષ કરવું. અહીં તો વળી બીજી વાત કરી છે પાછી. એકલા શાસ્ત્રાભ્યાસની વાત નથી કરી.

હવે તારો જે વિચાર ચાલે છે એ વિચારની ઘટમાળમાં પણ પ્રયોજનભૂત અને અપ્રયોજનભૂતના વિભાગ પાડજે. વિચારમાં પણ પૂર્વકર્મના ઉદયને લઈને અપ્રયોજનભૂત વિષય વિચારમાં સામે આવશે. તો તને એની સાથે સીધું ભાસવું જોઈએ કે આ મારા પ્રયોજનની વાત નથી. આ મારા પ્રયોજનની વાત નથી. હું એને છોડી દઉં. એને ન વળગું. અને પ્રયોજનભૂત ચિંતવન ચાલે તો ત્યાં એનો એટલો બધો રસ વધે, એટલો રસ વધે કે એકવાર એમાં ખોવાય જાય, ચિંતવનમાં ને ચિંતવનમાં. ખોવાય જાય એટલે બીજાને ખબર પડે કે આનું ક્યાંય ધ્યાન નથી. ક્યાંક બીજે ધ્યાન એટલું બધું વયું ગયું છે કે આનું ક્યાંય બહારમાં ધ્યાન નથી. એને નથી કહેતા? કે ક્યાં ખોવાય ગયા હતા તમે? કેમ તમારું ધ્યાન નહોતું? આમ પ્રયોજનભૂત

અને અપ્રયોજનભૂતની ચિંતવનમાં વહેંચણી થવી જોઈએ, વાંચનમાં વહેંચણી થવી જોઈએ, શ્રવણમાં વહેંચણી થવી જોઈએ, ચર્ચામાં વહેંચણી થવી જોઈએ. જ્યાં તત્ત્વજ્ઞાનનો વ્યવસાય હોય તે બધા વેપારમાં પોતાને કામનું લે અને બાકીનું છોડી દે. જે ગ્રાહક રળાવે એના ઉપર ધ્યાન દે, બાકીનાની સામું જોવે નહિ અને એ ભાવ પૂછે તો જવાબ દે નહિ. એનું નામ વેપારી. બરાબર કે નહિ? અહીં ઓળખવાનો વિષય લીધો છે. નીચે લીધું છે કે '**ચૈતન્યપરિણતિ આત્માને ઓળખે એ જ ધ્યેય...**' એ જ લક્ષ, એ જ પ્રયોજન '**હોવું જોઈએ.**' એ વાત લીધી છે.

મુમુક્ષુ :- ભાવનામાં આવ્યા પછી સુગમ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવનામાં આવે એટલે રસ્તો સાફ થઈ જાય. ઘણો રસ્તો સાફ થઈ જાય. ઝાળા-ઝાંખરા બધા સાફ થવા માંડે. ભાવના બહુ મોટી ચીજ છે. રસ છે ને, એની અંદર રસ છે. ભાવના બહુ મોટી ચીજ છે. ઘણું માર્ગદર્શન આપ્યું છે. આવા બધા વિષયની અંદર.

માણસને ભવિષ્યની ચિંતા હોય છે. ગમે તેટલું હોય તોપણ એને ભવિષ્યની ચિંતા થાય. એનાથી અડધું હોય એને એટલી ચિંતા, એનાથી દસગણું હોય એને એટલી ચિંતા. એ બાબતમાં બધા સરખા. ભવિષ્યની ચિંતા કરવામાં જગતના પ્રાણીઓ બધા સરખા. એટલે 'શ્રીમદ્જી'એ મુમુક્ષુને બહુ સરસ માર્ગદર્શન આપ્યું છે કે સ્વપ્નમાં પણ એ વિચાર કરવો નહિ. જાગતા તો ન કરવો, પણ સ્વપ્નમાં પણ એ ભવિષ્યની ચિંતાનો વિચાર ન કરવો. ઠીક! એ કેવી રીતે લીધું હશે?

જે ભવિષ્યની ચિંતામાં જીવ વળગ્યો છે અને જ્યાંથી એને છોડાવવો મુશ્કેલ છે, એને મુમુક્ષુની દશામાં એ વાતમાં લીધો છે. જ્ઞાનીની દશા અને ત્યાગીની-મુનિની દશાની વાત નથી ચાલતી. મુમુક્ષુની દિશામાં એ વાત લીધી છે. એ પત્રની સંખ્યા યાદ નથી રહી પણ બહુ સારો પત્ર છે. મળી જાય તો મળી જાય. અહીંયાં તો વળી બીજું લખ્યું છે. ૭૦૬માં એક Paragraph છે. પણ... '**માંડ માંડ આજીવિકા ચાલતી હોય તોપણ મુમુક્ષુને તે ઘણું છે. કેમકે વિશેષનો કોઈ કંઈ અવશ્ય ઉપયોગ નથી. એમ જ્યાં સુધી નિશ્ચયમાં ન આવે ત્યાં સુધી તૃષ્ણા અનેક પ્રકારે આવરણ કર્યા કરે.**' એ તો તૃષ્ણા છોડાવવા માટેની વાત કરી છે. પણ ત્યાં વાત લીધી છે મુમુક્ષુની.

બીજી જગ્યાએ વાત આવે છે. ૭૨૬મો પત્ર લગભગ એવો જ છે. '**દેહનું અને પ્રારબ્ધોદય જ્યાં સુધી બળવાન હોય ત્યાં સુધી દેહ સંબંધી કુટુંબ,...**' દેહનું અને દેહ સંબંધીના જે સંબંધીઓ છે જેને કુટુંબ કહેવામાં આવે છે. '**કે જેનું ભરણપોષણ**

**કરવાનો સંબંધ છૂટે તેવો ન હોય...**' સામાન્ય રીતે ગૃહસ્થમાં આ પરિસ્થિતિ હોય છે. અને '**જેનું ભરણપોષણ કરવું ઘટતું હોય તેનું ભરણપોષણ માત્ર મળતું હોય...**' એથી વધારે ન મળતું હોય. '**તેનું ભરણપોષણ માત્ર મળતું હોય તો તેમાં સંતોષ પામીને મુમુક્ષુજીવ આત્મહિતનો જ વિચાર કરે,...**' શું એમાં એક નિર્ણય છે એની પાછળ? એમ થવા પાછળ નિર્ણય શું છે? કે હું ચિંતા કરું, તડફડિયા મારું, તોફાન કરું કે ગમે તે કરું પૂર્વકર્મને ફેરવી શકવાનો નથી. એટલે ઈ તો એમને એમ ઘટમાળ ચાલવાની છે. એમાં મારા પ્રયત્નથી કોઈ ફેરફાર થઈ શકવાનો નથી. તો મારે પ્રયત્ન હવે ક્યાં લગાડવો? કે મારે આત્માર્થમાં પ્રયોજન લગાડવું. આ એક નિર્ણય એની પાછળ કામ કરે છે.

'**તો તેમાં સંતોષ પામીને મુમુક્ષુ જીવ આત્મહિતનો જ વિચાર કરે, તથા પુરુષાર્થ કરે.**' પુરુષાર્થ કરે એ લીધું છે. '**દેહ અને દેહસંબંધી કુટુંબના માહાત્મ્યાદિ અર્થે...**' અમારા કુટુંબનું બહુ સારું દેખાય. અમારા કુટુંબની આબરૂ મોટી દેખાય અને અમારા કુટુંબની આબરૂ વધે. આ મહાત્મ્ય એને કહે છે. '**દેહ અને દેહસંબંધી કુટુંબના માહાત્મ્યાદિ અર્થે પરિગ્રહાદિની પરિણામપૂર્વક સ્મૃતિ પણ ન થવા દે;...**' લ્યો! આ શબ્દ છે. આ જ પત્ર છે. ભવિષ્યમાં શું છે કે આવીને આવી આબરૂ રહેવી જોઈએ કે ભાઈ અમે લખપતિ, અમે કરોડપતિ કે અમે ફલાણા, અમે ફલાણા. અમે મકાનવાળા, અમે આબરૂવાળા, અમે કીર્તિવાળા, અમે મોટરવાળા, અમે દાગીનાવાળા, અમે ફલાણાવાળા. એ એમાંથી ઓછું થાય તો એ વાળાપણું મટે કે આ હતું ને ક્યાં ગયું તમારું? એમ પૂછે લોકો. મોટર હતી ને? વેચી દીધી. લે તમારે વહેંચી દેવી પડી? એમ કહે. હવે ભાઈ એને મહિમા શું કરવા લગાવે છે અમથો અમથો તું? તને તો છે પણ એને શું કરવા લગાવે છો?

પરિણામપૂર્વક એની સ્મૃતિ ન થવા દે. આ એક વાત એમણે બહુ માર્મિક લખી છે. એનું સ્મરણ થાય એવું ન બનવું જોઈએ એમ ક્યારે થાય? કે જો એને પ્રયોજનભૂત અને અપ્રયોજનભૂત વાત નક્કી થઈ ગઈ હોય તો. નહિતર ન થાય. આ તો ચાલતા વિષયને શું સંબંધ છે વિચારણાને. કે જો પ્રયોજનનો વિષય સ્પષ્ટ થયો હોય તો એને સ્મરણ કરવાનો પ્રશ્ન નથી. '**કેમકે તે પરિગ્રહાદિની પ્રાપ્તિ આદિ કાર્ય એવાં છે, કે...**' એમાં અત્યારે તો એવા છે કે '**આત્મહિતનો અવસર જ ઘણું કરીને પ્રાપ્ત થવા ન દે.**' જે રીતે એને ભાવનામાં આવવું જોઈએ. આત્મહિતનો પહેલો અવસર શું છે? ભાવના. ભાવના, ઉપયોગ ને પરિણતિ. ભાવનામાં જ એને ન આવવા દે. પછી ઉપર ઉપરથી વાંચે, સાંભળે, સ્વાધ્યાય કરે, ફલાણું કરે, ઢીંકણું

કરે, પૂજા-ભક્તિ કરે, દયા-દાન કરે, જાત્રા કરે, જપ-તપ કરે. જે કરવું હોય એ કરે. આત્મહિતનો અવસર આવે નહિ. કેમકે અંદર બીજું ભર્યું છે, બહાર બીજું ભર્યું છે.

મુમુક્ષુ :- સપાટી...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ સપાટીની અસર કાંઈ નીચે આવે નહિ.

'આનંદઘનજી'એ એક પદ લખ્યું છે. ઋષભદેવ સ્વામીનું પ્રથમ પદ લખ્યું છે ને. 'ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો...' એમાં એક વાત લખી છે કે તમે મારા પ્રિતમ ક્યારે? પરિણતિને સ્ત્રી બતાવી છે. આને ધણી બતાવ્યા છે એ રીતે. મારા મનમાં કોઈ બીજું ન હોય તો. હવે બહાર ભગવાનને જોવે અને મનમાં સ્વામી બીજો રાખ્યો હોય અને બહારમાં સ્વામી બીજો કહે. કહે છે કે આ મારી ખામી છે. 'આનંદઘનજી' કહે છે કે આ મારી ખામી છે. એ અર્થ કર્યા છે, હોં! 'આનંદઘનજી'ના. પહેલા પદના અર્થ કર્યા છે. વિશેષ લઈશું...

## તા.૨૪-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૮૯
## પ્રવચન નં. ૩૦૫

બીજો Paragraph. સાધક દશામાં ભૂમિકા પ્રમાણે. '**તેને...**' એટલે સાધકને. '**ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે...**' બાહ્ય પ્રવૃત્તિના ત્રણ ગુણસ્થાન છે. ચોથું ગુણસ્થાન, પાંચમું ગુણસ્થાન અને છઠ્ઠું ગુણસ્થાન. સાતથી બાર સુધીના સાધકના ગુણસ્થાનોમાં કોઈ બાહ્ય પ્રવૃત્તિ હોતી નથી. કેમકે એ સર્વ ધ્યાન અવસ્થા દશાની છે. સ્વરૂપધ્યાનના કાળે નિર્વિકલ્પ દશા હોવાને લીધે કોઈ વિકલ્પપૂર્વકની બાહ્ય પ્રવૃત્તિ સંભવિત નથી. જો સાતથી બાર ગુણસ્થાનમાં બાહ્ય પ્રવૃત્તિ નથી અને વિકલ્પ નથી તો પૂર્ણ સાધ્ય દશા તેરમે ગુણસ્થાને કોઈ બાહ્ય પ્રવૃત્તિનો પ્રશ્ન રહેતો નથી. એટલે ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ભૂમિકા પ્રમાણે બાહ્ય પ્રવર્તન હોય છે. એટલે કે ભૂમિકાનો ઓળંગીને-ઉલ્લંઘન કરીને પણ બાહ્ય પ્રવર્તન હોતું નથી.

મુનિ હોય તે મુનિ દશાને યોગ્ય જે વ્યવહાર (હોય) એનું ઉલ્લંઘન કરીને બાહ્ય વર્તન કરતા નથી. પંચમ ગુણસ્થાનમાં પણ જેટલે અંશે સ્થિરતા અને બાહ્ય ત્યાગની ... છે તદ્નુસાર એની પ્રવૃત્તિ હોય છે. એથી નીચેના વિષય કષાય એને હોતા નથી. એવી રીતે ચતુર્થ ગુણસ્થાનમાં પણ જે વ્યવહાર એને હોઈ શકે, જે પ્રકારની પ્રવૃત્તિ એવી ત્યાં ચાલતી નથી. નહિતર ચોથું ગુણસ્થાન તો અવિરતિનું ગુણસ્થાન છે, બાહ્ય ત્યાગ નથી. તોપણ કેટલીક વાત ત્યાં નિશ્ચિત કરેલી છે. એને સપ્ત વ્યસન હોતા નથી. સાતેય પ્રકારના એને એ વ્યસન ન હોય. એટલે તે સાત પ્રકારને અનુસરીને થતા દોષ એને ન હોય.

બીજું, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને નવ કોટીમાંથી કોઈ કોટીએ પણ એની સ્થાપના કે અનુમોદના હોય. એવી રીતે સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર એની નવ કોટીએ એની વિરાધના, જેમ આની આરાધના ન હોય એમ આની વિરાધના ન હોય. એટલો વ્યવહાર સુનિશ્ચિત છે. સમ્યગ્દૃષ્ટિ લડાઈ કરે. એ લડાઈનો કષાય મોટો દેખાય અને એના કરતાં સત્‌દેવ, ગુરુ, શાસ્ત્રની જે વિરાધના છે એ એનાથી મોટી છે. ભલે ઘણો મંદ કષાય દેખાય પણ કુદેવાદિની આરાધનામાં હોય કે સુદેવાદિની વિરાધના ન હોય તો એ સૌથી મોટો દોષ ગણાય છે. એ પ્રકાર ચતુર્થ ગુણસ્થાનમાં બાહ્ય પ્રવૃત્તિની અંદર હોતો નથી, હોઈ શકે નહિ. હોય તો એને ચતુર્થ ગુણસ્થાન હોય નહિ. બીજા એના ભેદ-

પ્રભેદ તો ઘણાં છે. અને એ ભેદ-પ્રભેદનું બહુ મોટું પ્રકરણ સત્પુરુષના અનુસંધાનમાં સમાયેલું છે. જેમકે અનંતાનુબંધીની વ્યાખ્યા કરી છે 'શ્રીમદ્જી'એ. વિદ્યમાન સત્પુરુષ હોવા છતાં એનાથી વિમુખ વર્તવું થાય તો તે અનંતાનુબંધી કષાયનું મૂળ છે. એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર ન લીધા. સીધા. એમાં દેવ-ગુરુ-શાસ્ત્રની તો કાંઈ વાત છે નહિ ને? એક સત્પુરુષની વિરાધનામાં દેવ-ગુરુ-શાસ્ત્રની વિરાધના સમાય જાય છે. ત્રણેની વિરાધના થઈ ગઈ એમાં. એ વિષય એમણે પત્રોની અંદર ઘણો ખોલ્યો છે.

**'તેને ભૂમિકા પ્રમાણે બાહ્ય વર્તન હોય છે પણ ગમે તે સંયોગમાં તેની જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે,...'** ગમે તે સંયોગમાં એટલે પૂર્વ કર્મનો ગમે તે પ્રકારનો ઉદય હોય, પોતાના આત્મા આશ્રિત જે સ્વરૂપજ્ઞાન છે એ સ્વરૂપાશ્રયનું કામ કર્યા જ કરે છે. પોતાના સ્વરૂપ સાથે જે અભેદ સ્વસંવેદન, એ સંવેદનનો ત્યાગ કોઈપણ ઉદયના કાળમાં સાધક કરતા નથી. એની પરિણતિ બરાબર ચાલે છે. એ એમની જ્ઞાનશક્તિ છે. જ્ઞાન દ્વારા નિજ સ્વરૂપને અવલંબન કરવાનું જે કાર્ય છે, જ્ઞાન દ્વારા નિજ સ્વરૂપને સ્વ સ્વરૂપે જ્ઞેય કરવું, સ્વ સ્વરૂપે જ્ઞેય કરતાં એનું જે વેદન ઉત્પન્ન થાય, એવું જે જ્ઞાનશક્તિનું કાર્ય છે એ કોઈપણ સંયોગોમાં ચાલુ ને ચાલુ રહે છે. એ કાર્ય બંધ થતું નથી. એની વૈરાગ્ય શક્તિ એ જ્ઞાન સારા જગતથી, સારા સંસારથી-આખા સંસારથી ઉદાસીન છે. એવું જે સ્વરૂપ પરિણતિવાળું જ્ઞાન છે એ આખા જગતથી ઉદાસ વર્તે છે. ઉદાસ વર્તે છે એટલે કોઈની સામે એ પ્રવૃત્તિ કરતું નથી. કોઈની સાથે પ્રવૃત્તિ કરતું નથી.

જોકે સ્વભાવે કરીને જ્ઞાન જ્ઞેયથી ઉદાસ ભાવે રહેવું, પરિણમવું એ એનો જ્ઞાનનો સ્વભાવ છે. એટલા જ માટે અનેક જ્ઞેયો જ્ઞાનની અંદર જ્ઞેયાકાર અનુસાર જ્ઞાનાકાર થવા છતાં અને માન્યતામાં ઊંધું હોય કે આ જ્ઞેયથી મને કાંઈક અસર પહોંચે છે, મારામાં કાંઈ ફેરફાર થાય છે, મને એ કાંઈક લગાડે છે-ઠંડી, ગરમી, ખાટું, ખારું એવું લાગે છે મને, એવું માને છે, અને કોઈ જ્ઞેયેને ઘણાં ઈષ્ટ માને છે. રાખવા ચાહે છે કે આ તો જ્ઞાનમાંથી આઘા જવા ન જોઈએ-દૂર થવા જ ન જોઈએ તોપણ સ્વભાવે કરીને જે ઉદાસ છે. તેથી કરીને કોઈ જ્ઞેયો કાયમ પરિસ્થિતિ પામતા નથી. જ્ઞાનમાં કોઈ પરજ્ઞેયોનું કાયમપણે સ્થાન રહી શકતું નથી. જ્ઞેયાકારપણે પણ સ્થાન રહેતું નથી. દ્રવ્યથી દ્રવ્યનું મળવું તો અસંભવિત અને અશક્ય છે. પણ જે કાંઈ પ્રતિબિંબ થવામાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે, એનાથી પણ સ્વભાવ દષ્ટિએ તો જ્ઞાન ઉદાસ જ છે. કોઈની સાથે કાયમી સંબંધ રાખે, કોઈ જ્ઞેયોની સાથે કાયમી સંબંધ રાખે એવું જ્ઞાનના સ્વભાવમાં નથી. કેમકે જ્ઞાન તો ઉદાસ જ છે. આ એનો સ્વભાવ

છે. એ સ્વભાવની શક્તિ એને સાધક દશામાં વ્યક્ત થઈ છે, પ્રગટ થઈ છે. અજ્ઞાન દશામાં એની ખબર નથી. જ્ઞાન દશામાં તો એ શક્તિનું ભાન થવાથી તે શક્તિ વિશેષપણે વ્યક્ત થઈ છે.

એવી કોઈ '**જ્ઞાન-વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે,...**' એટલે કે જ્ઞાન અને વૈરાગ્ય દ્વારા બાહ્ય પ્રવૃત્તિ સાથે જ્ઞાની ભળતા નથી. જ્ઞાની જુદા રહે છે, ભળતા નથી. સંયોગમાં દેખાય, પ્રવૃત્તિ કરતાં દેખાય તોપણ અંદરથી ભળતા નથી. જેમ ધાવમાતા બાળકને ઉછેરે છે. શ્રીમંત માણસ હોય, બાળકની માં મરી ગઈ હોય. હજાર-બે હજાર રૂપિયા આપે. ખૂબ લાલન-પાલનથી ઉછેર કરે. બાહ્ય પ્રવૃત્તિ એવી દેખાય કે એની સગી મા એટલી પ્રવૃત્તિ બાળકને માટે ન કરે. કેમકે આને તો એક જ કામ છે કે તારે બીજું કાંઈ કામ કરવાનું નથી. માતાને તો નહિતર ઘરના અનેક કામ કરવાના હોય. બાળકને કાંઈ ચોવીસ કલાક આપી શકે નહિ. આ તો ચોવીસ કલાક એની પાસે. બાળક જરાય રડવું જોઈએ નહિ. જે માગે એ એને આપ. તોપણ એ અંદરથી ભળી જાય, માતાની જેમ એનો પ્રેમ ભળી જાય એના પ્રત્યે એવું તો બનતું નથી. તેમ એને સ્મરણ કરવું પડતું નથી કે હું એની મા નથી. પ્રવૃત્તિ કરે મા દીકરાની જેમ. બેટા કહે, દીકરો-છોકરો એને મા કહે. નાની ઉંમર હોય, ખબર ન હોય. તોપણ એની વિસ્મૃતિ થતી નથી કે હું પગારદાર છું. એને સ્મૃતિ કરવી પડતી નથી કે હું પગારદાર છું. સતત ભાન રહે છે.

એમ ભિન્ન જ્ઞાયક સ્વભાવનું સદાય જ્ઞાન હોવાને લીધે એ જ્ઞાનશક્તિ અને પરદ્રવ્યની સાથે નહિ ભળવાની વૈરાગ્યશક્તિ કોઈ જુદી જ રહે છે. એનો પ્રકાર કોઈ જુદો જ છે. અને એ શક્તિ પોતાનું કાર્ય કર્યા જ કરે છે. એક જ શક્તિના બે નામ છે ખરેખર તો. સ્વની અપેક્ષાએ તે જ્ઞાનશક્તિ છે, પરની અપેક્ષાએ તે વૈરાગ્યશક્તિ છે.

'**હું તો જ્ઞાયક તે જ્ઞાયક જ છું, નિઃશંક જ્ઞાયક છું;...**' પોતાનું સ્વરૂપ સ્વ સ્વરૂપે અનુભવાયું. એમાં પછી એને શંકા થવાનો અવકાશ રહેતો નથી. નિજ સ્વરૂપ અભેદ ભાવે અનુભવગોચર થયું છે એમાં શંકા શી? કે હું જ્ઞાયકસ્વરૂપે છું, કે હું મારા સ્વરૂપે છું, અન્ય સ્વરૂપે નથી એની કોઈ શંકા ઉત્પન્ન થતી નથી. '**નિઃશંક જ્ઞાયક છું;...**' અથવા પ્રગટ અનુભવગોચરપણે હું જ્ઞાયક જ છું. જે વસ્તુનો પ્રગટ અનુભવ છે એની શંકા શી? જેની પ્રગટ પરિણતિ છે એની શંકા શી? અનુભૂતિની પ્રગટ પરિણતિ છે એની શંકા શી? એની શંકાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

'**વિભાવ ને હું કદી એક નથી થયા;...**' લ્યો! ભૂતકાળ પણ લઈ લીધો કે હું જ્ઞાયક છું અને મારા સ્વરૂપ સાથે વિભાવ કદી એકત્વ પામ્યો નથી. હું વિભાવથી

ક્યારેય એકમેક થયો નથી. અજ્ઞાનદશામાં પહેલા ભૂતકાળમાં શું થયું? કે ત્યારે એક થયો હોવાનું માન્યું હતું. અધ્યાસે કરીને એકમેકપણાનો અનુભવ કર્યો હતો પણ તે જૂઠનો અનુભવ હતો, જૂઠો અનુભવ હતો. વસ્તુતાએ હું જ્ઞાયક છું અને વિભાવ મારી સાથે એકમેક થયા નથી. થયા હોય તો જુદા પડે નહિ. જુદા જણાયા એનો અર્થ કે જુદા હતા તે જુદા જણાયા. જો જુદા નહોતા તો જુદા જણાવાનો પ્રશ્ન રહેતો નથી.

અહીંયાંથી એમ લેવાનું છે કે જો જ્ઞાની એમ સમ્યગ્જ્ઞાનમાં જાણે છે કે વિભાવ અને હું ક્યારે પણ એક થયા નથી. તો જેને એકમેકપણે અનુભવ છે એને એ વિચારવું રહે છે કે જ્ઞાની અજ્ઞાન દશાને પણ આ રીતે સમજે છે અને તે એમની સાચી સમજ છે. તો વર્તમાનમાં પણ હું જ્ઞાયક (જ્ઞેય) સાથે એકમેક છું એ અનુભવ સાચો નથી. એ કેવી રીતે ખોટો છે? અને અનુભવ કેવી રીતે સાચો થાય? એ વિષયના ઊંડાણમાં પછી એને જવું રહે છે. ઉપર ઉપરથી તો એને એમ અનુભવ થાય છે કે જે-તે રાગ થાય છે એ તો મારામાં થાય છે. મેં ક્રોધ કર્યો એવો મને ચોખ્ખો અનુભવ છે. મેં રાગ કર્યો એવો મને અનુભવ છે, મેં દ્વેષ કર્યો એનો મને અનુભવ છે. કે જ્ઞાયકના જ્ઞાનમાં જ્ઞાન અને એ વિભાવ કદી એક થતા નથી. ચાહે જ્ઞાનીના હો કે ચાહે અજ્ઞાનીના હો. કોઈના એક થતા નથી. જુદા છે એને જુદા જાણવા. આ તો કાંઈ કરવાનું રહ્યું આમાં? જે જુદા છે એને જુદા જાણવા. કરવાનું એટલું કે જુદા છે એને ભેગા જાણતો હતો એમ ન જાણવું, એમ ન કરવું.

મુમુક્ષુ :- એટલો પરિશ્રમ ઓછો...

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો એટલે એને ઉપાધિ કહે છે. શું કરવા એનું નામ ઉપાધિ પાડ્યું છે? કે જુદા (છે) છતાં એને જુદા જાણતો નથી. વિભાવભાવને ઔપાધિકભાવ કહે છે. જે જુદા છે એને જુદા સહજપણે જાણે તો એને નિરૂપાધિકભાવ કહેવામાં આવે છે. ઉપાધિ અને નિરુપાધિ કહેવાનું કારણ એ છે કે ખરેખર એમાં ઉપાધિ છે. ચોખ્ખી ઉપાધિ છે.

મુમુક્ષુ :- ઉપાધિમાં ટેવાઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હવે એવો ટેવાઈ ગયો છે, જેમ અફીણના વ્યસનથી ટેવાઈ જાય. અને તલપ લાગે તો અફીણ વગર રહી શકે નહિ. આ દશા છે.

'અનુભવપ્રકાશ'માં અફીણનું એ દૃષ્ટાંત આપ્યું છે કે જેમ અફીણનો અમલ ચડે છે ત્યારે એ ભૂલી જાય છે. અમલ એટલે મદ. હું કોણ છું, કેમ છું. ગમે તેમ પાગલપણાની જેમ મનુષ્યની અનુચિત પ્રવૃત્તિ કરે છે, પ્રલાપ કરે છે. જ્યારે એ

અફીણનો કેફ ઊતરી જાય છે ત્યારે એને એમ થાય છે કે આ વ્યસન તો સારુ નથી. કેમકે એમાં એ બહુ દુઃખી છે. એવી દશામાં એ બહુ દુઃખી છે. ઘણી આકુળિત દશા છે. ગાંડપણ છે એ ઘણી આકુળતાનું મૂર્ત સ્વરૂપ છે. આ જેટલું ગાંડપણ જે-તે પ્રકારનું હોય. બહુભાગ તો જે Mental depression જેને કહેવામાં આવે છે-માનસિક તણાવ, માનસિક દ્બાવ. એની અમુક હદ ઓળંગી જતા પછી ગાંડપણ ઊભું થાય છે. ... જાય એટલે. હદ્‌બહાર જ્યારે Depression થઈ જાય ત્યારે એ ગાંડપણમાં પરિણમે છે.

એનો અર્થ શું છે કે પહેલાં ઘણી આકુળતા હતી, બહુ વધી... બહુ વધી... બહુ વધી... એટલી હદે વધી કે પછી એનો વિચાર ઉપરનો Control ગયો. બુદ્ધિ એ વિચારથી સંબંધ નથી રાખતી પછી. વિચાર સાથે જે બુદ્ધિનો સંપર્ક છે એ છૂટો થઈ જાય છે. એવી રીતે આ જે દારૂ પીવે છે. કોઈપણ વ્યસન છે. એ વ્યસન પોતે માનસિક નબળાઈની ચોખ્ખી નિશાની છે. બીડી પીવાનું કોઈને વ્યસન હોય છે. લ્યોને, આ ચા પીવાનું વ્યસન હોય છે માણસને. કે ચા તો મળવી જ જોઈએ. ચા ન મળે તો ચેન પડે નહિ. છેવટે માથું દુઃખે કે એવું કાંઈ થાય. પેલા લોકોને કાંઈ ને કાંઈ શરીરની વેદના થાય છે. એ બધી માનસિક નબળાઈની ચોખ્ખે ચોખ્ખી નિશાની છે. ગમે તેવો માણસ શક્તિવાળો, બુદ્ધિવાળો, વીર્યવાળો, Powerfull દેખાતો હોય, ...વાળો દેખાતો હોય પણ જો એને વ્યસન હોય તો એ વાત સ્પષ્ટ છે કે માનસિક રીતે એ નબળો છે. એનો બીજો વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ નબળો હશે કે નહિ હોય એમ વિકલ્પ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- જ્ઞાન અને વૈરાગ્ય. વૈરાગ્ય છે એ નાસ્તિનું તત્ત્વ છે...

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો એનો દેખાવ નાસ્તિનો છે. પણ એ અસ્તિમાંથી ઊભી થયેલી પરિસ્થિતિ છે. પોતે પરિપૂર્ણ હોવાને લીધે કોઈ પરની અપેક્ષા પૂર્ણતાને હોતી નથી. જો હું મારા સ્વરૂપથી પૂર્ણ છું તો મારે કોની અપેક્ષા? કોઈની અપેક્ષા નહિ એનું નામ વૈરાગ્ય છે ખરેખર તો. એનો આધાર શું થયો? કે પરિપૂર્ણ નિજ સ્વરૂપ એ એનો આધાર છે. એનો બહારનો દેખાવ એ આવ્યો કે બીજાની અપેક્ષા નથી.

મુમુક્ષુ :- પણ એ તો જ્ઞાની જ્યારે અવલંબન લે છે ત્યારે તો આધાર આવી જ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાંથી જ આ ઊભી થયેલી વાત છે.

મુમુક્ષુ :- છે તો નાસ્તિનું તત્ત્વ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો શું છે કે એનો પરપદાર્થ અપેક્ષિત સંબંધ શું? એવા પરિણામનો પરપદાર્થની સાથેનો સંબંધ કેવો? કોઈની અપેક્ષા ન રાખે એવો. એમ. એટલી વાત છે.

મુમુક્ષુ :- પરપદાર્થનું વ્યસન અનાદિ કાળથી કરેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પર વગર એને ચાલતું નથી. એવી કોઈ ઊંધી પરિણતિ થઈ ગઈ છે. એવી કોઈ દશા થઈ ગઈ છે કે જે છોડવી અનંત કાળમાં એને પોતાને દુષ્કર થઈ પડી. ફેરફાર કરવો એ કઠીન થઈ પડ્યું. તોપણ કરવા ધારે તો આત્મામાં અનંત શક્તિ છે. અનંત કાળની એ સ્થિતિને તોડતા કેટલી વાર? એક જ સમય. અનાદિના અંધારાને ટાળતા કેટલી વાર? પ્રકાશ થાય એટલી જ વાર. એક સમયનો પ્રકાશ અંધારાને (જવા માટે બસ છે). ક્યાં ગયું અંધારું? શોધ્યું જડે નહિ. એવી પરિસ્થિતિ છે. આત્મામાં એટલી બધી શક્તિ છે. સ્વભાવ શક્તિ બહુ મોટી છે.

'**વિભાવને હું કદી એક નથી થયા;...**' વિભાવ વિભાવસ્વરૂપે સદાય રહ્યો છે. હું આત્મસ્વભાવ કદી પણ વિભાવરૂપે થયો નથી. થયો નથી, થતો નથી, કોઈ કાળે ભવિષ્યમાં થશે પણ નહિ. પોતે જુદો ને જુદો જ રહે છે. એવું જે પોતાનું જુદું રહેવાપણું એ પણ અબાધિત છે. અબાધ્ય સ્વરૂપ છે. '**વિભાવ ને હું કદી એક નથી થયા; જ્ઞાયક છૂટો જ છે;...**' પોતાનો જ્ઞાયક આત્મા સદાય છૂટો જ છે. આખું બ્રહ્માંડ ફરે તોપણ એ છૂટો છે. આ નિઃશંકતાનું જોર છે કે એકવાર આખું બ્રહ્માંડ ફરે તોપણ એ જુદો છે.

મુમુક્ષુ :- અનુભવના આધારે ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. એવા જગતની અંદર બનાવો બને છે કે માણસને પોતે જુદો છે એ વાત સમજવી કઠણ છે. જોકે જગતની રચના જ એ દૃષ્ટિથી, એ વિચારથી અસત્યનો આગ્રહ કરાવે એવી છે. જગતની રચના કેવી છે? કે અસત્યનો આગ્રહ કરાવે એવી છે. આ દેહ અને આત્માનો સંયોગ એવો છે. ગુસ્સાનો ભાવ આવે ત્યાં મુખાકૃતિના પુદ્‌ગલ ને આંખોમાં બધે ફેરફાર થાય. હસે તો એને અનુકૂળ હોય, શોક કરે તો એને અનુકૂળ હોય. આમ જડ અને ચેતન એકબીજાથી તદ્દન જુદા હોવા છતાં ભૂલભૂલામણી બહુ મોટી થાય એવી પરિસ્થિતિ, સંયોગ દૃષ્ટિએ એવી પરિસ્થિતિ દેખાય છે. એટલે જુદાપણું અનાદિથી પોતાને સમજાયું જ નથી.

.. કે કોઈ એવા આત્માઓ હોય છે, એવા જીવો હોય છે કે તીવ્ર મિથ્યાશ્રદ્ધાની હોવા છતાં કષાયની મંદતાને લઈને દેવગતિને પામે છે. દેવના એના પુણ્ય હોય છે. ઘણી ઊંધી માન્યતાથી,... એટલે આ કરે છે ને? કે ફલાણા દેવ આમ લાભ કરી

દે, ફલાણા નુકસાન કરી દે. કોપાયમાન થાય તો આમ કરે અને એની સામે ધર્માત્માઓનો સત્ ઉપદેશ છે. એ ઉપદેશની અંદર એવી વાતો સ્પષ્ટ હોય છે કે કોઈ દેવ-દેવલા કોપાયમાન થઈને કાંઈ કરી શકતા નથી, રાગી થઈને કોઈનું કાંઈ કરી શકતા નથી. એવાની તો શ્રદ્ધાને ઠેસ પહોંચે છે. એવું જે માનતા હોય એને તો ઠેસ પહોંચે છે.

હવે એવા જે કોઈ દેવ થયા હોય એને ઘણીવાર ગુસ્સો આવે છે કે આ કોઈ દેવ-દેવીમાં માનતો નથી. લાવ એને થોડો સ્વાદ ચખાડું. અહીંયાં અશાતાના પૂર્વકર્મનો ઉદય હોય છે. આને વિકલ્પ આવે છે. એ બધો ઉદય અને વિકલ્પનો કાળ એક થઈ જાય છે અને એને આકાશમાં ઉપાડીને લઈ જાય. બોલ હવે, દેવ તને લાભ કરે કે નુકસાન ન કરે એ માનીશ કે નથી માનતો? નહિતર મૂકુ છું અહીંથી પડતો. તો કહે, આખુ બ્રહ્માંડ ફરે તોપણ. શું જવાબ દે? કે આખું બ્રહ્માંડ ફરે તોપણ જુદો તે જુદો જ છે. તું ભલે ગમે તે કર. મારા આત્માને અડવાની-સ્પર્શવાની શક્તિ તારામાં નથી તે નથી. તું મને શું ઊંચેથી પડતો મૂકતો'તો. પણ તું ઊંચેથી પડતું મૂક તોપણ મને અડી શકે તેમ નથી.

મુમુક્ષુ :- જેને પડતું મૂકવાનું છે એ પણ ...

પૂજ્ય ભાઈશ્રી :- ઈ અવાનો પ્રશ્ન જ નથી. બહુ બહુ તો દેહાદિનું જે થવું હશે તે થશે. અવ્યાબાધ શાશ્વત મારો આત્મા છે. એ તો એમ જ રહેવાનો છે. એના એક પ્રદેશને કોઈ ઈજા કરી શકે... માણસને થાય છે ને? છોલાય. એટલો પણ છોલાતો હશે કે નહિ આત્મપ્રદેશ ત્યાં? એટલો પણ કાંઈ ઉઝરડો થતો નથી. શું કહે છે? ઉઝરડો થતો નથી. આત્માના પ્રદેશમાં કોઈ પણ અસત્ર-શસ્ત્રથી ઉઝરડો પણ કરી શકાતો નથી. બીજું તો શું કરી શકાય? એવું ચૈતન્યવજ્ર છે. આત્મા છે એ ચૈતન્યવજ્ર છે. એને ઉઝરડો સુદ્ધાં નથી થઈ શકતો. બીજું તો શું થઈ શકે?

આ Train ચાલે છે ને? મુંબઈની અંદર Train ચાલે છે. આ નાના નાના જીવ-જીવાત છે. પાટા ઉપર ફરતા હોય. માટીમાં જીવડા થાય. પાટા ઉપર ફરતા હોય. તો સડસડાટ ગાડી પસાર થઈ જાય. ત્યારે આત્માને શું થાય? શરીર તો ગોત્યું જડે નહિ કે ક્યાં ગયું? આત્માને ઉઝરડો થતો નથી. અશાતાની વેદના એવી જ થાય છે. એકત્વબુદ્ધિ હોવાને લીધે એને દુઃખ ઘણું થાય છે. પણ પ્રદેશને શું થાય? આત્માને શું થાય? કે એ ગાડીના પૈડાનું એક રજકણ પણ એને અડી શકતું નથી. આવું સ્વરૂપ છે-નિર્લેપ સ્વરૂપ છે.

**'આખું બ્રહ્માંડ ફરે તોપણ છૂટો જ છે. આવો અચળ નિર્ણય હોય છે.'** ચલાયમાન ન થાય, વિચલિત ન થાય એવો નિર્ણય હોય છે, એવું નિઃશંકપણું હોય છે. (આવી)

દશા સહજપણે થઈ શકવા યોગ્ય છે.

મુમુક્ષુ :- કોઈ કોઈનું ખરાબ તો કરી શકે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કરી શકે નહિ, બિલકુલ કરી શકે નહિ. ભાવ કરે એટલું જ. થવું હોય તે થાય, થવા યોગ્ય હોય તે થાય, ન થવા યોગ્ય હોય તે ન થાય. કોઈના રાગને કારણે કે કોઈના દ્વેષને કારણે બાહ્ય કાર્યોની કોઈ પરિસ્થિતિનું કાંઈ પણ કારણ લાગુ પડતું નથી. આ વસ્તુનું સ્વરૂપ જ છે.

'**આવો અચળ નિર્ણય હોય છે. સ્વરૂપ-અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે.**' આવા સ્વરૂપના અનુભવમાં અત્યંત નિઃશંકતા વર્તે છે. જ્ઞાની એમ કહે છે કે મેરુ ચળે તો ચળે પણ મારો નિર્ણય ચળે એવો નથી. એમાં શંકા પડે એવું નથી. શંકા પાડવાની આવી મહેનત કરે તો એમાં શંકા થાય નહિ. કેવી રીતે થાય? સ્વરૂપ અનુભવમાં જે અભેદ ભાવે પ્રત્યક્ષપણે જેનો અનુભવ છે એની અત્યંત નિઃશંકતા વર્તે છે. એ નિઃશંકતા અનંતી છે. બેહદ નિઃશંકતા છે. એ નિઃશંકતાને કોઈ હદ નથી. પછી આમથી ન થાય, તેમથી ન થાય એ બધું સમજાવવાના પલાખા કરવા પડે છે. વસ્તુતાએ એની કોઈ હદ નથી.

'**જ્ઞાયક ઊંચે ચડીને ઊર્ધ્વપણે બિરાજે છે,...**' આ મહિમા કરી છે જ્ઞાયકની. બધાથી પર થઈને બિરાજે છે. ઊંચે બિરાજે છે. જ્ઞાયકનું સ્થાન ઊંચે છે. એટલે ઊંચે છે કે બીજું બધું એનાથી હેઠ (રહી જાય છે). '**બીજું બધું નીચે રહી ગયું હોય છે.**' એ જ શબ્દ વાપર્યો છે. '**બીજું બધું નીચે રહી ગયું હોય છે.**' નીચે એટલે શું આમ કાંઈ એમ કે બહારની જેમ ઊંચ-નીચપણું હશે? નહિ. પોતે મુખ્ય છે અને પોતે એટલો જુદો રહીને બધું જોવે છે કે પોતાની ઉત્કૃષ્ટતા પાસે બીજા કોઈની ઉત્કૃષ્ટતા એને ભાસતી નથી. તેથી તો તેર ગુણસ્થાનથી બધો વ્યવહાર બંધ છે.

તેરમા ગુણસ્થાને પોતે સાક્ષાત પ્રભુપદમાં બિરાજમાન થયો. એટલે બીજા એવા કોઈપણ પરમેશ્વર હોય, સમકક્ષ બીજા અર્હંતો (હોય) તોપણ એની સાથેનો કોઈ વ્યવહાર હોતો નથી. એ પોતા કરતા આગળ થઈ ગયા એની કાંઈ વિશેષતા ખરી કે નહિ? કે નહિ. અરે..! એથી આગળ જે સિદ્ધપદમાં બિરાજમાન છે એનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. તોપણ એના પ્રત્યેનો કોઈ વ્યવહાર હોતો નથી. અરિહંત ભગવાન ણમો સિદ્ધાણં બોલે કે ન બોલે? ન બોલે? પંચ પમરમેષ્ઠી પદનો કાંઈ ઉચ્ચાર ન કરે? નહિ. એવી પોતાની પૂર્ણ પ્રભુતામાં મોજ માણે છે કે ત્યાંથી બહાર નીકળવાનો પ્રશ્ન રહેતો નથી.

એટલે 'શ્રીમદ્જી'એ કેટલાક પત્રોમાં એવી વાતો લીધી છે કે કેવળજ્ઞાનનું સ્વરૂપ

જે આગમને વિષે પ્રસિદ્ધ છે, તેવું ખરેખર કેવળજ્ઞાનનું સ્વરૂપ છે કે નહિ તે વિચારવા યોગ્ય છે. આવી રીતે પ્રશ્ન ઊભો કર્યો છે. આગમને વિષે તો કેવળજ્ઞાનનું એવું સ્વરૂપ છે કે લોકાલોકને જાણે તે કેવળજ્ઞાન. હવે છદ્મસ્થ જીવને જાણવાની પ્રવૃત્તિ યોગ્ય નથી. છદ્મસ્થ જીવ બીજા પદાર્થને જાણે ત્યારે બીજા પદાર્થની સન્મુખ થાય, બીજા પદાર્થને અવલંબે અને જાણે. એવી એની જાણવાની શક્તિ હિણી થઈ ગઈ છે કે એની સન્મુખ થઈને અવલંબીને જાણવું પડે એને. અને તોપણ પૂરું ન જાણે, તોપણ અધુરું જાણે. તે પદાર્થને વિષે સંપૂર્ણ જ્ઞાન ન કરી શકે. અલ્પ જાણે. અલ્પ જાણે તોપણ આવી પોતાની સ્થિતિ ખરાબ કરીને જાણે, બગાડીને જાણે. છદ્મસ્થ જીવ એમ સમજી લે છે કે કેવળજ્ઞાન લોકાલોકને જાણે તો તો કેવળજ્ઞાન લોકાલોકની સન્મુખ થઈ ગયું હશે. તો એવું કેવળજ્ઞાનનું સ્વરૂપ નથી. આટલો દૃષ્ટિકોણ સિદ્ધ કરવા માટે કેવળજ્ઞાન સ્વસન્મુખતા છોડતું નથી, પરસન્મુખ થઈને જાણતું નથી, આમાં તો એ સંબંધીનો એક બહુ મોટો બોલ આવશે, એવું જે કેવળજ્ઞાનનું સ્વરૂપ છે એ બતાવવા માટે એ લોકાલોકને જાણે છે એ વાત ઉપર પ્રશ્ન ચિહ્ન ઊભો કર્યો છે.

એ રીતે કેવળજ્ઞાનના સ્વરૂપને સમજવાને બદલે

કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન,
કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.

પોતાને 'આત્મસિદ્ધિ'માં કેવળજ્ઞાનની વ્યાખ્યા કરવાનો પ્રસંગ આવ્યો તો ઓલી વાત ન લીધી કે લોકાલોકને જાણે તે કેવળજ્ઞાન. એ વ્યાખ્યા જ નથી કરી એમણે. પરિભાષામાં એ વિષય જ બાદ કરી નાખ્યો છે. નહિતર આખું લોકાલોક પ્રતિબિંબિત થાય છે અને જણાય છે. તોપણ એ વિષય ન લીધો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. મુમુક્ષુને પર પ્રત્યે દોરવો નથી. અનાદિનો પર પ્રત્યે તો દોરાઈ ગયો છે. હવે એને પાછો વાળવો છે. તો અધ્યાત્મનું એ પડખું મુખ્ય કરે છે કે જેમાં પરના સંપર્કનું પ્રયોજન નથી. પર સાથે જાણે સંબંધ નથી. એની મુખ્યતા કરવી છે એમને એટલે એમ કહ્યું.

મુમુક્ષુ :- આમ તો સ્વભાવનો આશ્રય છે ઈ જ ખરેખર તો મુખ્ય છે. પરિપૂર્ણ સ્વભાવનો આશ્રય છે એ જ મુખ્ય છે, ઓલું તો આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પેલું તો સહજપણે નિર્મળતાને લીધે, સ્વચ્છતાને લીધે એ પ્રકાર ઊભો થાય છે. પણ બાહ્ય દૃષ્ટિ જીવોને બાહ્યમાં હોવાથી એને એ રીતે કેવળજ્ઞાનનું સ્વરૂપ આશ્ચર્યકારી દેખાડીને આકર્ષણ ઊભું કરાવવાની એક પદ્ધતિ છે. બાળ જીવો

માટેની. જો, ત્યાં ગયા વગર જાણી લીધું. કરોડો યોજન દૂર પડેલી વસ્તુને ત્યાં પહોંચ્યા વગર, ત્યાં ગયા વગર અહીં બેઠા બેઠા જાણી લે છે. જોઈ લે જ્ઞાનનો ચમત્કાર. એમ કહે. એ બાહ્ય દૃષ્ટિ જીવોને મહિમા આવવા માટે સમજાવવાની પદ્ધતિ લેવામાં આવે છે. પણ એની કાંઈ મહિમા નથી. ખરેખર તો અખંડ સ્વભાવનું જે કેવળજ્ઞાન વર્તે છે એની જ મહિમા છે.

જ્ઞાયક એટલે પોતે. અહીંયાં જ્ઞાયક એટલે પોતે. પોતે ઊંચે ચડીને બિરાજે છે. એટલે પોતાને સર્વોત્કૃષ્ટપણે જોવે છે, સર્વોત્કૃષ્ટ સ્વરૂપે જોવે છે. પોતાને ઊર્ધ્વ એટલે મુખ્યપણે જોવે છે. પોતાની મુખ્યતા અને પોતાની ઉત્કૃષ્ટતા આગળ કોઈની મુખ્યતા અને કોઈની ઉત્કૃષ્ટતા ભાસતી નથી. એટલે પોતાથી બીજું બધું નીચે રહી ગયું છે અથવા ગૌણ થઈ ગયું છે. પોતાની મુખ્યતા પાસે બધું ગૌણ જ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિના અડતાલીસ મૂળગુણ અને પંદર ઉત્તરગુણમાં નિઃશંકતા વગેરે બધું આવી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધું આવી જાય. નિઃશંકતા એનો મૂળગુણ છે. નિઃશંકતા ઉપર, સમ્યગ્દૃષ્ટિની નિઃશંકતા ઉપર અને નિર્ભયતા ઉપર સાત શ્લોક-સાત કળશ 'અમૃતચંદ્રાચાર્યે' નિર્જરા અધિકારમાં લખ્યા છે. સપ્ત ભય રહિત છે. એક એક ભયના એક એક શ્લોકની રચના કરી છે. એમાં વજ્રપાત થાય તોપણ, જગતની અંદર વજ્રપાત થાય અને જે વજ્રપાતને લીધે ત્રણે લોક ખળભળી ઉઠે કે અરે..! શું થશે? આ દુનિયાનું શું થશે? કાંઈ પ્રલય તો નહિ થઈ જાય ને? સમ્યગ્દૃષ્ટિ સતત નિઃશંક હોવાને લીધે નિર્ભય છે. સતત શબ્દ વાપર્યો છે. સાતેયની અંદર. સતતં શબ્દ વાપર્યો છે. ક્યારેક યાદ કરે છે અને નિઃશંક થાય છે એમ નહિ. સતત નિઃશંક છે અને તેથી કરીને તે નિર્ભય છે. '**निशंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति**'. આ સાતેય શ્લોકનું છેલ્લું પદ આ છે. '**निशंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति**'. જ્ઞાનને સદાય અનુભવતો હોવાને લીધે સતતપણે નિઃશંક છે અને તેથી તે નિર્ભય છે. એને કોઈ શંકા પડતી નથી. પોતાના જ્ઞાનવજ્રને અનુભવથી જાણે છે કે, ઓહો..! આ જ્ઞાન આવું વજ્ર છે કે જેની પાસે જગતમાં કહેવાતું વજ્ર તો નામમાત્ર વજ્ર છે. સાચું વજ્ર તો આ ચૈતન્યવજ્ર છે. કે જેને ત્રણે કાળને વિષે કોઈપણ બાધા પહોંચતી નથી.

મુમુક્ષુ :- સાત .. બધુંય અંદર આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધુંય આવી જાય છે. મૂળગુણ અને ઉત્તરગુણ ને બધું. ૩૮૯ પૂરો થયો.

**મુનિરાજ સમાધિપરિણત છે. જ્ઞાયકને અવલંબી વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટાવવાને તેઓ ઉત્સુક છે. મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે મુનિ 'સકળવિમળ કેવળજ્ઞાનદર્શનના લોલુપ' છે. 'ક્યારે સ્વરૂપમાં એવી જમવટ થાય કે શ્રેણી ઊપડીને વીતરાગદશા પ્રગટે ? ક્યારે એવો અવસર આવે કે સ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે અને આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાનકેવળજ્ઞાન પ્રગટ થાય ? ક્યારે એવું પરમ ધ્યાન જામે કે આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં જ રહી જાય ?' આવી મુનિરાજને ભાવના વર્તે છે. આત્માના આશ્રયે એકાગ્રતા કરતાં કરતાં તેઓ કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે. ઘણી શાન્તિ વેદાય છે. કષાયો ઘણા મંદ પડી ગયા છે. કદાચિત્ કાંઈક ઋદ્ધિ-ચમત્કાર પણ પ્રગટતાં જાય છે; પણ તેમનું તે પ્રત્યે દુર્લક્ષ છે. 'અમારે આ ચમત્કાર નથી જોઈતા. અમારે તો પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે. તેના સાધનરૂપે, એવું ધ્યાનએવી નિર્વિકલ્પતાએવી સમાધિ જોઈએ છે કે જેના પરિણામે અસંખ્ય પ્રદેશે દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય, ચૈતન્યનો પૂર્ણ વિલાસ પ્રગટે.'**

**આ ભાવનાને આત્મામાં અત્યંત લીનતા વડે મુનિરાજ સફળ કરે છે. ૩૯૦.**

૩૯૦ બોલ છે મુનિદશાનો. ૩૮૮મો પણ મુનિદશાનો બોલ હતો. ૩૮૯ના બોલનો વિષય પણ મુનિદશાનો છે. સમ્યગ્દૃષ્ટિને મુનિદશાનું સ્મરણ થતાં ધન્ય તે મુનિદશા! એમ જોવે છે. કેવી આમની દશા છે!!

મુમુક્ષુ :- પોતાને ભાવના થાય ને.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો એ બહુ મહિમા આવે છે. બહુ સરસ બોલ છે વિસ્તારથી.

**'મુનિરાજ સમાધિપરિણત છે.'** ચારિત્ર છે ને. મુનિરાજ છે એ સમાધિપરિણત છે. નિર્વિકલ્પ સમાધિમાં ક્ષણે ક્ષણે લીન થાય છે. ભલે સપ્તમ ગુણસ્થાનનો કાળ છઠ્ઠા ગુણસ્થાન કરતા અડધો છે અને છઠા ગુણસ્થાનનો કાળ સાતમા ગુણસ્થાન કરતા Double છે તોપણ મુખ્યતા નિર્વિકલ્પ સમાધિની છે. સવિકલ્પ વ્યવહારની નથી. આમ છે. કેમકે શક્તિ એની છે. છઠ્ઠું ગુણસ્થાન તો પ્રમાદનું-પ્રમત્ત ગુણસ્થાન છે. પ્રમાદનું-પ્રમત્ત ગુણસ્થાન કહ્યું. એ દોષનું, અશક્તિનું ગુણસ્થાન છે. અશક્તિ ત્યાં પ્રગટ થાય છે. અને સાતમું ગુણસ્થાન તો અપ્રમત્ત ગુણસ્થાન છે. જેમાં નિર્વિકલ્પ

સ્વરૂપધ્યાનમાં ક્ષણે ક્ષણે ચૈતન્યગોળો છૂટો પડી જાય છે. મુનિરાજને જોવે છે. સાતમા ગુણસ્થાનવર્તી મુનિરાજને જોવે છે. છઠા ગુણસ્થાનવર્તી વ્યવહાર પાળતા મુનિરાજને લક્ષમાં લેતા નથી. મુનિદશા કહે એટલે સીધું ભાવલિંગ દેખાય છે એમને. કેમકે જે છઠ્ઠા ગુણસ્થાનનો વ્યવહાર છે એ તો મિથ્યાદષ્ટિ અભવિ દ્રવ્યલિંગીને હોય. અભવિ હોય તોપણ હોય.

મુનિનું નામ પડે એટલે સીધું નિર્વિકલ્પ ધ્યાનમાં જે સમ્યગ્દષ્ટિ પોતે આવે છે એના સાતમા ગુણસ્થાનનો દરજ્જો શું એ સીધો એને ત્યાં ચોંટે છે. પોતાને એ નિર્વિકલ્પ અનુભવની ખબર છે. ખબર છે તો એ સાતમા ગુણસ્થાનમાં કેટલો ઉત્કૃષ્ટ ભાવે હોય છે એ એના અંદાજમાં છે, એ એના માપમાં છે, એ એના જ્ઞાનમાં છે. મુનિરાજ એમ કહેતા જ એને સીધું નિર્વિકલ્પ સમાધિમાં પરિણત છે તે મુનિરાજ છે એમ આવે છે. સીધું એમ આવે છે. બીજી રીતે, બીજી દૃષ્ટિએ મુનિરાજને જોતા નથી.

પહેલા વાક્યનો ટૂકડો છે કે મર્તિમંત જે મુનિદશા છે, જેને શાસ્ત્રની અંદર ભાવલિંગ કહ્યું છે એ સમાધિ પરિણત દશાને કહ્યું છે. મિથ્યાદષ્ટિને તો વ્યવહાર હોય છે. પણ સમાધિપરિણત હોતા નથી. એટલે મુનિ જ નથી ખરેખર તો.

મુમુક્ષુ :- એટલે જ 'ગુરુદેવશ્રી'એ બધાને બાદ કરી નાખ્યા ને.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જે છે એ છે. કરવા શું? છે જે છે એ છે. એને અંદર લાવવા માગે તો કાંઈ આવે એવું નથી. બહાર છે એ તો બહાર જ છે.

મુમુક્ષુ :- એ સંગ કરવો નહિ ને? એ સંગ કરાય નહિ ને. 'ગુરુદેવશ્રી'ની આજ્ઞા છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ તો ભગવાનની આજ્ઞા છે. 'ગુરુદેવશ્રી'ની આજ્ઞા તો છે જ પણ ભગવાનની આજ્ઞા છે.

મુમુક્ષુ :- મુનિ કહેતા જ ભાવલિંગી આવી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાવલિંગી આવી ગયા.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગ કહેતા અવગુણ વાચક આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મિથ્યાદષ્ટિ જે દ્રવ્યલિંગી છે એને અનુમોદના ન પહોંચે, એને પ્રોત્સાહન ન મળે એટલા માટે એ વાત છે. અને પોતાને એમાંથી કાંઈ મળે એ પરિસ્થિતિ નથી. આત્મજ્ઞાન રહિત છે. ગુણ પ્રગટ્યા નથી. તો ગુણીનો સંગ કરવાનું વિધાન છે. ગુણી ન હોય એનો સંગ કરીને શું કામ છે?

મુમુક્ષુ :- અનુમોદના પણ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- તો તો એ જે મિથ્યાપંથ છે એને અનુમોદના આવી જાય

કે આ પણ બરાબર છે. આ બરાબર છે એનો અર્થ કે ઓલું બરાબર નથી. બે બરાબર રહે એવું નથી.

મુમુક્ષુ :- તો વિરાધના આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિરાધના આવે. એ જરા દેખાય એવી ચીજ નથી એટલે જરા માણસને ખ્યાલ નથી આવતો કે આને અનુમોદવા જતા ઓલાની વિરાધના થાય છે. ત્રણે કાળના ભાવલિંગી સંતોની વિરાધના છે. વર્તમાન એક સમયના મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગિ, અત્યારે તો લિંગાભાસ છે. દ્રવ્યલિંગી પણ કોઈ નથી. એને અનુમોદવા જતાં ત્રણે કાળના ભાવલિંગી સંતોની વિરાધના છે. ત્રણે કાળના વીતરાગમાર્ગની વિરાધના છે. કેમકે એ તો સાક્ષાત્ માર્ગ છે. મુનિરાજ છે એ તો સાક્ષાત્ જિનમાર્ગ છે. તો એ જિનમાર્ગની વિરાધના છે.

'ગુરુદેવ' બહુ કઠોર શબ્દ વાપરતા હતા કે વીતરાગના માર્ગને લુંટનારા લુંટારા છે. એ પોતે સામર્થ્ય લઈને આવ્યા હતા. નહિતર તો લોકો મારે. અમે જેને ગુરુ કહીએ છીએ એને તમે લુંટારા કહો છો? એમ કહે. લોકો મારે. ક્યાંક એવું થતું પણ ખરું. એ વાત બહાર આવી એટલે ક્યાંક એવું તોફાન પણ થઈ જતું હતું. .. ઘણું હતું એટલે છતાં હજારો લોકો, લાખો લોકો આવતા હતા. સાધારણ માણસ બોલે તો મોટું તોફાન થાય.

કેમકે એક શરાફ બેઠો હોય. પ્રમાણિકતાથી શરાફીનો ધંધો કરતો હોય. એની બાજુમાં બીજો કોઈ શરાફ ન હોય (અને) માયાવી હોય. અને એના કરતા સારું Furniture ને સારું Board બનાવીને ને સારા કપડા પહેરીને બેસી જાય કે બાજુવાળા કરતા મારી દુકાન બહુ સારી છે. તો શું થાય? શરાફતના ધંધાને ઈજા પહોંચે છે, હાનિ પહોંચે છે.

એમ ઉન્માર્ગને અનુમોદવા જતાં સન્માર્ગને ઠેસ પહોંચે છે. સન્માર્ગની સહજપણે વિરાધના થાય છે. સીધી ન કરે તો આડકતરી રીતે પણ વિરાધના જ થાય છે. અને એ અપરાધ દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણે પ્રત્યેનો બહુ મોટો અપરાધ છે.

મુમુક્ષુ :- એ વિરાધનાનો દોષ ... પોતાને તો નુકસાન છે. કરનારને દોષ છે કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- દોષ તો.. બીજું તો શું છે. પોતાના દોષ .. છે.

મુમુક્ષુ :- પોતાને કેટલું નુકસાન જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ગૃહીત મિથ્યાત્વ. તીવ્ર મિથ્યાત્વ થતાં એ બધા પ્રકાર ઊભા થાય.

અહીંયાં કહે છે કે '**મુનિરાજ સમાધિપરિણત છે.**' નિર્વિકલ્પ સમાધિમાં લીન થયા. લીન થઈ ગયા, લીન થયા છે, લીન થશે. એ બધા મુનિરાજને એ દૃષ્ટિએ જોવામાં આવે છે. કેવા છે? કે '**જ્ઞાયકને અવલંબી વિશેષ વિશેષ સમાધિસુખ પ્રગટાવવાને તેઓ ઉત્સુક છે.**' કેવા છે મુનિરાજ? કે એમને ઘણો ઉત્સાહ છે. જ્ઞાયકને અવલંબવાનો અંદરમાં ઘણો ઉત્સાહ છે કે જેથી ક્ષણે ક્ષણે એ અવલંબી લ્યે છે. એ ઉત્સાહમાં છે એ. આખા જગતથી વિમુખ થઈને એક જ પોતાના ઉત્સાહિત કાર્યમાં જે અહર્નિશ લાગેલા છે. દિવસ-રાત્રી લાગેલા છે. રાત ને દિવસ એક જ કામ પાછળ જેઓ લાગી ગયા છે અને વિશેષ વિશેષ સમાધિસુખ જે પ્રગટાવી રહ્યા છે. વધુ ને વધુ સમાધિસુખ.

એક બોલ આવે છે કે કોઈને એમ લાગે કે મુનિરાજ છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે માટે મુનિદશામાં ત્યાં ને ત્યાં છે એમ નથી. દરેક ભૂમિકામાં મુખ્ય એના ત્રણ વિભાગ થાય. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. અને વિશેષપણે જુઓ તો એક ગુણસ્થાનના અસંખ્ય ભેદ છે. આથી આગળ... આથી આગળ... આથી આગળ... આથી આગળ. એમ વારંવાર જ્ઞાયકને અવલંબીને, ક્ષણે ક્ષણે જ્ઞાયકને અવલંબીને એટલે કે ક્ષણે ક્ષણે સ્વરૂપની આરાધના કરતા કરતા તેઓ પોતાના આત્મિક સુખને વધુને વધુ પ્રગટ કરવા માટે ઉત્સુક છે. વધુ આત્મસુખને પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં તે પડેલા છે. આ સિવાય એમને માથે બીજું કોઈ કામ હોતું નથી. કોઈ કામ ન કરે. ફક્ત એક જ કામ કરે છે. પોતાનું સુખ વધુમાં વધુ પ્રગટ કરવું. બસ.

મુનિરાજ વ્યાખ્યાન આપતા હોય. કોઈ એવો પ્રસંગ હોય. કોઈ જવલ્લેજ બને છે એવું. કેમકે એમને લોકો માટે હવે બહુ વખત નથી. જેટલું આયુષ્ય છે એમાં પૂર્ણતા પ્રાપ્ત કરવી છે. આગમના સિદ્ધાંતની ખબર છે કે અત્યારે કેવળ દશા નથી થતી. તોપણ એને ગૌણ રાખીને, એ વાતને ગૌણ રાખીને પોતાના પુરુષાર્થમાં જરા પણ ઓટ આવે એ પરિસ્થિતિમાં આવતા નથી. ભરતીમાં જ કામ કરે છે. છેક સુધી ભરતીમાં જ કામ કરે છે. એવા મુનિરાજને કોઈ વ્યાખ્યાનનો ઉદય હોય તો એ વ્યાખ્યાન આપતા આપતા લીન થઈ છતાં વ્યાખ્યાનના વિષયની Link છૂટે નહિ. પ્રસંગ જોવા જેવો તો ખરો. કેવો? જોવા જેવો તો ખરો કે આ કેવી રીતે બને છે? જે ક્ષણે ક્ષણે સ્વરૂપમાં લીન થઈ જાય અને એ લીનતાના રસમાં આત્મરસમાં તરબોળ થઈને જેની વાણી બહાર આવે એ પ્રસંગ કોઈ જુદો હોય છે.

મુમુક્ષુ :- એ Link જળવાઈ રહે છે? જેમ શાસ્ત્રો મોટા મોટા રચ્યા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાસ્ત્રો રચે તોપણ. વિષય અનુસંધાન બરાબર (રહે).

એવી વિચિક્ષણતાથી બીજા કોઈ જીવ એવી શાસ્ત્ર રચના ન કરી શકે. તે પ્રકારનો ભાષાનો ક્ષયોપશમ વિશેષ હોય એવા વિદ્વાનો હોય તોપણ ભાવલિંગી મુનિરાજ જેવી શાસ્ત્ર રચના એ ન કરી શકે. જેને એ ક્ષયોપશમ હોય એ તો એની ઘણી સાવધાની રાખીને એમાં એની રચના કરે. અને મુનિરાજ સ્વરૂપમાં સાવધાન થઈને એની રચના કરે. શાસ્ત્રમાં સાવધાન થઈને શાસ્ત્રની રચના ન કરે.

એનો પુરાવો 'સમયસાર'ની ગાથાની પહેલી ટીકામાં છે કે મારી પરિણતિ અનાદિથી કલ્માષિત થઈ રહી છે. આ શાસ્ત્રની ટીકા કરતા કરતા મારી પરિણતિ વિશુદ્ધ થાઓ. એવી ભાવના રાખીને હું આ શાસ્ત્ર કરું છું. એનો અર્થ શું છે? કે શાસ્ત્રની ટીકા કરવી એ તો વિકલ્પ છે. વિકલ્પ કરતા કરતા પરિણતિ ઉજ્જ્વળ થાય એમ કેમ બને? એ ટીકા કરતા કરતા મારી સ્વરૂપ સાવધાની અને સમાધિ પરિણતદશા એટલી વધશે. આ ટીકા તો Side business છે. બાજુમાં થઈ જાય છે ટીકા. એમાં હું સાવધાન નથી. હું તો મારા સ્વરૂપમાં સાવધાન રહીશ. એથી મારી પરિણતિ ઉજ્જ્વળ થશે. પરિણતિ તો સ્વરૂપાશ્રિત ઉજ્જ્વળ થાય છે. પરાશ્રિત-શાસ્ત્રને આશ્રિત ઉજ્જ્વળ થતી નથી. એટલે એ કાર્યમાં ઉત્સુક છે તે.

**'મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ...'** મુનિવર એટલે મુનિ શ્રેષ્ઠ. એટલે બીજા અશ્રેષ્ઠ છે એમ નથી કહેવું. એ તો મહિમાથી જેનું નામ લેવામાં આવે છે એની શ્રેષ્ઠતા બતાવવામાં આવે છે. અને આ મુનિરાજ છે 'પદ્મપ્રભમલધારિદેવ' એ 'નિયમસાર'ના ટીકાકાર મુનિરાજ છે. જે આત્માની મસ્તીમાં 'કુંદકુંદાચાર્યદેવે' નિજ સ્વરૂપની ભાવના અર્થે 'નિયમસાર' રચ્યું. એની એવી જ મસ્તીથી ટીકા કરી છે. ટીકાકાર મુનિરાજને પણ મસ્તી ચડી છે. એ વિષયની વાત કરશે...

## તા. ૨૬-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૯૦
## પ્રવચન નં. ૩૦૬

'બહેનશ્રીના વચનામૃત'. ૩૯૦ બોલ ચાલે છે. પાનું-૧૪૬. જૈન પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં ચાલનારા મુનિરાજ કેવા હોય છે એટલે કે એમની ભાવના કેવી હોય છે, એમની આરાધના કેવી હોય છે એ આ બોલમાં વિષય લીધો છે. 'નિયમસાર' પરમાગમમાં ટીકાકા મુનિરાજ **'શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે...'** એમના નામે પ્રત્યેક મુનિરાજની આવી ભાવના હોય છે એમ કહેવું છે. નામ લીધું છે ભાવનાના શાસ્ત્રકર્તાનું. વર્તમાન અધ્યાત્મ શાસ્ત્રમાં સ્વરૂપ ભાવનાના બે મહાન શાસ્ત્રો છે. એક 'નિયમસાર' પરમાગમ છે અને એક 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ'નું છે. ભગવાન 'યોગીન્દ્રાચાર્યે' પરમાત્મ સ્વરૂપની ખુબ ભાવના ભાવી છે. નિજ પરમાત્મ સ્વરૂપની ભાવનાના એ નિર્ગ્રંથ છે. આચાર્યોએ જંગલમાં રહીને પોતાના સ્વરૂપની પૂર્ણતાની પ્રાપ્તિ કરવી છે. એ અર્થે કેવી કેવી ભાવનાઓ ભાવે છે એ વિષય બહુ સુંદર રીતે તે તે ગ્રંથમાં આવેલો છે.

**'મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે મુનિ 'સકળવિમળ કેવળજ્ઞાનદર્શનના લોલુપ' છે.'** જગતમાં આસક્તિના પરિણાનો અનુભવ સંસારી પ્રાણીઓને હોય છે, પંચેન્દ્રિયના વિષયોનો. એના પરિણામથી, એના ભાવથી, અનુભવથી શબ્દપ્રયોગ કર્યો છે અહીંયાં. કે મુનિરાજ **''સકળ વિમળ કેવળજ્ઞાનદર્શનના લોલુપ છે.''** બહારની કોઈ ચીજ એમને જોઈતી નથી. તિલતુષ માત્ર પરિગ્રહ રહિત છે. જે કાંઈ હતું એ પણ એ છોડીને ચાલી નીકળ્યા છે. એટલે બીજી કોઈ ચીજની લોલુપતા એમના પરિણામમાં રહી નથી. તો હવે એમને શું જોઈએ છે? કે કેવળજ્ઞાન અને કેવળદર્શનની એમને પ્રાપ્તિ કરવી છે. એના લોલુપી છે. લોલુપ શબ્દ વાપર્યો છે.

પાનું-૧૪૬. ત્રીજી લીટી. **'મુનિ સકળવિમળ...'** સકળ એટલે સર્વથા, વિમળ એટલે જેમાં મળ નથી. રાગાદિ કષાયનો મળ જેમાં નથી. ભાવમલિનતા જે દશામાં નથી હોતી એવું જે કેવળજ્ઞાન અને કેવળદર્શન એના તે લોલુપી છે એટલે તેને પ્રાપ્ત કરવાના અત્યંત ઈચ્છુક છે. જેમની એકમાત્ર ભાવના સકળવિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રગટ કરવાની છે. એમ લેવું છે. આ ભાવના એટલે સામાન્ય વિકલ્પ

થાય છે એમ ન લેવું. મુનિરાજની ભાવના અથવા સાધકની ભાવનાનું જ્યાં પ્રકરણ ચાલે છે ત્યાં એટલું વિશેષ સમજવા યોગ્ય છે કે તેમને તેવા શુભભાવ ઉપરાંત, કોઈ વિકલ્પના કાળમાં વિકલ્પ આવે, ઉપરાંત તદ્અનુસાર પુરુષાર્થ વર્તે છે. એકલો જે કોરો વિકલ્પ હોય છે સામાન્ય માણસને એને જે ભાવના કહેવામાં આવે છે કે અમારી આવી ભાવના છે, અમારી આવી ભાવના છે એટલું અહીંયાં ન લેવું. સાધક અવસ્થામાં એ ઉપરાંત સ્વરૂપ પ્રાપ્તિનો પુરુષાર્થ હોય છે એને ભાવના કહેવામાં આવી છે. એટલે મુખ્યપણે પુરુષાર્થને ભાવના કહી છે એમ જાણવું. વિકલ્પને મુખ્યપણે ભાવનાનું નામ આપ્યું છે એમ નહિ સમજવું.

તે ભાવનાને અનુસરીને ત્રણ-ચાર વાતો અહીંયાં લખી છે. અને વચ્ચે એક લીટી આવે છે કે '**આવી મુનિરાજને ભાવના વર્તે છે.**' એટલે ભાવનાનો વિષય ચાલશે. મુનિદશામાં વીતરાગી મુનિઓની ભાવના કેવી હોય એ વિષે અહીંયાં બહુ સારી રીતે સુંદર ચિતાર છે આનો. એક તો કેવળજ્ઞાનદર્શનના લોલુપી કહ્યા. બીજું કે ક્યારે સ્વરૂપમાં એવી ઝમવટ થાય કે શ્રેણી ઉપડીને પૂર્ણ વીતરાગદશા પ્રગટે. વીતરાગદશા એટલે અહીંયાં પૂર્ણ વીતરાગદશા. મુનિ યોગ્ય વીતરાગદશા તો એમને પ્રગટેલી જ છે. વીતરાગી મુનિ હોવાથી મુનિયોગ્ય વીતરાગતા તો એમને વર્તે જ છે. એટલે એ વીતરાગદશાની વાત અહીંયાં નથી. પણ પૂર્ણ દશાની વાત લેવી.

ક્યારે સ્વરૂપમાં એવી ઝમવટ થાય એટલે એવી સ્થિરતા થાય, એવી લીનતા થાય કે સ્વરૂપસ્થિર પરિણામની એક શ્રેણી, શ્રેણી એટલે ઉત્તરોત્તર ચડતા પરિણામની ધારાને અહીં શ્રેણી કહેવામાં આવે છે. આપણે નિશાળની અંદર વર્ગ નથી હોતા? પહેલી શ્રેણી, બીજી શ્રેણી, ત્રીજી શ્રેણી, ચોથી શ્રેણી, આઠમી શ્રેણી, બારમી શ્રેણીમાં અભ્યાસ કરે છે. એમ કહીએ ને? શ્રેણી એટલે ઉપર ઉપરની પરિસ્થિતિને શ્રેણી કહેવામાં આવે છે. અને જે એકધારાએ એકસરખી અનુક્રમે બરાબર હોય એને શ્રેણી કહે છે.

મુનિદશામાં છઠા-સાતમા ગુણસ્થાનમાં વર્તતા મુનિરાજને જ્યારે સ્વરૂપ સ્થિરતાની શ્રેણી ઉપડે છે ત્યારે એ આઠમા, નવમા, દસમા, બારમા ગુણસ્થાનમાં અંતર્મુહૂર્તની અંદર પહોંચીને તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્ત કરીને અરિહંત દશામાં આવે છે. ણમો અરિહંતાણં જેને કહીએ છીએ એ દશાને પ્રાપ્ત કરે છે. જો કોઈ મુનિરાજ સ્વરૂપ શ્રેણી માંડે તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે. ક્ષાયિક શ્રેણી હોય તો.

શ્રેણીમાં બે પ્રકાર ઉત્પન્ન થાય છે. એક ઉપશમભાવે અને એક ક્ષાયિકભાવે. જો ઉપશમભાવની શ્રેણી હોય તો એ અગિયારમાંથી પાછા નીચે આવે છે. તેરમા

ગુણસ્થાન પરિપૂર્ણ કેવળજ્ઞાન દશાને એ પ્રાપ્ત નથી કરી શકતા. કેમકે એ પ્રકારના પુરુષાર્થમાં પુરુષાર્થની જે શક્તિ છે એ હિણી શક્તિ છે. અને એવી શક્તિ છે કે અગિયારમે પહોંચતા પછી જે દબાયેલો કષાય છે, ઉપશમ કરેલો જે કષાય એ પાછો ઉદયમાન થઈ જાય. ઉદયમાન થાય છે એનો અર્થ કે એમાં પોતે જોડાય છે.

મુમુક્ષુ :- કોઈ ન જોડાય એવા પણ હોય ખરા?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપશમ શ્રેણી તો એવી શ્રેણી છે કે નિયમથી એમાંથી મુનિરાજ પાછા આવે. અને ક્ષાયિક શ્રેણી હોય તો નિયમથી અંતર્મુહૂર્તમાં અરિહંત દશાને પ્રાપ્ત કરે. હજારો વર્ષની મુનિદશામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું કાર્ય તો અંતર્મુહૂર્તનું જ છે. પણ જ્યાં સુધી શ્રેણીને યોગ્ય પુરુષાર્થ ઉત્પન્ન થાય અથવા શ્રેણીને યોગ્ય સ્વરૂપલીનતા ઉત્પન્ન ન થાય. સ્વરૂપની સ્થિરતા ઉત્પન્ન ન થાય. ત્યાં સુધી મુનિરાજ સાતમા ગુણસ્થાનમાં સ્થિરતા પામી શકતા નથી. છઠા ગુણસ્થાનના શુભરાગમાં આવી જાય છે. ત્યારે તે પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ અનેક પ્રકારના શુભ આચરણમાં પ્રવર્તે છે. ત્યાં પણ તેઓ પુરુષાર્થને લઈને પાછા રહેતા નથી. વળી પાછા નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં સપ્તમ ગુણસ્થાનમાં આરૂઢ થાય છે. એમ છ અને સાત ગુણસ્થાનમાં આવતા જતા મુનિરાજની ભાવના કેવળજ્ઞાન દર્શનની છે. ભાવના છે એટલે એના માટે તે પ્રયત્નવંત છે. ખાલી કોરી ભાવના નથી. અને એ પૂર્ણ દશા ક્યારે પ્રગટે એ માટે એ સતત પ્રયત્નશીલ છે. એમ લેવું છે.

મુમુક્ષુ :- અગિયારમેથી આવે એટલે એ સીધા નીચે જ આવે?

પૂજ્ય ભાઈશ્રી :- નીચે એટલે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને પાછા આવી જાય.

મુમુક્ષુ :- અગિયારમું સ્થાન જ એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અગિયારમું સ્થાન જ એવું છે.

મુમુક્ષુ :- ઉપશમ શ્રેણી.

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મ સાંપ્રાય કહે છે ને. એટલે ત્યાં લોભ છે. સાંપ્રાય એટલે લોભ. સૂક્ષ્મ લોભ છે. બુદ્ધિપૂર્વકનો નથી અબુદ્ધિપૂર્વકનો ઉત્પન્ન થાય છે અને એની અંદર જોડાતા એ વળી પાછા નીચેના ગુણસ્થાનમાં આવી જાય છે.

મુમુક્ષુ :- દસમેથી બારમે જાય તો ન પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ક્ષપક શ્રેણી હોય તો જ. ક્ષપક શ્રેણી હોય તો અગિયારમા ગુણસ્થાને ન આવે. દસમા ગુણસ્થાનથી સીધા બારમા ગુણસ્થાનમાં આરૂઢ થાય. પછી તેરમા ગુણસ્થાનમાં આવે. પછી તો કાંઈ પ્રશ્ન રહેતો નથી. એ પૂર્ણ દશા છે. પૂર્ણ દશા થયા પછી કદી અપૂર્ણ દશા ન થાય. એક વખત પૂર્ણ દશા

થાય.. ચણો શેકાય ગયો અને દાળીયો થઈ ગયો પછી એને વાવે તો ઊગે નહિ. જ્યાં સુધી ચણો છે ત્યાં સુધી વાવે તો ઊગે છે. પણ ભુંજીને દાળીયો થાય પછી ચણામાંથી જે દાળીયો થયો એમાંથી ઊગવાની પરિસ્થિતિ રહેતી નથી. એમ જે ભાવમોક્ષ દશા ભલે સદેહ અવસ્થા છે. અરિહંતને દેહ સહિતની મુક્ત અવસ્થા છે. તોપણ પછી જન્મ-મરણનો પ્રશ્ન નથી કે નીચેના ગુણસ્થાનમાં આવવાનો કે રાગ થવાનો પ્રશ્ન રહેતો નથી.

અન્યમતમાં ઈશ્વરને અવતાર લીધા છે. એ વાત બંધબેસતી એટલા માટે નથી કે અવતાર લેવો અથવા જન્મ લેવો એ કોઈ કર્મનું ફળ છે. નવો જન્મ લે એ કર્મનું ફળ છે. નવું આયુષ્ય બાંધ્યું હોય એને એ જન્મ થાય છે. જ્યારે મુક્ત દશાવાનને કર્મનો નાશ હોય તો કર્મના ક્ષયથી મુક્ત દશા ઉત્પન્ન થયેલી છે. સકળકર્મક્ષયમોક્ષ. મોક્ષનું આ લક્ષણ અથવા મોક્ષનું આ સ્વરૂપ છે કે બધા જ કર્મનો ક્ષય થાય ત્યારે મોક્ષદશા ઉત્પન્ન થાય. એ દશા ઉત્પન્ન થાય છે પછી એને એનું ફળ ક્યાંથી હોય? જે કર્મ ક્ષય થઈ ગયા એનું ફળ ક્યાંથી આવે? કે એનું ફળ આવવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે એ અભિપ્રાયથી આ વાત તદ્દન જુદી પડે છે.

મુમુક્ષુ :- આમ તો પુરુષાર્થની દૃષ્ટિએ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વીતરાગદશા છે. ઉપશમભાવે ત્યાં વીતરાગદશા છે. ઉપશમભાવે વીતરાગદશા છે. બારમા ગુણસ્થાને ક્ષાયિકભાવે વીતરાગદશા છે. ચારિત્રની અપેક્ષા લઈએ તો રાગ અને વીતરાગતા એ ચારિત્રનું પરિણમન છે. તો અગિયારમું અને બારમું બંને ગુણસ્થાન વીતરાગદશાનું છે. અગિયારમા ગુણસ્થાને રાગ ઉપશમિત થયેલો છે. બારમા ગુણસ્થાને રાગનો ક્ષય થઈ ગયો છે. હવે એ ઉપશમિત થયેલો છે. એ ઉદયમાન થાય છે એટલે સીધો નીચેના ગુણસ્થાને આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ નથી. ક્ષાયિકનો પુરુષાર્થ નથી ત્યાં. ઉપશમ શ્રેણીએ આગળ વધેલા મુનિરાજ નિયમથી પાછા ફરે. કેમકે શ્રેણીમાં જે પુરુષાર્થ છે એ જ કમજોર પુરુષાર્થ છે. ઉપશમ શ્રેણીનો એટલે શું છે કે ત્યાં કષાયાદિ ભાવોને ઉપશમ કરીને, દબાવીને આગળ ગયેલા છે. એવા પ્રકારનો પુરુષાર્થ છે. અને ક્ષાયિક શ્રેણીમાં ક્ષય કરતા કરતા આગળ વધે છે, નાશ કરતા કરતા આગળ વધે છે. એટલે એ ભાવ ખરી જાય છે, એ કર્મ પણ ખરી જાય છે. અહીંયાં એ ભાવ સત્તામાં રહે છે, એ યોગ્યતા સત્તામાં રહે છે અને એ કર્મ પણ સત્તામાં રહે છે. એટલે કર્મનો ઉદય થાય છે, સાથે ભાવનો ઉદય થાય છે. એટલે ગુણસ્થાન નીચેનું પકડાય છે.

મુમુક્ષુ :- મૂળ તો પાયામાં ... પહેલેથી જ રહે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શરૂઆતથી જ ફેર છે. આઠમા ગુણસ્થાનથી જ ફરક છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બેયની જે શરૂઆત છે આઠમા ગુણસ્થાનથી જે શ્રેણીની શરૂઆત છે એનો પ્રકાર જ જુદો છે. બંનેનો એક પ્રકાર નથી. આઠમા ગુણસ્થાનમાં બે સરખા પ્રકાર નથી, નવમામાં સરખો નથી, દસમામાં સરખો નથી. અને દસમા પછી તો બેય જુદા જુદા ગુણસ્થાન આવે છે. ક્ષાયિકવાળાને બારમું આવે છે, ઉપશમવાળાને અગિયારમું આવે છે. અગિયારમું આવે છે એ પાછો આવે છે. બારમું આવે છે એ તેરમામાં જાય છે. એમ છે.

**'ક્યારે સ્વરૂપમાં એવી જમવટ થાય કે શ્રેણી ઊપડીને વીતરાગદશા પ્રગટે?'** એવી ભાવના હોય છે. અથવા એવો પુરુષાર્થ હોય છે કે છઠ્ઠે-સાતમે આવતા આવતા ક્યારે આ શ્રેણીમાં આવી જવાય એના માટે એ સતત દિન-રાતમાં પુરુષાર્થમાં, ધ્યાનમાં, જ્ઞાનમાં લાગેલા રહે છે. સ્વરૂપ પ્રત્યેનું જે કાર્ય છે, પરિણમનનું જે સ્વરૂપ સન્મુખનું કાર્ય છે, સ્વરૂપ પ્રત્યયી કાર્ય છે એની અંદર એ પ્રયત્નશીલ છે. કર્તૃત્વભાવે નથી. સાથે સાથે એ સમજવું જોઈએ કે એમાં કોઈ કર્તાપણું આવે છે એમ નથી. પણ સહજપણે જ એવી સ્થિતિમાં એ વર્તી રહ્યા છે. એવા એ એક પરિણમનના પ્રવાહના વેગમાં છે, પુરુષાર્થમાં છે કે ક્યારે શ્રેણી માંડે એ જ જોવાનું બાકી રહે છે. બીજું કાંઈ બાકી રહેતું નથી.

જૈન મુનિનું વર્ણન છે આ. એક જ કામ પાછળ એ નીકળી પડ્યા છે એમ કહેવું છે. બધું છોડીને નીકળ્યા તો કાંઈ ફંડ-ફાળા માટે નીકળ્યા નથી. સમાજ માટે નીકળ્યા નથી. સમાજના કાર્યો માટે નીકળ્યા નથી, મંદિરો માટે નીકળ્યા નથી. સમાજની કોઈ ઉપદેશની મુખ્ય વૃત્તિ નથી. બીજી તો ભાંજગડમાં કે પ્રપંચમાં પડતા નથી. પણ બીજી કોઈ વાતમાં એમનું લક્ષ નથી. બસ! જંગલમાં રહીને જ્ઞાન-ધ્યાન કરીને કેવળજ્ઞાન, કેવળદર્શનને પ્રગટ કરવું છે. આની પાછળ એક ધૂનથી કામ કરવા માટે નીકળી પડ્યા છે. મુનિરાજનું એવું સ્વરૂપ લીધું છે.

**'ક્યારે એવો અવસર આવે કે સ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે અને આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થાય?'** એ ચારિત્રની અપેક્ષાએ વીતરાગદશા લીધી. જ્ઞાનની અપેક્ષાએ કેવળજ્ઞાન અથવા સ્વભાવજ્ઞાન લીધું છે. **'ક્યારે એવો અવસર આવે કે સ્વરૂપમાં ઉગ્ર રમણતા જામે...'** કારણ કે સ્વરૂપસ્થિરતા વિના કેવળજ્ઞાન નથી પ્રગટતું. કેવળજ્ઞાનનું પૂર્વ પગથિયું છે બારમા ગુણસ્થાનની ક્ષાયિકભાવે પ્રગટેલી, પ્રગટ

થયેલી પૂર્ણ વીતરાગદશા. પછી જ તેરમું ગુણસ્થાન આવે. આ એનો ક્રમ છે. અનાદિઅનંત મોક્ષમાર્ગનો આ ક્રમ છે, આ નિયત ક્રમ છે અને એ સૈદ્ધાંતિક વિષય હોવાથી ત્રણે કાળે એમાં કદી કોઈપણ પ્રકારનો ફેરફાર થઈ શકતો નથી. ભગવાને દિવ્યધ્વનિમાં એ વાત સ્પષ્ટ કરી એટલા માટે એમ છે એમ નહિ. પણ જેમ પદાર્થ છે એના પરિણમનનું એ વિજ્ઞાન છે, Science છે કે એક જ પ્રકારે વસ્તુનું વિજ્ઞાન કામ કરે છે, વસ્તુનો આ સ્વભાવ છે. અને સ્વભાવને ઉલ્લંઘન કરીને વસ્તુ ક્યારેય બીજી રીતે કાર્યશીલ થતી નથી. એમ લેવું.

મુમુક્ષુ :- ચારિત્ર પહેલુ પૂરું થાય પછી જ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- ચારિત્ર પહેલું પૂરું થાય છે. બારમા ગુણસ્થાને પૂર્ણ વીતરાગ દશા પ્રગટ થાય છે અને તેરમા ગુણસ્થાનના પ્રારંભમાં પહેલે સમયે કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાને.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાને થઈ જાય. એટલે પ્રત્યેક ગુણને પૂર્ણ થવા માટે પોતપોતાની વિશિષ્ટ પ્રકારની પરિણમનની યોગ્યતા છે અને એ વસ્તુનો સ્વભાવ હોવાથી, એ વસ્તુનું વિજ્ઞાન હોવાથી એમાં કોઈ કાળને વિષે કિંચિત્‌માત્ર કાંઈ ફેરફાર થતો નથી. એટલે જેમ છે એમ સમજવું રહ્યું.

**'ક્યારે સ્વરૂપમાં એવી જમવટ થાય કે શ્રેણી ઊપડીને વીતરાગદશા પ્રગટે?'** અથવા ક્યારે સ્વરૂપમાં એવી ઉગ્ર રમણતા જામે. ત્યાં પણ જમવટનું ક્રિયાપદ લીધું છે કે જામે. ઉગ્ર રમણતા એટલે ઉગ્ર સ્થિરતા. એ જામે કે **'આત્માનું પરિપૂર્ણ સ્વભાવજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રગટ થાય?'** એટલે ધ્યાનસ્થ દશામાં જ કેવળજ્ઞાન પ્રગટે છે. કોઈ વિચારદશામાં કેવળજ્ઞાન પ્રગટે છે એવું નથી. આજે ઘણા કથાનુયોગમાં આવે છે કે આવો વચાર કરતા કરતા કેવળજ્ઞાન થયું. એવું નથી. કોઈ વિચાર કરતા, કોઈ પ્રવૃત્તિ કરતા કેવળજ્ઞાન ન થાય.

કેવળજ્ઞાન મુનિરાજને થાય ત્યારે એની ધ્યાનસ્થ દશા જ હોય. બીજું, મુનિદશાપૂર્વક જ કેવળજ્ઞાન થાય, ગૃહસ્થદશામાં ક્યારેય કેવળજ્ઞાન ન થાય. કેમકે ગૃહસ્થદશા એ દશા છે કે જેમાં મુનિદશા હજી આવી શકી નથી એવો હીન પુરુષાર્થ છે. ભલે ચોથું ગુણસ્થાન હોય, શ્રાવકનું પાંચમું ગુણસ્થાન હોય, પણ મુનિદશાને યોગ્ય ત્યાં હજી પુરુષાર્થ નથી. તો એ તબક્કામાંથી પસાર થયા વિના કોઈ શ્રેણી માંડે, છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં આવ્યા પહેલા આઠમા ગુણસ્થાનની શ્રેણી માંડે, બારમા-તેરમા ગુણસ્થાનને પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એવું પણ બનતું નથી. એટલે ધ્યાનની, સ્વરૂપધ્યાનની

પરિપૂર્ણ દશામાં સ્વભાવજ્ઞાન અથવા કેવળજ્ઞાન પ્રગટ થવાની પણ એમની ભાવના હોય છે. એવો પુરુષાર્થ એમને ચાલુ છે.

ત્રીજું. '**ક્યારે એવું પરમ ધ્યાન જામે...**' ત્રણેમાં એ જમવટ અને જામવું એ શબ્દ પ્રયોગકરેલો છે. '**ક્યારે એવું પરમ ધ્યાન જામે કે આત્મા શાશ્વતપણે આત્મસ્વભાવમાં જ રહી જાય?**' પછી સ્વભાવથી બહાર નીકળે જ નહિ. એવી સ્થિરતા જોઈએ છે. એ પણ ચારિત્રનો બોલ લીધો છે. સ્થિરતા એવી જોઈએ છે કે હવે એ સ્થિરતામાંથી અસ્થિરતા જ ક્યારેય ઉત્પન્ન ન થાય અને શાશ્વતપણે એટલે સાદિઅનંત કાળ પર્યંત સ્વરૂપસમાધિમાં જ પરિણમન રહે. જે અરિહંતદશા અને સિદ્ધદશા છે. અરિહંતદશા તો આયુષ્ય પર્યંત છે. પછી સિદ્ધદશા છે. એવી સ્થિરતા-સ્વભાવમાં જ રહી જવાય એવી સ્થિરતા ક્યારે થાય? '**આવી મુનિરાજની ભાવના વર્તે છે.**' મુનિરાજ છે એમને આવી ભાવના વર્તે છે. અથવા મુનિરાજને આવી જ ભાવના હોય. આ સિવાય બીજી કોઈ ભાવના મુનિરાજને હોય નહિ. એમ લેવું છે.

મુમુક્ષુ :- બીજી ભાવના હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- મુનિદશા કેવી રીતે રહે? મુનિદશા એનું નામ છે. જોકે એનું નામ તો સાધુ કહેવાય છે ને? જૈન સાધુ. એ ગુણવાચક નામ છે. આત્મસ્વરૂપને ઉત્કૃષ્ટપણે સાધે તેનું નામ સાધુ. ઉત્કૃષ્ટપણે સાધે. કે જે ઉત્કૃષ્ટ સાધનાના ફળમાં અરિહંત દશા પ્રગટ થાય, પરમેશ્વર દશા પ્રગટ થાય. બસ. એનું નામ સાધુ લીધું છે. એને મુનિ કહે છે, એને સાધુ કહે છે, એને ઋષિ કહે છે, એને યતિ કહે છે. એ બધા એકાર્થમાં લેવા. જુદા જુદા ગુણની અપેક્ષાએ એ બધા નામ છે. પણ એક જ પદના એ નામ છે.

'**આત્માના આશ્રયે એકાગ્રતા કરતાં કરતાં તેઓ કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે.**' હવે શું કહે છે? કે છઠા-સાતમા ગુણસ્થાનમાં પણ તેમની સ્થિતિ આગળ વધતી છે. આરાધના એમની ચાલુ હોવાથી પ્રતિસમયે એ આગળ વધી રહ્યા છે. કઈ બાજુ આગળ વધી રહ્યા છે? કે કેવળજ્ઞાનની જાણે એ સમીપ જઈ રહ્યા છે. નજીક ને નજીક જઈ રહ્યા છે. એવી મુનિરાજની આરાધના વર્તે છે, આત્માના આશ્રયે. બીજો કોઈ એમને આશ્રય નથી. ભલે પંચ પરમેષ્ઠીપદનું સ્મરણ કરે છે. ગણધરદેવ હોય તોપણ નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ કરે છે. એટલે કે જે પરમેશ્વરપદને, પરમેષ્ઠીપદને પ્રાપ્ત છે એને નમસ્કારાદિ છદ્મસ્થ દશામાં હોય છે. એવો વિકલ્પ આવે છે, એવો રાગ આવે છે. તેમ છતાં પણ એ અંદરમાં તો આત્માના આશ્રયે કામ કરે છે. કોઈ અન્ય બીજી વ્યક્તિના આશ્રયે, બીજા પરમેશ્વરના આશ્રયે એ નથી. આમ લેવું છે.

**'આત્માના આશ્રયે એકાગ્રતા કરતાં કરતાં તેઓ કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે.'** વધુને વધુ નજીક જઈ રહ્યા છે. કેમકે એક વાત સ્પષ્ટ છે કે આવી ભાવલિંગરૂપ મુનિદશા, ભાવ જેનું ચિહ્ન છે, આવી સ્વરૂપ એકાગ્રતા એવો ભાવ જેનું લક્ષણ છે એવી જે મુનિદશા છે એ જીવ નિયમથી નજીકમાં મુક્તિગામી હોય છે. આ કાળમાં જો કોઈ મુનિદશાને પામે તો એને વધુમાં વધુ ત્રણ ભવ હોય નહિતર એક ભવમાં મોક્ષે જાય. એક દેવનો ભવ કરે. ત્યારપછીના મનુષ્યના ભવમાં ચરમશરીરી હોય. કોઈ જીવને મનુષ્ય ઉપરાંત બીજો દેવનો ભવ થાય તો ત્રીજા ભવે જાય. એટલી મુનિદશાની અંદર વિશેષપણે આત્માને વિષે નિર્મળતા થઈ જાય છે. આત્મા એટલો નિર્મળ થાય છે કે પછી તીવ્ર મલિનતા એમાં આવે નહિ અને વળી અનેક ભવ સુધી એને સંસાર પરિભ્રમણ રહે એવું બનતું નથી. જેના જન્મ-મરણ ખલાસ થવા આવ્યા હોય એ એ દશા સુધી પહોંચે છે.

મુમુક્ષુ :- આમ તો ચોથે ગુણસ્થાને પણ એક ભવ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હોઈ શકે છે. પણ એવો નિયમ નથી. અથવા અહીંયાં એવો નિયમ નથી. સામાન્ય રીતે આવું બને. બાકી ચોથા ગુણસ્થાનવાળાને તો કોઈને ચાર ભવ, કોઈને છ ભવ, કોઈને આઠ ભવ, કોઈને દસ ભગવાન. ભગવાન મહાવીર સ્વામીને દસ ભવ પહેલા સમ્યગ્દર્શન થયેલું સિંહની પર્યાયમાં. ત્યાર પછી દસમે ભવે મુક્તિ પામ્યા છે. સમ્યગ્દર્શન પછી. તો સમ્યગ્દર્શન માટે એવું સંભવિત છે. નહિતર તીર્થંકરનો જીવ હતો. છતાં સમ્યગ્દર્શન પછી એમની મુક્તિ દસમા ભવે છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી' આ કાળમાં થયા. હજી તો સો વર્ષ થયા. પણ એક ભવમાં નીકળી જશે. એટલે એ તો એક સ્વતંત્ર, જીવની સ્વતંત્ર પુરુષાર્થની યોગ્યતાનો એ વિષય છે. કોઈ એવું જ પાછળ લાગી જાય છે કે એ જલ્દી મોક્ષ પામી જાય છે. કોઈને સહજ એવી શિથિલતા રહે છે. કોઈને સહજ એવી ઉગ્રતા રહે છે. કારણ? કારણની અંદર કાંઈ કારણ નથી. કોઈને લાગુ કરી શકીએ એવું કારણ નથી.

મુમુક્ષુ :- .. ગુણસ્થાનવાળા એકભવતારી જ હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- ના. સાતમા ગુણસ્થાનવાળા? ના. એવું કાંઈ નથી. કોઈ ત્રણ ભવે પણ જાય. સામાન્ય રીતે એક ભવથી ત્રણ ભવ. અત્યારે જો કોઈ મુનિદશા પ્રાપ્ત કરે તો થાય એવું લાગે છે.

મુમુક્ષુ :- એટલે ત્રણ ભવથી વધુ ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સામાન્ય રીતે નથી. ઘણો પુરુષાર્થ છે. સામાન્ય રીતે ન કરે.

મુમુક્ષુ :- પુરુષાર્થ ... પછી જ્યારે અન્ય ...માં જાય ત્યારે .. મંદ થઈ જાય છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- મંદ થાય છે તો પણ કાંઈ સાવ કર્યું નથી જતું. માણસ શું કહે છે? કર્યું જાતું નથી. સાવ પુરુષાર્થ કરેલો અલેખે જાય છે એવું નથી બનતું. એમ કહેવું છે. એક આત્મદ્રવ્યની અંદર કોઈ એવી જ પરિસ્થિતિ રહી જાય છે.

જેમકે એક બીજો દૃષ્ટાંત લઈએ કે કોઈ જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને મિથ્યાત્વ દશામાં આવી જાય છે. અને વધુમાં વધુ કોઈ જીવ અર્ધપુદ્ગલ પરાવર્તન સુધી પરિભ્રમણ કરે છે, જન્મ-મરણ કરે છે. અર્ધપુદ્ગલ પરાવર્તન એટલે ઘણો કાળ છે. કરોડો-અબજો અથવા અસંખ્ય જન્મ-મરણ થઈ જાય કોઈ વખત તો. નિગોદમાં ચાલ્યા જાય તો અસંખ્ય જન્મ-મરણ થઈ જાય. અને એવા સાદી મિથ્યાદૃષ્ટિઓ અત્યારે નિગોદમાં અનંતા છે અત્યારે પણ. સાદી મિથ્યાષ્ટિઓ. એટલા બધા પાછળ ચાલ્યા જાય. તોપણ એક એવી યોગ્યતા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું એ કર્યું જાતું નથી.

એકવાર એણે આત્માના સુખનો અનુભવ, સુખનો સ્વાદ લઈ લીધો છે એ ઠરીને ઠામ નહિ બેસે. સરવાળો એક આવશે કે ક્યાંય એને સુખ નહિ લાગે. અને વળી પાછો આત્મસુખ માટે પુરુષાર્થમાં ઝંપલાવશે અને એ પાછો આત્મિકસુખને પ્રાપ્ત કર્યા વિના રહેશે નહિ. તો એ દ્રવ્યની આખી યોગ્યતા બદલાઈ ગઈ છે એમ કહેવું છે. એ જીવ પદાર્થની યોગ્યતા જ આખી બદલાઈ ગઈ છે. એ દ્રવ્ય જાણે બદલાઈ ગયું છે એમ કહેવાય છે દ્રવ્ય અપેક્ષાએ. યોગ્યતાની અપેક્ષાએ દ્રવ્ય ઉપર એવો ઉપચાર આવે છે કે જાણે એ જીવ બદલાય ગયો છે.

એટલે મોક્ષાર્થે કરેલી જે મહેનત છે અથવા પુરુષાર્થ છે એ કદી નિષ્ફળ નથી જતો. Total failure જેને કહો એવું નથી એની અંદર. માણસ ભૂલ કરે, પુરુષાર્થ મંદ કરે, પાછળ ચાલ્યો જાય, પાછો એ આગળ આવ્યા વિના રહેતો નથી. આ નિયમબદ્ધ પરિસ્થિતિ છે. વસ્તુનું વિજ્ઞાન એવું છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે એમ લેવું.

મુમુક્ષુ :- ... ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, આશ્રય તો ઊલટો થઈ જાય છે, પરાશ્રિત પરિણમન તો થઈ જાય છે. એટલે જાય તો નિગોદ સુધી ચાલ્યા જાય. Extreme point. પણ કાયમ માટે એમ થયા કરે એવી એ જીવની પરિસ્થિતિ એકંદર નથી. આમ લેવું છે. એકંદરે એ જીવની સ્થિતિ એવી નથી કે કાયમ એમ થાય. પાછો એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી, મુનિદશાને પ્રાપ્ત કરી, શ્રેણી માંડી અને કેવળજ્ઞાન સુધી પહોંચી જશે.

મર્યાદિત કાળમાં. એ અનંત કાર્ય પર્યંત જન્મ-મરણ કરશે અને સંસાર પરિભ્રમણ કરશે એવું નહિ બની શકે.

મુમુક્ષુ :- એટલે મિથ્યાદષ્ટિ જેવું જ પરિણમન સમ્યગ્દષ્ટિને હોય છે...

પૂજ્ય ભાઈશ્રી :- હોય છે. ફરીને મિથ્યાત્વ થાય ત્યારે પહેલો મિથ્યાદષ્ટિ હોય એવો જ મિથ્યાદષ્ટિ થઈ જાય છે.

મુમુક્ષુ :- એમાં કોઈ ફેરફેર નથી?

પૂજ્ય ભાઈશ્રી :- અવસ્થામાં બીજો કોઈ ફેરફાર નથી. પણ સમગ્ર પદાર્થની દૃષ્ટિએ જોવામાં આવે તો ફેરફાર છે. એમ. અવસ્થાને માત્ર જોવામાં આવે તો તો જેવા બીજા સામાન્ય મિથ્યાદષ્ટિ છે એવો જ એ મિથ્યાદષ્ટિ છે. પણ એને એટલું એમ કહી શકાય કે બીજા જીવો અનાદિ મિથ્યાદષ્ટિ છે જ્યારે એ સાદિ મિથ્યાદષ્ટિ છે. એટલું વિશેષણ લાગે છે એને.

મુમુક્ષુ :- .. જોવાય કેમ?

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાનમાં.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કેવળજ્ઞાનમાં જોવાય છે. શ્રુતજ્ઞાનમાં જોવાય છે. કેવળજ્ઞાનમાં પણ જોવાય છે અને શ્રુતજ્ઞાનમાં પણ એની સમજ આવે છે. એનો ભાવ ભાસે છે. પણ શ્રુતજ્ઞાનમાં એ વિષય પરોક્ષ છે અને કેવળજ્ઞાનમાં એ વિષય પ્રત્યક્ષ છે. એટલો ફર્ક છે. જ્ઞાનમાં જણાય છે બરાબર, ન જણાય એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- ... પર્યાયમાં જણાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સમગ્રપણે. એને પર્યાયમાં નથી જણાતું. પર્યાયમાં તો એમ જણાય છે કે પર્યાય જેવી બીજા મિથ્યાદષ્ટિની છે એવી જ આની છે. પર્યાય તો એમ જણાય છે. પણ આખા જીવની વાત છે. પર્યાય ઉપરાંત જીવની વાત છે. એક સમયની પર્યાય જેવડો જ જીવ નથી. એ ઉપરાંત એનામાં અનંત સ્વભાવ છે, અનંત શક્તિ છે અને અનેક પ્રકારની, અનંત પ્રકારની દ્રવ્યની યોગ્યતા, જીવની યોગ્યતા અને પર્યાયની યોગ્યતા અનંત પ્રકારે છે. એ બધું મળીને ત્રણે કાળનો જીવ છે. ત્રણે કાળને વિષે જે જીવ છે, ત્રિકાળી જે જીવ પદાર્થ છે એ બધું થઈને છે. એમ લેવું.

એટલે ત્રિકાળની જ્યાં વાત આવે છે ત્યાં બે અર્થઘટન કરવા પડે છે. આમાં પણ ઘણાંને લોચો પડે છે. એક તો જે દ્રવ્યસ્વભાવ છે, જે કાયમ એકરૂપ રહે છે એને એક વિશેષણ લાગે છે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ. તો ત્યાં એ સામાન્ય સ્વભાવની

વાત લેવી, માત્ર શક્તિઓના સ્વરૂપની વાત લેવી, ગુણ સમુદાયની વાત લેવી. અને જીવ ત્રણે કાળે પોતાની હયાતી ધારણ કરે છે, એવા ત્રણે કાળના અસ્તિત્વને લ્યો તો એની અંદર ત્રણે કાળની પર્યાયો સહિતનો જીવ લેવો. જેમાં અનંત નિગોદની અશુદ્ધ પર્યાયો પણ આવે અને અનંત સિદ્ધની શુદ્ધ પર્યાયો પણ આવે. એ બધું થઈને ત્રણે કાળના જીવનો ઇતિહાસ છે. કે પહેલા શું હતો? વચ્ચે શું હતો? પછી શું? એમ. એને પણ ત્રિકાળી જીવ કહેવાય, આને પણ ત્રિકાળી જીવ કહેવાય. પણ ક્યાં શું પ્રકરણ ચાલે છે? શું વાત કહેવા ધારે છે? એ અનુસાર એનું અર્થઘટન કરવું.

મુમુક્ષુ :- પાષાણમાંથી શુદ્ધ સોનું થઈ ગયા પછી ગમે એટલી .. પાછો પાષાણ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- પાષાણમાંથી શું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- પાષાણને શુદ્ધ કરે તો સોનું થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સોનું થઈ ગયું. સોનું પાછુ પથ્થર ન થાય. સોનામાં બીજી ધાતુ મેળવે, મલિનતા થાય એ બધું થાય. ઠીક. પણ પછી જે ખાણનું સોનું છે એવું સોનું ન થાય. કેમકે એમાં તો એક એક રજકણ જુદો જુદો. સોનાનો રજકણ અને પત્થરનો રજકણ એવી રીતે મિશ્રિત છે. એવી સ્થિતિ નથી થતી. એમ.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ આ રીતે ..

પૂજ્ય ભાઈશ્રી :- તો પૂરેપૂરો દૃષ્ટાંત સિદ્ધાંતમાં નથી ઘટી શકે એવો. કોઈ Point ઘટાવી શકીએ એ બીજી વાત છે. આખે આખો દૃષ્ટાંત સિદ્ધાંતમાં નથી બેસતો. કારણ કે એ સંયોગિક પદાર્થ છે. સોનું છે એ તત્ત્વ નથી. અનેક રજકણોનો સંયોગિક પદાર્થ છે. એટલે શું છે કે સોનામાંથી પાછી વિષ્ટા થાય છે. આ સુવર્ણભસ્મ. લ્યો! એ પાછા ક્યાં જાય એનો શું મેળ છે એ રજકણોનો? પાછા જમીનમાં જાય. એટલે સીધે સીધું સોનામાંથી ખાણમાં નથી જતું. એમ. એ તો પર્યાયાંતર થાય છે. સોનાના રજકણ હમેંશા સોનાના રહે એવું બનતું નથી. અનાજના રજકણ અનાજના રહે એવું બનતું નથી. એમ. વનસ્પતિના રજકણ વનસ્પતિ રહે, પાણીના પાણી રહે, વાયુના વાયુ રહે એવું કાંઈ બનતું નથી. બધા રજકણો તો પર્યાયાંતર થયા જ કરે છે. પણ જડના જડ રહે છે. જડના કદી ચેતન થતા નથી. આ એની મર્યાદા છે. બાકી જડમાં ને જડમાં ગમે તે પ્રકારની પર્યાય ધારણ કરે એને માટે કોઈ નિયમ નથી. ક્યારે એકલો પરમાણુ થાય, ક્યારેક બે પરમાણુનો સ્કંધ થાય, ક્યારેક ત્રણ પરમાણુનો સ્કંધ થાય, ક્યારેક સંખ્યાત્, ક્યારેક અસંખ્યાત અને ક્યારેક અનંત પરમાણુનો

સ્કંધ થાય અને વળી પાછો એકલો છૂટો પડે. એનો કોઈ નિયમ નથી કે કેમ આમ થાય છે. શું કરવા આમ થાય છે? અહેતુક. સત્ અહેતુક છે. એને કોઈ કારણ-બારણ લાગુ પડતું નથી. એમ.

મુમુક્ષુ :- અનાદિ મિથ્યાદષ્ટિ હોય એ સાદિમિથ્યાદષ્ટિ થઈ શકે?

પૂજ્ય ભાઈશ્રી :- અનાદિ મિથ્યાદષ્ટિ હોય એ સમ્યગ્દર્શન થયા પછી પાછો મિથ્યાદષ્ટિ થાય, સમ્યગ્દર્શનને વમી નાખે ત્યારે એને સાદિ મિથ્યાદષ્ટિ કહેવામાં આવે. એમ. જ્યાં સુધી અનંત કાળથી કોઈવાર પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કર્યું હોય તેને અનાદિ મિથ્યાદષ્ટિ કહીએ. એમાંથી કોઈ જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને વળી પાછો મિથ્યાદષ્ટિ થઈ જાય ત્યારે એને સાદી મિથ્યાદષ્ટિ કહીએ. બસ.

આ તો એમાંથી વાત નીકળી કે '**આત્માના આશ્રયે એકાગ્રતા કરતાં કરતાં તેઓ કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે.**' પ્રતિક્ષણે એ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની નજીક ને નજીક જઈ રહ્યા છે. હવે કોઈ પડી જાય છે એ જાણવાનો વિષય છે. એની મુખ્યતા કરવાનો એ વિષય નથી. જ્ઞાન કરવાનો એક અપવાદનો વિષય છે. બાકી પોતાને માટે પડી જવાની વાત ક્યારે પણ વિચારવા જેવી નથી.

'**ઘણી શાન્તિ વેદાય છે.**' '**કેવળજ્ઞાનની સમીપ જઈ રહ્યા છે.**' એટલું જ નહિ પણ મુનિદશામાં '**ઘણી શાન્તિ વેદાય છે.**' અદંત સોહી મુનિ વીતરાગી. એ એક જ સુખી છે, એક જ શાંત છે. કોઈ ઉપાધિ નથી. દુઃખી કોણ છે? કે જેને અનેક પ્રકારની ઉપાધિ વળગેલી છે. એ ઉપાધિમાં ઉપાધિનું દુઃખ છે. જ્યારે મુનિરાજને કોઈ સાંસારિક કાર્યની ઉપાધિ નહિ હોવાથી અને મોક્ષના કાર્યને પણ નિરૂપાધિક સ્વભાવે સાધતા હોવાથી એમની ઘણી શાન્તિ છે. અને આત્મામાં જે સુખ શાન્તિનો .. એ પણ ઘણો વિકાસ પામેલો હોવાથી કોઈપણ બીજા પદાર્થની અપેક્ષા વિના, બીજા પદાર્થના સંયોગ વિના, નૈસર્ગિક રીતે, કુદરતી રીતે આત્મામાંથી શાંતિ એમને પ્રગટ થઈને અનુભવગોચર થાય છે. શાંતિ એ આત્મામાંથી અનુભવ કરવાનો વિષય છે. અન્ય પદાર્થમાંથી અનુભવ કરવાનો વિષય શાંતિ નથી.

'શ્રીમદ્જી' લખે છે કે અનેક પ્રકારના ઇચ્છા મુજબના પદાર્થો પ્રાપ્ત થવા છતાં પણ શાંતિ પ્રગટ ન થઈ, સુખ પ્રગટ ન થયું ત્યારે વિચારવાન પુરુષોએ, એમ કરીને વાત લીધી છે. વિચારવાન પુરુષોને એમ લાગ્યું કે નક્કી કોઈ શાંતિનો માર્ગ, શાંતિનો ઉપાય અને શાંતિનું સ્વરૂપ કોઈ બીજું હોવું જોઈએ. અને તેથી એમણે તે પદાર્થ સિવાય ક્યાં શાંતિ મળે એની શોધ શરૂ કરી. આમ ઘણી વાત લીધી છે.

દાખલા તરીકે પદાર્થ બધા પ્રાપ્ત થયા પછી અથવા સારી રીતે અનુકૂળતા પોતાની

ઈચ્છા પ્રમાણે. સારી રીતે એટલે પોતાની ઈચ્છા પ્રમાણે. પૂરેપૂરી તો કોઈની થતી નથી. તો સીધો એને મૃત્યુનો ભય છે એ એને લાગે છે. કે ઠીક છે અત્યારે આ બધું તો સરખું છે આપણે. આપણી ઈચ્છા પ્રમાણે તો ઠીક છે અને સરખુ છે.

પણ હવે આનું ઓચિંતુ કાંઈક થઈ જાય છે. કોઈકને કાંઈક થઈ જાય છે અને કોઈકને કાંઈક થઈ જાય છે તો આપણો પણ શું ભરોસો? અને ઓચિંતો સામાન્ય રોગ તો ઈચ્છા વગર પણ થતા હોય છે. તો જો ઈચ્છા વગર (થતા) સામાન્ય રોગને ન અટકાવી શકે તો વિશેષ રોગને કોઈ ઈચ્છાથી અટકાવી શકાય છે એ પરિસ્થિતિ તો દેખાતી જ નથી. અને વિજ્ઞાનની દૃષ્ટિએ તો એ પૂર્વકર્મનું ફળ છે. કેવા પૂર્વકર્મ પહેલા પોતે કર્યા છે એની કોઈને ખબર નથી. કેમકે એ યાદદાસ્ત રહેતી નથી કોઈને. અથવા એ વિષય નથી સંસાર પ્રાણીઓનો. કેવળજ્ઞાનનો વિષય છે. એટલે એ ભય એને સતાવે છે કે હવે શું? હવે શું? કેમ થાશે? શું થાશે? એટલે જેટલી પ્રાપ્તિ થઈ છે એનો સંતોષ અને સુખ અનુભવવાને બદલે ઓલા ભયનો અનુભવ ચાલુ થઈ જાય છે. ક્યાં સુખ રહ્યું એને? એને સુખ ક્યાંય મળતું નથી. અને એનું કારણ એને પોતાનું સ્વરૂપ શાશ્વત છે, હું કદી મરતો નથી, હું કાયમ જીવિત પદાર્થ છું, મારી જીવત્વ શક્તિને લઈને અનાદિઅનંત હું જીવતો રહ્યો છું અને જીવતો રહેવાનો છું. કપડું ફાટે તો બદલવામાં હરખ-શોક નથી. તો શરીર જીર્ણ થાય કે વગર જીર્ણ થાય પણ બદલાય જાય એ તો અનિવાર્ય છે. બદલાય જાય તો એનો હરખ-શોક હોવો જોઈએ નહિ. એટલી એની સમજણની જો તૈયારી હોય તો એને મૃત્યુ પર્યંતનો ભય ન રહે. જેને મૃત્યુનો ભય ન હોય એને બીજા સંયોગ-વિયોગનો ભય થવાનો પ્રશ્ન રહેતો નથી.

એટલે 'ગુરુદેવશ્રી' જ્યારે પ્રવચન કરતા ત્યારે એમ કહેતા કે જેને શાશ્વત સુખી થવું હોય એના માટે આ વાત છે. જેને સુખી થવું હોય. સુખી થવું હોય એટલે? આ બહારમાં અનુકૂળતાઓ મળે એ નહિ. જેને ખરેખર સુખી થવું હોય, સાચું સુખ જેને જોઈતું હોય એના માટે આ વાત છે. એમ કહેતા. અમે જે વાત કરીએ છીએ એ ફક્ત એના માટે છે. કે ગમે તે હાલતમાં, બહારની પરિસ્થિતિ તો કોઈ કાબુની પરિસ્થિતિ નથી. મોટા મોટા રાજાઓ હોય એ રંક થઈ જાય છે. કરોડપતિ ભિખારી થયેલા નજરે જોવામાં આવે છે અને સામાન્ય માણસ બહુ ઊંચી પાયરીએ આવે છે. તો પૂર્વકર્મના જે પુણ્ય-પાપના ખેલ છે એ તો કોઈની ઈચ્છાને આધીન નથી. એ કુદરતી વસ્તુ વ્યવસ્થા છે. તો એમાં જે સુખ-દુઃખ જીવ અનુભવી રહ્યો છે અને ચિંતામાં અને ઉપાધિમાં ઘેરાયેલો છે એથી મુક્ત થવા માટે કોઈ સમજણ ખરી?

એનું કોઈ જ્ઞાન-વિજ્ઞાન ખરું? હા. છે.

જો પદાર્થ અથવા જડ-ચેતનનું યથાર્થ સ્વરૂપ સમજવામાં આવે, જે રીતે એનું વિજ્ઞાન છે એ રીતે, તો અનંત કાળથી જે સુખ માટેનો Problem છે એ સમાધાન થાય છે, એનું Solution મળે છે અહીંથી. અને જીવને શાશ્વત શાંતિ પ્રગટ કરી શકે એવો માર્ગ-એવો ઉપાય એને હાથમાં આવે છે.

મુમુક્ષુ :- આમ તો .. છે એ ... ખરેખર તો વર્તમાનનો ભોગવટો નથી કરતા પણ ભવિષ્યકાળની ચિંતામાં ને ચિંતામાં અને ભવિષ્યમાં જ ભવિષ્યમાં જ લંબાયા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મોટે ભાગે દરેક મનુષ્યપ્રાણીનું પોતાના અનુભવથી જો વિચાર કરવામાં આવે તો બધાય ભવિષ્યની ચિંતા પાછળ ઉપાધિગ્રસ્ત છે. વર્તમાનમાં જેટલું જેને પ્રાપ્ત હોય એટલું દરેકના પૂર્વકર્મ અનુસાર ગમે તે સ્તર હોય, કોઈ હજારપતિ હોય, કોઈ લખપતિ હોય, કોઈ કરોડપતિ હોય. જે હોય તે. સામાન્ય કે વિશેષ દરેક સ્તરના માણસ ભવિષ્યની ચિંતાથી એટલા બધા ગ્રસ્ત છે, પકડાયેલા છે કે એ ઉપાધિ ને ઉપાધિમાં જીવન પૂરું કરી નાખે છે.

મારા આત્મા માટે મારી શાશ્વત શાંતિનો ઉપાય હું સમજી લઉં, એની રીત હું ગ્રહણ કરી લઉ અને એ માર્ગે હું આગળ વધું તો મારું કાયમને માટે સુખ છે એનું સાધન થઈ જાય, એનો ભાગ્યે જ વિચાર કરવાનો અવકાશ મળે છે કે સમય મળે છે. કોઈને મળે છે તો એની અંદર જેટલો પુરુષાર્થ એને કરવો જોઈએ એટલો પુરુષાર્થ કરતા નથી. આવી રીતે આમ ને આમ જીવનો સંસાર ચાલુ રહે છે અને દુઃખથી મુક્ત થઈ શકતો નથી.

મુમુક્ષુ :- .... વર્તમાનમાં છે. વર્તમાનનો ભોગવટો નથી કરી શકતો કારણ કે આગળની .. મેળવવામાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચિંતામાં જ છે.

મુમુક્ષુ :- છતાં એ પોતે વર્તમાનમાં એની પાસે છે એનો ભોગવટો નથી કરતો અને આગામી મેળવવાની મહેનત કરે છે એટલે એને કાંઈ ભોગવટો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ચિંતાગ્રસ્ત છે. ભવિષ્યની ચિંતમાં એટલો રોકાયેલો છે કે વર્તમાન છે એનો ભોગવટાનો પ્રશ્ન ખલાસ થઈ જાય છે. એટલે મળવા છતાં સુખી નથી થતા એનું કારણ ઈ જ છે. એ તો એમ જ છે. એમ જ થાય, બીજું થાય નહિ એમાં. કેમકે કાલનો જો વિચાર ન કરે તો માણસને એમ ગણે કે આ તો ટૂંકી દૃષ્ટિવાળો છે. આવતીકાલનો વિચાર કરતો નથી. આવતીકાલનો વિચાર કરવો

જ જોઈએ. તો આજે પ્રાપ્ત થયું એ ભોગવવું? કે આવતી કાલની ચિંતા કરવી? બે તો એકસાથે થવાનું નથી. શું કરવું?

આવા બધા અનેક પ્રશ્નો ઉત્પન્ન થવાથી જે લોકો ઘણા વિચારવાન હતા, વિવેકવાન હતા એણે એમ કહ્યું કે જો તું કાલનો જ વિચાર કરવાનો હોય તો ત્યારપછીનો પણ એક કાળ છે. ત્યાર પછીની પણ એક કાલ છે. એક જ કાલ નથી. કેટલી કાલનો તારે વિચાર કરવો છે? તું શાશ્વત છો. હવે જો તને દીર્ઘ દૃષ્ટિ પ્રગટી હોય તો તું શાશ્વત શાંતિ અને શાશ્વત સુખનો વિચાર કર. તો તું દીર્ઘ દૃષ્ટિવાળો છો. ૧૦૦-૫૦ વર્ષનો જ જો તું વિચાર કરતો હોય તો અમે તને વિચારવાન નથી ગણતા, ટૂંકી દૃષ્ટિનો જીવ ગણીએ છીએ. એમ વાત છે.

મુનિરાજને '**ઘણી શાન્તિ વેદાય છે. કષાયો ઘણા મંદ પડી ગયા છે.**' ત્રણ કષાયનો તો અભાવ થઈ ગયો છે. ત્રણ કષાય તો નાશ પામ્યા છે. અનંતાનુબંધી, પ્રત્યાખ્યાનવરણી અને અપ્રત્યાખ્યાનવરણીના ચારે ચાર કષાય, ચાર તેરીને બાર કષાયનો નાશ કર્યો છે. સંજ્વલન કષાયનો ઉદય મંદ ભાવે વર્તે છે. એટલે જે કષાયો મંદ પડી ગયા છે એમાં સંજ્વલનના કષાયો લેવા. બાકીના ત્રણ કષાયો લેવા નહિ. '**કદાચિત્ કાંઈક ૠદ્ધિ-ચમત્કાર પણ પ્રગટતાં જાય છે;...**' એટલી બધી નિર્મળતા છે અને એટલી બધી કષાયની મંદતા છે કે અનેક મુનિઓને, અનેક પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ પ્રગટે છે જેને ચમત્કાર લોકો કહે છે એ બધું પુણ્યનું ફળ છે.

એવા અલ્પ અનુભાગથી, અલ્પ સ્થિતિ, અનુભાગથી જે પુણ્ય બંધાઈ ગયા હોય એ પાછા એની સ્થિતિ અલ્પ હોય એટલે પાછા ઉદયમાં આવે, જોરથી આવી જાય. એટલે એમાં ચમત્કારોની રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થઈ જાય છે ઘણાં મુનિઓને. કે જેની હવા લાગેને, એમને ત્યાંથી આમ વાયરો આ બાજુ આવે અડીને ત્યાં અહીં રોગ ચાલ્યો જાય.

મુમુક્ષુ :- એવા ૠદ્ધિધારી હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ ચોસઠ ૠદ્ધિધારીનું પૂજન આવે છે ને? પૂજા આવે છે. એમાં એવી એવી ૠદ્ધિ હોય. એનો પડછાયો પડે ત્યાં રોગ ચાલ્યા જાય. કેવા? કોઢ જેવા રોગ હોય, કેન્સર જેવા રોગ હોય. ગમે તેવા રોગ હોય. એકદમ શરીરના પરમાણુ પલટી જાય.

એવી '**ૠદ્ધિ-ચમત્કાર પણ પ્રગટતાં જાય છે; પણ તેમનું તે પ્રત્યે દુર્લક્ષ છે.**' વિશિષ્ટતા આ છે. ૠદ્ધિ-સિદ્ધિ પ્રગટે એની વિશિષ્ટતા નથી. પણ વીતરાગી મુનિની વિશિષ્ટતા એ છે કે એમનું એ પ્રત્યે દુર્લક્ષ છે. ધ્યાન દેતા નથી. કેટલાકને તો ખબર

પણ હોતી નથી. જ્ઞાન-ધ્યાનમાં અથવા પરિપૂર્ણ પરમાનંદના કેવળજ્ઞાનના પુરુષાર્થની પાછળ એટલા પડેલા છે કે ૠદ્ધિ-સિદ્ધિ પ્રગટી ગઈ છે એ એમને ખબર પણ હોય નહિ. બીજા કોઈ મનઃપર્યય જ્ઞાની હોય, બીજા કોઈ અવધિજ્ઞાની હોય એ એને એમ કહે, કે મહારાજ! તમારી પાસે તો આટલી બધી ૠદ્ધિ-સિદ્ધિ છે. તો કહે એમ? હા. હશે હવે. એ કચરાનું મારે કાંઈ કામ નથી.

ઘરમાં કોઈ એમ કહે કે તમારા ઘરમાં આ ઓરડામાં આટલો કચરો પડ્યો છે. કહે છે તો કાઢી નાખશું આપણે. કચરો પડ્યો છે ને તો એને સાવરણથી વાળી નાખશું. એમ મુનિરાજને ત્રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થાય છે એ કચરો છે, રાગનું ફળ છે, એ પુણ્યનું ફળ છે. એની કાંઈ જરૂર નથી. અમારે કેવળજ્ઞાન જોઈએ છે. અમારે ૠદ્ધિ-સિદ્ધિ જોતી નથી. અને ૠદ્ધિ-સિદ્ધિનો પ્રયોગ કરે તો મુનિદશા રહે નહિ. થઈ જાય એમના નિમિત્તે તો જુદી વાત છે. પણ પોતે જો વિકલ્પ કરે તો મુનિદશાથી ચ્યુત થઈ જાય. એટલો રાગ મુનિદશાની અંદર કરવા યોગ્ય નથી. કરે તો મુનિપદ રહેતું નથી. એમ છે. એ સારી રીતે પોતે સમજે છે અને સમજે છે એટલે એના પ્રત્યે દુર્લક્ષ કરે છે. સમજીને દુર્લક્ષ કરે છે એમ ને એમ દુર્લક્ષ કરતા નથી.

શું એમાં સમજણ છે? કે '**અમારે આ ચમત્કાર નથી જોઈતા. અમારે તો પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે.**' આ પુદ્ગલના ચમત્કાર, જડના ચમત્કાર અમારે જોઈતા નથી. અમારે ચૈતન્યનો ચમત્કાર જોઈએ છે. આવો માર્ગ છે. જિનમાર્ગની અંદર કેવા પ્રકારના પરિણામ હોય છે? જે ૠદ્ધિ-સિદ્ધિમાં બીજા જીવો આસક્ત થઈને લપસી જાય છે અથવા તીવ્રપણે જડ પ્રત્યેના મોહને વિશેષપણે વધારી દે છે એ ચમત્કારનું અધ્યાત્મદૃષ્ટિએ મોક્ષમાર્ગમાં શું સ્થાન છે એ અહીંથી સમજવા મળે છે.

જેવી ૠદ્ધિ-સિદ્ધિ અને ચમત્કાર વીતરાગી મુનિઓને પ્રગટ થાય એવી તો મિથ્યાદૃષ્ટિને એટલી હદે તો કોઈને થાય જ નહિ. તેમ છતાં એના પ્રત્યે દુર્લક્ષ હોય છે એ એમની Superem position છે એની. એ એક વિશિષ્ટ-સર્વોત્કૃષ્ટ Position છે. અને એ જે એમને જોઈએ છે ચૈતન્યચમત્કાર એનું સાધન છે એ જ્ઞાન-ધ્યાન છે. એ સમાધિમાં પોતે રહેવા માગે છે અને ત્યાંથી એ એનું ફળ લેવા માગે છે. એ વિષય થોડો લીધો છે. ટાઈમ થઈ ગયો છે....

## તા. ૨૭-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૯૦, ૩૯૧
## પ્રવચન નં. ૩૦૭

'બહેનશ્રીના વચનામૃત'. મુનિદશામાં ચૈતન્યની સાધના સાધતા સાધતા અનેક પ્રકારની ઋદ્ધિ, ચમત્કારિક ઋદ્ધિ પ્રગટ થાય છે. તોપણ ચૈતન્યઋદ્ધિ બહુ મોટી છે. જ્યારે પુદ્ગલની ઋદ્ધિનું કોઈ મૂલ્ય નથી. અથવા કોઈપણ ઋદ્ધિ પ્રગટ થાય તો તે આત્મા માટે આત્માની કામની ચીજ નથી એવી સમજણથી ... પુદ્ગલની ઋદ્ધિ-સિદ્ધિ એ આત્માને કોઈ કામમાં આવે એવી ચીજ નથી. ન તો એનાથી આત્માને સુખ થાય છે કે ન તો એનાથી આત્માના કોઈપણ પ્રકારના કાર્યો થઈ શકે છે. એથી તે આત્માને માટે નકામી ચીજ છે. ભ્રમણાથી ભૂલથી જીવો તેના તરફ આકર્ષાય છે તે દર્શનમોહને, તીવ્ર દર્શનમોહના બંધનને પામે છે. એવી સ્પષ્ટ સમજણ હોવાથી અને એ સમજણની સ્થિરતા પણ હોવાથી તેમને દુર્લક્ષ છે કે અમારે આ ચમત્કારો જોઈતા નથી. '**અમારે તો પૂર્ણ ચૈતન્યચમત્કાર જોઈએ છે.**'

પોતાનું જે પરિપૂર્ણ ચમત્કારી આશ્ચર્યકારી દ્રવ્ય છે એમાં સ્થિર રહેવું છે. જોઈએ છે એટલે એનાથી દૂર ભાવમાં જવું નથી. અમારા પરિણામ અમારા સ્વરૂપથી જ વળગેલા રહે, સ્વરૂપ સાથે જ વળગેલા રહે, એમાં જ અમને તૃપ્તિ છે, એમાં જ અમને સુખ-શાંતિ છે. એ સિવાય અમને કોઈ ઉપાધિ જોઈએ નહિ.

'**તેના સાધનરૂપે,...**' એટલે પૂર્ણતા પ્રાપ્ત કરવા અર્થે. '**તેના સાધનરૂપે, એવું ધ્યાન-એવી નિર્વિકલ્પતા...**' એવું ધ્યાન એટલે એવી નિર્વિકલ્પતા અથવા '**એવી સમાધિ જોઈએ છે કે જેના પરિણામે અસંખ્ય પ્રદેશે દરેક ગુણ તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય,...**' ધ્યાન છે એ કારણ છે અથવા પુરુષાર્થના કારણે ધ્યાન જામે અને ધ્યાનની એકાગ્રતાને કારણે ચારિત્રગુણ ઉપરાંત પુરુષાર્થને લીધે અનંત ગુણો, સમગ્ર ગુણોનું પરિણમન સ્વરૂપને એકાગ્ર થાય છે, સ્વરૂપને વિષે લીન થાય છે અને સ્વરૂપના આશ્રયે અથવા સ્વરૂપની સેવાને લીધે સર્વ ગુણોનો વિકાસ થાય છે. એવું ધ્યાન, એવી એકાગ્રતા કે જેના કારણે, એને પરિણામે એટલે જેના કારણે જીવના '**અસંખ્ય પ્રદેશે...**' એટલે સર્વ પ્રદેશે. અત્યારે કેટલાક પ્રદેશમાં ક્ષયોપશમ છે એમ નથી. આંખથી જોઈ શકે, કાનથી જોઈ શકે નહિ. કાનથી સાંભળી શકે, આંખથી સાંભળી શકે નહિ. એમ સર્વ પ્રદેશે, અસંખ્ય પ્રદેશે.

'**દરેક ગુણ...**' જ્ઞાનાદિ સર્વ ગુણો. દરેક ગુણ એટલે સર્વ ગુણો '**તેની પરિપૂર્ણ પર્યાયે પ્રગટ થાય,...**' નિર્વિકલ્પ ધ્યાન અને સમાધિના લીધે સર્વ ગુણો પૂરેપૂરા શુદ્ધ અથવા આવરણ વિનાના નિરાવરણ ભાવે સર્વ પ્રદેશથી પ્રગટ થાય અને '**ચૈતન્યનો પૂર્ણ વિલાસ પ્રગટે.**' આ ચૈતન્યનો વૈભવ વિલાસ છે. જગતમાં અનેક રાસરચીલું હોય. ભોગ ઉપભોગના નિમિત્તો હોય તો એને ભૌતિક વિલાસ કહેવામાં આવે છે. અહીંયાં ચૈતન્યનો અનુભવ છે, અનંત ગુણોનો ચૈતન્યનો અનુભવ છે, પૂર્ણ ચૈતન્યનો અનુભવ છે એવો વિલાસ પ્રગટે.

'**આ ભાવનાને...**' ઉપર કહ્યું, આવી મુનિરાજે ભાવના વર્તે છે. '**આ ભાવનાને આત્મામાં અત્યંત લીનતા વડે મુનિરાજ સફળ કરે છે.**' આવી ભાવના પોતાની સ્વરૂપના લીનતાના પુરુષાર્થ દ્વારા મુનિરાજ એને સફળ કરે છે. બહુ અલ્પ કાળમાં, બહુ થોડા કાળમાં એ પૂર્ણ દશાને પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત કરે જ કરે. કોઈની સાધના અધૂરી રહી જાય એવું બનતું નથી. તદ્‌ભવ પૂરતી અધૂરી રહી જાય તો એની કોઈ ગણતરી નથી. ભવની ગણતરી તો ભવ પૂરતો જેણે પોતાને માન્યો છે એને મુખ્ય થાય છે. જેણે પોતાને દરેક ભવમાં સળંગ માન્યો છે એને કોઈ ભવની ગણતરી નથી. આ ભવમાં થાય કે એની પછીના ભવમાં થાય એની સાથે કાંઈ બહુ લેવા-દેવા નથી. એ તો સળંગપણે પોતાની આરાધનમાં, સાધનામાં લાગેલા જ રહે છે. જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી પોતાના પ્રયત્નને છોડવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષયોપશમની શક્તિ વધારે છે. ક્ષયોપશમ પર્યાયની, જ્ઞાનની ક્ષયોપશમ પર્યાયની તે પ્રકારની શક્તિ વિશેષ ઉઘડેલી હોય છે. ઉઘાડ એનો વધારે હોય. એટલું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાન સળંગ હોવા છતાં આવરણની દિશામાં...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સળંગ છે એ તો સ્વભાવે કરીને, શક્તિએ કરીને સળંગ છે. પણ ઉઘાડની બાબતમાં ખંડ ખંડ છે. સળંગ નથી. એટલે ખંડ ખંડ જ્ઞાનને શું કહ્યું છે? ખંડ ખંડ જ્ઞાન કહ્યું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પોતાની અપેક્ષાએ પણ. જે પર્યાય છે એ પોતે ખંડિત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્યપણે. વિશેષપણે એવું નથી. વિશેષપણે કોઈ ઇન્દ્રિયનું જ્ઞાન ઓછું, કોઈ વધારે સાંભળે, કોઈ ઓછું સાંભળી શકે, કોઈ વધારે ચોખ્ખું જોઈ શકે, કોઈ ઝાંખું જોઈ શકે. એમ. કોઈને કોઈ વિષયની અંદર વધારે સૂઝ પડે, કોઈને સૂઝ ન પડે. મહેનત કરે તોપણ સૂઝ ન પડે. એમ ઇન્દ્રિય જ્ઞાનની અંદર એવું પાંગળાપણું છે. કોઈને યાદ રહે, કોઈ ભૂલી જાય, કોઈને યાદ ન રહે. મતિજ્ઞાન છે. બધામાં એવું છે. એકધારું એ રીતે કામ નથી કરતું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પરલક્ષી. પરના આશ્રયે તે જ્ઞાન છે. પરાશ્રિત જ્ઞાન છે અને એની અંદર ઘણી ખામીઓ છે, ઘણી એની અંદર નિર્બળતા છે અને તેથી કરીને એનો ભરોસો કરવા જેવો નથી. એનો આશ્રય કરવા જેવો નથી, એનો વિશ્વાસ કરવા જેવો નથી, ભરોસો કરવા જેવો નથી. એક માણસ વર્ષો સુધી ભણે પણ પાંચ વર્ષ બીજા કામમાં લાગી જાય તો બધું ભણેલું મોટાભાગનું ભૂલી જાય. બને છે કે નહિ?

કેટલાક માણસો ડોક્ટરનું ભણે છે. વર્ષો સુધી. અને વ્યવસાયમાં ક્યાંક બીજે લાગી જાય. પછી Practice શરૂ કરવી હોય તો ન કરી શકે. એટલે ઘણું જ્ઞાન વિસ્મૃત થઈ જાય છે. એવું ક્ષયોપશમ જ્ઞાન ઘણું કમજોર, અશક્ત અને પાંગળુ છે. એવા ભિન્ન ભિન્ન વિષયના ઇન્દ્રિયોમાં પણ ઇન્દ્રિય જ્ઞાનની અંદર જ્ઞાન ઘણું હીણું છે, ક્ષયોપશમ જ્ઞાન છે એ ઘણું હીણું છે. કેમકે એને આવરણ અને નિરાવરપણાની અપેક્ષા લાગે છે. એટલા માટે. કોઈને વધુ આવરણ, કોઈને ઓછું આવરણ. એક જ જીવને એક બાજુનું ઓછું આવરણ, બીજી બાજુનુ વધારે આવરણ.

જેમ માણસ નથી કહેતા? કે, આને પુણ્યનો ઉદય તો ઘણો છે. પણ તબિયત નરમગરમ રહે છે. બધી વ્યવસ્થા હોવા છતાં પોતે બધું ખાઈ શકતો નથી. .. ખાઈ શકે નહિ, સારી ચીજો ખાઈ શકે નહિ, પચાવી શકે નહિ. બને છે કે નહિ? તો એકંદર પુણ્યનો ઉદય જોવામાં આવે તો મકાન છે, પૈસા છે, બીજું છે, ત્રીજું છે. અમુક જગ્યાએ પાપનો ઉદય હોય. પૂરો પુણ્યનો ઉદય કોઈને હોતો નથી એમ કહેવાય. સ્વભાવ પૂરો વ્યક્ત થઈ શકે. પણ વિભાવ છે એ મર્યાદિત છે અને વિભાવનું ફળ પણ મર્યાદિત છે. જો વિભાવ અમર્યાદિત હોય તો એનો અભાવ ન થઈ શકે. જો વિભાવ મર્યાદિત હોય તો એનું ફળ મર્યાદિત જ હોય. એમ. એ મર્યાદાની અંદર અસંખ્ય ભેદો પડે છે. ૩૯૦ થયો.

**અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધાં છે અને પોતે બહાર રખડ્યા કરે છે. જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે, બધું બહારથી શોધે છે. પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.**

**જ્ઞાનીએ ચૈતન્યમેહલના તાળાં ખોલી નાખ્યા છે. અંદરમાં જ્ઞાન-આનંદ આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, અને થોડી ભોગવીને, તેને પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઈ ગઈ છે. ૩૯૧.**

૩૯૧. અજ્ઞાની અને જ્ઞાની સંબંધી સામે સામો કેવો ફરક છે એ અહીંયાં મિંઢવણી કરી છે. '**અજ્ઞાનીએ અનાદિ કાળથી અનંત જ્ઞાન-આનંદાદિ સમૃદ્ધિથી ભરેલા નિજ ચૈતન્યમહેલને તાળાં મારી દીધા છે...**' પહેલા Paragraphમાં અજ્ઞાનીની વાત લીધી છે. એની સામે કહેશે કે જ્ઞાનીએ ચૈતન્યમહેલના તાળા ખોલી નાખ્યા. સામે સામું લઈ લીધું છે. '**અજ્ઞાનીએ અનાદિ કાળથી...**' પોતાનો જે અનંત જ્ઞાન અને આનંદનો ભંડાર છે એવી ચૈતન્યની અનંતી સમૃદ્ધિ છે, એ સમૃદ્ધિથી ભરેલો ચૈતન્યનો મહેલ છે, અનંતી સમૃદ્ધિથી ભરેલો આ ચૈતન્યનો મહેલ છે એને અજ્ઞાનનું તાળું માર્યું છે. અજ્ઞાનનું તાળું એવું માર્યું છે કે એ અજ્ઞાન ખોલવાની ચાવી એને જડતી નથી. ચાવી ખોઈ નાખી. તાળુ મારીને ચાવી ખોઈ નાખી. અનંત કાળ સુધી એમ ને એમ ચૈતન્ય મહેલમાં જે રહેલી સમૃદ્ધિ છે એ પોતે ભોગવ્યા વિના એમ ને એમ રહી જાય છે, એમ ને એમ રહેલી છે.

એની સામે જ્ઞાનીએ ચૈતન્ય મહેલના તાળા ખોલી નાખ્યા છે. ભેદજ્ઞાનની ચાવી છે અથવા સમ્યગ્જ્ઞાનની ચાવી છે. એનાથી એણે પોતે અંતર્મુખ થવાની વિધિ પ્રાપ્ત કરી છે અને પોતાના સ્વરૂપની અંદર ચૈતન્યમહેલમાં એણે પ્રવેશ કરી લીધો અને પોતાની ચૈતન્ય સમૃદ્ધિનો અનુભવ કરે છે, ભોગવે છે. એ તાળા ખોલી નાખ્યા છે.

અજ્ઞાનીએ તાળા માર્યા છે '**અને પોતે બહાર રખડ્યા કરે છે.**' અજ્ઞાનનું તાળું માર્યું છે અને પોતે બહાર ભમે છે. બહાર એટલા માટે ભમે છે કે અહીંથી સુખ લઉં અને અહીંથી સુખ લઉં. સૂવામાં સુખ લઉં એમ થાય છે. થાકે ત્યારે એમ કહે છે કે નહિ, હવે બેસવામાં સુખ લઉં. બેસીને થાકે ત્યારે કહે સૂવામાં સુખ લઉં. ખાવામાં સુખ લઉં. ખાતા ખાતા એમ કહે છે કે હવે ખાવાનું બંધ કરીને સુખ લઉં. નહિતર દુઃખી થઈશ. ખાતા ખાતા પાછો દુઃખી થઈશ. એમ દરેક પ્રકારે બહારના કોઈપણ પરિણામમાં પોતે ભાવે પરિભ્રમણ કરે છે, ભાવે રખડપટ્ટી કરે છે. પછી

દ્રવ્યે પણ રખડપટ્ટી કરે છે.

**'જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે, બધું બહારથી શોધે છે.'** એને જે કાંઈ જોઈએ એ બહાર ક્યાં મળશે? પહેલી નજર ત્યાં દોડાવે છે. એવી બહિર્દૃષ્ટિ થઈ ગઈ છે કે જે કાંઈ પોતાને જોઈએ તો બહારમાં દુનિયામાં ક્યાં મળશે એની શોધ કરે. મારું જ્ઞાન પુસ્તકથી મળશે, મારું જ્ઞાન પર્યટનો કરવાથી મળશે, મારું જ્ઞાન ઘણું સાંભળવાથી મળશે, ઘણું જોવાથી મળશે. કેટલા કેટલા પ્રકારે જ્ઞાનના સાધનો બહારમાં ને બહારમાં શોધે છે. એટલે એમ કહ્યું કે જ્ઞાન બહારથી શોધે છે. જ્ઞાન તો જ્ઞાનના ભંડારમાંથી આવે છે. પણ શોધે છે બહારમાં. એને એ ખબર નથી કે મારામાં અનંત જ્ઞાનનું સામર્થ્ય-શક્તિ છે એની વ્યક્તિ થાય, શક્તિની વ્યક્તિ થાય તો એમાંથી જ્ઞાનનો અખૂટ પ્રવાહ એવો ઉત્પન્ન થાય કે કેવળજ્ઞાન પર્યંત એનો વિકાસ થાય. સાદિઅનંત કાળ પર્યંત એ કેવળજ્ઞાન રહે. અને જ્ઞાન મેળવવા માટે, જ્ઞાન માટે એને ક્યાંય કેવળજ્ઞાન વખતે પણ બહાર જવું પડે નહિ. અંદરથી ને અંદરથી પ્રગટે. 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન.' એવું જ્ઞાન છે.

મુમુક્ષુ :- ઊંધુ ઘૂંટાય ગયું છે, આ બહારથી આવે.. બહારથી આવે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન પૂછ્યો છે. 'સોગાનીજી'ને એક મુમુક્ષુએ પ્રશ્ન પૂછ્યો છે કે આ જ્ઞાન ક્યાંથી થાય છે? જ્ઞાન અને પુરુષાર્થ બંનેનો પ્રશ્ન સાથે છે. જ્ઞાન અપેક્ષાએ સમજવું, સમજાવવું સહેલું પડે છે. એટલે એ વાત...

**'કંઈ પ્રકાર કે પ્રશ્ન લિખે હૈં. જિન સંબંધિત યોગ્યતાનુસાર સંક્ષિપ્ત ખુલાસા લિખતા હૂં.'** હવે જ્ઞાનનો પહેલો પ્રશ્ન છે. પ્રશ્ન કરનારનો પહેલો પ્રશ્ન જ્ઞાનનો છે. કે જ્ઞાન સ્વદ્રવ્યથી થાય છે? જ્ઞાન પરદ્રવ્યને લીધે થાય છે? કે એક સમયની જ્ઞાનની જે ક્ષણિક યોગ્યતા છે એને લઈને જ્ઞાન થાય છે? આવો એક પ્રશ્ન છે. પ્રશ્નકારનો પ્રશ્ન આવો છે. પરદ્રવ્યને લઈને જેમ સાંભળવાથી જ્ઞાન થાય, વાંચવાથી જ્ઞાન થાય, કે સ્વદ્રવ્યથી જ્ઞાન થાય? કે જ્ઞાનની ક્ષણિક યોગ્યતા છે એને લઈને જ્ઞાન થયું? એવો એક પ્રશ્ન છે. પ્રશ્ન આમાં નથી પણ પ્રશ્ન એવો છે.

ઉત્તર આપે છે કે **'સ્વદ્રવ્યસે પરસે અથવા ક્ષણિક યોગ્યતા, 'જ્ઞાન'...'** એનાથી જ્ઞાન થાય છે. **''જ્ઞાન' સર્વસમાધાનોં કા ભંડાર...'** ક્યાંથી થાય છે? **'ત્રિકાલી ચૈતન્યદ્રવ્ય વર્તમાન મેં હી હૂં.' 'સર્વ સમાધાનોંકા ભંડાર ત્રિકાળી ચૈતન્ય દ્રવ્ય વર્તમાનમેં હી હૂં; ઈસમે દૃષ્ટિ અભેદ હોતે હી પ્રશ્નરૂપ વિકલ્પકી, વિકલ્પાંશ સે જુદી સ્વઆશ્રિત સહજ જાનનક્રિયા હોતી હૈ, વહ ક્રિયા સ્વયં હી સમાધાનરૂપ હૈ. જિસમેં પ્રશ્ન લમ્બાનેકા અભિપ્રાય નહીં રહતા.'** પ્રશ્નકારે એમ પ્રશ્ન કર્યો કે એક માણસને પ્રશ્ન ઉઠ્યો. એ

પ્રશ્ન ઉઠે છે ત્યારે એ પ્રશ્ન પૂછે છે. એનો ઉત્તર મળે છે અને એને સમાધાન થાય છે.

કોઈવાર એવું બને છે કે સમવસરણની અંદર પ્રશ્ન ઉઠે અને દિવ્યધ્વનિમાં એનું સમાધાન આવે. તોપણ પાછો એ જ વિષયમાં પ્રશ્ન કોઈનો લંબાય. પોતાનો પ્રશ્ન ઉઠ્યો હોય એનું સમાધાન આવે તોપણ બરાબર ન સમજાય એટલે એનો પ્રશ્ન એ બાબતમાં લંબાય જાય. તો વળી એને ભાવ આવે કે આ પ્રશ્નનું મને સમાધાન બરાબર નથી થતું. એટલે પ્રશ્ન લંબાવે છે. પોતાનો પ્રશ્ન એ લંબાવે છે. છદ્મસ્થ જીવ તો હજી પ્રશ્નકારનો પ્રશ્ન ન સમજી શકે. તેથી પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે ભળતો ઉત્તર આવે એવું સંભવિત છે. ત્યાં તો પ્રશ્નકાર એમ કહે કે મારે એમ નથી પૂછવું પણ મારે તો આમ પૂછવું છે. આપે જવાબ આપ્યો એવું મારે નથી પૂછવું. મારે કાંઈક બીજું પૂછવું છે. એમ કરીને પ્રશ્ન લંબાવે. પણ કેવળજ્ઞાની પાસે તો એવું કાંઈ અજાણ્યું રહેતું નથી કે પ્રશ્નકારનો પ્રશ્ન કેવળજ્ઞાનમાં સમજાય નહિ અને ઉત્તર કાંઈક અન્યથા આવે. અન્ય પ્રકારે ઉત્તર આવે એવું તો બને નહિ. છતાં પ્રશ્નકારની જ્ઞાનની યોગ્યતા એવી હોય કે એ સમજે નહિ. અને વળી પોતાનો પ્રશ્ન લંબાઈ જાય. તો પાછું એનું સમાધાન એને મળે.

અહીંયાં પ્રશ્નકાર એમ પ્રશ્ન કરે છે કે આવું બનવાનું કારણ એની યોગ્યતા છે ને? ક્ષણિક યોગ્યતા હોવી જોઈએ. કેમ? કે આ તો જ્ઞાનીને પણ આવા પ્રશ્નો ઊઠે છે. મુનિઓને પણ સમવસરણમાં પ્રશ્ન ઊઠે છે. તો પછી જ્ઞાન થાય છે ક્યાંથી આ? દિવ્યધ્વનિમાંથી જ્ઞાન થયું? સરવાળે સાંભળતા સાંભળતા સમાધાન થયું તો દિવ્યધ્વનિમાંથી જ્ઞાન થયું? કે એની યોગ્યતા પાકી માટે એને સમાધાન થયું? કે અંદર જ્ઞાનમાંથી જ્ઞાન થયું? આ જ્ઞાન શેમાંથી થયું? આવો એક પ્રશ્ન છે. પ્રશ્ન જો બરાબર ન સમજાય તો આનો ઉત્તર નથી સમજાય એવો. એટલે પ્રશ્નને સ્પષ્ટ કરવો પડે એવો છે. કારણ કે આ વિષયમાં આ પત્ર માટે તો ઘણા યુવાનો પૂછવા આવેલા છે. ભાઈ! અહીંયાં શું કહે છે આ? અમને કાંઈ સમજાતું નથી. આ કહેવા શું માગે છે? પણ આ ચર્ચાઓ થઈ ગયેલી છે. મૂળ જે પ્રશ્નનો પત્ર છે એ પણ મેં વાંચેલો અને ઉત્તરનો પત્ર પણ એવી રીતે વાંચેલો છે. એનો ઉત્તર આપ્યો છે.

જ્ઞાન તો સર્વ સમાધાનોનું ભંડાર જે ત્રિકાળી ચૈતન્યદ્રવ્ય વર્તમાનમાં જ હું છું એ જે દૃષ્ટિ અભેદ થઈ. પ્રશ્ન જ્ઞાનનો ન કહ્યો. ઉત્તર જ્ઞાનનો ન આપ્યો પહેલા. આ પ્રકારે જેની દૃષ્ટિ સ્વસ્વરૂપને વિષે અભેદ થઈ ત્યારે એ દૃષ્ટિ અભેદ થતાં શું થયું પ્રશ્ન પૂછનારની દશામાં? કે પ્રશ્નરૂપ જે વિકલ્પ ઊઠ્યો એને, ઉઠ્યો છે. અહીંયાં પ્રશ્ન પૂછનાર સમ્યક્‌જ્ઞાની લીધો છે. પ્રશ્નકાર શું લીધો છે? પ્રશ્ન પૂછનાર સમ્યગ્જ્ઞાની

છે કે જેની દૃષ્ટિ આત્મામાં છે છતાં એને પ્રશ્નનો વિકલ્પ ઉઠ્યો છે અને ભગવાનને પ્રશ્ન કરે છે. ભગવાનને પ્રશ્ન કરે છે એમાં એને જ્ઞાન થયું કે ન થયું? સમાધાન થયું કેવી રીતે? આ પ્રશ્ન પૂછ્યો છે.

એવી અભેદ દૃષ્ટિ થતાં જ '**પ્રશ્નરૂપ વિકલ્પની, વિકલ્પાંશથી જુદી, સ્વઆશ્રિત સહજ જાનનક્રિયા...**' એમ લીધું. જેની દૃષ્ટિ આત્મામાં છે એને પ્રશ્નરૂપ વિકલ્પથી ભેદજ્ઞાન વર્તે છે. તમામ વિકલ્પથી ભેદજ્ઞાન વર્તે છે, બધા જ રાગાંશથી એને ભેદજ્ઞાન વર્તે છે. તો આ જે વિકલ્પનો રાગ થયો એનાથી પણ એને ભેદજ્ઞાન વર્તે છે. અને એ ભેદજ્ઞાનને અહીંયાં '**સહજ જાનનક્રિયા...**' કીધી છે. આત્માની, આત્મા વિષેની જે જ્ઞાન પરિણતિ, જ્ઞાનધારા એને સહજ જાણનક્રિયા કીધી છે. એવી સહજ જાનનક્રિયા થાય છે.

'**વહ ક્રિયા સ્વયં હી સમાધાનરૂપ હૈ.**' એક ન્યાયે તો આ પ્રશ્ન પૂછનારને એ ક્રિયા પોતે જ સમાધાનરૂપ છે. સર્વાંગ સમાધાનરૂપ છે. અને તેથી કરીને એવા પરિણમનને લીધે '**જિસમેં પ્રશ્ન લમ્બાનેકા અભિપ્રાય નહીં રહતા.**' એટલે એમ કહે છે કે જ્ઞાનીને કે મુનિને જો સમવસરણમાં પ્રશ્ન ઊઠે છે તો એની મર્યાદા છે. પ્રશ્ન ચાલ્યો છે એની મર્યાદા છે, પ્રશ્ન લંબાયો છે એની મર્યાદા છે કે એ પ્રશ્ન લંબાવાનો એને અભિપ્રાય નથી. અથવા પ્રશ્ન પૂછીને જાણી લઉં એવો પણ એને અભિપ્રાય નથી. .. દૃષ્ટિએ ઉત્તર છે. ....

ગુજરાતી ભાષામાં .. તકલીફ થાતી હતી. .. એવી છે કે પ્રશ્ન શું છે એ ખ્યાલમાં ન હોય. કેમકે આમાં પ્રશ્ન તો લખ્યો નથી. એટલે ઉત્તરની વાક્ય રચના એવી છે કે એનો Reference મળે નહિ. સામે Context જેની સાથે હોય એ તો છે નહિ. એટલે તકલીફ પડતી હતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે પહેલા તો એમ લેવું કે પ્રશ્ન ઈઠ્યો હોય તોપણ સાધકદશામાં અશક્તિને લીધે જે રાગની યોગ્યતા રહી ગઈ છે, રાગદશા રહી ગઈ છે, આંશિક રાગદશા હોવાને લીધે વિકલ્પ ઉઠ્યો છે. તોપણ એનાથી જ્ઞાનક્રિયા જુદી વર્તે છે અને એને લઈને એને સમાધાન છે. પોતાના આત્માને જે જ્ઞાન વળગ્યું એમાં સમાધાન છે. કેમકે આત્મા સર્વાંગ સમાધાનનો ભંડાર છે અને સમ્યગ્જ્ઞાનમાં એનું સમાધાન છે.

એટલે પ્રયોજનભૂત વિષયમાં જ્ઞાનીને પ્રશ્ન ઉઠતો નથી. કેમકે એને તો પ્રયોજન સિદ્ધ થઈ ગયું છે. પ્રયોજનને સાધી રહ્યા છે. પ્રયોજન જો સમજાણું જ ન હોય

તો એને પ્રયોજનભૂત ક્રિયા સાધન તરીકે હોય નહિ અને એને સાધ્યની સિદ્ધિ થવાની પ્રક્રિયા ચાલતી ન હોય. પણ એ તો એને ચાલે છે. એટલે પ્રયોજનભૂત વિષયનો ... બીજા કેટલાક જે જાણવાના અપ્રયોજનભૂત વિષય છે. રાગવાળી દશા હોવાને લીધે વિકલ્પ ઉઠે છે. જ્યારે વિકલ્પ ઉઠે છે ત્યારે પણ એને ભેદજ્ઞાન વર્તે છે. એમાં સમાધાન છે. પ્રશ્ન લંબાવાનો અભિપ્રાય નથી. કેમ? ઉત્તરથી જ્ઞાન થશે એવો પણ અભિપ્રાય એમાં નથી.

'**યથાર્થ ઉક્ત દૃષ્ટિ પશ્ચાત્ યોગ્યતાકા વાસ્તવિક ભાવ સમજ મેં આતા હૈ.**' તમે કીધું કે યોગ્યતાથી જ્ઞાન થાય. ક્ષણિક પર્યાયની યોગ્યતાથી જ્ઞાન થાય. એમ શાસ્ત્રમાં પણ આવે છે. શાસ્ત્રમાં આના બે જવાબ આવે છે. એક ત્રીજો જવાબ ન આવે. પરથી જ્ઞાન થાય છે એવું ક્યારે કોઈ શાસ્ત્રની અંદર આવે નહિ અને આવે તો તે સત્શાસ્ત્ર નથી. હવે કોઈવાર એમ શાસ્ત્રમાં આવે કે જ્ઞાન તો જ્ઞાન ભંડારમાંથી આવે છે. માટે જ્ઞાનનું કારણ એનો જ્ઞાનભંડાર છે. તો કોઈવાર એમ પણ એમ આવે કે એની ક્ષણિક યોગ્યતાથી જ્યારે એને સમાધાન થયું તે જ કારણ છે અને તે જ કાર્ય છે. એમ બે રીતે જવાબ આવે. તો બીજો જે જવાબ છે એની સામે એમણે ખુલાસો કર્યો છે કે જે ક્ષણિક યોગ્યતા છે એ ક્ષણિક યોગ્યતાનું સાચું જ્ઞાન ક્યારે? કે ત્રિકાળી જ્ઞાનભંડારનું જ્ઞાન હોય ત્યારે.

'**યથાર્થ ઉક્ત દૃષ્ટિ પશ્ચાત્...**' એટલે કે સ્વરૂપની જે અભેદ દૃષ્ટિ થઈ. પછી '**યોગ્યતાકા વાસ્તવિક ભાવ સમજમેં આતા હૈ. યોગ્યતા સ્વયમ્ સત્ અહેતુક હૈ;..**' યોગ્યતા છે એ સ્વયં સત્ અહેતુક છે. '**જિસકો નિશ્ચયે ન સ્વ દ્રવ્ય કારણ હૈ ન પર.**' આ એક જરા અનોખો વિષય છે. જો એને સ્વદ્રવ્યનું કારણ કહો કે જ્ઞાનભંડારમાંથી જ્ઞાન આવ્યું છે. તો અહીંયાં લાગુ નહિ થાય. કેમકે એક તો પ્રશ્ન કરવાની યોગ્યતા ઊભી થઈ, ત્યાર પછી એને સમાધાનની યોગ્યતા થઈ, તો ત્રિકાળી જ્ઞાનભંડાર તો પરિપૂર્ણ છે. એમાં એવી ક્યાં યોગ્યતા છે કે પ્રશ્ન ઉઠે અને ઉત્તર મળે. એમાં કોઈ અધૂરા જ્ઞાનની યોગ્યતા નથી. અથવા ત્રિકાળી જે ગુણ છે એમાં તો પૂર્ણતા પ્રગટે એવો એનો સ્વભાવ છે. અથવા એક જ્ઞાનગુણ લઈએ તો એમાં સર્વજ્ઞતાનો સ્વભાવ છે. એમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ એનો સ્વભાવ નથી. એટલે અધ્યાત્મ શાસ્ત્રમાં એને વિભાવગુણપર્યાયમાં નાખ્યા છે. કુમતિ, કુશ્રુત, કુઅવધિ તો વિભાવ છે જ. એ તો વિભાવ જ્ઞાનમાં નાખ્યા છે. પણ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય સુધીના જ્ઞાનને વિભાવગુણપર્યાયમાં લીધા છે નિયમસારની અંદર.

કેવળજ્ઞાન છે એવો ગુણ છે, એવો સ્વભાવ છે. કેવળજ્ઞાન પ્રગટ થયું એવો જ ગુણ અંદર પૂરેપૂરો ... થાય તો આવો છે. એ એનું મૂળ સ્વરૂપ છે. એટલે અધૂરું જ્ઞાન એ સ્વદ્રવ્યને કારણે નથી. કેમકે કારણ હોય તો જેવો સ્વભાવ હોય એવી જ એની પર્યાય હોય. તો સ્વભાવ જેવી પર્યાય નથી. માટે ન તો સ્વદ્રવ્ય કારણ છે. પરદ્રવ્યનું કારણ હોવાનો તો પ્રશ્ન જ નથી. કેમકે પરદ્રવ્યની સાથે તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કોઈપણ જાતનો કારણ-કાર્ય સંબંધ રહેતો નથી.

'**યોગ્યતા સ્વયમ્ સત્ અહેતુક હૈ;...**' એમ જવાબ એવો .. છે કે તે તે સમયની યોગ્યતા દ્વારા. એને કારણે એને સમાધાન થયું. એ તત્ સમયની યોગ્યતા. નહિતર ગમે એટલો ઉત્તર મળે તોપણ ન સમજે ઈ ન જ સમજે. કેવળજ્ઞાની સમજાવે તોપણ ન સમજે. કેમ ન સમજે? કે એની સમજવાની યોગ્યતા નથી. કેમ યોગ્યતા નથી? અહેતુક, સત્ અહેતુક છે. '**યોગ્યતા સ્વયમ્ સત્ અહેતુક હૈ; જિસકો નિશ્ચયમેં ન સ્વદ્રવ્ય કારણ હે ન પર. યહ અપરિણામી દ્રવ્યષ્ટિ...**' જે એને દૃષ્ટિ પ્રગટ થઈ છે એ અપરિણામીની જે દ્રવ્યદૃષ્ટિ છે એ '**સમય-સમય કી યોગ્યતા મેં ફેરફાર કી બુદ્ધિ નહી રખતી...**' આ યોગ્યતા હું ફેરવી નાખું, એની વધારે યોગ્યતા પ્રાપ્ત કરું. એવી ફેરફારની બુદ્ધિ દ્રવ્યદૃષ્ટિમાં હોતી નથી.

'**વ યોગ્યતા ભી દૃષ્ટિ કે અભેદ વિષય કી ઓર સમયે-સમયે વૃદ્ધિગત ઉન્મુખ હોતે-હોતે પૂર્ણ સમાધાનરૂપ અભેદ હો જાયેગી,...**' એને પોતાની યોગ્યતાનો શું ખ્યાલ છે? કે આ જે વર્તમાન યોગ્યતા છે એ પણ દૃષ્ટિનો જે અભેદ વિષય છે, તેના પ્રત્યે સમયે સમયે Automatically સહજપણે વૃદ્ધિગત થઈ રહી છે. કે એની સન્મુખ થતા થતા એ પૂર્ણ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરશે. જે અધૂરાશ છે, જ્ઞાનની યોગ્યતા એવી છે કે જે અધૂરાશ છે એ પણ સહજ જાણનક્રિયા જે સ્વરૂપની સાથેની છે, સ્વરૂપાશ્રિત જે સહજ જાણનક્રિયા છે એને કારણે એ વિકસિત થઈને કેવળજ્ઞાન થવાનું છે. આવી પ્રતીતિ સાધકને વર્તે છે. '**ઐસી નિઃશંક પ્રતીતિ ઈસ દૃષ્ટિ મેં ગર્ભિત હૈ.**' વિકલ્પ ઉઠાવવાની, વિચાર કરવાની .... એવી નિઃશંક પ્રતીતિ વર્તે છે કેવળજ્ઞાન પ્રત્યેની.

હવે ત્રીજા Paragraphમાં એમણે પ્રશ્ન ખોલ્યો છે, કે '**મુનિરાજ, આચાર્ય ભગવાન કે પાસ સમાધાન હેતુ જાતે હૈં;...**' કોઈ મુનિ છે એ પોતાના ગુરુ જે આચાર્ય છે એની પાસે સમાધાન માટે જાય છે. '**ઉસ સમય ભી પ્રશ્ન-વિકલ્પ સે છિટકી હુઈ જાનનક્રિયા ઉનકો વર્તતી રહતી હૈ.**' મુનિરાજને તો એ પ્રશ્ન-વિકલ્પથી ભિન્ન છટકેલી, જુદી પડી ગયેલી એ જાણનક્રિયા એમને વર્તે જ છે. '**પરંતુ કચાસરૂપ અશક્તિ**

**કે કારણ પ્રશ્ન-વિકલ્પ ક્ષણિક લમ્બાને સે પ્રશ્ન-ક્રિયા હોતી હૈ. સમાધાન બાહ્ય સે હોગા હી...**' સમાધાન ગુરુ પાસેથી થશે જ '**અથવા હોના હી ચાહિયે, ઐસા અભિપ્રાય મુનિશ્રી કે પ્રશ્ન-વિકલ્પ સમય નહીં વર્તતા.**' અને એ એવો વિકલ્પ નથી, એવું અજ્ઞાન નથી એમને કે આ મને મારા ગુરુ છે એ સમાધાન કરી જ દેશે અને કરવું જ જોઈએ અને થવું જ જોઈએ. એ એને છે નહિ. એવી રીતે શ્રદ્ધા-જ્ઞાનના પર્યાયો સ્વતંત્ર અહેતુક છે. પર્યાયો...

અહીંયાં તો અજ્ઞાની જીવ જ્ઞાન બહારથી શોધે છે. એને એમ થાય છે કે હું પ્રશ્ન પૂછું અને ઉત્તર મેળવીને મારું સમાધાન કરું. એ સમજણ પણ બરાબર નથી. આમ કહેવું છે. ઠીક! એટલે તો ઘણાં જ્ઞાનીઓની વાણી મૌનપણું ભજે છે. 'શ્રીમદ્જી' એમ લખે છે કે તમારો પત્ર મળ્યો પણ કેટલાક કારણોસર પરમાર્થ વિષયમાં પણ અમારી વાણી મૌનપણાને ભજે છે. એટલે અત્યારે ઉત્તર લખી શકીએ એવી અમારી સ્થિતિ નથી. આમાં લખવું શું? કાંઈ લખવાથી સામાને સમજાય જાશે એ તો અમારો અભિપ્રાય નથી. બસ! એનું જોર આવે છે એટલે એને ઉત્તર દેવાનું મન નથી થતું. આપણું કામ અંદરમાં કર્યા કરો. સ્વરૂપાશ્રિત જે પરિણતિ વર્તે છે એમાં વિશેષતા આવે એ એક જ મને તો મારા માટે હિતકર છે અને હું મારા કાર્યમાં લાગેલો રહું. એ છોડીને આ બીજી વાતચીતમાં ક્યાં પડવું. મુમુક્ષુઓને પણ પારમાર્થિક વિષય પત્રવ્યવહારની અંદર પ્રશ્નોના ઉત્તર ઘણાંને નથી આપ્યા. આવડો મોટો ગ્રંથ થયો છે તોય ઘણાને નથી લખ્યા ત્યારે. નહિતર તો કોને ખબર કેટલું લખાણ થાત. આટલું Volume છે એનું. તોપણ કેટલાકને ઉત્તર (નથી લખ્યા). સંખ્યાબંધ માણસોને એમ લખે છે. અને એ પણ ઉત્તર કોઈને લખે છે તો પંદર-પંદર દિવસ, મહિના-મહિનાના કાગળ પડ્યા રહ્યા છે. કોઈ વખત તો લખવા બેસે ને છોડી દ્યે. વૃત્તિ કામ કરતી નથી. તોપણ આટલું Volume થયું છે. લખ્યું હોત તો કેટલું થાત!

'**જ્ઞાન બહારથી શોધે છે, આનંદ બહારથી શોધે છે, બધું બહારથી શોધે છે. પોતે ભગવાન હોવા છતાં ભિક્ષા માગ્યા કરે છે.**' પ્રભુ ભિક્ષાર્થે ભમંત. તન મંદિરમાં દેવ રે, જન દેરે દેખાય છે. દેરાસરમાં દેખે છે. 'હાસ્ય મને દેખાય આ, પ્રભુ ભિક્ષાર્થે ભમંત.' ભગવાન 'યોગીન્દ્રાચાર્ય' 'યોગીન્દ્રદેવ' 'યોગસાર'માં આ વાત કરે છે. તારો આત્મા તારો પરમાત્મા ચૈતન્યદેવ નિજ દેહ-મંદિરમાં બિરાજે છે. એના સામું જોવાનો પ્રયત્ન નહિ તારો. પ્રયાસ તો હોવો જોઈએ ને? દેખાય તો ત્યારે કે પ્રયાસ હોય ત્યારે. પણ જેને દેખવાનો પ્રયાસ જ ન હોય એ કે દિ દેખે? કે અનંત કાળે ન દેખે. ભલે ને અનંત કાળ પર્યંત દેવ મંદિરમાં જાય.

ખરેખર તો ભગવાનની પ્રતિમા જોઈને ત્યાંથી એને અંદર જવાનો પ્રયાસ તે જ કાળે કરવાની જરૂર છે કે આવું બરાબર સ્વરૂપ મારું છે. જેવા ભગવાન સ્વરૂપ લીનતામાં બિરાજે છે એવું જ બરાબર મારું સ્વરૂપ છે. એને સીધું સ્મરણમાં લેવા માટે અથવા પોતાના સ્વરૂપની સીધી જ સાવધાની આવે એટલા માટે એનું આયોજન છે. નહિતર તો એ એમ કહે કે તો પછી આ બધું ફાલતું શું કરવા કરવું જોઈએ? પણ નીચેની ભૂમિકામાં એવી યોગ્યતા હોય છે કે સ્વરૂપ સ્મરણ એનાથી આવે અને પોતાના સ્વભાવને સંભાળે. એ નિમિત્તે. અને સંભાળે તો નિમિત્ત, નહિતર નિમિત્ત નહિ. આમ વાત છે. નિમિત્ત-ઉપાદાનનો આ સંજોગ છે. એના બદલે સ્વરૂપ પ્રત્યે તો કાંઈ પ્રયાસ કરે નહિ અને એકલા દર્શન-પૂજન કરે તો એણે એ કાર્ય અયોગ્ય રીતે કર્યું છે, યોગ્ય રીતે કર્યું નથી.

'સોગાનીજી' આવા વિષયમાં બહુ કડક ઉત્તર આપે છે કે જેમ કોઈ બીજા જીવને પુણ્યનો ઉદય હોય અને અનેક પ્રકારના બાહ્ય ભોગ-ઉપભોગના સાધનોની સામગ્રી એકઠી થાય સંયોગમાં, કે જેની પ્રાપ્તિ થતાં તે પ્રત્યેના તીવ્ર રસથી જીવ વિશેષ પાપને બાંધે છે. શું કરે છે? પુણ્યના ઉદયમાં સંસારી જીવ પાપને બાંધે છે. ત્યારે મિથ્યાદષ્ટિ જીવ દેવ-ગુરુ-શાસ્ત્રનો પુણ્યનો યોગ એને થયો અને સમ્યગ્દર્શન આદિ ધર્મની પ્રાપ્તિ ન કરે તો આ મને મળ્યા અને આ મને લાભનું કારણ થાશે, આ મને કાંઈક લાભ કરશે, આની પૂજા કરીશ તો લાભ થશે, આની ભક્તિ કરીશ તો લાભ થશે, આ મંદિર બંધાવીશ તો લાભ થશે. એ ત્યાંથી લાભ થશે એવા મિથ્યાત્વના પાપને બાંધે છે. જાણ્યે-અજાણ્યે. બેયના પાપમાં આનું પાપ મોટું લીધું. આવું છે.

અહીંયાં તો લાચારી કરે છે કે જ્ઞાન બહારથી મળે, સુખ બહારથી મળે, આનંદ બહારથી મળે એ એની દીનતા અને પામરતા છે. કેમકે અંદરમાં ભૂલ છે એની એને ખબર નથી. ચૈતન્યની સમૃદ્ધિ એ વિષયથી અજાણ છે.

જ્યારે '**જ્ઞાનીએ ચૈતન્યમહેલનાં તાળાં ખોલી નાખ્યા છે. અંદરમાં જ્ઞાન-આનંદ આદિની અખૂટ સમૃદ્ધિ દેખીને, અને થોડી ભોગવીને, તેને પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઈ ગઈ છે.**' કેવી વાત લખી છે! વર્તમાન પરિસ્થિતિ છે એનો સંદર્ભ મૂક્યો છે કે એમણે જોયું શું? કે મારામાં તો મારી સંપત્તિ પૂરી ભરી છે. જેને પોતાની સંપત્તિનો ખ્યાલ છે એને ભોગવવા, નહિ ભોગવવા સંબંધીની કોઈ આકુળતા હોતી નથી. મારી પાસે છે, મારા કબજામાં છે, મારી ચીજ છે. પછી એને ભોગવવા, નહિ ભોગવવા સંબંધીની કોઈને આકુળતા થતી નથી. અને સામાન્ય રીતે જગતમાં પણ કોઈ પોતાની પૂરી સંપત્તિનો ઉપયોગ કરે છે એવું તો બનતું નથી. અરે..!

અધૂરીનો પણ કોઈ ઉપયોગ કરતા નથી. પણ એને તો છે ને બસ. મને છે ને, મારે છે ને. એની એને નિરાંત હોય છે.

એમ અંદરમાં જ્ઞાન, આનંદ આદિની અખૂટ સમૃદ્ધિને દેખીને અને થોડી ભોગવીને. થોડી ભોગવીને એટલે જેટલો પણ પોતાને સ્વરૂપના ગુણોનો વિકાસ થયો છે, આત્મગુણોનો વિકાસ થયો છે એટલો અનુભવ છે. આનંદ પણ એટલો પ્રગટ્યો છે, જ્ઞાન પણ એટલું પ્રગટ્યું છે, શ્રદ્ધા પણ પ્રગટી છે. એ રીતે જે તે ગુણો યથાસંભવ પ્રગટ થયા છે. એટલો એને અનુભવ છે એને એ ભોગવટો કહે છે. એટલે **'એને થોડી ભોગવીને, તેને પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત થઈ ગઈ છે.'** અપૂર્વ તૃપ્તિ થઈ છે એમ કહે છે. નિરાંત થઈ છે એટલે અપૂર્વ તૃપ્તિ થઈ છે કે મારી પાસે મારો પૂરેપૂરો ભંડાર છે અને એમાંથી મારી વર્તમાન શક્તિ અનુસાર એનો ભોગવટો ચાલુ છે. પૂર્ણ દશા પ્રત્યે મારા પરિણામો ગતિમાન છે. અને બરાબર એ ગતિ અલ્પ કાળમાં પૂર્ણ થવા વિષેની ચાલુ થઈ ગઈ છે. એમાં મારે કોઈ પ્રમાદ કરવો નથી કે એમાં કોઈ મારે ઉતાવળ કરવાનો પણ પ્રશ્ન છે નહિ. કહે છે ને? ફેરફાર કરવાની બુદ્ધિ ચાલી ગઈ છે. મારે પરિણામમાં ફેરફાર કરવો એ બુદ્ધિ ખલાસ થાય છે.

પરિપૂર્ણ વસ્તુ શ્રદ્ધાના કબજામાં આવ્યા પછી હવે મારે પરિણામમાં ફેરફાર કરવો છે એ ખલાસ થાય છે. અને એ શ્રદ્ધાના વિષયભૂત સ્વસ્વરૂપ પ્રત્યે પરિણામ એવા લાગેલા રહે છે, એવા એટલે એવા પ્રકારથી લાગેલા રહે છે કે જેને લઈને એને એની પોતાની નિઃશંક પ્રતીતિ પોતાને પૂર્ણ દશાની એને ભાનમાં હોય છે. મારી પૂર્ણ દશા હવે અલ્પ કાળમાં છે અને મારા પરિણામ છે એ જે રીતે કાર્ય કરે છે એ રીતે કાર્ય કરી રહ્યા છે. એમાં ફેરફાર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

હવે કોઈને અહીંયાં પ્રશ્ન થાય કે આગલા બોલમાં આવ્યું કે મુનિરાજને ભાવના થાય છે. ક્યારે આમ થાય... કયારે આમ થાય. તો કહે છે, બેય વાત હોય છે. જ્યાં અધૂરાશ છે, ત્યાં કચાશ છે, કચાશ છે ત્યાં ખટાશ છે. કેરી કાચી હોય ત્યાં ખટાશ હોય. જેટલી કાચી એટલી ખાટી. તો એમાંથી એવો વિકલ્પ પણ ઊઠે. સહજ પુરુષાર્થ હોય તોપણ વિકલ્પ ઊઠે છે. અને વિકલ્પ ઊઠે છે તોપણ અભિપ્રાય એમ કામ કરે છે કે મારું સ્વરૂપ પૂર્ણ છે અને મારી જે પરિપૂર્ણ દશા છે એ અલ્પ કાળમાં નિશ્ચિત છે. એનો સ્વકાળ છે. ફેરફાર કરવાનો કોઈ પ્રશ્ન નથી. છતાં પોતાને જે વિષયની રુચિ છે, પ્રીતિ છે, પ્રેમ છે. વિકલ્પની દશા હોવાથી ઉઠ્યા વગર રહેતો નથી. વિકલ્પનો નિષેધ વર્તે છે. વિકલ્પનો આદર વર્તતો નથી.

એવી કોઈ અટપટી દશા જોઈને ઘણાને પરસ્પર વિરૂદ્ધતા લાગે છે. પણ એવી

જરા પણ વિરૂદ્ધતા નથી. એક બાજુ એમ કહે છે કે પૂર્વે કદી નહોતી અનુભવી એવી નિરાંત એટલે તૃપ્તિ થઈ ગઈ છે. બીજી બાજુ એમ કહે છે કે મુનિરાજ હોય તોપણ, આ ધીમી ધારે અમૃત મળે છે એ અમને પોસાતુ નથી. પૂર્ણતાની રુચિ છે. તો અમને એ પોસાતુ નથી. અમને એ ગમતું નથી. અમારે તો પૂર્ણ, અત્યારે જ પૂર્ણ જોઈએ છે. એવી ભાવના આવે છે.

સમ્યક્ પ્રકારે તૃપ્તિ હોવા છતાં અતૃપ્તિ પણ છે. અતૃપ્તિ અજ્ઞાનીને થાય એવી અતૃપ્તિ નથી. છતાં પણ અપૂર્વ તૃપ્તિ થયેલી છે અને અતૃપ્તિ છે. અતૃપ્તિ મર્યાદિત છે, તૃપ્તિ એની અમર્યાદિત છે. એમ જે-તે દશામાં જે પ્રકારે એવા મિશ્ર ભાવો હોય છે એ પરસ્પર વિરુદ્ધ દેખાય એવા હોય છે. એને યથાયોગ્ય સમજવા જોઈએ. નહિતર એમાં એમ લાગે કે આમાં ઘડીક આમ કહે છે, ઘડીક આમ કહે છે. હવે આપણે શું કરવું? કે આપણે શું કરવું કે પ્રથમ ઓળખાણ કર. સર્વ સમાધાનોના ભંડાર સ્વરૂપની પહેલા ઓળખાણ કર. ઓળખાણ કરતા તને શું કરવું અને શું ન કરવું એ બધું સમજાય જશે. અને ઓળખાણ કર્યા પહેલા તું કાંઈક કરવા જઈશ તો તારું કાંઈપણ કર્તવ્યના ક્ષેત્રમાં તારું એક ડગલું પણ સાચું નહિ હોય, સમજણવાળું નહિ હોય. ગેરસમજણવાળુ હશે. એનો કોઈ અર્થ રહેતો નથી.

**તા. ૨૮-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૯૨**
**પ્રવચન નં. ૩૦૮**

**એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય. તે ચૈતન્ય તો તારી પાસે જ છે. તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતા કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ? જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્‌ગલને પહોંચાડે છે, જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ. તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે. તો પછી તને ડર શાનો? સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર, ભય છોડી દે. ૩૯૨.**

૩૯૨. પાનું-૧૪૭. આત્મસ્વરૂપનો મહિમા આ બોલમાં છે. '**એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે.**' સારા વિશ્વમાં સર્વોત્કૃષ્ટપણે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પોતાનું નિજ ચૈતન્યતત્ત્વ છે. ઉત્કૃષ્ટ છે અને આશ્ચર્ય ઉત્પન્ન થાય એવું છે. આશ્ચર્યકારી છે એટલે આશ્ચર્ય ઉત્પન્ન કરાવે એવું છે. સર્વોત્કૃષ્ટ હોવાને લીધે એનાથી વિશેષ મુખ્યતા ક્યાંય પણ થવી યોગ્ય નથી એમ લેવું છે. જીવ દોષ ત્યારે કરે કે જ્યારે એ પોતાના ચૈતન્ય સ્વરૂપથી, પોતાના સ્વરૂપથી અન્ય દ્રવ્યને કે અન્ય ભાવને અધિકતા આપે છે ત્યારે. અથવા તો જીવ સ્વરૂપ સન્મુખ થઈ શકતો નથી, સ્વરૂપમાં લીન થઈ શકતો નથી તેનું કારણ પણ એ છે કે એ પોતાના સ્વરૂપ કરતા બીજા દ્રવ્ય-ભાવને અધિકાઈ આપે છે. અને ત્યાં પોતાનું સ્વરૂપ સર્વોત્કૃષ્ટ ન રહ્યું. બીજા પાસે પોતે નીચો રહ્યો. અન્ય દ્રવ્ય અને અન્ય ભાવ પાસે પોતે નીચે રહ્યો. એને ઊંચું સ્થાન આપ્યું.

જો પોતાના સ્વરૂપને સર્વોત્કૃષ્ટપણે સ્વીકારવામાં આવે, ગ્રહણ કરવામાં આવે તો તે સ્વરૂપ પ્રત્યે પરિણામ લાગ્યા રહે. સહજે સ્વરૂપ પ્રત્યે તે પરિણામ લાગ્યા રહે અને અન્ય દ્રવ્ય, અન્ય ભાવ, અન્ય પ્રસંગો, કર્મ પ્રસંગો જેને કહેવામાં આવે છે. દરેક પ્રસંગો છે એ કર્મ પ્રસંગો છે. કર્મ પ્રસંગો એટલે કર્મના ઉદયથી રચાયેલા, કર્મના ઉદયને લઈને ગોઠવાયેલા એવા પ્રસંગોને કર્મ પ્રસંગો, કર્મજનિત પ્રસંગો કહેવામાં આવે છે. એને જીવ અધિકાઈ આપે છે ત્યારે એ પોતાના સ્વરૂપને ખોવે છે અથવા તો

પોતાના સ્વરૂપથી એ દૂર જાય છે. એને અધિકતા આપતા.

પોતાને અધિકતા આપે તો સહેજે કર્મ પ્રસંગને અથવા અન્ય દ્રવ્ય-ભાવ એમાં સહેજે ગૌણ થાય છે. સાધકદશામાં મુખ્ય ગૌણ એવી જે પરિણામની સ્થિતિ છે એ સ્થિતિમાં આ પ્રકારે પોતાના સ્વરૂપની મુખ્યતા અને અન્ય સર્વ ગૌણ રહેવું જોઈએ. જો પોતાના સ્વરૂપની અધિકતા ન રહે તો સ્વરૂપ છે એ ગૌણ થઈ જાય અને બાકીનું બધું મુખ્ય થઈ જાય. અથવા ગૌણ થાય ત્યારે એવું થાય કે બીજું બધું સર્વસ્વ થઈ જાય અને આત્મા આખેઆખો ચૂકાઈ જાય. આખેઆખો ભૂલાય જાય. એમ અધ્યાત્મના વિષયમાં પોતાના પરમેશ્વરપદનો અનાદર કરે. ચારિત્ર અપેક્ષાએ તે અનાચરણ છે, અનાદર છે, અસત્કાર છે, જ્ઞાન અપેક્ષાએ તે અજ્ઞાન છે અને શ્રદ્ધા અપેક્ષાએ તે મિથ્યાત્વ અથવા મિથ્યાશ્રદ્ધાન છે, વિપરીત શ્રદ્ધાન છે. અને એ જ સંસાર છે. એ જ સંસાર છે એટલે સંસારમાં જન્મ-મરણનો એ જ હેતુ છે. બીજું કોઈ કારણ નથી. અનંત ભવનું બીજ એ છે.

'**એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે.**' એટલે એનો જ મહિમા, એની જ મુખ્યતા. જેને પોતાનું સ્વરૂપ ઉત્કૃષ્ટ અને આશ્ચર્યકારી ભાસ્યમાન થાય એને પોતાના જ સ્વરૂપનો મહિમા રહે એથી અધિક મહિમા કોઈ ચીજનો આવે નહિ. હવે એ વાત કરે છે કે '**વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી...**' વિશ્વની અંદર એવો કોઈ વૈભવ નથી, એવી કોઈ વિભૂતિ નથી, એવી કોઈ ચીજ નથી કે જે આ ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય. દર્શાવી શકાય એવું નથી, સાબિત કરી શકાય એવું નથી કે આ ચૈતન્યતત્ત્વથી કોઈ ચીજ ઊંચી હોય. નિજ ચૈતન્યતત્ત્વથી કોઈ ચીજ ઊંચી હોય એવી જગતમાં કોઈ ચીજ નથી, કોઈ વૈભવ નથી, કોઈ વિભૂતિ નથી.

મુમુક્ષુ :- લાવો કોઈ હોય તો.

પૂજ્ય ભાઈશ્રી :- હોય તો બતાવો.

અનાદિથી સંસાર પરિભ્રમણ કરતાં જીવો પોતાના સ્વરૂપથી અન્ય ચીજને ઊંચી માનીને દુઃખી થયા છે. જગતમાં દુઃખનું મૂળ કારણ શું? કે દુઃખનું મૂળ કારણ એ કે પોતાના ચૈતન્યતત્ત્વથી અધિકપણે એણે બીજી ચીજને માની, બીજી વસ્તુને માની. આ દુઃખનું કારણ છે. બીજું કોઈ દુઃખનું કારણ નથી.

'**વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી...**' એમ. વિભૂતિ એટલે કોઈ વિશિષ્ટ ચીજ નથી. વિશિષ્ટ પર્યાયે પરિણત કોઈ પદાર્થ નથી. એને વિભૂતિ કહે છે. વિભૂતિ શબ્દ બહુ વ્યાપક અર્થમાં વપરાય છે. કોઈ વખત કોઈ વ્યક્તિ વિશેષ માટે પણ વિભૂતિ શબ્દ વપરાય છે. તો કોઈ વખત કોઈ જડ પદાર્થ-વિશેષ જડ પદાર્થ માટે, વૈભવશાળી

પદાર્થ માટે વિભૂતિ શબ્દનો પ્રયોગ થાય છે. 'ગાંધીજી'ને વિશ્વ વિભૂતિ કહેતા. 'ગુરુદેવ'ને આપણે કહી શકીએ. 'ગુરુદેવ'માં 'ગુરુદેવ' એક આ કાળના વિશ્વની વિભૂતિ થઈ.

અહીં તો કહે છે કે પોતાનું સ્વરૂપ જ ઉત્કૃષ્ટ વિભૂતિ છે. જેમાં અનેક પ્રકારનો વૈભવ હોય તે વિભૂતિ. પછી જડ કે ચૈતન્ય એ તો એક પ્રકરણવશ છે. તો આત્મામાં અનંત ગુણનો વૈભવ હોવાને લીધે પોતે જ સર્વોત્કૃષ્ટ વિભૂતિ છે. એનાથી ઉત્કૃષ્ટ વિભૂતિ આ જગતમાં નથી. પોતે ભગવાનસ્વરૂપ છે, પોતે પરમેશ્વરસ્વરૂપ છે. પરમ ઐશ્વર્ય પોતાના સ્વરૂપમાં ત્રણે કાળે વિદ્યમાન છે, હયાત છે અને એક એક જીવનો વૈભવ અકથનીય, અવર્ણનીય છે. એવી સર્વોત્કૃષ્ટ વિભૂતિ તો પોતે જ છે. એની પાસે કોઈ ચીજ ઊંચી નથી.

'**તે ચૈતન્ય તો તારી પાસે જ છે. તું જ તે છો.**' વેદાંતમાં તો એના માટે એક સૂત્ર છે. 'તત્ત્વં અસિ' તું તે જ છો. તું તે જ છો. તત્ તું તે જ છો. એમ. બીજું કોઈ તું નથી. તું જ તે છો. તારી પાસે છે એમ કહેવા જતાં કાંઈ નજીકમાં છે, સંયોગમાં છે એમ કહેવું નથી. 'શ્રીમદ્જી'એ ગાયું ને? 'યમ, નિયમ, સંયમ આપ કિયો, વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો,...' પછી લીધું કે 'ચતુરાંગુલ હૈ દગસે મિલ હૈ' ચતુરાંગુલ ચાર આંગળ. ચાર આંગળનું છેટુ છે એમ કહેવાનો અર્થ એમ છે કે જરાય છેટુ નથી. ચાર આંગળનું છેટું છે એટલું અંતર પણ બતાવવું છે એમ નથી. પણ જરા પણ છેટું નથી. તું પોતે જ છો એ તો.

આચાર્ય મહારાજ, મુનિરાજો ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે એમ કહે છે કે જગતની અંદર તો ઈશ્વર વિષેની જે કલ્પના છે એ એવી છે અથવા અનેક દેવ-દેવીઓ વિષેની જે કલ્પના છે એ એવી છે કે સંસારમાં સુખ અર્થે અનેક જાતના પદાર્થો એના ભક્તોને આપે છે, અનુકૂળતાઓ કરી દે છે, એના દુઃખ ટાળે છે. સંયોગિક દુઃખ ટાળે છે, સંયોગના સુખ એને આપે છે. તોપણ એનો ભક્ત તો લાચારને લાચાર રહે છે. પણ હે જિનેશ્વર! આપ તો એવું કાંઈ લેતા-દેતા નથી. પણ કોને ખબર આપની ભક્તિ કરતા જાણે આપ અમને આપના સમાન બનાવી દ્યો છો. આપ પરમેશ્વર છો અને અમને પણ પરમેશ્વર બનાવી દ્યો છો અથવા અમારું પરમેશ્વરપદ આપ બતાવો છો. તેથી અમારું અમને ભાન નહોતું કે અમે પરમેશ્વર છીએ એવું અમને ભાન નહોતું એવું ભાન અમને પ્રગટ થાય છે. આપને જોતાં અમારા પરમેશ્વરપદનું ભાન અમને આવે છે. એમ.

અથવા જિનેશ્વરનો ભક્ત સંસારના પદાર્થોની માગણી નથી કરતો. કીજે આપ

સમાન. અમને આપના સમાન બનાવી દ્યો. અમારે કોઈ સાંસારિક પદાર્થો, જગતના પદાર્થો જોઈએ છે, જડ પદાર્થો જોઈએ છે એવી અમારી ભાવના નથી. અમારે તો જેવા આપ થયા પરિપૂર્ણ શુદ્ધ નિરાવરણ નિર્દોષ પરમાત્મા એવી આપના જેવી પવિત્ર દશા અમને પ્રગટ થાય એવી અમારી ભાવના છે અને એ ભાવના આપની દશા જોઈ જોઈને અમે વધારતા જ જઈએ છીએ. આપની દશા જોતા અમારી ભાવના વધે છે. આવી દશા પ્રાપ્ત કરવાની અમારી ભાવના વધે છે. એવો અર્થ કરવામાં આવે છે.

**'તે ચૈતન્ય તો તારી પાસે જ છે. તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ?'** શરીર ઉપર ઉપસર્ગ આવતા એટલે પ્રતિકૂળતાઓ થતાં, અશાતા થતાં, છેદન, ભેદન, તારણ, મારણ અનેક પ્રકારે રોગ, શોક આદિના પ્રસંગો આવતા અને છેવટે શરીર છૂટી જાય, આયુષ્ય પૂરું થાય જેને મૃત્યુ કહે છે. મરણ થાય એવો પ્રસંગ આવે તો તું શા માટે ભયવાન છો? શા માટે ભય પામે છો? તારું તો કાંઈ મૃત્યુ થતું નથી. અજર, અમર, અવિનાશી પદ છો, શાશ્વત પદે બિરાજમાન છો. તારી હયાતીને કોઈ મીટાવી શકે એવું જગતમાં નથી. પછી શરીરના પ્રસંગો શરીરાધીન છે અને શરીરના પ્રસંગો એ તારા પ્રસંગો નહિ હોવાથી, કર્મ પ્રસંગો હોવાને લીધે તારે એમાં મમત્વ કરવા યોગ્ય નથી.

ડર અને ભય તો ત્યાં છે કે જ્યાં મમત્વ છે ત્યાં. એટલે નિર્જરા અધિકારમાં સપ્તભય રહિત લીધું ને. સાતેય પ્રકારના એટલે કે સર્વ પ્રકારના. કારણ કે એ સાતમાંથી બીજા ભય એના પેટામાં આવી જાય છે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનીને કોઈ ભય જ નથી. ભય નામનો શબ્દ અને એ ભાવ બધું એને માટે ખલાસ થઈ ગયું. ખરેખર તો ભય મૃત્યુ પામ્યો છે. પછી મૃત્યુનો ભય એ પ્રશ્ન નથી રહેતો. કેમકે ભય પોતે જ મૃત્યુ પામેલો છે. જ્ઞાનીને તો ભય મરી ગયો છે. તેથી એને કોઈપણ કારણવશ ભય થવાનો પ્રશ્ન નથી.

પોતે અવ્યાબાધ સ્વરૂપે છે. પછી ભય શો? પોતાની શાંતિ, પોતાનું જ્ઞાન, પોતાનું સુખ, પોતાનો આનંદ ભરપૂર ભર્યો છે. બહારની ચીજ સાથે કાંઈ લેવા-દેવા રહી નથી. પછી ભય શો? શોક શો? દુઃખ શું? વિકલ્પ શું? ચિંતા શી? કાંઈ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- નિર્ભય બનાવી દીધા..

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ભય એટલે એવી વાત સમજાવનાર શ્રીગુરુ પ્રત્યે એમ કહેવામાં આવે છે કે આપે તો અમને ન્યાલ કરી દીધા. ન્યાલ કરી દીધા. ખાસ

કરીને શીખોની અંદર એ શબ્દનો વધારે વપરાશ છે. ગુરુનું નામ દઈને જે બોલે સદ્‌ગુરુ તો કહે નિહાલ થઈ જાય, એ નિહાલ થઈ જાય. એ નિહાલ એમ કાંઈક બોલે છે. જો બોલે સો નિહાલ. સદ્‌ગુરુની જય બોલે, જો બોલે સો નિહાલ. નિહાલ થઈ ગયો એમ. મૂળ નીકળ્યું છે આમાંથી બધું.

આવા પરમેશ્વરપદને, શાશ્વતપદને દર્શાવનારા જે ગુરુ મળે છે એના પ્રત્યે એમ કહેવાય છે કે આપે અમને ન્યાલ કર્યા. અમારો ભય કાયમને માટે ચાલ્યો ગયો. ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણ થતું હતું. જે ભયથી ભાવનું મરણ થતું હતું. મૃત્યુતુલ્ય વેદના હતી. એના બદલે પરિણમન મુક્ત થઈ ગયું. ભયથી મુક્ત થયું, દુઃખથી પરિણમન મુક્ત થયું. એને ભાવે મુક્તિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ ન્યાલ કરી દીધા.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. મુક્તિનો માર્ગ દેખાડ્યો, મુક્તિના માર્ગનું રહસ્ય ખુલ્લું કર્યું. જેને નજરમાં આવ્યું, જેને ગ્રહણ થયું, ખરેખર એ નિહાલ થઈ ગયો, એનો ઉદ્ધાર થઈ જાય. સંસાર આખો તરી જાય, અનંત કાળથી નહિ તરાયેલો સંસાર તરી જાય. એથી શું બીજું વિશેષ હોય?

**'તે ચૈતન્ય તો તારી પાસે જ છે. તું જ તે છો.'** તું પોતે જ છો. ઉત્કૃષ્ટ અને આશ્ચર્યકારી ચૈતન્યતત્ત્વ તો તું પોતે જ છો. **'તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ?'** તને ભય શા માટે થવો જોઈએ? જે શરીરનું થાવું હોય તે થાવ. હું માત્ર જ્ઞાતા-દૃષ્ટા છું. ગમે તે પ્રસંગ ઉત્પન્ન હો, હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. અને શાશ્વતપણે જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવે હયાત રહું છું. અનંત શરીરો આવ્યા અને અનંત શરીરો ગયા, હું તો હજી એમને એમ ઊભો છું. હું આવ્યો નથી ને હું ગયો નથી.

**'જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્‌ગલને પહોંચાડે છે,...'** માનો કે કોઈ શરીરને બાધા પહોંચાડે છે તે તો પુદ્‌ગલને પહોંચાડે છે. આત્માને કોઈ બાધા પહોંચાડે છે એવું બની શકતું નથી. અવ્યાબાધ સ્વરૂપને વિષે બાધા પહોંચાડવાનું જગતમાં કોઈ અસ્ત્ર નથી, શસ્ત્ર નથી. કોઈ સાધન નથી, કોઈ વિદ્યા નથી. કાંઈ નથી. આ માણસને કહે છે ને કે એક વિદ્યાથી બીજા ઉપર અસર કરે. આ વશીકરણ અને અનેક જાતની વિદ્યા આવે છે ને. બેભાન બનાવી દે. એ જ્ઞાનીને માટે શક્ય નથી. ઘણા જુઓને ભૂત વળગાડી દે, મંત્ર-તંત્રનું કાંઈક કરી દયે ને. પોતે જો એમ જાણે કોઈ મારા ઉપર કાંઈ કરી શકે એમ નથી. એવી એને જો પોતાને પ્રતીત હોય તો એ પ્રતીતભાવને લીધે કોઈ મંત્ર-તંત્ર એને અસર કરે નહિ. નિમિત્ત નૈમિત્તિક સંબંધ

ન થાય. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધે કેટલીક પ્રક્રિયા બને છે ક્યારે? કે એવું સામે નૈમિત્તિક યોગ્યતાવાળા જીવનું પરિણમન હોય ત્યારે. પણ અહીંયાં તો એ વૃત્તિ ખલાસ થઈ જાય છે. એમાં માનનારા ઘણા એમ કહે છે, આમ થઈ જાય ને તેમ થઈ જાય ને આમ કરી નાખે ને તેમ કરી નાખે. એ વાત આવે ત્યારે હું કહું, ભાઈ, ચાલો કોઈ કરી દે અમને. કાંઈ થઈ શકે એવું નથી. તમારા ઉપર કોઈ કરતું હોય અને બીક લાગતી હોય તો તમે એને કહી દ્યો કે આમને કરી દ્યો મારા બદલે. જાવ. એ વાત સંભવિત નથી. પણ માણસનો જે ભય છે, એ ભય પોતે જ વળગાડ છે.

ખરેખર તો મોટામાં મોટું જે કાંઈ ભૂતડું છે એ તો મિથ્યાત્વનું છે. બીજો પદાર્થ, બીજા પદાર્થનો ભાવ મને અસર કરે એવું જે મિથ્યાત્વનું ભૂતડું છે અને પહેલેથી વળગેલું છે એને. મોટો વળગાડ તો એને છે જ. પછી બીજું નાનું ભૂતડું વળગે છે એને લઈને. આ મોટું ભૂતડું ન હોય તો કોઈ ભૂત વળગી શકતું નથી.

**'જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્ગલને પહોંચાડે છે,...'** શરીર પુદ્ગલને બાધા પહોંચે છે. અને તે પણ ક્યારે? કે અહીંયાં એ પ્રકારનો કર્મોદય હોય ત્યારે. માનો કે કોઈએ મંત્ર-તંત્ર કરીને શરીરને વિષે રોગ કે એવી કાંઈ અશાતા ઉપજાવી. તો જ્ઞાની જાણે છે કે એ મને કાંઈ થયું નથી. આ અશાતા, આ રોગ, આ પ્રકાર મારામાં પ્રવેશ કરતો નથી. કોઈ પૂર્વ કર્મનો ઉદય છે એમાં આ ભાવ નિમિત્ત છે. આનો ભાવ નિમિત્ત છે એવી વાત છે. પણ અહીંયાં પૂર્વકર્મનો ઉદય ન હોય તો બીજા-બીજાને કાંઈ કરી દે એવું બને નહિ. એ નિષ્ફળ જાય.

ઉપસર્ગ તો મહામુનિઓને પણ આવે છે. જંગલમાં પવિત્ર મુનિદશામાં વીતરાગભાવે રહેનારા મુનિઓને પણ ઉપસર્ગ પરિષહ આવે છે. તો એ ઉપસર્ગ આવે છે એમાં પૂર્વકર્મનો ઉદય ખરેખર નિમિત્ત છે. અને એમને એ પ્રતિકૂળતા છે એવી કલ્પના એમને વિષે નથી. 'જાણે પામ્યા પરમ મિત્રનો યોગ જો.' એ આમ સવળું લે છે. પૂર્વ કર્મ છે. સારું થયું. દેણું ચૂકવાઈ જશે અને આપણે હળવા થઈ જશું. દેણા વગરના હળવા થઈ જશું. માટે દેણાનો ભાર રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર ... એ તો નવા કર્મ ક્યારે ન બાંધે? પુરુષાર્થમાં હોય તો. નહિતર તો જીવના પરિણામ બગડ્યા વિના રહે નહિ. બગડને બગડે જ. પ્રતિકૂળતા આવે ત્યારે જીવના પરિણામ બગડે. ક્યારે? કે પુરુષાર્થ ન કરે ત્યારે. પુરુષાર્થ હોય તો બગડવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- સવળું લેવું એ બહુ સરસ વાત આવી ગઈ. એ ગુણ થઈ ગયો ને?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. જોવાનો દષ્ટિકોણ સવળો હોય તો બધું સવળું દેખાય છે. જોવાનો દષ્ટિકોણ અવળો હોય તો અવળું દેખાય છે. સવળું જોવે એ બધું સવળું (લ્યે). ખ્યાલ આવે. કોઈના મલિન ભાવનો, મલિન આશયનો ખ્યાલ આવે. ખ્યાલ આવી શકવા યોગ્ય છે. પણ છતાં એને બહુ મહત્ત્વ દેવું એવું ખરેખર ન હોવું જોઈએ. મહત્ત્વ એને પોતાને પોતામાં દેવું. પોતાને મહત્ત્વ દેવું. બીજાને મહત્ત્વ ન દેવું પણ પોતાને મહત્ત્વ દેવું. જેટલી ગડબડ થાય છે એ બીજાને મહત્ત્વ દેતા થાય છે. આ એક સિદ્ધાંત છે. કે જેટલું બીજાને મહત્ત્વ આપો એટલી મુશ્કેલી વધારે.

મુમુક્ષુ :- ઉપસર્ગ વખતે પોતે પોતાને મહત્ત્વ આપ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને મહત્ત્વ આપ્યું. પોતાના પુરુષાર્થમાં રહ્યો, પોતાના મહિમામાં રહ્યો તે જીતી ગયો. એને જૈન કહ્યો. અને જો પોતે ઉપસર્ગને દૂર કરવા પ્રયત્ન કરે તો પોતે હારી ગયો.

શ્વેતાંબરના એક આચાર્ય સાથે ચર્ચા થઈ હતી. ભગવાનને એમ કે આહાર-પાણીનો તેરમા ગુણસ્થાને પ્રકાર હોય છે. એમાં વિચારભેદ છે. તો એના માટે કોઈ શાસ્ત્ર આધાર છે? એમ પૂછ્યું. તો કહે, હા. 'ઉમાસ્વામી'ના સૂત્રમાં આવે છે 'તત્ત્વાર્થસૂત્ર'માં. કે એકાદશે જિને. એટલે તેરમા ગુણસ્થાને અગિયાર પરિષહ હોય છે. એકાદશ એટલે અગિયાર. બાવીસ પરિષહમાંથી અગિયાર હોય અને અગિયાર ન હોય એમ એનો અર્થ છે. તો એ પરિષહને વશ ક્ષુધા-તૃષાનો જે પરિષહ પડે એટલે જિનેશ્વરને પણ આહાર-પાણી હોય.

મેં કહ્યું, તમે એવો અર્થ કરતા હશો. તો એને જિન કેમ કહો છો? જિતે તે જિન છે. અમે બીજો અર્થ કરીએ છીએ. સૂત્ર તો તમને પણ માન્ય છે અને અમને પણ માન્ય છે. પણ અર્થમાં ફરક છે. એકાદશ પ્રકારના પૂર્વ કર્મના ઉદયને લઈને પરિષહ થાય તોપણ તે એના ઉપર જીત મેળવીને જૈનપણે બિરાજે છે. એથી એમને જિન કહીએ છીએ, જિનેશ્વર કહીએ છીએ. પછી એને એમ લાગ્યું કે વાત તો કાંઈક વધારે સારી લાગે છે. આવો અર્થ કરવો એ વધારે સારો લાગે છે. શબ્દનો અર્થ તો ગમે તે માણસ ગમે તે રીતે પોતાની મતિ અનુસાર કરે, શબ્દને કાંઈ અર્થની ખબર નથી. પણ કયો અર્થ લેતા આત્માને ગુણ થાય અથવા પરમેશ્વરપદનું પરમ ઐશ્વર્ય વ્યક્ત થાય છે. એક બાજુથી એમને પરમ ઐશ્વર્ય પ્રગટ્યું એમ કહીએ અને બીજી બાજુથી એમની ઈશ્વરતા નથી એમ અર્થઘટન કરીએ તો એમને તદનુસાર તો એ વાત સુસંગત થતી નથી. તો કહે, એ વાત તો કાંઈ ઠીક લાગે છે. મેં કહ્યું, ખરેખર એમ જ એનો અર્થ થવો જોઈએ. એમ જ કરવો જોઈએ. જીતે તે જૈન

છે. અને બહારમાં પરિષહ નથી હોતો આ. બહારમાં એટલે ખાવું પડે એવો પરિષહ નથી હોતો, પાણી પીવું પડે એવો પરિષહ તો તેરમા ગુણસ્થાને કોઈ ઉપસર્ગ પરિષહ નથી થતાં. અંદરમાં તે પ્રકારનો બહુ જ અનંતમા ભાગે કર્મોદય હોય છે. શાતાનો ઉદય એટલો બધો અને અશાતાનો ઉદય એટલો બધો અલ્પ કે સમુદ્રની અંદર કોઈ ઝેરનું ટીપું નાખે અને એ પાણી કોઈ પીએ તો કોઈ મરે નહિ. પાણીના ગોળાની અંદર કોઈ ઝેરનું ટીપુ નાખી દે અને કોઈ પાણી પીએ તો મરી જાય. ઘરમાં પાણી હોયને એમાં કોઈ ઝેર મેળવી દે, ટીપું નાખી દે. એ પાણી જે કોઈ પીએ તે મરી જાય. પણ સમુદ્રની અંદર તો ઝેરની બાટલી રેડી દે તો એ પાણીથી કોઈ મરે નહિ. કેમ? કે એનું પરિમાણ-પ્રમાણ એટલું બધું અલ્પ છે કે ક્યાં સમુદ્રનું પાણી અને ક્યાં ઝેરના પરમાણુ! એ પાણી એટલું બધું ઝેરીલું થતું નથી કે એના પીવાથી કોઈ મરે.

એમ જે પૂર્વ કર્મની અશાતાનો ઉદય હોય છે એ એટલો બધો અલ્પ છે કે શાતાનો ઉદય સમુદ્ર જેટલો છે એની સાથે અશાતાનો ઉદય એક બિંદુ જેટલો છે. તો સામાન્ય તરસ લાગે એથી અનેક ગણી સામાન્ય તરસ લાગે અને માણસને પાણી ન મળે તોપણ પાણી પીવાની કાંઈ જરૂર લાગતી નથી. તો આમને પાણી પીવાની જરૂર લાગે અને એવો વિકલ્પ કરે કે એવી પ્રક્રિયા કે પ્રવૃત્તિ કરે એવું કાંઈ જોવામાં આવતું નથી.

મુમુક્ષુ :- આમ પણ લેવાયને કે મોહનો સંપૂર્ણ નાશ થયો છે. મિથ્યાદષ્ટિને...

પૂજ્ય ભાઈશ્રી :- મોહનો નાશ થયો હોય તો જેટલી કોઈ વિકલ્પની પ્રવૃત્તિ છે એમાં મુખ્ય કારણ મોહ છે. પ્રવૃત્તિ થવામાં મુખ્ય કારણ મોહ છે. જો મોહ ન હોય તો બહારનો જે ઉદય છે એની સાથે એને પ્રતિકૂળતા પ્રતિકૂળતા નથી, અનુકૂળતા અનુકૂળતા નથી. ન તો શાતાનો મોહ છે, ન તો અશાતાનો મોહ છે. ખરેખર તો એમ જ છે. મૂળ કારણ એ છે.

**'જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્‌ગલને પહોંચાડે છે, જે છૂટી જાય છે...'** માનો કે શરીર છૂટી જાય છે. **'તે તો તારું હતું જ નહિ...'** તારું હોય તો છૂટે નહિ. તારું હોય એ તારા વિષે રહે, તારામાંથી છૂટે નહિ. તારું હતું નહિ માટે છૂટ્યું, અનંતા છૂટ્યા. શું થઈ ગયું તને? અત્યાર સુધીમાં અનંત શરીર છૂટ્યા તને શું થઈ ગયું છે? દેખાડ. પહેલું એક શરીર છૂટ્યું ત્યારે આત્મામાં અહીંયાં તકલીફ ઊભી હજી ઊભી છે. અને બીજી શરીર છૂટયું ત્યારે આ તકલીફ ઊભી છે. ત્રીજું શરીર છૂટ્યું ત્યારે આ તકલીફ હજી ઊભી છે, હજી એની તકલીફ રહ્યા કરે છે.

કાંઈ છે નહિ. અનંત શરીર છૂટ્યા. તું એવો ને એવો અખંડ ચૈતન્યમૂર્તિ એવો ને એવો છો. અંદરમાં તારા પદને વિષે કાંઈ ફેરફાર થયો નથી.

**'જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ. તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે.'** આ શરીરના રજકણો એમાંથી એક રજકણ તારું છે નહિ. તારું જે છે એ તો મંગળકારી અને આશ્ચર્યકારી ચૈતન્યતત્ત્વ છે. એ વિશેષણ વધાર્યું અહીંયાં. આશ્ચર્યકારી તો ઉપર કહ્યું હતું. અહીંયાં કહે છે કે મંગળકારી છે. મંગળને કરનાર છે. પવિત્રતાને લાવનાર છે. ખુદ પરમ પવિત્ર સ્વરૂપે છે. એને બીજું કોઈ કારણ નથી. આમ છે. બહુ સરસ વિષય છે આ.

જ્યારે જ્યારે જીવને દુઃખની અસર થાય, કોઈપણ કારણસર, કોઈપણ પ્રસંગસર, કોઈપણ પ્રકારે ત્યારે ત્યારે એણે એ વિચારવા જેવું છે કે આમાં શું મોહ છે? ક્યા પ્રકારે મોહ છે? કેમ આમ થાય છે? એણે મોહને પકડવો. સંયોગને વિયોગને ન પકડવો પણ એણે મોહને પકડવો. તારો મોહ તો તું જો. કે આ મોહને લઈને તને આમ થાય છે. એમ તું જો. બસ! જેટલી કાંઈ તારા પરિણામમાં અસર છે એનું મૂળ કારણ તારો મોહ છે. બીજું કાંઈ નથી. જેવો એના સંશોધનમાં જઈશ, દોષના સંશોધનમાં જઈશ તોપણ તારો રસ ત્યાં તૂટી જશે. ગમે તે પ્રકારનો હશે. તારો રસ તૂટી જશે. દુઃખ હશે તો દુઃખ નહિ રહે. મોહથી સુખની કલ્પના થઈ હશે તો એ કલ્પના પણ છૂટી જશે. બેમાંથી એકેય રહેશે નહિ. બસ.

એટલે કે જેને સંભાળતા અને સંભાળતા બધી ગડબડ શાંત થઈ જાય છે. કોઈ પ્રકારની ગડબડ રહેતી નથી. એવું મંગળકારી અને આશ્ચર્યકારી તત્ત્વ છે કે જેના સ્મરણમાત્રમાં. એમ. પોતે ભૂલે, પોતાનો દોષ છે. બાકી સ્મરણમાત્રમાં બધું ચાલ્યું જાય એવું છે. એટલે તો અન્યમતમાં નામ સ્મરણનો બહુ મહિમા લીધો છે. પછી એ લોકોનો શું છે કે પોતાના બાજુનો કોઈ વિષય નથી. એટલે એ રીતે જે એણે પોતાના માનેલા પરમેશ્વર છે એનું સ્મરણ કરે. કે ભાઈ, આપણે ઈશ્વર સ્મરણ કરીએ અથવા આપણા ઈષ્ટદેવનું સ્મરણ કરીએ તો દુઃખ ટળી જાય. એટલે એમાં શું છે કે ઉપયોગ છે એ જે-તે પદાર્થ પ્રત્યે લાગીને જે દુઃખ થતું હોય છે. એ ઉપયોગ છે એ બીજા વિષયમાં Diverte થઈ જાય છે. આપણે ઈશ્વરનું સ્મરણ કરો. એ સ્વભાવિક છે કે કોઈ શોક થતો હોય એનો વિષય બદલાવા માટે પછી તેરમાના દિવસે લાડવા ખવડાવે કે ઈશ્વર સ્મરણ કરાવે કે બીજી કોઈ વાતમાં ઉપયોગ લગાડે એટલે એનો ઉપયોગ છે એ બીજે લાગે એટલે એ વાત મોળી પડી જાય. કરે છે કે નહિ? પણ એ બધી યુક્તિ-પ્રયુક્તિ છે. તાત્કાલિક એના ઉપર થોડી અસર આવે

છે. પણ મૂળમાંથી અંદર જે ઘા પડ્યો છે એ ઘા રૂઝાતો નથી. એ તો એમ ને એમ રહી જાય છે. ઉપર ઉપર થોડી પાટાપિંડી કરે છે. એટલે ઉપર ઉપરનો ફેરફાર થાય છે.

અહીંયાં મૂળમાંથી રોગ કાઢવાની વાત છે કે તારા નિર્મોહી મંગળકારી આશ્ચર્યકારી તત્ત્વને તું જો. તને એમ લાગશે કે મને કાંઈ થતું જ નથી. મારામાં કાંઈ થતું નથી. મને કાંઈ લાગતુ-વળગતું નથી. મારે કાંઈ લેવા-દેવા નથી. '**તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે. તો પછી તને ડર શાનો?**' પછી તારે ડર શું? એને કોઈ મટાડી દે, ભૂંસાડી દે, એનો નાશ કરી દે, એમાં કોઈ અધૂરાશ લાવી દ્યે, કાંઈ લઈ જાય, એમાંથી ઓછુ કરી દે એ તો કાંઈ બનવાનું નથી.

'**તો પછી તને ડર શાનો?**' તને ભય શાનો? એમ કહે છે. શેનો ભય થાય છે? 'જીવન કે મરણે નહિ ન્યૂનાધિકતા' આમ સમદર્શિતાનો વિષય લીધો છે ને? 'અપૂર્વ અવસર'ની અંદર સમદર્શિતાનો વિષય લીધો છે. 'જીવન કે મરણે નહિ ન્યૂનાધિકતા.' એમાં કોઈ ન્યૂન એટલે ખામી છે, ઓછું છે. મરણ થાય તો તેને ખામીવાળી વાત છે અને જીવન રહે તો તે અધિક સારી વાત છે. એવું ન્યૂનાધિકપણું જીવન-મરણને વિષે પણ જેને નથી. દેહ મારો નથી પછી આજ પડો, કાલે પડો, ક્યારે પડો, શું થાવ, શું ન થાવ. એની સાથે કાંઈ ભય કે ચિંતા કરવાની સાધકને જરૂર રહેતી નથી. એમ એ પોતાના સ્વરૂપ પ્રત્યેના પરિણામમાં બળવાન થતા જાય છે. સાધકદશામાં એ બળવાન થતાં જાય છે.

પછીનો બોલ એવો જ છે. સાધકદશાનો એક બોલ છે પાછળ. બળ વર્તે છે એમ લે છે. બીજા Paragraphમાં છે. '**હું પરિપૂર્ણ છું**' વચ્ચેથી. '**એવું બળ સતત સાથે ને સાથે રહે છે.**' હું પરિપૂર્ણ છું અથવા હું અવ્યાબાધ સ્વરૂપે છું, ચતન્ય વજ્ર છું એવું બળ સાથે ને સાથે રહે છે. એવું બળ સાથે રહે છે. એવું બળ વૃદ્ધિગત થતું જાય છે. એ બળ વધતું જાય છે.

'**સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર, ભય છોડી દે.**' સાધક ધર્માત્માઓ તો ખાસ કરીને દેહ છૂટવાના કાળમાં તો સમાધિ ધારણ કરે છે. સ્વરૂપ સમાધિમાં લાગી જાય છે. ભલે શરીરની અવસ્થા ગમે તેટલી રોગીષ્ટ હોય, ગમે તેટલી અશક્ત હોય પણ એ અંદરમાં સ્વરૂપ સમાધિમાં લાગવાના પ્રયત્નશીલ હોય છે અને સ્વરૂપસમાધિમાં એ પોતાનો દેહ ત્યાગ કરતા હોવાથી એમનય દેહત્યાગને સમાધિમરણ કહેવામાં આવે છે. દેહ છૂટવા સંબંધીનું, મરણ સંબંધીનું પણ જેને અસમાધાન વર્તતું નથી. એનું નામ સમાધિમરણ છે. દેહ છૂટવા સંબંધી અસમાધિ નથી. મારો દેહ

ન છૂટે તો સારું. કોઈ એવી દવા આવી જાય અને હું બચી જાઉં તો સારું, એવો કોઈ ડોક્ટર મને બચાવી લે તો સારું. એવા અસમાધાનમાં જ્ઞાનીનો દેહ ત્યાગ થતો નથી.

'**સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર,...**' સ્વરૂપ સમાધિમાં, આત્મધ્યાનમાં લાગી જા. બધા ભય છોડી દે. કોઈ ભય કરવાનું તારે કારણ જ છે નહિ. મૂળમાં ભય કરવાનું કારણ જ નથી એમ કહે છે. ભય કલ્પનાથી ઉત્પન્ન થાય છે. જેમ દોરડીને વિષે સર્પની કલ્પના થાય અને સર્પથી કોઈ ભયવાન થાય. બસ. આ ભયનું સ્વરૂપ છે. બીજું કાંઈ નથી. ભયનું આ સ્વરૂપ છે. આ સિવાય ભયનું કોઈ સ્વરૂપ જ નથી. કલ્પનાથી ઉત્પન્ન થતી પરિસ્થિતિ એનું નામ ભય. વાસ્તવિકતાથી અજાણ, વાસ્તવિકતાથી દૂર જાય છે એનું નામ ભય. બસ. બાકી જગતમાં ભય બીજો કાંઈ છે નહિ.

અથવા બીજી રીતે લઈએ તો, કે આત્મામાં સંસાર નથી. આત્માના સ્વરૂપને વિષે સંસાર નથી. કેમકે મોહ નથી. સંસાર તો મોહજનિત, મોહના ફળમાં ઉત્પન્ન થયેલા ભાવો છે. આત્મા પોતે જ નિર્મોહી સ્વરૂપ હોવાને લીધે, મોહના અભાવસ્વભાવે હોવાને લીધે આત્મામાં સંસાર નથી. તો સંસાર ક્યાં છે? કે આત્માથી બહાર નીકળ ત્યાં બધે સંસાર જ છે. જ્યાં આત્માથી બહાર નીકળ્યો, ત્યાં સંસાર થઈ ગયો. 'સંસરણં ઈતિ સંસાર'. બહાર નીકળવું એટલે સંસરણ થવું. બસ. એ સંસાર છે. બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- બહાર નીકળવું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કહ્યું કે '**સમાધિમાં સ્થિર થઈ એક આત્માનું ધ્યાન કર,...**' એનો અર્થ શું છે? કે તારામાં સંસાર નથી. પછી સંસાર સંબધિત કાંઈ ભય, શોક કાંઈ ચિંતા, કાંઈ વિકલ્પ કોઈ પ્રકાર રહેવાનો પ્રશ્ન રહેતો નથી.

જ્ઞાનીપુરુષ એવું વેદન કરે છે એમ કહે છે. નિર્જરા અધિકારમાં વિંદતી એવો શબ્દ લીધો છે. વિંદતી છે એટલે જાણે છે. વિંદતી એટલે વેદે છે. સતતપણે. સતતં સતત વિંદતી. સતત જાણે છે, સતત વેદે છે. આવા ભાનમાં રહીને વેદે છે. એટલે એમને ભય થતો નથી.

'**ભય છોડી દે.**' એટલે કે ભય કરવા જેવો નથી. ભય થવાનું કોઈ કારણ તારે વિષે નથી. નિર્ભય થઈ જા, નિઃશંક થઈ જા અને તારા સ્વરૂપના સુખ, શાંતિને આનંદને આનંદથી ભોગવ. આનંદને આનંદથી ભોગવ. એ ૩૯૨ થયો. એમાં સ્વરૂપનો મહિમા કર્યો. આવું મહિમાવંત સ્વરૂપ છે. એના મહિમામાં રહે, એનો મહિમા જ

તને એની પ્રાપ્તિ કરાવશે, એનો મહિમા જ એ સ્વરૂપના વિશેષ-વિશેષ વિકાસમાં અને પૂર્ણતા સુધીમાં કામમાં આવશે. એટલે સ્વરૂપનો મહિમા જ કરવા યોગ્ય છે. વિકલ્પભાવે નહિ પણ નિર્વિકલ્પભાવે. નિર્વિકલ્પભાવે નિર્વિકલ્પ સ્વરૂપનો નિર્વિકલ્પ મહિમા છે. એમ કહેવું છે.

**જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો. જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે? જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતાં કરતાં, નિર્મળતા પ્રગટ થતી જાય છે.**

**સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે, છતાં સાધક જાણે છે બધાંને;-તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો, તેમના સાધક-બાધકપણાનો ઈત્યાદિનો વિવેક વર્તે છે. સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે, પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે. પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.-આવી સાધકપરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે. ૩૯૩.**

૩૯૩. જ્ઞાનદશાનું વર્ણન છે આમાં. ધર્માત્માની દશા એટલે મોક્ષમાર્ગમાં વિચરનાર એવા જ્ઞાનીપુરુષોની દશા કેવી હોય છે. એનો બહુ સરસ ચિતાર છે આ બોલમાં. **'જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય...'**

મુમુક્ષુ :- છૂટવા માંગીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- સારી વાત છે. એ જ હેતુ, એ જ ધ્યેય મુખ્ય કરવો અથવા એમાંથી અંશ માત્ર પણ વિચલિત થવા જેવું નથી. એમ છે.

**'જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી, પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી, સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો.'** એક વાક્યની અંદર અસ્તિથી-નાસ્તિથી વાત મૂકી દીધી છે. એક

જ વાક્યની અંદર. જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય, જન્મ-મરણથી છૂટવું હોય, ચારે ગતિના દુઃખથી જેને છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરવો. પહેલામાં પહેલું આ છે.

'શ્રીમદ્જી' મૂળમાર્ગમાં એ ગાયું કે 'નોય વ્હાલું અંતર ભવ દુઃખ, મૂળ મારગ સાંભળો જિનવરનો. કરી વૃત્તિ અખંડ સન્મુખ.' એમ સન્મુખની સામે આ દુઃખનો પ્રાસ મેળવ્યો છે. કે 'નોય વહાલુ અંતર ભવ દુઃખ' અંતર એટલે અંદરમાં. જેને ભવદુઃખને વહાલું ન કરવું હોય એણે આ માર્ગ સાંભળવો. મૂળ માર્ગ સાંભળવો. જેને ભવ વ્હાલા છે, ભવના પ્રસંગો વ્હાલા છે એને ભવના દુઃખ વહાલા છે. શું કહે છે? જેને ભવ વહાલા છે. મારે મરણ નથી જોઈતું. મારું મરણ ન હો. એટલે કે હું આ ભવમાં ને ભવમાં રહી જઉં. એનો અર્થ શું છે? મારે મરવું નથી એનો અર્થ શું છે? કે હું આ ભવમાં રહી જઉં. પછી ભલે એમાં દુઃખ હોય તોપણ વાંધો નહિ, સુખ હોય તોપણ વાંધો નહિ. મારે આ ભવ છોડવો નથી. એણે ભવદુઃખને વહાલું કર્યું છે. કહે છે કે એને હું આ મૂળમાર્ગ સંભળાવતો નથી.

મૂળમાર્ગ હું કોને કહું છું? કે જેને અંદરમાં, અંતરંગમાં ભવદુઃખ વહાલું કર્યું નથી. જેને ભવદુઃખથી છૂટી જવું છે એના માટે આ વાત છે. એટલે તો ઓલામાં એમ લીધું કે જેને પુણ્યની રુચિ છે એને ભવની રુચિ છે. આવી ગયું ને? ભવમાં પાછુ આ લીધું કે ભવની અંદર પુણ્યનો ઉદય હોય તો પછી શું કરવા આપણે પુણ્યના ઉદયમાં તો કાંઈ દુઃખ થતું નથી. ૧૩૪ પાને. '**શુભ રાગની રુચિ તે પણ ભવની રુચિ છે, મોક્ષની રુચિ નથી.**' ભવ ને મોક્ષ સામે સામે લીધા. તને અનુકૂળતામાં ઠીક પડે છે, શાતાના ઉદયમાં ઠીક પડે છે તો તને શુભરાગ અને અશુભરાગના ફળમાં ઠીક પડે છે. તને ભવની રુચિ છે અને તને મોક્ષની રુચિ નથી. એ વાત લીધી. એની માટે મોક્ષનો માર્ગ છે એ જ્ઞાનીઓ કે ભગવાન એને એ માર્ગ શ્રવણ કરાવતા નથી. કહેતા હોય તો એને શ્રવણ કરાવવા માટે એ વાત નથી. શ્રવણ કરવા આવ્યો છે એની પાસે શરત મૂકે છે. જેમ મોટી મોટી Degree માં હોય છે ને? Entrance examination. આ Chartered accountant થાય છે. જ્યાં મોટી Degree હોય છે ત્યાં દાખલ થવા માટેની પરીક્ષા. કે આગળી પરીક્ષા તમે પાસ કરી એટલું પૂરતું નથી. ભલે તમે બી. કોમ. થઈ ગયા. Commerceની Degree લીધી. પણ છતાં Chartered accountant થવું હોય તો એની પરીક્ષા દાખલ થવા માટેની જુદી આપવી પડશે. તો છ મહિના સુધી એને ભણવું પડે. છ મહિના તમે ભણી લ્યો કે આ Lineમાં શું શું કેવા કેવા વિષયો હોય છે. પછી અમે તમને એની

પરીક્ષા લઈને પછી એના અભ્યાસ ક્રમના વર્ગમાં તમને દાખલ કરીએ. નહિતર અભ્યાસ ક્રમમાં દાખલ ન કરીએ. આ શરત છે.

એમ અહીંયાં મોક્ષમાર્ગમાં આવવાવાળા માટે એક શરત છે કે ભાઈ! તને ભવ વહાલો છે? ભવના કારણરૂપ તને શુભાશુભ ભાવ વહાલા છે? શુભાશુભના ફળરૂપ સંગ-પ્રસંગ તને વહાલા છે? તો પછી આ માર્ગ સાંભળવા માટે તારું કામ નથી. તને આ માર્ગ સંભળાશે નહિ. સાંભળીશ તોપણ તને સંભળાશે નહિ, અંદર આ વાત સ્થાન પામશે નહિ અને તારું કાંઈ કામ સરશે નહિ. એમ સંભળાવીને એમ કહે છે કે તું એ પ્રત્યેની વૃત્તિને છોડી દે. એ વૃત્તિને ખલાસ કરી નાખ.

ભવ ન જોઈએ. ભવરહિત થવું છે. હવે મારે ભવભ્રમણ ન જોઈએ. એવી ભાવનામાં આવીને પછી તું આ વિષયને સાંભળવા બેસીશ તો તને તારા અંતરમાં આ વાત સ્થાન પામી જશે. એ પાત્રતા છે. ભવભ્રમણથી જેને છૂટવું છે, જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય, એવી પાત્રતામાં જે જીવ આવ્યો હોય એણે પાત્રતામાં રહીને ભેદજ્ઞાન કરવું એમ કહે છે. પાત્રતા વિના ભેદજ્ઞાન થતું નથી. બુદ્ધિમાં એક વાત બેસે કે ભેદજ્ઞાન કરવાથી સમ્યગ્દર્શન થાય, ભેદજ્ઞાન કરતા કરતા મોક્ષમાર્ગમાં આગળ વધાય અને મોક્ષ સુધી પહોંચી જવાય. મોક્ષની પ્રાપ્તિ થાય. આમ ભેદજ્ઞાન છે... '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**'. સિદ્ધપદ સુધીનો આ માર્ગ છે, ઉપાય છે. પણ ભેદવિજ્ઞાન ક્યાં કરવું? કઈ સ્થિતિમાં આવીને કરવું? એનો પૂર્વ ક્રમ નિયત કરેલો છે કે પાત્રતામાં આવે એ ભેદજ્ઞાન કરી શકે, પાત્રતામાં ન આવે એને ભેદજ્ઞાન થઈ શકે નહિ. કરવું હોય તોપણ એની ઈચ્છા બેકાર જાય, એનો ભેદજ્ઞાન કરવાનો વિકલ્પ નિષ્ફળ જાય. એ સાર્થક થતો નથી. એટલે એ વાત લે છે કે જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય, અંતરથી છૂટવું હોય. એ અંતર ભાવના ન હોય તો એને કોઈવાર કઠોર શબ્દમાં જ્ઞાનીઓ એને કપટ કહે છે.

'આનંદઘનજી' એ ગાય છે કે મારા મનમાં હજી કપટ છે. કારણ કે એ તો પોતાના ઉપર જ્ઞાનીઓ તો વધારે વાત લે છે. સ્વલક્ષે એમનું પરિણમન છે. હજી મારા મનમાં કપટ છે. હજી ખરેખર મને ભાવના થઈ નથી. નહિતર મારી આપની સાથેની જે પ્રીત છે એ અનન્ય ભાવે જ હોય, બીજી રીતે હોઈ શકે નહિ. ઘણો ભક્તિભાવ ઉલ્લસ્યો છે અને ચોવીસ તીર્થંકરની સ્તુતિ કરે છે. તોપણ એવી રીતે પોતાની નિંદા કરતા જાય છે. છે ને? 'શ્રીમદ્જી'એ જેના અર્થ કર્યા છે. કપટરહિત થઈને કરવું. એમ.

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે. આનંદઘન પદરેહ.

રેહ એટલે રેખા. લક્ષ્મણરેખા કહે છે ને? મર્યાદા. આ મારી રેખા છે, આ મારી મર્યાદા છે કે કપટરહિત થઈને મારી અર્પણતા હોવી જોઈએ. મારી અર્પણતા કેવી? કપટરહિત. બહુ માર્મિક શબ્દ વાપર્યો છે. પોતાને માટે લખ્યું છે. છઠ્ઠું પદ છે ને?

મુમુક્ષુ :- પહેલા પદની છેલ્લી લીટી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પહેલા સ્તવનની 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે...' આદિનાથ ભગવાનની સ્તુતિ કરી છે ને. '**ધનધાન્યદિક સર્વ ભગવાનને અર્પણ કર્યા હોય,...**' ન્યોછાવર કરી દે. ચાલો બધો ત્યાગ. મારી જેટલી સંપત્તિ છે એ આપી દ્યો મંદિરમાં. '**પણ જો આત્મા અર્પણ ન કર્યો હોય...**' આત્મ અર્પણતાની વાત છે. જો આત્મા અર્પણ ન કર્યો હોય '**એટલે તે આત્માની વૃત્તિ ભગવાનમાં લીન કરી ન હોય તો તે ધન્યધાન્યાદિકનું અર્પણ કરવું સકપટ જ છે,...**' કપટસહિત છે એમ કીધું. દાન કર્યું, તપ કર્યું, ત્યાગ કર્યો એ બધું કપટસહિત છે.

'**કેમકે અર્પણ કરનાર આત્મા અથવા તેની વૃત્તિ તો બીજે સ્થળે લીન છે.**' તારી વૃત્તિ તો બીજામાં લીન છે. તારા સ્વરૂપને વિષે તારી વૃત્તિ લીન નથી, બીજામાં લીન છે. '**જે પોતે બીજે સ્થળે લીન છે, તેના અર્પણ થયેલા બીજા જડ પદાર્થ એ ખરેખર અર્પણ ક્યાંથી થયા છે?**' કારણ કે એ તો એના પદાર્થ જ નથી. એમાં એણે શું અર્પણ કર્યા? જે એનું પોતાનું છે એ તો અર્પણ કરતો નથી. '**માટે ભગવાનમાં ચિત્તવૃત્તિની લીનતા એ જ આત્મઅર્પણતા છે અને એ જ આનંદઘનપદની રેખા એટલે પરમ અવ્યાબાધ સુખમય મોક્ષપદની નિશાની છે. અર્થાત્ જેને એવી દશાની પ્રાપ્તિ થાય એટલે પરમ આનંદઘનસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત થશે એવા લક્ષણ તે લક્ષણ છે.**' તે અર્પણતાના સાચા લક્ષણ છે. 'શ્રીમદ્જી'એ અર્થ કર્યો છે 'આનંદઘનજી'ના પદનો. ૭૫૩ નંબરનો આંક છે. વીતરાગ સ્તવના.

મુમુક્ષુ :- છેલ્લે લખે છે, આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિએ ભાગે.

પૂજ્ય ભાઈશ્રી :- આ 'દીપચંદજી' પણ કહે છે કે પૂજા મોહભજન છે. સ્વરૂપમાં વૃત્તિ આવ્યા વિના શાસ્ત્ર છે એનું અધ્યયન છે, પૂજા છે એ બધાના જુદા જુદા બોલ વાપર્યા છે. ત્યાગ કર્યો તો કહે, જંગલમાં શિયાળ અને ગામમાં હોય તો તે શ્વાન. ત્યાગી ગામમાં રહેતો હોય તો શ્વાન જેવો છે અને જંગલમાં રહેતો હોય તો તે શિયાળ જેવો છે. પૂજા કરતો હોય તો એ મોહભજન કરે છે. અનેક બોલ

લીધા છે. એમ કે અંદરમાં અંતરથી વાત નથી તો કપટરહિત વાત નથી, માટે તે આડંબર છે. એવા શબ્દો 'દીપચંદજી' 'અનુભવપ્રકાશ'ની અંદર લ્યે છે.

એટલે અહીંયાં ખરેખર શબ્દ વાપર્યો છે. '**ખરેખર જેને છૂટવું હોય તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી,...**' પોતે પરદ્રવ્યથી ભિન્ન હોવાને લીધે પોતાનું કાંઈ નથી, પોતાનું કાંઈ નથી એ વાત આવતા એને કોઈ પદાર્થને વિષે ખેંચાણ રહેતું નથી. જે છે એ જગતના પદાર્થો જગતના પદાર્થો છે. હું ચૈતન્ય એક સ્વતંત્ર જગતનો ભિન્ન પદાર્થ છું. એમ '**નક્કી કરી, પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવનો મહિમા લાવી,...**' પોતાના શાશ્વત સ્વભાવનો, પરમેશ્વરપદનો મહિમા લાવીને '**સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો.**' એ મહિમામાં પ્રયત્ન થશે, મહિમા આવતા પ્રયત્ન થશે. એ પ્રયત્ન કરવો એ પ્રયાસ કરવો.

સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો એમ કહો. સ્વરૂપ લીનતા પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો એમ કહો કે આત્મજ્ઞાન પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો એમ કહો. એ તો જુદા જુદા ગુણની અપેક્ષાથી વચન છે એ. ત્રણે એકસાથે છે. સમ્યગ્દર્શન કહેતા સમ્યગ્દર્શન, આત્મજ્ઞાન અને સ્વરૂપલીનતા ત્રણે એક સમયે પ્રગટ થાય છે. એને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

'**જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે?**' શું આધાર ભૂમિ છે? સાધના માટે, ધર્મ માટે આધાર ભૂમિ શું છે? કે ધ્રુવ જ્ઞાયક ભૂમિ. એટલે આ પ્રદેશ લેવામાં આવે છે. અસંખ્ય પ્રદેશમાં પોતાના અનંત ગુણનું સામર્થ્ય અથવા સિદ્ધપદ બિરાજમાન છે. આ એની ચૈતન્યભૂમિ છે. એ ચૈતન્યભૂમિ એ એની સ્વરૂપસાધનાનું કાર્યનું મર્યાદા ક્ષેત્ર છે. કાર્યક્ષેત્રની મર્યાદા કેટલી? કે પોતાનું સ્વરૂપ ક્ષેત્ર છે એટલી. એ ક્ષેત્રની બહાર એણે કોઈ કાર્ય કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એના આધારે એ છે.

'**જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય...**' એટલે કે નિજ સત્તાનો આશ્રય ન હોય, તો પોતાની સત્તાના આશ્રય વિના '**જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે?**' સાધનાનું બળ પ્રગટ કરવા માટે એને શું આધાર છે? કે પોતાની જ્ઞાયકભૂમિનો આધાર છે. એના આધારે એનું બળ ઉત્પન્ન થાય છે, વૃદ્ધિગત થાય છે અને સંપૂર્ણ પ્રગટ થઈ જાય છે. તેથી એવી '**જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતાં કરતાં, નિર્મળતા પ્રગટ થતી જાય છે.**' એમ કરીને પછી આગળની પરિસ્થિતિની વાત લીધી છે. વિશેષ લેવાશે...

## તા. ૨૯-૦૬-૧૯૮૮, વચનામૃત-૩૯૩
## પ્રવચન નં. ૩૦૯

... પ્રયાસ કરવો, પુરુષાર્થ કરવો. પ્રયાસ કરવો એટલે પરુષાર્થ કરવો. '**જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે?**' અર્થાત્ સાધનાનું બળ ધ્રુવ જ્ઞાયકભૂમિના આશ્રયે પ્રગટ થાય છે. અને એ સિવાય સાધનાનું બળ બીજા કોઈના આશ્રયે ગમે તેટલું ઉત્કૃષ્ટ નિમિત્ત હોય. જેમકે દેવ-ગુરુ-શાસ્ત્ર ઉત્કૃષ્ટ નિમિત્ત છે. તોપણ સાધનાનું બળ એના આશ્રયે પ્રગટ થતું નથી. અરે..! ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુભરાગ હોય તો એ શુભરાગના આશ્રયે પણ સાધનાનું બળ પ્રગટ થતું નથી. સાધના પ્રગટ થવા માટે અથવા બળવાન સાધના થવા માટે કોઈ નક્કર આશ્રયભૂમિ જોઈએ, નક્કર કોઈ આશ્રયસ્થાન જોઈએ. એમ કહેવું છે.

એવું નક્કર આશ્રયસ્થાન એક પોતાનો ત્રિકાળી સ્વભાવ છે. અનહદ સ્વભાવ, બેહદ સ્વભાવ, અસીમ સ્વભાવ. એ સ્વભાવના સામર્થ્યના આશ્રયે, મારું સામર્થ્ય અનંતું છે. આશ્રય એટલે એનો અર્થ એ છે. મારું આવું અનંતું સામર્થ્ય છે. એમ આધાર લેવો, એમ અવલંબન લેવું એનું નામ આશ્રય છે. અને એ જ સાધનાનું બળ પ્રગટ થવા માટે, બળ વૃદ્ધિગત થવા માટે અને પરિપૂર્ણ સાધના થવા માટે આ એક જ અવલંબનભૂત તત્ત્વ છે. એ સિવાય આવું કોઈ અવલંબનભૂત તત્ત્વ નથી. પરદ્રવ્યનું તો અવલંબન લેવા જાય તોપણ મળે એવું નથી. અને રાગ પોતે જ અશક્તિમાંથી ઉત્પન્ન થયેલો ભાવ હોવાથી, રાગ પોતે જ અશક્ત હોવાથી સાધનાનું બળ કેવી રીતે પ્રગટ થશે?

રાગના જોરે ક્ષણિક ત્યાગ કરી શકે, રાગના જોરે કદાચ જેમ દૂધનો ઉભરો આવે-ઉફાન-એવું ક્ષણિક દેખાય. .. કે કોઈ દેહ ત્યાગ કરે. પણ એ ભાવ ટકતો નથી. કેમકે એ પ્રકારના પરિણામની અંદર એટલી શક્તિ હોતી નથી કે જે ચિરસ્થાયી રહે. એ ભાવ લંબાઈને હંમેશને માટે જાળવી શકાય એવી પરિસ્થિતિ હોતી નથી. એક તો એ આત્માના સ્વભાવની ચીજ નથી. આત્માના સ્વભાવથી વિરૂદ્ધ, સ્વભાવ બહારની ચીજ છે. અને પોતાની સ્વભાવિક ચીજ હોય તો જ પોતે સ્વભાવથી ટકી શકે. બાકી જે સ્વભાવથી વિરુદ્ધ હોય કેટલુંક ટકી શકે એની અંદર?

મુમુક્ષુ :- સ્વભાવ છે એ ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ છે એ સ્વભાવ સ્વભાવ તરીકે એટલું બધું સામર્થ્ય ધરાવે છે કે જે સામર્થ્યને કોઈ હદ નથી. સ્વભાવમાં એટલી બધી શક્તિ છે કે જેના અવલંબને થનારા પરિણામ છે એ ... સદાય ટકી શકે છે. સ્વભાવને છોડીને બીજું અવલંબન, રાગનું કે નિમિત્તનું અવલંબન લે તો એક નવો રાગ ઉત્પન્ન થાય છે કે જે પોતે અશક્ત સ્વરૂપે છે, જે પોતે જ નિર્બળતા સ્વરૂપે છે. એ અશક્તિનું સ્થાન છે. રાગ છે એ તો સ્વયં અશક્તિમાંથી ઉત્પન્ન થયેલો ભાવ છે. શક્તિમાંથી ઉત્પન્ન થયેલો ભાવ નથી. અશક્તિની પરિસ્થિતિ છે.

જેમ કે કોઈ એમ કહે કે વ્યસન છે એ શું ચીજ છે? કે મનની નબળાઈમાંથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિ છે. વ્યસન શું છે? મનની નબળાઈમાંથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિ છે. ઉન્મત્તતા અથવા પાગલપન શું છે ? કે ઘણી આકુળતામાંથી જન્મેલી પરિસ્થિતિ છે. એમ રાગ પોતે શક્તિથી વિરુદ્ધ જઈને અશક્તિમાંથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિ છે. તો એમાં કેટલુંક ટકી શકાશે? રાગમાં કોઈ જીવ ટકી શકે એવું બનતું નથી.

એટલે જોરથી પ્રશ્ન ઉઠાવ્યો છે કે '**જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે?**' સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે? કે સાધનાનું બળ કોઈના આશ્રયે પ્રગટ કરવાનો પ્રશ્ન રહેતો નથી. સાધનામાં બળ જ નહિ આવે. અથવા કહેવાતી સાધના એ કોઈ સાધનારૂપે સદાય રહે એવું બનશે નહિ. ખરેખર તો સ્વભાવને સાધે એનું નામ સાધના છે. સ્વરૂપને સાધે, સ્વભાવને સાધે, સ્વભાવની પવિત્રતાને સાધે, સ્વભાવની નિર્દોષતાને સાધે, સ્વભાવમાં રહેલા ગુણોને સાધે. સાધે એટલે પ્રગટ કરે. એનું નામ સાધના. બાકી સાધનાને નામે ગમે તે ક્રિયા-પ્રક્રિયા હોય એ કોઈ ખરેખર સાધનાના નામ દેવા માટે ઉચિત નથી. ઉપચાર કરવામાં આવે છે કે આવી સાધના હોય ત્યારે સાથે રહેલા કેટલાક વ્યવહારિક પરિણામો અથવા તદ્નુસાર ઉત્પન્ન થતા જે વિકલ્પો, એને સાધનાનો ઉપચાર કરે છે. એના ઉપર સાધનાનો ઉપચાર કરાય છે. પણ ખરેખર તે સાધનાના પરિણામ નથી.

આ અવલંબનનો વિષય છે એ મંથનથી નક્કી કરવા જેવો, નિશ્ચય કરવા જેવો વિષય છે કે પોતાને વિષે પોતે કોનું અવલંબન લ્યે છે. આ વિષય જરા જાગૃતિથી અવલંબનને યોગ્ય સ્થાનમાં લાવવા જેવો છે. અયોગ્ય અવલંબન, અયોગ્ય પરિણામને ઉત્પન્ન કરશે. પોતાના મૂળ સ્વરૂપનું અવલંબન નિર્દોષ પવિત્ર શુદ્ધ સ્વભાવ, શુદ્ધ પરિણતિને ઉત્પન્ન કરશે. જ્ઞાયકભૂમિનું અવલંબન લેવું. હું જ્ઞાયક છું. એમ. હું માત્ર જ્ઞાયક છું એમ અવલંબન લેવું.

એ '**જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં, તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતા કરતા, નિર્મળતા પ્રગટ થતી જાય છે.**' આત્માને વિષે નિર્મળતા પ્રગટ કરવાનું સાધન આ પ્રકારે છે કે '**જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં,...**' શ્રદ્ધા પ્રથમ. શ્રદ્ધેય, પોતાનું શ્રદ્ધેય, પોતાનું શુદ્ધ સ્વરૂપ જે પોતાનું જ્ઞાયક સ્વરૂપ છે એ સિવાય બીજું કાંઈ પોતાને શ્રદ્ધાને યોગ્ય નથી. શ્રદ્ધેય એટલે શ્રદ્ધાને યોગ્ય બીજું કાંઈ નથી. '**જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં,...**' એટલે પોતાના જ્ઞાયકની શ્રદ્ધા અભેદ પરિણામે થતાં, અભેદભાવે થતાં એને જામી એમ કહે છે. એમાં અંતર રહેતું નથી. પોતે જ્ઞાયક છે એવા શ્રદ્ધાભાવમાં પોતાના સ્વરૂપ અને શ્રદ્ધાને વિષે કોઈ અંતર રહેતું નથી. એવી અનન્ય દૃષ્ટિ, અનન્ય શ્રદ્ધા થતાં અને એ શ્રદ્ધાપૂર્વક તેમાં એટલે જ્ઞાયક સ્વરૂપમાં, એકાગ્રતારૂપ એટલે સ્થિર થવાનો, સ્થિર ઉપયોગનો પુરુષાર્થ કરતાં કરતાં, સહજ પુરુષાર્થ વૃદ્ધિગત થતાં થતાં. જેટલો પુરુષાર્થ તેના પ્રમાણમાં નિર્મળતા પ્રગટ થતી જાય છે.

આત્માને વિષે નિર્મળતા પ્રગટ થવી, તે નિર્મળતા કેટલી વધવી, કેટલા પ્રમાણમાં વધવી એ પુરુષાર્થના અનુપાતમાં છે. જેટલો પુરુષાર્થ એટલી નિર્મળતા, જેટલો પુરુષાર્થ એટલી એકાગ્રતા. કોઈવાર ધ્યાનથી નિર્મળતા થાય છે એમ કહેવામાં આવે છે. કેમકે એકાગ્રતા નિર્મળતાને લાવે છે. પણ એ એકાગ્રતા પણ પુરુષાર્થના ફળથી ઉત્પન્ન થયેલી છે, પુરુષાર્થના કારણથી ઉત્પન્ન થયેલી છે. તદ્અનુરૂપ પુરુષાર્થ ન હોય,... કેમકે સ્વરૂપ પરિણામની રચના કરવાનો મુખ્ય ગુણ કોઈ હોય તો તે આત્માનો વીર્યગુણ અથવા પુરુષાર્થ છે. એ સ્વરૂપની રચના કરે છે. પછી ધ્યાનની કહો, જ્ઞાનની કહો અને જીવના સમગ્ર અનંતા પરિણામની આત્માને વિષે લાવવાનું કોઈ મુખ્ય નિમિત્તકારણ હોય, અંતરંગમાં એને અંતરંગ નિમિત્ત ગણો તો તે જીવનો પુરુષાર્થ છે.

એટલે મોક્ષમાર્ગને વિષે પુરુષાર્થની ઘણી પ્રધાનતા છે. પ્રથમ ચતુર્થ ગુણસ્થાને શ્રદ્ધા પરિપૂર્ણ આત્માની થઈ. અને જેવો આત્મા છે, કેવળજ્ઞાનમાં જણાય છે એવો આત્મા અનુભવગોચર થાય છે. ચતુર્થ ગુણસ્થાને. નિર્વિકલ્પ સ્વસંવેદનના કાળમાં અભેદ અનુભવ આવ્યા પછી, પણ જેટલો પુરુષાર્થ એટલી કાર્યસિદ્ધિ, પુરુષાર્થ ઓછો તો કાર્યસિદ્ધિ અને પરિપૂર્ણતારૂપ એનું જે ફળ છે, મોક્ષફળ છે એ દૂર રહે છે. જેટલો પુરુષાર્થ ઉગ્ર અને તીવ્ર એટલો જ મોક્ષ નજીક છે. એટલે પછી શ્રદ્ધા-જ્ઞાન થયા પછી બધો આધાર પુરુષાર્થ ઉપર છે. એટલે આખો મોક્ષમાર્ગ પુરુષાર્થને આધીન છે એમ કહેવામાં આવે છે. પુરુષાર્થ આધીન મોક્ષમાર્ગ છે.

'**એકાગ્રતારૂપ પ્રયત્ન...**' પ્રયત્ન એટલે પુરુષાર્થ. સ્થિર થવાનો જેટલો પ્રયત્ન કરવામાં આવે છે તેમ તેમ નિર્મળતા પ્રગટ થતી જાય છે. એટલે આત્મામાં રાગાદિ

મલિન ભાવો, કષાય ભાવો છે એનો નાશ થાય છે, એનો ક્ષય થાય છે અને શુદ્ધ સ્વરૂપે જે મૂળ સ્વરૂપ છે એનું પરિણમન છે એ વૃદ્ધિગત થતું થતું પરિપૂર્ણ થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ તો મુખ્ય વસ્તુ છે. એટલે તો એમ કહેવામાં આવે છે કે કોઈ અપૂર્વ પુરુષાર્થથી, પુરુષાર્થના કોઈ અપૂર્વ પરાક્રમથી સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન પ્રગટે છે. ભુજાએ કરીને સ્વયંભુરમણ સમુદ્ર તરવો સહેલો છે એમ કહે છે. અસંખ્ય યોજનનો છે મોટામાં મોટો સમુદ્ર. જેની પાસે આપણા અત્યારના અહીંના સમુદ્ર જે છે એટલાન્ટિક અને પેસેફિક એ તો ખાબોચિયા લાગે જેની પાસે. મોટા મહાસાગરો જેને આપણે કહીએ છીએ એ તો એની પાસે ખાબોચિયા લાગે. એવો સ્વયંભુરમણ સમુદ્ર હાથ વીંઝીને તરી જવો સહેલો છે. પણ સંસારસમુદ્ર, મોહસમુદ્ર, દર્શનમોહને ઓળંગવો, સંસારના કિનારે આવવું એને કઠિન ગણવામાં આવે છે. એનો પુરુષાર્થ વિશેષ ગણવામાં આવે છે. એવી બધી ઉપમા આપવામાં આવે છે-શરીરબળ સાથે કે દસ હજાર સુભટને હરાવનાર વીર યોદ્ધા કરતા પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનારનું પુરુષાર્થનું પરાક્રમ વિશેષ ગણવામાં આવે છે. એવી બધી ઉપમાઓ આપવામાં આવે છે. શરીરબળની અને આત્મબળની ખરેખર કાંઈ સરખામણી કરી શકાય નહિ. કેમકે એક પુદ્‌ગલ વીર્ય છે અને એક ચૈતનવીર્ય છે. બે વચ્ચે મોટો ફરક છે.

હવે બીજા Paragraphમાં સાધકદશાનું વર્ણન કરે છે. '**સાધક જીવની દૃષ્ટિ નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય ઉપર હોય છે,...**' આ શ્રદ્ધા અપેક્ષાએ વાત કરે છે. અનંત ગુણ પ્રગટ થયા. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. એવા યથાસંભવ અનંત ગુણો શુદ્ધ થઈને પરિણમવા લાગ્યા એમાં શ્રદ્ધાનો વિચાર કરવામાં આવે તો એને પ્રથમ જ એની દૃષ્ટિ પોતાના શુદ્ધાત્મ દ્રવ્ય ઉપર હોય છે. આ હું. અવલંબનથી નિજ સત્તાનું નિજ ચૈતન્ય નિજ જ્ઞાનમય સત્તાનું અવલંબન, દૃષ્ટિ અભેદ ભાવે થઈ. દૃષ્ટિનું કાર્ય અહીંયાં પર્યાપ્ત છે, પૂરેપૂરું છે. આ સિવાય દૃષ્ટિને કાંઈ કરવાનું હોતું નથી. એમ દૃષ્ટિ પોતાનું પૂરેપૂરું કાર્ય કરે છે. અને શુદ્ધ આત્મદ્રવ્ય સિવાય દૃષ્ટિ બીજે ક્યાંય જતી નથી. બીજા કોઈ રાગ કે પર્યાય ઉપર પણ દૃષ્ટિ જતી નથી. દૃષ્ટિ નથી જતી છતાં. એમ કહેવું છે.

'**સાધક જાણે છે બધાને;...**' દૃષ્ટિ શુદ્ધાત્મા સિવાય ક્યાંય જતી નહિ હોવા છતાં એ જ વખતે ઉત્પન્ન થયેલું જ્ઞાન બધું જાણે છે. બધું જાણે છે એટલે દૃષ્ટિના વિષયને જાણે છે, દૃષ્ટિને જાણે છે, પોતાને જાણે છે એ સિવાય પર્યાયમાં રાગની,

બુદ્ધિપૂર્વકની શું સ્થિતિ, અબુદ્ધિપૂર્વકનો રાગ કેવો અને રાગના નિમિત્તભૂત કર્મનો ઉદય કેવો, જ્ઞાનમાં બીજા નોકર્મો કેવા પ્રતિબિંબિત થાય છે એ બધો જ્ઞાનનો વિષય થાય છે. એટલે '**સાધક જાણે છે બધાને;**'

બધાને એટલે કે '**તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે...**' પોતાની વર્તમાન શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણવાનું કામ જ્ઞાનનું છે. એટલે કે સાધકજીવનું સમ્યગ્જ્ઞાન, પોતામાં કેટલી શુદ્ધિ પ્રગટી? કેટલી શુદ્ધિ વૃદ્ધિગત થઈ અને હજી કેટલી અશુદ્ધિ બાકી રહી છે એ બધું જ્ઞાન સાધકને છે. '**સાધક જાણે છે બધાને; તે શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને જાણે છે અને તે જાણતાં તેમના સ્વભાવ-વિભાવપણાનો, તેમના સુખ-દુઃખરૂપ વેદનનો, તેમના સાધક-બાધકપણાનો ઈત્યાદિનો વિવેક વર્તે છે.**' શું કહે છે? કે શુદ્ધિ-અશુદ્ધિને જાણતાં શુદ્ધિ-અશુદ્ધિના બીજા જે પાસા છે એના જે બીજા Factors છે એને પણ એ જાણે છે કે એને જાણતા આમાં સ્વભાવપણું શું છે? શુદ્ધિમાં સ્વભાવપણું શું પ્રગટ થયું છે? અશુદ્ધિમાં એનું વિભાવસ્વભાવપણું શું છે? એને વિભાવપણું કહે છે.

અશુદ્ધિ અનેક પ્રકારની છે. રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ એવા અનેક પ્રકારના પરિણામ છે. પણ એમાં વિભાવપણું સામાન્ય છે. સ્વભાવમાં તારતમ્યભેદે ગુણસ્થાન અનુસાર ચડતા-ઉતરતા પરિણામ છે. અને અનેક ગુણ જે પ્રગટ થાય છે શ્રદ્ધા, જ્ઞાન, આચરણ, પુરુષાર્થ, સુખ, શાંતિ, આનંદ વગેરે પ્રભુત્વ, વિભુત્વ, સ્વચ્છત્વ, તો એ બધા ગુણમાં પણ સ્વભાવપણું છે. ગુણ ભલે વિભિન્ન હો, ગુણનું પ્રયોજનભૂત કાર્ય ભલે વિભિન્ન હો, ગુણનુ લક્ષણ ભલે વિભિન્ન હો, ગુણના નામ ભલે જુદા જુદા હો, પણ એ બધા ગુણોનું સ્વભાવપણું એક છે. વિભાવનું વિભાવપણું અને સ્વભાવનું સ્વભાવપણું એ જ્ઞાન જાણે છે. આ સમ્યક્જ્ઞાનની જાણવાની જે શક્તિ છે એ સ્વભાવ-વિભાવની જાતને જાતિ સ્વભાવથી જાણવાની શક્તિ એમાં પ્રગટ થયેલી છે. અને એ એ વિષયના ઊંડાણને સૂચવે છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર-પુરુષાર્થ-સ્વચ્છત્વ-વેદન વગેરે જે કાંઈ છે એમાં સ્વભાવ શું છે? બધાનો Common factor સ્વભાવ છે. એ એની જાતિ છે. એ આત્મજાતિના પરિણામ છે, સ્વભાવ જાતિના પરિણામ છે, મૂળ સ્વરૂપ જાતિના એ પરિણામ છે. એને જ્ઞાન જાણે છે અને અનેકવિધ પ્રકારના વિભાવ વિકાર છે એમાં વિભાવપણું શું છે? એની જાતિને પણ જ્ઞાન નક્કી કરે છે. આમ તે તે પ્રકારના પરિણામના ઊંડાણમાં જઈને, સ્વભાવપણું અને વિભાવપણું જાણવાનું કાર્ય જ્ઞાનનું છે, શ્રદ્ધાનનું નથી. એમ કહેવું છે. શ્રદ્ધાનનું નથી. જ્ઞાનનું આ કામ છે. એનો એ વિવેક કરે છે.

વિવેક કરે છે એટલે માત્ર જાણે છે એમ નહિ. જાણતા જ એનું મૂલ્ય પણ એને આવે છે કે સ્વભાવનું મૂલ્ય અનંતુ છે. વિભાવ છે તે ગમે તેવો હોય તોપણ તે નિર્મૂલ્ય છે. એનું કોઈ મૂલ્ય નથી.

મુમુક્ષુ :- ભેદ પાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભેદ પાડે છે. એકનું મૂલ્ય આંકે છે કે આનું કોઈ મૂલ્ય થાય નહિ, આની કોઈ Term માં એની કિંમત થાય નહિ. આ વિભાવ, તો કહે એની કોઈ કિંમત નથી. પણ જે વિભાવથી તીર્થંકર નામગોત્રની પ્રકૃતિ બંધાય એ વિભાવની કિંમત આંકવી કે નહિ? સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ છે. જે વિભાવથી સર્વાર્થસિદ્ધિના વિમાનમાં જવાય. દેવલોકમાં ઊંચામાં ઊંચું વિમાન સર્વાર્થસિદ્ધિનું છે કે જ્યાં ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ સિવાય બીજા કોઈ જતા નથી. કોણ? ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ સિવાય ત્યાં બીજા કોઈ હોતા નથી, જતા નથી. એવું પુણ્ય જે વિભાવથી બંધાય એનું મૂલ્ય કેટલું? કે એના ઉપર ચોકડી મારવી પડે એટલું. કાંઈ એક ટકાવારી દેવાની કે નહિ એને?

મુમુક્ષુ :- સ્વભાવમાં કચાશ રહી ગઈ છે એટલે ...

પૂજ્ય ભાઈશ્રી :- Junction થઈ ગયું છે. સાધકજીવને સાધતા સાધતા નિર્વાણદશાને પ્રાપ્ત કરવામાં કોઈ શુક્લલેશ્યાથી શુભનો તીવ્ર રસ પડે છે. દર્શનમોહ વગર ચારિત્રમોહ છે, માત્ર ચારિત્રમોહ છે. દર્શનમોહનો અભાવ હોય. ક્ષાયિક સમ્યગ્દર્શન હોય કે દર્શનમોહ ક્ષય થઈ ગયો છે. સત્તામાં પણ નથી. એવા જીવને ઉત્કૃષ્ટ શુભ પરિણામ થાય સર્વાર્થસિદ્ધિનું તેત્રીસ સાગરનું આયુષ્ય એને પડે. આ તો બહુ મોટું Junction છે. રોકાવા માટે તેત્રીસ સાગર પહેલા ત્યાંથી ચારિત્ર અંગીકાર કરીને નિર્વાણ દશા પ્રાપ્ત કરવાની કોઈ તક મળતી નથી. આગળ જ વધી ન શકે. જેમ બંધનમાં પડેલો બંધન ન છૂટે ત્યાં સુધી આગળ ન વધી શકે એવી સ્થિતિ થઈ જાય છે.

તીર્થંકર નામપ્રકૃતિ તો સૌથી ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ ત્રણે લોકને વિષે ગણાય છે. કેમકે એ તેરમા ગુણસ્થાન અરિહંત પરમાત્મા અરિહંત દશાને પ્રાપ્ત કરે ત્યારે એ તીર્થંકરદ્રવ્યને એ પ્રકૃતિનો ઉદય થાય છે. તીર્થંકરના આત્માને. કે જેને ત્રણે લોકના ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પુણ્યશાળીઓ વંદન કરે છે. એટલે એ એથી ઊંચી પ્રકૃતિ છે. સો ઇન્દ્રો જેને નમન કરે છે. ઊંચામાં ઊંચા પદવાળા અને ધર્માત્માઓ. ધર્માત્માઓ, મુનિરાજો, ઉપાધ્યાયો, આચાર્યો, ગણધરો બધા જ એમને વંદન કરે છે. અને જેમનો પુણ્યનો વૈભવ અલૌકિક હોય છે. મનુષ્યલોકમાં દેવોએ રચના જેની કરી છે અને છતાં એ દેવો પણ આશ્ચર્ય પામી ગયા છે કે આવી રચના થઈ ક્યાંથી! રચના કરનારને આશ્ચર્ય થઈ ગયું છે. એવી પુણ્ય પ્રકૃતિ એનું મૂલ્ય સમ્યગ્જ્ઞાનીને કેટલું?

એનું કાંઈ મૂલ્ય ન મળે, એનું કાંઈ મૂલ્ય નથી.

'ગુરુદેવ' તો સ્પષ્ટ કહેતા હતા. ભલે પોતાને વિષે તીર્થંકર દ્રવ્યની પ્રતીતિ હોવા છતાં બહુ સ્પષ્ટ કહેતા કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ..? શું છે? બંધભાવ, ઝેરભાવ છે, ઝેરના ઝાડ છે. કેમકે આત્મામાં આનંદ અમૃત ભર્યો છે. અમૃતની સાથે આમ સરખાવે છે. વીતરાગતા તે અમૃત છે અને રાગ છે એ ઝેર છે. વિરોધી છે ને? એમ વિવેક કરે છે. જ્ઞાન આવો વિવેક કરે છે. એ પોતાથી ભિન્ન છે એમ વિવેક કરે છે, પોતાથી વિરુદ્ધ છે એમ વિવેક કરે છે અને પોતાને જરાય ઉપાદેય નથી એમ વિવેક કરે છે. અને એનું કોઈ મૂલ્ય નથી. આ આત્મા પાસે, પોતાના સ્વરૂપ પાસે-પોતાના સ્વભાવ પાસે એની કોઈ કિંમત નથી.

'**તેમના સ્વભાવ-વિભાવપણાનો,...**' વિવેક કરે છે. '**તેમના સુખ-દુઃખરૂપ વેદનનો,...**' પણ વિવેક કરે છે. સ્વભાવમાં સુખ છે અને રાગાદિ વિભાવમાં દુઃખ છે એ પણ એ પ્રત્યક્ષ જાણે છે, પ્રત્યક્ષ એને વેદે છે. સુખને સુખપણે અને દુઃખને દુઃખપણે. દુઃખને દુઃખપણે વેદે અને એને સારું માને, એ વાત કેવી રીતે બની શકે? કોઈ રીતે બની શકવા યોગ્ય નથી. દુઃખને પણ સારું માને? તો એણે દુઃખને દુઃખરૂપે જાણ્યું નથી. રાગમાત્ર દુઃખ છે એમ છે ખરેખર તો. અમુક રાગ સુખરૂપ છે, અમુક રાગ દુઃખરૂપ છે એવો જે અનુભવ છે એ ભ્રાંતિએ ચડેલા જીવનો અનુભવ છે, નિર્ભ્રાંત દશામાં તો દુઃખ તે દુઃખ જ છે અને સુખ તે સુખ છે. સુખમાં દુઃખ નથી, દુઃખમાં સુખ નથી. બે ભાવ વિરુદ્ધ છે. એટલે શુદ્ધતામાં સુખ છે, અશુદ્ધતામાં દુઃખ છે અને તે કહેવામાત્ર નથી પણ વેદન રૂપે છે. એના વેદનનો એ વિવેક કરે છે. વિવેક કરે છે ત્યારે તે દુઃખથી હટે છે અને સુખ પ્રત્યે એ વળે છે. જીવના પરિણામ સ્વભાવિક રીતે દુઃખથી ખસે છે અને સુખ પ્રત્યે વળે છે. એ એનો વિવેક છે.

'**તેમના સાધક-બાધકપણાનો...**' શુદ્ધતા તે સાધક પરિણામ છે, અશુદ્ધતા તે શુદ્ધતાને બાધા કરનારા પરિણામ છે. અથવા પરસ્પર એકબીજાને વધ્યઘાતક સંબંધ છે. એક ઘાત કરનાર છે અને એક ઘાત થનાર છે. જો અશુદ્ધિનું જોર વધે તો શુદ્ધિનો ઘાત થાય. જો શુદ્ધિનું જોર વધે તો અશુદ્ધિનો ઘાત થાય. એકબીજાને વધ્યઘાતક સંબંધ છે. 'સમયસાર'માં એવો શબ્દ વાપર્યો છે. વધ્યઘાતક સંબંધ છે. રાગ તો જીવના પરિણામ છે. તો ત્યાં એવો જ દૃષ્ટાંત આચાર્ય મહારાજે આપ્યો છે. આ પીપર છે પીપર. પીપળા ને પીપર. પીપળા જેવા પાન હોય. પીપળામાં પણ લાખ થાય છે. લાખ-લાખ. અંદરથી રસ ઝરે છે. ક્યાંથી નીકળ્યું એ? જેમ રાગ આત્મામાંથી નીકળ્યો એમ તું કહે છો. તો આ લાખ પીપરમાંથી નીકળ્યું. શું

કરે? એને ખાય જાય. એનો ક્ષય કરી નાખે. એ ઝાડનો જ ક્ષય કરી નાખે. એમાંથી ને એમાંથી ઉત્પન્ન થયેલો રસ એનો ક્ષય કરી નાખે. એમ રાગરસ છે એ આત્માના સ્વભાવનો ઘાતક છે, ક્ષય કરનાર છે. માટે એને કોઈપણ રીતે સાધકદશામાં ઉપાદેય માનવામાં આવતા નથી. કોઈપણ રીતે ઉપાદેય નથી માનવામાં આવતા.

એમ '**તેમના સાધક-બાધકપણાનો ઈત્યાદિનો વિવેક વર્તે છે.**' એ જ્ઞાનનું કાર્ય વિવેક કરવાનું છે એમ કહે છે. દૃષ્ટિનું કાર્ય, દૃષ્ટિના વિષયભૂત આત્મસ્વભાવને, જ્ઞાયક સ્વભાવને અભેદભાવે વળગી રહેવાનું છે, ચીપકી રહેવાનું છે, ચોંટી રહેવાનું છે. અને જ્ઞાનનું કાર્ય વિવેક કરવાનું છે. શું હેય છે અને શું ઉપાદેય છે એનો વિવેક જ્ઞાન કરે છે. '**સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે, પણ 'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે.**' આ એક સાધકને યોગ્ય પરિણામમાં પુરુષાર્થની વિશિષ્ટતા અહીંયાં દર્શાવવી છે.

અહીંયાં ખાસ કરીને આ બોલની અંદર પુરુષાર્થ પ્રધાન જ્ઞાનની દશાનું વર્ણન છે. જે સાધકદશા છે, જ્ઞાનીની દશા છે, મોક્ષમાર્ગી ધર્માત્માની જે દશા છે એમાં અનંત ગુણ પ્રગટતા હોવાથી અનેક ગુણથી એ દશાની મહિમા અને પ્રશંસા કરતાં કરતાં અનેક વાતો આવે છે ત્યારે અનેક પડખેથી એ દશાને મૂલવવામાં આવે છે, એની મૂલવણી કરવામાં આવે છે અને એને દર્શાવવામાં આવે છે. એમાં અહીંયાં પ્રકાર લીધો છે-પુરુષાર્થ પ્રધાન સાધકદશા કેવી હોય છે એ વાત કરે છે. .. બોલ તો ઘણી રીતે આવ્યા છે. વિશેષતા શું છે? કે એને ભલે એક વર્ગમાં આવા બોલને મૂકીએ કે સાધકદશા અથવા જ્ઞાનીની દશા કેવી હોય. પણ એ દરેક વાતોમાં એના જુદા જુદા પડખેથી એ દશાને સમજવાનો અવસર મળે છે.

આ બોલની અંદર એમ કહે છે કે '**સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે,...**' એ સંક્ષેપ કરી નાખ્યો. નહિતર એનો વિસ્તાર ઘણો છે. કે ચોથા ગુણસ્થાને શ્રદ્ધા કેવી હોય? જ્ઞાન કેટલું હોય? સુખ અને આનંદ કેટલો પ્રગટ્યો હોય? પુરુષાર્થ કેટલો પ્રગટ્યો હોય? એનો વ્યવહાર કેવો હોય? વ્યવહારની અંદર કેવા પરિણામ હોય? કઈ મર્યાદામાં એના પરિણામ હોય? એ મર્યાદાની બહારના પરિણામ પણ કેવા હોય કે જે એને થાય જ નહિ એવા પરિણામ કેવા હોય? એમ. એમ અસ્તિથી અને નાસ્તિથી એનો ઘણો વિસ્તાર છે. એમ પાંચમા ગુણસ્થાનનો, એમ મુનિદશાનો છઠ્ઠા-સાતમા ગુણસ્થાનનો ઘણો વિસ્તાર છે. એને એક વાક્યમાં સંક્ષેપ કરી દીધો છે.

'**સાધકદશામાં સાધકને યોગ્ય અનેક પરિણામો વર્તતા હોય છે,...**' પણ એ

બધા ગુણસ્થાનોમાં સળંગ પુરુષાર્થના જે પરિણામ છે એમાં પોતાના પૂર્ણ સ્વરૂપના અવલંબનથી ઉત્પન્ન થયેલું બળ છે-પુરુષાર્થ છે. કોઈ એમ કહે ને કે મારી પાસે કરોડો છે, અબજો છે. મારી પાસે મોટું જૂથ છે. મારી પાસે સત્તા છે, હું આ દેશનો રાજા છું, President છું, ફલાણો છું. તો એનો આધાર લે છે ને? પોતાની સત્તા છે, પદ છે એનો આધાર લે છે, પોતાની સંપત્તિનો માણસ આધાર લે છે, શરીરબળનો આધાર લે છે કે હું આવો બળવાન છું.

અહીંયાં સાધક પોતાના પૂર્ણ પદનો, સિદ્ધપદનો આધાર લે છે કે મૂળ સ્વરૂપે હું પરિપૂર્ણ સિદ્ધ સમાન પરમાત્મસ્વરૂપે છું. મારા પરમેશ્વરપદનો મને આધાર છે. અને એ આધાર એને કોઈપણ ગુણસ્થાનમાં એનું બળ તો એક સરખું જોરથી, પુરુષાર્થ છે એ બધા ગુણસ્થાનમાં પૂર્ણતાના આધારે ઉત્પન્ન થયેલું એક જોર છે, એક આવેગ છે અને એ પુરુષાર્થ સતત સતત, સતત સાથે ને સાથે જ રહે છે. બધા પ્રકારના શ્રદ્ધા, જ્ઞાન, આચરણના તમામ પ્રકારના પરિણામમાં આવું બળ સતતપણે, નિરંતરપણે સાથે જ રહે છે. મોક્ષમાર્ગની અંદર આ એક પુરુષાર્થની વિશિષ્ટતા છે.

અનેક પરિણામોની સાથે '**'હું પરિપૂર્ણ છું' એવું બળ સતત સાથે ને સાથે રહે છે.**' ઓલામાં જ્ઞાન-વૈરાગ્ય શક્તિ લીધી હતી ને. જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ. ૩૮૯માં જ્ઞાનીની દશા લીધી છે. એની કોઈ જ્ઞાન-વૈરાગ્ય શક્તિ જુદી જ હોય છે. સ્વરૂપનું જ્ઞાન અને અન્ય દ્રવ્ય અને અન્ય ભાવ પ્રત્યેની ઉપેક્ષા, સ્વરૂપની અપેક્ષા અને આની ઉપેક્ષા. અન્યની ઉપેક્ષા. એ જ્ઞાન-વૈરાગ્યના પડખાથી જ્ઞાનદશાનું વર્ણન હતું. અહીંયાં પુરુષાર્થની મુખ્યતાથી વર્ણન છે. આ ફેર છે. આ હમણાં જ બોલ ચાલી ગયો આપણે. બે વચ્ચે વિષયફેર કેટલો છે, એકને એકમાં પેટા વિષય કેટલો ફેર છે. એક વિષય તો મૂળ જ્ઞાનદશાનો જ છે. સાધકદશા કેવી હોય? મોક્ષમાર્ગીની દશા કેવી હોય? હવે એની અંદર કેટલા-કેટલા કેવા-કેવા પ્રકાર ઉત્પન્ન થાય છે આ ખોલ્યું છે. આ વિષયને ખોલેલો છે. 'ગુરુદેવશ્રી'એ પણ આ વિષય બહુ ખોલ્યો છે. 'પરમાગમસાર'માં પણ એ વિષય ઘણો આવ્યો છે.

'**એવું બળ સતત...**' સતત એટલે નિરંતર. ક્યારેક એ બળ હોય અને ક્યારેક એ બળ ન હોય એવું બનતું નથી. સતત જ હોય છે, નિરંતર હોય છે અને તે બધા પરિણામોની સાથે ને સાથે રહે છે. અથવા એવા બળને લીધે સર્વ ગુણોના પરિણામ છે એ વિકાસ પામતા જાય છે. બધા ગુણો વિકાસ પામે છે. એ પુરુષાર્થને લીધે વિકાસ પામે છે. '**પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે...**' પરુષાર્થની ક્રિયા ક્યાં થાય છે? મનમાં, વચનમાં કે કાયામાં થાય છે એમ નથી કહેતા. પુરુષાર્થની

ક્રિયા રાગમાં થાય છે એમ નથી કહેતા કે, ભાઈ! આવો શુભરાગ થયો એ પુરુષાર્થને લઈને થયો. અથવા પરદ્રવ્યમાં પુરુષાર્થ નથી કરતો જીવ. સાધકજીવ પરદ્રવ્યમાં (પુરુષાર્થ નથી કરતો) કે જુઓ, આટલો ત્યાગ કરી નાખ્યો. કેટલો પુરુષાર્થ! એણે સર્વસંગપરિત્યાગ કરીને દીક્ષા ધારણ કરી. કેટલો પુરુષાર્થ! બધા જેટલા કોઈ ચક્રવર્તીને યોગ્ય વૈભવ હતા, એ મનુષ્યગતિનું ઊંચામાં ઊંચુ પુણ્ય છે ચક્રવર્તીનું, પછી મિથ્યાદષ્ટિ હોય કે સમ્યગ્દષ્ટિ હોય, બંને હોય છે એની અંદર. પણ મનુષ્યમાં ચક્રવર્તીનું પુણ્ય સૌથી મોટું છે. દેવમાં ઈન્દ્ર છે. તો એવો વૈભવ છોડીને જંગલમાં જનાર મુનિરાજ, એણે જડમાં પુરુષાર્થ કર્યો કે ચૈતન્યમાં કર્યો? જીવનો પુરુષાર્થ જીવના કાર્યક્ષેત્રમાં છે અને જડના કાર્યક્ષેત્રમાં નથી.

**'પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે...'** કોઈપણ ક્રિયા, કોઈપણ ગુણની કોઈપણ ક્રિયા. આત્માની ક્રિયા, આત્માની પર્યાયની મર્યાદાનું ઉલ્લંઘન કરીને અન્ય પદાર્થમાં, જડ પદાર્થમાં કોઈપણ ક્રિયા થતી નથી, થઈ શકતી પણ નથી. મનમાં નહિ, વચનમાં નહિ, કાયામાં નહિ અને બીજા સંયોગોમાં પણ નહિ. અને શુદ્ધ પુરુષાર્થની ક્રિયા, શુદ્ધ પરિણમનની ક્રિયા રાગમાં પણ નહિ. એની મર્યાદા જુદી અને આની મર્યાદા જુદી. એમ લેવું.

**'પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે,...'** સાધકનું જ્ઞાન તેને જાણે છે કે જ્ઞાન એવી પર્યાય છે કે પોતાને પણ જાણે અને અન્ય ગુણોના પરિણામને પણ જાણે. દષ્ટિને પણ જાણે, પુરુષાર્થને પણ જાણે, ચારિત્રમાં સ્થિરતા કેટલી થઈ એને જાણે, અસ્થિરતા કેટલી રહી એને પણ જાણે, અસ્થિરતાથી ચારિત્રમાં રાગ કેટલો થયો એને પણ જાણે, સુખને પણ જાણે અને દુઃખને પણ જાણે. સાધકપણાને, બાધકપણાને બધાને જાણે.

**'પુરુષાર્થરૂપ ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે અને સાધક તેને જાણે છે, છતાં દષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.'** આવું બધું જ્ઞાન જાણે છે અને પુરુષાર્થની ઘણી પ્રધાનતા હોય છે તોપણ એ સર્વ પર્યાયો કરતા સાધક જીવને શેમાં અધિકાઈ અને શેમાં મુખ્યતા છે? એને કોની મુખ્યતા છે? કે પોતાના દષ્ટિના વિષયભૂત એવું જે, શ્રદ્ધાએ વિષયભૂત કરેલું છે એવું જે દ્રવ્ય નહિ પણ નિષ્ક્રિય દ્રવ્ય, અપરિણામી દ્રવ્ય, જેને ક્રિયા નથી એવું દ્રવ્ય.

નિષ્ક્રિય શબ્દ પ્રકરણ અનુસાર અનેક અર્થમાં એનો પ્રયોગ થાય છે. જેમકે બહારના કાર્યોમાં આત્મા પરપદાર્થના કાર્યો કરવામાં નિષ્ક્રિય છે એમ કહેવાય અને પોતાની પર્યાયનું કાર્ય કરવામાં તે સક્રિય છે. સ્વભાવદષ્ટિએ એ જ આત્માના સ્વભાવથી જોવામાં

આવે તો સ્વભાવ દ્વારા વિભાવને કરવો અશક્ય હોવાને લીધે. સ્વભાવ દ્વારા વિભાવને કરવો જ અશક્ય હોવાને લીધે આત્મા વિભાવ કરવા માટે નિષ્ક્રિય છે, રાગ કરવા માટે આત્મા નિષ્ક્રિય છે. સ્વભાવદૃષ્ટિએ. એ જ આત્માના સ્વભાવને-નિષ્ક્રિય સ્વભાવને-અપરિણામી સ્વભાવને-લક્ષમાં લેતા આત્મા એક સમયના શુદ્ધાશુદ્ધ પરિણામને કરવા માટે નિષ્ક્રિય છે. કેમકે સામાન્ય તે સામાન્ય રહે છે. સામાન્ય કદી વિશિષ્ટ થતું નથી. શક્તિ હંમેશા શક્તિરૂપે રહે છે. શક્તિ મટીને વ્યક્તિ થતી નથી.

એટલે અહીંયાં એ શબ્દનો પ્રયોગ કર્યો છે, આ જગ્યાએ કે '**દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય...**' એટલે દ્રવ્ય સ્વભાવ અહીંયાં લેવો. દ્રવ્ય એટલે પ્રમાણનો વિષય ન લેવો અહીંયાં. 'ગુણપર્યયવત્ દ્રવ્યં' એ વાત અહીંયાં ન લેવી. અહીંયાં દ્રવ્ય એટલે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ. દૃષ્ટિનો વિષયભૂત દ્રવ્યસ્વભાવ. ધ્રુવ અપરિણામી નિષ્ક્રિય સ્વભાવ. ૩૨૦ ગાથામાં ભગવાન 'જયસેનાચાર્યદેવે' 'સમયસાર'માં નિષ્ક્રિય શબ્દનો પ્રયોગ કર્યો છે. કે આત્મા પરમપારિણામિકભાવ સ્વરૂપે છે, જે પરમશુદ્ધ નિશ્ચયનયનો વિષયભૂત છે. અહીંયાં શ્રદ્ધાનો વિષયભૂત, દૃષ્ટિનો વિષયભૂત કર્યો. ત્યાં જ્ઞાનની અપેક્ષાએ પરમ શુદ્ધ નિશ્ચયનયનો વિષય (કહ્યો). શુદ્ધ નિશ્ચય ન લીધો, પરમશુદ્ધ નિશ્ચયનયનો વિષય એમ વાત કરી. એવો જે પારિણામિકભાવ છે એ નિષ્ક્રિય છે.

મહારાજ! નિષ્ક્રિયનો શું અર્થ કરો છો? 'નિષ્ક્રિય ઈતિ કુ અર્થ?' નિષ્ક્રિયનો શું અર્થ કરો છો? તો કહે છે, જેમાં બંધ અને બંધના કારણભૂત કોઈ પરિણામ ન હોય અને જેમાં મોક્ષ અને મોક્ષના કારણભૂત એટલે મોક્ષમાર્ગના પરિણામ ન હોય એવા સર્વ પરિણામોના અભાવસ્વભાવે જે છે, એ સર્વ પરિણામની ક્રિયાથી જે શૂન્ય છે અને એ સર્વ પરિણામ ક્રિયાથી જે રહિત છે, ત્રણ બોલ વાપર્યા છે, એને અહીંયાં અમે નિષ્ક્રિય દ્રવ્ય કહીએ છીએ. આનું નામ નિષ્ક્રિય દ્રવ્ય છે. એવું તે દ્રવ્ય અધિક ને અધિક રહે છે.

આની અંદર ગૂઢ રહસ્યાર્થ છે કે સામાન્ય રીતે પર્યાયમાં વિવેક કર્યો ત્યારે હેય-ઉપાદેય નક્કી કર્યું કે સ્વભાવિક પરિણામ છે તે ઉપાદેય છે, સુખ ઉપાદેય છે, શુદ્ધિ એ ઉપાદેય છે, વીતરાગતા ઉપાદેય છે. અને રાગાદિ હેય છે, દુઃખ હેય છે, અપવિત્રતા હેય છે. એમ પરસ્પર પરિણામોની અંદર મુખ્ય-ગૌણ કરવા છતાં પણ સર્વ પરિણામથી અધ્યાત્મની સર્વ દશાઓથી કોઈ અધિકમાં અધિક સ્થાન હોય તો તે નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક દ્રવ્યનું સ્થાન છે. એમ કહે છે. કોઈ અધ્યાત્મ પર્યાયોનું નહિ. ચાહે સમ્યગ્દર્શનની હોય, ક્ષાયિક સમ્યગ્દર્શનની પર્યાય હોય, પરમ પુરુષાર્થ મુનિરાજની દશા

હોય કે જે સ્થિર જંગલમાં રહેતા હોય કે કેવળજ્ઞાનની દશા હોય. શુદ્ધાત્મ દ્રવ્યથી કોઈ અધિક નથી. સાધકને શુદ્ધાત્મ દ્રવ્યથી કોઈ અધિક નથી.

'**એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.**' એટલે સાધકજીવ અધ્યાત્મ પર્યાયોની પ્રશંસા, ગુણ પ્રગટ્યા એની પ્રશંસા અને મહિમા કરે તોપણ એ મર્યાદિત વાત છે. એની મહિમાની વાત, સમ્યગ્દર્શનના મહિમાની વાત મર્યાદિત છે અને કેવળજ્ઞાનના મહિમાની વાત પણ મર્યાદિત છે. સ્વભાવની મહિમાની વાત અમર્યાદિત છે. એમ લેવું. આમાં મર્યાદા છે અને આમાં મર્યાદા નથી. એમ લેવું. અથવા સ્વભાવનો આધાર છોડ્યા વિના, અવલંબન છોડ્યા વિના, એના મહિમાનો ત્યાગ કર્યા વિના, એટલું જ નહિ એનો મહિમા કરવા અર્થે સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનનો મહિમા કરવામાં આવે છે.

જેમ કોઈ નોકરનો મહિમા કરે અને એ દ્વારા શેઠનો મહિમા બતાવે. કે ભાઈ! ફલાણી પેઢીનો મેનેજર છે એની પાસે લાખો-કરોડો થઈ ગયા છે. જો એના મેનેજર પાસે લાખો-કરોડો થયા હોય તો એના માલિક પાસે કેટલા હશે? એમ બતાવવા માટે એના નોકર-ચાકરની કિંમત કરવામાં આવે. ખરેખર અહીંયાં નોકર-ચાકરને બતાવવા નથી પણ એના શેઠની સંપત્તિને બતાવી છે. એમ સમજવું.

(તેમ) અધ્યાત્મ પર્યાયોનો મહિમા તે અધ્યાત્મ પર્યાયો જેનો આધાર લઈને પ્રવર્તે છે એનો મહિમા દર્શાવવા અર્થે એ વાત ચાલે છે. એમાં બીજી કોઈ અપેક્ષા લઈ અને શુદ્ધ દ્રવ્યનો મહિમા છૂટી જાય તો એને મહિમા કરતા આવડ્યો નથી. ઊંધે રસ્તે ગયો. સમ્યગ્દર્શનનો મહિમા કરે અને વિપર્યાસ થાય? ખરેખર કરે તો ન થાય. જો એને શુદ્ધાત્મ દ્રવ્યની, સમ્યગ્દર્શનના વિષયભૂત દ્રવ્યની મહિમા લક્ષમાં હોય તો ન થાય. પણ એ વગર કરે તો? તો એને સમ્યગ્દર્શનનો મહિમા કરતા આવડ્યો નથી અને એ સમ્યગ્દર્શનનો મહિમા ખરેખર કરતો નથી. એમ લેવું.

એમાંથી એ સુર નીકળે છે. છતાં એમ કહીને, આટલ આટલી વાત કરી, પુરુષાર્થ સુધીની વાત કરી. '**છતાં દૃષ્ટિના વિષયભૂત એવું જે નિષ્ક્રિય દ્રવ્ય તે અધિક ને અધિક રહે છે.**' એમાંથી આ વાત નીકળે છે કે પુરુષાર્થની પર્યાય કે કેવળજ્ઞાનની પર્યાય કે પરમાનંદની પર્યાય એ સર્વ કરતાં નિષ્ક્રિય દ્રવ્ય અધિક છે. અધિક છે એટલે મહાન છે. ઊંચું છે. એનું કદ એનું સ્થાન ઊંચું છે. અથવા એનાથી અનંતગુણ વિશિષ્ટ છે. એક સમયની સિદ્ધપર્યાયથી તે અનંતગુણ વિશિષ્ટ છે.

એટલે 'ગુરુદેવશ્રી' એમ કહેતા કે, ભાઈ! તેં તારા સ્વરૂપને ઓળખ્યું નથી. તારા પેટમાં-તારા સ્વરૂપના પેટમાં, કેમકે બહાર પર્યાય નથી એટલે પેટમાં ગણાવે છે.

અનંતી સિદ્ધની પર્યાયો પડી છે. કેટલી? એક, બે, ત્રણ, ચાર, પાંચ, લાખ, કરોડ, અબજ નહિ પણ અનંત સિદ્ધ પર્યાયો પડી છે. એવું તારું બહુ મોટું પેટ છે. પણ તને તારા સ્વરૂપની ઓળખાણ નથી. એમ છે.

**'આવી સાધકપરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે, બીજાને સમજવું અઘરું પડે છે.'** મૃદુ ભાષા વાપરી છે. નહિતર આવી રીતે બોલાય છે કે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનીને આ બરાબર સમજાય છે, અજ્ઞાનીને, મિથ્યાદૃષ્ટિને સમજાતું નથી. પણ અજ્ઞાની ને મિથ્યાદૃષ્ટિ શબ્દનો પ્રયોગ કરવાને બદલે સાધક સિવાયના, જ્ઞાની સિવાય બીજાને સમજાતું નથી. ત્યાં એવો શબ્દપ્રયોગ હતો.

મુમુક્ષુ :- ભાવમાં કેટલી કોમળતા!

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત કરતા હતા. આ બોલ ઉપર ચર્ચા થઈ હતી. અહીંયાં એવું લખેલું હતું કે અજ્ઞાનીને આ સમજવું અઘરું પડે છે. તો કહે, 'પૂજ્ય બહેનશ્રી'એ શબ્દ ફેરવ્યો કે અજ્ઞાની શબ્દ કાઢી નાખી, બીજાને નથી સમજાતું એમ રાખોને આપણે. શબ્દ બદલાવ્યો છે, પોતે બદલ્યો છે. કેમ? કે મારી બોલવાની આવી પદ્ધતિ છે. લખનારે તો જે પોતાને ભાવમાં આવ્યું હોય એ પ્રમાણે એને શબ્દ તો પોતાને ખ્યાલમાં રહ્યો હોય એ પ્રમાણે લખી લે. વાંચી સંભળાવ્યું. ત્યારે અહીંયાં શબ્દ બદલ્યો છે. એકવાર એ ચર્ચા થયેલી.

**'આવી સાધકપરિણતિની અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે,...'** જ્ઞાનીને શું અધિક છે? શું પુરુષાર્થ છે? શું શ્રદ્ધા છે? શ્રદ્ધા તો મૂળગુણ ગણીને એનો બહુ જબરજસ્ત વક્કર ગણવામાં આવે છે. માણસ કહે છે ને કે ભાઈ, અમારા ઘરમાં, અમારા કુટુંબમાં સો-પચાસ માણસ છે પણ આનો વક્કર ઘણો છે. વક્કર એટલે શું? એનું જોર. એમ શ્રદ્ધાનું જોર બધા ગુણોમાં ગણવામાં આવે છે. કેમકે એક ગુણ એવો છે જે મૂળમાં કામ કરે છે અને પૂરેપૂરો સવળો થઈને કામ કરે છે. પુરુષાર્થની પ્રધાનતા છે પણ કેટલોક પુરુષાર્થ રાગમાં વહેંચાય છે. બાહ્ય ક્રિયાને અનુસરતા પરિણામોમાં કેટલોક પુરુષાર્થ વહેંચાય છે.

જેમકે મુનિરાજ છે. આહારમાં અંતરાય પડ્યો અને ઉપવાસ થયો. છેંતાલીસ દોષ રહિત આહાર હોય. શંકા પડી ગઈ કે ઘરમાં બે માણસ છે અને આટલા બધા તપેલા કેમ છે? આ આટલો બધો ખોરાક કેમ છે? બીજા માણસ ગેરહાજર હોય અથવા તો કોઈનો ખોરાક વધારે હોય. એમને શંકા પડે. બે માણસ ઘરમાં છે. બીજું કોઈ આમાં છે નહિ ને આમાં તો રાંધ્યું છે ઘણું. કાંઈ મારા ઉદ્દેશ્યથી તો નહિ રાંધ્યું હોય ને? ક્યાંક મહારાજ આવી ચડે તો મારે આહાર કરાવવા કામ લાગશે.

આહારદાન દેવામાં ઉપયોગી થશે માટે આપણે વધારે રાંધવાનું. મહારાજ માટે એટલું વધારે રાંધવું. એવી જો શંકા પડે ને તો આહાર છોડી દે. આહાર છોડી દે તો એમને ઉપવાસ પડે. તો પછી એ ક્ષુધાપરિષહને ટકાવવા માટે એમનો પુરુષાર્થ આત્મામાં જાય છે અને એવો જે વિકલ્પ આવે છે એનું જોર આવે છે કે છૂટી જાય. આહારનો વિકલ્પ છૂટી જાય. આર્તધ્યાન ન થાય કે અરે..રે..! આજે ઉપવાસ પડ્યો. એવું આર્તધ્યાન એમને ન થાય. વીતરાગતા વધે. પણ એ વખતે જોરથી વિકલ્પ આવે. એટલે આર્તધ્યાન ન થાય. એટલું બળ આવે પરિણામની અંદર, વિચારની અંદર. વિચારબળ એટલું જોરથી આવે. તો એટલો પુરુષાર્થ ત્યાં લાગે. શ્રદ્ધામાં એવું નથી. પુરુષાર્થ બે જગ્યાએ વહેંચાય. શુદ્ધતાના પરિણામમાં અને શુભ વ્યવહારના પરિણામમાં. શ્રદ્ધામાં એવું બનતું નથી. એને એક જ વિષય છે. એટલે એનો પરિણામની અંદર વક્કર ઘણો છે.

એવું બધું જે પરિણામની અંદર અનેક પ્રકારના ગુણના પ્રકારો છે પરિણામવાના કે શ્રદ્ધાગુણ કેવા પ્રકારે પરિણમે? જ્ઞાન કેવા પ્રકારે પરિણમે? પુરુષાર્થ કેવા પ્રકારે પરિણમે? એ બધી અટપટી રીતને જ્ઞાની બરાબર સમજે છે. પોતાના અનુભવથી અને પોતાના પરિણમનથી એ બરાબર સમજે છે. અને એવું સમજવું બીજાને, એવો અનુભવ ન હોય એવા બીજાને સમજવું અઘરું પડે છે.

કેટલાક પાત્ર જીવો એ દશાના સમજી શકે છે. એ સમજતા એને જો કાંઈ ભાવ ભાસે છે, એવી જો એની જ્ઞાનની યોગ્યતા હોય તો એને એ બધા પરિણામોની અંદર નિષ્ક્રિય દ્રવ્યની અધિકતા શું ચીજ છે એ એને સમજાય છે. અટપટી રીતમાં આ છે એક વિશેષ કે અનેક ગુણોના પરિણામ તો પોતપોતાની રીતે કામ કરે છે એટલે એને શંકા પડતી નથી. શુદ્ધતા, પૂર્ણતાનું ધ્યેય અને શુદ્ધતા અને શ્રદ્ધા પૂર્ણતાની હોવા છતાં, ધ્યેય અને શ્રદ્ધા પૂર્ણતાની હોવા છતાં સાધકને રાગ કેમ થયો? એ એને શંકા પડતી નથી. કેમકે એના ચારિત્રગુણની યોગ્યતા અનુસાર એ પરિણમતો સમજે છે. એના પુરુષાર્થને પણ એના ગુણસ્થાન અનુસાર સમજે છે. પણ એ સર્વમાં અધિકમાં અધિક જે પરમાત્મ દ્રવ્ય છે, પરમેશ્વર દ્રવ્ય, નિષ્ક્રિય પારિણામિકભાવ છે એ મુખ્ય વિષય છે. એ પણ જ્યારે એના પરિણામમાં એને સમજાય છે ત્યારે એને એ વિષયનું રહસ્ય સમજાય જાય છે અને એની ગતિ પણ પોતાના પરમાત્મ દ્રવ્ય પ્રત્યે ચાલુ થઈ જાય છે.

આમ જ્ઞાનીની દશા ઓળખાતા એ દશાનું કેન્દ્રસ્થાન જે પરમેશ્વરપદ છે તે પરમેશ્વરપદ પ્રત્યે લક્ષ જતા એને પોતાના પરમેશ્વરપદનો પત્તો લાગે છે. એટલે એ

મુમુક્ષુ, પાત્ર મુમુક્ષુ આગળ વધીને જ્ઞાનદશાને, ધર્મદશાને પ્રાપ્ત છે. સમ્યગ્દર્શનને એ પ્રાપ્ત કરે છે. એનું એ કારણ છે. એટલે એવા કોઈ ઉત્કૃષ્ટ પાત્રને એ સમજાય છે અથવા જ્ઞાનીને સમજાય છે. એ સિવાયના બીજાને સમજાતું નથી. અથવા ઘણું અઘરું પડે છે કે આવું બધું! આ બધી શું વાત ચાલે છે? કાંઈ મેળ ખાતો નથી એવું લાગે. અનેક જગ્યાએ એવો એને તર્ક-વિતર્ક ઊઠે છે. સમાધાન ..

## તા. ૧-૦૭-૧૯૮૮, વચનામૃત-૩૯૩થી ૩૯૫
## પ્રવચન નં. ૩૧૦

૩૯૩, છેલ્લો Paragraph. ધ્રુવ જ્ઞાયકને અવલંબવું એની વાત છે. એ અવલંબન કેવી યોગ્યતાવાળો જીવ લે છે એ શરૂઆતમાં વાત કરી છે. જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું હોય તે. ... પ્રતિકૂળતાઓ દૂર કરવી હોય, અનુકૂળતાઓ લાવવી હોય એનો અહીંયાં યોગ્ય પ્રકાર નથી. જેને એવી ચિંતા, એવો પ્રકાર છે એમાં એકત્વ થઈ જતાં એ ... આવે છે. એ તો જ્ઞાયક ભૂમિનો આશ્રય કેવી રીતે લેશે? કેમકે એને તો એ ઉદય સર્વસ્વ થાય છે. એટલે નાસ્તિથી વાત છે કે ભવભ્રમણથી છૂટવું હોય, અસ્તિથી વાત છે કે પરિપૂર્ણ શુદ્ધ થવું હોય. બે એક જ પર્યાયની વાત છે. જો પૂર્ણ શુદ્ધ દશા પ્રગટે તો ભવભ્રમણ ન રહે, ભવભ્રમણનો જ હેતુ હોય તો પૂર્ણ શુદ્ધતા પ્રગટાવવી ... એવું જેનું ધ્યેય હોય. છૂટવું હોય એટલે એવું જેનું ધ્યેય હોય. એ ધ્યેયથી જેનું જીવન હોય.

ધ્યેયનો અર્થ એ છે કે જેની વિસ્મૃતિ ન થઈ શકે. માણસ જ્યાં જવા ચાહે છે ત્યાં જવા માટે ગમે તેટલા ડાબા-જમણા વળાંક આવે છે. કોઈવાર જમણે વળવું પડે, કોઈવાર ડાબે વળવું પડે. પણ છતાં જ્યાં જાવું છે એને માટે એ બધું વળવું છે. જેટલા વળાંક છે એ શેના માટે વળવા છે? કે જ્યાં પહોંચવું છે એના માટે. એટલી મર્યાદા છે.

એમ ઉદયના પ્રસંગોની મર્યાદા થઈ જાય અથવા અત્યંત ગૌણ થઈ જાય. અને ભવભ્રમણથી છૂટવું છે એ જ જેને મુખ્ય હોય, તેણે પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી. એ જ નિર્ણયમાં આવે છે. નિર્ણય પહેલાની ભૂમિકા આ ભાવનાની છે, આ યોગ્યતાની છે, આ પાત્રતાની છે કે જેને ભવભ્રમણથી છૂટવું છે.

જગતના જીવો તો ધર્મના .. ધર્મ કરવાના બદલામાં સંયોગો ઇચ્છે છે, ઇષ્ટ સંયોગો ઇચ્છે છે, અનિષ્ટતાનો વિયોગ ઇચ્છે છે. અને એ અર્થે ધર્મ કરે છે. એ હેતુથી ધર્મ કરે છે. એને તો અહીંયાં પોતાના સ્વપદાર્થનો નિર્ણય જ નહિ થાય. એને તો સ્વ પદાર્થનો નિર્ણય નહિ થાય એટલે પરપદાર્થની ભિન્નતાનો પણ નિર્ણય નહિ થાય. કેમકે પરપદાર્થને તો વળગ્યો છે. અનિષ્ટ પદાર્થોને દૂર કરવા છે, ઇષ્ટ પદાર્થોને મેળવવા છે. એને ભિન્નતાની વાત ક્યાંથી આવવાની?

એમ પોતાને પરદ્રવ્યથી ભિન્ન પદાર્થ નક્કી કરી. એમ કરીને બેય Stgae લઈ લીધા. જેને ધ્રુવ જ્ઞાયક ઓળખીને મહિમા આવે છે. એ મહિમાથી જેને એકાગ્રતા સધાય છે અને સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રગટ થાય છે, એ પહેલા એને ભવભ્રમણથી છૂટીને સ્વ-પર પદાર્થનો નિર્ણય, પ્રયોજનભૂત પદાર્થનો નિર્ણય કરવો જોઈએ. મૂળ પ્રયોજભૂત પદાર્થ પોતાનું મૂળ સ્વરૂપ છે. એ સિવાયનું પ્રયોજન પર્યાયમાં જ્યાં જ્યાં વિપર્યાસ થતો હોય ત્યાંથી છૂટવું એ છે અને અવિપર્યાસને પ્રાપ્ત થવું એ છે. એ પર્યાય પૂરતું  મર્યાદિત છે. ત્રિકાળી સ્વરૂપનું પ્રયોજન અમર્યાદિત છે. એ જ આશ્રયસ્થાન હોવાથી, એ જ અવલંબનભૂત વિષય હોવાથી એની કોઈ મર્યાદા નથી. અથવા એ સર્વસ્વપણે, સર્વથાપણે પ્રયોજનભૂત છે. આ પ્રકારે સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયાસ કરવો એમ કહે છે. નક્કી કરે ત્યાં એને મહિમા આવે. મહિમા આવે તો સમજવું કે નક્કી થયું છે. જો મહિમા ન આવે તો એમ સમજવું કે નક્કી થયું નથી. એમ વાત છે.

**'જો ધ્રુવ જ્ઞાયકભૂમિનો આશ્રય ન હોય તો જીવ સાધનાનું બળ કોના આશ્રયે પ્રગટ કરે?'** જે આ સાધના છે, વીતરાગમાર્ગની આરાધના છે એ કોના અવલંબને થશે? કોના આશ્રયે થશે? એ નક્કર એવું જે પોતાનું ધ્રુવ સ્વરૂપ-ચૈતન્યભૂમિ. રાગના માધ્યમથી પરપદાર્થનો આશ્રય કરવા જશે, અવલંબન લેવા જશે ક્યાંય ટકી શકશે નહિ એમ કહેવું છે. જોરથી કીધું છે. પ્રશ્નાર્થ ઉઠાવ્યો છે ને? કોના અવલંબને ટકશે? અવલંબનથી ટકવાનું શું સાધન છે? એને અવલંબનભૂત તત્ત્વ શું છે કે જેના આધારે ટકે? જેને નિજ જ્ઞાયક ભગવાનનો આધાર છે એનું અવલંબન એટલું બધું શક્તિશાળી છે કે સાદિઅનંત કાળ પર્યંત એ પરિણમન પોતામાં રહેશે, ટકી શકશે, પૂર્ણ થઈને રહેશે. બાકી તો સાધનાનું બળ જ ઉત્પન્ન નહિ થાય.

અન્યથા પ્રકારે જગતમાં યોગ, તંત્ર, મંત્ર આદિના પ્રયોગ અનેક પ્રકારની ક્રિયાઓ અને સાધના કરવામાં આવે છે. પણ એનાથી એનું જે આશ્રયસ્થાન, અવલંબનનું સ્થાન કાં પરદ્રવ્ય અને કાં રાગ હોવાથી જીવ એના આશ્રયે ટકી શકતો નથી. ખરેખર એ સાધના જ નથી. સ્વરૂપ એમાં નહિ સધાતું હોવાને લીધે એ સાધના જ નથી. એનું નામ સાધના આપે છે કે અમે આમ સાધના કરીએ છીએ. જેમ ધ્યાન કેન્દ્ર ખોલે છે. સાધના કેન્દ્ર એવું નામ આપે છે ને. આરાધના કેન્દ્ર, સાધના કેન્દ્ર. કેન્દ્ર એટલે સ્થાન. અહીંયાં આવીને તમે સાધના કરી શકો, આરાધના કરી શકો. પણ વસ્તુ સ્વરૂપનું યથાર્થ નિરૂપણ હોય અને સ્વ-પર પદાર્થને નક્કી કરીને અંતર્મુખ થવાનું સાચું માર્ગદર્શન મળી શકતું હોય, એવી પરિસ્થિતિ હોય ત્યાં સાધના અંતઃતત્ત્વ સ્વરૂપ,

પોતાના જ્ઞાયક સ્વરૂપના અંતર આશ્રયથી થઈ શકે, આવી શકે. એ વિના કોઈ સાધના આરાધનાનો પ્રકાર ઉત્પન્ન થતો નથી. એ તો નામમાત્ર છે.

'**જ્ઞાયકની ધ્રુવ ભૂમિમાં દૃષ્ટિ જામતાં,...**' શ્રદ્ધાન થતાં અને '**તેમાં એકાગ્રતારૂપ પ્રયત્ન કરતા કરતાં,...**' ઉપર ઉપરના ગુણસ્થાનમાં જેમ જેમ એકાગ્રતાનો પુરુષાર્થ થાય છે. કરતા કરતા એટલે જેમ જેમ થાય છે. તેમ તેમ વિશેષ અથવા સમગ્રપણે આખા આત્મામાં '**વિશેષ નિર્મળતા પ્રગટ થતી જાય છે.**' એટલું કહેવું છે.

**મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે. તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે. આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે. ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય, સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય, મેઘલી રાત જામી હોય, ચારેકોર અંધકાર વ્યાપ્ત હોય, ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે. આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય. સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે. મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે. અદ્ભુત દશા છે! ૩૯૪.**

આ બાજુ ૩૯૪ બોલ છે. મુનિદશાનો બોલ છે. મુનિદશાનો એમાં મહિમા કર્યો છે અથવા નિર્ગ્રંથ ભાવલિંગી સંત મુનિરાજની ભક્તિ કરી છે.

'**મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે.**' એ તો મુખ્યપણે વાત છે. બાકી જ્ઞાનદશા પ્રાપ્ત થાય છે તો ચોથા ગુણસ્થાનથી જ્ઞાની ધર્માત્માના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે. એટલે જ્ઞાની એમ કહે છે કે અમારા હૃદયમાં પરમેશ્વરનો નિવાસ છે. અમારા હૃદયમાં કોનો નિવાસ છે? પરમાત્માનો નિવાસ છે. કેમકે પોતાનું પરમપદ છે એ પ્રત્યક્ષ થયું છે. તેને પ્રગટ થયું છે, પ્રત્યક્ષ થયું છે. એને એ હૃદયનું સ્થાન છે એટલે એથી ઊંચું સ્થાન પછી બીજે ક્યાંય ગણવામાં આવતું નથી. તો મુનિરાજ તો વિશેષ, સમ્યગ્દર્શન ઉપરાંત વિશેષ જેમની આરાધના, જેમની સાધના ઉગ્ર થઈ છે. એમને મુનિરાજ કહેવામાં આવે છે.

એવા '**મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે.**' અને એમાં શંકા ઉઠાવી શકાય એવું નથી. જોકે અવિરત સમ્યગ્દૃષ્ટિના સંયોગોની પ્રવૃત્તિ અને દશામાં જે નિર્બળતા છે, અશક્તિ છે એને લઈને તો જગતને ઓળખાણ પડતી નથી. અને કેટલાક સમાગમમાં આવે છે એને શંકાનું પણ કારણ લાગે છે કે એમાં કાંઈક શંકા પડે છે. પણ મુનિરાજની

અંતરબાહ્ય દશા એવી છે કે આમાં શંકા પણ કરી શકાય એવું નથી.

'**મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે.**' કેમકે એમને એથી કોઈ બીજી પ્રવૃત્તિમાં (જોવામાં આવતા નથી). આત્મા હૃદયમાં છે અને આત્માની આરાધનામાં જ લાગેલા છે. માટે એમના હૃદયમાં આત્મા છે. એ વાત માટે કોઈ શંકા ઉઠાવી શકાય એવું રહેતું નથી. જેને તિલતુષમાત્ર પરિગ્રહ નથી. જે પોતાની સગવડતા માટે કોઈ અગાઉથી વ્યવસ્થિત સંયોગના નિર્માણને ચાહતા નથી, ઈચ્છતા નથી, કરતા નથી, કરાવતા નથી, કરતા હોય તો અનુમોદન કરતા નથી. મનથી, વચનથી અને કાયાથી. આવી જેની પરદ્રવ્યથી અસંગ દશા છે. 'શ્રીમદ્જી' એને અસંગદશા કહે છે. અસંગદશા. બીજા લૌકિકજનોનો પરિચય નહિ, લૌકિક પદાર્થોનો પણ પરિચય નહિ. અને જાણે કે દેહનો ઉપયોગ છૂટી ગયો છે. એવી રીતે ત્રણે ઋતુને વિષે જેમનો અપ્રતિબંધ વિહાર હોય છે. ક્યારે ક્યાં હોય છે એનો કોઈ દિવસ કાંઈ અગાઉથી નિર્ણય હોતો નથી. ચોમાસામાં એક સ્થાને રહી જાય. વિહાર કરવાનું ન બને. તે પણ બીજા જીવોના ઉપર કરુણાને લીધે. જીવહિંસાનું કારણ બને છે.

અત્યારે આ બધી સડકો થઈ ગયો. .. ચોમાસામાં તો મકોડાને બીજી એટલી જ જીવાત હોય છે. જંગલમાં તો એકલી જીવાત હોય. પણ પહેલા તો જંગલમાં ચાલવું એટલે ઘાસ ઉપર ચાલવું પડે. કેડીઓ હોય ત્યાં ચાલવું પડે. કોઈ નગરના ઉપવનમાં આવીને રહે. કે આહાર-પાણી માટે જવું હોય તો કેડી ઉપર જઈ શકે. તે પણ વરસતો વરસાદ ન હોય તો. વરસતો વરસાદ હોય તો એ પાછા વળી જાય. આહાર ન લે. છોડી દે. એ રીતે ૪૬ દોષ રહિત આહારનો યોગ થાવ તો થાવ. નહિતર આ દેહ ગમે ત્યારે પડે, આ દેહને .. થાય. મારા આત્માની શક્તિ જોતા મને એમ લાગે છે કે મારા અખૂટ, અનહદ શક્તિના ભંડારમાં તો કોઈ ખામી નથી. આનંદનો આહાર તો હું સદાય લઉં છું. આવા કાળે વિશેષપણે આનંદનો આહાર લઉં છું. પુદ્ગલના આહારનો વિકલ્પ છૂટી જાય છે અને આત્માના આનંદમાં લીન થાય છે. એવી અદ્ભુત દશાની તો અહીંયાં વાત કરી છે.

એટલે તો એમ કહે છે કે એક આત્મા જ એમના હૃદયમાં બિરાજે છે. '**તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે.**' આ વીતરાગી .. તેને પ્રવર્તન નામ પાડ્યું. '**તેમનું સર્વ પ્રવર્તન...**' ક્રિયાનો વિષય '**આત્મામય જ છે.**' ક્રિયા અને ક્રિયાનો વિષય આત્મા જ છે. આત્માને છોડીને ક્યાંય આઘા જવાનું એમનાથી બની શકે એવું નથી. જેમ કોઈ એમ કહે કે આમ ફલાણું કરો, ઢીકણું કરો. મારાથી ન થાય. એમ મુનિરાજ કહે છે, આત્મામય અમારું પ્રવર્તન છે, અનાત્માનું કાર્ય કરવાનું કહો તો અમારાથી

થાય એવું નથી. અમે અશક્ત છીએ.

'સોગાનીજી'ના જીવનમાં .. બહુ સરસ .. કોઈપણ વિચક્ષણ જીવને વિચાર કરતો કરી મૂકે એવી એ વાત છે. પોતે જેમ જેમ અંદર ને અંદર ને અંદર, અંદરમાં આગળ વધતા ગયા તો બહારમાં એવા વિકલ્પમાં આવી ગયા છે. .. ઘરના તો સ્વજન હોય. મૈં તો એક પંગુ હું. દો ટાઈમકે લિયે રોટી ખીલા દેના. આ હું કમાણો છું, હું 'કલકત્તા' આવ્યો, હું કમાણો, મેં પરિશ્રમ કર્યો, મારા નિમિત્તે, મારે લીધે, મારા કારણે તમારે બધાની આ સારી સ્થિતિ થઈ ગઈ. હવે હું કહું એમ તમારે બધાએ કરવું જોઈએ. હું મોટો છું, વડીલ છું ઘરમાં. એ ઉપરાંત બધાનું ભરણ-પોષણ અને લાલનપાલન કરીને અત્યાર સુધી મેં આ બધું નિભાવ્યું છે. માટે ઘરમાં હું કહું તેમ ચાલવું જોઈએ.

ખાસ કરીને વૃદ્ધાવસ્થામાં આ એક પ્રકાર થાય છે, પરિણામની અંદર. ઉદય છે ને? સર્વ સામાન્ય સંસારી જીવોને આ હોય છે. પછી પુરુષ હોય તો પુરુષને એમ થાય કે મારું ચાલવું જોઈએ, સ્ત્રી હોય તો ઘરમાં સ્ત્રીને એમ થાય કે મારું ચાલવું જોઈએ. છોકરા, વહુ, છોકરાના છોકરા, જે કોઈ પરિવાર હોય. દીકરીઓ. આનું પરિણમન કોઈ બીજી રીતે છે. (કહે છે), મૈં તો પંગુ હૂં. જેમ હાથ-પગ ભાંગી ગયા હોય અને માણસ પાંગળો થઈ જાય. કાંઈ ન કરી શકે, નિરાધાર થઈ જાય. એમ હવે કુટુંબના કાર્યો કરવા માટે મારી શક્તિ નથી. એમ કહે છે. હાથ-પગ ન હોય તો કાર્ય કરવાની શક્તિ નથી. છતા હાથ-પગે પરિણામમાંથી એ શક્તિ ચાલી ગઈ છે. આ તો ગૃહસ્થ દશા છે. મુનિદશામાં કેવી આરાધના હોય. ગૃહસ્થ દશામાં આ પરિણામ હોય છે તો મુનિદશામાં પરિણામ કેવા હશે? એ એક અંદાજ મૂકવા જેવો વિષય છે.

**'તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે. આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે.'** આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે. હવે એક પડખું લેવું છે. પોતે નગરમાં નિવાસ કરતા નથી, ઘરમાં નિવાસ કરતા નથી, વસ્તીમાંથી નિવાસ કરતા નથી. તો બહારમાં કેવી પરિસ્થિતિ હોય છે. આ તો શબ્દો છે, વચનો છે. એટલે આ પ્રકારનો એક પરોક્ષ વિચાર આ સ્થળે કરવાનો રહે છે એટલે કે અટકવું પડે છે. પણ પ્રત્યક્ષ અનુભવ કરવો હોય તો એક રાત જંગલમાં ચાલ્યા જવું. વધારે નહિ. જ્યાં માર્ગ ન હોય, સડક ન હોય અથવા નગરથી, માર્ગથી, સડકથી માઈલ-બે માઈલ અંદરના ભાગમાં, જ્યાં ક્યાંય વસ્તી ન હોય ત્યાં એકાદ રાત રહી જાવું. એટલે આ વિષયનો પ્રત્યક્ષ ખ્યાલ આવી જાય. મુનિરાજ જંગલમાં વસે છે એટલે

શું? જંગલમાં વસવું એટલે શું? આ એનો Practical ખ્યાલ આવી જાય, જ્ઞાન થઈ જાય એવું છે.

ગિરનારમાં ઉપર જાય છે, ત્યાં રાત રહેવાની ઉપર વ્યવસ્થા છે. ત્યાં ખ્યાલ આવે એવું છે. એકલા પહાડો છે. બાજુમાં પચ્ચીસેક માઈલ ફરતું જંગલ છે. આ બાજુ. પૂર્વ બાજુ. વચ્ચે ગામડા છે. ઓલી બાજુ પૂર્વ સાઈડમાં ગીરનું જંગલ કહે છે. જ્યાં સિંહોની વસ્તી છે. એ પહાડીમાં અને જંગલમાં, એમાં અંધારી રાત હોય, અજવાળી રાત ન હોય પણ અંધારી રાત હોય. જંગલી પ્રાણીઓના અવાજ આવતા હોય, ક્યારેક સર્પ નીકળતા હોય, ક્યારેક વીંછી, કાનખજુરા હાલતા ચાલતા દેખાતા હોય. ...

**'આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે.'** મુનિરાજ તદ્દન નિર્ભય છે. ભય જાણે છે નહિ એમને. ભયનો કોઈ વિકલ્પ નથી. એટલી સ્વરૂપ સ્થિરતા છે. અવ્યાબાધ સ્વરૂપને વિષે એટલા સ્થિર છે કે કોઈ ભયનો વિકલ્પ નથી. **'ઘોર જંગલ હોય,..'** એમ. જંગલ પણ ઘોર જંગલ હોય. ક્યાંય માણસનો અવાજ સંભળાય, માણસ આવે એમ નહિ, માણસનો અવાજ સંભળાય એવું પણ ક્યાંય ન હોય. એટલું વસ્તીથી દૂર હોય. **'ગીચ ઝાડી હોય,...'** એ જંગલની અંદર પણ ગીચ ઝાડી હોય. જંગલના પ્રાણીઓ **'સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય, મેઘલી રાત જામી હોય,...'** વાદળા ચડી આવે. ઘનઘોર અંધારું હોય. ચારે કોર અંધકાર વ્યાપેલો હોય. અમાસની કેવી અંધારી રાતે તીવ્ર અંધારું હોય ત્યારે આ પ્રયોગ કરવો. અનેક પ્રકારના સંસારી પ્રાણીને તો .. આ મુનિરાજની દશા તો કોઈ અલૌકિક હોય છે. પણ સામાન્ય માણસને તો કેટલા વિકલ્પ ઊઠે એ કહેવું મુશ્કેલ છે. એને આખી રાતનો પ્રશ્ન નથી પણ રાતના કેટલા કલાક ટકી શકે એ સવાલ છે. પ્રત્યક્ષ અનુભવ કરે તો ખ્યાલ આવે.

આ તો વર્ણન છે એટલે (જલ્દી ખ્યાલ ન આવે પણ) પરોક્ષ અને પ્રત્યક્ષતાનો તફાવત બહુ મોટો છે. પરિણામ ઉપર જે પ્રત્યક્ષ પ્રસંગની અસર થાય છે, એના પ્રમાણમાં પરોક્ષ વાતની અસર નહિવત્ ગણવામાં આવે છે. નહિવત્ ગણવામાં આવે છે. એટલે પ્રત્યક્ષ ઉપદેશ અને પરોક્ષ ઉપદેશનો તફાવત 'શ્રીમદ્જી'એ જુદો તારવ્યો છે, એ વિષય ઉપર પ્રકાશ પાડીને. આ બે વચ્ચે બહુ મોટો ફરક છે. પ્રત્યક્ષતાની વાત કોઈ જુદી છે, પરોક્ષની વાત કોઈ જુદી છે. એકની એક વાત હોય તો બે વચ્ચેના પરિણામમાં અસર બહુ મોટા ફરકવાળી છે.

**'ત્યાં ગિરિગુફામાં...'** કેવી જગ્યાએ? કે ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય, સિંહ-વાઘની ત્રાડો સંભળાતી હોય, મોટા મોટા સર્પ ચાલ્યા જતા દેખાતા હોય અને

કોઈવાર તો મુનિરાજના શરીર ઉપરથી પસાર થઈ જાય. સડસડાટ જતા હોય તો એને-સર્પને ખ્યાલ પણ ન હોય કે આ કોઈ માણસ અંધારામાં બેઠું છે કે કોઈ આવો પત્થર રસ્તામાં છે એની કાંઈ ખબર ન હોય. જેમ બીજા પત્થર ઉપરથી ચાલ્યા જાય એમ શરીર ઉપરથી ચાલ્યા જાય. સ્પર્શ થાય એટલે ખ્યાલ આવે. છઠ્ઠા ગુણસ્થાનમાં આવે એટલે ખ્યાલ આવે. કાંઈ નહિ. ભય પામવાનું કોઈ કારણ નથી. કેમ? કે મારા આત્માને સ્પર્શી શકતું નથી, મને કોઈ અડી જ શકતું નથી. શરીર ઉપર મને મોહ નથી. શરીરનું થાવું હોય તેમ થાઓ. શરીર ઉપર મને મોહ નથી. જે શરીર ઉપર મને મોહ નથી એવા એ શરીર ઉપર બીજા કોઈ પ્રાણીને મોહ થાય અને કાં બટકા ભરે, કાં ખાઈ જાય, કાંઈ કાંઈ કરે. એને મોહ છે. એવી નિર્ભય દશા, નિઃશંક દશા, નિઃસ્પૃહ દશા (છે). એવી અદ્ભુત દશા છે મુનિરાજની.

'**ત્યાં ગિરિગુફામાં...**' એવી કોઈ ગુફામાં જે નિવાસ કરે છે. '**મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે.**' આત્મામાં અડ્ડો જમાવીને બેસી જાય છે એમ કહેવું છે. મસ્ત થઈને વસે છે એટલે બહારમાં ગિરિગુફા છે, અંદરમાં ચૈતન્યનની ઊંડી ઊંડી ગુફા છે. એ ગુફાની અંદર ક્યાં ઊંડે ચાલ્યા જાય છે, બહારમાં કોઈ દિન દશાનું જાણે ભાન નથી એવી મસ્ત... આ તો સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માઓને આ દશાની ભાવના હોય છે, મહિમા હોય છે અને ભક્તિ હોય છે. એ બધી વાત આમાંથી નીકળે છે.

'**ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે.**' ત્યાંથી બહાર આવવું એમને ગમતું નથી. ત્યાંથી ઉઠવું ગમતું નથી. ભૂખ-તરસનો ખ્યાલ રહેતો નથી. અથવા ભૂખ તરસ મરી જાય છે. એમ કહે ને? ભૂખ મરી ગઈ, હવે ભૂખ નથી. એમ ચૈતન્યનમાં નિવાસ કરે છે આનંદથી અને શાંતિથી. શાંત સુધાસાગરના હિલોળામાં મસ્ત થઈને સ્નાન કરે છે. મુક્તરસમાં જાણે દરકાર નથી, કાંઈ પડી નથી, યાદ આવતા નથી. એવી રીતે ચૈતન્યમાં મસ્તપણે વસે છે.

'**આત્મામાંથી બહાર આવે...**' નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાંથી બહાર આવે. શુદ્ધોપયોગમાંથી બહાર આવે. આત્મામાંથી બહાર આવે એટલે સર્વથા નહિ પણ નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાંથી બહાર આવે એને આત્મામાંથી બહાર આવ્યા એમ કહે છે. શબ્દ તો ગમે તે .. થાય. બસ. મુનિરાજ આત્મામાંથી બહાર નીકળી ગયા? એમ નથી. શુદ્ધોપયોગનો કાળ પૂરો થાય. લીનતાનો કાળ, સ્વરૂપની લીનતાનો કાળ પૂરો થાય.

મુમુક્ષુ :- જ્ઞાનધારા તો ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગમાં. પરિણતિ તો ચાલુ જ છે.

'**તો શ્રુતાદિના ચિંતવનમાં જોડાય...**' એમનો ઉપયોગ છે એ શ્રુતના ચિંતવનમાં. ગુરુ પાસેથી અથવા કોઈ ગ્રંથ હોય, દિવસનો ભાગ હોય. રાત્રે તો વાંચવાનું છે નહિ એમને. ત્યાં કોઈ પ્રકાશની વ્યવસ્થા હોતી નથી. અથવા રાત્રે ... મુનિરાજને. દિવસના ભાગમાં શુદ્ધોપયોગમાંથી બહાર નીકળે. શાસ્ત્ર કોઈ ગુરુનું શાસ્ત્ર, કોઈ પૂર્વાચાર્યનું શાસ્ત્ર અથવા કોઈ ઉપદેશ ધારણામાં હોય અથવા પોતાને ને પોતાને દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ કોઈને કોઈ ચિંતવન (હોય). '**ચિંતવનમાં ચિત્ત જોડાય...**' ચિત્ત જોડાય એટલે ઉપયોગથી શ્રુતમાં ઉપયોગ જોડાય અને વળી '**પાછા અંદરમાં ચાલ્યા જાય.**' પાછા શુદ્ધોપયોગમાં આવી જાય. થોડો કાળ ક્ષણવર્તી વિકલ્પ ચાલે વળી પાછા અંદર ડૂબી જાય, વળી બહાર નીકળે, વળી પાછા અંદર ડૂબી જાય.

... અથવા પોતાના સ્વરૂપમાં તો અનેક રિદ્ધિ-સિદ્ધિ ભરી છે. એમાં કોઈ ઊંડા ઊંડા ચિંતવનમાં વિકલ્પ ઊઠે, વળી લીન થઈ જાય, વિકલ્પ ઊઠે પાછા લીન થઈ જાય. એવી જેમની (દશા છે). '**સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે.**' વિકલ્પ અને નિર્વિકલ્પ, વિકલ્પ અને નિર્વિકલ્પના ઝૂલામાં ઝૂલે છે. એટલે મુનિરાજને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલતી દશા કહેવામાં આવે છે. જેમ ઝૂલો સ્થિર ન રહે એમ છઠ્ઠા ગુણસથાનમાં પણ સ્થિર ન રહે અને સાતમા ગુણસ્થાનમાં પણ સ્થિર ન રહે. જો સાતમામાં સ્થિર રહી જાય તો શ્રેણીમાં આવી જાય. આઠમા, નવમા, દસમા ગુણસ્થાનમાં ઉપર વયા જાય. જો છઠ્ઠામાં સ્થિર રહી જાય નીચે વયા આવે. ચોથા ગુણસ્થાનમાં આવી જાય. ઝૂલો ક્યાંય સ્થિર રહે નહિ. એટલે એ દશાને ઝૂલતી દશા કહેવામાં આવે છે શાસ્ત્રની અંદર. કે મુનિરાજ એટલે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલનારા. એને મુનિરાજ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- મુનિરાજની કેવી સરસ વાત!

પૂજ્ય ભાઈશ્રી :- આવી દશા છે.

મુમુક્ષુ :- .. સાચા મુનિ...

પૂજ્ય ભાઈશ્રી :- નિયમ નથી. નિયમ નથી. વધુમાં વધુ એક દિવસમાં એક વખત આહાર એ મુનિદશાની અંદર સંભવિત છે. અને એ મુનિદશાની અંદર મુનિદશા ટકવામાં, નભવામાં કોઈ બાધાકારક નથી.

મુમુક્ષુ :- ... મોઢામાં .. સુગંધ આવે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો મોઢું સાફ કરવાનું કે શરીર સાફ કરવાનું .. શરીરનો કોઈ પરિકર્મ મુનિરાજને હોતું નથી. ...

'**સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે. મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે.**' આ સિવાય એમના જીવનમાં બીજું કોઈ કામ નથી. સ્વરૂપમાં લીન રહી જાવું. બસ. સ્વરૂપમાં લીન રહી જાવું આ એક જ કામ માટે એમણે દીક્ષા લીધી છે, સંસાર છોડ્યો છે, કુટુંબ છોડ્યું છે. જે કહો એ આ એક કામ માટે. બીજું કોઈ કામ એમને માથે નથી. '**મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે.**' અદ્ભુત દશા છે! મુનિરાજની આવી જે દશા છે એ અદ્ભુત દશા છે. 'ગુરુદેવ' તો બહુ જ .. મુનિરાજની વાત આવે ત્યારે...

મુમુક્ષુ :- મુનિ એટલે હાલતા સિદ્ધ ભગવાન.

પૂજ્ય ભાઈશ્રી :- હાલતા-ચાલતા સિદ્ધ!

'અમૃતચંદ્રાચાર્યે' મોક્ષતત્ત્વ કહ્યું. છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હોવા છતાં એને મોક્ષતત્ત્વ કહ્યું. એ પોતે મુનિ છે. પણ છતાં એ દશા ઉપર પોતાની ભક્તિ ઘણી છે. મુનિરાજ-મુનિરાજની ભક્તિ કરે છે. એવી વાત છે. અને એમ કે આવા કોઈ ભાવલિંગી સંત મળે, એના દર્શન થાય આ કાળમાં તો એના પગના તળિયા ચાટીએ. પ્રવચનમાં બહુ .. એટલે કેવા મુનિ હોય એ એમના જ્ઞાનમાં ... વીતરાગતાનો અંદાજ હોય છે સમ્યગ્જ્ઞાનની અંદર. ૩૯૪ થયો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ'ના વચનોનું પુસ્તક બહાર પડ્યું છે. 'ગુરુદેવના વચનામૃત'. એમાંથી કયા નંબરના બોલ છે એ યાદ નથી. પણ એમાંથી એક-બે બોલ ઉપર પ્રશ્ન ઉઠાવેલા. ડાયરીમાં લખીને આવ્યા હતા. કેવી રીતે મળે એ તો? એમ કે મુમુક્ષુજીવ સ્વાધ્યાય કરે, ... જાણે, જાગૃતિથી પોતાને ગ્રહણ કરે. ... અંતરમાં સ્વરૂપ જાગૃતિથી આગળ (વધે). એમનો પ્રશ્ન હતો કે આ બધું સમજાય છે, વાંચીએ છીએ, થોડો ખ્યાલ આવે છે. પછી કાંઈ આગળ વધવું એ કાંઈ શું કહેવા માગે છે 'ગુરુદેવ' આમાં? જાગૃતિથી આગળ વધે એમાં શું કહેવા માગે છે? પોતાની શૈલીથી વાત કરી, ચૈતન્યને ગ્રહણ કરવો. વારંવાર એનો પ્રયત્ન કરવો. અભ્યાસ શબ્દ વાપર્યો. અભ્યાસ એટલે શું? કે વારંવાર એનો પ્રયત્ન કરવો. જ્ઞાયકનો અભ્યાસ. વારંવાર હું જ્ઞાયક છું એમ ગ્રહણ કરવાનો પ્રયત્ન વારંવાર કરવો.

સામાન્યપણે એવું થતું હોય છે કે આ વિષય કુદરતી સામે આવ્યો છે એટલે એનું વાંચવાનું થાય, એનું વિચારવાનું થાય. પણ ઉદયના કાર્યોમાં પણ વારંવાર હું જ્ઞાયક છું એમ ગ્રહણ કરવાનો પ્રયત્ન. એવો વિકલ્પ નહિ. નહિતર તો કોઈ એ રીતે ટેવાય પણ જાય છે કે જ્ઞાયકનું વારંવાર આપણે સ્મરણ કરવું. પણ એ સ્મરણ

કરવા ... વિકલ્પ કરવા ... ટેવાઈ જાય તો સંભવિત છે. પણ એથી કાર્ય સંભવિત નથી. પણ જાગૃતિમાં આવીને એનું ગ્રહણ કરવું એટલે કે જ્ઞાયક આત્મામાં જે જ્ઞાયકપણું છે, જ્ઞાન સામાન્યમાં માત્ર જ્ઞાતાપણું છે એ ભાવે રહેવાનો, પ્રગટપણે એ ભાવે રહેવાનો પ્રયત્ન કરવો, પ્રયાસ કરવો.

જે જ્ઞાતાપણું પ્રગટ છે, ચૈતન્યપણું પ્રગટ છે, સામાન્ય જ્ઞાન, સામાન્ય એનો અનુભવ કરવાનો પ્રયત્ન. બીજા રાગનો અને રાગના વિષયનો અનુભવ કરે છે, એમ આનો અનુભવ કરવાનો પ્રયત્ન વારંવાર કરવો. એકવાર કરવો, ક્યારેક કરવો, ઘણા દિવસે કરવો એમ નહિ. વારંવાર કરવો. કેવી રીતે કરવો? કે એની લગની હોવી જોઈએ. એ કામ કરવા પાછળની પોતાની લગની હોવી જોઈએ, ધૂન હોવી જોઈએ, લગની હોવી જોઈએ. એની લગન વગર એ કામ નથી થતું. એમ. એટલે એવું વાંચ્યું હોય, વિચાર્યું હોય, સાંભળ્યું હોય, કરવા જેવું લાગ્યું હોય તોપણ ન થવાનું કારણ શું છે? કે છતાં એની લગની લાગી નથી, લગની ઊપડી નથી. એટલું જ કારણ છે.

ખરેખર તો શું છે કે એનું જે સાતત્ય છે-સતતપણું જે છે, એ એની લગનીને સૂચવે છે. સતત કરવું એટલે કૃત્રિમતાથી સતત કરવું એવું પણ અહીંયાં કહેવાનું તાત્પર્ય નથી. પણ જો લગની હોય તો સતતપણે થયા કરે, વારંવાર થયા કરે. વિકલ્પ ઉઠાવી-ઉઠાવીને યાદ કરી કરીને વારંવાર કરવું પડે ત્યાં સુધી હજી એ સંબંધીની જોઈએ તેવી દશા નથી. પરાણે છે એમાં કૃત્રિમતા છે. એ વાત ... નથી. જેને લગની હોય એને વારંવાર થાય. વારંવાર થતા થતા એ સતત થાય તો એનું ફળ આવે. પણ વાંચે ત્યારે, સાંભળે ત્યારે ફક્ત સારું લાગે. કો'કવાર એના વિચાર કરે અથવા અવારનવાર વિકલ્પ કરે, પણ પ્રયત્ન ન થાય તો માર્ગ તો પુરુષાર્થ આધીન છે. વિકલ્પાધીન નથી પણ પુરુષાર્થ આધીન માર્ગ છે. એ વાત છે.

**ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે. માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ. વિભાવને તોડવાનો એ જ ઉપાય છે. વિભાવમાં ઊભાં ઊભાં વિભાવ નહિ તૂટે; મંદ થશે, અને તેથી દેવાદિની ગતિ મળશે, પણ ચાર ગતિનો અભાવ નહિ થાય.૩૯૫.**

૩૯૫. માર્ગદર્શનનો બોલ છે. મુમુક્ષુજીવને ભૂલ ન થાય એના માટે અનેક પ્રકારે જ્ઞાની ધર્માત્માનું માર્ગદર્શન મળે છે. **'ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે.'** વિભાવરસ. જુઓ! રસ લીધો છે. પરિણામની શક્તિ છે એ રસમાં રહેલી છે. વ્યક્ત પરિણામની, પ્રગટ પરિણામની જે શક્તિ છે, બળ છે એ તે પ્રકારના પરિણામરસમાં છે. વિભાવની શક્તિ વિભાવરસમાં છે. કેવી રીતે એ વિભાવરસ તૂટે છે ? કે જ્યારે ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખવામાં આવે છે અને એનો અનુભવ કરવામાં આવે છે ત્યારે વિભાવનો રસ ખરેખર તૂટે છે. ઓળખાણ અને અનુભવ બે વાત સાથે લીધી છે.

ઓળખાણ વિના અનુભવ થાય એવું ન બને. અથવા ઓળખાણમાં ચૈતન્યનું સામર્થ્ય કેટલું કેવું એનો એક ભાસ આવે છે, પ્રતિભાસ આવે છે. અવભાસ એટલે ચોક્કસ એનું માપ આવે છે કે હું આટલો મહાન છું, આટલો સામર્થ્યશાળી છું. એવા ચૈતન્ય સ્વરૂપને ઓળખીને પછી મહિમા આવતા તેમાં એકાગ્ર થાય છે. એ મહિમા ચૈતન્ય સ્વરૂપના, આત્મ સ્વરૂપના અપૂર્વ રસના ફળસ્વરૂપે અનુભવ થાય છે. એમાં સ્વભાવરસ ઘણો પ્રગટ થાય છે. કેમ વિભાવરસ તૂટી જાય છે? કે પરિણામ છે એ ત્રાજવાના પલ્લા જેને ઉપમા આપીએ એવો વિષય છે. બે ત્રાજવાના પલ્લા હોય એમાં જે પલ્લામાં વજન વધે એ પલ્લું નીચે બેસે, બાકીનું પલ્લુ ઉપર જાય.

સંસાર અવસ્થામાં વિભાવરસ તીવ્ર થાય છે એટલે વિભાવનું પલ્લું નમી જાય છે અને સ્વભાવમાં અનંત શક્તિ હોવા છતાં સ્વભાવ એક કોર પડ્યો રહે છે. કેમકે જીવને એનો રસ નથી જાગ્યો. એની ઓળખાણ નહિ થઈ હોવાને લીધે. કેમ રસ નથી થયો? કે ઓળખાણ નથી, અનુભવ નથી. ઓળખાણ હોય તો રસ ઉત્પન્ન થાય. રસ ઉત્પન્ન થાય તો અપૂર્વ રસે કરીને અનુભવ થાય. અને એ કોટીનો રસ, એ Stageનો રસ એવો છે કે જે વિભાવરસને તોડી નાખે છે. એનો વિભાવરસ તૂટી જાય છે. એટલા માટે સમ્યગ્દૃષ્ટિ પૂર્વ કર્મ અનુસાર ઉદયમાન કાર્યોમાં હોય તોપણ એનો સંસારરસ તૂટી ગયેલો હોવાને લીધે, વિભાવરસ તૂટી ગયેલો હોવાને લીધે કાર્ય હોય છે પણ રસ નથી હોતો. લુખ્ખા પરિણામે જોડાય છે અથવા અરુચિપણે જોડાય છે.

જેમ ચાલતા ચાલતા કોઈ પડી જાય અને નીચે વિષ્ટા હોય, પગ પડે આમ પડી જાય તો કપડા કે બીજા અંગો પણ બગડે. તો કેટલો રસ પડે? જેમ એ પડી ગયો એટલે આવી પડેલી વાત છે. હોંશથી પડે છે કોઈ? કે હોંશથી નથી પડતો. એમ જેનો ઉત્સાહ નથી, જેનો રસ નથી, જેને અરુચિ છે છતાં જે થઈ જાય છે એનું કારણ કે એને અનુભવથી ચૈતન્ય નિર્વિકાર પરમપવિત્ર આત્મરસના તીવ્રપણાને

લીધે જેને મલિનરસ, વિભાવરસ જેનો તૂટી ગયો છે, ખંડિત થઈ ગયો છે, તૂટી ગયો છે. જેની કષાયની કેડ ભાંગી ગઈ છે. 'શ્રીમદ્જી'એ એ શબ્દ મૂક્યો છે. જેમ કોઈ માણસને કેડ ઉપર પ્રહાર કરે. લાકડાનો ડંડો નહિ પણ લોઢાનો ધોકો લે અને કેડ ઉપર મારે અને કેડ ભાંગી જાય એ પછી શું કામ કરે? કયુ કામ કરી શકે? કે બેસી પણ ન શકે, ચાલી પણ ન શકે, સૂઈ પણ ન શકે તો બીજા કામ તો કેવી રીતે કરે?

એમ સમ્યગ્દર્શન થતાં કષાયની કેડ ભાંગી જાય છે. એ પોતે પોતાના અનુભવથી લખે છે. આ વેપાર છે, વેપાર-ધંધામાં પડ્યા છીએ. પણ ક્યાંય મન લાગતું નથી. થોડું પણ કામ કરવું હોય તો મોટી ઉપાધિ જેવું લાગે છે. ઘણી ઉપાધિનો બોજો ઉપાડવો પડતો હોય, બહુ ભાર ઉપાડવો પડતો હોય અને થાકી ગયા હોય એવું લાગ્યા કરે. એ તો એની મુમુક્ષુની ભૂમિકાથી એવી પરિસ્થિતિ ચાલુ થઈ જાય છે. પછી અનુભવ થાય છે.

**'ચેતનનું ચૈતન્યસ્વરૂપ ઓળખી તેનો અનુભવ કરતાં વિભાવનો રસ તૂટી જાય છે.'** એને રસ મટી જાય છે. અહીંયાં શું (બતાવવું છે)? યથાર્થ માર્ગની આ પરિસ્થિતિ છે. અયથાર્થ માર્ગમાં પરપદાર્થ સંબંધીનો રસ તોડવા માટે ચૈતન્યનો આશ્રય લીધા વિના પરપદાર્થનો ત્યાગ કરે છે. જગતના બધા સંપ્રદાયમાં ત્યાગ છે ઓછા-વત્તા પ્રમાણમાં. અને ત્યાગનો લોકોને મહિમા છે કે જુઓ, આણે આ છોડ્યું... આ છોડ્યું... આ છોડ્યું. પણ કોઈ એ વિચાર કરતું નથી કે એનો રસ કેવી રીતે તૂટે? એનો રસ કેવી રીતે તૂટે એની પ્રક્રિયા, એનું વિજ્ઞાન, એનો માર્ગ, એનો સાચો ઉપાય, સમ્યક્ ઉપાય શું છે એનો કોઈ વિચાર નથી કરતું. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બધો આધાર રસ ઉપર છે. અને એક નિર્વિકાર ચૈતન્યના રસને કેળવવામાં આવે, એને ઓળખીને એના રસે ચડવામાં આવે, પરિણામ એના રસે ચડી જાય તે અભેદ અનુભવ સુધી પહોંચી જાય. ચૈતન્યનો પ્રત્યક્ષ નિર્વિકલ્પ અનુભવ કરી લ્યે. ઇન્દ્રિયનો ઉપયોગ છૂટીને અતીન્દ્રિય જ્ઞાનપણે એનો રસ લઈ લે ત્યારે આ રસ તૂટી જાય છે. પછી એનો વિભાવરસ જોર કરી શકતો નથી.

શ્રીમદ્જીએ તો અસ્તિત્વ ગ્રહણમાં એ વાત લીધી છે કે એકવાર અસ્તિત્વ ગ્રહણ થાય તો ચૈતન્ય એવી રીતે નજરાય છે કે પ્રકૃતિ જોર કરી શકતી નથી. કદાચ ક્યારેક... હજી સમ્યગ્દર્શન થયું નથી. સન્મુખ છે પણ કદાચ ક્યારેક.. કેમકે આ તો સંસ્કારનો વિષય છે, જોર થાય તો પગ પાછા પડે છે.

જેમ કોઈ આગળ વધી જતો હોય એને પગે દોરી બાંધીને ખેંચી લેતા હોય, એના પગ પાછા પડે. અથવા કોઈ માણસ કોઈ કાર્ય ન કરી શકતો હોય. એને પોરસ ચડાવે, જોર ચડાવે. હવે જાને ભાઈ! તારો કાંઈ વાળ વાંકો નહિ શકે. તું તારે એને મારી આવને જઈને, એને આમ કરી આવને. ઓલો જાયને ઊભો થાય. થોડોક ચાલે. ભાઈસા'બ! મારા પગ પાછા પડે છે, હોં! મારા પગ પાછા પડે છે. એમ કહે. એનો અર્થ શું? કે અંદરથી મને જોર આવતું નથી. એમ ઉપરનું જોર થઈ જાય તોપણ સમ્યક્ સન્મુખ હોય તો અંદરથી જોર ન આવે. તો અનુભવ થાય તો એને તો અંદરથી જોર આવવાનો પ્રશ્ન જ રહેતો નથી. એના પગ પાછા પડે છે. એટલે એનો રસ તૂટી ગયો હોય છે. એનું કારણ એ છે કે એનો રસ તૂટી જાય છે.

'**માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને...**' જુઓ! અહીંયાં પણ એ વાત લે છે. અવલંબન લેવાની વાત છે. '**માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને...**' ક્યાં ઊભો રહીશ તું? ચૈતન્યની ભૂમિ. ચૈતન્ય વજ્ર છે. એની ભૂમિ ઉપર ઊભો રહીને '**તું વિભાવને તોડી શકીશ.**' તારે જો વિભાવને તોડવો હોય તો તું નિર્વિકાર ચૈતન્યની ભૂમિ, એના અવલંબને તું તોડી શકીશ. બીજી કોઈ રીતે વિભાવને તોડવાનો, વિભાવરસને તોડવાનો આ સિવાય બીજો કોઈ ઉપાય નથી જગતમાં. '**વિભાવને તોડવાનો એ જ ઉપાય છે.**' વિભાવને તોડવાનો આ એક જ ઉપાય છે. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. '**એ જ...**' એમ કહીને આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

'શ્રીમદ્જી'ના વચનોમાંથી ઘણાં તારવે છે. આમ કહ્યું છે, આમ કહ્યું છે. 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય, સાધે તે મુક્તિ લહે...' પોતે કહે 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ, પામે જે પરમાર્થને તે વ્યવહાર સમંત.' તો પોતે ને પોતે તો કાંઈ વિરુદ્ધ વાત લખતા નથી. પોતાને તો જે ખ્યાલ છે એ ખ્યાલ છે. પણ ત્યાં વિવિક્ષા શું છે, ત્યાં અપેક્ષા શું છે? એ કહેનારના હૃદયમાં રહે છે. પણ એક વાત બહુ સ્પષ્ટ છે કે આ સાધના છે એ કોઈ કલ્પનાના આધારે નથી. આ તો નિજ ચૈતન્ય સ્વરૂપનું અવલંબન લેતા સાધના પ્રગટ થાય છે તો એમાં પછી ભેદ-પ્રભેદનો વિષય ક્યાં ઊભો થાય છે?

કોઈપણ જીવ જે પોતાના નિજ ચૈતન્યનું અવલંબન લે, એનો વિભાવ રસ તૂટી જાય અને એનો સ્વભાવ ઉગ્ર હોય તો જ અવલંબન લઈ શકે. આ સિવાય બીજો કોઈ માર્ગ અંતરંગને વિષે હોઈ શકે નહિ. પછી એવા માર્ગની અંદર જે સાક્ષાત્પણે

વિચરતા હોય એ એમ કહે કે બહારમાં પણ એની વ્યવહારની આ મર્યાદા ... તે વ્યવહાર. અમારા અનુભવથી અમે એમ કહીએ છીએ કે પરમાર્થને પામવા માટે આવો વ્યવહાર હોય, આથી અન્યથા વ્યવહાર ન હોય. એમ. અથવા એ લીનતાના માર્ગે ચાલીને જે જિનેશ્વર થયા એટલે જે માર્ગને-ઉપાયને જિનમાર્ગ કહેવાયો એ કહે કે એનો વ્યવહાર આ પ્રકારે છે તો એને સંમત કરવો. બસ! સીધી વાત છે.

અને ભલે એ દશાએ ન પહોંચ્યા હોય, છતાં પણ એનું અનુમાન થઈ શકે છે. જે કાંઈ વિચારભેદ છે, મતભેદ છે એમાં વ્યવહારનો ઝઘડો વધારે છે. કેમકે નિશ્ચયનો વિષય તો ગુપ્ત છે. અને એમાં તો બીજો કોઈ ભેદ-પ્રભેદ ચાલે એવું છે નહિ. નિજ સ્વરૂપના અવલંબન સિવાય પણ સાધના થાય તો એમાં તો બીજી કાંઈ વાત ચાલે એવું છે નહિ. તો હવે કયો વ્યવહાર ઉચિત છે એ તો થોડુંક પણ એ પક્ષમાં ઊભો રહે, અવલંબનના પક્ષમાં રહે, અવલંબન મારે લેવું છે તો મને શું? તો એમાં કાંઈ એને અન્યથા વ્યવહાર પ્રત્યે આકર્ષણ થાય એવું નથી.

મુમુક્ષુ :- શિથિલતામાં બધો વ્યવહાર જુદો પડી જાય. શિથિલતામાં અવ્યવહાર હોય એને વ્યવહાર કહી દે.

પૂજ્ય ભાઈશ્રી :- શિથિલતામાં શું છે કે વિપર્યાસ આવી જાય. શિથિલતા તો જે માર્ગની અંદર જે અતિચાર દોષ છે થઈ શકવા યોગ્ય છે. પ્રાયશ્ચિતના પણ પ્રકાર છે. એ સંભવિત છે. પણ એટલી શિથિલતા ન આવવી જોઈએ કે જેથી મર્યાદા તૂટીને વિપર્યાસ ઊભો થાય. નહિતર એનું પરિણામ ભયંકર આવે. એક પગથિયું ચૂકે, કેટલે પગથિયે નીચે જાય .. મુશ્કેલ છે.

મુમુક્ષુ :- એક પગથિયું ચૂકે એમાં શું થાય?

પૂજ્ય ભાઈશ્રી :- મર્યાદા છૂટી જાય. મુનિપણામાં મુનિપણાની મર્યાદા છૂટી જાય, શ્રાવકમાં શ્રાવકની મર્યાદા છૂટી જાય, સમ્યગ્દષ્ટિમાં એની મર્યાદા છૂટી જાય, પાંચમામાં, ચોથામાં, મુમુક્ષુતામાં મુમુક્ષુની મર્યાદા છૂટી જાય તો ખલાસ થઈ જાય. પછી ક્યાં જઈને ઊભો રહે એ કહેવું મુશ્કેલ છે. મર્યાદા છૂટે પછી એનો કોઈ નિયમ રહેતો નથી. અમર્યાદિત. વિપર્યાસમાં અમર્યાદિત દોષ થઈ જાય છે.

**'માટે ચૈતન્યસ્વરૂપની ભૂમિ ઉપર ઊભો રહીને તું વિભાવને તોડી શકીશ. વિભાવને તોડવાનો એ જ ઉપાય છે. વિભાવમાં ઊભા ઊભા વિભાવ નહિ તૂટે; મંદ થશે,...'** બહુ બહુ તો. બહુ વિકલ્પ કર્યા કરીશ કે આ ન જોઈએ, મારે આ ન જોઈએ, મારે કાંઈ કરવું નથી. તો મંદતા આવશે. વિભાવમાં ને વિભાવમાં ઊભો રહીશ એટલે એનું અવલંબન નહિ છોડ તું. વિભાવનું અવલંબન નહિ છોડ અને શુદ્ધ ચૈતન્ય

સ્વરૂપનું અવલંબન નહિ લે તો વિભાવમાં ઊભા ઊભા શું થશે કે વિભાવની મંદતા થશે. કષાયની મંદતા થશે, રાગની મંદતા થશે. એ મંદતામાં ભલે નવમી ગ્રૈવેયક સુધી જાય, પણ સંસાર પરિભ્રમણ છૂટશે નહિ. ભવભ્રમણ નહિ મટે એમ કહેવું છે.

'**વિભાવમાં ઊભા ઊભા વિભાવ નહિ તૂટે; મંદ થશે, અને તેથી દેવાદિની ગતિ મળશે,...**' પુણ્ય બંધાશે, એનું ફળ મળશે. શુભ કર્મનું ફળ બહુ બહુ તો મળશે. '**પણ ચાર ગતિનો અભાવ નહિ થાય.**' અહીંયાં આ માર્ગ છે, આ ઉપાય છે એ સંસાર પરિભ્રમણ તોડવા માટેનો ઉપાય છે અહીંયાં. આ માર્ગ એના માટે છે. પુણ્યને પ્રાપ્ત કરવાના તો જગતમાં ઘણાં માર્ગ છે. પુણ્યને પ્રાપ્ત કરવું હોય તો ત્યાં એક જ વાત છે. બીજી વાત જ નથી. પણ આ તો ખરેખર જિનમાર્ગ તો પરિભ્રમણનો નાશ કરવાનો માર્ગ છે. જીવને સાદિ અનંત અનંત સમાધિ સુખની અંદર-સિદ્ધપદની અંદર બિરાજમાન પરમેશ્વરપદે પહોંચાડવાનો માર્ગ છે. એમાં થોડુંક શુભ મેળવી ને એક-બે દેવના ભવ થાય અને પાછો જાય અધોગતિમાં જઈને સંસારમાં રખડે એ પ્રકાર અહીંયાં નથી. અહીંયાં મૂળ વાત આ છે. અને એટલા માટે એ પ્રયત્ન કરતા કરતા તો શુભ સહેજે બંધાય જાય છે. ઊંચા પ્રકારના, ઊંચી કોટીના બંધાય જાય છે. પણ એની અપેક્ષા રાખે એને આ માર્ગ મળતો નથી. આ માર્ગ મેળવવાવાળાને તો અન્ય માર્ગ કરતા ઊંચામાં ઊંચી કોટીના પુણ્ય બંધાય તોપણ એની ઉપેક્ષા થાય છે, જરાપણ એમને અપેક્ષા રહેતી નથી. એવો આ માર્ગ છે.

મુમુક્ષુ :- કેવો સુંદર નિશ્ચય માર્ગ છે. પણ કેમ નથી થતું?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની ભાવનાની ખામી છે. ભાવનાની મૂળમાં ખામી છે. ... ખામી છે. નથી માર્ગે ચડી શકતો. ચડવા માટે ભાવના રાખવી, ભાવના વધારવી આ એક જ ઉપાય છે પ્રથમમાં પ્રથમ. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

## તા. ૨-૦૭-૧૯૮૮, વચનામૃત-૩૯૬
## પ્રવચન નં. ૩૧૧

**ત્રણલોકને જાણનારું તારું તત્ત્વ છે તેનો મહિમા તને કેમ નથી આવતો? આત્મા પોતે જ સર્વસ્વ છે, પોતામાં જ બધું ભરેલું છે. આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા અને અનંત શક્તિનો ધરનાર છે. તેનામાં શું ઓછું છે? બધી ઋદ્ધિ તેનામાં જ છે. તો પછી બહારની ઋદ્ધિનું શું કામ છે? જેને બહારના પદાર્થોમાં કુતૂહલતા છે તેને અંદરની રુચિ નથી. અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી, સુખ પ્રગટતું નથી. ૩૯૬.**

૩૯૬ બોલ, પાનું-૧૪૯. આત્મ સ્વરૂપનો મહિમા કર્યો છે. '**ત્રણ લોકને જાણનારું તારું તત્ત્વ છે તેનો મહિમા તને કેમ નથી આવતો?**' મહિમા કરવા યોગ્ય અથવા અનંત મહિમાવંત જે સ્વરૂપ છે એનો મહિમા કેમ આવતો નથી? ત્રણે લોકને એક સમયમાં જાણે છે. અથવા સમસ્ત વિશ્વમાં રહેલા, સમસ્ત પદાર્થોને એક સમયમાં જેના જ્ઞાનની એક પર્યાય પી જાય છે એમ કહેવાય છે. સર્વ જ્ઞેયોને એક સમયમાં પી જાય છે, એવું જેનું અચિંત્ય સામર્થ્ય છે. જે સામર્થ્યની કલ્પના, ચિંતવના કરતાં પૂરું ન પડે, અધુરું પડે એવો અનંત મહિમાવંત સ્વરૂપનો મહિમા કેમ નથી આવતો? કોઈ એમ પ્રશ્ન કરે છે કે સ્વરૂપનો મહિમા કેમ આવે? એવો પ્રશ્ન થાય છે કે સ્વરૂપનો મહિમા કેવી રીતે કરવો? સ્વરૂપનો મહિમા કેમ આવે?

અહીંયાં ઊલટો પ્રશ્ન છે કે એ મહિમાવંત છે એનો મહિમા કેમ નથી આવતો? જે મહિમાવંત ન હોય એનો મહિમા ન આવે તો સંભવ છે કે બરાબર, મહિમાવંત નથી કેવી રીતે મહિમા કરીએ? પણ જે મહિમાવંત છે એનો મહિમા કેમ નથી આવતો? એટલે આવવો જ જોઈએ એમ કહેવું છે. જેમ બાળકને હીરાના દાગીના અને રમકડું બંને સરખું લાગે. એને માટીનું રમકડું આપો કે હીરાનો દાગીનો આપો. એને તો બંને રમકડું જ છે. એને કાંઈ જગતમાં જે રીતે પદાર્થોની કિંમત છે એની બાળકને ખબર નથી. એમ જે અજાણ છે, મહિમાવંત સ્વરૂપથી જે અજાણ છે એને સ્વરૂપનો મહિમા આવતો નથી. અને જગતના પદાર્થો, જેનું મૂલ્ય બાળકની અપેક્ષાએ રમકડા

જેવું છે એનો મહિમા આવે છે.

અહીંયાં તો જ્ઞાનદશામાં પોતાના પરમપદ, પરમેશ્વરપદનું જેને જ્ઞાન છે, જેને મહિમા છે એને એ પ્રશ્ન ઊઠે છે. 'સમયસાર'માં પણ એવો એક પ્રશ્ન ઉઠાવ્યો છે કે આવું મહિમાવંત સ્વરૂપ છે એમાં મુનિઓ સ્થિર કેમ નથી રહેતા? એમાં મુનિઓ કેમ લીન રહેતા નથી?

**'આત્મા પોતે જ સર્વસ્વ છે, પોતામાં જ બધું ભરેલું છે.'** આત્મા પોતે સર્વસ્વ છે અને પોતામાં જ બધું ભરેલું છે. પોતાનું કાંઈ પણ પોતાના આત્મા સિવાય બહાર નથી એમ લેવું છે. **'આત્મા પોતે જ સર્વસ્વ છે.'** એટલે કે એથી બહાર બીજું કાંઈ પોતાનું નથી. અને પોતામાં જ પોતાનું બધું ભરેલું છે. પોતાનું બધું પોતામાં છે. જ્ઞાન પોતાનું પોતામાં છે, સુખ પોતાનું પોતામાં છે, શાંતિ પોતાની પોતામાં છે, આનંદ પોતાનો પોતામાં છે. બધું પોતામાં જ ભરેલું છે. અને એને કાંઈ જોઈએ છે એવો જે પરપદાર્થ છે એ તો મળી શકવા યોગ્ય નથી. દ્રવ્યથી કોઈ દ્રવ્ય મળતું નથી, પ્રાપ્ત થતું નથી. અને પોતાના જ્ઞાન, શાંતિ, આનંદ વગેરે પોતાથી બહાર ક્યાંય છે નહિ.

પોતાને કોઈ જ્ઞાન કે સુખ આપે એ વસ્તુના સ્વરૂપમાં નથી. તેથી 'રાજમલજી'એ 'સમયસાર'નું માંગલિક જે શ્લોકમાં છે એની ટીકા કરતા લખ્યું છે કે, આત્માનું જ્ઞાન અને આત્માનું સુખ આત્મામાં છે. છ દ્રવ્યને જાણતા આત્માને જ્ઞાન પણ નથી અને આત્માને સુખ પણ નથી. પ્રયોજન તો જ્ઞાન કરતા સુખનું વધારે છે. પણ જ્ઞાન જ્યાં સુધી અધુરું હોય ત્યાં સુધી જીવને કુતૂહલ રહે છે. કેમકે સર્વને જાણવું એવો જે સ્વભાવ છે, સ્વભાવ ઉપરનો જે પ્રતિબંધ છે, આવરણ છે એને લઈને દુઃખ થાય છે, આકુળતા થાય છે. દુઃખ નામ આકુળતા થાય છે. બીજું કાંઈ જણાતુ નથી. બધું જાણવું છે એને અલ્પ જાણે ત્યારે આકુળતા થયા વિના રહેતી નથી. ત્યાં એમ લીધું છે કે એક પોતાના આત્માને જાણતા જ્ઞાન છે અને સુખ છે. પોતાને નિરાકુળ સુખનો અનુભવ પોતાને જાણતા થાય છે અને સ્વસંવેદન જ્ઞાન પણ પોતાને જાણતા થાય છે.

**'પોતામાં જ બધું ભરેલું છે.'** બધું કહેતા સુખ આવી ગયું એટલે બધું આવી ગયું. જીવને સુખ મળે પછી એને કાંઈ જોઈતું નથી. પછી શેનાથી સુખ મળે? આ એક જગતમાં સમસ્યા થઈ પડી છે. તેથી વિભિન્ન સાધનોમાં સુખ હોવાની ભ્રાંતિ થાય છે અને એ સુખ મેળવવાના પણ ભ્રાંતિગત રીતે ઉપાય થાય છે, પ્રયત્ન થાય છે. પણ ખરેખર અનંત નિરાકુળ સુખ પોતામાં ભરેલું છે. એટલે એમ કહ્યું કે '**પોતામાં**

**જ બધું ભરેલું છે.**'

'**આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા અને અનંત શક્તિનો ધરનાર છે.**' આખા વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા છે એ ઉપરાંત અનંત શક્તિઓનો એ ધારણ કરનાર છે. અનંત શક્તિઓ પોતે ધારી રાખીને, સંગ્રહીને બેઠેલો પદાર્થ છે. એટલી શક્તિઓ છે કે જે શક્તિઓને જોનાર જ્ઞાન તે તે શક્તિઓને જોતા થંભી જાય, સ્થિર થઈ જાય, ખોડાઈ જાય એ જ્ઞાન એમાં ને એમાં. એવી શક્તિઓનો સંગ્રહ આત્મામાં રહેલો છે. એ અનંત શક્તિઓનો ધરનાર છે.

શક્તિનું જ્ઞાન એટલા માટે કરાવે છે કે જીવ પોતાને નમાલો, દીન, પામર માનીને દીનતા કરે છે, લઘુતા કરે છે અથવા રાગાદિ પરિણામ થાય છે એ એની દીનતા છે અને એ પોતાની સુખ શાંતિ કોઈ બીજા પદાર્થની પાસે યાચે છે. યાચક થઈને ફરે છે. ભિક્ષુક થઈને ફરે છે. ભિખારી થાય છે. એ એને મટાડી દેવું છે અહીંયાં. એની શક્તિઓની ઓળખાણ કરાવીને એમ કહેવું છે કે તારા વિષે જ પરમ ઐશ્વર્ય ભરેલું છે. સદાને માટે ભરેલું છે. એકવાર ઓળખીને એનો અનુભવ કર. બસ, તને તારી કાંઈ યાચકવૃત્તિ ઉત્પન્ન થશે નહિ.

એટલા માટે જે મુનિપદમાં આવે છે એને જગતના પુણ્યશાળીમાં પુણ્યશાળી હોય છે એના પ્રત્યે એને કોઈ દીનવૃત્તિ આવતી નથી. ખરેખર તો જેની પૈસી દૈવી વૈભવ છે-દૈવી, મનુષ્યને યોગ્ય નહિ પણ દૈવી વૈભવ છે એવા ઈન્દ્રો પણ જેને આવીને વંદન-નમસ્કાર કરે છે, ચક્રવર્તીઓ પણ જેને વંદે છે. એને કાંઈ દીનતા કરવાનો પ્રશ્ન હોઈ શકે નહિ. એટલા માટે આહારની વૃત્તિ માટે ગામમાં આવે તો પણ દીનતાથી આહાર નથી લેતા. અને મુનિરાજને આહાર તે આહારદાન કહેવામાં આવે છે. મુનિરાજનો આહાર તે આહારદાન કહેવામાં આવે છે અને તે નવધા ભક્તિથી આપવામાં આવે છે. પદ્ધતિ ફેર છે. ગમે ત્યાં જઈને માગે કે અમને આહાર આપો. એવો પ્રકાર મુનિરાજને હોતો નથી. કેમકે એ તો ઉચ્ચપદમાં છે ને? ગુરુપદમાં છે. ગુરુપદ યાચના કરે એ વ્યવહાર યોગ્ય નથી. કોઈ પછી એની અંદરથી એવી રીતે ઘટાવે છે કે પોતાની નમ્રતા માટે યાચના કરવી જરૂરી છે. પણ એ તો પોતે અભિમાનમાં આવતા જ નથી પછી એને નમ્રતાનો પ્રશ્ન રહેતો નથી. એને અભિમાન ઉત્પન્ન જ થતું નથી. આઠે પ્રકારના મદ તો સમ્યગ્દર્શન થયું ત્યારે જ ટળ્યા છે. ચોથા ગુણસ્થાને ગયા છે. અને આ તો ચારિત્રમાં આવેલા છે. સ્વરૂપ સ્થિરતામાં છે. અભિપ્રાય તો ચોથા ગુણસ્થાને ગયો અને સ્વરૂપ સ્થિરતાની અંદર નિર્મદ થયા છે. એટલે એમને તો એ પ્રશ્ન જ નથી. એથી એમને આહારની વૃત્તિ આવે છે તોપણ યાચનાવૃત્તિએ આહાર

લેવાની પ્રવૃત્તિ તેમને થતી નથી. એ પ્રકાર વ્યવહારની દૃષ્ટિએ બહુ સ્પષ્ટ છે.

'કાર્તિકિયાનુપ્રેક્ષા'માં એ વાત લીધી છે. ત્યાં તો સમ્યગ્દૃષ્ટિ હોય, પંચમ ગુણસ્થાનવર્તી હોય તોપણ એને આહારદાનનો પ્રસંગ હોય તો ભક્તિપૂર્વક આહારદાન દે છે. ત્યાં પણ નવધા ભક્તિ સ્થાપી છે. 'કાર્તિકિયાનુપ્રેક્ષા'માં એ વિષય આવે છે. અણુવ્રતના પ્રકરણમાં સ્થાપ્યું છે. અણુવ્રતનું પ્રકરણ ચાલ્યું છે ત્યાં એ વાત ચાલી છે. બહુ જુનો ગ્રંથ છે. 'કાર્તિકિયસ્વામી' 'કુંદકુંદસ્વામી' પહેલા સંવત્ ૨૦૦૦ પહેલા 'કાર્તિકસ્વામી' થઈ ગયા છે. ભગવાન મહાવીર સ્વામી પછી લગભગ ચારસો વર્ષે થયેલા છે. બહુ સમર્થ આચાર્ય છે.

મુમુક્ષુ :- અડતાલીસ મૂળગુણ અને પંદર ઉત્તરગુણ પણ કાર્તિકસ્વામીના છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાંથી જ લીધેલા છે. 'કાર્તિકિયાનુપ્રેક્ષા'માંથી લીધા છે. ત્યાં ઘણું વર્ણન કર્યું છે. ત્યાં પણ એક ગાથા ચાલી છે કે સમ્યગ્દૃષ્ટિનો મહિમા કરતા એમ કે ભલે અવિરતિ છે, બાહ્ય ત્યાગ નથી તોપણ તે વંદન યોગ્ય છે, પૂજન યોગ્ય છે, નમસ્કાર કરવા યોગ્ય છે એ બધા બોલ વાપર્યા છે. ૩૨૬ ગાથા છે.

**'આત્મા આખા વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા....'** છે. વીતરાગભાવે જાણનાર, દેખનાર છે. જ્ઞાતા-દૃષ્ટાનો અર્થ એ થાય છે કે વીતરાગભાવે જાણનાર-દેખનાર છે. છદ્મસ્થ જીવ જાણવા માટે ઉપયોગને એ બાજુ ખેંચે છે. પરપદાર્થને જાણવા માટે, પરપદાર્થનું અવલંબન લે છે. અવલંબન લઈને પરપદાર્થને જાણે છે. એ પ્રકારે કેવળજ્ઞાનમાં વિશ્વના પદાર્થો જણાતા નથી. પણ પરિપૂર્ણ વીતરાગભાવે એટલે રાગ, દ્વેષ અને મોહરહિત થઈને માત્ર જેમ દર્પણમાં પ્રતિબિંબ પડે એમ જ્ઞાનદર્પણમાં, ચૈતન્યદર્પણની અંદર આખા વિશ્વનું પ્રતિબિંબ પડે છે. એવી જ્ઞાન દર્શનની આત્મામાં શક્તિ છે.

એ ઉપરાંત બીજી અનંત શક્તિઓનો ધરનાર છે. ગણનાએ અનંત શક્તિ છે. લાખ, કરોડ, અબજ નહિ પણ અનંત શક્તિ છે. અને એક એક શક્તિનું સામર્થ્ય પણ અનંત છે એટલે બેહદ છે. અચિંત્ય સામર્થ્ય છે. એવો આત્મા પોતે જ પરમેશ્વરપદે બિરાજમાન છે. મૂળ સ્વરૂપે, હોં! જે સંસાર અવસ્થા છે એ આત્માનું મૂળ સ્વરૂપ નથી. એ તો પૂર્વ કર્મને નિમિત્તે થયેલી અવસ્થા છે. અને એ અવસ્થાની અંદર અનેક પ્રકારના દોષ છે. એવું આત્માનું દોષિત સ્વરૂપ નથી. મૂળ સ્વરૂપે આત્મા જેવા સિદ્ધ પરમાત્મા છે તેવા જ પરમ સ્વરૂપે પરિપૂર્ણ પવિત્ર સ્વરૂપે આત્મા શુદ્ધ છે.

**'તેનામાં શું ઓછું છે?'** પ્રશ્ન પૂછે છે કે આત્મામાં શું ઓછું છે? શું ખામી છે? એવું શું છે એની અંદર કે જે ઓછું પડે એવું એમ કહી શકાય. એટલા માટે જે શુદ્ધ દશાને, પરમેશ્વર દશાને પ્રાપ્ત થાય છે તેને નિરિચ્છિક દશા-ઇચ્છા વિનાની

દશા કહેવામાં આવે છે. એટલે જેમકે ણમો અરિહંતાણંમાં અરિહંતપદ છે એ સદેહે મોક્ષ હોવા છતાં, દેહ સહિત મોક્ષ હોવા છતાં અને દિવ્યધ્વનિ આદિ વચન પ્રવૃત્તિ હોવા છતાં એને નિરિચ્છિક વાણી કહી છે. ઈચ્છા વિના નીકળેલી વાણી. આમ બોલું એવો પહેલો વિચાર આવે છે એ પ્રકારે ત્યાં વાણીનો પ્રયોગ હોતો નથી.

સંસારી જીવને સામાન્ય રીતે એવો વિચાર આવે પહેલા કે મારે આમ બોલવું છે. પછી બોલે. એવી ત્યાં મનની પ્રવૃત્તિ નથી અને સીધી વાણીની પ્રવૃત્તિ છે. મનની પ્રવૃત્તિ વિના, મનના નિમિત્ત વિના, ઈચ્છા વિના વાણી નીકળે છે. વિહાર તો ઈચ્છા વિના થાય છે. એ કાયાની પ્રવૃત્તિ છે. આ વાણીની. મનની પ્રવૃત્તિ હોતી નથી. મન ખલાસ થઈ ગયું. વાણી અને કાયાની પ્રવૃત્તિમાં કાયામાં વિહાર થાય છે તોપણ સામાન્ય રીતે માણસ ડગલા ભરીને ચાલે એવી રીતે વિહાર કરતા નથી. સીધુ જ આકાશમાર્ગે ધ્યાનસ્થ અવસ્થામાં એમને જે કાયપુદ્‌ગલ છે એ એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે જાય છે. ક્યા જવું એવો કોઈ વિચાર કરવાનો એમને હોતો નથી. કે આ જગ્યાએ હવે જવું છે. એમ નથી હોતું. જે ક્ષેત્રે ગમન થવા યોગ્ય હોય છે તે ક્ષેત્રે આપોઆપ ગમન થાય છે.

જેમ અહીંથી કોઈ દેહ ત્યાગ કરે તો એમાં ઈચ્છા શું કામ આવે? કે અહીંયાં ને અહીંયાં રહેવું છે તો ન રહી શકે, ફલાણી જગ્યાએ જાવું છે તો એમ ન જઈ શકે. જ્યાં એનો પૂર્વકર્મનો ઉદયો હોય ત્યાં આપોઆપ એક સમયની અંદર જીવ ચાલ્યો જાય. કોઈપણ જાતના સાધન વગર, વાહન વગર.

એમ ત્યાં પણ કોઈપણ જાતના સાધન અને વાહન વગર આકાશ માર્ગે એમ ને એમ પદ્માસને બિરાજમાન હોય તો ઊભા થયા વિના પદ્માસનમાં ને પદ્માસનમાં ક્ષેત્રાંતર પૂર્વ કર્મ અનુસાર જ્યાં સ્થિતિ થવાની હોય ત્યાં થાય છે. પછી ત્યાં બધા જાય છે. જેને શ્રવણ કરવું છે દિવ્યધ્વનિનું. અને એ પહેલા સમવસરણ ત્યાં રચાય છે. એ ત્યાં પહેલા રચાય જાય છે. અવધિજ્ઞાનથી ઈન્દ્રને ખ્યાલ આવે છે કે હવે ભગવાનનો વિહાર થશે અને અમુક જગ્યાએ એમનું સમવસરણ કરવાની જરૂર છે. એટલે ત્યાં સમવસરણની રચના કરે છે. ત્યાં બધી પ્રક્રિયા પૂરી થાય એટલે અહીંયાં જે સમયે વિહાર થવાનો હોય છે એ બધો સમયનો મેળ થાય છે અને ત્યાં ચાલ્યા જાય છે. પણ એ ઈચ્છા વિના છે.

એ એમ સૂચવે છે કે જેને આત્માની પૂર્ણતા પ્રગટ કરી છે, જે પરિપૂર્ણતા સ્વરૂપમાં હતી તે પરિપૂર્ણતા જેણે સિદ્ધ કરી છે, સાધ્ય કરી છે, પ્રગટ કરી છે એને ઈચ્છા થતી નથી. ઈચ્છા હોય તો એને અપૂર્ણતા છે એમ આપોઆપ સાબિત

થઈ જાય છે. મારામાં અમુક ખામી છે માટે આ મારે જોઈએ, મારે એ જોઈએ, મારે આ જોઈએ. અને એ ઇચ્છા પોતે દીનવૃત્તિ છે, યાચકવૃત્તિ, પામરવૃત્તિ છે. એવી પામરતા પરમેશ્વરને વિષે હોય તો તેને પરમેશ્વરપણું હોવું એ ઘટતું નથી. અથવા એ સિદ્ધ થતું નથી કે એ પરમેશ્વર છે. અને એટલા માટે જગતના મનુષ્યોનો બહુ મોટો ભાગ ઈશ્વરને વિશ્વનું સંચાલન કરતા માને છે. ઈશ્વરને વિશ્વનો ઉત્પાદક માને છે અને એનું પાલનપોષણ કરનાર માને છે. એ જૈનદર્શન સ્વીકારતું નથી. એનું કારણ એ છે. કેમકે એને ઈશ્વર કહેવું અને એને અપૂર્ણ સાબિત કરવો, એને ઇચ્છાવાળો સાબિત કરવો એ વાત કોઈ રીતે બંધ બેસતી નથી.

એ લોકોનો શ્રદ્ધાનો વિષય છે એટલે બહુ વિચિત્ર લાગે છે. કે તમે ભગવાનની ના પાડો છો. જગતકર્તા ઈશ્વર. તમે ભગવાનની, આવા ભગવાનની ના પાડો છો? એનું સામર્થ્ય ઘણું છે એની અંદર. એ શક્તિ બતાવવા જાય છે. ઈશ્વર તો સર્વ શક્તિમાન છે. એની ઇચ્છા વિના કે એની રજા વિના કે એની આજ્ઞા વિના જગતનું એક પાંદડું હલી શકે નહિ. એવી એની શક્તિ છે. પાછું ત્યાં ને ત્યાં છબરડો એ વાળે કે કોઈ સામાન્ય મનુષ્યને, દુષ્ટ મનુષ્યને શિક્ષા કરવા માટે એ પાછા જન્મ લે કોઈને ત્યાં. તો એ દુષ્ટ માણસ છે એની દુષ્ટતા છે એ કોની ઇચ્છાથી અને કોની આજ્ઞાથી કરે છે? એનો ક્યાંય જવાબ નથી. એનો ત્યાં જવાબ નથી કાંઈ. ઈશ્વરની આજ્ઞા વગર તો કોઈ જગતમાં કાંઈ કરી નથી શકતું. તો જે જગતમાં અનિષ્ટ તત્ત્વો છે. જે અનિચ્છિત બનાવો બની રહ્યા છે એ કોની આજ્ઞાથી બની રહ્યા છે? જેને સામાન્ય મનુષ્ય પણ યોગ્ય ન ગણે, એને શું ઈશ્વર યોગ્ય ગણીને થવા દ્યે છે? અથવા એ થાય છે એને રોકી શકવાનું એનામાં સામર્થ્ય નથી? ત્યાં બીજી યુક્તિ લગાડે. લોકોને ઈશ્વરનો મહિમા આવે માટે બધાને દેખાય એ રીતે દુષ્ટોનો નાશ કરે એ વધારે લોકોને ભક્તિનું કારણ છે. એમ કાંઈને કાંઈ તો છળ પકડવા માટેનું બહાનુ મળી રહે છે. પણ એમાં ઐશ્વર્યપદ અને અનઐશ્વર્યપણું થાય છે. એ વાત ખ્યાલમાં નથી આવતી.

એટલે અહીંયાં કહે છે કે તેનામાં એટલે આત્મામાં અનંત શક્તિના ધરનાર આત્મામાં શું ઓછું છે? કાંઈ ઓછું છે? કે કાંઈ ઓછું નથી. પોતાના સ્વરૂપથી એ પરિપૂર્ણ છે. '**બધી ઋદ્ધિ તેનામાં જ છે.**' બધી ઋદ્ધિ. જેટલી ચૈતન્યની ઋદ્ધિ, હોં! જડ પણ પોતાની અનંત શક્તિઓથી સમૃદ્ધ છે અથવા જગતના સર્વ પદાર્થો પોતપોતાની શક્તિની સમૃદ્ધિથી સમૃદ્ધ છે. એવી કોઈ અચેતન સમૃદ્ધિનું અહીંયાં પ્રકરણ નથી. એટલી અપેક્ષા રાખીને વિચારવાનું છે.

'**બધી ઋદ્ધિ તેનામાં જ છે.**' ચૈતન્યની બધી ઋદ્ધિ-સિદ્ધિ તેનામાં જ છે. '**તો પછી બહારની ઋદ્ધિનું શું કામ છે?**' એમ. પોતાની ઋદ્ધિ જોતાં અને પોતાની ઋદ્ધિ-સિદ્ધિ પ્રગટ કરતા, પ્રગટ કરીને ભોગવતા બહારના જડની, પુદ્‌ગલની ઋદ્ધિ-સિદ્ધિ ભોગવવાની કોઈ વાત રહેતી નથી. ઈચ્છા જ રહેતી નથી. એક જગ્યાએ તો આમાં વચનામૃતમાં લીધું છે ને? કે એક શુદ્ધોપયોગમાં સર્વ લબ્ધિઓ સમાય છે. 'શ્રીમદ્‌જી'એ લીધું છે. 'બહેનશ્રી'એ લીધું છે. બેય જ્ઞાનીઓએ લીધું છે. એ શુદ્ધઉપયોગને નમસ્કાર. સર્વોત્કૃષ્ટ તપ, સર્વોત્કૃષ્ટ જપ, સર્વોત્કૃષ્ટ નિયમ, સર્વોત્કૃષ્ટ સંયમ અને સર્વોત્કૃષ્ટ લબ્ધિ. જેમાં સહેજે સમાય છે એવા અવિષમ ઉપયોગને નમસ્કાર. એ કેવળજ્ઞાનનો અવિષમ ઉપયોગ છે. છદ્મસ્થનો ઉપયોગ આત્મામાંથી બહાર નીકળે તે વિષમતા છે. અહીંયાં તો બહાર નીકળવાનો પ્રશ્ન રહેતો નથી. અવિષમ ઉપયોગ છે.

એવી '**બધી ઋદ્ધિ તેનામાં જ છે. તો પછી બહારની ઋદ્ધિનું શું કામ છે?**' પછી બહારની ઋદ્ધિને શું કરવી છે? કે જેને કાંઈ અડી શકાતું નથી, જેમાંથી કાંઈ મેળવી શકાતું નથી. જેનાથી સર્વથા ભિન્ન રહેવાનું હોય છે વસ્તુતાએ. એવું વસ્તુનું વિજ્ઞાન છે, વસ્તુનું સ્વરૂપ છે. તો એનું શું કામ છે? એ તો બધી નકામી ચીજ થઈ પડે છે. આત્મા માટે એ નકામી ચીજ થઈ પડે છે. એનું શું કામ છે? નકામી છે એમ જોરથી કહેવું છે. એટલે એમ કહે છે કે શું કામ છે? જેમ કોઈ માણસ ઈચ્છવા યોગ્ય ન હોય તો કહે, ભાઈ! તમારું અહીંયાં શું કામ છે? એનો અર્થ કે તમે અહીંથી ચાલ્યા જાવ. તો ચાલ્યા જાવ એમ જોરથી કહેવું હોય તો કહે, તમારું શું કામ છે? એમ કહેવું પડે. એ કથન શૈલી છે.

એમ અહીંયાં કહે છે કે જો આત્મામાં જ બધી ઋદ્ધિ-સિદ્ધિ છે. આત્માની ઋદ્ધિ-સિદ્ધિ બધી આત્મામાં જ છે. તો પછી મારી બીજી ઋદ્ધિનું શું કામ છે? બીજી ઋદ્ધિનું કોઈ કામ નથી. અથવા એનો અર્થ એ થાય છે કે જગતની કોઈ ઋદ્ધિ-સિદ્ધિ આત્માને સુખ આપી શકે એમ નથી. પ્રયોજન તો સુખનું છે ને? તો જગતની કોઈ રિદ્ધિ-સિદ્ધિ આત્માને સુખ આપી શકે એમ નથી. એમ સ્પષ્ટ થાય છે. માટે એમ કહે છે કે એનું શું કામ છે?

'શ્રીમદ્‌જી'એ બહુ પ્રશ્ન ઉઠાવ્યા છે એક ચિંતક તરીકે, તત્ત્વચિંતક તરીકે કે અનેક પદાર્થ, અનેક પ્રકારના બાહ્ય અનુકૂળતાના સાધનો સંપ્રાપ્ત થવા છતાં જ્યારે સુખ ન મળ્યું ત્યારે બુદ્ધિમાન, વિચારવાન જીવોએ કાંઈક સુખ માટે બીજો વિચાર કરવાનો પ્રયત્ન કર્યો કે અરે..! બધું છે મારી પાસે. હામ, દામ, ઠામ જેને કહે છે. કાંઈ ખામી નથી. પાંચ ઈન્દ્રિયના કોઈ સુખની કમીના નથી ચક્રવર્તીઓને તો. એવા ઘણાં

દેવો, શ્રીમંતો હોય છે. છતાં એમને સુખચેન હોતું નથી. ત્યારે એ બીજો વિચાર કરવા પ્રેરાય છે કે તો પછી સુખચેન જેવી વસ્તુ ખરેખર છે શું? આમ કોઈ સુખ માટેની શોધ ચાલી છે અને એ શોધના અંતે એવું સિદ્ધ થયેલું છે કે સુખ ક્યાંય બહારમાં નથી, સુખ આત્મામાં છે. આત્માનું સુખ આત્મામાં છે અને તે આત્મામાંથી જ પ્રાપ્ત કરી શકાય છે. પ્રાપ્ત કરવાની જે વિધિ છે અથવા રીત છે એ એને પોતાને સમજમાં આવવી જોઈએ અને એનો પ્રયોગ થઈ શકે એ પ્રકારે, પોતે પ્રયોગ કરી શકે એ પ્રકારે એને સમજમાં આવવી જોઈએ. બસ, આટલી વાત છે.

'**જેને બહારના પદાર્થોમાં કુતૂહલતા છે તેને અંદરની રુચિ નથી.**' આ એક સિદ્ધાંત જેવી વાત કરી છે અહીંયાં. રુચિને સ્પષ્ટ કરતો, રુચિના વિષયને સ્પષ્ટ કરતો આ સિદ્ધાંત છે કે અંદરની રુચિ એટલે આત્મસ્વરૂપની રુચિ. આ રુચિનું એક અહીંયાં લક્ષણ બતાવ્યું છે કે '**જેને બહારના પદાર્થોમાં કતૂહલતા છે...**' બહારના પદાર્થને વિષે જેને કુતૂહલ થાય છે, નવું-નવું જાણવું, નવું-નવું જોવું, નવું-નવું સમજવું. અન્ય પદાર્થો માટે, એને સ્વપદાર્થની રુચિ નથી. એવી પ્રવૃત્તિ અન્ય પદાર્થની રુચિને જાહેર કરે છે, પ્રસિદ્ધ કરે છે. એટલા માટે એમ કહ્યું.

આટલી વાત સ્થાપ્યા પછી, આત્માનો આટલો મહિમા થયા પછી એ આત્માની મહિમાનું મૂલ્ય શું છે? કે આત્મરુચિ જો ... તો આત્મા તરફ જવાય, આત્માની અંદર જવાય, આત્મામાં જવાય, આત્માની ઋદ્ધિ-સિદ્ધિ પ્રગટ કરી શકાય, આત્માનું સુખ પ્રાપ્ત કરી શકાય. આત્માનું સુખ પ્રાપ્ત કરવા માટે આત્મસુખની રુચિ હોવી આવશ્યક છે. બહુ સ્પષ્ટ વાત આ છે. તો આત્માની રુચિ હોવી આવશ્યક છે.

રુચિનું લક્ષણ લીધું છે કે '**જેને બહારના પદાર્થોમાં કુતૂહલતા છે...**' આ પર રુચિનું લક્ષણ છે. કુતૂહલવૃત્તિ જે થાય છે એ પરપદાર્થને માટે જે કુતૂહલવૃત્તિ થાય છે, એ પરપદાર્થની રુચિને વશ થાય છે. નહિતર રુચિને સમજવી મુશ્કેલ પડે એવું છે. પણ આ એક બહુ સહેલાઈથી સમજી શકાય એવી વાત લીધી છે.

તું તારા આત્મસ્વરૂપથી અજાણ્યો છો. અનાદિથી અજાણ છો. મૂળમાં તારું સ્વરૂપ કેવું છે એની તને ખબર નથી. તો એનું કુતૂહલ તને થવું ઘટે છે. તારા સ્વરૂપનું કુતૂહલ થવાને બદલે તને જગતના વિભિન્ન પદાર્થોનું જે કુતૂહલ થાય છે એ મૂળમાં જ વિપરીત છે. કાર્યપદ્ધતિની એ વિપરીતતા છે. ઊંધી રીત છે. સુખી થવા માટે ઊંધી રીત. એટલે કે દુઃખી થવા માટેની સવળી રીત છે. સુખ અને દુઃખનું પ્રયોજન છે ને? એટલે એ વાત બહુ માર્મિક અહીંયાં લીધી છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કીધું ને બહારનું જાણવું ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એમણે કુતૂહલ રોકવાની વાત ત્યાં સુધી લીધી છે કે જગતના પુસ્તકો અને સાહિત્ય વાંચવાનો તો પ્રશ્ન નથી અને જગતની વિવિધતા જોવા માટે દેશદેશાવરનું પર્યટન કરવું, મુસાફરી કરીને જાણવું-જોવું એ પણ પ્રશ્ન નથી. પણ શાસ્ત્રો વાંચીને શાસ્ત્રોમાં ઘણી નવી નવી વાતો, નવા નવા ન્યાયો ઘણી વાતો હોય છે. એ બધું પણ જાણવાનું ઘણાને કુતૂહલ રહ્યા કરે છે. કે ભાઈ જુદા જુદા શાસ્ત્રો, જુદા જદા કહેનારાઓ-વક્તાઓ જેણે ઘણું વાંચ્યું હોય, ઘણું સાંભળ્યું હોય, ઘણું વિચાર્યું હોય એની પાસેથી ઘણું મળે. પણ એક આત્માને છોડીને એ સિવાયનું ઘણું... ઝપટ કરીને મોક્ષમાર્ગની અંદર આગળ વધી જાય છે. પહેલા જ મોક્ષમાર્ગની અંદર....

મુમુક્ષુ :- કુતૂહલતામાં રુચિ ગર્ભિત છે?

પૂજ્ય ભાઈશ્રી :- કુતૂહલતા રુચિનું સૂચક પરિણામ છે, રુચિને પ્રદર્શિત કરતું પરિણામ છે. એ પોતે જ રુચિનું પરિણામ છે. એટલે એમ કહે છે કે તને પરપદાર્થનું કુતૂહલ છે? કે તને આત્મપદાર્થનું કુતૂહલ છે? આના ઉપર તારા પરિણામ ક્યાં જશે એનો આધાર છે. આ રુચિ છે એ પરિણામનો આધાર છે.

એટલે કહે છે કે '**અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી,...**' તેને અંદરની રુચિ નથી તો અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી. આત્માની અંદરમાં રહેલું સુખ, અંતર્મુખ પરિણામ કરીને અનુભવગોચર કરવાનું છે. એ તો આત્માની રુચિ હશે તો અંદરમાં જઈ શકાશે. એ રીત ક્યારે હાથમાં આવશે? કે આત્માની રુચિ હશે ત્યારે. તું રુચિ બહારની રાખે અને વિચાર કરે, ઈચ્છા કરે કે મારે તો આત્માની અંદર જઈને આત્મામાંથી સુખનો અનુભવ કરવો છે. તો એવી રીતે તો કદી સુખનો અનુભવ થઈ શકશે નહિ. કેમકે '**અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી,...**' આ બે વાક્યો છે એ સિદ્ધાંતરૂપ છે. અધ્યાત્મના સિદ્ધાંતરૂપ છે.

સિદ્ધાંતનો વિષય પાંચ પ્રકારે મુખ્યપણે લેવો. કેમકે ચાર અનુયોગમાં ચારેય અનુયોગની શૈલીના સિદ્ધાંતો છે. દ્રવ્યાનુયોગ તો મૂળ તો વસ્તુ સ્વરૂપને સ્થાપનારો સિદ્ધાંત છે. તેમ છતાં પ્રકરણ ત્યાં પૂરું થતું નથી. એટલા માટે બીજા ત્રણ અનુયોગની પણ ગણધરદેવોએ રચના કરી છે કે જે દિવ્યધ્વનિમાં એ વિષય પ્રસિદ્ધ થયેલો છે. એટલે ભગવાનની વાણીમાં પણ એ વાત આવી છે. એટલે એ પ્રસિદ્ધ કરેલો વિષય છે. એ ઉપરાંત પાછા અધ્યાત્મના સિદ્ધાંતો છે કે જે ચારેય અનુયોગની અંદર છે. ચાર અનુયોગની ચાર શૈલી છે અને પાંચમી એક અધ્યાત્મની શૈલી છે. અને એ ચારેય અનુયોગની અંદર છે. એના પણ સિદ્ધાંતો છે. ચાર અનુયોગના જેમ સિદ્ધાંતો

છે એમ અધ્યાત્મના સિદ્ધાંતો છે. એમાનો આ એક સિદ્ધાંત છે.

અંદરમાં જવું એટલે આત્માનો આધાર લઈને, આત્માના આશ્રયે, આત્માના અવલંબને પરિણમન કરવું. એનું નામ અધ્યાત્મ. આત્માનો આધાર લેવો તેનું નામ અધ્યાત્મ. અધિ + આત્મા. આધાર લેવો એમ કહેવું છે. તો એ આધાર લેવા માટે શું સિદ્ધાંત છે? કે આત્મસ્વરૂપની રુચિ હોવી જરૂરી છે. આત્મસ્વરૂપની રુચિ હોવી જરૂરી છે. તો અનાદિથી જીવને અનાત્મ પદાર્થોની રુચિ છે એ ટળવી જરૂરી છે. બે એકસાથે રહેશે નહિ. આ વાત પ્રારંભમાં કઠણ છે, શરૂઆતમાં થોડી કઠણ છે તોપણ અસંભવિત અને અશક્ય નથી. થઈ શકે એવી છે, કરી શકાય એવી છે. એમ સમજીને આગળ ચાલવાનું છે.

નહિતર માણસ પોતાના પરિણામ તપાસે તો એને એમ લાગે કે આપણને તો બહારનું ઘણું કુતૂહલ રહે છે. છાપા વાંચવાનું મન થાય, ટીવી જોવાનું મન થાય, રમત-ગમત અને ટીવીની અંદર તો અનેકવિધ વિષય આવે છે. રમતગમતથી માંડીને, સમાચારોથી માંડીને, નાટક-સિનેમાથી માંડીને, અંગ કસરતના યોગ-પ્રયોગથી માંડીને જગતભરના દુનિયાના વિષયો એમાં લે છે. એવું સાહિત્યની અંદર હોય છે. એમાં પણ દુનિયાભરનું સાહિત્ય જગતમાં મળે છે. અને સામાન્ય રીતે જીવની આ એક અનાદિથી રુચિ છે એટલે એને ઘણું જાણવાનું, બધું જાણવાનું એને મન રહ્યા કરે છે. એની રુચિ રહ્યા કરે છે. મન રહે છે એનો અર્થ કે એની રુચિ રહ્યા કરે છે.

પણ એ બધું જાણવું, આત્માને જાણ્યા વગર જાણવું એ એને બંધનનું કારણ થશે. નવું બંધન આવી પડશે. અને એનું ફળ દુઃખ છે, એનું ફળ સુખ નથી. આખરમાં જોઈએ છે સુખ, બધું જાણીને જોઈએ પણ સુખ, નહિ જાણીને પણ જોઈએ સુખ, તો પછી સુખ ખરેખર કેવી રીતે મળે? એ વસ્તુ એ રસ્તે જે ચડ્યા છે એની પાસેથી, અનુભવી પાસેથી એ વાત મેળવી લેવી જોઈએ.

મુમુક્ષુ :- આવી બહારની કુતૂહલતાની કુટેવ કેમ ભૂલવી?

પૂજ્ય ભાઈશ્રી :- જો સ્વરૂપની ઓળખાણ થાય તો સ્વરૂપની રુચિ અનન્યભાવે પ્રગટે. એને ગુણની રુચિ કહે છે. ગુણથી ઉત્પન્ન થતા સુખની રુચિ. જીવને આખરમાં તો સુખની રુચિ છે. પણ આત્માનું સુખ આત્મામાં છે અને એ ગુણથી ઉત્પન્ન થતું સુખ છે. એની રુચિ ચોક્કસ પ્રકારની છે, ખાસ પ્રકારની છે. એ પ્રકાર આવવો જોઈએ. નહિતર બીજા પ્રકારથી વિપરીત રુચિથી એનો અંજામ દુઃખમાં આવશે, એનો અંજામ સુખમાં આવશે નહિ. આ કોઈ રીતે ફેરફાર ન કરી શકાય એવી પરિસ્થિતિ છે. સિદ્ધાંત એટલે સિદ્ધ થયેલી વાત છે. અંતે સિદ્ધ થયેલી વાત તેનું નામ સિદ્ધાંત.

એટલે '**અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી,...**' અથવા એ તો સર્વસામાન્યપણે અનુભવગોચર છે કે જેને જેની રુચિ છે એ બાજુ, એ દિશામાં એના પરિણામ સહેજે સહેજે ચાલ્યા જાય છે. રોક્યા રોકી શકાતા નથી. તો બહારની રુચિ હોય તો પરિણામ બહારમાં ચાલ્યા જશે. અન્ય પદાર્થની રુચિ હશે, રાગની રુચિ હશે તો પરિણામ એ બાજુ ચાલ્યા જશે. એ બાજુ પરિણામ ચાલ્યા જતા રોકી જ નહિ શકાય. તો અંદરમાં આવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અંદરમાં નહિ આવી શકાય. એટલે '**અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી,...**' અને અંદરમાં જવાતું નથી ત્યાં સુધી '**સુખ પ્રગટતું નથી.**' આ સીધી વાત છે. સરવાળે જે વાત લેવી છે એ સુખની વાત લેવી છે કે ત્યાં સુધી સુખ પ્રગટતું નથી.

એ રીતે અહીંયાં આ બોલની અંદર આત્માનું સામર્થ્ય અને આત્માની કિંમત દર્શાવીને રુચિની વાત લીધી છે. એને પણ ... છે કે આત્મરુચિ આત્માની સમજણ વિના પ્રગટ થતી નથી. બે તબક્કા આના લેવામાં આવે છે. બે Stageનો આ વિષય છે.

પ્રથમ છે એ સમજણનું Stage છે કે જે સ્વાધ્યાય, વાંચન સત્શાસ્ત્રોનું. સ્વાધ્યાય અને વાંચન દ્વારા એની કિંમત આવે છે, સમજણ આવે છે કે ખરેખર સુખ ક્યાં? સુખ કેવું? સુખનું સ્વરૂપ શું? કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? દુઃખ ક્યાં? દુઃખનું સ્વરૂપ શું? અને જીવને દુઃખ શા માટે થાય છે? કેવી રીતે થાય છે? આ બધું સ્વાધ્યાયમાં, સમજણમાં પહેલા ખ્યાલ આવે ત્યારે એને સુખની કિંમત હોય એટલે એ સુખ બાજુની એને પ્રાપ્ત કરવાની એક ભાવના ઉત્પન્ન થાય એને પહેલી રુચિ કહેવામાં આવે છે.

પણ એ રુચિ જ્યાં સુધી આત્મસ્વરૂપમાં રહેલી શક્તિઓની ઓળખાણ નથી થઈ ત્યાં સુધી એનું ખરું સ્વરૂપ પ્રગટ થતું નથી. અથવા રુચિ, ખરેખર રુચિની રીતે પ્રગટ નથી થઈ. એટલે સ્વાધ્યાય કરતા ઓળખાણ સુધી પહોંચે અને પોતાના સ્વરૂપમાં રહેલી અનંત શક્તિઓનું જે સામર્થ્ય છે એની ઓળખાણ થાય, એ અભેદ ભાવે છે. ભેદથી ભલે વિચારાય, પણ ઓળખાણમાં એનું અભેદ સ્વરૂપ ઓળખાણમાં આવે ત્યારે, જેમ સોનાને પરખવા માટે કસોટી ઉપર એના લીટા કરે, ઘસે એ એની પીળાશ, ચીકાશનો એનો જે સોનાપણાનું જે તેજ છે, સોનાનું જે તેજ છે, પીળુ એટલું સોનું નહિ, પણ સોનાનું જે તેજ છે એ જ્યારે સમજાય ત્યારે આખુ સોનું સમજાય. ખાલી પીળાશ ન સમજાય, ખાલી તેજ ન સમજાય પણ એની બજારની કિંમત, એનું વજનપણું, એનું ચીકાશપણું એના બધા ગુણો સમજાય. એટલે સમગ્રપણે સોનુ સમજાય અભેદપણે.

એવી જ રીતે સમગ્રપણે આત્માનું સામર્થ્ય સમજાય, ઓળખાય ત્યારે એને એક

અનન્ય રુચિ પ્રગટે છે. એ પહેલા એ સમજવા જેવું છે એની કિંમત આવે છે. આ સમજવા જેવું છે, આ વિચારવા જેવું છે, આ વિષયમાં ઊંડા ઊતરવા જેવું છે. અને ઊંડા ઊતરીને ઓળખાણ કરી લેવા જેવી છે. આત્માની ઓળખાણ કરવી, કઈ રીતે ઓળખાણ કરવી? એ બધો વિષય સમજવાના વિભાગમાં જાય છે. પણ એ સમજવાનો પ્રયત્ન જીવ ક્યારે કરે? કે જ્યારે એને વિચારની સ્થિતિમાં કિંમત આવે કે બીજી પ્રવૃત્તિ અને આ પ્રવૃત્તિમાં ફેર એ છે કે બીજી પ્રવૃત્તિનો અંજામ દુઃખમાં આવે છે, આ પ્રવૃત્તિનો અંજામ સુખમાં આવે છે. આ ફેર છે.

એવી જ્યારે સુખ-દુઃખના પ્રયોજનથી તુલનાત્મક કિંમત આવે છે ત્યારે બીજી પ્રવૃત્તિનો સંક્ષેપ કરીને, બીજી પ્રવૃત્તિને ગૌણ કરીને, બીજી પ્રવૃત્તિ ઓછી કરીને માણસ આમાં સમય અને શક્તિનો સદુપયોગ કરવા માટે પ્રેરાય. અને જો એ ઓળખાણ કરે ત્યારે એને બધા પોતાના અંદર આત્મામાં રહેલા ગુણો, શક્તિઓ એટલે ગુણો ઓળખાય છે. અને એ ગુણની રુચિ એની એકદમ તીવ્ર થઈ આવે છે. અને એનાથી એ અંતર્મુખ થઈ શકે છે. કેમકે અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી. અનર્પિતપણે એમ છે એટલે એનું બીજું પડખું એમ છે કે અંદરની રુચિ હોય તો અંદરમાં જઈ શકાય છે.

એમ '**અંદરની રુચિ વિના અંદરમાં જવાતું નથી,...**' તો અંદરની રુચિથી અંદરમાં જઈ શકાય છે. અને અંદરની રુચિ વિના '**સુખ પ્રગટતું નથી.**' તો અંદરમાં જઈ શકાય છે તો સુખ પ્રગટ કરી શકાય છે. સુખનો અનુભવ કરી શકાય છે. આ સુખ છે એ સ્વાધીન સુખ છે. કોઈ પરપદાર્થને આધીન નથી પણ એ સ્વાધીન સુખ છે. ૩૯૬ બોલ થયો. અહીં સુધી રાખીએ...

**તા. ૩-૦૭-૧૯૮૮, વચનામૃત-૩૯૭,૩૯૮**
**પ્રવચન નં. ૩૧૨**

**ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને !-આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે. પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ. ૩૯૭.**

'બહેનશ્રીના વચનામૃત' ૩૯૭, પાનું-૧૫૦. આત્મહિતનું કાર્ય કઈ વિધિથી થાય છે એનું વર્ણન આ બોલમાં કર્યું છે. અથવા પોતાના કલ્યાણ કરવાનો ઉપાય અંતરંગમાં કેવા પ્રકારે છે એ વાત અહીંયાં કહે છે. '**ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને! આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે.**' પુરુષાર્થનો પ્રકાર અને શ્રદ્ધા-જ્ઞાનમાં સર્વોત્કૃષ્ટપણે પોતાના સ્વરૂપની મુખ્યતા કરવાનો પ્રકાર અહીં શબ્દોથી વર્ણવ્યો છે. છે તો એ આત્માનો ભાવ. પણ ભાવને ભાષા નથી અને ભાષાને ભાવ નથી. ભાષા પુદ્ગલાત્મક છે. ભાવ છે એ ચૈતન્યાત્મક છે.

'**ચૈતન્ય મારો દેવ છે;...**' અથવા હું પોતે દૈવી શક્તિઓથી ભરપૂર પરમેશ્વરપદે બિરાજમાન છું. સર્વગુણસંપન્ન ચૈતન્ય પરમેશ્વર છું. પરમ-ઈશ્વર. ચૈતન્ય પરમેશ્વર છું. હું જ મારો દેવ છું. નમસ્કાર કરવા યોગ્ય પણ હું મને જ છું. એમ. 'શ્રીમદ્જી' તો પત્રમાં એમ લખે છે. નમસ્કાર કરવા યોગ્ય એવા મને તેવા રાયચંદને નમન. નમસ્કાર કરવા યોગ્ય. પોતે જ પોતાને નમસ્કાર કરવા યોગ્ય. નમસ્કાર કરવો એટલે પોતામાં નમવું. પોતામાં લીન થવું, પોતામાં ઢળી જવું, પોતામાં નમી જવું. જે પર્યાય પરમાં નમે છે. દીનતા ધારણ કરીને, પામરતા ધારણ કરીને જે પરપ્રત્યે નમે છે તેને કહે છે કે તારામાં નમાવ, તારી બાજુ એનું નમન થાય, વળવું થાય.

છદ્મસ્થની દશામાં મુખ્યતા અને ગૌણતા હંમેશા પરિણમનરૂપ હોય છે. ત્યાં તો

જીવ પોતાની અધિકતા કરે, મુખ્યતા કરે અને અન્ય સર્વ ગૌણ કરે. કાં તો જીવ પોતાને ગૌણ કરી જાય અને પોતાના સિવાય કોઈને કોઈ દ્રવ્ય-ભાવને મુખ્ય કર્યા કરે. આવું પરિણમન સદાય હોય છે. સર્વાંગ શુદ્ધ પરિણમન નહિ હોવાને લીધે અને જ્ઞાનાદિ ગુણની અધૂરી દશા હોવાને લીધે કોઈની મુખ્યતા અને કોઈની ગૌણતા થયા જ કરે છે, રહ્યા કરે છે.

અહીંયાં કહે છે કે ચૈતન્ય, પોતાનું જે દૈવી સ્વરૂપ છે. એ દ્રવ્યની જ અધિકતા રહે. દ્રવ્ય એટલે પોતાનું સ્વરૂપ અહીંયાં લેવું. દ્રવ્ય એટલે ત્રિકાળી ભાવ. દ્રવ્ય એટલે અહીંયાં જ્ઞાયકભાવ, પારિણામિકભાવ. દ્રવ્યની જ અધિકતા રહે, અધિકતા રહે એટલે શું? એનો એક બહુ સુંદર ચિતાર છે આ વચનોમાં કે '**તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને!**' એક જ દેખાય છે. જેમ કોઈ નજરબંધી થઈ ગઈ હોય. એમ ચૈતન્ય સ્વરૂપને વિષે નજરબંધી થાય છે. જ્ઞાનમાં લક્ષમાંથી છૂટતું નથી. ઉપયોગની પ્રવૃત્તિ અન્ય દ્રવ્ય-ભાવની સાથે સંબંધ ધરાવે તોપણ જ્ઞાનના લક્ષમાંથી જે છૂટતું નથી. અને ધર્મધ્યાનમાંથી જે ધ્યાનમાંથી પણ છૂટતું નથી. જેનું ધર્મધ્યાન છૂટતું નથી. ધર્મી સંબંધીનું જ્ઞાન. ધર્મધ્યાન એટલે ધર્મી સંબંધીનું ધ્યાન તે ધર્મધ્યાન છે. અને શ્રદ્ધા તો એના સિવાય બીજા કોઈને વિષય કરતી નથી. જ્ઞાનમાં હજી ઉપયોગ બીજે લાગે છે. ચારિત્રમાં પણ હજી રાગાદિ પરિણામ આંશિક થાય છે. ધર્મધ્યાન હોવા છતાં પણ. અને જ્ઞાનમાં સ્વરૂપનું લક્ષ હોવા છતાં પણ બીજી પ્રવૃત્તિ હોય છે. શ્રદ્ધામાં તો એક જ પ્રવૃત્તિ છે.

પુરુષાર્થની મુખ્યતાથી કહે છે કે મને બીજું કાંઈ દેખાતું જ નથી. આવું દ્રવ્ય ઉપર જોર આવે. પુરુષાર્થને બીજા ગુણથી વર્ણવવો પડે છે. એવું સૂક્ષ્મ પરિણમન છે અરૂપી. બહુ બહુ તો પરિણામમાં વેગ, આવેગ, સંવેગ અથવા જોર એવા શબ્દથી એને કહે છે. અને એને બતાવવા માટે સાથે સાથે બીજા ગુણ શું કામ કરે છે એ બતાવે છે.

દેખવું છે એ દર્શનનું, શ્રદ્ધાનનું કાર્ય છે કે મને તો શ્રદ્ધામાં મારું સ્વરૂપ જ એકલું દેખાય છે, શ્રદ્ધાય છે. આ સિવાય મને કાંઈ જગતમાં દેખાતું નથી. સ્વસ્વરૂપે મારું સ્વરૂપ જ દેખાય છે. સર્વસ્વરૂપે. સ્વસ્વરૂપે એકલું મારું સ્વરૂપ દેખાય છે. મને કાંઈ દેખાતું નથી. નહિ દેખાવા બરાબર દેખાય છે. સંભળાય છે તે નહિ સંભળાવા બરાબર, દેખાય છે તે નહિ દેખાવા બરાબર. એમ. જેના ઉપર લક્ષ નથી અથવા જેની મુખ્યતા નથી તે નહિવત્ થઈ જાય છે. એમ તો હું.. હું.. હું... હું.. બધે કરે છે. પોતાની મુખ્યતા કરવા માટે. પણ આત્મા પોતે જ ગૌણ કર્યો છે ત્યાં

હું-હું ક્યાં કરે? કે જ્યાં પોતે નથી ત્યાં હું-હું કરે. પોતે છે ત્યાં હું-હું કરતો નથી. કેમકે ગૌણ થઈ ગયો એટલે નહિવત્ થઈ ગયો. જાણે છે જ નહિ. એમ પોતે મુખ્ય થયો અને બીજું ગૌણ થઈ ગયું એટલે જાણે બીજું કાંઈ છે જ નહિ.

ચૈતન્ય સ્વરૂપની મુખ્યતામાંથી એ વાત દિવ્યધ્વનિમાંથી નીકળી છે કે બ્રહ્મ સત્ય જગત્ મિથ્યા. જગત મિથ્યા છે અને એક બ્રહ્મ જ-ચૈતન્યદેવ જ સત્ય છે. સત્ય એટલે સત્તા ધરાવે છે. સત્તાનું વિશેષણ તે સત્ય છે, સત્તાની વિશેષતા તે સત્ય છે. તો જગતમાં હું એક જ સત્ય છું. બીજું હોય તો દેખાય ને. એમ કહે છે. બીજું કાંઈ છે જ નહિ. બીજું બધું તો મિથ્યા છે મારા માટે. પછી એ વાતને ન સમજ્યા એણે વસ્તુ વ્યવસ્થા એ ઉપાડી લીધી છે કે ખરેખર જગત છે જ નહિ. વસ્તુ વ્યવસ્થાનો અહીંયાં વિષય નથી. અહીંયાં અધ્યાત્મનો વિષય છે કે બસ! મને હું એક જ દેખાવ છું અને મને કાંઈ બીજું દેખાતું નથી. એ કેટલી મુખ્યતા છે એમ બતાવવું છે. કે આખું જગત દૃષ્ટિમાંથી જેને ઊડાવી દીધું એવી દૃષ્ટિ જેણે પ્રગટ કરી. એમ લીધું છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી' કહે છે, એક પલ્લામાં હું અને એક પલ્લામાં...

પૂજ્ય ભાઈશ્રી :- એક ત્રાજવાના પલ્લામાં હું બેઠો છું, બીજા પલ્લામાં ભલે આખું જગત હોય, મારું પલ્લુ નમે છે. મારું પલ્લુ બેસી જાય છે. એટલે કાંઈ નથી. જગત આખું જાણે તે મારી પાસે કાંઈ નથી. એવું દ્રવ્ય ઉપર જોર આવે. દ્રવ્યદૃષ્ટિપૂર્વક એવું જોર ઉત્પન્ન થાય કે જાણે બીજું કાંઈ છે જ નહિ અને હું એક જ છું. અભિમાન થઈ જાય કે ન થઈ જાય? એ પ્રશ્ન અહીંયાં રહેતો નથી. અભિમાન તો એને કહેવામાં આવે છે કે જ્યાં પોતાનું અસ્તિત્વ નથી ત્યાં હું..હું..હુંપણું કરે તો અભિમાન છે. જ્યાં પોતાની સત્તા અને અસ્તિત્વ છે ત્યાં હુંપણું ગ્રહણ થાય, સત્તાનું ગ્રહણ થાય તો તે સમ્યક્ છે. એમાં જરાપણ અવગુણ થતો નથી.

'**આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે,...**' દ્રવ્યની જ મુખ્યતા રહે. '**તો બધું...**' એટલે સમગ્ર પરિણમન. આત્માના અનંત ગુણોનું સમગ્ર પરિણમન '**નિર્મળ થતું જાય છે.**' આખું દ્રવ્ય નિર્મળ થતું જાય છે. આ રીતે દ્રવ્યની મલિનતા ધોવાતી જાય છે. જો પોતાના શુદ્ધાત્મ સ્વરૂપની મુખ્યતા કરવામાં આવે અને પોતાનું જે જોર છે એ દ્રવ્ય ઉપર જ રહે, તો એ પુરુષાર્થ દ્વારા આખું દ્રવ્ય નિર્મળ થતું જાય છે. પોતાનું સ્વરૂપ છે એમાં જે રાગાદિ મલિનતા છે એનો ક્ષય થતો જાય છે. બધું નિર્મળ થતું જાય છે એટલે રાગાદિ ભાવો ક્ષય થાય છે. આ વિધિ છે એમ કહેવું છે. આવી વિધિ છે અસ્તિથી. કે હું મને દેખું છું. પોતાના ઉપર જોર

અને પોતાની મુખ્યતા, અધિકતા રહે, ભિન્નતા રહે તો આપોઆપ પરિણમનની અંદર શુદ્ધતા થતી જાય છે.

'**પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા.**' બધા રસ એટલે બધા વિભાવરસ. પાંચેય ઇન્દ્રિયો સંબંધીના જે વિભાવરસ છે એ બધા ઢીલા થઈ ગયા અથવા શિથિલ થઈ ગયા. '**પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ,...**' પોતામાં ગયો એટલે પોતામાં લીન થયો ત્યારે રાગ સાથેની એકત્વબુદ્ધિ તૂટી ગઈ. અનાદિથી 'રાગ તે હું' એવું રાગ સાથે એકમેક પરિણમન થઈ ગયું હતું તે એકત્વબુદ્ધિ તૂટી ગઈ. ભિન્ન પરિણમન થઈ ગયું.

જ્ઞાનાદિ સ્વભાવગુણની પરિણતિ જુદી પડી ગઈ અને વિભાવની પરિણતિ આખી જુદી પડી ગઈ. એકત્વબુદ્ધિ તૂટી ગઈ. એટલે બધા રસ ઢીલા પડી ગયા. આત્મરસની તીવ્રતાને લીધે. ચૈતન્યરસની તીવ્રતાને લીધે. પરમપવિત્ર ચૈતન્યરસ એટલો વૃદ્ધિગત થયો અને એ રસમાં પોતે આત્મા એટલો તરબોળ થયો કે બધા રસ તેના ઢીલા પડી ગયા, .. થઈ ગયા. કોઈ વિભાવભામાં એને પોતાને રસ આવતો નથી. અને એની સાથેનું એકત્વ પણ નથી. એકત્વબુદ્ધિ પણ રસને સૂચિત કરે છે. જ્યાં સુધી જીવનો મિથ્યાત્વ સહિતનો અતિ તીવ્ર ચીકણો રસ છે ત્યાં સુધી એને રાગ સાથે એકત્વ થયા કરે છે. ક્યાં સુધી? કે સ્વરૂપ સન્મુખ થાય, સમ્યગ્દર્શન પહેલા સમ્યક્ સન્મુખની જે દશા થાય એ દશામાં શુદ્ધાત્માનો વિકલ્પાંશ, વિકલ્પ-રાગ ઊઠે એની સાથે એકત્વ થાય એને પણ નિષેધ્યું છે. એનો પણ નિષેધ કર્યો છે કે રાગ સાથે એકત્વ તો ન જ જોઈએ.

પરિપૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી દશામાં રાગની આંશિકપણે ઉત્પત્તિ થયા કરશે. પણ એની સાથે એકત્વ તો ન જ જોઈએ તે ન જ જોઈએ. એકત્વ છે એ રાગની મૈત્રી છે અને ભિન્નત્વ છે એ રાગનો વિરોધ છે અથવા રાગનો નિષેધ છે એની અંદર. બે વચ્ચે મોટો ફેર છે. મૈત્રી હોવી એક વાત છે અને વિરોધ હોવો તે એનાથી ઊલટી વાત છે.

અહીંયાં પોતે પોતામાં ગયો એટલે પોતાને વિષે પોતે એકત્વ કર્યું ત્યારે રાગ સાથેની એકત્વબુદ્ધિ તૂટી ગઈ. અને સ્વરૂપરસને લીધે, સ્વભાવરસ ઉત્પન્ન હોવાને લીધે બધા પ્રકારનો વિભાવરસ શિથિલ થઈ ગયો, ઢીલો પડી ગયો. અથવા એ રસમાં મોળાશ આવી ગઈ, એ રસની ચીકાશ ઊડી ગઈ. વિભાવ છે પણ વિભાવ લુખ્ખો થઈ ગયો. રસ વિનાનો લુખ્ખો વિભાવ થઈ ગયો પછી એમાં કાંઈ રસકસ રહેતો નથી.

'સમયસાર'ના બંધ અધિકારમાં રાગરસને જ બંધતત્ત્વ કહ્યું છે. **'रागोद्वारमहारसेन'** જીવ શેનાથી બંધાય છે? કે રાગમાં રહેલો જે મહારસ છે, તીવ્ર રસ છે, એકત્વબુદ્ધિનો રસ છે એનાથી જીવને બંધન છે, અથવા તત્ત્વદ-ષ્ટિએ નવ તત્ત્વમાં આ બંધતત્ત્વ છે. એને બંધતત્ત્વ કહ્યું. રાગને આસ્રવ પણ કહ્યો છે અને રાગને બંધ પણ કહ્યો છે. પણ જે એકત્વબુદ્ધિ સહિતનો છે એને બંધતત્ત્વમાં નાખે છે. એ આસ્રવ છે એ તો જાણે બંધ વગરનો આસ્રવ હોય તો આવીને ચાલ્યો જાય, આવીને ચાલ્યો જાય. એમ.

મુમુક્ષુ :- રાગરસ ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવરસ, ચૈતન્યરસ ઉત્પન્ન થાય તો રાગરસ તૂટે.

કોઈપણ પ્રકારના રસને તૂટવાનું એક જ કારણ છે કે વિરુદ્ધ રસનું ઉત્પન્ન થવું. પરિણામને વિષે વિરુદ્ધ રસ ઉત્પન્ન થાય તો આગળનો જે ભાવ છે, રસ છે એ તૂટી જાય છે. સ્વભાવ અને વિભાવ પરસ્પર વિરુદ્ધ છે. સ્વભાવરસ વધે તો વિભાવરસ ખલાસ થાય, વિભાવરસ વધે તો સ્વભાવરસ તૂટી જાય. અરસપરસ એકબીજાને તોડનારા છે. વધ્યઘાતક સ્વભાવે છે. સ્વભાવને ઓળખે તો સ્વભાવનો રસ આવે. જેને ગુણની પ્રીતિ છે, ગુણની રુચિ છે એ ગુણવાન એવા, અનંત ગુણવાન એવા આત્માને ઓળખે તો એને એનો રસ આવે. એનો તીવ્ર રસ આવે, અત્યંત રસ આવે.

કોઈ એમ પૂછે છે કે પૈસાનો રસ કેમ આવે? માન-સન્માનમાં રસ કેવી રીતે આવે? આબરૂ-કીર્તિનો રસ કેવી રીતે આવે? શિખવાડો તો. જેમ એમાં સુખની કલ્પના છે. સુખ નથી તોપણ સુખની કલ્પના છે તો રસ આવે છે. એમ અહીંયાં તો અનંત સુખ ભરપૂર ભરેલું છે. એટલું બધું સુખ ભર્યું છે, બેહદ જેની કોઈ હદ નથી એટલું બધું સુખ ભર્યું છે... એટલું બધું સુખ ભર્યું છે. કે જીવ એમાં ગરકાવ થઈને, લીન થઈને સાદિ અનંત કાળ પર્યંત ડૂબી જાય એટલું સુખ ભર્યું છે. બહાર જ ન નીકળે એ સુખમાંથી. અનંત કાળ પર્યંત એ બહાર ન નીકળે. આ તો જે કહેવાતું સુખ છે એમાં તો રહી શકે એવું જ નથી. એમાંથી અંતર્મુહૂર્તમાંથી બહાર નીકળી જાય છે, છૂટી જાય છે અંતર્મુહૂર્તે એમાંથી તો. જ્યારે આમાં તો અનંત કાળ પર્યંત એમાં લીન રહી જાય એવું કોઈ નિરાકુળ સુખ છે, એવું કોઈ અલૌકિક સુખ છે કે જીવને ક્યાંય એમાં ઉપદ્રવ નથી, આકુળતાનો જેમાં ઉપદ્રવ થતો નથી. નિરામય સુખ છે. એની ઓળખાણ થાય, એની સમજણ થાય તો એનો રસ આવ્યા વિના રહે નહિ.

આપણે સિદ્ધ ભગવાનની સ્તુતિ બોલીએ છીએ એમાં એક શબ્દ છે. પરમ રસનું ધામ છે. સિદ્ધપદ છે એ નિજ સિદ્ધપદ છે ખરેખર તો. પોતાનું નિજ સિદ્ધપદ

કેવું છે? કે પરમ ચૈતન્યરસનું ધામ છે, પરમ સુખામૃતનું એ ધામ છે. અમૃતરસનું ધામ છે. તો એમાં એનો રસ નહિ આવવાનો શું સવાલ છે? કે એનો રસ આવે જ આવે.

'**સ્વરૂપનો રસ પ્રગટતા...**' ... '**સ્વરૂપનો રસ પ્રગટતા અન્ય રસમાં અનંતી મોળાશ આવી.**' કેટલી? અનંતી મોળાશ આવી. કેમકે સ્વભાવરસ અનંતો છે. તો સામે એનું પરિણામ, એનું ફળ પણ અનંતુ છે. તો સ્વરૂપનો રસ પ્રગટતા અન્ય રસમાં અનંતી મોળાશ આવી. સાવ લુખ્ખું પરિણમન થઈ ગયું. એટલે ભલે મોક્ષમાર્ગનું પહેલું ગુણસ્થાન છે, અવિરત ગુણસ્થાન છે. ક્રમમાં ભલે ચોથું છે પણ મોક્ષમાર્ગનું એ પહેલું ગુણસ્થાન છે, પ્રથમ પગથિયું છે. તોપણ સમ્યગ્દૃષ્ટિને રાગાદિ નથી એમ કહેવામાં આવે છે. નહિવત્ ગણીને, છે તે નહિવત ગણીને નથી એમ કહ્યું, એનું કારણ અનંતી મોળાશ છે એની.

'**સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં...**' કોઈપણ પ્રકાર. બહારનો કોઈપણ પ્રકારનો રસ છે એમાં '**અનંતી મોળાશ આવી.**' ખરેખર તો એમાંથી હુંપણું છૂટી ગયું, અસ્તિત્વ ખસી ગયું. જે રાગરસમાં પોતાની હયાતીનો અનુભવ કરતો હતો, હયાતીને વેદતો હતો એ પ્રકાર છૂટી ગયો. એ તો .... હવે જ્યાં પોતે જ નથી ત્યાં શેનો રસ આવે? છાપામાં ગામે ગામના બનાવ આવે. શું રસ આવે છે? અનેક ગામના, અનેક સ્થાનના, દેશ-વિદેશ, દેશ-પરદેશના. બધા તો એક છાપામાં આવી શકે નહિ. આજુબાજુના સૌ લખતા હોય છે. અથવા મોટા હોય, મુખ્ય હોય એ લખે છે. મુખ્યતા આપવા જેવા હોય એ લખે છે. બાકી તો લખાય નહિ કેમકે જગ્યા મર્યાદિત હોય. પણ જે કાંઈ આવે છે એમાં પોતાને રસ કેટલો? કે સામાન્યપણે નીરસ પરિણામ હોવાથી એમ કહેવાય છે કે આજે છાપું વાંચ્યું તે આજે ને આજે ભૂલી જવામાં આવે છે. કોઈને કાલે યાદ રહેતું નથી.

શાસ્ત્ર છાપાની જેમ વંચાય નહિ. શાસ્ત્ર છે એ છાપાની જેમ વંચાય? છાપું તો આજ વાંચે અને સાંજે ભૂલી જાય. સવારે છાપામાં શું વાંચ્યું હતું. કેમકે એ કોઈ સમાચારની અંદર રસ નથી હોતો. ગમે તેવા મોટા સમાચાર હોય. ફલાણો પ્રધાન બદલાયો. ઠીક છે. કાલે પછી બીજા સમાચાર આવે ત્યારે કાલના સમાચાર શું હતા એનો કોઈ વિચાર કરે છે? કેમકે રસ નથી એની અંદર. કેમ રસ નથી? કે પોતાને લેવા-દેવા નથી. કોઈ પ્રધાન બદલાય કે ન બદલાય એમાં એને પોતાને શું લેવા-દેવા હોય? એના ઘરે જે થયું તે. અને એ તો એક પ્રધાન બદલાણો ત્યારે બીજો પ્રધાન ઉતરી ગયો ત્યારે બદલાણો કે એમ ને એમ બદલાણો? એને કેટલો રસ

આવે? જેની ખુરશી ગઈ એને કેટલો રસ આવે? એવી રીતે એનો રસ ઊડી જવો જોઈએ. જેને મળ્યું એને રસ આવે. ખુરશી મળી એનો. પણ જેની ગઈ એને?

એમ પરમાંથી પોતાની ખુરશી ગઈ એમ સમજે એને રસ આવતો નથી. કેમ બધા રસમાં મોળાશ આવી જાય છે? મારું ગયું. મારું નથી કાંઈ આમાં. આમાં કાંઈ મારું નથી. બસ! મારું નથી એમાં રસ નથી. જ્યાં મારું છે ત્યાં રસ છે. જ્યાં મારું છે ત્યાં મુખ્યતા છે, જ્યાં મારું છે ત્યાં અધિકાઈ છે. જ્યાં મારાપણું આવે છે ત્યાં પુરુષાર્થનું જોર લાગ્યા વિના રહેતું નથી.

'**અનંતી મોળાશ આવી. ન્યારો,...**' બધાથી ન્યારો. આ જુદો પડ્યો એમ કહે છે. ભિન્ન થઈ ગયો. ન્યારો '**બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો.**' જે સંયોગો પોતાના કહેવાય છે. કહેવાય છે, હોં! છે નહિ. જે કહેવાય છે એમાં પોતે ક્યાંય વ્યાપતો નથી. વ્યાપ્ય-વ્યાપકભાવે ક્યાંય વ્યાપતો નથી. પોતે પોતાના જ્ઞાનાદિ સ્વભાવમાં વ્યાપેલો છે અને એથી બહાર ક્યાંય વ્યાપતો નથી. એવો જેને અનુભવ વર્તે છે એને મુક્ત કહેવામાં આવે છે. કેમકે ન્યારો થઈ ગયો એનું નામ મુક્ત થઈ ગયો.

'શ્રીમદ્જી'એ બે-ત્રણ રીતે એ વ્યાખ્યા કરેલી છે ... પણ બહુ સારા શબ્દોમાં વ્યાખ્યા કરેલી. ૭૭૯. '**સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે,...**' જેટલા રાગાદિ પરિણામ થાય છે તે બધા અન્ય ભાવ છે. જેટલા વિભાવભાવ થાય છે, રાગ, દ્વેષ, મોહ, રતિ, અરતિ આદિ. તે '**સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે 'મુક્ત' છે.**' એવો જેને અનુભવ વર્તે છે કે મારો આત્મા સર્વ પ્રકારના અન્ય ભાવથી રહિત છે. થાય છે ત્યારે પણ એનાથી હું તો રહિત જ છું. એમ જેને વર્તે છે તે મુક્ત છે. એક વ્યાખ્યા તો એ કરી.

'**બીજા સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, સર્વ કાળથી અસંગપણું અને સ્વ ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.**'

મુમુક્ષુ :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ...

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ... સિદ્ધ પરમાત્મા. તે મુક્ત છે.

'**અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો...**' નીચેની દશામાં પણ '**અટળ અનુભવસ્વરૂપ આત્મા...**' અથવા અબાધ્ય અનુભવસ્વરૂપ આત્મા. એ અબાધ્ય અનુભવસ્વરૂપ લીધું છે. તે '**સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો...**' પોતાની ચૈતન્યસત્તા પ્રત્યક્ષ જુદી ભાસવી '**ત્યાંથી મુક્તદશા વર્તે છે.**' મુક્તદશા વર્તવાની શરૂઆત અહીંથી થાય છે. '**તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ**

**અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.**' જેને જુદો ભાસે તે મુક્ત થાય છે.

'**જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો...**' અત્યારે તો નથી પણ ત્રણે કાળને વિષે દેહાદિ, અત્યંત નજીક એવા દેહાદિથી કોઈપણ સંબંધ નહોતો '**એવી અસંગદશા ઉત્પન્ન કરી...**' એવી દશા જેની થઈ કે મને કોઈપણ પરદ્રવ્યનો સંબંધ જ નથી. '**તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.**' અહીંયાં આ શબ્દ વાપર્યો છે. ૭૭૯માં. સત્પુરુષને, ભગવાનરૂપ સત્પુરુષને એવું વિશેષણ લગાડ્યું છે. તે સત્પુરુષોને નમસ્કાર એમ નહિ. '**તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.**'

એક ૭૮૦માં બહુ સારો ટૂકડો છે. '**પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી,...**' મૂળ તો કોઈને મરવું નથી. દેહથી કોઈને છૂટુ પડવું નથી. કહે છે કે એ તો પરમયોગી હતા. એવા ઋષભદેવ ભગવાન પણ જેને રાખી શક્યા નથી. '**તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે...**' જ્યારે દેહનો સંયોગ જ તને છે અને તને દેહની મહત્તા છે તો તને બીજી કોઈ રહસ્યભૂત વાત કરીએ. કે તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે. '**તે એ...**' તે વિશેષપણું એ છે '**કે તેનો સંબંધ વર્તે...**' જ્યાં સુધી આ દેહનો સંબંધ વર્તે છે '**ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ...**' શું કરવું એણે? દેહાદિથી અસંગપણું અને સર્વ અન્ય પદાર્થને વિષે નિર્મોહપણું કરી લઈને '**અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી,...**' નિજ સ્વરૂપ જાણવું. એ નિજ સ્વરૂપને આ વિશેષણ લગાડ્યું છે. '**અબાધ્ય અનુભવસ્વરૂપ...**' અનુભૂતિસ્વરૂપ આત્મા છે કે જે અનુભૂતિને કોઈ બાધા પહોંચાડી શકતું નથી. નિરંતર અનુભવ કરી જ રહ્યો છે. માને છે કે હું બીજાનો કરું છું, બીજાનો થઈ શકતો નથી. અનુભવ તો પોતાનો જ કરી રહ્યો છે.

મુમુક્ષુ :- જ્ઞાની કે અજ્ઞાની.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની કે અજ્ઞાની. આબાળગોપાળ દરેક આત્મા અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્માને જ અનુભવી રહ્યા છે. અબાધ્ય અનુભવ-એને કોઈ બાધા ન કરી શકે. અબાધ્ય અનુભવસ્વરૂપ છે.

'**અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું,...**' બીજા સર્વ ભાવ પ્રત્યેથી છૂટા થવું, ભિન્ન થવું. ક્યાં સુધીમાં? જ્યાં સુધીમાં આ દેહનો સંયોગ છે ત્યાં સુધીમાં. '**કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે.**' આ કામ કરી લે. જ્યાં સુધી આ મનુષ્યદેહ છે ત્યાં સુધીમાં આ કામ કરી લે. કે જેથી '**તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ**

**સમરસપણું રહે...**' જ્ઞાતા-દષ્ટાપણું રહે. યથાર્થ એટલે સમ્યક્ પ્રકારે રહે. '**તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષનો નિશ્ચય છે.**'

બહુ ગૂઢ સંકેત અહીંયાં કર્યો છે. કે '**દેહ છોડતી વખતે...**' મૃત્યુ ટાણે. જો આ જીવને '**જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું,...**' છે. મોહનો જેટલો નાશ કર્યો છે. અને અસ્તિથી સમરસપણું છે. જ્ઞાતા-દષ્ટાભાવ, વીતરાગભાવ જેટલા અંશે ઉત્પન્ન કર્યો છે '**તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાનીપુરુષનો નિશ્ચય છે.**' એને મોક્ષપદ નજીક છે. કેમકે સર્વથી કઠિનમાં કઠિન ઉદય પ્રાણ છૂટે ત્યારે હોય છે. બીજા બધા અશાતાના ઉદય, બીજા બધા મુશ્કેલીના, પ્રતિકૂળતાઓના, મૂંઝવણના આ બધા પ્રકારોમાં સર્વથી વધારે કોઈ તીખો ઉદય હોય, તીક્ષ્ણ ઉદય હોય તો દેહ છૂટવાનો કાળ છે. જો એ કાળે આ જીવ નિર્મોહપણું, અસંગપણું, સમરસપણું જેટલે અંશે પ્રગટ કરે બસ, એટલો એને મોક્ષ નજીક છે. એવો નિર્ણય, એવો નિશ્ચય પરમ જ્ઞાનીપુરુષોએ, સર્વજ્ઞ પરમાત્માઓએ કર્યો.

આ બંને પત્રો છે એ 'સોભાગભાઈ'ને છેલ્લા જે પત્રો લખ્યા. જેઠ સુદ આઠમના બંને પત્રો છે. પછી એક પત્ર છેલ્લો જેઠ વદ છઠનો છે. ત્યાર પછી જેઠ વદ દશમે 'સોભાગભાઈ'નો દેહાંત છે. એ સમાચાર મળતા જેઠ વદ બારશનો એ પછીનો પત્ર છે. એટલે છેલ્લા છેલ્લા પત્રો છે. કાંઈક એમને ખ્યાલ આવી ગયો લાગે છે. એટલે જેઠ મહિનો છે તોય એને ખમાવ્યા છે. નહિતર ક્ષમાપનાના પત્રો એમણે ભાદરવા મહિનામાં બધાને લખ્યા છે. પણ અહીંયાં એમણે '**કંઈ પણ મન, વચન, કાયાના યોગથી અપરાધ થયો હોય જાણતાં અથવા અજાણતાં તે સર્વ વિનયપૂર્વક ખમાવું છું, ઘણા નમ્રભાવથી ખમાવું છું.**' ક્ષમાપનાનો. દેહ છૂટવાનો કાળ જોયો ને?

ખરેખર જ્યારે.. એમ લખ્યું છે કે આ પત્ર તેમને કોઈએ વાંચી સંભળાવો. 'અંબાલાલભાઈ' એમની સેવામાં હતા. 'ખંભાત'થી પહોંચી ગયા હતા. અથવા બીજા કોઈ મુમુક્ષુ જે હાજર હોય એ સંભળાવતા. પોતે તો બહુ અશક્ત હતા અને પથારીવશ હતા વૃદ્ધાવસ્થામાં. તો એ આવા શબ્દો જ્યાં સાંભળ્યા ત્યાં એના પરિણમનની અંદર લાખો ગામનો ફેરફાર થઈ જાય. એટલું બધું અંતર પડે છે. એમને તો અત્યંત ભક્તિ હતી. અને થોડા વખત પહેલા 'ઈડર' લઈ ગયા છે વૈશાખ મહિનામાં. આ જેઠ મહિનાના પત્રો છે. વૈશાખ વદમાં તો... જેઠ સુદ બીજ સુધી 'ઈડર' છે.

વૈશાખ વદ બારશના કાગળમાં એમ લખે છે શુક્રવારે, કે મંગળવાર પર્યંત અહીંયાં સ્થિતિ થશે. અને બુધવારે સાંજે અમદાવાદથી મેલ ગાડીમાં 'મુંબઈ' તરફ જવાનું થશે. ગુરૂવારે 'મુંબઈ' ઉતરવાનું થશે. શુક્રવાર અને મંગળવાર.. જો શુક્રવારને બારશ

હોય તો મંગળવારને જેઠ સુદ બીજ આવે છે. જેઠ સુદ બીજ સુધી તો 'ઈડર'માં છે. આ જેઠ સુદ આઠમનો કાગળ છે. પાંચ-છ દિવસનો ગેપ પડ્યો છે. ... નો લગભગ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો કાળ છે 'સોભાગ્યભાઈ'નો. જેઠ સુદ આઠમ. જેઠ સુદ આઠમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો કાળ છે. એમાં આ બધા પત્રો. પરિણામની અંદર એકદમ .. એવો જ કોઈ બંને વચ્ચેનો પરસ્પર સંબંધ રહ્યો છે.

કહે છે કે **'ન્યારો, બધાથી ન્યારો...'** સમ્યગ્દર્શનનો કાળ એટલે એ દિવસોમાં એમણે અનંત જન્મ-મરણની શૃંખલાને-સાંકળને તોડી નાખી. એ દિવસ છે. .. ૧૯૫૩. **'ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો.'** અને પરિણામની આત્માની દિશા આખી પલટાઈ ગઈ. ત્યાં એનો રસ અનંતો ઘટી ગયો, ત્યાં આખી દિશા એની પલટાઈ ગઈ. આખી દિશા ફરી ગઈ. હવે એનું પરિણમન છે એ મોક્ષ તરફ ચાલવા લાગ્યું. સંસારથી એ જીવ પાછો વળી ગયો. મુક્તદશા પ્રત્યે સમયે સમયે અનન્યભાવે પરિણામની ગતિ થવા લાગી. એવી આખા પરિણામની દિશા પલટાઈ ગઈ છે. અને મોક્ષ પાટણ આવીને એ ગાડી સ્થિર થઈ જશે. પછી આગળ વધવાનો પ્રશ્ન નથી.

એ પ્રકાર અહીંયાં જુદી જુદી શૈલીથી આવે છે. મોક્ષમાર્ગની વિધિ અથવા મોક્ષમાર્ગમાં જે પરિણમન છે એવું અધ્યાત્મ દશાનું પરિણમન ભિન્ન ભિન્ન શૈલીથી વર્ણવવામાં આવે છે. એમાં આ પણ એક શૈલી છે. ૩૯૭ થયો.

**મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો, તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય-નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિ બળે કહું છું કે, મારી નથી. મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અપાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.-આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે. ૩૯૮.**

૩૯૮. દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. દ્રવ્યદૃષ્ટિનું પરિણમન કેવું હોય છે એ વિષય ૩૯૮, ૩૯૯ અને ૪૦૦ ત્રણે બોલની અંદર દ્રવ્યદૃષ્ટિનો વિષય ચાલ્યો છે. કેવા ભાવથી, કેવા પ્રકારના પરિણમનથી દૃષ્ટિ પરિણમે છે, સ્વરૂપને વિષે જે સર્વથા એકત્વને સાધે છે. એવું જે શ્રદ્ધાનનું પરિણમન, એને અહીંયાં દર્શાવવું છે.

**'મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો, તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ**

**તુચ્છ છે.**' શું કહે છે? કે '**મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો, તે પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે.**' આખું જગત જેની પાસે, જે આત્મ વૈભવ પાસે ત્રણલોકનો વૈભવ, એની સામે આત્મ વૈભવ લેવાનો છે. મેં મારા પરમભાવને એટલે મારા પરમાત્મપદને ગ્રહણ કર્યું છે. શ્રદ્ધાએ કરીને એવી રીતે ગ્રહણ કર્યું છે કે જેને લીધે ત્રણ લોકના વૈભવની તુચ્છતા હોવાને લીધે એની સામે હું જોતો નથી. એમ લેવું છે. કેમકે દૃષ્ટિ તો જોતી જ નથી. દૃષ્ટિ તો ત્રણ લોકના કોઈ પદાર્થને જોતી નથી. દૃષ્ટિ એક પોતાના પરમેશ્વરપદ સિવાય કોઈને દેખતી નથી કે કોઈને જોતી નથી. એવી તુચ્છતા આવી ગઈ છે. કેટલું સર્વોત્કૃષ્ટપણું પોતાના સ્વરૂપનું છે અને એથી બીજું છે એ સર્વ અન્ય કેટલું તુચ્છ છે એનું અહીંયાં માપ લઈ લેવું.

'**મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો,...**'

મુમુક્ષુ :- ગ્રહણ કર્યો એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- ગ્રહણ કર્યો એટલે અનુભવ કર્યો. ગ્રહણ કર્યો એનો અર્થ અનુભવ કર્યો એમ છે. અથવા લીનતા કરી એમ કહો, અવલંબન લીધું એમ કહો, પકડ્યો એમ કહો, આશ્રય લીધો એમ કહો. એ બધા એકાર્થમાં જાય છે. ભિન્ન ભિન્ન ગુણોને લીધે એ શબ્દનો પ્રયોગ ભિન્ન ભિન્ન છે. પણ એ બધા ભાવ સાથે જ હોય છે. જ્ઞાન અનુભવ કરે છે, શ્રદ્ધા આચરણાદિ આશ્રય કરે છે, અવલંબન લે છે.

મારા '**પરમભાવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે.**' અથવા જેની કોઈ કિંમત નથી. '**બીજું તો શું...**' હવે ત્રણ લોકમાં ક્યાં સુધીની વાત લઈ લેવી છે કે '**બીજું તો શું? પણ મારી સ્વાભાવિક પર્યાય...**' સ્વાભાવિક પર્યાય એટલે? નિર્મળ પર્યાય જે પ્રગટ થઈ અત્યારે. જે પરમભાવને ગ્રહણ કરનારી છે. શુદ્ધનયસ્વરૂપ છે, શુદ્ધદૃષ્ટિસ્વરૂપ છે, શુદ્ધ આચરણસ્વરૂપ છે અથવા શુદ્ધ આનંદસ્વરૂપ છે, શુદ્ધ પુરુષાર્થસ્વરૂપ છે એવી '**નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે, મારી નથી.**' ક્યાં ફેંકી પર્યાયને? ટૂકડો કરીને ફેંકી હશે? કેમ હશે?

મુમુક્ષુ :- દૃષ્ટિમાંથી...

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિમાંથી કાઢી નાખી. દૃષ્ટિ એક શુદ્ધાત્મ સ્વરૂપને વિષે મમત્વ કરે છે, એકત્વ કરે છે. ત્યારે એ દૃષ્ટિ પોતાની શુદ્ધ નિર્મળ પર્યાયમાંથી પણ મમત્વ છોડી દે છે. એમાં એ એકત્વ કરતી નથી.

'**બીજું તો શું પણ મારી સ્વાભાવિક પર્યાય...**' બીજા અન્ય દ્રવ્ય-ભાવનો તો પ્રશ્ન જ ચર્ચવાનો નથી એમ કહે છે. જે ભાવો અન્ય પદાર્થ પ્રત્યે વલણ રાખે

છે કે જે અન્ય દ્રવ્યો છે એનો તો વિચારસુદ્ધા અહીંયાં નથી. એની ચર્ચા પણ નથી કરતા. પણ જે પર્યાયો આત્માને વળગે છે, આત્મા સાથે એકત્વ કરે છે, આત્માનું બહુમાન કરે છે. આત્માની અભેદ ભક્તિ કરે છે. ભેદ ભક્તિ તો વિકલ્પ છે. અભેદ ભક્તિ તો નિર્વિકલ્પ પરિણમન સ્વરૂપ છે. એવી શુદ્ધ નિર્મળ પર્યાય એ મારી નથી. એમ ને એમ મારી નથી એમ હું નથી કહેતો, એમ કહે છે.

'**હું દ્રવ્યષ્ટિના બળે કહું છું...**' દ્રવ્યષ્ટિનું પરિણમન થયું અને એ પરિણમનનું જે જોર છે એ જોરથી હું કહું છું કે એ મારી નથી. આ ત્રિકાળી પારિણામિકભાવ તે જ હું છું અને એ સિવાય એક સમયની શુદ્ધ નિર્મળ પર્યાય તે હું નથી. એમ હું દ્રવ્યદષ્ટિના બળે કહું છું.

વસ્તુના સ્વરૂપનો-બંધારણનો વિષય ચાલે દ્રવ્યાનુયોગથી, તો એમ કહેવું પડે કે ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. આત્મા સત્ છે. તે ઉત્પાદવ્યયધ્રુવયુક્ત છે. અને એ ઉત્પાદવ્યયમાં તો અનાદિથી સંસારદશા અને મલિનતા છે. પણ અહીંયાં એ સત્‌ની વાત નથી. અહીંયાં કોઈ પરમસત્‌ની વાત ચાલે છે. અહીંયાં પરમસત્‌નો વિષય ચાલે છે. એ સત્‌નો વિષય અહીંયાં ચાલતો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ ન સમજતા હોય એને પ્રતિપાદન કરીને સમજાવવું પડે છે. આરાધનાનો વિષય, અધ્યાત્મનો વિષય થોડો એથી આગળ જાય છે. ત્યારે તે ઉત્પાદવ્યયરૂપ જે નિર્મળ પર્યાય, એ નિર્મળ પર્યાયને માટે એમ કહેવામાં આવે છે. અને તે પણ એમ ને એમ એમ કહેવામાં આવતું નથી. લ્યો આટલી વાત નાખી છે. બહુ સ્પષ્ટ વિષય છે.

હું દ્રવ્યષ્ટિના જોરથી એમ કહું છું. દ્રવ્યષ્ટિના બળથી એમ કહું છું. અથવા એ જ નિર્મળ પર્યાયમાં જેના બળથી આગળ વધાય છે એવી જે દ્રવ્યદષ્ટિ. કોના બળથી આગળ વધાય છે? કે દ્રવ્યદષ્ટિના બળથી આગળ વધાય છે, એવા દ્રવ્યદષ્ટિના બળથી હું એમ કહું છું કે આ પર્યાય મારી નથી. આ મારી નથી. જે પર્યાય, નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે મારી નથી. સમ્યગ્દર્શનની પર્યાય તે હું નહિ, મારી નહિ. શુદ્ધોપયોગની પર્યાય તે મારી નહિ, આનંદની પર્યાય તે મારી નહિ.

મુમુક્ષુ :- પ્રયોજન તો એ છે. નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરદ્રવ્ય કીધી છે. પરદ્રવ્ય છે. પરદ્રવ્યં પરભાવં હેયં ઈતિ. એ દ્રવ્યદષ્ટિના બળથી વાત છે.

આમ કહેવા પાછળ શું પ્રયોજન છે અહીંયાં? આ એક વિચારણીય છે. કે દ્રવ્યદષ્ટિ કેવી હોય? અને એ દ્રવ્યદષ્ટિનું જોર કેવું હોય? એ આમ કહેતા કાંઈક સમજાવી શકાય છે, કાંઈક કહી શકાય છે. સર્વથા તો એ પણ કહી શકાતું નથી. યત્‌કિંચિત્

જો દ્રવ્યદૃષ્ટિને કહેવું હોય, દ્રવ્યદૃષ્ટિને દર્શાવવી હોય, દ્રવ્યદૃષ્ટિનું પરિણમન સિદ્ધ કરવું હોય, પ્રસિદ્ધ કરવું હોય તો કાંઈક આવી વાત કરવી પડે છે કે જેની પાસે શુદ્ધ નિર્મળ પર્યાય તે હું નથી, મારી નથી એમ કહેવાનો વારો આવે છે. કેમકે મારી હોય તો હું એને વિષય કરું. દૃષ્ટિએ કરીને હું એને વિષય કરું. પણ હું એને વિષય જ કરતો નથી અને વિષય કરવા માગતો નથી. આ પરિસ્થિતિ છે. હું તો એક મારા પરમેશ્વરપદને જ વળગીને રહું છું. વળગનાર છે એ પોતાને ભૂલે છે. પોતાનું ભાન ભૂલે છે. જેને વળગવું છે એના ભાનમાં રહીને વળગનાર પોતાનું ભાન ભૂલે છે. કહે છે કે હું દ્રવ્ય છું.

જો પર્યાયને કદાચ વાચા દેવામાં આવે, જો સમ્યગ્દર્શનને વાચા દેવામાં આવે. જેમ 'શ્રીમદ્જી'એ સમ્યગ્દર્શનને વાચા દીધી ને? કે સમ્યગ્દર્શન એમ કહે છે, કે હે જીવ! જો એકવાર તું મને અંગીકાર કરીશ તો તને હું સંસારમાં નહિ રહેવા દઉં. ઘસડીને-ખેંચીને તને મોક્ષમાં લઈ જઈશ. તારે રહેવું હશે નહિ રહેવા દઉં. જોકે સમ્યગ્દર્શનને વાચા છે નહિ. એ તો ચૈતન્યની પર્યાય છે અને વાચા તો જડની પર્યાય છે. એવા સમ્યગ્દર્શનને જો વાચા દેવામાં આવે તો એ એમ કહે કે હું પર્યાય નથી, હું દ્રવ્ય છું. જૂઠું બોલે? આ જ સાચું છે એમ કહે છે. આ જ સાચું છે, આ પરમસત્ય છે એમ કહે છે. પર્યાય તો પર્યાય છે. અહીંયાં એ વાત નથી. એ ખ્યાલમાં હોવા છતાં અહીંયાં જે દૃષ્ટિનું પરિણમન બતાવવું છે એ થોડું કાંઈક આ રીતે બતાવી શકાય એવું છે. બીજી રીતે બતાવી શકાય એવું નથી. દ્રવ્યદૃષ્ટિનું જોર કેવું હોય છે. દ્રવ્ય પ્રત્યે દ્રવ્યદૃષ્ટિનું જોર કેવું હોય છે એનો એક આ નમૂનો છે. 'નિયમસાર' આદિ અન્ય શાસ્ત્રને વિષે પણ આ પદ્ધતિ છે. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં તો 'સોગાનીજી'ની કથનની જ મુખ્ય આ પદ્ધતિ છે.

**'મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે.'** જે પરમભાવ ગ્રહણ કર્યો છે, જેને દ્રવ્યસ્વભાવ કહેવામાં આવે છે. એ **'દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે.'** આમ તો વસ્તુના સ્વરૂપમાં ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ હોવા છતાં એ સત્ એકરૂપે નથી. સત્‌માં પણ વિચિત્રતા છે અને તે સદશ અને વિસદશ એવા બે ભાવે જોવામાં આવે છે. ધ્રુવ અંગને સદશ ભાવે જોવામાં આવે છે અને ઉત્પાદવ્યયવાળા અંગને વિસદશ્ય ભાવે જોવામાં આવે છે. એમ બંનેનું ત્યાં એકસરખું સ્વરૂપ નથી. વસ્તુ એક છે. સત્તા એક છે. વસ્તુપણે બંને એક હોવા છતાં અને એક સત્તાના અંગ હોવા છતાં આવી એક પરસ્પર વિરુદ્ધતા છે. એક નિત્ય અંગ છે, એક અનિત્ય અંગ છે. વસ્તુ નિત્ય હોવા છતાં એના એક અંગમાં સમય સમયની અનિત્યતા પ્રસિદ્ધ છે. સમય

સમયની અનિત્યતા એ પ્રસિદ્ધ અનિત્યતા છે કે જેનો નિષેધ કરી શકાતો નથી.

અનાદિથી જીવની દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ એટલા માટે કહેવામાં આવી છે કે આ અનિત્ય અંગમાં જ એણે નિત્યપણું સ્થાપી દીધું છે. અનિત્ય પદાર્થને વિષે, અનિત્ય પર્યાયને વિષે એની નિત્યપણાની પ્રતીતિ થઈ છે અને તેથી સર્વ દુઃખનું મૂળ પણ એ જ છે. બીજું કાંઈ નથી. અનંત જન્મ-મરણનું પણ એ મૂળ છે અને સર્વ દુઃખનું પણ એ મૂળ જ છે.

મુમુક્ષુ :- બેઠક બદલવાની છે. અનિત્યમાંથી નિત્યમાં બેઠક લઈ જવાની છે. એટલું જ ને? અનિત્યની બેઠક કરી છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાંથી ઉઠાવી લેવાની છે. દૃષ્ટિ ત્યાંથી ઉઠાવી લેવાની છે. એટલી બધી જોરથી ઉઠાવવાની છે કે એકવાર નિર્મળ પર્યાય પ્રગટ થાય તોપણ તે હું નહિ. આવું જોર છે. અનાદિથી એટલું બધું જોર એક સમયની પર્યાય ઉપર આપ્યું છે તો દ્રવ્યદૃષ્ટિ થતાં દ્રવ્યદૃષ્ટિના બળે એમ ભાવ આવે છે છે એક સમયની પર્યાય નિર્મળ હોય તોપણ તે હું નહિ.

‘**મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે.**’ અગાધ છે અને અમાપ છે. ‘**નિર્મળ પર્યાયનું વેદન ભલે હો...**’ નિર્મળ પર્યાયનું વેદન ભલે હો. ભલે વેદનમાં તો પર્યાય આવે છે. દ્રવ્યસ્વભાવ વેદાતો નથી. અવેદક સ્વભાવ છે. કેવો સ્વભાવ છે? અવેદક સ્વભાવ છે. વેદન કરવાનું સામર્થ્ય છે. પણ એ પ્રગટ સામર્થ્યમાં પ્રગટ પર્યાયમાં વેદન છે. એની પર્યાય થાય ત્યારે વેદન છે. અપ્રગટ જે સામર્થ્યરૂપ છે, સામર્થ્યરૂપમાં વેદનનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી.

મુમુક્ષુ :- અવેદક સ્વભાવ.

પૂજ્ય ભાઈશ્રી :- અવેદક સ્વભાવ. કેમકે સ્વભાવ તો સ્વભાવસ્વરૂપે છે. પર્યાયસ્વરૂપે છે જ નહિ. નહિતર તો પર્યાયમાં અવલંબન આ સ્વભાવનું છે. અમાપ અને અગાધ એવા દ્રવ્યસ્વભાવનું અવલંબન છે. અવલંબન લેનારમાં વેદન છે. અવલંબન દેનારમાં નહિ. એક ઉપાસક છે. જે અવલંબન લેનાર છે એ પર્યાય છે એ ઉપાસક છે અને એનો ઉપાસ્ય છે એ દેવાધિદેવ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ છે. એ દેવાધિદેવ છે. પરમદેવ છે. ચૈતન્ય મારો દેવ છે. ઉપરના બોલમાં જ લીધું છે. ‘**ચૈતન્ય મારો દેવ છે;...**’ એ જ્ઞાયકસ્વભાવ છે, પરિણામિકભાવ છે, દ્રવ્યસ્વભાવ છે.

‘**મારો દ્રવ્યસ્વભાવ અગાધ છે, અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો...**’ ખ્યાલ છે કે નિર્મળ પર્યાયનું વેદન હોય છે. એમાં સુખનું, શાંતિનું, આનંદનું, જ્ઞાનનું સ્વસંવેદન હોય છે ‘**પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.**’ વેદન છે તોપણ

અપૂર્વ અપૂર્વ વેદન હોય છે. જેમ જેમ ઉપર ઉપરના ગુણસ્થાને જાય છે, અપૂર્વ-અપૂર્વ નિર્મળતા, અપૂર્વ-અપૂર્વ વેદન, અપૂર્વ શાંતિ આદિ પ્રગટ થતા જાય છે. તો '**પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.**' કોઈ વિશેષતા નથી.

અથવા એવી નિર્મળ પર્યાયોના ગુણ પ્રગટવાના, ગુણ પ્રગટેલા છે જેમાં. નિર્મળતા, પવિત્રતા ગુણો પ્રગટ્યા છે. એનાથી પણ અનંતગુણ વિશિષ્ટ અગાધ અને અમાપ દ્રવ્યસ્વભાવ છે એમ અહીંયાં દર્શાવવું છે. દૃષ્ટિએ કાંઈ ગુલાંટ ખાધી છે તો એમ ને એમ ખાધી નથી. અનાદિથી ઊંધી પડેલી સવળી થતી નહોતી. સવળી થઈ ત્યારે એણે એવું સ્થાન પકડ્યું કે પછી નિર્મળ પર્યાયમાં પ્રગટેલા ગુણો બાજુ પણ જતી નથી. કેમકે એવું દ્રવ્ય છે, દ્રવ્યસ્વભાવ છે એ એવો એનાથી અત્યંત વિશિષ્ટ, અનંતગુણ વિશિષ્ટ છે.

'**દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી.આવી દ્રવ્યદૃષ્ટિ...**' જુઓ! આ બધું જે લખ્યું કે જે ડેશ કર્યો છે. હાઈફન કર્યો છે એ બધાયને લાગુ પડે છે. '**આવી દ્રવ્યષ્ટિ ક્યારે પ્રગટ થાય કે ચૈતન્યનો મહિમા લાવી, બધાથી પાછો ફરી, જીવ પોતા તરફ વળે ત્યારે.**' શું લેવું છે અહીંયાં? કે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થતા પહેલા ઓળખાણથી એનો મહિમા આવે છે. જ્ઞાનમાં ઓળખાણ થાય છે, એનો મહિમા આવે છે, અપૂર્વ મહિમા આવતા અનાદિથી ઊંધી પડેલી દૃષ્ટિ સવળી થઈ જાય છે. એટલે જ્ઞાનને શ્રદ્ધાનનું કારણ પણ કહેવામાં આવે છે. પ્રથમ તો જીવરાજાને જાણવો, પછી એની પ્રતીત કરવી.

એવો '**મહિમા લાવી, બધાથી પાછો ફરી,...**' જુઓ! આ સમ્યગ્દર્શન અવિરત ગુણસ્થાન છે પણ એ જીવ બધાથી પાછો ફરીને સમ્યગ્દૃષ્ટિ થયેલો છે. છે અવિરત ગુણસ્થાન તોપણ બધાથી પાછો ફરીને જીવ પોતા તરફ વળે છે ત્યારે એની દૃષ્ટિ દ્રવ્યદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિ થાય છે અને ત્યારે એના અનંત જન્મ-મરણના ફેરા છૂટી જાય છે. એવી દૃષ્ટિ એને કલ્યાણકારી દૃષ્ટિ, પરમકલ્યાણી દૃષ્ટિ એને કહેવામાં આવે છે.

## વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યક્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |

| | | |
|---|---|---|
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |

૯૨ અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો ૨૦.૦૦
૯૩ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૩ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૪ રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૫ રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૬ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૭ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૮ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૯૯ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૦ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૧ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૨ અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૩ રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૪ રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૫ રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) ૨૦.૦૦
૧૦૬ અધ્યાત્મ સુધા (ભાગ-૮) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો ૨૦.૦૦
૧૦૭ અધ્યાત્મ સુધા (ભાગ-૯) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો ૨૦.૦૦

૧૦૮ અધ્યાત્મ સુધા (ભાગ-૧૦) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો ૨૦.૦૦

૧૦૯ અધ્યાત્મ સુધા (ભાગ-૧૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો ૨૦.૦૦

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |

| | | |
|---|---|---|
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |

| | | |
|---|---|---|
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | ग्रंथ का नाम | मुल्य |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |

| | | |
|---|---|---|
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |

| | | |
|---|---|---|
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |

| | | |
|---|---|---|
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ | धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० | जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ | स्मरण संचिका | १५०० |
| १२२ | दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ | प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ | प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ | प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ | प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ | प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ | प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ | धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ | धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ | छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० | राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ | राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ | राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ | राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ | राज हृदय (भाग-८) (गुजराती) | १५० |

| | | |
|---|---|---|
| १३५ | राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ | राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ | राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ | राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |
| १३९ | राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० | राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ | राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ | राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ | अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ | अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १४५ | अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) | १५० |
| १४६ | अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) | १५० |
| १४७ | अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती) | १५० |
| १४८ | अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती) | १५० |
| १४९ | अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती) | १५० |
| १५० | अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती) | १०० |
| १५१ | अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती) | १०० |
| १५२ | अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती) | १०० |
| १५३ | राज हृदय (भाग-१७) (गुजराती) | २०० |
| १५४ | राज हृदय (भाग-१८) (गुजराती) | २०० |
| १५५ | राज हृदय (भाग-१९) (गुजराती) | २०० |
| १५६ | अध्यात्म सुधा (भाग-८) (गुजराती) | १५० |
| १५७ | अध्यात्म सुधा (भाग-९) (गुजराती) | १५० |
| १५८ | अध्यात्म सुधा (भाग-१०) (गुजराती) | १५० |
| १५९ | अध्यात्म सुधा (भाग-११) (गुजराती) | २०० |

## પાઠકોંની નોંધ માટે

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૧૧)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીના વચનામૃત' ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો)

(વચનામૃત-૩૭૨ થી ૩૯૮)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩

પ્રથમાવૃત્તિ : ૧૧-૦૩-૨૦૧૮ (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૬મી સમ્યક્ત્વ જયંતિ)
પ્રત : ૨૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૫૨ + ૮ = ૪૬૦
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
૧૯૨૪/બી-૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**ભગવતી ઓફસેટ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્ભાગ્ય છે. વર્તમાનકાળમાં 'સીમંધર' ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો !

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરાવી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે 'બહેનશ્રીનાં વચનામૃત' ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્યદેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ

સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના આ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા' ભાગ-૧૧ પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઇત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતર્‌બાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોના ધવલશ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુ જીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય 'બહેનશ્રી'ના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શિવમ્

ટ્રસ્ટીગણ

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

**ભાવનગર**

# પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ 'અધ્યાત્મ સુધા' ભાગ-૧૧ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૨ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ ૧૧મા ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરી લેતા એવા એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્ય ભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'ના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ ટાઈપ કરીને તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે લેવામાં નથી આવેલ. શ્રોતાગણમાંથી આવેલ પ્રશ્ન જ્યાં સ્પષ્ટપણે સંભળાતા નથી ત્યાં ડોટ ડોટ કરીને ખાલી જગ્યા છોડવામાં આવી છે તથા વાક્યરચના પૂર્ણ કરવા અર્થે જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર સી.ડી.માંથી સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં આવે તો અવશ્ય જાણ કરે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક

આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઈન્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

## ‘અધ્યાત્મસુધા’ ભાગ-૧૧ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| સ્વ. શાંતિલાલ છગનલાલ શાહ, હ. વીણાબેન વીરેન્દ્રભાઈ શાહ, ચેન્નાઈ | ૪૧,૦૦૦/- |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રી નગીનદાસ ચુનીલાલ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રી ફેમીલ-હેમલ જયંતભાઈ ગાલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| સ્વ. ઈન્દુમતી જસવંતલાલ કામદારના સ્મરણાર્થે, હ. જસુભાઈ કામદાર, મુંબઈ | ૫૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

# પ્રવચન અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | બોલ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૨૮૪ | ૨૯–૦૫–૮૮ | ૩૭૨ | ૦૦૧ |
| ૨૮૫ | ૩૦–૦૫–૮૮ | ૩૭૩ | ૦૧૬ |
| ૨૮૬ | ૩૧–૦૫–૮૮ | ૩૭૫ | ૦૩૧ |
| ૨૮૭ | ૦૧–૦૬–૮૮ | ૩૭૫ | ૦૪૭ |
| ૨૮૮ | ૦૩–૦૬–૮૮ | ૩૭૫ | ૦૬૩ |
| ૨૮૯ | ૦૪–૦૬–૮૮ | ૩૭૬ | ૦૭૯ |
| ૨૯૦ | ૦૫–૦૬–૮૮ | ૩૭૭ | ૦૯૫ |
| ૨૯૧ | ૦૬–૦૬–૮૮ | ૩૭૮ | ૧૦૯ |
| ૨૯૨ | ૦૭–૦૬–૮૮ | ૩૭૮ | ૧૨૬ |
| ૨૯૩ | ૦૮–૦૬–૮૮ | ૩૭૮–૩૭૯ | ૧૪૧ |
| ૨૯૪ | ૧૦–૦૬–૮૮ | ૩૮૧–૩૮૨ | ૧૫૮ |
| ૨૯૫ | ૧૧–૦૬–૮૮ | ૩૮૧ | ૧૭૪ |
| ૨૯૬ | ૧૨–૦૬–૮૮ | ૩૮૨ | ૧૮૯ |
| ૨૯૭ | ૧૩–૦૬–૮૮ | ૩૮૩ | ૨૦૬ |
| ૨૯૮ | ૧૫–૦૬–૮૮ | ૩૮૪ | ૨૨૧ |
| ૨૯૯ | ૧૭–૦૬–૮૮ | ૩૮૪ | ૨૩૫ |
| ૩૦૦ | ૧૮–૦૬–૮૮ | ૩૮૫ | ૨૫૦ |
| ૩૦૧ | ૧૯–૦૬–૮૮ | ૩૮૬ | ૨૬૪ |
| ૩૦૨ | ૨૬–૦૬–૮૮ | ૩૮૭ | ૨૭૬ |
| ૩૦૩ | ૨૧–૦૬–૮૮ | ૩૮૮ | ૨૯૦ |
| ૩૦૪ | ૨૨–૦૬–૮૮ | ૩૮૯ | ૩૦૬ |
| ૩૦૫ | ૨૪–૦૬–૮૮ | ૩૮૯ | ૩૨૧ |
| ૩૦૬ | ૨૬–૦૬–૮૮ | ૩૯૦ | ૩૩૬ |
| ૩૦૭ | ૨૭–૦૬–૮૮ | ૩૯૦–૩૯૧ | ૩૫૨ |
| ૩૦૮ | ૨૮–૦૬–૮૮ | ૩૯૨ | ૩૬૫ |
| ૩૦૯ | ૨૯–૦૬–૮૮ | ૩૯૩ | ૩૮૧ |
| ૩૧૦ | ૦૧–૦૭–૮૮ | ૩૯૩ થી ૩૯૫ | ૩૯૬ |
| ૩૧૧ | ૦૨–૦૭–૮૮ | ૩૯૬ | ૪૧૧ |
| ૩૧૨ | ૦૩–૦૭–૮૮ | ૩૯૭–૩૯૮ | ૪૨૩ |